જતી આ સામાન્ય સ્ત્રી નથી. રતિ છે ને ! કોઈને દુઃખી કરીને તેને સુખ નથી જોઈતું. ગાયને ક્યાંય મમતા ન હોય, વાછરડાંમાં જ હોય; તેમ માને (રુક્મિણીજીને) ક્યાંય મમતા નથી, પુત્રમાં જ છે ! તે પુત્ર જતાં, વાછરડા વિના ગાય તરફડે તેમ, મા તલસે છે. દુઃખી છે ને ! પુત્ર હોય તો પિતા અને પતિને ત્યાં માન મળેને ! સંપત્તિ, સત્તા કે ભક્તિ પણ માનું આ દુઃખ દૂર કેમ કરે ? ભક્તિ પણ જ્ઞાન-વૈરાગ્યનાં મા રૂપે દુઃખી હતાં ને ! માતા પતિની, પણ વધૂએ માની છે પોતાની ને ! માયાવતીએ સર્વમાયાનો નાશ કરનારી મહામાયા પ્રદ્યુમ્નને દીધી ! સ્ત્રીનું કહેલું તો હૈયે ઝટ વસે ને !

અસુરો ભગવાનને માયા રૂપે આરાધે છે. આ તો માયા રૂપ ભગવાનના અંશોને મોહ કરાવનારી "મહામાયા" છે. "સ્વધા" - કહીને પિતૃઓને કવ્ય દેતાં, ભગવાન્ પિતૃ રૂપ થઈને તે દેનાર- પુત્ર-ને રક્ષે છે, દેહાત્મબુદ્ધિ દૂર કરે છે, પ્રભુ રૂપે પ્રકટ થઈને નહિ ! "फट्–जहि" - વગેરે શબ્દથી ઉપાસિત પ્રભુ, અન્યના મોહ માટે માયા રૂપ થઈને ભક્તને રક્ષે છે, બીજી માયાનો નાશ કરતા નથી, મોક્ષ દેતા નથી; જેટલા કાર્ય પૂરતું પ્રાકટ્ય હોય તેટલું જ કરે છે. ભગવન્માર્ગમાં વિઘ્ન કરનાર દૈત્યો પણ છે તો જીવ ! જીવોમાં છે. ભગવાનના અંશપણા રૂપ ચૈતન્ય ! તે ભગવદંશત્વ આ દૈત્યોમાં અનુભવ દેતું નથી, ચૈતન્યાંશ માત્ર જીવન ટકાવે છે, તે કર્મ-જ્ઞાન વગેરે કાર્ય ન કરાવે, તેથી તે દૈત્યો જીવ રૂપે તો સમાન ગણાય, છતાં તેમની રુચિ અધર્મમાં જ હોય ! દૈવીજીવોમાં ચિદંશ તો હોય, પણ તેમાં સાથે ભગવદંશપણું પણ પ્રકટ હોય, તેથી સર્વકાર્ય સિદ્ધ થાય ! આમ, શંબરની માયામાં પણ રહેલું ભગવત્ત્વ અનુભવ દેતું નથી, તેથી શંબરની "માયા" તો માત્ર રક્ષા કરે છે, અન્યમાયાનો નાશ કરતી નથી ! પ્રદ્યુમ્નની આ માયા તો સર્વ કરી શકે છે, સત્ત્વાત્મિકા વિદ્યારૂપા "મહામાયા" છે, તેમાં ભગવત્ત્વ પ્રકટ છે ! પ્રદ્યુમ્નની મહામાયાથી અનેક માયાનો ઉપાસક શંબર મોહ પામ્યો. તેની મયે દીધેલી માયા નષ્ટ થઈ. રક્ષણ પણ ન થઈ શક્યું. યક્ષ-ગંધર્વ-પિશાચ-સર્પ-રાક્ષસ વગેરે પાંચ લોકોની અંગ રૂપ માયાથી પણ બચી ન શક્યો ! આને યુદ્ધની વિવિધ વ્યૂહરચના કે શસ્ત્રશોધ રૂપે સમજી શકાય. શંબર મરાયો. પુષ્પવૃષ્ટિ થઈ. માયાવતી તો સ્વતંત્ર સામ્રાજ્યસુખ માણવા ન રહ્યાં ! સ્વતઃ મળતું સામ્રાજ્યસુખ, પતિએ પોતાના પરાક્રમથી પ્રાપ્ત કરેલા વિપુલ વિજયવૈભવો પણ, એકલાં સ્વતંત્ર રહીને માણવાની સંકુચિત મનોવૃત્તિ આદર્શ પુત્રવધૂમાં ન હોય ! "भार्ययाम्बरचारिण्या पुरं नीतो विहायसा ।"- પત્ની, પતિને પરિવારની પાસે પાછો લઈ આવ્યાં ! વિલંબ વગર, આકાશમાર્ગે ! આધુનિક વિચારે - વિમાનમાર્ગે ! માયાવતી પોતે લાવ્યાં છે, તે સૂચક છે. વિમાન કે હેલીકોપ્ટર તે સમયે પણ સ્ત્રીઓ કુશળતાપૂર્વક ચલાવી શકતાં હતાં ! પરિચારિકા અને સંચાલિકા રૂપે પણ સ્ત્રી સફલ થઈ શકે છે. અંતઃપુરમાં વર-વધૂ ઊતર્યાં. કૃષ્ણ શા કુમાર જોયા ! માત્ર શ્રીવત્સ અને કૌસ્તુભ જ નહિ ! મા રુક્મિણીજીને પોતાનો ગયેલો પુત્ર યાદ આવ્યો ! આશ્ચર્ય થયું. વિચારમાં પડ્યાં. પ્રભુ પધાર્યા, પણ પરિચય ન દીધો. નારદ આવ્યા. કથા સર્વ કહી. આનંદ અપાર થયો. પુત્ર ગયો હતો, પુત્રવધૂ પાછો લાવી ! પ્રેમથી વધાવ્યાં ! મંગલ મનાવ્યાં. "नष्टं प्रद्युम्नमायातं"- લૌકિકભાષા પણ છે ને !

કૃષ્ણ વ્રજમાં સ્વરૂપથી કામદાન કરે છે અને દ્વારકામાં પુત્ર રૂપ કામથી કામના દે છે ! :

यं वै मुहुः पितृसरूपनिजेशभावास्तन्मातरो यदभजन् रहरूढभावाः ।
चित्रं न तत् खलु रमास्पदबिम्बबिम्बे कामे स्मरेऽक्षिविषये किमुतान्यनार्यः ॥ (४०)

કૃષ્ણ સમાન પ્રદ્યુમ્નજી છે ! તેને કૃષ્ણ સમજીને, કૃષ્ણપત્નીઓ પણ મનમાં - એકાન્તમાં કૃષ્ણસેવન કરે છે ! રમાના સ્થાનરૂપ ભગવાન્ બિંબ, પ્રદ્યુમ્ન તેનું જાણે પ્રતિબિંબ ! લક્ષ્મી ત્યાં દેખાય ! તો લક્ષ્મીના અંશ રૂપ પોતે કેમ નહિ ! કામ તો મનનો વિષય, તે આજે નેત્રનો વિષય બન્યો ! ! સ્મરણથી મરણદશામાં મૂકતો સ્મર (કામ), આજે તો પ્રત્યક્ષ થયો ! ભગવાનનાં થનારાં પત્નીઓમાં કૃષ્ણ પ્રત્યે પતિભાવે કામ થયો; પ્રભુ પોતાનાં બનાવે, અંગીકાર કરે, તેવી તીવ્ર ઈચ્છા થઈ ! આતુરતા જીવની, અંગીકાર ઈશ્વરનો ! કામનું ફલ વિશ્વમોહ સ્પષ્ટ દેખાયું. વ્રજલીલામાં - "धनरजस्वलं दर्शयन् मुहुर्मनसि नः स्मरं वीर यच्छसि ।"- વારંવાર સ્વમુખદર્શનથી વીર-કૃષ્ણ વ્રજભક્તોને સ્મર (કામ) દાન કરે છે ! દ્વારકાલીલામાં પુત્રરૂપ કામ (પ્રદ્યુમ્ન)-દર્શનથી કામના કરાવે છે ! કૃષ્ણકામના કૃતાર્થ સૌને કરે છે. પહેલાં તો કામનાથી મોહ થતાં જીવ દુઃખી થતો; હવે તો કામ ઉત્પન્ન થયો, કૃષ્ણકામના સફલ સૌની થઈ, સુખ સુલભ થયાં. પહેલાં કામ પોતે દુઃખી, તેથી સૌને પીડતો ! હવે થયો સુખી, તેથી કૃષ્ણના સેવકોને કામ પીડતો નથી ! બલવાન્ ક્રોધ; કૃષ્ણમાં ન સંભવે, તો તેથી નિર્બલ કામ સંભવે જ ક્યાંથી ? લીલામાં તો નિર્દોષ રૂપે સ્વીકાર છે !

અધ્યાય : ૫૬

સ્યમંતક - મણિ - પ્રસંગ, એક શ્લોક કથા - સમાધિભાષા ! તેનો વિસ્તાર - લૌકિકભાષામાં ! :

કામથી કૃષ્ણવિવાહની કથા કહે છે.

सत्राजितः स्वतनयां कृष्णाय कृतकिल्बिषः ।
स्यमन्तकेन मणिना स्वयमुद्यम्य दत्तवान् ॥ (૧)

સત્રાજિત્-સત્રાજિત બંને નામ છે. "सत्रान् रक्षकसहितानपिजयतीति ।" "सत्राणां जितं यस्मादिति ।"- રક્ષકસહિત (શત્રુને) જિતે તે સત્રાજિત્, અથવા રક્ષકોની જિત જેનાથી છે,- તે સત્રાજિત! સમર્થ સત્રાજિતે કૃષ્ણનો અપરાધ કર્યો. તે કલ્પાન્તરની કથા, - અહીં અભિપ્રેત નથી, તેથી શ્રીશુકે કહી નથી ! તેણે પોતે જ પ્રયત્નપૂર્વક સ્યમન્તકમણિ સાથે પોતાનાં પુત્રી સત્યભામા ભગવાનને દીધાં ! અહીં, સમાધિભાષાની આટલી જ કથા, પ્રથમ શ્લોક પછી વિસ્તાર તો લૌકિકભાષાનો ! તે ભાષા સમાધિને સાનુકૂલ હોવાથી કહી છે. ઉદારકીર્તિવાળા કૃષ્ણની લીલામાં અપકીર્તિની કથા તો સમાધિભાષા ન હોય ! સત્યભામાજી તો સરસ્વતી કે પૃથ્વીના અંશરૂપ છે ! ભગવાને તેમના વિવાહ માટે તેવો ઉદ્યોગ કર્યો છે. અહીં તો, રાજસોનો સ્વીકાર માત્ર કહે છે, તેથી સ્ત્રીકથામાં સત્યભામાજીના સ્વીકારની માત્ર કથા છે. રુક્મિણીજી અને જામ્બવતીજીના વિવાહમાં, તેમને પિતાને ત્યાંથી ક્લેશથી પધરાવ્યાં છે. તે રાજસ-તામસરૂપ છે. સત્યભામાજી સાત્ત્વિક છે, તેમાં ક્લેશ નથી. પિતાએ દીધાં છે. મણિની ચોરીનો આરોપ ભગવાને દૂર કર્યો છે. બે અધ્યાયમાં તેની કથા છે. જામ્બવતી- સત્યભામાનો સ્વીકાર તેમાં છે. સત્યભામાજીનો વિવાહ ફલરૂપ; પણ તે આરોપ અને દ્વારકાવાસીઓનું દુઃખ દૂર કરનાર સાધન પણ છે. સાધનફલનું ઐક્ય તેથી બતાવ્યું. આમ, ત્રણ મહારાણીજી ગુણ રૂપ છે, પછીનાં પાંચ વિદ્યારૂપ છે, બાકીનાં સાત્ત્વિક છે, સાત વિવાહ કામથી છે, કૃપાથી અનેક છે. વિધિથી એક વિવાહ કહ્યો, બીજા બે હવે કહે છે.

રાજા પરીક્ષિતે પ્રશ્ન પૂછ્યો. - સત્રાજિતે સદાનન્દ કૃષ્ણનો શો અપરાધ કર્યો ? અન્યદેવ-સૂર્યને ભજનાર સત્રાજિતનો ભગવાનની નિરોધકથા સંબંધ કઈ રીતે ? તેણે વળી સર્વસ્વ સાથે કન્યાદાન ક્યાંથી દીધું ? આ કન્યા અને રત્ન તો સૂર્ય પાસેથી મળેલાં ! નહિ તો, નિર્દોષ ભગવાન્ સગોત્રકન્યા સાથે લગ્ન ન કરે ! શ્રીશુકે સ્વતંત્રકથા કહી,- હતો સત્રાજિત સૂર્યનો ભક્ત - પરમ મિત્ર ! દયાળુ સૂર્ય તો ભક્તને પણ મિત્ર બનાવી દે ! પ્રસન્ન થઈ આગ્રહથી મણિ દીધો - સ્યમન્તક ! સર્વ સૂર્યમાંથી પ્રસૂત થાય, તો મણિ ન થાય ?! સૂર્યે સ્વતેજ: પણ મણિમાં મૂક્યું ! સૂર્યે ઉપેક્ષા કરતાં તે દ્વારકામાં આવ્યો. સૂર્ય શો લાગ્યો ! ભગવાને સૌને ઓળખાવ્યો. સત્રાજિતે મણિ દેવસદનમાં વિધિપૂર્વક પધરાવ્યો. દરરોજ આઠભાર-(ચાલીસ મણ) - સોનું દેતો આ મણિ ! સૂર્યે દીધેલો છે ને ! તેમાંથી પ્રકટે છે ! કોઈ વિજ્ઞાન આ ન કરી શકે ને ! આ મણિ હોય ત્યાં દુષ્કાલ, શીતલા વગેરે મારી, આધિ, વ્યાધિ, અશુભસ્વપ્ન, સર્પ, રાક્ષસ વગેરેનો ભય ન સંભવે ! કૃષ્ણની દ્વારકામાં દેવોનું સામર્થ્ય શું ચાલે ? તો દેવોની કૃપા કેટલું કલ્યાણ કરે ? અયોગ્ય રીતે પાસે ઉત્તમ વસ્તુ હોય તો પણ ઉપકારક કેટલી ? ભગવાને મણિનો યોગ્ય બદલો લઈ ઉગ્રસેન રાજાને મણિ દેવા કહ્યું. સત્રાજિત્ ન માન્યો. ભગવાનની આજ્ઞા ન માને, તેનો ઉદ્ધાર ક્યાંથી થાય ? બુદ્ધિ પણ બગડે ને ! અવિશ્વાસ પ્રભુમાં કરે તેને નિ:શ્વાસ વિના શું મળે ? ભગવદ્ભાવ-રહિતનો વૈભવ પણ ભવ અને ભયપ્રદ બને. "वै"-નિશ્ચયપૂર્વક "भव:"- જન્મ નિર્ણીત રૂપે જન્મ-મરણમાં અથડાવે,- તે વૈભવ !

સત્રાજિતના ભાઈ પ્રસેને મણિ કંઠે પહેર્યો. એકલો વનમાં શિકારે ગયો. મણિથી મૃગ દેખી ન શકે ને ! મણિના તેજથી તેને સિંહે માર્યો. દૈવી મણિની અવજ્ઞા થઈ, તેથી દેવીના વાહન રૂપ સિંહે સજા કરી. સિંહને રીંછે માર્યો. સિંહના નખ-ચર્મ પવિત્ર, મુખ અપવિત્ર, મુખસ્પર્શે તેણે મણિ ઉચ્છિષ્ટ કર્યો, તેથી રામભક્ત જામ્બવાને તેને માર્યો, મણિ લીધો ! આરોપ કૃષ્ણ ઉપર આવ્યો. દુ:ખહારક લાગતો મણિ દુ:ખદાયક થયો છે ને ! હરિ વિના દુ:ખ કોણ હરે ? "कर्णे कर्णेऽजपञ्जना:"- લોકો તો કૃષ્ણને પણ છોડે ખરા ? રામને પણ ક્યાં બાકી રાખ્યા હતા ?! જનને જન્મ-મરણમાં આથડવાનું કાંઈ નાના દોષથી મળે ?! માયાથી મોહ થતાં સ્વભાવદોષથી લોકોને નિર્દોષ ભગવાનમાં પણ દોષ દેખાય ! જાણ્યું ભગવાને ! લોકન્યાયે અપયશ: દૂર કરવા, લોકોને સાથે લઈને પગલાં શોધતા ચાલ્યા ! માયાથી થતું આવું દુ:ખ પણ પ્રભુ દૂર કરે છે. અંધકારઘેરી રીંછની ગુફામાં એકાકી કૃષ્ણ પ્રવેશ્યા. સૂર્યમણિ પણ ત્યાં પ્રકાશી શક્યો નથી ! દયાળુ ભગવાન્ ! સ્વાર્થી સંસારિજન ! પ્રભુને પણ એકલા મોકલ્યા ! આરોપ તો હવે રહ્યો નથી, છતાં ભક્ત જામ્બવાન્ માટે ભગવાન્ તો પધારે છે ! લોકો સમજ્યા, - અપવાદ ટાળવા જાય છે ! અંદર પ્રભુએ બાલકને પારણે બાંધેલો દિવ્યમણિ જોયો ! ઓળખ્યો ! ઊંચક્યો ! સમર્થ ભક્ત પણ અયોગ્ય આચરે, ચોરી વગેરે કરે, તો પ્રાકૃત થઈ જાય ! અન્ય હોત તો કોઈ ઉપાય કરત ! પ્રભુ તો સ્વસ્થ ઊભા ! ધાત્રી ગભરાઈ, ચીસ પાડી. રીસથી જામ્બવાન્ દોડ્યો. પ્રભુને પણ તેણે પ્રાકૃત માન્યા ! પ્રભાવ ન ઓળખ્યો. "युयुधे स्वामिनात्मन: ।"- પોતાના સ્વામી રામ સાથે લડ્યો ! અનાચાર શું ન પ્રેરે ?! કૃષ્ણ - રઘુનાથ, બલ - લક્ષ્મણ, રુક્મિણી- સીતા, યાદવો - વાનરો, દ્વારકા - અયોધ્યા, ગોમતી - સરયૂ, રૂપે છે ! રામાવતારમાં ભગવાને તેની બલ રૂપ સેવા યોગ્યસમયે સ્વીકારવાનું વચન દીધું. રામાવતારમાં તેની બુદ્ધિ-(જ્ઞાન)શક્તિની સેવા લીધી.

કૃષ્ણાવતારમાં તેની બલ(ક્રિયા) શક્તિની સેવા સ્વીકારી, લડાઈને પણ લાલના ગણી ! તેના દુઃસહ બલને પણ ભગવાને સેવા રૂપે સ્વીકાર્યું ! પ્રહારને પૂજા ગણી ! પ્રભુ પ્રસન્ન થયા ! ઉદાર ભગવાન્ ! મુક્તિ પણ દીધી ! તે ગ્રહદશાથી પોતાનો પરાજય ન માને, તેથી ૨૭ નક્ષત્રના પ્રતિનિધિ રૂપ ૨૭ રાત-દિવસ અને ૨૮ મા જ્ઞાન થયાના ફલરૂપ દિવસે પણ પ્રભુએ યુદ્ધ કર્યું ! પ્રહારથી કાલ અને પ્રકૃતિ-સામર્થ્ય શિથિલ કરી દીધું. ૨૭ તત્ત્વોને શિથિલ કર્યાં. આત્મતત્ત્વ સમજાવી દીધું !

રામાવતારના ભક્ત જાંબવાનનો મનોરથ ભગવાને પૂરો કર્યો, જાંબવતીજીનો સ્વીકાર કર્યો ! સત્યભામાજીને પણ સ્વીકાર્યાં ! મણિ તો દેવભક્ત સત્રાજિતને પાછો આપ્યો ! :

કૃષ્ણ સ્વભક્તની સેવા લે, અન્યભક્તની નહિ ! :

કૃતાર્થ જામ્બવાને પીડામાં પણ પ્રભુને પિછાન્યા ! પ્રસન્નતાથી રામ રૂપે પણ સ્તુતિ કરી. "स्वयशसोज्ज्वलिता च लङ्का ।"- લંકાને રામે સ્વયશઃથી પ્રકાશિત કરી, નહિ તો રાવણની લંકાને તો જાણત કોણ ? બીજાં રાક્ષસસ્થાન ક્યાં પ્રસિદ્ધ છે ? ! કલ્યાણરૂપ કરસ્પર્શથી સેવકને ભગવાને કૃતાર્થ કર્યો. મણિ માગ્યો. માત્ર માગ્યું દે તે સેવક શાનો ? ભક્ત જાંબવાને મણિ અને કન્યામણિ જાંબવતીજી પણ દીધાં ! ભક્ત જાંબવતીજીના તેજઃ પાસે ઉચ્છિષ્ટ મણિ નિસ્તેજ લાગ્યો ! ભગવાને બંને લીધા ! આધુનિક વિચારે તો, ભગવાને રીંછજાતિનાં કન્યાનો સ્વીકાર કર્યો ! આદિવાસી કે પછાત લોકોનો ઉદ્ધાર પોતે સંબંધ બાંધીને કર્યો ! ગુફા બહાર પ્રભુ પધાર્યા. યાદવલોકો તો બાર દિવસ રાહ જોઈને દ્વારકા ચાલ્યા ગયેલા. વ્રજભક્તોની પરીક્ષા કાલિયપ્રસંગે કરી, રાજસભક્તોની પરીક્ષા આ પ્રસંગે થઈ ! પ્રભુની પરવા કે પ્રતીક્ષા પણ સામાન્ય સંસારી ક્યાં સુધી કરે ? દ્વારકામાં સત્રાજિતને સૌ શાપ દેતા હતા. મહામાયા દુર્ગાની આરાધના પ્રભુપ્રાપ્તિ માટે કરતા હતા ! પ્રાકટ્યપ્રસંગે યોગમાયાને પ્રભુએ પોતે વરદાન દીધું છે ને ! - "મનુષ્યો તને પૂજશે !" તે સત્ય કર્યું. મર્યાદાભક્તિમાં અધિકારી દેવ-દેવીઓનો મહિમા ભગવાન્ વધારે જ ને ! ભગવાનની વિભૂતિ-શક્તિ-રૂપ છે ને ! સર્વકામપૂરક પ્રભુ તો, પત્ની અને મણિ સાથે પ્રકટ થયા ! "सर्वे जातमहोत्सवाः ।"- સૌને મહોત્સવ થયો. ભગવાને સૌના દેખતાં, વૃત્તાન્ત કહીને ઉચ્છિષ્ટમણિ સત્રાજિતને સોંપ્યો ! અન્યની જેમાં આસક્તિ હોય તેનો સ્વીકાર કૃષ્ણ ન કરે ! સંપૂર્ણ-શરણે ન આવે તેને ક્લેશ વિના શું મળે ? શરમાયો સત્રાજિત્ ! પ્રાયશ્ચિત્ત વિચાર્યું ! અન્યદેવનો ઉપાસક છે ને ! શરણાગતિ ન કરી ! વ્યવહારનિપુણે વ્યવહાર જાંબવાનનો વિચાર્યો. પ્રભુને લક્ષ્મી રૂપ મણિ અને સરસ્વતી રૂપ કન્યામણિ સત્યભામા પધરાવ્યાં! "सत्येनैव भासत इति सत्यरूपा कान्तिरूपा च ।"- સત્યરૂપા અથવા કાન્તિરૂપા સત્યભામાજી, બહુએ માગેલાં; વિધિપૂર્વક ભગવાન્ તેમને વર્યા ! મણિ પાછો આપ્યો ! "तवास्तु देवभक्तस्य वयं च फलभागिनः"- બોલ્યા પ્રભુ ! સત્રાજિત્ તો સૂર્યદેવનો ભક્ત, પોતાનો નહિ ને ! પ્રભુ તો પોતાના ભક્તની ભાવથી દીધેલી ભેટ-સેવા-લે ! અન્યાશ્રય કરનારનું કંઈ ન લે ! શ્રીમહાપ્રભુજી રૂપે પણ પોતાના સેવકની જ સેવા લીધી છે ને ! સત્રાજિતે અક્રૂરને પહેલાં સત્યભામાજી દેવા કહેલું. બંને લેતાં તો ભક્તને દુઃખ થાય ને ! મણિ અક્રૂર માટે રાખ્યો ! ભક્ત કન્યામણિ પોતે લીધો. ભક્તવત્સલ ભગવાન્ !

અધ્યાય : ૫૭

સર્વજ્ઞ ભગવાને હરાયેલા સ્યમંતકની શોધમાં શતધન્વાને માર્યો, બલરામજીને પણ શંકા થઈ!: કાશીથી દાનપતિ અક્રૂરને બોલાવી મણિ કઢાવી-સૌને બતાવી, પાછો દઈ, પ્રભુએ અપયશ: દૂર કર્યો!:

લોકધર્માનુકૂલ લીલા ભગવાન્ ઉત્તરાર્ધમાં કરે છે. આ અધ્યાય પણ મતાન્તરભાષાનો છે! અક્રૂર વગેરે ભક્ત અને સાધારણલોકો પણ અપકારક લાગે છે, છતાં બંને પર ભગવાન્ પ્રમેયબલથી કૃપા કરે છે. આ રાજસફલપ્રકરણ છે. રાજસોનું ફલ જુદું જુદું કહેલું છે. અક્રૂર મુખ્ય, તેથી પહેલાં તેમનું ફલ કહ્યું છે, પછી કૃષ્ણના પાંચ વિવાહ છે, તે રાણીઓના ફલરૂપ છે. તેમને ફલરૂપ કૃષ્ણ મળ્યા; પછી સોળ કલાવાળા મનની હજારવૃત્તિ રૂપ, સોળ હજાર સ્ત્રીઓને ફલરૂપ કૃષ્ણ મળ્યા! "**षोडशकलं वै मनः ।**"- શ્રુતિ છે. તેની સંકલ્પ-વિકલ્પ રૂપ વૃત્તિઓ હજાર પ્રકારની, તે રાણીરૂપ! ચાર પ્રકારનું ફલ તેમાં - ૧. કૃષ્ણપ્રાપ્તિ. ૨. અન્યોન્ય સ્વીકારથી કૃષ્ણને - તેમની પ્રાપ્તિ (વિવાહ). ૩. ભગવદંશ રૂપ પુત્ર-પૌત્રની રાણીઓને પ્રાપ્તિ. ૪. અન્યદેવો સાથે યુદ્ધ કરીને પણ પ્રભુએ કરેલા પુત્ર-પૌત્રનાં લગ્ન વગેરે-કાર્યની સિદ્ધિ. આમ સૌને કૃષ્ણમાં સંપૂર્ણ પ્રેમ થયો. પોતાનું કાર્ય કરનાર પર પ્રેમ ન થાય? લોક-પ્રસિદ્ધ છે ને! સ્નેહ હોય તેનાં સ્વપ્ન અને મનોરથ પણ સંભવે છે. લૌકિકમાં પ્રીતિવાળાને તે તે પદાર્થમાં એકરૂપતા આમ લાગે છે, કૃષ્ણમાં પ્રીતિવાળાને કૃષ્ણમાં એકરૂપતા થાય છે. મુખ્યાધિકારીઓ માટે તો તે સાધનરૂપ છે, પણ સાયુજ્યાધિકારી માટે તો તે ફલરૂપ છે. આ ફલ સ્વરૂપબલથી છે, સાધનાધીન નથી! તામસ-ફલપ્રકરણમાં કામલીલા હતી! રાજસ-ફલપ્રકરણમાં ક્રોધલીલા છે! "**फलतीतिफलम् ।**" અથવા "**फलसम्पादकं फलम् ।**"- ફલિત થાય તે, કે ફલસંપાદક હોય તે,- ફલ! રાજસોનો વિશેષરીતે જય અહીં ફલિત થાય છે. આ અધ્યાયમાં કૃષ્ણેચ્છાનો જય બતાવ્યો છે. સત્રાજિત્, શતધન્વા અને અક્રૂર જિતાયા છે. સત્રાજિતનો સ્યમન્તક-મણિ ભગવાને લીધો નહિ. અન્યદેવાદિમાં જેનું મન હોય તે ભગવાનમાં સ્થિર ન થાય, નિરોધનો અધિકારી છે- સત્રાજિત્! તે મણિનાં કારણે મરણ પામ્યો, મણિ દ્વારા ભક્ત અક્રૂરમાં રહ્યો, ભગવાનના ચરણરૂપ વારાણસીમાં વાસ મળ્યો, નિરોધ થયો. તે કથા અહીં છે.

ભક્ત પાંડવો લાક્ષાભવનમાં કુંતાજી સાથે બળી ગયા છે,- તેવા લોકસમાચાર જાણ્યા! ભગવાન્ તો સર્વજ્ઞ! જાણે છે,- પાંચ પુત્ર સહિત કોઈ ભિલ્લબાઈ બળી છે, છતાં ભક્તરક્ષક ભગવાન્ બલરામજી સાથે હસ્તિનાપુર પધાર્યા! આ પ્રકરણમાં, ગુપ્તરીતે લીલા કરે છે, તેથી અજ્ઞાન બતાવે છે! દ્વારકામાં સત્રાજિતવધ-પ્રસંગ પણ થવાનો; તેમાં હાજર રહે તો લોકો પુન: અપવાદ આપે, શુદ્ધ છતાં લોકવિરુદ્ધ ન થાય ને! આ તો લોકધર્માનુકૂલ-લીલા છે. યથાર્થ ધર્મજ્ઞ ભક્ત જ સાચો વ્યવહારનિપુણ હોઈ શકે, કેવલ વ્યવહારનિપુણ તો કપટકુશલ હોય! દ્વારકામાં હવે સમય મળ્યો,- ષડ્યંત્ર રચનારને! અક્રૂરજી દિવસે ન્યાયકર્તા, ધર્માધિકારી! કૃતવર્મા રાત્રે રક્ષક! શતધન્વા તેમની આજ્ઞા પાળનાર સાહસિક! વિચાર્યું તેમણે લોકરીતે, "અમે સત્રાજિતને કન્યામણિ દેવાનું કહ્યું. તે ન આપી. અમારી નિંદા કરી! કૃષ્ણે મણિ માગ્યો. તે ન આપ્યો. નિંદા કરી. ક્ષત્રિયધર્મ રીતે તેનો વધ કરવો જોઈએ!" શતધન્વાનું મન મણિમાં ગયું. અપશકુનિયાળ મણિના સંબંધે તો મરણ થાય,- અક્રૂર, કૃતવર્મા જાણે છે, છતાં લોકોની વાતોના વમળમાં ફસાય તેનાથી ક્યાં ખસાય? પાપરૂપ

શતધન્વા ! દેવોમાં અધર્મ રૂપ કલિ શો ! આયુષ્ય પણ તેમનું ઓછું. તેણે સૂતેલા સત્રાજિતને માર્યો. મણિ લઈને ગયો, દેવે દીધેલાં સત્યભામાજીને પિતાનો ખૂબ શોક થયો. તેમને ભાઈ ન હતો, પુરુષપ્રકૃતિ હતી ! તૈલપાત્રમાં સત્રાજિતનું શરીર મૂક્યું. શબસંરક્ષણવિધિ પણ ત્યારે હતો ! સત્યભામા હસ્તિનાપુર આવ્યાં. સર્વજ્ઞ કૃષ્ણે વિગત જાણી. શોક કરતાં સૌ દ્વારકા આવ્યાં. મનુષ્યલીલા છે ને ! દ્વિસ્વભાવવાળો સત્રાજિત્, નિંદા અને પશ્ચાત્તાપ બંને કરનારો ! તે દ્વિસ્વભાવવાળાથી હણાયો. પ્રાણ બચાવવા અપરાધી સહાય શોધવા માંડ્યો. ભગવદપરાધીને મદદ દેવા કોણ તૈયાર થાય ? ભગવાનથી વિરુદ્ધ-સ્વભાવવાળો કૃતવર્મા અને અક્રૂર તૈયાર ન થયા. દિવસમાં સો યોજન જતા ઘોડા પર બેસી શતધન્વા નાસી છૂટ્યો. તેના બીજે દિવસે લોકમાં વાતો થઈ. બપોરે ભગવાન્ ગરુડધ્વજ-રથમાં બેસીને પકડવા પધાર્યા. મિથિલાના ઉપવનમાં શતધન્વાના ઘોડા થાક્યા, પડ્યા. પગપાળો તે દોડ્યા. પ્રભુ પાછળ દોડ્યા. ચક્રથી મસ્તક છેદ્યું, વસ્ત્ર જોયાં, મણિ મળ્યો. બલરામજી સાથે હતા. **"वृथा हतः शतधनुः"**- "નકામો મર્યો શતધન્વા !" પ્રભુ બોલ્યા. "उ" કારાન્ત અને "स" કારાન્ત પણ તેનું નામ છે. ભગવાન્ સર્વજ્ઞતા પ્રકટ કરે તો સર્વકર્તૃત્વ પણ ગણાય ને ! ભગવાને અજ્ઞાન બતાવ્યું !

ભગવાનનો મહિમા જાણવા છતાં, શતધન્વા શરણે ન આવ્યો ! તેણે યુદ્ધમાં કે વનમાં સત્રાજિતને મારવાને બદલે, ઘરમાં સ્ત્રીઓને ત્રાસ દઈને માર્યો; તેથી તે વધ યોગ્ય થયો ! તેને મણિના બહાને મારીને ભગવાને મુક્તિ દીધી. આ અલૌકિક ફલ છે, મર્યાદામાર્ગમાં તે યોગ્ય નથી; તેથી તેમાં બલરામજી સંમત નથી ! બલરામજીએ મિથિલામાં જનકને મળવા જવાનું ઈચ્છ્યું, તે પગપાળા કે અન્યરથમાં ગયા. ભગવાન્ ગરુડધ્વજ રથમાં દ્વારકા પધાર્યા. જ્ઞાનપક્ષમાં વેદમાર્ગ પણ અત્યાદરણીય નહિ ને ! પૃથ્વીનો ભાર ઉતારવાની આ લીલા છે. લોકો બે સ્વભાવના; કેટલાક પ્રવૃત્તિપરાયણ, કેટલાક નિવૃત્તિરત ! કેટલાક ક્રિયારત, કેટલાક ભક્તિમસ્ત ! બે સમર્થોને જુદા જુએ, - જાણે, તો લોકો બે પક્ષમાં વહેંચાય; સંઘર્ષ થાય, તો ભાર ઉતરે ! વિશ્વમાં બે મહાસત્તાઓના મતભેદથી જ પક્ષ પડે, તો યુદ્ધથી વિનાશ થાય ને ! રામ-શ્યામે આ મતભેદ બતાવ્યો, મનભેદ તો છે નહિ ! લોકાનુસારિણી લીલા છે ને ! બલભદ્ર દ્વારા જેમનો નિરોધ થવાનો, તે ભક્તો ભગવાનને અનુકૂલ નથી ! ભગવાનથી જેમનો નિરોધ થવાનો તે ભક્તો બલરામને અનુકૂલ નથી. પાંડવો પ્રભુને પ્રિય, કૌરવો બલરામજીને ! જ્ઞાનાદિનિષ્ઠ બલને પ્રિય ! ભક્તિનિષ્ઠ ભગવાનને પ્રિય ! ક્રિયા-જ્ઞાન-શક્તિ એક તરફ; ભક્તિ-પરમાનંદ બીજી તરફ ! બલદેવજી મિથિલામાં આવ્યા. અતિપ્રિયને ત્યાં જવાનો નિયમ ન હોયને ! મર્યાદાનગરીમાં ત્રણેક વર્ષથી વધુ વિરાજ્યા. યુદ્ધ શિખવામાં સાનુકૂલ શરદ વગેરે છ માસ, ઘા શીઘ્ર સુકાય. ત્યાં યુવાન દુર્યોધનને ગદાયુદ્ધ શિખવ્યું. ભીમ સામે લડવાનું સામર્થ્ય આ શિક્ષાથી મળે ને !

ભગવાન્ દ્વારકા પધાર્યા. સત્યભામાને સંતોષ દીધો. હત-સ્વજનની ઉત્તરક્રિયા કરાવી. લોકમુખે અક્રૂર-કૃતવર્માની કાવત્રામાં ચર્ચા થવા માંડી. ભગવદિચ્છાથી બંનેને નાસી જવાનું સૂઝ્યું, કોઈ બહાનાથી ચાલ્યા ગયા. દ્વારકામાં ફલરૂપ ભગવાન્ કૃષ્ણ વિરાજતા હતા, છતાં શારીરિક-માનસિક વગેરે સંતાપ લોકોને વારંવાર પીડવા લાગ્યા ! લૌકિકભાષા પણ કથામાં છે ને ! સુખદ ભગવાનને બદલે મણિ સુખદ લાગ્યો છે ! દુષ્ટનિવારક બલદેવજી પણ બહાર છે. - સૌને લાગ્યું, મુનિ શા અક્રૂર ગયા, તેથી આ અનિષ્ટ આવ્યાં ! અક્રૂરના પિતા શ્વફલ્ક. પ્રસંગવશાત્ કાશી ગયેલા. તેમને ત્યાંના

રાજાએ શિવાજ્ઞાથી કન્યા દીધી, કાશી-પ્રદેશમાં વરસાદ થયો, દુકાળ ગયો. વર્ષ સુધી રોજ ગોદાનથી કાશીરાજને ત્યાં જન્મેલી કન્યા - "ગાન્દિની !" તેના હાથે બાર વર્ષ સુધી એક એક ગાયનું દાન કરાવ્યું. આવાં મા-બાપનું સંતાન અક્રૂર ! સાત્ત્વિક ભગવદ્ભક્ત હોય ત્યાં અનર્થ કાંઈ જ ન સંભવે, ઘરડા લોકો આ વાતો કરતા ! ભગવાને તે અજ્ઞાનદોષ દૂર કરવા વિચાર્યું. દૂત દ્વારા અક્રૂરજીને બોલાવ્યા. પ્રયાગમાં મરણની રાહ જોતા હતા,- અક્રૂરજી ! અપરાધીને પ્રભુ મારશે ! ભગવાને તો સત્યભામાના બદલે અક્રૂરજીને મણિ દેવા ઈચ્છ્યું છે, મારવાના તો મૌસલ (યદુકુલના ઉપસંહાર) વખતે છે !

અમારા સ્વામી કૃષ્ણ તો જીવે-જાણ્યું હોય કે નિર્ણય કર્યો હોય ત્યારે, પ્રાકૃતની જેમ, તેનો ક્રોધ વહોરતા નથી, સાત્યકિની જેમ અન્નજલ છોડીને બેઠેલાને મારતા નથી, તક્ષકની જેમ બાળતા પણ નથી, મૃત્યુની જેમ પ્રાણ લેતા નથી. અક્લિષ્ટકર્મા કૃષ્ણે તો અક્રૂરને પાસે બોલાવ્યા, આદર પણ દીધો ! કાકા છે ને ! ભક્ત હોવા છતાં દુ:ખસંગથી આવી દુર્દશા થાય, કુમતિ સૂઝે ! "દાનપતે ! સ્યમન્તકમણિ આપની પાસે છે. અમે જાણીએ છીએ. આપો !" સત્રાજિતને પુત્ર નથી. પુત્રીના પુત્રને તેનો વારસો મળે. સત્યભામાજીને પણ હજુ સંતાન નથી, તેથી ઉત્તરક્રિયા કરનારને મળે કે વંશ-શાખામાંથી અધિકારીને મળે, માલિકી વગરનું રાજ્યને મળે. "મણિ આપ જ રાખો, સુવ્રત ! એક વખત પણ સૌને બતાવો. મોટા ભાઈ પણ મણિ બાબતમાં મારો વિશ્વાસ કરતા નથી ! કાશીમાં નિરંતર ચાલતા સુવર્ણવેદીવાળા યજ્ઞો મણિ વગર થાય !" - ભગવાને ભેદ-સામ-દામ અને દંડ ચારે રીતે સમજાવ્યા. લજ્જિત અક્રૂરે કપડે ઢાંકેલો મણિ ભગવાનને દઈ દીધો ! સોનું પણ ન દેવું પડે ને ! મણિ કૃતવર્માને ત્યાં રાખેલો. કુલિનને લજ્જા હોય, દુષ્ટમાં તો ધૃષ્ટતા જ હોય ! ભગવાને સૌને મણિ બતાવ્યો. પોતાનામાંથી દોષબુદ્ધિ દૂર કરી. ઉદ્ધાર ત્યારે થાય ને ! અન્યના ઉદ્ધાર માટે પણ ઉદાર પ્રભુને પરિશ્રમ કેટલો ! નિરપેક્ષ પ્રભુએ મણિ અક્રૂરજીને પાછો આપ્યો ! અપયશ: દૂર કર્યો ! ધર્મ વગેરે પુરુષાર્થો જુદા કે પરસ્પર મિશ્ર રૂપે પણ ફલ રૂપ માનેલા છે. અક્રૂરને ધર્મ (યજ્ઞ) સાથે અર્થ-મણિ-દેવા માટે ભગવાન્ આ આરોપ આવે તેવી લીલા કરી ! સત્રાજિતનો વધ અક્રૂર વગેરેએ સ્વત: કર્યો હોય તો, કૃષ્ણ પ્રસન્ન કેમ થાત ! કૌરવોને મારનાર પાંડવો જેમ પ્રભુને પ્રિય છે, તેમ આ પણ પ્રિય છે. સત્રાજિત્ સૂર્યભક્ત પ્રભુને તે ન ગમે ! પોતાનામાં આસક્તિ દઈને, પ્રભુ મુક્તિ દે છે. બે અધ્યાયમાં લૌકિકભાષા કહી. શાસ્ત્રાનુકૂલ, આવશ્યક, પાપનાશક, ભક્તિજનક, પુણ્યપ્રદ, પ્રભુની આ ત્રિવિધલીલાનું ભક્તિના અંગ રૂપે શ્રવણ-કીર્તન અને સ્મરણ કરે, તો અપકીર્તિ દૂર થાય, મનનાં દૂરિત દૂર થાય, મનને શાંતિ મળે, જ્ઞાન થાય.

અધ્યાય : ૫૮

ભગવાને ઈન્દ્રપ્રસ્થમાં પાંડવ - હિત કરતાં, યમુનાજલમાં રહેતાં સૂર્યપુત્રી કાલિન્દીજીને સ્વીકાર્યાં!

લગ્નથી સુજ્ઞ તો વિશેષ સેવાલગ્ન બને ! અજ્ઞ તો લગ્નથી ભોગમગ્ન બને, અંતે જીવનભગ્ન બને ! ભગવાનનાં લગ્ન પણ સુજ્ઞ અને અજ્ઞ-સંસારીને કૃતાર્થ કરવા માટે છે. સર્વમુક્તિ માટે કૃષ્ણે વિધાનાં પાંચ પર્વરૂપ વિવાહ પણ કર્યા. માયારૂપા રુક્મિણીજી પહેલાં પધાર્યાં. માયાસંબંધથી તો

લોકમાં કામ, ક્રોધ અને લોભ રૂપ દોષ સંભવે. ભગવાનમાં તો નિર્દોષતા છે, તે ત્રણ અધ્યાયની કથામાં સમજાવ્યું. ભગવાનમાં પુત્રાદિના અભિલાષ રૂપ કામ નથી, પ્રદ્યુમ્ન-પ્રસંગમાં તે દેખાયું, નહિ તો તેની પત્ની સાથે આવેલા પુત્રને નારદજી વગેરેની સંમતિ વગર સ્વીકારી લેત ! અથવા શંબરને હરવા જ કેમ દેત ? ક્રોધ પણ પ્રભુમાં નથી, નહિ તો ૨૮ દિવસના યુદ્ધ પછી જામ્બવાનજી પર કૃપા ન કરે; લોભ પણ નથી, નહિ તો સ્યમંતકમણિને પોતે જ ન લઈ લે ? હવે, વિદ્યારૂપ ફલ કહે છે; તેથી નિર્દોષ ગુણરૂપતા પ્રભુની સમજાય, તેથી પછીના અધ્યાયમાં ત્રિલોકને સુખ દેતી કૃષ્ણલીલા કહી છે. પછીના બે અધ્યાયમાં રુક્મિણીજીના દોષ પ્રભુ દૂર કરે છે. પછીના બે અધ્યાયમાં સર્વના દોષનું નિવારણ છે. વિદ્યામાં સૂર્યની મુખ્યતા છે, તેથી તેમની કન્યા કાલિન્દીજીની કથા પહેલાં છે. કાલિન્દીજી જ્ઞાનરૂપા છે. મિત્રવિન્દાજી તપોરૂપા છે. વિપક્ષના નિગ્રહરૂપ તે ચન્દ્રવંશનાં છે. હિત માટેના બે માર્ગ - જ્ઞાન અને તપ: ભગવાને બંનેનો સ્વીકાર કર્યો. ભક્તિથી જ્ઞાન અને તપ: મળે. ત્રીજાં ભક્તિરૂપા નાગ્નજિતીજી. પ્રભુએ પોતે પધારીને તેમને માટે યાચના કરી ! આપત્તિ દૂર કરી. લક્ષ્મણાજી યોગરૂપા. લક્ષ્મણાજી ભક્તિરૂપા અને નાગ્નજિતીજી યોગરૂપા તેવો પણ વિકલ્પ છે. જ્ઞાન-ભક્તિ ભગવાનને પ્રિય, તેથી કાલિન્દીજી તથા નાગ્નજિતીજીના વિવાહમાં વિસ્તારથી કથા છે. કાલિન્દીજી વિષ્ણુને (વરેણ્ય)વરવા યોગ્ય સમજીને વર્યાં, તે ધર્મબુદ્ધિ છે. નાગ્નજિતીજી સ્નેહથી વર્યાં છે. મિત્રવિન્દાજીનો વિવાહ લૌકિકભાવયુક્ત છે. જ્ઞાન-ભક્તિવાળા જીવોની સ્વતંત્રતા સમજાવવા, તે બેની વચમાં આ લૌકિકવિવાહ કહ્યો છે. બંનેનો તેથી અંગાંગિભાવ નથી. ભક્તિ અને જ્ઞાન જેમાં ફલ, તેવાં યોગ- સાંખ્ય કર્યાં, તેથી ભગવાન્ ક્લેશ વગર પિતાએ દીધેલાં સાંખ્યરૂપા ભદ્રાજી અને સ્વયંવરમાં યુદ્ધ- ક્લેશથી પણ યોગરૂપા લક્ષ્મણાજીને વર્યા. આ પાંચ અને છઠ્ઠા પ્રભુ ! નિ:સંદિગ્ધ રૂપે આ ભગવાનનું નિરૂપણ છે.

પાંડવોને પ્રકટ થયેલા જાણ્યા. પ્રભુ ઈન્દ્રપ્રસ્થ પધાર્યા. "શ્રીમાન્"- પ્રભુ પોતે સર્વસાધન લક્ષ્મીસહિત છે, ભક્તોને સર્વસાધન-સુખ દેવા પધાર્યા છે ! પ્રેમથી સૌ યથોચિત રીતે મળ્યા. સૌની પૂજા પછી, દાસ્યથી આત્મનિવેદન કરતાં હોય તેમ, નિર્દોષ દ્રૌપદીજી આવ્યા. તે તો કૃષ્ણા ! ! નામ-સમાનતા અને શ્રદ્ધાએ પણ તે તો ભગવદ્રૂપ છે ! શબ્દ-અર્થ-શક્તિ-ભક્ત અને લીલાના આધાર રૂપે પાંચ રૂપ પ્રભુનાં ! (૧) કૃષ્ણ - દ્વૈપાયન-વ્યાસ, (૨) કૃષ્ણ - ભગવાન્ (૩) કૃષ્ણા - કાલિન્દી, (૪) કૃષ્ણ - અર્જુન, (૫) કૃષ્ણા-દ્રૌપદી. પાંડવોએ ભગવાનની જેમ, ભક્તોનું પણ પૂજન કર્યું ! ભગવાન્ ફોઈ કુન્તાજીને નમ્યા ! ભાવમાં ભીંજાઈ ગયાં ફોઈ તો ! "કૃતાર્થ કર્યાં, કૃષ્ણ !" - તે શબ્દોમાં જ સ્તુતિ થઈ ગઈ ! પ્રભુ ચાર માસ વિરાજ્યા. એક દિવસ, વાનરધ્વજ-રથમાં, ગાંડીવ-ધનુષ્ય અને અક્ષય-ભાથામાં સાથે અર્જુન અને કૃષ્ણ અષ્ટકાશ્રાદ્ધ માટે મૃગયામાં ગયા. ખાંડવવન-દહનથી સંતુષ્ટ અગ્નિના દેતા પહેલાં, અહીં ગાંડીવ વગેરેનો સ્પષ્ટ ઉલ્લેખ છે ! ભગવદિચ્છાથી તે તો ગુપ્તરીતે મળી જ ગયાં છે ! કાલિન્દીજીને પ્રાપ્ત કર્યા પછી, પ્રભુ અગ્નિ દ્વારા પ્રકટ રીતે અપાવશે ! નિમિત્ત માત્ર બીજાં બને છે, કરે છે તો સર્વ કાંઈ ભગવાન્ ! ભગવદિચ્છાથી અહીં, આ ક્રમ છે. શ્રમિત થયેલા કૃષ્ણ અને અર્જુન યમુનાજીને કિનારે આવ્યા. સ્નાન-પાન કર્યાં. ત્યાં કોઈ કન્યા જોયાં. ભગવાને અર્જુનને પૂછવા મોકલ્યા ! મનમાં મિત્રને સંદેહ ન આવે ને ! સંયમશીલ અર્જુને જઈને પરિચય પૂછ્યો. કુમારીએ

સ્વકથા કહી. પોતે સૂર્યપુત્રી. વરણીય ભગવાન્ વિષ્ણુને વરવા ઈચ્છે છે ! અનાથના નાથ શ્રીનાથ સંતુષ્ટ થાય, તેમના વિના અન્યને પોતે પતિ રૂપે વરવા ઈચ્છતાં નથી. "कालिन्दीति समाख्याता वसामि यमुनाजले ।"- "કાલિન્દી નામ, યમુનાજલમાં (દુર્ગમાં) રહું છું !" સૂર્ય પર્વત રૂપે કલિન્દગિરિમાં આવ્યા. હિમાલય પર્વતમાંથી કન્યા પાર્વતી થયાં, તેમ કલિન્દપર્વત - પુત્રી કાલિન્દીજી થયાં ! તે આધિદૈવિક રૂપ છે, જડ પર્વત નહિ, તેની અભિમાની દેવતાની આ કથા છે. સૂર્યે યમને પ્રકટ કર્યા પછી, તે દોષ-નિવારણ માટે યમુનાજીને પ્રકટ કર્યાં ! કાલિન્દી અને યમુનાજી જુદાં છે ! યમુનાજી વ્રજલીલામાં કૃષ્ણનાં ચતુર્થપ્રિયા છે ! "नमत कृष्णतुर्यप्रियाम् ।"- શ્રીમહાપ્રભુજી કહે છે. કાલિન્દીજી દ્વારકાલીલામાં ચોથાં કૃષ્ણનાં પત્ની (રાણી) છે ! યમુનાજલમાં સૂર્યે બાંધેલાં દુર્ગ (ભવન)માં કાલિન્દીજી રહે છે, તેથી લોકો આધિભૌતિક-આધિદૈવિકની જેમ એક રૂપે તેમનાં નામ ગણે છે - વાપરે છે ! કાલિન્દી શાપથી નદીરૂપ થયાં નથી ! નદીરૂપ તો પહેલેથી છે, તે આધ્યાત્મિક-દેવતારૂપ પણ નથી, નહિ તો યમુનાજલ છોડીને જાય નહિ ! કાલિન્દીજી સૂર્યપુત્રી છે. યમુનાજી સૂર્ય મણ્ડલસ્થ નારાયણના આનંદાત્મક હૃદયમાંથી પ્રકટ થયાં છે. અર્જુને કૃષ્ણને સમાચાર કહ્યા. કૃષ્ણે કાલિન્દીને સાથે લીધાં ! ધર્મરાજા પાસે આવ્યા.

ભગવાને વિશ્વકર્મા દ્વારા ભક્ત પાંડવો માટે નગર રચાવ્યું !
ખાંડવ-વન દહન કરાવી દિવ્યાસ્ત્રો અગ્નિ દ્વારા દીધાં !: અદ્‌ભુત મયસભા રચાવી !:

ભગવાને ભક્તોનું પ્રિય કરવા વિશ્વકર્માને બોલાવ્યા. પરમાદ્‌ભુત નગર રચાવ્યું ! ભગવાન્ કોઈ રીતે રચે, તો તો ત્યાં દોષ ન રહે, તો દુર્યોધનાદિનું માનભંગ શી રીતે થાય ? ભગવાને ભક્તો પાસે વિરાજીને વિશ્વકર્મા પાસે નગરરચના કરાવી ! તેમ અર્જુન-સારથિ બનીને અગ્નિ પાસે ખાંડવવન બળાવ્યું ! ભક્તહિત માટે ભગવાન્ અર્જુન દ્વારા ઈન્દ્રાદિવિજય કરવા ઈચ્છે છે, તે જાણીને અગ્નિ પણ સંતુષ્ટ થયા. ધનુષ્ય, શ્વેત-અશ્વ, રથ, અક્ષયભાથાં અને અભેધકવચ અર્જુનને આપ્યાં. "धनुर्यज्ञा दुत्पन्नमिषवश्च यज्ञजन्मा हि ।" - શ્રુતિ છે. "अग्निः सर्वा देवताः ।"- શ્રુતિથી અગ્નિ સર્વદેવતા રૂપ છે. માયાવી મયદાનવને અગ્નિમાંથી બચાવ્યો. તે ઉપકારના બદલા રૂપે પાંડવો માટે માયાસભા રચાવી. અસુરજાતિના ગણાતા લોકોએ પણ પોતાનું અદ્‌ભુત કૌશલ બતાવ્યું ! કહે છે,- આ રચનામાં કોઈ વસ્તુ દેશ બહારની વાપરવામાં આવી ન હતી. સ્વદેશીનો સ્વીકાર અને વિદેશીનો પરિત્યાગ, કોઈ પણ પરિસ્થિતિમાં રાષ્ટ્ર માટે હિતકારક છે ! આ અદ્‌ભુતસભામાં જલમાં સ્થલભ્રમ અને સ્થલમાં જલનો ભ્રમ થતો ! તેમાં વસ્તુમાં ભ્રમ નથી, દૃષ્ટિમાં ભ્રમ થાય છે ! ભક્તપાંડવોને અક્રૂરજી દ્વારા પહેલાં સાન્ત્વન દીધેલું ને ! તેમને ધર્મ, અર્થ અને કામ દઈને સંતુષ્ટ કરી, પ્રભુ સ્વરૂપ (આત્મ) જ્ઞાનરૂપા કાલિન્દીજી સાથે દ્વારકા પધાર્યા ! સાનુકૂલ સુપુણ્ય નક્ષત્રમાં સ્વજનનું પરમમંગલ કરતાં ભગવાન્ કૃષ્ણે કાલિન્દીજી સાથે વિવાહ કર્યો, વિશિષ્ટ ફલદાતા થયા. પરલોકનું ફલ વેદાત્મક સૂર્યથી મળે. યાદવોના પરલોકનાં સુખમાં સૂર્યની સંમતિસૂચક છે, - કાલિન્દીની પ્રાપ્તિ !

ભગવાને મિત્રવિન્દાજીને સ્વયંવરમાં સ્વીકાર્યાં !

ભગવાન્ અવન્તિદેશમાં મિત્રવિન્દાજીના સ્વયંવરમાં પધાર્યા. કન્યાએ કૃષ્ણને દૂરથી જોયા. પોતે કહી દીધું ભાઈઓને, - "હું કૃષ્ણને વરીશ !" તે દુર્યોધન પાસે લઈ જવા ઈચ્છતા હતા. અંદર-

બહારના સંતાપ રૂપ તે બે ભાઈ! ફોઈ રાજાધિદેવીની કન્યા પ્રભુમાં આસક્ત! પ્રભુએ સૌને હરાવી હરણ કર્યું! "राजस्वधिकं दीव्यतीति राजाधिदेवी।"- રાજાઓમાં તે અધિક શોભતાં, કારણ-ભગવાનને મુખ્ય માનતાં હતાં! "मित्राण्येव विन्दतीति मित्रविन्दा।"- મિત્રને મેળવે તે મિત્રવિન્દા! તપોરૂપા, અનિચ્છનીયને તે ન વરે! બંને કુલમાં સર્વસંમત વિવાહ થયો. સૌ સાક્ષીરૂપ થયા.

ભગવાને સાત વૃષભ નાથીને નાગ્નજિતીજીને સ્વીકાર્યાં!:

કોસલ દેશનો રાજા હતો નગ્નજિત્. "देवानां पुरयोध्या।"- શ્રુતિ છે. દેવનગરી અયોધ્યા! દેવ શો નિર્દોષ દેહ, - કલહ વગરની કાયા, દોષ રૂપ દૈત્ય તેમાં સંભવે નહિ! "नग्नान् वेदरहितान् जयतीति।"- વેદરહિત પાખંડીઓને જીતે તે, નગ્નજિત! તેની કન્યા નાગ્નજિતી. પિતાને તે અનુકૂલ. પિતૃમુખીકન્યા અને માતૃમુખ પુત્ર ધન્ય ગણાય! ભક્તિરૂપા આ કન્યા. જ્ઞાનમાં તો બધા પ્રાપંચિક-પદાર્થો બાધક છે. ભક્તિમાં માત્ર પ્રકૃતિ વિરોધિની છે, તેથી તેની પ્રાપ્તિમાં વ્યસનરૂપ સાત "गोवृषाः"- સાંઢ નાથવાના! મદમસ્ત, પોષેલા, છૂટા મૂકેલા, એક જગામાં પૂરેલા, ક્રુદ્ધ રહેતા તે સાતે! દોષપૂર્ણ આસુરજીવો તે! સૌને પીડતાં, વ્યસન (આપત્તિ)નાં તે સાત સ્વરૂપ! (૧) ભૂખ, (૨) તરસ, (૩) રોગો, (૪) લૌકિક-વૈદિક-કર્મ. આ ચાર આવશ્યક રૂપે સૌને પીડે. અનાવશ્યક ત્રણ - (૧) દ્યૂત, (૨) પાન, (૩) સ્ત્રી; કુલ ૭ : જાણવા છતાં આ દોષ દૂર ન થાય ને! આ સાતેને વશ કરે તેને ભક્તિરૂપા આ કન્યા વરે! ભક્તિ કરનારમાં આ સાતનો ઉપદ્રવ ન જોઈએ. સાત જણ મળીને સાતેને નાથે, તો કન્યા સાતને ન વરે! "तस्मात् नैका द्वौ पती विन्देते।"- શ્રુતિ છે. આ તો અતિધાર્મિક રાજા છે. વાર્ક્ષીને દશ પ્રચેતસો અને દ્રૌપદીને પાંચ પાંડવો પતિ છે! "ते दश प्राणाः। एते चेन्द्राः, पञ्चमुखो वा महादेवः।"- તે દશ પ્રાણ, આ ઈન્દ્ર કે પંચમુખ મહાદેવ છે, તેથી કાલવશાત્ કે પુષ્ટિવશાત્ છે! મર્યાદામાં તે યોગ્ય નથી. ભક્તિ તો ભગવાનનો જ સંબંધ કરે! જ્ઞાનથી ભગવત્ત્વ સમજાય, પૂર્ણજ્ઞાનવાળા જ ભગવદ્ભક્તો થાય છે!

પ્રભુ ત્યાં પધાર્યા. પૂજન પ્રેમથી રાજાએ કર્યું. કન્યાએ અને સૌએ તો સર્વવ્રત ફલ રૂપે આ સુંદરવરને મનમાં માગ્યા! પ્રભુ તો પ્રભુની પ્રસન્નતાથી જ મળે! તે જ ઈચ્છા છે - "પ્રભુ પ્રસન્ન કેમ થાય?" ભક્તહિત માટે ભગવાને યાચના કરી! બલિ પાસે વામને ત્રણ પગલાં ભૂમિ માગી હતી, બ્રાહ્મણ રૂપે! ક્ષત્રિય રૂપે કૃષ્ણે નગ્નજિત પાસે કન્યાની યાચના કરી! મૂલ્ય દેવા નથી આવ્યા. મૂલ્ય દે તો દાસી મળે, રાણી નહિ. સ્નેહની ઈચ્છાથી કન્યા માગે છે! રાજાએ તો દીનતાથી પોતાની પ્રતિજ્ઞા કહી. ભક્ત-પ્રતિજ્ઞા તો ભગવાન્ સાચવે! કન્યા તો મનથી મળી ચૂક્યાં છે. પ્રતિજ્ઞા પૂરી કરવાની બાકી છે! અંદર પધાર્યા પ્રભુ, કર્યાં એકનાં સાત સ્વરૂપ, બાંધી ભેટ! રમત માત્રમાં સાતે સાંઢનો મદ ઉતાર્યો! બેડીએ ન બંધાય, તેમને જુદા જુદા દોરડે બાંધ્યા, નાથ્યા નાથે! પ્રસન્ન સૌ થયાં. કન્યા વરને દીધાં. શક્તિ ભગવાનને જ વરે ને! તેની પ્રાપ્તિમાં વ્યસન રૂપ બાધક સાત તે સાંઢ રૂપ. તે એક રૂપે દૂર ન થાય, તેથી ભગવાને સાત રૂપ પ્રકટ કર્યાં! સાત પ્રકારની તે સાધનશક્તિ. શ્રવણભક્તિથી દાસ્ય સુધીની સાત ભક્તિ; નહિ તો શ્રવણ, કીર્તન અને સ્મરણ-ત્રણથી પ્રભુમાં પ્રેમ થતાં, પાદસેવન વગેરે વ્યર્થ થઈ જાય! દાસ્ય સુધીની જીવે કરેલી સાત ભક્તિથી આ વ્યસનો દૂર થઈ જતાં, સખ્ય અને આત્મનિવેદન એ બે ભક્તિ સ્વધર્મસ્થાપન માટે ભગવાન્ દે છે! તે કરીને

પછી ભગવત્તુલ્ય ભક્ત સર્વવ્યસનોને સમૂલ દૂર કરે છે ! આ ભક્તિ પાખંડમાં ન સંભવે, તે સૂચવવા માટે તેને નગ્નજિત રાજાની કન્યા રૂપે કહી છે. સ્વરૂપતઃ ફલતઃ, સાધનતઃ આ ભક્તિ સત્ય છે. વેદવિરુદ્ધ મતમાં, અધર્મમાં, કર્મવિહીનમાં, ભક્તિ સાચી હોતી નથી. અધમમાં ક્યાંક ભક્તિ કહેલી દેખાય છે, તે તો સાચી ભક્તિ ન હોવા છતાં તે ઉદ્ધાર કરી શકે છે; તો સાચી ભક્તિ શું ન કરે ?!- તેવો ભક્તિનો મહિમા સમજાવવા માટે જ છે. અધમમાં પણ જો સાચી ભક્તિ હોય તો ભક્તિમાં સદાચાર વગેરેની શાસ્ત્રાજ્ઞા, - ભક્તિશાસ્ત્ર - વ્યર્થ થઈ જાય ! હીનયોનિમાં જન્મેલા પણ ભક્તિની પ્રબલતાથી પ્રભાવ, ચમત્કાર વગેરે કરે છે, પરંતુ તે ભકિત સદાચારસિદ્ધ નથી હોતી ! ભક્તિશાસ્ત્રમાં કહેલાં લક્ષણો વગરની ભક્તિ તો ભક્તિ જ નથી. ભગવત્સાક્ષાત્કાર પહેલાં આ વ્યવસ્થા છે. આ દેવતારૂપા, અલૌકિક, અસાધારણ ભક્તિરૂપ કન્યા મૂલભૂત ભગવાન્ કૃષ્ણે જ સ્વીકારવી પડે ! આવી ભક્તિ જ્યાં હોય તે વેદાનુસારી જ હોય, તેથી નગ્નજિત્ રાજા શ્રૌત-સ્માર્તાદિ-સર્વધર્મપરાયણ છે.

રાજાએ કન્યા વરને દીધાં. કરિયાવર પણ ખૂબ સ્નેહથી દીધો. પ્રાયઃ સર્વસ્વદાન કર્યું ! મહોત્સવ થયો ! શૃંગારવાળી, દૂધ દેતી, દશ હજાર ગાયો, અલંકૃત ત્રણ હજાર યુવતી-દાસીઓ, નવજાતિના નવ હજાર હાથી, તેથી સોગણા (નવલાખ) રથ, તેથી સોગણા (નવ કરોડ) અશ્વ, તેથી સોગણા (નવ અબજ) દાસ દીધા ! આ બધું કયાં સમાય ? તે કેમ સમજાય ? "**श्रद्धया सत्यमाप्यते ।**"- શ્રદ્ધાથી જ સત્ય સમજાય છે !" - શ્રુતિ છે. "**नैषा तर्केण मतिरापनेया ।**" - "ભગવત્સંબંધી સમજ તર્કથી ન મળે !" ભગવાન્ માટે અશક્ય શું ? અરે ! આજ્ઞા ભગવાનની ઉઠાવવા તો, કોસલરાજ પોતે ત્યાં હાથ જોડીને ઊભા રહ્યા ! આંખમાં આંસુ ઉભરાયાં. ભક્ત તરીકે સર્વકર્તવ્ય કર્યું ! અર્જુને પણ સેવક રૂપે સેવા દીધી ! ભકિતમાં ભગવાન્ અનુકૂલ હોય તો પણ, ભક્તે તો સાવધપણે ભગવદનુકૂલ રહેવું જ જોઈએ ! દ્વેષથી દોડી આવેલા દુષ્ટોને અર્જુને દંડ દીધો. ગાંડીવનો સેવામાં વિનિયોગ થયો ! ભક્તિમાં ભક્તની સેવાની ભગવાનને પણ અપેક્ષા રહે છે ને ! ભગવાન્ ભક્તિથી જેવા પ્રસન્ન થાય, તેવા બીજા કશાથી ન થાય ! અહીં તે સ્પષ્ટ છે ને ! ભક્તવત્સલ છે ભગવાન્ ! સૂર્યવંશમાં થયેલા રાજાઓ યોગી પણ છે, તે વિચારે નાગ્નજિતી યોગરૂપા ! સાત વ્યસન રૂપ વૃષભ ! યોગથી પણ તેનો વિજય થાય. રાજાએ દીધેલો દાયજો સિદ્ધિ રૂપ. સિદ્ધિ સૌને ન મળે ને ! અર્જુને અટકાવ્યા તે ઈચ્છતા રાજાઓને !

ભગવાન્ ભદ્રાજીને લગ્નમાં વર્યા ! : લક્ષ્મણાજીને મત્સ્યવેધથી મેળવ્યાં ! :

પશ્ચિમના કૈકયદેશનાં રાજકુમારી નિત્યાનિત્યવિવેક રૂપા ભદ્રાજી ! ફોઈ શ્રુતકીર્તિજીનાં પુત્રી. "**श्रुतेन कीर्तिः । श्रुता वा कीर्तिर्यस्याः यया वा सा ।**" - શ્રવણથી જેની કીર્તિ છે તે, અથવા શ્રવણ કરી છે જેણે કે, જેની કીર્તિ તે, - શ્રુતકીર્તિ ! ભદ્રા - કલ્યાણરૂપા ! તેમના ભાઈ સંતર્દન. કથામાં કીર્તિના શબ્દો સુંદર જ હોય ને ! તેણે બહેન પ્રભુને દીધાં. લગ્નોત્સવ થયો. કૈકયદેશ પાસેનો મદ્રદેશ, તેનાં કન્યા સુલક્ષણ યુક્ત લક્ષ્મણાજી ! શ્રીવત્સરૂપા ! મત્સ્યવેધ કરી ભગવાને તેમને હર્યાં, બલ અને બુદ્ધિથી મળ્યાં. પ્રભુએ અપ્સરા શાં ઉત્કૃષ્ટ-અપકૃષ્ટ વગેરે, નરકાસુરે હરેલી સૌ કન્યાઓને પધરાવ્યાં. વિવાહથી ભાર્યા બનાવ્યાં, મુક્તિ સૌને દીધી, નિરોધ પોતામાં કરાવ્યો. આમ, જ્ઞાન-વૈરાગ્ય-ધર્મ (વીર્ય)-યશઃ અને શ્રીરૂપ પાંચ પટ્ટરાણીઓ સાથેના વિવાહ થયા. ભૌમાસુરે હરેલાં ઐશ્વર્ય રૂપ રાણીઓ સાથે પણ

લગ્ન થયાં. રુક્મિણીજી વગેરે આ પટરાણીઓ અષ્ટૈશ્વર્યરૂપા છે. આ સર્વ રાજરાણીઓને ભગવાન્ કૃષ્ણે સર્વપુરુષાર્થનું દાન કર્યું. પ્રભુ હિતકારક અને ફલદાતા છે ને!

અધ્યાય : ૫૯

ભગવાન કૃષ્ણે ભગવાન્ અને પૃથ્વીના સાયંકાલે થયેલા પુત્ર ભૌમને માર્યો!
સોળ હજાર કન્યાઓનો એક સાથે સ્વીકાર કર્યો!:

સર્વોદ્ધાર માટે તો પ્રકટ પધાર્યા છે, - ભગવાન્ શ્રીકૃષ્ણ! ખૂબ દુરાચારીઓ અને સ્ત્રી, વૈશ્ય, શૂદ્ર પણ કૃષ્ણના અનન્યાશ્રયથી ઉત્તમગતિ પ્રાપ્ત કરી શકે છે! વેદમર્યાદા કરતાં આ વિશિષ્ટ ઘોષણા ગીતામાં ગોવિંદે કરી છે. સ્વતંત્ર કૃપારૂપ તે છે, પુષ્ટિ તેને કહેવાય! ભૌમાસુરે કેદ કરેલી કન્યાઓ પર કૃષ્ણે કરેલી કૃપાની કથા પરીક્ષિતે પૂછી. લૌકિક કે ક્લેશરૂપ લાગતી કથામાં પણ પ્રસાદ અને પરાક્રમ પ્રભુનાં છે! ભૌમ તો ભગવાનનો પુત્ર! પહેલાં ચતુર્મૂર્તિ ભગવાન્ વિરાજે. એક તપ: કરે, બીજા પરિપાલન, ત્રીજા ભોગ અને ચોથા નિદ્રા! હજાર વર્ષે ક્રમશ: તેમની ક્રિયા બદલાતી રહે! એક વખત ભૂમિએ તપ: કર્યું. સન્ધ્યાકાલે જાગેલા પ્રભુએ વરદાનની પ્રેરણા કરી. પૃથ્વીએ પુત્ર માગ્યો. સમય સન્ધ્યાનો! કશ્યપ-અદિતિના દીકરા પણ સન્ધ્યાસમયે અસુર થયેલા ને! આ પણ થયો નરકાસુર! ભૂમિએ તેને પોતાની સંમતિ વગર ન મારવા વરદાન લીધું. ભગવાને નારાયણાસ્ત્ર તેને દીધું. તે હોય ત્યાં સુધી તેનું મૃત્યુ ન થાય. તે અસુર થયો, મહાદેવનો ભક્ત! મેળવ્યું ત્રિશૂલ! પોતે તે રાખ્યું. નારાયણાસ્ત્ર પુત્ર ભગદત્તને દીધું! ભૌમાસુરે દિગ્વિજયમાં ઈન્દ્રને હરાવ્યો, રાજ્યચિહ્ન રૂપ છત્ર હર્યું. પૃથ્વી અદિતિ રૂપ, તેથી તેનાં રૂપખ્યાપક કુંડલ લીધાં, ભૂમિને દીધાં! અદિતિ કશ્યપપત્ની, પૃથ્વી તો પ્રભુનાં, પોતે પ્રભુનો પુત્ર! પરવા કોની? મેરુપર્વત પરનું ઈન્દ્રસ્થાન પણ લીધું. અદિતિપુત્ર તો વામનજી! ભગવદવતાર ખરા, પણ ઈન્દ્ર તો ભાઈ, ભૌમ તો પુત્ર! ભૂમિ પણ ભક્ત! કૃષ્ણ મુખ્યાવતારમાં વિરાજે. સઘળું તેજ: તેમનામાં! વામનજી તેથી કાંઈ ન કરે! ઈન્દ્રે વિનવ્યા કૃષ્ણને! શરણાગત નિરાશ ન થાય ને!

કૃષ્ણ થયા ગરુડારૂઢ,- સાથે લીધાં સત્યભામાજીને! - તે તો ભૂમિના અવતાર રૂપ! પધાર્યા- "प्राग्ज्योतिषपुर"- તેજ: જલ અને અન્નાત્મક-સૃષ્ટિ પહેલાં આ સ્થાન પ્રભુએ પ્રકટ કરેલું! અત્યારે ઓળખાતો કામરૂ(પ)દેશ આ! જ્યાં સ્ત્રીઓની મુખ્યતા! છ તેનાં આવરણ - દુર્ગ, ચારે તરફથી જઈ ન શકાય. (૧) પર્વત - અશ્વ વગેરે ન જઈ શકે. (૨) શસ્ત્ર - તલવાર વગેરેથી રચેલો. (૩) જલ - ખાઈ ભરેલી. (૪) અગ્નિ - સ્ફોટક-તત્ત્વો. (૫) વાયુ - જુદા જુદા હાનિકારક (ઝેરી). (૬) મુર - પંચપર્વા અવિદ્યાની અધિષ્ઠાત્રી દેવતા, અથવા જલ કે જમીનમાંની સુરંગો પણ ખરી. સંરક્ષણનાં આ બધાં સાધનો તેણે ખૂબ વિકસાવેલાં. આધુનિકરીતે, પર્વતસેના, ભૂમિસેના, જલસેના, પ્રક્ષેપાસ્ત્રો, વાયુસેના અને સર્વગુપ્ત (અણુ) શસ્ત્ર વગેરે વાળી સેના પણ તે તે સ્થાનોમાં રક્ષણ માટે હોય જ ને! ભગવાને તો પોતાની ઉત્તમ આક્રમક-શક્તિ બતાવી. (૧) ગદાથી પર્વત તોડ્યા. પર્વતમાં રસ્તા-(બુગદા) કરવાની આ વિદ્યા-સ્ફોટકશક્તિ! પર્વત ઉપર અને પર્વતની અંદર પણ માર્ગ તેનાથી થાય. (૨) બાણોથી તેનાં શસ્ત્ર તોડ્યાં. બાણ દૂરથી લક્ષ્ય પર ફેંકાય. આજનાં ગાઈડેડ મિસાઈલ્સ (સ્વયં-સંચાલિતશસ્ત્રો) જેવી

શક્તિ પણ ખરી ! (૩) સુદર્શનચક્રથી અગ્નિ, જલ, વાયુના સંરક્ષણ તોડ્યાં. તેજસ્તત્વરૂપ આ ચક્ર ! તેની સમાન કોઈ શસ્ત્ર નહિ. સ્વંય સંચાલિત થાય. સંચાલન પણ કરી શકાય. (૪) નન્દક-તલવારથી મુરપાશ છેદ્યા. (સુરંગો વગેરે) ગુપ્તશસ્ત્રોને શોધીને પણ તોડે તેવું સામર્થ્ય તેનું ! સ્ત્રી (સત્યભામાજી) પણ યુદ્ધનિપુણ તેથી સાથે છે ને ! ગરુડ તો સર્વત્ર ગતિશીલ ! સ્વયં-સંચાલિત, અભેદ્ય યુદ્ધ-અવકાશયાન ! આ બધી બુદ્ધિથી સમાધાન માટેની વાતો થઈ ! અનેક લોકો સાથે તે માટે તો જોઈએ. આ શ્રદ્ધાની કથા છે. અહીં તો માત્ર ગરુડારૂઢ પ્રભુ પધાર્યા છે. સત્યભામાજી સાથમાં છે. તેમાં પ્રભુનું પરાક્રમ સમજાય ને !

સાવધ ભગવાને શંખનાદ કર્યો. પંચમુખ મુરદૈત્ય જલમાંથી જાગ્યો. અવિદ્યા-રૂપદૈત્યને યુદ્ધમાં ભગવાન્ ન દેખાય ! મરે પછી મુક્તિ મળે ને ! લીલામાત્રમાં ભગવાને સુદર્શનથી માર્યો. જલમાં તે પડ્યો. "आपो हि रक्षोघ्नीः ।"- શ્રુતિ છે. ભક્તોના પ્રતિબંધ દૂર કર્યા. વ્રજલીલામાં પૂતનારૂપા અવિદ્યા દૂર કરી. અહીં, રાજલીલામાં મુર રૂપ ! લીલારૂપ સંસાર કરવો છે ને ! અહંતા - મમતા રૂપ "હું-મારું"- ભાવવાળો સંસાર જીવને અવિદ્યાથી મળે ને ! તે તો બંધન દે, આ અવિદ્યાને દૂર કરી, પોતાના સંબંધવાળો, લીલાનુભવરૂપ સંસાર ભૌમે કેદ કરેલી કન્યાઓને કૃપાથી દેવાનો ને ! આ કન્યાઓએ તો શરણાગતિ વગેરે પણ ક્યાં કર્યાં છે ? સ્વયં પ્રભુ પધારે છે, સામે ચાલીને ! આ કૃપા જ છે ને ! મર્યાદા પણ કૃપા(પુષ્ટિ) વગેરેની હોય ખરી ? સેનાપતિ પીઠ સાથે આવેલા સમર્થ શત્રુઓનાં શસ્ત્રોને બાણોથી ભગવાને તોડ્યા. મળેલાં અગ્નિનાં બાણ, દુર્ગાની તલવાર, વાયુની ગદા, વરુણની અર્ષ્ટિ, માયાની શક્તિ, શિવનું શૂલ,- સૌમાં સામર્થ્ય તો ભગવાનનું ને ! શક્તિમાનની શક્તિરૂપ પણ ભગવાન્ ! ક્ષણમાં સૌ મરાયા. નરકાસુર આવ્યો. "शतघ्नी"થી - સેંકડોને મારે - બોંબ, તોપ, મશીનગન વગેરે સમજી શકાય ! પ્રહાર હરિ સામે કર્યો. સંહાર ગરુડે તેના હસ્તિસૈન્યનો કર્યો. શૂલ ફેંકે ત્યાં તો સત્યભામાની સંમતિ થઈ ! ચક્ર ચાલ્યું, મસ્તક છેદાયું. ભૌમમાતા ભૂમિએ ભગવત્પૂજન કર્યું. તે ભૂમિની અભિમાની-દેવતા છે. ભગવચ્છક્તિ રૂપ ઈલા તો સત્યભામા છે ! તે આધિદૈવિક છે. પાંચ કારણે પ્રભુ સત્યભામાજીને સાથે લાવ્યા છે, - (૧) શક્તિસહિત પૂર્ણ ગણાય. બલભદ્રજી જતાં અંશ પૃથક્ થયેલો છે. (૨) મહિમાદર્શન. (૩) નરકવધસંમતિ. (૪) સપત્નીઓ આવે તે સહન થાય. (૫) પારિજાત- હરણ. ભગવાન્ માટે તો નરકાસુરે સર્વસમૃદ્ધિ વસાવી છે ને ! તેથી કેદમાંની કુમારિકાઓનો પણ સ્વીકાર થઈ શકે ! ભૂમિએ સ્તુતિ કરી. ભગવાન્ સર્વ રૂપે વિરાજે છે, લીલા કરે છે. ભગદત્તને ન મારવા વિનવ્યા, ભગવાને તેને તેના હક્કનું રાજ્ય દીધું, અધિકાર છતાં પોતે ન લીધું ! કંસને મારી ઉગ્રસેનને દીધું હતું અને જરાસંધને મારીને તેના પુત્ર સહદેવને દેવાના ને ! અભય દઈને ભગવાન્ ભૌમ-ભવનમાં પધાર્યા. ભગવાન્ સર્વનો સ્વીકાર કરે, તો ભૌમે કરેલો દોષ દૂર થાય ને !

સોળ હજાર કન્યાઓ નરકાસુરે કેદમાં પૂરેલી. "षट्सहस्राधिकायुतम् ।"- સોળ કલાઓ હજારો રૂપે વિહરે, તેમનાં તે અધિષ્ઠાત્રી દેવતારૂપ ! તેમના સ્વભાવ દ્વિધા છે, તેથી બે સંખ્યા કહી. છ હજાર ઉત્તમ અપ્સરા રૂપ છે ! કૃષ્ણાવતાર વખતે બ્રહ્માની આજ્ઞાથી સેવા માટે આવેલાં. દશ હજાર અન્ય કન્યાઓ ! પહેલાં અષ્ટાવક્રમુનિની સ્તુતિ કરેલી, પણ પછી મશ્કરી કરેલી. આ ચપલ સ્વભાવ,

ચપલા ખરાંને ! આદર અને અપમાન બંને કર્યાં, તેથી આદિમાં (લગ્ન પહેલાં) અને અંતે (યાદવ-કુલોપસંહારમાં) ઋષિના કોપથી ક્લેશ થયો; મનાવી લેતાં, પ્રસન્નતાથી પ્રભુને વરવાની બુદ્ધિ થઈ ! સૌએ કૃપાપ્રાપ્ત સુંદર-વરને જોયા, "મારો આ પતિ થાય. વિધાતા અનુમોદન આપો !" - કહેતાં હૃદય દઈ ચૂક્યાં. ભગવાને કન્યારત્ન, રત્ન, ઐરાવતકુલના કલારૂપ ૬૪ હાથી, "ચ" કારથી-ઉચ્ચૈઃશ્રવાના વંશના ઘોડા, રથ વગેરે દ્વારકા મોકલ્યા ! મહાદેવજીની કૃપાથી ભૌમને મળેલી આ સંપત્તિ ! "भोगाः शिवतस्तथा ।"- મહાદેવજી ભોગ દે ને ! ભગવાન્ કેશવ તે પધરાવે તો મહાદેવજીને પણ સેવાનો સંતોષ મળે ને ! ભગવાન્ સુરેન્દ્રભવને પધાર્યા ! અદિતિનું ભોગ-રૂપ ત્યાં વિરાજે. તેને તેનાં કુંડલ દીધાં. ક્રિયારૂપા અદિતિ અંશથી દેવકીજી રૂપ છે. ઈન્દ્રને છત્રાદિ દીધાં. જરા-મૃત્યુ-રહિત દેવોએ પણ સ્વામી રૂપે કૃષ્ણનું પૂજન કર્યું, સાથે સત્યભામાજીનું પણ ખરું ! તે પ્રભુપ્રિયા છે ને ! સ્વર્ગમાં ઈન્દ્રાસનનાં પત્ની શચી સાથે સત્યભામાજી વાતો કરે, શચીએ પ્રભુપત્નીને માનવ ગણ્યાં ! માન ઓછું ગણ્યું ! તેનું અભિમાન ઉતારવા, સત્યભામાએ ભગવાનને પ્રેર્યા. પ્રભુ સૌને પ્રેરે; પ્રભુને પ્રિયજન પ્રેરે ! સાચા ક્રોધવાળા - સત્યભામા ! ઈન્દ્ર - અજ્ઞાની ! સત્તા, સંપત્તિ અને સ્ત્રીમાં રત હોય તે તો ભગવાનની પણ અવજ્ઞા કરે ! અટકાવવા આવ્યો ઈન્દ્ર ! ક્ષણમાં દેવોને હરાવી સ્વર્ગની શોભા શા પારિજાતને હરી, શ્રીહરિ દ્વારકામાં પધાર્યા ! તેના સુગંધથી ભ્રમર ભમતા પાછળ આવ્યા ! ભગવાનનાં દર્શન-સેવા- યશોગાન તો પૃથ્વી પર મળે ને ! દેવો દુનિયામાં દિવ્ય ગણાય; પણ પ્રભુનો વિરોધ કર્યો ! શ્રીશુક બોલ્યા, - "अहो सुराणां च तमोऽधिगाढचताम् ।"- "અહો ! દેવોને પણ અજ્ઞાન ! ધિક્કાર સુરોની સમ્પન્નતાને !" સત્કુલજન્મ, સંપત્તિ, સત્તા, સૌંદર્ય, સફલતા, સદ્વિધા, સામર્થ્ય, સંમાન વગેરે સર્વસંપન્ન હોવા છતાં સાનુકૂલ શ્રીહરિને ન રહે તો સઘળી તે સંપન્નતા ધિક્કાર રૂપ છે ! સેવાફલ ન થાય. સર્વસંપન્નને માટે સંમુખ કે શરણે રહેવું સહેલું નથી !

સ્ત્રીઓના ઉદ્ધારક ઉદાર કૃષ્ણ ! લોક-વેદમાં જેમનું સ્થાન નહિ, તેમને લોકવેદ-પ્રસિદ્ધ પુરુષોત્તમ પુષ્ટિથી પ્રાપ્ત થયા ! : રાજરાણીઓનું બાર પ્રકારનું દાસ્ય ! :

अथो मुहूर्त एकस्मिन् नानागारेषु ताः स्त्रियः ।
यथोपयेमे भगवांस्तावद् रूपधरोऽव्ययः ॥ (४२)

ભગવાને એક જ મુહૂર્તે, સોળ હજાર રૂપ ધરી, દ્વારકા મોકલેલાં સર્વકન્યાઓને વિવાહથી સ્વીકાર્યાં, કૃતાર્થ કર્યાં ! "गृहेषु तासामनपाय्यतर्क्यकृन्निरस्तसाम्यातिशयेष्ववस्थितः ।"- આ રાજ-રાણીઓના ભવનમાં ભગવાન્ નિત્ય વિરાજે છે ! પ્રજાતંતુ રૂપ કામ માટે નહિ, નિત્યલીલા - વિહારાત્મક-કામ માટે ભગવાને તેમનો અંગીકાર કર્યો છે ! વિવાહક્ષણથી સ્થિતિ સુધી ભગવાને નિરંતર વિહારસુખ દીધાં છે. અતર્ક્ય કાર્ય કરનાર છે ને કૃષ્ણ તો ! જે રૂપે પત્નીઓ સાથે વિરાજે છે, તે રૂપે અન્યત્ર અન્યકાર્ય માટે પધારતા નથી ! શાલ્વપ્રસંગે આ રીતે તો દ્વારકામાં જ હોવા છતાં, પ્રભુ યુદ્ધમાં નથી પધાર્યા ! રાજરાણીઓના વિપુલ-વૈભવની સમાનતા તો સ્વર્ગાદિમાં પણ નથી, તો અધિકતા તો ન જ હોય ને ! તે સૌ રાજરાણીજીમાં લક્ષ્મીજીનાં સ્વરૂપ વિરાજે છે ! શ્રૌત-સ્માર્ત-ધર્મો પણ પ્રભુ કરે છે ! નિત્યનૂતન લીલાવિહારો સૌ માણે છે, બ્રહ્માદિ-દેવોને દુર્લભ છે - ભગવન્માર્ગ !-

સેવા તો દૂર રહી ! આ સ્ત્રીઓ તો ભગવદભિપ્રાય જાણીને હર્ષથી સેવા કરે છે ! વ્રજવિહારોમાં ૧૨ પ્રકારનું રસાત્મકદાસ્ય છે. રાજલીલામાં રાજરાણીઓ પણ ૧૨ પ્રકારે દાસ્ય છે, - (૧) પ્રભુ પધારે ત્યારે, સામે ઊભાં થઈને - જઈને સ્વાગત. (૨) આસન. (૩) ઈપ્સિતપૂજન - આજ્ઞાપાલન. (૪) પાદ-પ્રક્ષાલન. (૫) તામ્બૂલદાન (૬) પાદસંવાહન. (૭) વ્યજન (પંખો કરવો). (૮) ગંધ - પુષ્પમાલાદાન. (૯) માલાગુંફનાદિ માટે કેશપ્રસારણ. (૧૦) શયન. (૧૧) સ્નાન. (૧૨) ભક્ષ્યભોજ્યાદિ દાન. - "दासीशता अपि विभोर्विदधुः स्म दास्यम् ।"- સેંકડો દાસીઓ સૌને ત્યાં હોવા છતાં, આ સર્વ સેવા તો પોતે જ કરે છે. પતિસેવા કે પ્રભુસેવા અન્ય પાસે દ્રવ્યાદિ દઈને કરાવાય નહિ, પોતે જ થાય; તો અહંકાર જાય, અંગીકાર થાય ! દ્રવ્ય દઈને કરાવેલી સેવાથી કે દ્રવ્ય લઈને કરેલી સેવાથી પ્રભુ પ્રસન્ન ન થાય, સેવાફલ ન થાય.

સ્ત્રીઓના વિશેષતઃ ઉદ્ધારક છે-, ભગવાન્ કૃષ્ણ ! કોઈએ લાલસાથી - પરાણે કેદ પૂરેલાં કન્યાઓનો સમાજમાં સ્વીકાર કોણ કરે ! સંકોચ થાય ને ! આજના સંદર્ભમાં તો, સ્ત્રીસંસ્થાઓ જે સામાજિક સેવા માટે મથે છે, તે સર્વોદ્ધારક કૃષ્ણે તો સ્વચારથી સમજાવી દીધી ! આ કન્યાઓને દાસી નથી બનાવી, રાણી બનાવ્યાં છે ! સમાજમાં અવજ્ઞાપાત્ર ગણાય તેવાં સ્ત્રીઓને માન-સ્થાન આપ્યું, અપનાવ્યાં ! શાસ્ત્રનું યથાર્થ આચરણ બતાવ્યું. "सर्वान् बलकृतानर्थानकृतान् मनुरब्रवीत् ।"- બલથી થયું, તે થયું ન ગણાય; - તેમ મનુ કહે છે. પરાણે પુરાયેલાં પરાધીન સ્ત્રી છે, નિર્દોષ છે. આ સમાજક્રાન્તિ નાનકડી નથી. તે કૃપા છે, પુષ્ટિ છે. સર્વોદ્ધાર માટે તો કૃપાપૂર્ણ કૃષ્ણ પ્રકટ થયા છે ! સ્નેહથી કૃષ્ણને શરણે જાય, તે સર્વોત્તમ થાય. ભોગના વિષય ખૂબ હોય અને ઈન્દ્રિયો સમર્થ હોય, ત્યારે જ્ઞાન અને કર્મથી મળતાં ફલમાં સુખ થાય છે, - આ સમજાવવા ભગવાને નરકને માર્યો ! "नराणां कं सुखं"- નરનું સુખ તે નરક ! પ્રાકૃત લોકસુખ તો અંતે દુઃખરૂપ છે. તેને દૂર કરી, દેવ (ઈન્દ્ર)નો પરાજય કરી, લોક અને વેદનું સમર્થન કરતાં, કાલના દોષ દૂર કરતાં, મનની વૃત્તિ રૂપે સોળ હજાર કન્યાઓ સાથે લગ્ન કર્યાં ! અવિદ્યાના કાર્ય રૂપ મુર અને પ્રાકૃત-ઈન્દ્રિય જેવા સેનાપતિ પીઠ અને તેના પુત્રો સાથે મળીને નરક (નરનાં સુખ)ના રક્ષક હતા. અવિદ્યાના કાર્યરૂપ અહંતા- મમતાથી રક્ષાયેલ, ઈન્દ્રિયોથી પુષ્ટ થયેલ, ભૂમિમાં પ્રકટ થયેલ, ભગવદાજ્ઞાથી વિરુદ્ધ કર્મવાળું, લૌકિક, નરનું સુખ દેવાધીન છે ! નારાયણાસ્ત્ર હોય ત્યાં સુધી નરકાસુર મરાય તેમ ન હતો ને ! વૈરાગ્ય અને ભક્તિવાળાને ભગવાન્ પોતે આ-લોક-પરલોકનું ફલ આપે છે. યાદવોને સર્વફલ દેવા ભગવાને આ લીલા કરી !

અધ્યાય : ૬૦

રુક્મિણી - પરિહાસ - પ્રસંગ ! : પ્રણય - પ્રકોપ - લાભ ! ભગવાનનું વાચનિક - તિરોધાન ! : વ્રજલીલા રસ માટે છે અને રાજલીલા ધર્મ માટે છે ! :

ભગવદીયોનું મન પ્રાયઃ ભોગોમાં આસક્ત ન થાય ! લૌકિકભોગ તો સમજીને છોડવો. ભગવાનનાં રાજરાણીઓને ભોગ મુખ્ય નથી, સેવા મુખ્ય છે ! લીલાવિલાસો તો પ્રભુના પ્રસાદ રૂપે પ્રાપ્ત થયા છે, તેવો ભોગ બાધક નથી ! પ્રાણને લીધે જેમ શરીરની સ્થિતિ છે, તેમ ભક્તોને સેવા તો જીવન ટકાવનારી છે ! સેવા છૂટવાના વિચાર માત્રે, - વ્યાકુલતાથી શરીર છૂટે,- તેવી તીવ્રવેદના

થાય ! પ્રભુ પણ સેવકોની ક્યારેક પરીક્ષા કરે છે, જેથી વિપુલવૈભવોની વચમાં વસવા છતાં, ભોગ ભોગવવા છતાં, ભક્તો વૈભવ કે ભોગમાં નહિ, પણ પ્રભુમાં આસક્ત છે, - તેમ સ્પષ્ટ સમજાય ! ક્યારેક કૃષ્ણ સુધર્મા - સભામાંથી રાત્રે રુક્મિણીજીના ભવને પધાર્યા. રુક્મિણીજીએ આદરથી સેવા-સૌભાગ્યને વધાવ્યું. સુંદરશય્યામાં પ્રભુને પધરાવ્યા. અદ્ભુત સર્વકામકલાપૂર્ણ તે ભવન હતું. રુક્મિણીજીના પિતાએ, પાછળથી કરિયાવર રૂપે, ખૂબ સમૃદ્ધિ મોકલેલી, તે જોતાં જ પુત્રીને પિતૃગૃહ યાદ આવે ! પતિના ઘરમાં પતિના ગૌરવથી જીવાય, તો સુખ મળે, પિતાના ગૌરવની વાતો, વિચારો અને વર્તન તો વ્યર્થ વેદના વધારે ! ચતુર રુક્મિણીજી સખીના હાથમાંથી પંખો લઈને સેવા કરે ! ચમરીના વાળ અને રત્નજડિત કલામય પંખો ! નમ્રભાવે સેવા મહારાણીજી કરે છે, પણ સ્વભાવવશપણે પિતાની યાદ છે ! ભગવાન્ ભવ્ય - દિવ્ય - ભવનના પર્યંકમાં પોઢેલા. સ્વર્ગમાંથી લાવેલા પારિજાતના છોડ વાવેલા, તે વૃક્ષોનું તો વન ચારે તરફ હતું. ધૂપ પણ હતો, સુગંધ સુંદર હતો. મણિના દીપક, મોતીનાં તોરણ ! દૂધના ફીણ જેવી શૈયા ! હાથીદાંતમાં રત્ન જડેલો પલંગ ! - ચતુર - શિરોમણિ ભગવાન્ તો જગદ્‌ગુરુ છે ! ગુરુ તો ભ્રમ દૂર કરીને, યથાર્થજ્ઞાન દઈને, કલ્યાણ કરે ને ! આ તો સ્વતંત્રરીતે વિશ્વનાં ઉત્પત્તિ-સ્થિતિ-લય કરનારા ! તે તો હર્ષનાં પણ ઉત્પત્તિ, સ્થિતિ અને લય પણ કરે ને ! સાધન તેમાં કાંઈ જ ન જોઈએ. લીલા-માત્રથી સર્વ કાંઈ કરે ! વ્રજલીલા રસ માટે છે, રાજલીલા તો ધર્મ માટે પણ છે ને !

કોમલ કલાનિધાન કૃષ્ણ બોલ્યા, - "રાજપુત્રિ ! અનેક સંપન્ન ભૂપાલ આપને વરવા ઈચ્છતા હતા ! લોકપાલની સમૃદ્ધિ તેમને સુલભ ! તમારો ભાઈ પણ તેવાને વરાવવા ઈચ્છતો હતો. તે રાજાઓ આપની સમાન ગણાય ! અમે કે અમારા સેવકો રાજાઓની સમાન નથી ! આપ અમને કેમ વર્યાં ?! અમે તો રાજાઓથી ડરીને સમુદ્રને શરણે રહેનારા ! ભયભીત કે પરતંત્ર પાસે સુખ શું ? સમર્થો તો અમારો દ્વેષ કરે, રાજ્યાસનનો અમે પ્રાયઃ ત્યાગ કરેલો ! દ્વેષથી ક્લેશ પોષાય, શાંતિ શોષાય. આવો વિવાહ યોગ્ય ન ગણાય ને ! અમારો માર્ગ લોકમાં સ્પષ્ટ નથી, કોઈ યથાર્થરીતે જાણે તો અનુસરે ને ! લોકથી પર રહીને જીવનારનો આશ્રય કરે, તેમને તો સહન કરવું પડે ! નિષ્કિંચન અમે ! નિત્ય નિષ્કિંચન જનપ્રિય ! પ્રાયઃ સંપન્નો અમને ભજે નહિ ! વિવાહ-મૈત્રી તો સંપત્તિ, કુલ, વય, ઐશ્વર્ય વગેરેમાં સમાન હોય તેમનાં શોભે ! ઉતાવળ કરી આપે ! વૈદર્ભિ ! વર્યાં અમને ! ગુણરહિત છીએ અમે ! ભિક્ષુઓ તો વ્યર્થ વખાણે છે અમને ! આપ અનુરૂપને વરી શકો છો ! અપેક્ષાઓ પૂરી થાય ને ! હું તો દુષ્ટોનો દર્પ હરવા, આપને હરી લાવ્યો ! અમે તો નિરપેક્ષ - ઉદાસીન છીએ, સ્ત્રીકામુક નથી ! આત્મલાભ-પૂર્ણ છીએ. દેહ-ગેહમાં જ્યોતિ જેવા ક્રિયારહિત છીએ !"

ભગવાન્ મૌન થયા. આ થયું વાચનિક-તિરોધાન ! આનંદરૂપ પ્રભુની આ વાણીમાં, આનંદનો અનુભવ ભક્ત રુક્મિણીજીને ન થાય ને ! શ્રીગોપીજનને પણ સર્વરીતે તિરોધાનનો અનુભવ રાસ વગેરેમાં દીધો છે. મદ-માનનાં પ્રશમન અને પ્રસાદ કર્યાં છે. ત્યાં પુષ્ટિ છે, કાયિક-વિયોગ પણ દીધો છે. અહીં, વાચિક દે છે, મર્યાદા-રાજ-લીલા છે ને ? છેલ્લા અધ્યાયમાં મનનું પણ તિરોધાન છે ! પ્રભુવિયોગથી દુઃખ થાય, તે સામાન્યાધિકાર; ખૂબ જ દુઃખ થાય, તે મધ્યમાધિકાર; અત્યંત અસહ્ય દુઃખ થાય, તે ઉત્તમાધિકાર છે ! રાણીજીનો પ્રિયતાનો દર્પ પોતાના પત્રમાં બતાવેલી તુલ્યતા, પિતાના

ગૌરવનું ભાન, વગેરે દૂર કરી. હિત કરતી આ રીત છે લીલાની ! "अत्यन्तं कोमला भक्ता न कृष्णरसभोजने । समर्था इति दाढ्र्याय तिरोधानं करोति हि ॥"- કૃષ્ણભક્તો તો અત્યંત કોમલ ! કૃષ્ણ-રસભોગમાં તે સમર્થ નહિ, તેથી તેમને દઢતા (સામર્થ્ય) દેવા ભગવાન્ તિરોધાન કરે છે ! દોષ દૂર કરીને પ્રભુ ભક્તોને ફલભોગનું સામર્થ્ય અને ફલ આપે છે. વાક્ય વિભુનાં સાંભળ્યાં, ભય લાગ્યો રાજરાણીને ! - "પ્રભુ પરિત્યાગ કરશે તો ? ! પ્રિય પ્રભુ પરિત્યાગ કરે તો ભક્તનું જીવન કોના માટે ? અત્યંત શોક થયો ! અશ્રુ સરી રહ્યાં ! રામાવતારને સ્મરતાં, જાણે સીતા-સ્વરૂપા પોતાને સમાવી દેવા પૃથ્વીને પત્ર લખતાં હોય તેમ પગથી જમીન ખોતરવા લાગ્યાં ! - "पदा भुवं लिखन्ती-।"- દુ:ખ- ભય-શોકના આઘાતથી મૂર્ચ્છિત થયાં ! પડ્યાં ! - પોતાનાંને પ્રભુ પડવા ન દે, શીઘ્ર ઊઠ્યા, ચતુર્ભુજ થયા ! - "चतुर्भुजः"- દ્વારકાલીલામાં આવશ્યક હોય ત્યારે, ભગવાન્ ચતુર્ભુજ રૂપ પ્રકટ કરે છે ! અહીં, સાન્ત્વન સુધી ચતુર્ભુજ રહ્યા છે. વ્રજલીલામાં તો દ્વિભુજ રૂપે વિહરે છે ! બે હાથે પ્રિયાને પકડ્યાં. પર્યંકમાં પોઢાવ્યાં, કેશબંધન સંભાળ્યું. દક્ષિણ કરકમલથી મુખમાર્જન કરી રહ્યા ! અમૃતસ્રવતા કરકમલથી શીતલતા-સુખ થાય ને ! સેવાનો લાભ શ્રીહરિ લઈ રહ્યા છે ! ગૃહસ્થાશ્રમ છે ! શ્રમ લે ને ! કાયિક-સાન્ત્વન કૃષ્ણ કરે છે ! પોતે તો ઉપહાસ કરી રહ્યા હતા ! ઉપહાસમાં તો હાસ્યરસ હોય ને ! પૂર્વપક્ષ-સિદ્ધાન્તન્યાયે તેમાં પદાર્થનિરૂપણ પ્રૌઢી કહેવાય. પ્રભુએ પૂર્વપક્ષ કર્યો છે. રુક્મિણીજી લૌકિકભાવવાળાં નથી, સિદ્ધાન્ત તેમને કહેવો જોઈએ. મુગ્ધભાવે બાલકનું અભિમાન કાંઈ દોષ ગણાય ? પરમકારુણિક કૃષ્ણે કરુણા કરી ! "अनन्यविषयां सतीं"- રુક્મિણીજી સતી છે, નિર્દોષ છે, પતિવ્રતા છે. કૃષ્ણ વિના કોઈનો કોઈ રીતે અભિલાષ નથી, તે અનન્યતા છે ! કૃષ્ણ વિના અન્ય વિષય નથી. અનન્યતા જ આત્મીય બનાવે, પ્રભુને પ્રસન્ન કરે ! ગીતામાં ભગવાને પોતે અનન્યતાની અનિવાર્ય આવશ્યકતા બતાવી છે. "अनन्याश्चिन्तयन्तो मां", "भक्त्या त्वनन्यया शक्य ।"થી ચિંતન અને ભક્તિમાં પણ અનન્યતા જોઈએ, અન્યાશ્રય ન થાય; તો સફલતા મળે. "मामेव ये प्रपद्यन्ते...।" "मामेकं शरणं व्रज ॥"- માં "एव" અને "एकं" પણ અનન્યતાસૂચક છે. કેવલ કૃષ્ણને જ શરણે જવાથી માયા તરી શકાય, બીજી રીતે નહિ ! "અનન્યતા" - એ કોઈએ બુદ્ધિથી ઉપજાવી કાઢેલી વાત નથી, પ્રભુએ પોતે પોતાના પ્રિય મિત્ર અર્જુનને સ્પષ્ટ કહેલી, પ્રભુને પોતાને પ્રિય લાગતાં, જીવના હિતની સાદી સીધી વાત છે. કૃષ્ણના અનન્ય બને તે કૃતાર્થ બને !

ભગવાન્ કૃષ્ણે પત્નીને વાણીથી પણ સાન્ત્વન દીધું, - "વૈદર્ભિ આ તો "क्ष्वेली"- પરિહાસ છે." શબ્દની ત્રણ વૃત્તિ,-મુખ્યા, ગૌણી અને તાત્પર્યવૃત્તિ ! લક્ષણા-ગૌણી એક છે, કે તાત્પર્યમાં તેનો અન્તર્ભાવ છે. મુખ્યાર્થબાધ દર્પનિવારણ વિચારે છે, પરિહાસ-પક્ષમાં તો તુલ્ય છે. પ્રાસંગિક ગૌણ-મુખ્યાર્થબાધ પરિહાસ રૂપ બને ! તાત્પર્ય તો દર્પનિવારણમાં છે, તેથી બંને વિરુદ્ધ નથી ! "स्त्रीषु नर्मविवाहे...।"- થી સ્ત્રી-હાસ્ય-વગેરે પ્રસંગે મુખ્યાર્થરહિત શબ્દપ્રયોગ દોષરૂપ નથી, નહિ તો તાત્પર્યની વ્યર્થતા થાય ! પ્રભુને પણ પરોક્ષ પ્રિય છે ને ! ભગવાને તો પૂર્વપક્ષન્યાયે લૌકિકતા અને બહિર્મુખતાનો રુક્મિણીજીમાં આરોપ કરીને કહ્યું છે ! દર્પનિવારણ તેનું મુખ્યફલ અને પરિહાસ, પ્રભુપરાયણતાનું જ્ઞાન વગેરે પ્રાસંગિક છે. લગ્ન વગેરે પ્રસંગે પરિહાસ રૂપે પણ અયોગ્ય લાગતા શબ્દો-ગાળો-ફટાણાં ગવાય છે ને ! પ્રિયના પ્રણયપ્રકોપનો લાભ પણ લેવા, પ્રભુએ આ લીલા કરી

છે. દામ્પત્યમાં સંસારીઓને આ લાભ પણ માણવા મળે છે ને ! મીઠાઈ જેવો મધુરરસ રોજ માણે, તેમાં સાથે ક્યારેક ફરસાણ-શાક વગેરે જેવા સપ્રમાણ તીખા વગેરે રસો પણ હોય તો રુચિ વધે, તેથી લોકોને જીવનમાં કડવા-મીઠા-વિવિધ અનુભવોથી આસક્તિ જ વધે છે. મધુર-રસરોટલી સાથે કડવાં કારેલાં પણ સમજીને લાવે છે ને !

રુક્મિણીજીનો સાદર પ્રત્યુત્તર ! :

રુક્મિણીજીને, પ્રભુ ત્યાગ નહિ કરે, - તેમ લાગ્યું, ભય ગયો, પરિહાસ સમજ્યાં, ગર્વનિવારણ ન સમજાયું, ઉત્તર આદરથી આપ્યો. પ્રભુએ કહેલી વાતોને સ્તુતિ - વ્યાખ્યાન રૂપે જ કહી, - "ક્યાં સ્વમહિમામાં મગ્ન ભગવાન્ ? ત્રણે ગુણ અને તેના કાર્યના પણ સ્વામી, ગુણાતીત ! અને ક્યાં પોતે ગુણયુક્ત પ્રકૃતિ ! ભગવાન્ સર્વસમાન,- "समो मशकेन समो नागेन ।"- શ્રુતિ છે. મચ્છર, હાથી સૌની સમાન ભગવાન્, પણ ભગવાનની સમાન તો કોઈ જ નહિ ! "न तत्समः....।"- અધિક તો સંભવે જ ક્યાંથી ? ! ભગવાન્ તો વિભૂમા ! ભૂમા પણ તેમાંથી પ્રકટે ! ભગવાન્ સર્વવ્યાપક, પ્રકૃતિ તેવી નહિ. પોતાની અને પ્રભુની સમાનતા ક્યાંથી ? "अज्ञगृहीतपादा ।"- સંસારી અજ્ઞલોકો લક્ષ્મી-માયાનાં ચરણ સેવે ! જે રીતે પૈસા મળે, સ્વાર્થ સધાય, તે માર્ગે આથડે, કપટરત રહે. લક્ષ્મીના દાસ તો અનેક, કૃષ્ણના દાસ તો કોઈક ! તેવા વિજ્ઞ તો પૈસા માટે નહિ, પ્રભુ માટે પ્રયત્ન કરે ! અનેક માખી, એક ગરુડની તુલનામાં કઈ રીતે આવે ? સેવકો પણ બંનેના સમાન નથી ! રાજાઓ રાજસધર્મ-વાળા ! તેમને આત્મસુખ ક્યાંથી મળે ! આપ તો તેવા ગુણોથી જાણે ડરતા હો તેમ, ગુણો ન પ્રવેશે તેમ; સ્વાનન્દાનુભવરૂપ સમુદ્રમાં વિરાજો છો ! બહિર્મુખ, વિષયી, ઈન્દ્રિયસમૂહનો આપને ભક્તોના ભાવહૃદયસાગરમાં વિરાજતાં સ્પર્શ પણ ન થાય ને ?

આપના સેવકો તો આપને પ્રસન્ન કરવા, પ્રાપ્ત કરવા, રાજ્યાસનને અધમ સમજીને છોડે છે ! સંપત્તિ અને સત્તામાં સુખ-શાંતિ નથી, શરણાગતિમાં છે ! વૈભવ-વિલાસમાં તો વિકાર છે,- વિનાશ છે; સંયમ અને સેવામાં પ્રભુનો પ્રકાશ છે ! ભગવાનની ચરણરજઃને પ્રાપ્ત કરવા ઈચ્છનારા લોકોનો માર્ગ પણ સ્પષ્ટ નથી ! પ્રકટ માર્ગ હોય તો પ્રતિબંધ વધે ને ! તે પ્રસિદ્ધિથી પ્રકટ થયા. પ્રભુપ્રીતિ માટે કર્મ પણ પ્રસિદ્ધિ ઈચ્છતા નથી, તો ચરણ-સેવનારા જ્ઞાનીઓ તો પ્રસિદ્ધિ ઈચ્છે જ ક્યાંથી ? તો ચરણકમલ સેવનારા ભક્તો તો પ્રસિદ્ધિની પરવા પણ કેમ કરે ? તેમાંય ભક્તિરસને જાણનારા- માણનારા, ચરણકમલ-મકરંદના સેવનમાં રત અનન્યભક્તો તો પ્રસિદ્ધિનો વિચાર પણ ક્યાંથી કરે ? પરિણામે તેવો ભક્તિમાર્ગ તો સંસારીઓ જાણે જ ક્યાંથી ? તેથી ભગવન્માર્ગની અસ્પષ્ટતા દૂષણ નથી-ભૂષણ છે ! જેવો જેનો અધિકાર ! અધિકાર હોય તેને તે ઉપકારક (ગુણરૂપ) બને. સર્વોત્તમ માર્ગ પણ સૌ જાણે તો સાધારણ બની જાય ને ! વિશિષ્ટભક્તો જ તે જાણે છે ! "नृपशुभिर्ननु दुर्विभाव्यम् ।"- સંસારરત લોકોમાં આકાર નરનો, પણ વિકાર-પ્રકાર તો વાનરનો ને !- અસ્થિરતા અને વિષયભોગ ભરેલાં છે ! શીંગડાં, પુચ્છ વગરનાં તે પશુ ! સર્વત્ર આથડે, પોષણ-રક્ષણ અને ભક્ષણ માટે ! આહાર-નિદ્રા-ભય, અને ઈન્દ્રિયસુખમાં વખત વેડફાય તે પશુજીવન છે. તેમ જીવનારા ભગવાનને જાણે પણ ક્યાંથી ?

ભગવાન્ નિષ્કિંચન છે. "यस्य किञ्चन नास्ति किन्तु सर्वमेव ।"- કાંઈક નહિ, પણ સર્વ કાંઈ

ભગવાનનું જ છે! દેવો પણ ભગવાનને ભજે છે. ભગવાન્ સર્વપુરુષાર્થ અને ફલરૂપ પણ છે. ફલાકાંક્ષા વગરના સત્પુરુષો પ્રભુના પ્રભાવનું ગાન કરે છે. ભગવાનને આત્મદ સમજીને આજે અને લક્ષ્મીરૂપે પણ, રુક્મિણીજી વર્યા છે. પ્રભુના ભ્રૂભંગ માત્રથી કાલવેગ નષ્ટ થઈ જાય, તો બીજાનો હિસાબ શો? સૌને હરાવી, રુક્મિણીજીનું હરણ કરનાર, ભયથી સાગરને શરણે જાય, તો વાણીની જડતા છે! જેની પ્રાપ્તિની ઈચ્છા-માત્રથી, સમર્થ સમ્રાટો સામ્રાજ્ય છોડીને વનમાં વિદાય થયા, તે અહીં પાછા આવીને પીડાયા છે શું? ભગવાનના ચરણકમલનો ગંધ માણ્યા પછી, તેની અવજ્ઞા કરીને અન્યનો આશ્રય કોણ કરે? સંસારમાં ભટકતાં મને આપનાં ચરણનું શરણ જ મળો! બ્રહ્મા-શંકરની સભામાં પણ ગવાતી કૃષ્ણકથા જેના અંતરમાં ન ઉતરી હોય, તેને પ્રાણી શા પતિમાં ભલે પ્રીતિ થાય! "**खरगोश्वबिडाल-भृत्याः।**"- પ્રાણી જેવા કહ્યાગરા કંથ ચાર, - (૧) ગર્દભરૂપ - પત્નીનું કાર્ય કરવા ખડે પગે તૈયાર. (૨) બળદરૂપ - પત્ની માટે બધો ભાર વહન કરે - સર્વસ્વ દે. (૩) શ્વાનરૂપ- રાત-દિવસ પત્નીની સુખ-ચિંતામાં રત, મર્યાદા મૂકીને મહાલે. (૪) બિલાડા જેવા - પત્નીની પ્રસન્નતા મેળવવા મથ્યા કરે, સ્ત્રીની કૃપાથી જે કાંઈ મળે તેમાં સંતોષ માનનારા! શરણાગતિપૂર્વક ભક્તિરસ જેણે માણ્યો નથી, તેને હાડપિંજર-જીવતાં શબમાં પતિબુદ્ધિ થાય! પતિવ્રતાઓ તો ભગવદ્બુદ્ધિથી પતિને ભજે છે. આપનો ચરણાનુરાગ મને મળો! ભગવાન્ કૃપાકટાક્ષ કરે, તે જ મારી કૃતાર્થતા! પ્રભુનાં વચન અસત્ય ન હોય, પરીક્ષા કરવી જોઈએ. અયોગ્યને આધાર ન દેવાય. અયોગ્યનો આધાર ન લેવાય, પતન થાય!"

સહનશીલતા તો સાચું વશીકરણ છે! મનથી બગડે, મોંથી બબડે, તે સાચી સહનશીલતા નથી!

ભગવાને રુક્મિણીજીની અનન્યતા જોઈ. દીનતા દેખાઈ. ગર્વ ગળી ગયો જાણ્યો! અભિનંદનથી ખૂબ આનંદ દીધો, સમજ દીધી! કૃષ્ણ-સંબંધી બધી કામના, નિષ્કામતા કરતાં પણ ઉત્તમ છે! અનન્ય બને તેને દુર્લભ કાંઈ ન રહે. પતિપ્રેમ અને પાતિવ્રત્ય બંને રુક્મિણીજીને ફળ્યાં! પ્રભુ પ્રાપ્ત કરીને સામાન્યસુખ-સંપત્તિ ઈચ્છે તો તે મંદભાગ્ય છે! "ગૃહેશ્વરી" - કહીને પ્રભુએ માન દીધું. સાનુકૂલ બનીને ઘર વ્યવસ્થિત રાખે, તેને સેવા સમજે, તો સ્ત્રીને મુક્તિ સુલભ બને! "**न त्वादृशीं प्रणयिनीं गृहिणीं गृहेषु पश्यामि...।**"- તમારા જેવા ગૃહિણી અને પ્રણયિનીને કોઈ ઘરમાં હું જોતો નથી!" મહામાન પ્રભુએ દીધું! ગૃહિણી અને પ્રણયિની સુમેળ સુદુર્લભ! સ્ત્રી ગૃહિણી બને ત્યારે લૌકિક- ધર્મરત બને. પ્રણયિની હોય પરમ પ્રેમરૂપ! "લગ્ન પ્રસંગે તમે દૂત મોકલ્યો, અમે ભાઈને વિરૂપ કર્યો, છતાં કાંઈ બોલ્યાં નહિ; તેથી અમે જિતાયા!" - "**नैवाब्रवीः किमपि तेन वयं जितास्ते।**"- વશીકરણનો સહેલો ઉપાય બતાવી દીધો, -પ્રતિકૂલતામાં સહનશીલતા! મધુર મૌન! રોષપૂર્વકનું મૌન તો દોષરૂપ છે. મનથી બગડે, અને મોંથી બબડે, તે સાચી સહનશીલતા નથી! સ્વલ્પ પણ સહન કરનારને, તેનો ભાર અસહ્ય લાગે છે ત્યારે, મનમાં બળતરા થાય છે. વાણી વ્યગ્ર ન થાય, મન મલિન ન બને, સ્વાન્તઃમાંથી સ્નેહ ન ખૂટે, વર્તન ઉગ્ર ન બને, પ્રસન્ન-કોમલ-મધુર મંગલ રહીને, મૌનપણે, સંઘર્ષ વગર, સેવારત રહેવાય,- તેવી મનની શક્તિ-સહનશીલતા! તેનાથી સૌ સહેલાઈથી વશ થઈ જાય, વિજય મળે! "**प्रतिनन्दयामः**"- માં અભિનંદન માત્ર નહિ, ભગવાનનો ઋણ-સ્વીકાર પણ છે! આ પ્રકારે લોકગુરુ ભગવાન્ સૌને સન્માર્ગ-શિક્ષા દેતાં દામ્પત્યલીલા કરે છે! લોકાનુકૂલ સર્વોત્તમ જીવન- વ્યવહાર તે શીખવે છે!

અધ્યાય : ૬૧

ભગવાનનો ગૃહસ્થાશ્રમ-વિહાર !

ધર્મ-શાસ્ત્રાનુકૂલ જીવનવ્યવહાર પણ ભગવાન્ શીખવે છે ! ધર્મ બે પ્રકારનો, - (૧) શાસ્ત્રમાં કહેલા (વિહિત) આચરણરૂપ. (૨) નિષેધ - પરિપાલન. વેદદ્વેષી રુક્મી વગેરે દૈત્યનો વધ કરીને ભગવાન્ ભજન-પ્રતિબંધ દૂર કરે છે. તે સ્વરૂપજ્ઞાનરૂપ છે. પ્રભુ માત્ર ક્રીડા કરવા નથી પધાર્યા, વિશ્વોદ્ધાર પણ કરે છે, ભક્ત દેવકીજીની પ્રસન્નતા માટે વંશવિસ્તાર પણ કરે છે ! વિધિપાલનરૂપ પણ તે છે. "दशास्यां पुत्रनाधेहि ।"- શ્રુતિ છે. ભગવાને દરેક રાજરાણીને ત્યાં દશ દશ પુત્રો પ્રકટ કર્યા ! અન્યથી આમ શાસ્ત્રપાલન ન બને. પ્રભુની જ પ્રતિકૃતિ શા પુત્રો ! પ્રભુ જેવા પ્રેમાળ પતિ ! રાજરાણીઓને જીવન ધન્ય લાગ્યાં ! ભગવાનનો અભિપ્રાય અને તત્ત્વ કોણ જાણી શકે ? ભગવાન્ સૌને મોહ કરાવે, ભગવાનને કોઈ મોહ કરાવી શકે નહિ ! કામસેના શાં રાજરાણીઓ ! અનેકવિધ તેમના વિલાસ-વિહારો ! છતાં ભગવાનને તો કોઈ ગ્લાનિ નથી કે ચંચલતા નથી ! દાસ્યપૂર્વક પ્રસન્ન હાસ્ય-સહિત સેવા રાજરાણીઓ કરે છે. પટ્ટરાણીઓના દશ દશ પુત્રો ગણાવ્યા. ભગવાન્ જ ધર્મરક્ષા માટે તેટલા રૂપ થયા છે ! પુત્રીઓ પણ થયા છે ! (૧) રુક્મિણીજીના મુખ્યપુત્ર પ્રદ્યુમ્ન. "चारुदेष्णः सुदेष्णश्च चारुदेहश्च वीर्यवान् ।"-"च"- પૂર્વધર્મ-સંગ્રાહક છે. પાંચ "च"કાર, પાંચ કન્યાજન્મ સૂચવે છે ! આમ અન્યત્ર પણ. (૨) સત્યભામાના ભાનુ વગેરે. (૩) જામ્બવતીજીના સામ્બ વગેરે દ્વિસ્વભાવવાળા પુત્રો છે. (૪) સત્યા (નાગ્નજિતી)ના વીરચન્દ્ર વગેરે. (૫) કાલિન્દીના શ્રુત વગેરે. (૬) લક્ષ્મણા (માદ્રી)ના સુઘોષ વગેરે. (૭) મિત્રવૃન્દાના વૃક વગેરે, (૮) ભદ્રાના સંગ્રામજિત્ વગેરે. સોળ હજાર રાણીઓમાં મુખ્ય રોહિણી. ક્યાંક મંત્રશાસ્ત્રમાં તેમને ભદ્રાના સ્થાનમાં ગણ્યાં છે. તેના દીપ્તિમાન્ વગેરે. તે પટ્ટરાણીના પુત્ર તુલ્ય છે. આમ કુલ મુખ્ય ૮૧ પુત્રો, ૮૧ ભક્તિપ્રકાર શા, પ્રભુએ પ્રકટ કર્યા ! પ્રદ્યુમ્ન કેટલાક વખત ભોજકટમાં રહેલા. ત્યાં મામા રુક્મીની કન્યા રુક્મવતી સાથે વર્યા. ભગવદાવેશે પુત્ર થયા અનિરુદ્ધ ! આમ સૌને ત્યાં - પૌત્રાદિ કરોડો થયાં. દશ સંખ્યા- નિયમ ત્યાં નથી. પ્રભુપત્નીઓમાં પરસ્પર સપત્નીભાવ નથી ! દરેક પુત્રને, સોળ હજાર આઠે રાણીજીઓ, પોતાનાં જ સંતાન ગણીને, મા જેવા સ્નેહ દે છે !

રાજાએ પૂછ્યું, - "રુક્મી તો કૃષ્ણને શત્રુ સમજે છે, તે શત્રુપુત્રને પુત્રી કેમ પરણાવે ? તેવું સાંભળ્યું નથી. સમાધિ વગર સમજાય કેમ ? સામાન્ય-માનવ જેમ આંખથી દેખે તેમ યોગી બધું યોગબલથી જોઈ શકે !

अनागतमतीतं च वर्तमानमतीन्द्रियम् ।
विप्रकृष्टं व्यवहितं सम्यक् पश्यन्ति योगिनः ॥ (२१)

નદીપ્રવાહ શો કાલપ્રવાહ ! તેમાં વસ્તુઓનું વહન થયા કરે. પ્રવાહમાં જે વખતે, જે વસ્તુ, જે સ્થળે હોય, તે સમયે તે ત્યાં દેખાય, બીજે નહિ ! સાથે જનાર પણ તે જોઈ શકે. દેવો મનુષ્યથી વધારે દેખે છે, કાલજ્ઞો પણ જાણે છે. આવ્યું, ન હોય તે (જ્ઞાપકરહિત કે ધર્માન્તર-પ્રાપ્ત), થઈ ગયેલું (અનુભવ્યું ન હોય તે), વર્તમાન, ઈન્દ્રિયથી પર, તે સ્થળે ન હોય તેવું, અંતરાય (ભીંત વગેરે અવરોધ)

વાળું, યોગીઓ સારી રીતે જોઈ શકે છે. ધ્યાનથી જ્ઞાન જ્ઞાનીને; યોગીઓ યોગજધર્મ પ્રકટ હોય ત્યારે સર્વજ્ઞ હોય !

અનિરુદ્ધજીના વિવાહમાં બલદેવજી દ્વારા રુક્મિ-વધ ! :

બહેનનો ઉપકાર સમજીને, રુક્મીએ બહેનનું પ્રિય કરવા કન્યા દીધી. શ્રીશુકે કથા કહી. અનંગે અંગધારણ કર્યું, સમજીને કન્યા સ્વયં તેને વરી ! એકલા પ્રદ્યુમ્ન સૌને હરાવીને હરી લાવ્યા. રુક્મિણીજીનાં વિશાલલોચના કન્યા ચારુમતીને કૃતવર્માના પુત્ર બલી સાથે પરણાવ્યાં ! એકની કથાથી અન્ય-કન્યાઓનું અનુમાન થઈ શકે ! પાંચ કન્યા રુક્મિણીજીનાં ! અન્યને પણ ખરાં ! પ્રદ્યુમ્નના પુત્ર થયા અનિરુદ્ધ. ભોજકટમાં જન્મ્યા ! મામાની કન્યા રોચના સાથે વર્યા. અધર્મ છતાં લૌકિકબુદ્ધિએ સ્નેહ સમજીને રુક્મીએ કન્યા દીધી ! તે પ્રસંગે સૌ લોકરીતે જાનમાં આવેલાં. વિવાહ પછી કલિંગરાજની પ્રેરણાથી, એકાંતમાં એકલા બલરામજી સાથે દુર્બુદ્ધિ રુક્મી પાસા ખેલ્યો. કપટ કર્યું. આકાશવાણીએ સત્ય કહ્યું ! "બલરામજી જિત્યા !" - રુક્મીએ મશ્કરી કરી. ક્રોધથી બલરામે તે સભામાં રુક્મીને પરિઘથી માર્યો. દશમે ડગલે કલિંગરાજને પકડ્યો, દાંત પાડ્યા. ભગવાન્ કાંઈ બોલ્યા નહિ. રુક્મિણીજી અને બલરામનો સ્નેહભંગ થાય ને ! ભક્તિમાર્ગ અને અવતાર-પ્રયોજન સચવાયને ! કલિયુગમાં શુદ્ધક્ષત્રિય ન રહે અને અધર્મનું ફલ પણ દેખાય, તેવી આ લીલા ! વરકન્યાને રથમાં બેસાડીને સૌ કુશલ રીતે કુશસ્થલીમાં આવ્યાં. પુત્ર, પૌત્ર વગેરે ફલરૂપ, અન્યસંબંધો તેમાં દોષરૂપ થાય. દોષ દૈત્યરૂપ ! રુક્મીનો તેથી મંગલકાર્યમાં વધ થયો.

અધ્યાય : ૬૨

અનિરુદ્ધ-રૂપે ઉષાનો અંગીકાર !

અનિરુદ્ધ છે મનના અધિદેવતા ! ભક્તોના ઈન્દ્રિયાદિ તન્મૂલક છે. તે અનિરુદ્ધનો નિરોધ ભગવાન્ પોતાનામાં કરે છે. નિરુદ્ધ મન સર્વમાં કારણરૂપ છે. રાજસફલમાં તે માટે સર્વદેવનો વિજય ભગવાન્ કરે છે ! અહીં, અનિરુદ્ધ-પ્રસંગથી ધર્મ સિદ્ધ થાય છે. અનિરુદ્ધને બંધન થયું બાણાસુરથી ! દૈત્યો કાલસેવક છે, તેથી બાણ અને તેની પુત્રી ઉષા પણ કાલરૂપ છે ! ચિત્રલેખા વિષયની વિચિત્રતા રૂપ છે. બંધન તેનાથી થાય. અનિરુદ્ધ જેવાને સ્વપ્નમાં પણ વિષયબંધન દે, તો સામાન્યને સાક્ષાત્ વિષયભોગ શું ન કરે ? ! આ બાણાસુર બલિરાજાના સો પુત્રોમાં જ્યેષ્ઠ, ભગવાને વામન રૂપે મહાત્મા બલિને બાંધ્યો ! તેના પુત્રે ભગવાનના પૌત્ર-ભગવદંશ રૂપ-અનિરુદ્ધને બાંધ્યા ! બાણ શંકરનો સેવક. શંકરની કૃપાથી હજાર હાથવાળો થયેલો. શંકરના તાંડવમાં તેણે હજાર હાથે વાદ્ય વગાડ્યાં, ઉત્સાહ અધિક દીધો. સંતોષ શંકરને થયો. ભક્તવત્સલ ભોળાનાથ થયા તેના પુરરક્ષક ! તે નિત્ય નિકટમાં વિરાજે. બાણને પોતાના બલનું થયું અભિમાન ! ચળ શમાવવા સમર્થ શંકરને યુદ્ધ કરવા કહ્યું. ભગવાન્ તો ઈન્દ્રિયથી પર ને ! ક્રુદ્ધ શંકરે તેનો ધ્વજાભંગ થતાં, અભિમાન ઉતારનાર મળવા કહી દીધું. "मत्समेन"- "મારા સમાન સાથે !", આમેય ભગવાન્ સર્વસમાન છે, કોઈ ભગવત્સમાન નથી ! કન્યા પર આરોપ પણ ધ્વજભંગ રૂપ ગણાય. દુર્બુદ્ધિ તો દિવ્યતાનો પણ દુરુપયોગ જ કરે.

બાણના પ્રાણની પ્રતિમા શી કન્યા ઉષા ! પ્રસન્ન થયેલાં તેને પાર્વતી ! તેને સ્વપ્નમાં વર મળવા

કહ્યું. તે જ રાત્રે અનિરુદ્ધ રૂપ ભગવાને માયિકી સ્વપ્નસૃષ્ટિમાં તેનામાં સ્વ-ભાવનું સ્થાપન કર્યું. કન્યા રતિ કરે તો વ્રતભંગ થાય! ઉષા સ્વપ્નમાંથી જાગી. સ્વામીને શોધ્યા; વિકલ થઈ. ચિત્રલેખા તેની સખી. તેણે દેવાદિનાં ચિત્ર દોર્યા. યાદવમાં અનિરુદ્ધને જોતાં "આ તે; આ તે," - ઉષા બોલી ઊઠી! કૃષ્ણરક્ષિત દ્વારકામાંથી અનિરુદ્ધને યોગથી ઉપાડ્યા. ભગવાન્ તો સર્વરીતે ભક્તોનું કાર્ય કરે છે. કોઈ અન્ય રીતે પણ ભક્તહિત થતું હોય તો ભગવાન્ શાંત રહે છે! ચિત્રલેખાને ન અટકાવી. પિતા પ્રદ્યુમ્ન હરાયા હતા, પુત્ર અનિરુદ્ધ પણ હરાયા! એકને સ્ત્રીવેષધારીએ હર્યા, બીજાને સ્ત્રીએ! બન્નેને પરિણામે તો વિજય અને સ્ત્રીલાભ થયો! ભગવદિચ્છા જ છે ને! ભયાનક શોણિતપુર. તેમાં સુખદ અનિરુદ્ધ આવ્યા. સૌને - સ્ત્રીઓને સંતોષ થયો. ઉષામાં અનિરુદ્ધ નિરુદ્ધ શા થયા! રક્ષકોએ ઉષાનાં ભૂષણ જોયાં, દૂષણ લાગ્યાં! બાણને જણાવ્યું. બાણ આવ્યો, પ્રાણ લેવા! ભુવનસુંદર વીર ભગવદીય અનિરુદ્ધને વિહારરત જોયા. "तस्याग्रमासीनमवेक्ष्य विस्मितः ।" "स्वस्याग्र..."-ને બદલે શ્રીશુક "तस्याग्र..।"- બોલ્યા. તેને તેવો વિચાર નથી આવ્યો ને! વિસ્મિત તેથી થયો. અનિરુદ્ધને પકડવા સૌ આવ્યા. વીરના પ્રહારે હાર મળી. પ્રહાર કરતાં દૂર જતા અનિરુદ્ધને બાણે નાગપાશથી બાંધ્યા. શ્રીરામ પણ નાગપાશમાં તો બંધાયા હતા ને! જમાઈને મરાય! ઉષાએ સાંભળ્યું, શોકસંતાપ થયો, પતિ પકડાયાને!

અધ્યાય : ૬૩

અનિરુદ્ધજીને લેવા જતાં ભગવાને રુદ્રને યુદ્ધમાં મોહ કરાવ્યો!:

ભક્તવત્સલ છે,- ભગવાન્! ભક્તોને અન્યદેવાદિથી નાશ કે નુકસાન પણ થવા દેતા નથી! ભગવદીયજન નિર્ભયપણે ભજનરત રહે માટે, ભગવાન્ અન્યદેવોને પણ જીતે છે! ભગવાન્ અક્લિષ્ટકર્મા છે, વિરોધ કરવા છતાં સ્વતઃ પીડતા નથી. પ્રભુએ તો પુત્ર પ્રદ્યુમ્નને લઈ જવા દીધા હતા. તેમ પૌત્ર અનિરુદ્ધને પણ લઈ જવા દીધા! બંને પ્રસંગે જ્ઞાનદ થયા છે,- નારદજી! અનિરુદ્ધને દ્વારકામાં ન જોયા, તેમનું ગમન પણ ન સમજાયું, શોધ્યા છતાં ન જડ્યા. મનના અધિદેવતા અસુરનાં બંધનમાં હોય તો સૌનાં મન આસુર થાય ને! શોક સૌને થયો. વર્ષાના ચાર માસ શોકમાં ગયા! નારદજી દ્વારા વાર્તા જાણી, યાદવવીરો શોણિતપુર પહોંચ્યા. બાર અક્ષૌહિણી તેમની સ્વાભાવિક-સેના! કૃષ્ણાશ્રય કરનારને ડર કોનો? તેમણે શત્રુનાશ શરૂ કર્યો. બાણ પણ સમાન સેના સાથે બહાર આવ્યો. શંકર પણ કાર્તિકેય સાથે આવ્યા! સૌ દેવો આવ્યા. સંવત્સરરૂપ કાલ-સહિત ભગવાન્ એક તરફ, બીજી તરફ સૌ! વૃદ્ધ વૃષભ પર બેસીને, રામ-કૃષ્ણ સામે, શંકર યુદ્ધ કરવા લાગ્યા. અભિનય કરતા હોય તેમ! છે તો ભગવદીયને! મોટા પણ ક્યારેક લડે ખરા! લીલા છે ને! બ્રહ્મા, ઈન્દ્ર, સનત્કુમાર વગેરે મુનિઓ, કપિલાદિ સિદ્ધો, ગન્ધર્વો, અપ્સરાઓ, યક્ષો વિમાનમાં બેસીને જોવા આવ્યા! શાર્ઙ્ગપાણિ અને પિનાકપાણિ પરસ્પર દિવ્યાસ્ત્ર - પ્રયોગો કરે છે! કૃષ્ણ લૌકિકલીલા પણ કરે છે ને! બ્રહ્માસ્ત્ર સામે બ્રહ્માસ્ત્ર અને તેના પણ અનેક પ્રકાર; વાયવ્યાસ્ત્ર સામે તેનું નિવારણ - પર્વતાસ્ત્ર, અગ્ન્યસ્ત્ર સામે પર્જન્યાસ્ત્ર, પાશુપતાસ્ત્ર સામે નારાયણાસ્ત્ર મૂકીને ભગવાને જૃમ્ભણાસ્ત્રથી મહાદેવજીને મોહ કરાવ્યો, બગાસાં ખાતા કરી દીધાં! આ બધાં દિવ્યાસ્ત્રો તે સમયે મંત્રસિદ્ધ હતાં, આજે કેટલાંક યંત્રસિદ્ધ દેખાય છે! બ્રહ્માસ્ત્ર-અણુશસ્ત્રો ગણી શકાય; વાયવ્યાસ્ત્ર-ધાર્યો પવન ફૂંકાય

તેવી સિદ્ધિ; પર્વતાસ્ત્ર-પવનને અટકાવે તેવી સિદ્ધિ; અગ્ન્યસ્ત્ર - આગ લગાડે તેવી રચના; પર્જન્યાસ્ત્ર-વરસાદ- પાણી વરસાવે તેવી યોજના; પાશુપતાસ્ત્ર - નારાયણાસ્ત્ર - પોતપોતાનાં સ્વતંત્ર રહસ્યમય શસ્ત્રો; જૃમ્ભણાસ્ત્ર-બગાસાં લાવે તેવો પ્રયોગ.

ભગવાને રુદ્રજ્વરને શીતજ્વરથી હરાવ્યો :

ભગવાને શંકરના સેવકોને હરાવ્યા. બાણની સેનાને ભગાડી મૂકી. અન્ય યાદવોએ પણ પરાક્રમ બતાવ્યું. હજાર હાથે - પાંચસો ધનુષ્ય પર, એકસાથે બે બે બાણ ચઢાવતા બાણાસુરનાં બધાં ધનુષ્ય ભગવાને એક બાણથી છેદ્યાં! બાણની મા કોટરા, પાર્વતીના અંશ રૂપ, પુત્રના પ્રાણ બચાવવા નગ્ન આવ્યાં. ભગવાને નીચે જોયું. બાણ દોડતો નાસી ગયો. ભગવાને નીચે જોતાં, તે ભાવ છોડ્યો. મહાદેવજી મોહમાંથી જાગ્યા. ભૂતગણને ન જોયાં. વૈદિક રીતે યુદ્ધ કરવા, આધ્યાત્મિક રુદ્રરૂપ જ્વર પ્રકટ કર્યો! "रुद्रः पशुंश्छमायेत...।"માં રુદ્રજ્વર છે. રુદ્ર જ જ્વર રૂપ થયા! વાત, પિત્ત અને કફના પ્રકોપરૂપ ત્રણ મસ્તક; અથવા કાલ, કર્મ અને સ્વભાવ રૂપ; ત્રણ ચરણવાળો ઉષ્ણજ્વર આવ્યો. જ્વર રૂપ મહાદેવને જોયા! સર્વ રૂપ ભગવાને તેને દૂર કરવા પૂર્વોત્પન્ન શીતજ્વર સાથે વેદોક્ત "રૂર" જ્વર યોજ્યો! "इन्द्र आत्मनः शीतरूरावजनयत्।"- શ્રુતિ છે. આજે બંનેને ભેગા કર્યા! "न तस्य रुद्र..."માં કહેલ જ્વરનિવારક- કર્મ ન કર્યું. અષ્ટમૂર્તિ શિવની કલા રૂપ, - "यास्ते अग्ने घोरास्तनुवः । क्षुच्च तृष्णा च । अस्तु क्वानाहुतिश्च । अशनाया च पिपासा च । सेदिश्च मतिश्चा एतास्ते अग्ने घोरास्तनुवः । શ્રુતિ છે. "ताभिरमुं गच्छ, योऽस्मान् द्वेष्टि यं च वयं द्विष्मः ।"- એ શ્રુત્યર્થ પ્રમાણે રુદ્રે પ્રેરેલાં તે સ્વરૂપો એકત્ર થયાં. જ્વરરૂપે પ્રભુ પાસે આવ્યા. યજ્ઞપુરુષરૂપ નારાયણ છે, તેમાંથી દેવતારૂપ અગ્નિને દૂર કરવા જ્વર સર્જ્યો! "इन्द्र आत्मनः शीतरुरावजनयत्"- શ્રુતિ છે. વૈષ્ણવજ્વરે માહેશ્વરજ્વરને પીડ્યો. પ્રભુને તે શરણે ગયો. સ્તુતિ કરી. નિર્દોષપૂર્ણગુણવિગ્રહ સ્વરૂપને નમન કર્યાં. સર્વસમર્થની શરણાગતિ કરી. અન્ય અવતાર તો ભૂમિના આધારે રહેનારના દોષ દૂર કરે, ગુણપ્રદાન કરે. આ અવતાર તો ભૂમિનો ભાર દૂર કરે, પરમાનંદ પ્રદાન કરે! આ વિશિષ્ટકાર્ય. "नाग्नेर्हि तापः ।"- અગ્નિને તાપ ન હોય, છતાં ઉષ્ણજ્વરને સંતાપ થયો હતો, - વૈષ્ણવતેજઃથી! "न हि दृष्टेऽनुपपन्नं नाम।"- પ્રત્યક્ષ અનુભવમાં અયોગ્ય શું? અનુભવમાં અનુમાન શું કરે? બહાર શાંત અને અંદર ઉગ્ર છે - વૈષ્ણવતેજઃ! જ્વરના પણ જ્વરરૂપ! શરણાગતિ વગર સંતાપ શમે નહિ. પ્રસન્ન ભગવાને વચન દીધું. સ્વજ્વરથી ભય દૂર કર્યો. આ સંવાદ સ્મરે તેને તે જ્વરનો ભય ન રહે! રુદ્રજ્વર સ્વસ્થાન મૃત્યુ પાસે ગયો. અંતકાલે આની અસર દેખાય છે ને!

બાણાસુરનું અભિમાન ઉતારી, તેના ચાર હાથ બાકી રાખીને રક્ષા!

ઉષા-અનિરુદ્ધ - સાથે દ્વારકા- પ્રસ્થાન!:

બાણાસુર પણ બાણની જેમ પ્રાણ લઈને જનને પીડનાર - જનાર્દન! તે જનાર્દન સામે લડવા આવ્યો! જનને પીડતી જના - અવિદ્યા-ને પીડનારા આ તો જનાર્દન - કૃષ્ણ! બાણની પીડા હરવા, અભિમાનપ્રદ તેના બાહુ ચક્રથી છેદ્યા. રુદ્રના વરદાનથી મળેલા હાથ, સ્વાભાવિક રીતે હરિએ હરવા માંડ્યા. રુદ્ર આવ્યા. ચક્રધર - કૃષ્ણની સ્તુતિ કરી. ભક્ત વત્સલ છે ને! લૌકિક - વૈદિક - રીતે ભક્તને મદદ કરી. હવે, ભક્તિમાર્ગીય-રીતે સ્તુતિથી મદદ કરે છે! સૌ ભક્તોને ત્યારે જ કૃષ્ણમહિમા

સમજાવતાં ભજનરત થાય ને! વેદવેદ્ય પરબ્રહ્મ કૃષ્ણ જ છે. નિર્મલ હૃદયવાળા તે જાણે છે. અપ્રકટ રૂપે તે સર્વત્ર વિરાજે છે. દેખાતા પ્રભુ શાસ્ત્રથી જુદા દેખાય છે, તે યોગ્યથી સમજાય છે. વિશ્વ રૂપે વિભુ જ વિલસે છે. ધર્મરક્ષણ અને દુષ્ટિનિગ્રહ માટે ભગવાન્ અવતાર લે છે. સર્વત્ર સર્વ રૂપે ભગવાન્ જ વિરાજે છે. ભગવાન્ પોતાના જુદા જુદા એક એક ધર્મને મુખ્ય રીતે પ્રકટ કરે છે; જુદા જુદા પદાર્થ રૂપે ઓળખાય છે! સઘળું જુદું દેખાતું હોવા છતાં તે સર્વ રૂપે એકમાત્ર ભગવાન્ જ છે! ભગવાન્ સર્વસમર્થ છે ને! સમાધિથી સમજાય. સર્વત્ર પૂર્ણગુણવાળા ભગવાન્ પોતાની ઈચ્છારૂપ માયાશક્તિથી પોતે ઈચ્છેલાં શેરડી, સાકર વસ્તુ વગેરે રૂપે જ ઓળખાય છે. લીલામાં અત્યારે યાદવ રૂપે ઓળખાય છે ને! બીજા ધર્મો પ્રકટ કરતા નથી. "**यथैव सूर्यः पिहितश्छायया स्वया....।**" "**मेघाः सूर्योद्भूताः..।**"- શ્રુતિ છે. સૂર્યથી ઉત્પન્ન થાય છે - મેઘ! તે સૂર્યને ઢાંકે પણ છે! તેમ ભગવાનમાંથી ઉત્પન્ન થયેલું જગત્! ભગવાનનું આચ્છાદન કરે છે! સૂર્ય પોતે (ઢંકાયેલો) અદૃશ્ય રહેવા છતાં, મેઘ, વૃષ્ટિ, ભૂમિ અને સૌ પદાર્થને પ્રકાશિત કરે છે; તેમ સર્વકારણભૂત ભગવાન્ જ સર્વત્ર સર્વપ્રકાશક છે! ભગવાનની માયામાં મોહ પામીને વિવેકિજનો પણ, વિષયોને દુઃખદ જાણવા છતાં, તેમાં જ આસક્ત થાય છે, પુત્રાદિ-પરંપરામાં જ આથડ્યા કરે છે. પ્રભુએ સાનુકૂલ માનવશરીર દીધું, તે કૃપા છે; છતાં ભોગરત અસંયમી માનવ, તે ઉપકારક ભગવાનનો આદર ન કરે, શરણે ન જાય, સ્નેહ ન કરે, તે તો આત્મવંચક છે! દુનિયામાં સૌ બીજાને છેતરતા હશે. આ તો પોતે જ પોતાને છેતરે છે, આત્મઘાત કરે છે! આમ, સંસારસુખ કે તેનાં સાધનો માટે, પ્રભુમાં પ્રીતિ ન કરનાર કે પ્રભુને છોડનાર તો અમૃત મૂકીને વિષ ખાય છે. રુદ્ર-બ્રહ્મા વગેરે સૌ સાર્વભૌમપણે પોતાના પ્રિય પ્રભુ કૃષ્ણને શરણે છે. મોક્ષ માટે તેમને જ ભજે છે!

"આ બાણ મારો પ્રિય સેવક છે. મેં તેને અભય આપ્યું છે. તેની પર પ્રહ્લાદ જેવી કૃપા આપ કરો!" - શંકરે સ્તુતિ કરી. અપરાધીને પણ ઉદારતાથી ક્ષમા કરે છે, - કૃષ્ણ! તેવા ભગવાનને ભજે નહિ, તેનું તો જીવન વ્યર્થ છે. શંકર તો લોકરીતે યુદ્ધ કરવા આવ્યા, છતાં છે તો ભક્ત ને! તેથી પ્રકટ રીતે શરણાગતિ કરી! અપરાધી છતાં ભક્ત બાણનું હિત કરાવ્યું! ભગવાને શંકરને સંમતિ દીધી. "**यदात्थ भगवंस्त्वं...।**" શંકરને "ભગવાન્!" કહ્યા. અભેદભાવે શંકર કૃષ્ણને ભજે છે ને! ભગવાને પ્રહ્લાદને તેવા વંશનો વધ ન કરવા વરદાન દીધું છે. શંકરે તો બાણના પ્રાણ બચાવવા કહ્યું, ભક્તવત્સલ ભગવાને તો વંશરક્ષા કહી દીધી! "ચાર આની ભુજા રહી છે!" - "**चत्वारोऽस्य भुजाः शिष्टाः ...।**" - સુદર્શન હજુ હાથ કાપી રહ્યું હતું. ભગવાને ચાર ભુજા અજર-અમર બનાવી, દેવત્વ દીધું. બે ભુજા પોતે દીધેલી - સહજ, અને બે ભુજા શંકરે દીધેલી-આગંતુક! અસુરને પણ અભય દીધું! ભક્તોનો સંપૂર્ણ પક્ષ તો ભક્તવત્સલ કૃષ્ણ વિના કોઈ કરી ન શકે! કૃષ્ણભક્ત શંકર, તેમનો ભક્ત બાણ! તેણે વિરોધ કર્યો. ભગવાને માત્ર તે વિરોધ છોડાવવા પૂરતું કાર્ય કર્યું, ભક્તાનુકૂલ થયા. બાણે કન્યા-વર અને કરિયાવર દીધાં, પ્રણામ પ્રેમથી કર્યા. રુદ્ર રાજી થયા. પ્રભુ પ્રસન્ન થયા. બાણ પર જામ્બવાનની જેમ નિગ્રહ કરી અનુગ્રહ કર્યો! પ્રભુ સૌ સાથે રમ્ય દ્વારકામાં પધાર્યા. અપરાધી બાણે કૃષ્ણને ભજ્યા, કૃતાર્થ થયો. પ્રાકૃતલોકો આવા કૃષ્ણને ભજતા નથી! દુર્ભાગ્ય જ તેમાં કારણ ને! આ કૃષ્ણવિજયને નિત્ય સ્મરે, તેનો પરાજય ન થાય; ઈન્દ્રિય, અંતઃકરણ પણ પરાભવ કરી શકે નહિ! પરાજયનો સંભવ લાગતાં આ કૃષ્ણવિજય સ્મરવો, વિજય થાય. આ અનિરુદ્ધકથામાં

યાદવોના નિઃસીમ-બલનું સૂચન છે. રાજસફલ છે ને! સર્વરીતે સર્વકાર્ય સંપૂર્ણ થાય, તેને રાજસલોકો ફલ ગણે છે. ભગવાન્ કૃષ્ણથી તો નિર્ગુણફલ થાય, માયા દૂર થઈ જાય. અહીં તો રાજસફલ કહ્યું છે.

અધ્યાય : ૬૪

દાની નૃગરાજાના ઉદ્ધારથી યદુકુમારોને દ્રવ્યશુદ્ધિ-પરિજ્ઞાન!:

ભગવાને સાત્ત્વિકભક્તોના નિરોધ માટે સાત્ત્વિકલીલા કરી છે. તામસપ્રકરણની લીલાના શ્રવણથી દેહશુદ્ધિ થાય! તામસ-અહંકારના કાર્યભૂત દેહ છે ને! રાજસલીલા શ્રવણથી ઈન્દ્રિયશુદ્ધિ અને સાત્ત્વિકલીલાના શ્રવણથી મનની શુદ્ધિ થાય! તામસભક્તો દૃઢાગ્રહી હોય, તેથી તેમના નિરોધમાં ખૂબ યત્ન છે, રાજસમાં તેમ નથી. સાત્ત્વિકોમાં સત્ત્વ હોવાથી જ્ઞાન સ્વાભાવિક હોય. નંદરાજકુમાર, વસુદેવસુત, શ્રીકૃષ્ણ-ભગવાન્ છે, - આવું જ્ઞાન તેમનું છે, કરાવવાની જરૂર નથી; તેથી અહીં પ્રમાણ-પ્રકરણ નથી; પણ પ્રમેય, સાધન, ફલ અને ધર્મિ - આ ચાર પ્રકરણ છે. છ, છ, છ અને ત્રણ તેના અધ્યાય છે. અર્થ, ધર્મ, કામ અને મોક્ષ કહેલા છે. પ્રકીર્ણકથાઓ છે, ક્રમ વિવક્ષિત નથી! ધર્મયુક્ત નૃગ, કામયુક્ત ગોપી, અર્થયુક્ત મિથ્યાવાસુદેવ અને પછી મોક્ષકથા છે. નૃગને પ્રમાણમાં શ્રદ્ધા, ગોપીનો પ્રમાણાત્મક બલરામ સાથે વિહાર અને પૌણ્ડ્રકને વેદ રૂપ શિવથી વરદાન હોવાથી તે પ્રમાણપુષ્ટ છે. દ્વિવિદનો વધથી મોક્ષ, દુર્યોધનપુત્રી લક્ષ્મણાનો મોક્ષ, ભગવાનના આવેશવાળા બલદેવજીના હસ્તિનાપુર-કર્ષણથી મહિમાજ્ઞાન રૂપ અને નારદનો બહુસ્ત્રીવિહાર-સંશયના નિવારણથી, ભગવદ્ધર્મજ્ઞાન રૂપ મોક્ષ છે. અહીં, રાજસ-તામસભક્તોની કથા દેખાય છે. તેમને પ્રભુમાં પ્રેમ-આસક્તિ હોવા છતાં, મળેલા સંસ્કાર અને સંપત્તિથી ઉન્મત્ત રહેતા; તે દોષ પણ ભગવાન્ દૂર કરે છે, સાત્ત્વિક બનાવે છે.

શ્રીશુકે કથા કહી. સ્ત્રીઓ તો કૃષ્ણમહિમા જાણે છે. બાલકોને તે ખબર નથી! અનર્થ તેથી થવાનો. "બ્રાહ્મણની અવજ્ઞા ન કરવી જોઈએ!" - તેમ તેમને સમજાવવા, બાલકોના દેખતાં ભગવાને નૃગરાજાને મોક્ષ દીધો છે. એક દિવસ સામ્બ, પ્રદ્યુમ્ન વગરે યદુકુમારો દ્વારકા પાસે ઉપવનમાં રમવા ગયા, તરસ લાગી, કૂવે ગયા. તેમાં (કૃકલાસ) કાચિંડો મોટો જોયો. આશ્ચર્ય થયું. કાઢવા મથ્યા. ન નીકળ્યો! કૃષ્ણને કહ્યું. કૃષ્ણ વિના કઠિન કાર્ય કરે કોણ? પ્રભુ પધાર્યા. વામકરથી રમતમાત્રમાં કાચિંડાને બહાર કાઢ્યો! દક્ષિણકર તો મર્યાદા, દેવહિત કરે. વામમાં તો પુષ્ટિ, - દૈત્યને પણ દિવ્યતા દે! કાચિંડાને તો કમનીય રૂપ મળ્યું! સર્વજ્ઞ ભગવાને સૌને સમજ દેવા તેની કથા પૂછી. સૌને તેથી શ્રદ્ધા થાય ને! કહેવાથી, તો કરેલો ધર્મ ઘટે! "धर्मः क्षरति कीर्तनात्।" પણ પ્રભુ પૂછે ને! પ્રમેયમાં વિધિનું શું નિયંત્રણ? પ્રભુને વિધિ-નિષેધ શા? આની કીર્તિ જણાવીને મોક્ષ દેવાના છે. લોકવત્ પ્રભુ બોલે છે. "कृष्णेनानन्तमूर्तिना।"- કૃષ્ણ તો અનન્તસ્વરૂપવાળા! જેવી લીલા તેવું સ્વરૂપ! તામસ- લીલામાં વાસુદેવ, રાજસલીલામાં પ્રદ્યુમ્ન અને સાત્ત્વિકલીલામાં અનિરુદ્ધ સ્વરૂપ પ્રભુ લીલા કરે છે. શ્રીશુકે "स्म"- કહીને પ્રસિદ્ધ વાત કહી. કષ્ટની વાત સમાધિમાં ન હોય ને! દિવ્યરૂપધારી નૃગ, શ્રીવત્સ જોયું! પ્રભુ જાણ્યા. સ્વકથા કહી. વૈવસ્તમનુના પુત્ર ઈક્ષ્વાકુ. તેનો પોતે પુત્ર, નૃગ નામ! "नॄन् कीर्तिद्वारा गच्छतीति।"- કીર્તિ દ્વારા લોકજ્ઞાત, પ્રસિદ્ધ દાની છે ને! દાની-દાન દેનાર, તે ફલ ઈચ્છે. દાતા - ઉદાર, તે નિરપેક્ષ હોય! આ તો ભક્ત, સાત્ત્વિક અને ધાર્મિક હોવા છતાં દાનાસક્ત!

ભગવાનની ઈચ્છા કે આજ્ઞા સમજ્યા વિના, સમજ વગરનો દાન કે ધર્મમાંનો અત્યાગ્રહ પણ ઉદ્વેગ કરાવે ! શ્રીકૃષ્ણ વિના કોઈ પણ માટેનો આગ્રહ દુઃખદ થાય ! તેવા દુઃખમાંથી પણ ભક્તિ કરનારને ભગવાન્ છોડાવે છે.

અસંખ્ય ગાયોનું દાન કરનાર આ નૃગ ! પૃથ્વીની રજઃ, આકાશના તારા અને મેઘની ધારા અનંત, ભૂમિની રજઃ જેવું તે દાન પુણ્યોત્પાદક, તારા જેવું યશઃપ્રકાશક અને મેઘધારા જેવું સુખ પોષક ! રાજાને દાનનું વ્યસન છે. તેણે દાનમાં દીધી ગુણિયલ ગાયો સુપાત્ર બ્રાહ્મણને ! રાજા રોજ બીજા પણ પંદર દાન દેતા. યજ્ઞો કરતા - તે ઈષ્ટકર્મ ! કૂવા, વાવ વગેરે પૂતકર્મ પણ કરાવતા. દાનરત રાજા તો સેવક લાવે તે દેતા ! તેમાં ધ્યાન ન દેતા ! પ્રમાદ હોય ત્યાં પાપ સંભવે ! તેના રાજ્યમાં એક બ્રાહ્મણ, રાજાનું દાન ન લે તેવો, સ્વધર્મનિષ્ઠ ! તેની એક ગાય. રાજાની ગાયો સાથે ભળી. બીજા બ્રાહ્મણને દાનમાં દેવાઈ. બંને ઝઘડતા આવ્યા. રાજાએ લાખ ગાયોના બદલામાં સમાધાન કરવા વિનવ્યા. દયા યાચી. ગોવિક્રય તો નિષિદ્ધ ! એ બંને ન માન્યા-સ્વેચ્છાથી પાછા ગયા ! રાજા કાંઈ ઉપાય કરે તે પહેલાં તો યમદૂત આવ્યા. રાજાને લઈ ગયા. દાનથી તો આ લોકમાં યશઃ અને પરલોકમાં સ્વર્ગ મળે. ગોદાનનું ફલ અનન્ત ! રાજાએ સ્વેચ્છાથી પહેલાં દુઃખ ભોગવવા ઈચ્છ્યું, બ્રાહ્મણો પણ સ્વેછાથી પાછા ગયેલા ને ! રાજાના પુણ્યનો તો પાર નહિ ! તરત રાજા કૃકલાસ-કાચિંડા રૂપ થયા. નીચયોનિ રૂપ નરક મળ્યું ! કૃષ્ણ વિના કૃતાર્થ કોણ કરે ! ધર્મમાર્ગમાં બ્રાહ્મણને ઉદ્વેગ ન કરાવાય. બ્રાહ્મણને ઉદ્વેગ થતાં નૃગને ધર્મફલમાં વિઘ્ન થયું ! યમુનાપ્રવાહે બલરામજી-ભગવાનના બંધુને ઉદ્વેગ કરાવ્યો, બોલાવવા છતાં ન આવ્યા, તેથી કર્ષણ થયું, સ્વાભાવિકમાર્ગે પ્રવાહ ન રહ્યો ! અર્થમાં વિઘ્ન થયું. પૌણ્ડ્રકે આત્મારૂપ ભગવાનનો દ્વેષ કર્યો, કામમાં વિઘ્ન થયું. દ્વિવિદ તો રામાવતારનો ભક્ત ! તેણે આવેશ રૂપ બલરામનો વિરોધ કર્યો, તેથી વધ થયો, મોક્ષમાં વિઘ્ન થયું ! ચાર અધ્યાયમાં આવી કથા છે ને ! મૂલરૂપ ભગવાન્ સાથે વિરોધ થાય, તો કયો પુરુષાર્થ સફલ થાય ?

રાજા નૃગે કૃષ્ણથી સ્વકૃતાર્થતા કહી. રાજા તો બ્રાહ્મણભક્ત, વિનીત અને ભક્ત છે, તેથી તેની સ્મૃતિ નષ્ટ થઈ નથી, જ્ઞાનનાશક વિષયવ્યાકુલતા પણ નથી ! રાજા તો ભગવદ્દર્શન ઝંખે છે. ભગવદ્ધર્મની અપેક્ષા રાખે, તેને અન્યધર્મો બાધક ન થાય ! આજે રાજાને દર્શન થયું. ભગવત્સાક્ષાત્કાર તો અંતિમજન્મે થાય ! ક્યાંય પણ રહેતાં ચિત્ત કૃષ્ણચરણે રહે, તેમ રાજાએ વિનંતી કરી, વંદન કર્યાં, પરિક્રમા કરી, વિમાનમાં વિદાય લીધી. સ્વર્ગભોગ પછી તેને ક્રમમોક્ષ છે. ભગવાને બાલકોને સમજ દીધી. સાત્ત્વિકોને ધર્મ શિખવાય ! બાલકો બ્રાહ્મણની અવજ્ઞા ન કરે ને ! બ્રાહ્મણનું ધન કોઈ રીતે પચે નહિ, લે તે બચે નહિ ! વિષથી કોઈ કદાચ બચે, પણ વિષમરીતે લીધેલા કે રોકેલા, દેવ કે બ્રાહ્મણના દ્રવ્યથી થતા નાશમાંથી કોઈ ન બચે, ન બચાવે ! **"ब्रह्मस्वं हि विषं प्रोक्तं नास्य प्रतिविधिर्भुवि ।"**- વિષ એકને મારે, આ દ્રવ્ય તો પિતૃ અને પુત્રપરંપરાને પણ પીડે નરકમાં નાખે ! બ્રાહ્મણની આજીવિકા અટકાવે, લઈ લે, તે સાઠ હજાર વર્ષ મલમાં કીટ બને ! બ્રાહ્મણ અપરાધ કરે, સજા કરે, શાપ દે; છતાં તેનો આદર થાય ! **"यथाहं प्रणमे...तथा प्रणमत ।"**- "હું નમું છું તેમ નમો !"- ભગવાને સ્વજનોનો વિવેક શિખવ્યો. વિપ્ર સાથે વિવેક રાખે નહિ, નમે નહિ, તેને પ્રભુ દંડ દે ! **"अन्यथा मे स दण्डभाक् ।"**- કહી દીધું કૃષ્ણે ! અજાણતાં પણ થયેલા દેવનો, બ્રાહ્મણનો, ધર્મનો અપરાધ અધઃપતન કરાવે, - નૃગની

ગાયની જેમ! ધાર્મિક ટ્રસ્ટો, મંદિરો, સેવાસંસ્થાઓ, જાહેરકાર્યો વગેરેનાં વહીવટ, વ્યવસ્થા કે વિકાસમાં ધર્મજ્ઞાન વિના પડેલાઓ પડેલા જ છે ને! સૌ વિચારે. પ્રસંગમાં પ્રસિદ્ધ છે. વ્યવસાય, વ્યવહાર અને વ્યાપારમાં નિપુણ લોકો ધાર્મિકસંસ્થાઓનું સંચાલન કરે, તો સંસ્થાઓ કદાચ સમૃદ્ધ બને; પણ ધર્મની સૂક્ષ્મસમજ વિના તેમાં ધાર્મિકતા કેટલી રહી શકે? પરિણામ તો અહંકારથી અંજાયેલી આંખે દેખાય ક્યાંથી? સ્વજનને શિક્ષા દઈને ભગવાન્ સ્વભવનમાં પધાર્યા.

અધ્યાય : ૬૫

બલરામજીએ વ્રજમાં પધારીને વિહાર કરતાં યમુના-પ્રવાહનું કર્ષણ કર્યું!:

ભગવાને તામસપ્રકરણમાં ભક્તોનું તામસપણું દૂર કર્યું, રાજસ બનાવ્યા. રાજસપ્રકરણમાં સાત્ત્વિકતા દીધી, સાત્ત્વિકપ્રકરણમાં નિર્ગુણતા દઈને, મુક્તિસ્કન્ધમાં મુક્તિ દેશે! ગયા અધ્યાયમાં સાત્ત્વિકોને નિષિદ્ધમાંથી અટકાવ્યા. તે સામાન્ય-નિરોધ! હવે, લૌકિકમાંથી સાત્ત્વિકભાવ-પ્રાપ્ત થયેલા વ્રજભક્તો સકામ! કામ તામસ, સાધનરૂપ તમોગુણના અધિષ્ઠાતા સંકર્ષણ દ્વારા તેથી તેમનો નિરોધ કર્યો, તેથી તેઓ નિષ્કામ થતાં કુરુક્ષેત્રમાં ફલ રૂપ પ્રભુ પોતે, નિરોધથી તેમને નિર્ગુણ કરશે! પાંચ અધ્યાયમાં પ્રમેયબલથી વિશેષનિરોધની કથા છે. પૌણ્ડ્રક વગેરે સ્વરૂપમાં ભાવવાળા, છતાં દોષવાળા. પ્રભુ જ તેમના દોષ દૂર કરે છે! સ્વરૂપ ભાવથી તો તેમને સારૂપ્ય સિદ્ધ છે, વારાણસી-દહન પ્રસંગથી કહ્યું છે. સત્ત્વભાવવાળાનો વૈદિકમાંથી નિરોધ કર્યો. તામસ-યમુનાજી, રાજસ-દ્વિવિદ; અને સાત્ત્વિક-ભીષ્માદિ! તેમના માનનું ખંડન બલરામજી કરે છે. નારદજીને જ્ઞાન દેવા, પ્રભુ પત્નીઓનો વિશેષ-વિહારથી નિરોધ કરે છે. અશાસ્ત્ર-ભક્તિમાંથી સાત્ત્વિકભાવપ્રાપ્ત-દ્વિવિદ; શાસ્ત્રભક્તિમાંથી સાત્ત્વિકભાવપ્રાપ્ત - ભીષ્મ; અને સ્વતઃ સાત્ત્વિક-શાસ્ત્રપ્રવર્તક - નારદ વગેરેનો નિરોધ પ્રભુ કરે છે. ભગવાન્ જ સાધનરૂપ અને ફલરૂપ છે. - આ મુખ્યભાવ. ભગવાને સ્યમન્તકમણિપ્રસંગે શક્તિના બે વિભાગ કર્યા. પહેલાં પોતે સાધનરૂપ પણ હોવાથી, પોતે નિરોધ કર્યો. હવે, બલરામજીમાં સાધનશક્તિ પધરાવી છે, તેથી તેમના દ્વારા નિરોધ કરે છે! સાત્ત્વિક-લીલા કરતા અનિરુદ્ધ રૂપ પ્રભુનું કાર્ય છે, - ધર્મરક્ષા! તેમાં ધર્મવિરોધી અને ધર્મરક્ષક બેની જરૂર; તેથી શ્યામ અને તેમના આવેશવાળા રામની લીલા છે!

બલભદ્રજી નન્દગોકુલમાં સ્વજનને મળવા પધાર્યા. તેમને "ભગવાન્"- કહ્યા. સાધનરૂપ ભગવાનનો તેમનામાં આવેશ છે ને! તેમણે કરેલી લીલા પણ ભગવાનની જ છે! રામ વ્રજમાં સૌને મળ્યા. મોટપણમાં મહામાન મળે તો પણ, સત્પુરુષ નાનપણનાં નાનાં ગણાતાં પણ સ્વજનને ભૂલે નહિ! સૌ પ્રસન્ન થયાં. મહિમા જાણવા છતાં લોકવત્ ભાવમગ્ન થઈ ગયાં! હસતાં ગોપીજને કુશલ પૂછ્યા. બોલનારનો ભાવ ગુપ્ત છે. ભગવાને આંતરરમણ સ્થિર કર્યું છે, તે એકવિધ, તેથી સૌનો ભાવ એકવિધ છે, તેથી પહેલાં જેવી ભાવવિવિધતા નથી! અન્યપુરાણકથા પ્રમાણે, કુમારિકાઓને કૃષ્ણે દ્વારકામાં પધરાવ્યાં છે. તેમણે પ્રભુને પતિ રૂપે પ્રાર્થ્યા છે ને! શ્રુતિરૂપાં (સ્વરૂપલક્ષણા) પણ જુદાં છે! તેમની સાથે આવેશરમણ નથી! અહીં, સાધારણ (લૌકિક) ગોપીજન છે! શંખચૂડવધ-પ્રસંગે તેમનો ઉલ્લેખ છે; તેથી તેમને સાન્ત્વન જુદું છે. આ શ્રુતિરૂપા (તટસ્થલક્ષણા)છે; બલરામ વેદરૂપ છે. રાસસ્થ

અને આ (શ્રુતિરૂપ હોવાથી) એકરૂપ છે! "आयास्ये"- "આવીશ!"- એ વચન પૂર્ણ કરવા પ્રભુ પધાર્યા છે. પોતાની (ઇચ્છાનુસારી) અનુસેવાને પ્રિયપ્રભુ સ્મરતા હશે? જેને માટે પોતે સર્વ છોડ્યું, તે પોતાને છોડીને ગયા?! પ્રભુને દોષ કેમ દેવાય! "તેમનો સમય આપણા વિના જાય છે, તો આપણે તેમના વિના પણ જીવીએ તો છીએ ને?!" ગોપીજને દુઃખ વ્યક્ત કર્યું, મૂર્છિત થયાં. તેમને બલરામે હૃદયંગમ કૃષ્ણસંદેશથી સાન્ત્વન દીધું. કૃષ્ણ પ્રત્યેની દોષદૃષ્ટિ ગઈ, ગોપી સાત્ત્વિક થયાં. ફાગણ, ચૈત્ર, વૈશાખ- ત્રણ માસ રામ ત્યાં રહ્યા. કૃષ્ણકથા કરી, વ્રજવાસીઓને સુખ દીધું!

ભગવાનના પ્રતિનિધિ શા રામ! રાસના પ્રતિનિધિ શા સર્વ પદાર્થો! દૈત્યરાજ વરુણદેવે વૃક્ષમાંથી સુગંધ ફેલાવતાં વારુણી વહાવ્યાં, દેવરૂપધારી દૈત્યોએ દેવોની સંમતિ દર્શાવી. તે અમૃત-મથનમાં પ્રકટેલાં, - અધિષ્ઠાત્રી દેવતા, દૈત્યોને મળેલાં, સંકર્ષણને પ્રિય! પાન કરી - કરાવી, ગાનમગ્ન મત્ત રામે વિવિધવિહારો કર્યા. શેષમાં સંકર્ષણ અને સંકર્ષણમાં વાસુદેવનો આવેશ તે બલરામજી! અત્યારે તેમાં પુરુષોત્તમાવેશ પણ ખરો ને! "एककुण्डलः"- એક કુંડલ, તેમનું અસાધારણ - ચિહ્ન! યોગ, સાંખ્ય નહિ. સાંખ્યમાં આત્મ-અનાત્મ પદાર્થનો વિવેક! વેદમાં સર્વ આત્મરૂપ, તેથી આ વિવેક સંમત નહિ. શ્રમિત રામે જલવિહાર માટે યમુનાજીને બોલાવ્યાં. યમુનાજીએ મત્ત માન્યા! ન આવ્યાં! હલધરે આધિદૈવિક-હલથી દેવતા સહિત નદીને ખેંચ્યાં. કિનારે નમાવ્યાં, નહેર કાઢીને પધરાવ્યાં. આધુનિકવિચારે, વ્રજમાં નહેરયોજના બલરામજીએ કરી! ભૌતિકરૂપને તીક્ષ્ણ શબ્દો પણ કહ્યા. પ્રવાહસ્થાનથી દૂર લઈ ગયા. યમુનાજીએ મહિમા જોયો. અજાણતાં થયેલા અપરાધની ક્ષમા માગી. ધરતીને ધરતા શેષજીને, તેના સ્વલ્પ ભાગમાં વહેતી નદીનો હિસાબ શો? મનુષ્યભાવે પણ ભક્ત-વત્સલ છે ને! "ददौ कान्तिः शुभां स्रजम्।"- ભગવાનની ચોથી શક્તિ- "કાન્તિ! તેણે ભગવાનની ચોથી મૂર્તિ સંકર્ષણનું નીલવસ્ત્ર, શુભમાલા વગેરેથી પૂજન કર્યું, જેથી યમુનાને ખેંચવાના અપરાધ-સ્મરણે, ક્ષોભથી તેમની અવતાર-સમાપ્તિ ન થાય ને! રામે વિહાર ભગવદિચ્છાથી કર્યા, યમુનાકર્ષણ તો સ્વેચ્છાથી કર્યું છે! વિહારરત રામ નીલવસ્ત્રધારી થયા! અપરાધ પ્રકટ સ્વીકારવાથી નિર્દોષ થવાય ને! આજે પણ યમુનાજીનો માર્ગ બદલાયેલો દેખાય છે! આ કાંઈ રામનું પૂર્ણપરાક્રમ નથી, પરાક્રમના સૂચન જેવું - "इव"- છે! ભગવદ્ગુણો તો વ્રજમાં વિલસે છે ને!

અધ્યાય : ૬૬

કેટલાક બાલીશો "अहं ब्रह्माऽस्मि" કહે તેમ, પોતાને વાસુદેવ ગણાવતા પૌણ્ડ્રકનો ભગવાને વધ કર્યો!:

પ્રભુની ભક્ત-કામપૂર્તિ લીલા કહી, હવે ભક્ત-ક્રોધપૂર્તિની લીલા કહે છે! પ્રાકૃતવાક્યોથી ભાવ કરનારા દુષ્ટોનો મોક્ષ તેમાં છે. બાણાસુર પ્રસંગમાં તો ભગવાને પ્રહ્લાદને દીધેલા વચનથી નાશ નહોતો કર્યો, સ્થાન દીધું. મહાદેવ પર કૃપા કરી, પોષક-રુદ્રગણાદિનું સ્થાપન કર્યું, વિરોધીઓનું અભિમાન માત્ર ઉતાર્યું! અહીં તો, ભગવાને કાશીસ્થાન સહિત વિરોધ કરનારનો, અભિચારાગ્નિ રૂપ દેવનો, પોષક ઋષિગણનો, વિરોધીઓનો નાશ કર્યો! દ્વેષી દૈત્યાંશોનો આ મોક્ષરૂપ નિરોધ છે. લૌકિક- વાક્યોથી પણ ભગવાનમાં કામક્રોધ કરનારને કૃપાલુ કૃષ્ણ કૃતાર્થ કરે છે! - કામ-ક્રોધ સમાન સમયે આવે, તેથી ભગવાને રામ દ્વારા ગોપીજનનો નિરોધ કર્યો, કામપૂર્તિ થઈ; તે સમયે પોતે

પૌણ્ડ્રક-પ્રસંગમાં પ્રવૃત્ત થયા, ક્રોધપૂર્તિ થઈ!

મનુપુત્ર કરુષના વંશમાં કારુષ ક્ષત્રિયો થયા. ઉત્તરાપથના તે રાજાઓ-બ્રાહ્મણભક્ત અને ધર્મપરાયણ. તેમાં કોઈ વસુદેવ થયા. "વસુદેવના પુત્ર વાસુદેવ થશે !" - તેમ પુરાણમાં સાંભળીને તેના પુત્રે પોતાને ભગવાન્ માની લીધો ! "હું વાસુદેવ !" - મનમાં વસી ગયું ! ભગવદિચ્છાથી નિરંતર આ ભાવના થઈ ! દેહથી પોતે વસુદેવનો પુત્ર હોવાથી, આત્માથી પણ વાસુદેવ છે, તેમ તેને દેહાત્મ-બુદ્ધિ થઈ ! ભગવાન્ સર્વરૂપ હોવાથી પોતે પણ તદ્રૂપ છે, તેવી બ્રહ્માત્મવાદ-બુદ્ધિ નથી થઈ ! તેણે કાશીવાસ કર્યો. **"काश्येव द्वारका प्रोक्ता कलौ नान्या कथञ्चन ।"**- કલિમાં કાશી જ દ્વારકા છે; તેવી તેને ભ્રાન્તકલ્પના થઈ ! કાશીરાજ સાથે તેણે મૈત્રી કરી. બાહ્યચિહ્નો પણ પ્રભુ જેવાં ધર્યાં. પોતે જ વાસુદેવ ! ત્યાં વળી દ્વારકામાં બીજા વાસુદેવ ક્યાંથી ? ! બ્રહ્મ તો એક અને અદ્વિતીય છે ને ! ભગવાનને સમુદ્રના કિલ્લામાં રહેવાનું ? ! - ભગવાનની મોહલીલાથી મોહ તેને થયો ! "હું જ વાસુદેવ," - તેમ માન્યું ! **"अज्ञः"**- અજ્ઞ છે ને ! તેને શાસ્ત્ર કે સ્વાનુભવની સમજ નથી. **"प्रस्तोभितो बालैः"**- અજ્ઞાનીઓએ કરેલાં પોતાના વ્યર્થવખાણ - પ્રોત્સાહન - સાંભળીને ફુલાય, તેને ફલ શું મળે ? ઈર્ષ્યા - અભિમાન - ઉદ્ધતાઈ અને અધઃપતન જ ને ! આવાને પણ કૃષ્ણ વિના કૃતાર્થ કોણ કરે ? લોકમાં માન મળે કૃષ્ણપણાથી, પ્રેમથી કૃષ્ણના બની જવાથી ! ઈર્ષા તો આડંબર અને અપરાધ કરાવે. પોતાનું નામ પૌણ્ડ્રક, તે પણ આવાં વખાણમાં તે વિસરી ગયો ! વિશ્વોદ્ધારક વાસુદેવ પોતાને માની બેઠો ! દૂત મોકલ્યો દ્વારકા. કહાવ્યું કૃષ્ણને, - હું જ વાસુદેવ, બીજો નહિ ! **"मिथ्याभिधां त्यज"**- "તમે વસુદેવ - પુત્ર વાસુદેવ ! એ વ્યર્થ નામ છોડો !"

વાસ્તવમાં, તો **"सत्त्वं विशुद्धं वसुदेवशब्दितम् ॥"**- વિશુદ્ધ-સત્ત્વ વસુદેવ કહેવાય છે. તેમાં પ્રભુ પ્રકટ થાય છે - વાસુદેવ, પરબ્રહ્મ ! લોક-વેદ-વ્યવહારમાં પિતાના પુત્રત્વથી નામ ન ગણાય, નહિ તો નામકરણ વ્યર્થ થાય ને ! "અમારાં ચિહ્નો છોડો. મારે શરણે આવો, નહિ તો મને યુદ્ધ આપો !"- દૂતના શબ્દ સાંભળ્યા. જીવો તો પ્રકટ પ્રભુને પણ પિછાને નહિ ! તેથી પોતાના પરિચય માટે તો પ્રભુ પોતાનાં ચિહ્નો ધરે છે. વૈષ્ણવો શંખચક્રાદિ - ચિહ્નો દાસભાવે ધરે છે ! દૂતવાક્યમાં વિનંતી ગૂઢ છે ને ! "આપ મારી પાસે પધારો !- **"एहि मां त्वं"**, શરણ આપો !" સાયુજ્ય, પ્રભુ પધારીને આપે, કૃપા થાય ને ! **"ममाहवम्"** - **"मम वं आह"**- "મને તે સુખ આપીશ તેમ કહો !"- સાંભળતાં સભામાં ભક્તોને તો કૌતુકરસ થયો. ભક્તોને તેના તરફ ક્રોધ થાય તો, તેને પરલોકમાં પણ શાંતિ ન મળે. છે જ આ તો પૌણ્ડ્રકને ! **"पुण्ड्रा हीनाः चाण्डालविशेषाः तद्भावादुत्पन्नः पौण्ड्रः । कुत्सितार्थे कप्रत्ययः ।"**- અધમ સ્વભાવથી જન્મેલામાં પણ અધમ ! દેહ અને અંતઃકરણથી પણ દુષ્ટ ! ભગવાને તો હસતાં ઉત્તર દીધો. **"उत्स्रक्ष्ये मूढ चिह्नानि ।"**- "હે મૂઢ ! હું ચિહ્નો છોડીશ !" જે ધર્મોથી મૂઢતા (પ્રાકૃતત્ત્વ-જીવપણું) દેખાય છે, - તે છોડવા, દિવ્યદર્શન દેવા કૃપાલુ કૃષ્ણ કહી રહ્યા છે ! **"भविता शरणं शुनाम् ।"**- "તું શ્વાનને શરણ થશે !" મરણસંદેશ દીધો, પણ દેહભાવ દૂર થતાં, મોક્ષ પણ નિઃસંદેહ સૂચવી દીધો !

સુદર્શન દ્વારા કાશીદહન !:

દૂતે સંદેશ દીધો પૌણ્ડ્રકને ! કૃષ્ણ કાશી પાસે પધાર્યા. કૃપાલુ છે ને ! કાશીમાં કૃષ્ણ પધારે તો શૈવપુરી પણ ન રહે ને ! પૌણ્ડ્રક યુદ્ધમાં આવ્યો, શંખ-ચક્ર સહજ ભુજમાં ધરેલાં; ગદા - ધનુષ્ય

કૃત્રિમભુજમાં ! કૌસ્તુભ જેવો મણિ કણ્ઠમાં ધરેલો ! પીળું - રેશમી પીતાંબર ધરેલું, ગરુડધ્વજ તેનો રથ ! ભગવાનના વેશથી આવેશ તેવો રહે ને ! ધ્યાન પણ થાય ને ! આ જોઈને હરિ હસ્યા. ક્ષણમાં સેનાને હરાવી. બોલ્યા, - "મૂર્ખ ! ખોટાં ધરેલાં મારાં ચિહ્નો છોડાવીશ !" - સારૂપ્યમુક્તિથી સાચાં દેવાનું સૂચવી દીધું ! યુદ્ધદોષે સાયુજ્ય નથી દેવાનું ! શરણે આવે તો સાયુજ્ય પણ આપે ! ભગવાને ચક્ર ચલાવ્યું. મસ્તક છેદ્યું. ભક્તમાં પણ મત્સર હતો, માટે મર્યો; છતાં તન્મય થયો, પાર્ષદ થયો ! પ્રભુના પ્રમેયબલથી મુક્તિ મળી, ગમે તે રીતે પણ ચિત્ત તો કૃષ્ણમાં હતું ને ! તેની મદદે આવેલા કાશીરાજનું મસ્તક બાણથી કૃષ્ણે કાશીમાં ફેંક્યું, શિરથી શિવની કમલપૂજા થાય ને ! પ્રભુ દ્વારકા પધાર્યા. કાશી-તીર્થ કૃષ્ણરત થયું ! તીર્થ કે દેવ કે કોઈ પણ જીવ, ભગવાનની સંમતિ વગર, ભગવાનના કે ભક્તના વિરોધીનો પક્ષ લે, તો નષ્ટ થાય ! પ્રભુવિરોધીનો પક્ષ કરવાથી કાશીરાજ મર્યો, મુક્તિ ન મળી ! કાશીદહન થયું, અગ્નિનો પરાભવ થયો ! અન્ય કોઈની ભક્તિ પણ બચાવી શકે નહિ ! ભગવાનની સંમતિથી તો, દેવોએ અમૃતમથનમાં દૈત્યો સાથે સંધિ કરેલી, વિદુર કૌરવપક્ષમાં રહેલા, છતાં ભક્ત કે ભગવાનનો વિરોધ કર્યો ન હતો ! કાશીરાજનો પુત્ર સુદક્ષિણ. તે બહુ દક્ષિણાવાળા યજ્ઞથી જન્મેલો ! તેણે વૈર વાળવા એકાગ્રચિત્તે મહેશ્વરનું આરાધન કર્યું. કાશીમાં તો, મહાદેવને બ્રહ્માનું પાંચમું મસ્તક છેદવાથી થયેલ બ્રહ્મવધમાંથી, નારાયણનાં વચન પ્રમાણે મુક્તિ મળેલી ! "દક્ષિણાગ્નિમાં હોમ કરતાં, તે અગ્નિ અબ્રહ્મણ્ય પ્રતિ યોજતાં, સંકલ્પ સિદ્ધ કરશે." રુદ્રે કહ્યું "अग्नये रुद्रवते..।"- શ્રુતિ છે. કૃષ્ણ તો બ્રાહ્મણના પણ ફલરૂપ, બ્રાહ્મણહિત કરનારા-બ્રહ્મણ્યદેવ ! દક્ષિણાગ્નિમાંથી ભયંકર અગ્નિ પ્રકટ્યો. દ્વારકા આવ્યો. દ્વારકાવાસીઓ ગભરાયા ! ભગવાને કૃપા કરી. ચક્રને આજ્ઞા કરી. ચેતન છે તે પણ ! ચાલ્યું. મહાદેવની કૃત્યા-અગ્નિ-પીડાઈને કાશી નાસી ગયાં. સુદક્ષિણ અને પૂજક બ્રાહ્મણોને બાળ્યા ! દોષ તેમનો ને ! કૃષ્ણ તો નિર્દોષ ! કાશીમાંથી આસુરદોષ દૂર કર્યો. ચક્ર તો પ્રભુ પાસે આવ્યું. અક્લિષ્ટકર્મા કૃષ્ણ ! આ કથામાં અધર્મ નથી, પ્રભુનું પરાક્રમ છે ! અવજ્ઞા વગર આ સાંભળે, - સંભળાવે, તે પાપમુક્ત બને. ભક્તની જેમ ધાર્મિકનું પણ કથા કલ્યાણ કરે !

અધ્યાય : ૬૭

રામાવતારના ભક્ત દ્વિવિદે દુ:સંગથી અપરાધ કરતાં બલરામજી દ્વારા વધ ! :

દ્વારકામાં બલરામજી હતા નહિ ને ! તેથી પૌણ્ડ્રકે આ ઉદ્ધતાઈ કરી, - "नन्दव्रजं गते रामे ।"- બલરામમાં આવેશ છે, - ભગવાનનો ! તે રીતે પણ ભગવાન્ ! બલરામજીમાં આસક્ત ગોપીજનનો નિરોધ કરે છે. નિરોધલીલામાં તેથી શક્તિવિભાગ પણ સાર્થક થાય ને ! આ લીલા ગુપ્ત છે ! પ્રકટલીલા પછી છે ! રાજાએ અલૌકિક બલરામ-ચરિત વિશેષ પૂછ્યું. તે રીતે આવેશથી લીલા કરે છે તો કૃષ્ણ જ !

શ્રીશુકે કથા કહી. નરકનો કોઈ મિત્ર, દ્વિવિદ વાનર. "द्विधा वित् ज्ञानं यस्येति ।"- દ્વિધા-જ્ઞાન-સ્વભાવ તેનો ! રામાવતારમાં તે ભક્ત, સુગ્રીવનો મંત્રી. અત્યારે દુ:સંગથી થયો દુષ્ટ ! દુ:સંગ તો ભક્તને પણ દુ:ખદ બને, દુષ્ટતા તેથી આવે, ધૃષ્ટતા પણ કરે ! મિત્રનું વૈર વાળવા દેશને દુ:ખ દેતો દ્વિવિદ આવ્યો. દશ હજાર હાથી જેટલું તેનું બલ ! દુષ્ટ તો સૌને પ્રયોજન વગર પણ પીડે. ભયથી લોકો ભયપ્રદને સ્મરે, ભગવાનને નહિ; તો "કીટભ્રમરન્યાયે" તદ્રૂપ બને, ભગવદ્રૂપ નહિ !

ભગવાને નરકને માર્યો, સ્ત્રીઓ હરી; તેથી આ વાનર સ્ત્રીઓને દૂષિત કરતો. આ અસહ્ય-અપરાધ. લલિત-ગીત તેણે રૈવતક પાસે સાંભળ્યું. દોડતો આવ્યો. સર્વાંગસુંદર બલભદ્રને જોયા. તેમાં બલ તો હતું, પણ ભદ્ર માટે ! આનું તો અભદ્ર માટે ! વાનરમાં વિવેક ક્યાંથી હોય ? ઉદ્ધત થયો. રામે ઉપેક્ષા કરી, દૂર કરવા પથ્થર ફેંક્યો. તેણે રામને ગુસ્સે કર્યા. જલક્રીડા પછી પહેરવા રાખેલાં વસ્ત્ર ફાડ્યાં. દેશનું દુઃખ દૂર કરવા બલરામે હલ-મુસલ ધર્યાં. પ્રચંડ પ્રહાર કરતા દુષ્ટને હાથથી માર્યો ! "જય", "નમઃ" - સૌ દેવાદિ પોકારી ઊઠ્યા, પુષ્પવૃષ્ટિ કરી. દુષ્ટોને દૂર કરીને, દેશહિત તો દેશનેતા કરે જ ને ! દ્વારકામાં દેશપ્રેમી બલરામજી પધાર્યા.

અધ્યાય : ૬૮

લક્ષ્મણાને લેવા ગયેલા સામ્બને છોડાવતાં બલરામજી દ્વારા હસ્તિનાપુરનું કર્ષણ ! વર - કન્યા સાથે દ્વારકામાં ! :

ત્રણ રામનાં ચરિત અને ત્રણ કૃષ્ણનાં ચરિત કહીને; છ ગુણનો વિભાગ સ્પષ્ટ કહ્યો છે. વિશ્વના દોષની નિવૃત્તિ પણ રામ કરે છે. સાધનરૂપ રામ અને ફલરૂપ કૃષ્ણ ! વ્રજમાં યમુનાકર્ષણ રામે કર્યું; હવે, ગંગામાં નગરને નાખવાનું પરાક્રમ પણ કરે છે ! દુષ્ટને દંડ અને શિષ્ટોને શિક્ષા પણ દેશનાયક તો દે ને ! દુર્યોધનની દીકરી - લક્ષ્મણા. **"लक्षणैर्विशिष्टेति लक्ष्मणा ।"**- સર્વ સુલક્ષણ-સંપન્ન કન્યા ! જામ્બવતીના પુત્ર સાંબે સ્વયંવરમાંથી તેને હરી. કૌરવો કોપ્યા. પાંડવો પણ કૌરવો ખરા, કુરુના વંશજ ને ! ભીષ્મ વગેરે તેમાં ભક્ત છે, છતાં શાસ્ત્રપ્રમાણ વિના ભગવદીયોને પણ માને નહિ તેવા,- મર્યાદારૂઢ ! માન્યું તેમણે, - "કન્યાની કામના નહિ, છતાં હરી !" કર્ણ, શલ્ય, ભૂરિશ્રવાનો ભાઈ ભૂરિ, યજ્ઞકેતુ, દુઃશાસન અને દુર્યોધન; એ છએ મળીને એકલા સિંહ શા સમર્થ સાંબને પકડ્યા. નિપુણરીતે લડતા સાંબના શૌર્યને બિરદાવ્યું, તેના શ્રવણે સાંબ શિથિલ થયા. સાચાં હોવા છતાં, વખાણ તો વિષ જેવાં ! વિજ્ઞને પણ વિકલ બનાવે, સમર્થને પણ શિથિલ બનાવે ! નારદજી દ્વારા ઉગ્રસેને આ બંધન જાણ્યું. યાદવસૈન્ય જાય, ત્યાં તો રામ તૈયાર થયા ! કલહ ટાળવા કૃષ્ણ તો મૌન છે ! ઉષાહરણમાં અપરાધ હતો સામાનો, અહીં તો ગણાય સાંબનો ને ! રામ કૌરવ-પક્ષપાત કરવા નથી આવતા ! સરલતાથી સમાધાન ન થાય, તો સામર્થ્યથી પણ થાય ! સાધનશક્તિ રૂપ રામ નીતિ-શાસ્ત્રાનુકૂલ છે, ફલશક્તિ રૂપ કૃષ્ણ પુષ્ટિમાર્ગાનુકૂલ છે !

રામે હસ્તિનાપુર બહારથી ઉદ્ધવજીને આદેશ લઈને મોકલ્યા. ધૃતરાષ્ટ્ર તો ગન્ધર્વ,- દૈત્યા-વેશવાળો દેવાંશ છે. સૌએ રામને સત્કાર્યા, પણ આદેશ અવગણ્યો. સામાન્ય લાગે છે ને આ ! મહાપુરુષોને તો લોકો પૂજે, પણ તેમના ઉપદેશ પ્રમાણે આચરણ ન કરે, તે તો અવજ્ઞા જ ગણાય ને ! વિદ્યા, ધન, સત્તાનું અભિમાન ભાન ભુલાવે, અભિમાન જાય તો સાચું ભાન થાય ! અભિમાન ભગવાનની પણ અવગણના કરે ! નગરને ગંગામાં ફેંકવા કોપથી હલધરે હલ ઉપાડ્યું, ખેંચ્યું, જલમાં ઘૂમતી હોડીની જેમ નગર આખું ઘૂમ્યું ! ઘૂમતાં ઘર વિજ્ઞાને શોધ્યાં હશે, આ તો સ્થિરનગરને ઘુમાવતું પરાક્રમ છે ! શરણે સૌ આવ્યા. સુંદર કન્યા-વર અને ખૂબ કરિયાવર લાવ્યા. નમ્યા રામને ! માગી ક્ષમા. શિક્ષા મળી ગઈ. રામે અપરાધીને અભય આપ્યું, નહિ તો જગતમાં અપરાધીનો ઉદ્ધાર ક્યાંથી

થાય ? ! દ્વારકામાં રામ પધાર્યા. ગંગાનો દક્ષિણ તરફનો ઊંચો કિનારો રામનું પરાક્રમ સૂચવે છે. ભાગવતકથા કહેતી સમયે તેમ હતું. અત્યારે તો તે નગર ગંગામાં ડૂબી ગયું છે.

અધ્યાય : ૬૯

અદ્‌ભુત દ્વારકામાં કૃષ્ણના અદ્‌ભુત ગૃહસ્થાશ્રમનું નારદજીએ કરેલું દર્શન !:

સાત્ત્વિકોમાં મુખ્ય નારદજી ! આસક્તિ તો પ્રભુમાં તેમને છે, પણ પ્રપંચવિસ્મૃતિ તો કૃષ્ણ-લીલાથી થાય ને ! પ્રકીર્ણ કથા છે, તેથી સંગતિ જરૂરની નથી; છતાં નારદજી આવેલા દ્વારકામાં સાંબના સમાચાર દેવા. ત્યાં સાંભળી નરકાસુરવધકથા અને કૃષ્ણના વિવાહની વિચિત્રવાર્તા ! શાસ્ત્ર-નજરે ભગવાન્ નિર્દોષ ! પ્રભુ પુત્રરૂપ નરકને મારીને સ્ત્રીઓ ત્યાંથી લાવ્યા, - તેમ લોકો કહે ! આવો વિરોધ કેમ ? નજરે જોવા નારદે ઈચ્છ્યું. નરકવધ માત્ર તો નારદજી યોગદૃષ્ટિએ પણ જાણે છે; પણ તેના અંતઃપુરમાંની સ્ત્રીઓ સાથે કૃષ્ણવિવાહ તો આજે સાંભળ્યો ! સ્વચ્છન્દચરિત યોગથી ન સમજાય ! અક્લિષ્ટચરિત તો નારદે ભક્તિશાસ્ત્રમાં સાંભળ્યાં પણ છે, પણ આ ચરિત ઋષિયોએ પૂર્વે વિચાર્યું નથી ! તેથી થઈ ભક્ત નારદજીને લૌકિક-દૃષ્ટિ ! ભગવાન્ જ તે તો દૂર કરે ને ! એક જ ક્ષણે, અનેક રૂપે, અનેક સ્ત્રીઓ સાથે વિવાહ તો કરે, પણ તે રૂપો તો જુદા જુદા અવતાર ગણાય ને ! તો તે બધાં સ્ત્રી કૃષ્ણપત્ની કેમ ગણાય ? એકનાં જ અનેક રૂપ પૂર્વાવતારમાં પ્રસિદ્ધ નથી ! એક કૃષ્ણ સાથે અનેકનો વિવાહ ! લાગે છે વિચિત્ર ! તો તો સૌને-ભક્તોને-ઘરમાં પ્રભુ મળે ! દર્શને પણ જવું ન પડે ! નજરે જોવા ઈચ્છે છે- નારદજી ! જુએ તો જણાય ને ! "एकेन वपुषा"-સ્વરૂપ એક જ છે, માયિક નથી, સ્વરૂપ પણ બ્રહ્મરૂપ જ છે. વિવાહ તો અવતાર રહે ત્યાં સુધી રહે, માત્ર પ્રદર્શન નથી !

વન-જલ-સ્થલ રૂપ દ્વારકાની અદ્‌ભુત શોભા નારદે જોઈ. "प्रासादलक्षैर्नवभिः ।"- નવ લાખ તેમાં મહેલો છે ! વિવિધ વિપુલ વૈભવો તેમાં છે. સુવર્ણ-રત્ન તો સર્વત્ર સામાન્ય છે ! ભગવાનના અંતઃપુરમાં તો ઈન્દ્રાદિ-દેવોના પણ પૂજનમાં વપરાતાં દુર્લભ રત્નો ભૂમિમાં જડેલાં છે ! લૌકિકથી લૌકિકપણાથી બુદ્ધિ સ્થિર થાય, પછી લૌકિકાંશ દૂર થાય, પદાર્થ તો તે જ રહે ! આ તો વૈકુણ્ઠ રૂપ અલૌકિક ભગવદ્ધામ છે ને ! અન્ય અવતારમાં તો લક્ષ્મીનો પણ અવતાર હોય, મૂલરૂપ લક્ષ્મી ન હોય ને ! પ્રભુના એક મહેલમાં સોળ હજાર મહેલ રાણીઓના છે ! પાસેના એકમાં નારદજી પેઠા ! જેમાં જાય, તે જ મહેલ મુખ્ય લાગે છે ! પ્રભુએ પક્ષપાત કર્યો નથી. પ્રવાલના સ્તંભ ઉપર રચેલા એ મહેલો ! આધુનિક વિચારે, બીમ અને કોલમની રચના ! ઈન્દ્ર-નીલમણિની ભીંતો ! મોતીનાં તોરણ ! રત્નદીપક ! હાથીદાંતના રત્નજડિત આસનો - પલંગો, સંપૂર્ણ અલંકૃત દાસદાસીઓ; સુંદર નાચતા મણિમય મોર ! ચામરથી વાયુ-વીજન કરતાં રાજરાણી ! હજારો દાસીઓ છતાં સેવા તો દાસીભાવે પોતે જ કરે છે ! રાત્રે આવ્યા લાગે છે, - નારદજી ! નારદે લૌકિક-બુદ્ધિથી કૃષ્ણને જોયા; ભગવાને તેવી રીતે જ વ્યવહાર કર્યો ! નારદને જોતાં જ ઊભા થયા. નમ્યા ! પ્રિયાજીના પર્યંકમાં, પોતાના આસને બેસાડ્યા. ચરણ ધોયા. જગદ્‌ગુરુ કૃષ્ણ તો સૌને સદ્ધર્મ શીખવે છે, - સ્વસદાચરણથી ! વિપ્રને તો વિશેષ વિનયથી આદર દેવાય. કૃષ્ણ તો બ્રહ્મણ્યદેવ છે. પ્રભુના ચરણજલરૂપ ગંગામાં સાડાત્રણ કરોડ તીર્થો, છતાં તે ભગવાને વિપ્રનું ચરણજલ મસ્તકે ધર્યું ! સ્વધર્મ નારદમાં, નારદ-ધર્મ પોતામાં

પધરાવ્યા છે ! પ્રભુ અનિરુદ્ધાંશ રૂપે ધર્મ- સ્થાપન, વિપ્રસમ્માન તો કરે ને ! માધવે મધુરવાણીમાં સ્વાગત કર્યું. નારદે લોકશિક્ષા દેતા પ્રભુને અભિનંદન દીધાં. દુષ્ટને દંડ, અંતર્યામી રૂપે સર્વસખ્ય અને સદ્ધર્મ-સ્થાપન તો ભગવાન્ કરે જ ને!

સંસાર - કૂપ - પતિતના ઉદ્ધાર રૂપ કૃષ્ણ-ચરણનું શરણ ! :

दृष्टं तवाङ्घ्रियुगलं जनतापवर्गं ब्रह्मादिभिर्हृदि विचिन्त्यमगाधबोधैः ।
संसारकूपपतितोत्तरणावलम्बं ध्यायंश्चराम्यनुगृहाण यथा स्मृतिः स्यात् ॥ (१८)

ભગવાનના ચરણનું તો અગાધ-જ્ઞાનવાળા બ્રહ્મા વગેરે માત્ર ચિંતન કરે, સાક્ષાત્ તો તેમને પણ દુર્લભ ! "संसारकूपपतितोत्तरणावलम्बम् ।"- સંસારના કૂવામાં પડેલાઓ માટે તો, આ ચરણ જ એકમાત્ર બહાર નીકળવાનું સલામત, સરલ, સફલ સાધન ! શ્રીગોપીજન પણ કુરુક્ષેત્રમાં આવું કહે છે ને ! સંસારમાં ગમે તેવા કે ગમે તેટલા અનુભવ મળે, લોકો તેથી પોતાને પક્વ માને, પણ તે તો છેવટે કૂવામાંના અનુભવો છે ! કૂપમંડૂક-દશામાં હોવા છતાં અજ્ઞાન લોકો તેનાથી ફુલાય છે ! આવા વ્યર્થ અનુભવોથી તો ખંધાઈ આવે, તેને પક્વતા માને છે ! કૃષ્ણચરણાશ્રયથી જ સંસારકૂપની બહાર નીકળાય, ભગવાનનો (સાક્ષાત્કાર) સાનુભવ મળે, તે જ સાચો કૃતાર્થ કરનારો અનુભવ છે ! કૃષ્ણચરણ અક્ષરબ્રહ્મ રૂપ પણ છે, તેથી આત્મ - પરમાત્મ - સાક્ષાત્કાર પછી બાકી ન રહે ! ચરણદર્શન થાય પછી કયું જ્ઞાન બાકી રહે ! સૌ જનને પણ મોક્ષ દે, તે ચરણ સુજન અને સ્વજનને શું ન દે ? આ લોક અને પરલોકના ફલથી પણ તે તો ઉત્તમ ! બ્રહ્માદિને તે દુર્લભ, સુલભ અન્યને ક્યાંથી થાય ?! ભક્તિમાર્ગ રૂપ આ ચરણ જ છે. સંસારકૂપમાંથી બહાર નીકળવાનાં કોઈ પગથિયાં કે પાંખો જીવ પાસે નથી ! કર્મવેલ તો સંસારના કૂવામાં જ પાંગરે છે ને ! બહાર તે કેમ કાઢે ? જ્ઞાન તો દોરડા શું ! (પ્રભુના) આધાર વગર તે પોતે પણ કૂવામાં પડે, તો બીજાને બહાર શું કાઢે ? કૃષ્ણચરણનું શરણ તો કર્મ, જ્ઞાન અને ભક્તિમાર્ગમાં પણ અનિવાર્ય છે; છતાં સ્મૃતિ તેની સૌને રહેતી નથી ! અવરોધો અનેક આવે છે. કૃપા કૃષ્ણ કરે, સદૈવ તેમનાં ચરણકમલની યાદ રહે, તો ફરિયાદ જીવનમાં કાંઈ જ ન રહે ! ચરણધ્યાન કરનાર સર્વત્ર ફરે, છતાં તે નિર્ભય રહે !

આ કૃપા યાચીને નારદજી વિદાય થયા, છતાં કૃષ્ણની યોગમાયાનો વૈભવ જોવા બીજાં ભવનોમાં ગયા ! સર્વત્ર સ્વાગત કરતા, ૨૮ પ્રકારે ગૃહસ્થ-ધર્માનુકૂલ વિવિધ લીલાવિહાર કરતા, કૃપાનિધિ કૃષ્ણ મળ્યા ! તત્ત્વ ૨૮ ને ! છેલ્લે સંતોને શોધતા - સેવતા પ્રભુ મળ્યા ! નારદ શરમાયા ! નમ્યા. કૃષ્ણ યોગબલથી સર્વ કરે છે, - તેમ નારદજી સમજ્યા ! મધ્યમાધિકાર છે ને ! "योगमायोदयं वीक्ष्य"- યોગની આધિદૈવિકી દેવતા યોગમાયા ! ભગવાનની તે શક્તિ ! અચિન્ત્ય ભગવદૈશ્વર્યનું પરિજ્ઞાન નારદજીને થયું, અજ્ઞાન રૂપ દોષ ગયો ! ભગવાન્ જ અનન્ત રૂપવાળા છે, તે તો ઉત્તમને સમજાય ને ! અધમને તો માયા જ લાગે ને ! ચરણસેવાથી યોગમાયા- સામર્થ્ય જાણીને, પ્રમેયબલ- શક્તિ છોડીને, નારદે યશોગાન કરતાં સર્વત્ર વિચરણ પ્રાર્થ્યું ! ભગવાને ધર્મોપદેશનું આચારથી લોકશિક્ષણ સમજાવ્યું. એક જ ભગવાનને અનેક રૂપે સર્વત્ર લીલા કરતા વિરાજતા જોયા ! નારદજી કૌતુક સાથે સંતુષ્ટ થઈ, ભગવાનને સ્મરતા વિદાય થયા. આ લીલા ગાય, સાંભળે, અનુમોદન દે, તેને પૂર્ણ પ્રભુમાં પ્રીતિ થાય !

અધ્યાય : ૭૦

ભગવાન્ બ્રાહ્મમુહૂર્તમાં જાગી, નિત્યકર્મથી નિવૃત્ત થઈને, સુધર્મા-સભામાં પધારે છે ! : ત્યાં નારદજી દ્વારા યુધિષ્ઠિરજીનો રાજસૂય-યજ્ઞથી વિભૂતિપૂજનનો પ્રસ્તાવ :

પ્રભુ પ્રમેયબલથી સૌને સ્વવશ કરે છે; તે કથા કહી. પ્રમાણબલથી ધર્મ વગેરે સાધનથી પણ તે તો સ્વવશ કરે છે; સ્વધર્માચરણ અને નીતિજ્ઞાન દ્વારા સ્વજનને સન્માર્ગ સુઝાડે છે. વૈભવભોગમાં પણ ધર્મરત રહેતાં ભગવાન્ શિખવે છે. ભગવાનનો નિત્યક્રમ પણ ધર્માનુકૂલ છે ! ગૃહસ્થાશ્રમ શ્રમ દૂર કરે તેવો બનાવતા ભગવાન્ પોતે જીવોને સ્વાચારથી શિખવે છે. ચિત્તશુદ્ધિ આહ્નિક-કર્મથી થાય, તેથી શરણાગતિ થતાં સફલ થવાય. બ્રાહ્મમુહૂર્તમાં અરુણોદયના આરંભે ભગવાન્ જાગે ! પ્રિયાને તે પ્રિય ન લાગે ! પ્રભુને સાનુકૂલ રીતે પક્ષી કૂજતાં હોય, ભ્રમર ગુંજતા હોય ! કૃષ્ણ-લાવણ્યદર્શન અને યશોગાન મળે ને ! ફલરૂપ પ્રિયપ્રભુથી દૂર થવાનું તો કર્મરહિત, ભક્ત રુક્મિણીજીને ન ગમે, છતાં પ્રભુ તો શય્યામાંથી જાગે, નિદ્રાત્યાગની લીલા કરે, અંતઃશુદ્ધિ માટે આત્મધ્યાન કરે ! ષડ્ગુણૈશ્વર્ય-યુક્ત બ્રહ્મ જ આત્મરૂપ છે. આ ધ્યાન કર્મના અંગરૂપ નથી. આ ધ્યાન પણ લીલા જ છે ! બાહ્યધર્મ કરતાં અરુણોદય સમયે, રાત્રીનાં વસ્ત્ર બદલીને, પ્રભુ ગોમતીજીમાં પધારીને સ્નાન કરે છે. તીર્થજલ લાવીને સ્નાન ન થાય ને ! સ્નાન પછી પ્રભુ નિર્મલ વસ્ત્ર ધરે, મૌન રહીને ધ્યાન કરે, અર્ધ્ય આપે, અગ્નિહોત્ર કરે; પછી સૂર્યોદય સુધી ગાયત્રી જપ કરે. સૂર્યોદય થતાં ઉપસ્થાન કરે; પોતાની જ કલારૂપ દેવ, ઋષિ, પિતૃ વગેરેનું પોષણ કરવા નિષ્કામભાવે તર્પણ કરે. સર્વશૃંગારવાળી વાછરડાવાળી, દૂધ, દેતી, **"बद्धं बद्धं"**- ગોષ્ઠ (ગોસ્થાન) જેટલી ગાયો, રેશમી વસ્ત્ર, મૃગચર્મ, તલ વગેરેનું દાન, અલંકૃત સુપાત્ર વિપ્રને વિભુ દેતા. વિભૂતિરૂપ - વૃદ્ધ - વિપ્ર વગેરેને વિભુ વંદન કરે ! સુવર્ણ વગેરેનો મંગલસ્પર્શ કરે, પછી સચ્ચિદાનંદ રૂપ ભગવાન્, વિશ્વના સંસ્કાર - ભૂષણ - માટે પોતે આભૂષણો ધરે ! તેજોમયતા માટે ઘૃતમાં અને કાન્તિ માટે દર્પણમાં જુએ ! દેવદર્શન પણ કરે ! સૌને યોગ્ય વિભાગ દે, પોતે ભોગ કરે, પછી ધર્મમય રથમાં વિરાજી સુધર્માસભામાં પધારે.

"सुष्ठु धर्मो यत्र ।"- સુંદર ધર્મ હોય ત્યાં, પ્રભુ પધારે ને ! સભા તો ધર્મનિર્ણય-સ્થાન, ભગવાનની મુખ્યતા હોય તે ધર્મ જ દૃઢ બને ! સિંહાસને પ્રભુ વિરાજે. નર્તન-કીર્તન થાય. બ્રહ્મજ્ઞ બ્રાહ્મણો સાચા ધર્મજ્ઞ, તે પણ ત્યાં વિરાજે. ત્યાં એક દૂત આવ્યો. જરાસંધે કેદમાં પૂરેલા ૨૦,૮૦૦ રાજાઓ. તેમની શરણાગતિનું નિવેદન કર્યું. અહંતા - મમતાનાં ૧૪-૧૪ સ્થાન. દશ ઈન્દ્રિય અને અન્તઃકરણ-ચતુષ્ટય ! હજારો - સેંકડો તેની વૃત્તિયો ! અભિમાનથી તેમને માનહાનિ રૂપ કેદ મળેલી. લોકો અવળાં કર્મ કરે, કલ્યાણમાં સાવધ ન રહે; પ્રભુએ કહેલાં કૃતાર્થ કરનારાં પૂજન-શ્રવણાદિ ન કરે, મનમાન્યું જીવવા સૌ ઝંખે, પણ ભગવાનનો અધિકારી કાલ કોળીઓ કરી જાય ! તેમાંથી કૃષ્ણ વિના કોને શરણે જવાય ? રાજ્ય તો દોષ રૂપ, છતાં રાજ્ય જતાં દુઃખ રાજાઓને થાય છે ! તે દુઃખ દૂર કરવામાં સાધન છે,- ભગવાન્ ! ત્યાં તો નારદજી આવ્યા. સ્વાગત સૌએ કર્યું. નારદે તો કૃષ્ણવૈભવ અનુભવ્યો છે ને ! **"यक्ष्यति त्वां मखेन्द्रेण राजसूयेन पाण्डवः ।"**- પાંડવ યુધિષ્ઠિરની રાજસૂય-મખથી (યજ્ઞથી) કૃષ્ણાર્ચનની ઈચ્છા નિવેદન કરી. સંપૂર્ણ સામર્થ્ય અને સમજ હોવા છતાં પણ, સર્વકાર્ય ભગવાન્ કે ભક્તની આજ્ઞા લઈને થાય, તો પ્રભુ જ તેમાં સફલતા આપે ! આધિભૌતિક યજ્ઞ ફલ

માટે, આધ્યાત્મિક શુદ્ધિ માટે અને આધિદૈવિક ભગવાન્ માટે હોય ! આધિદૈવિક યજ્ઞ "મખ" કહેવાય. "यज्ञो वै मखः ।"- શ્રુતિ છે. ભક્તકાર્યમાં ભગવાન્ જ પ્રતિબંધ દૂર કરવા પધારે ને ! દોષ રૂપ રાજ્ય પણ સુખદ બને, તે માટે રાજા યુધિષ્ઠિર રાજસૂય-યજ્ઞથી યજન કરવા ઈચ્છે છે, - ભગવાનનું ! તેમાં પણ ભગવાન્ સાધન બને છે ! ભગવાન્ સિવાયનાં સાધન વ્યર્થ જ છે ને ! ભગવાનનું ચરણજલ સ્વર્ગમાં મન્દાકિની, પાતાલમાં ભોગવતી અને પૃથ્વી પર ગંગા રૂપે સૌને પાવન કરે છે. ભગવાને ભૃત્ય ઉદ્ધવજીને મંત્રી રૂપે માન દેતાં મંત્રણા કરી. ઉદ્ધવે નમ્ર ઉત્તર દીધો.

અધ્યાય : ૭૧

મંત્રી ઉદ્ધવજીની સલાહથી પ્રભુ ઈન્દ્રપ્રસ્થ પધાર્યા, - ભક્તહિત કર્યું :

મુશ્કેલીમાં મંગલ-માર્ગદર્શનથી મૂંઝવણ દૂર કરે મંત્રી ! ઉદ્ધવે અભિપ્રાય સૌનો જાણ્યો. દૂત અને દેવર્ષિની વાત વિચારી. સ્વજનનો યજ્ઞ અને શરણાગત રાજાઓનું કાર્ય કરવામાં અંતરાય જરાસંધ ! તે જીતાય સહેલાઈથી - દ્વન્દ્વયુદ્ધમાં ! ભીમસેન તેમાં સમર્થ ! ભિક્ષામાં બ્રાહ્મણવેષે યુદ્ધ માગે, સમર્થ કૃષ્ણ કૃપા કરે, તો વિજય સુલભ બને ! દૈત્યવધમાં કપટ દોષ ન ગણાય ! પ્રભુ તે માટે પાંડવયજ્ઞમાં પહેલાં પધારે. આ સલાહથી સૌ સંતુષ્ટ થયા. દૂતને સાન્ત્વન દઈ વિદાય કર્યો. દેવર્ષિ પણ પધાર્યા. પ્રભુ સ્વજન અને સમાજ સાથે ઈન્દ્રપ્રસ્થ પધાર્યા. જીવ પાસે પ્રભુ કાર્ય કરાવે, કાર્ય સફલ કરવા સહાય પણ ભગવાન્ કરે; પોતે ફલરૂપ છતાં સાધનરૂપ પણ બને ! સાધન-પ્રકરણમાં સાધન અને તેની મર્યાદા પણ બતાવે ને ! સ્નેહથી સ્વાગત સૌનું પાંડવોએ વિધિપૂર્વક કર્યું. આહ્લાદ સૌને અત્યંત થયો. ઈન્દ્રપ્રસ્થમાં તો ઉત્સવ થઈ રહ્યો. પરમાનંદ રૂપ પ્રભુ પધાર્યા ! વધાવ્યા સ્નેહથી સૌએ ! રાજમંદિરમાં સૌને મળ્યા. પ્રભુ ચાર માસ ત્યાં વિરાજ્યા ! અર્જુન દ્વારા ખાંડવવન-દહન કરાવ્યું. તેમાંથી મયદાનવને બચાવ્યો. દિવ્ય માયાસભા રચાવી. સ્વજનસુખ માટે વિવિધ વિહારો કરતા વિભુ વિરાજ્યા !

અધ્યાય : ૭૨

રાજસૂય-યજ્ઞ માટે પ્રભુની સંમતિ : ચરણસેવાનો પ્રભાવ લોકો જુએ ! : ભીમ દ્વારા જરાસંધ -વધ :

દુષ્ટો દૂર થાય તો દુ:ખી લોકોને સુખ થાય, ભક્તોનાં કાર્ય પૂર્ણ થાય. ભગવાનની લીલા એક, પ્રયોજન અનેક ! એક મંગલ સમયે, સભામાં રાજા યુધિષ્ઠિરે, રાજસૂય-યજ્ઞથી ભગવદ્-વિભૂતિના યજનમાં અનુમતિ પ્રભુની માગી. ચરણસેવાનો પ્રભાવ લોકો જુએ ને !

तद् देवदेव भवतश्चचरणारविन्दसेवानुभावमिह पश्यतु लोक एषः ।
ये त्वां भजन्ति न भजन्त्युत वोभयेषां निष्ठां प्रदर्शय विभो कुरुसृञ्जयानाम् ॥ (५)

ફલદ છે,- ભગવાન્ ! ભજનરહિત કૌરવોને અને સૃંજયવંશના દ્રુપદે પક્ષ કરેલા ભક્ત પાંડવોને યોગ્ય ફલ પ્રભુ દે ને ! સેવનારને તો કલ્પતરુ શા કૃષ્ણ કૃતાર્થ કરે, વિકૃતિ તેમાં કાંઈ ન આવે ! લોકો સેવા-પ્રભાવને જુએ ! ભગવાને અનુમોદન દીધું. સામગ્રી સર્વ સિદ્ધ કરાવી. ચાર ભાઈઓ વિજયી થઈને આવ્યા. જરાસંધ જિતાયો ન હતો. ભીમ-અર્જુન,-કૃષ્ણ બ્રાહ્મણવેષે ગિરિવ્રજ-રાજગૃહ

ગયા. વૈશ્વદેવ વખતે દાનનું વચન માગ્યું, જરાસંઘે શંકા છતાં શૌર્યવશ દીધું ! ભગવાને વચનમાં દ્વન્દ્વયુદ્ધ માગ્યું ! જરાસંધે ભીમ સાથે ગદાયુદ્ધ આરંભ્યું. ભગવાને કૃપા કરી, ભીમને સામર્થ્ય અને શિક્ષા દીધી. પાંદડું ચીર્યું. ચતુર ચેત્યો ! ભીમે જરાસંધને ચીર્યો. ભગવાને જરાસંધના પુત્ર સહદેવને રાજ્ય દીધું. કેદ કરેલા રાજાઓને મુક્ત કરવા કૃપા કરી.

અધ્યાય : ૭૩

શરણાગત રાજાઓની જરાસંધ-કેદમાંથી મુક્તિ : કૃપા-કૃષ્ણની !

ક્રૂર-કેદમાં કષ્ટ પામતા હતા ૨૦,૮૦૦ રાજાઓ ! ૨૧૦૦૦ થતાં તો "પ્રમથનાથ-મખ"માં તેમનો વધ કરવાનો હતો. ૨૦૦ ખૂટતા હતા. દામોદરલીલામાં દોરડું બે આંગળ ખૂટતું હતું ને ! તેમાં ત્યાં તો, સહજ- સ્વામિત્વ અને નૈસર્ગિક - દાસત્વરૂપ બે ધર્મ બંધાનાર અને બાંધનારમાં અવરોધ રૂપ હતા, તેથી દોરડું બે આંગળ ટૂંકુ પડ્યું ! અહીં બંધાનારા ભગવદીય, શરણાગત છે ! બાંધનાર અસુર છે ! બંનેમાંના આ બે ધર્મના અવરોધથી ૨૦૦ રાજા ખૂટતા હતા ! ભગવદીયનો ભય તો ભગવાન્ દૂર કરે છે ! ભગવાને શરણાગત - દુઃખી રાજાઓને ચતુર્ભુજ રૂપે દિવ્ય - દર્શન દીધાં ! પ્રસન્ન સૌ થયા, સ્તુતિ કરી. ભયંકર સંસાર-દુઃખમાંથી છોડાવવા વિનંતી કરી. સંપત્તિથી અભિમાન આવ્યું, અધઃપતન થયું. ચરણશરણથી મરણભય ટળ્યો ! સ્મરણ તેનું સદા ઈચ્છ્યું, ભોગેચ્છા છોડી !

कृष्णाय वासुदेवाय हरये परमात्मने ।
प्रणतक्लेशनाशाय गोविन्दाय नमो नमः ॥ १६ ॥

શરણાગતના ક્લેશ દૂર કરતા, સુખ દેતા ભગવાનને નમન કર્યાં. છ ગુણજ્ઞાપક નામનો નિર્દેશ કર્યો. સ્તુતિથી પ્રભુ સંતુષ્ટ થયા. સ્વાભાવિક સ્મરણ થાય, - સુદૃઢ સ્નેહથી ! શરણાગત રાજાઓને પ્રભુએ સ્નેહ પ્રદાન કર્યો, - વરદાનથી ! સમૃદ્ધિના સદુપયોગ માટે તથા શ્રેયઃ માટે, પોતાનું યજન યજ્ઞાદિથી કરવા કહ્યું, અંતે સ્વપ્રાપ્તિનું વચન દીધું. સંતુષ્ટ સૌ રાજાઓને કર્યા, સંમાન દીધાં. ભગવાને જ્ઞાન અને રાજ્ય દીધાં. તે સૌને સ્વદેશ મોકલ્યા. પ્રમાદ છોડી પ્રભુપરાયણ તે થયા.પ્રભુ ઈન્દ્રપ્રસ્થ પધાર્યા. વિજયમાં કુશલતા કોઈની નહિ, કૃપા કૃષ્ણની હતી ! કૃપા કરે, ઉપકાર કરે, છતાં આભારના ભાર નીચે ભગવાન્ કોઈને કચડતા નથી ! ભીમને સામર્થ્ય દેવાની જાહેરાત કૃષ્ણે ક્યાં કરી છે ? ભક્તનો મહિમા ભગવાન્ વધારે છે ! યુધિષ્ઠિરે આ અનુગ્રહ જાણ્યો. તેને માણતાં મૌન થઈ ગયા, આનંદનાં માત્ર અશ્રુબિંદુ વહી રહ્યાં. કૃપાસિંધુને જાણે અર્ઘ્ય દઈ રહ્યાં ! ભારતીય સંસ્કૃતિની વિશેષતા છે કે, કોઈક ઉપકારનો ઉપકાર માત્ર વાણીમાં વ્યક્ત નહિ કરે, આભાર માનીને ભાર ઉતારી નહિ નાખે ! આભાર માનવા માટે નથી, માણવા માટે છે ! આભાર માને તો હોઠ હાલે, માત્ર વાણી-વિલાસ થાય, પરદેશની અસર હશે ! આભાર માણે તો હૈયું હાલે, અંતર અને આંખ ઉભરાય, નમે ! મૌન જ મધુર લાગે, ભારતની ભવ્યતા છે ! ઉપકારને હૃદયમાં રાખીને, સ્મરણથી તેનું સંવર્ધન કરે, સંરક્ષણ કરે.

અધ્યાય : ૭૪

ભવ્ય રાજસૂય-યજ્ઞમાં સર્વજ્ઞ-સમર્થ શ્રીકૃષ્ણનું અગ્રપૂજન : ગાળો દેતા શિશુપાલને પણ ચરણપ્રવેશ દેતા કૃપાલુ કૃષ્ણ ! :

ભક્તના જીવનની સર્વસફલતા તો ભગવાન્ પોતે સંપાદન કરે છે! ભક્તો તો આ ઉપકાર ઓળખીને સ્તવન ભગવાનનું કરે છે ! યુધિષ્ઠિરે મહિમા કૃષ્ણનો ગાયો. ભગવાન્ તો વિશ્વવન્ધ ! તેમના ભક્તોમાં ભેદબુદ્ધિ ન હોય ! ભક્ત રાજાએ માઘ-માસમાં રાજસૂય-યજ્ઞનો આરંભ કર્યો. બ્રહ્મવાદી બ્રાહ્મણોને બહુ માનથી બોલાવ્યા. દ્વૈપાયન, ભારદ્વાજ વગેરે ઉત્તમ ૩૦ ગણાવ્યા છે. બીજા તો અનેક છે. રાજાઓ પણ સપરિવાર આવ્યા છે. બ્રાહ્મણોએ સુવર્ણના હળથી યજ્ઞભૂમિનું કર્ષણ કર્યું. યજ્ઞમાં સુવર્ણનાં સર્વ-સાધનો છે. ઈન્દ્રાદિ દેવો, બ્રહ્માજી, મહાદેવજી વગેરે સૌ યજ્ઞમાં આવ્યા છે ! અન્યદ્વીપના લોકો પણ આવ્યા છે. વિધિપૂર્વક યજ્ઞ થાય છે. દક્ષિણાદાન-પ્રસ્તાવમાં રાજાએ સૌ સદસ્યોનું પૂજન કર્યું. "અગ્રપૂજન કોનું થાય ?" - વિચાર થયો. બ્રાહ્મણોમાં બ્રહ્મજ્ઞનું પૂજન પહેલાં થાય, યાજ્ઞવલ્ક્યની જેમ ! સામાન્ય જીવ પણ જે બ્રહ્મના જ્ઞાનથી પૂજ્ય બને, તે પરબ્રહ્મ પોતે જ પ્રકટ મહિમા સહિત વિરાજે, ત્યાં અનુકલ્પ કયો કરવો ! પણ તે રૂપે કૃષ્ણને જાણે કેટલા ? જ્ઞાનકલાવતાર, સર્વજ્ઞ સહદેવે કૃષ્ણપૂજનનો પ્રસ્તાવ કર્યો. વૈષ્ણવપતિ કૃષ્ણ ભક્તોને કાલભયમાંથી અભય આપવા અવતર્યા છે. તે નૈસર્ગિકરીતે સાક્ષાત્ સર્વદેવતા રૂપ છે. બીજાનું સર્વદેવપણું તો ગૌણ છે. ભગવાનના અંગરૂપ આધિદૈવિક-દેવોને જ યજ્ઞભાગ મળે છે. વિશ્વ ભગવદ્રૂપ છે, તેમ યજ્ઞ પણ ભગવદ્રૂપ છે. સ્કન્દપુરાણમાં મહાદેવજી સ્કન્દને કહે છે. "**परमो विष्णुरेवैकस्तज्ज्ञानं परमं मतम् । शास्त्राणां निर्णयस्त्वेषस्तदन्यन्मोहनाय हि ॥**"- એમ માત્ર ભગવાન્ કૃષ્ણ જ સર્વશ્રેષ્ઠ છે. તત્સંબંધી જ્ઞાન સર્વશ્રેષ્ઠ છે. આ જ શાસ્ત્રનો નિર્ણય છે. બીજું તો મોહ કરાવવા માટે છે ! પરબ્રહ્મ કૃષ્ણ એક અને અદ્વિતીય છે. માર્કણ્ડેયે પણ કહેલું છે,- "**सर्वेषामेव भूतानां पिता माता स माधवः । तमेव शरणं यात शरण्यं कौरवर्षभाः ।**"- હે પાંડવો ! સર્વપ્રાણીના પિતા, માતા તે માધવ છે. તે શરણ્યને જ શરણે જાવ !" કૃષ્ણને જ તેમણે વટપત્રમાં પોઢેલા જોયા છે ને ! કર્મપ્રેરક પણ કૃષ્ણ જ છે. આ પ્રત્યક્ષ પરબ્રહ્મનું જ પૂજન પહેલાં થાય. કૃષ્ણસેવાથી સૌ સંતુષ્ટ થાય, મૂલમાં જલસિંચનથી આખું વૃક્ષ પોષાય તેમ ! કૃષ્ણ તો નિર્દોષ, પૂર્ણગુણવિગ્રહ છે. વિપ્રોમાં વિદ્યાવૃદ્ધ અને ક્ષત્રિયોમાં સામર્થ્ય- સમૃદ્ધ માનાર્હ કૃષ્ણ જ છે ને ! સૌ સંમત થયા. સ્નેહ - વિકલ રાજા યુધિષ્ઠિરે ભગવાન્ કૃષ્ણનું પૂજન કર્યું, ઉત્સવ સૌને થયો, ત્યાં તો શિશુપાલે અવજ્ઞાના અપશબ્દો ઉચ્ચાર્યા ! વિભુનો વિરોધ કર્યો !

निन्दां भगवतः श्रृण्वंस्तत्परस्य जनस्य वा ।
ततो नापैति यः सोऽपि यात्यधः सुकृताच्च्युतः ॥ (४०)

ભગવાન્ કે ભગવદીયની નિંદા સાંભળતાં જ ચાલ્યો ન જાય તેનું પતન થાય ! નિંદકને દંડ દેવાય અથવા દૂર જવાય, જેવી પરિસ્થિતિ ! સભાસદો ચાલ્યા ગયા. પાંડવો સજા કરવા સજ્જ થયા. ભગવાને ભક્તદ્રોહીને દંડ દેવા ચક્ર ચલાવ્યું ! મસ્તક છેદ્યું. માનવમાં ગુપ્ત રહેલા દોષો દૈત્ય રૂપ, તે સત્કાર્ય શાંતિથી કરવા ન દે, વિઘ્નથી વિકલતા કરાવે; તો પણ ભગવાનનું યજન કે ભજન માહાત્મ્ય-

જ્ઞાન-પૂર્વક સુદૃઢ-સ્નેહથી જીવ કર્યા કરે તો ગુપ્ત-દોષો બહાર નીકળી જાય, દૈત્ય પ્રકટ થઈ જાય! શરણાગત ભક્તની સફલતા માટે ભગવાન્ તેનો વધ કરે, કાયમ માટે દોષો દૂર કરી દે! યજ્ઞભૂમિ સ્મશાનભૂમિ ન બને માટે, કૃષ્ણે મોક્ષ તેને પ્રત્યક્ષ દીધો! જીવને સાયુજ્ય મળ્યું, પ્રાણ-ઈન્દ્રિય દેહમાં છે, તેનો દાહ થતાં સ્મશાનભૂમિ ન થાય! "इहैव समवनीयन्ते ।"- શ્રુતિ છે ને!

चैद्यदेहोत्थितं ज्योतिर्वासुदेवमुपाविशत् ।
पश्यतां सर्वभूतानामुल्केव भुविखाच्च्युता ॥ (૪૫)

ભગવદિચ્છાથી, શિશુપાલના હૃદયમાં રહેલ અણુ જેટલા જીવનો જ્યોતિ રૂપે મોક્ષદાતા પ્રભુમાં પ્રવેશ થયો! ભગવાનના ચરણ રૂપ વ્યાપિવૈકુણ્ઠમાં વાસ મળ્યો. જીવસ્વરૂપનું દર્શન ત્રણ રીતે સંભવે,- (૧) યોગથી, (૨) ભગવાનનાં દર્શનવાળી દૃષ્ટિથી (૩) દિવ્યદૃષ્ટિથી! પ્રાકૃત - ઈન્દ્રિયથી તે ન દેખાય. હજુ વૈજ્ઞાનિકો જીવને કયાં જોઈ કે જાણી શક્યા છે ?! વૈરભાવે પણ નિરંતર સ્મરણથી આમ પાર્ષદ "જય" તન્મય થયો! અપમાન રૂપ લાગે તેવા અપશબ્દ બોલનાર, ઉત્કર્ષમાં અવરોધ લાગે તેમ વર્તનાર, અપરાધીનો પણ ઉદ્ધાર, ઉદાર કૃષ્ણ વિના કોણ કરે? રાજાએ ઋષિયોને ખૂબ દક્ષિણા દીધી. યજ્ઞ પૂર્ણ થયો. સ્નેહાગ્રહથી કૃષ્ણ કેટલાક માસ રોકાયા, પછી દ્વારકા પધાર્યા. રાજસૂય-યજ્ઞથી સૌ સુજન- સ્વજન સંતુષ્ટ થયાં, પણ દુષ્ટ દુર્યોધન દુભાયો. તે તો પાપ રૂપ કલિનો અવતાર! બ્રહ્મકલ્પથી તે સમય સુધીમાં કુરુવંશમાં થયેલા પાપનો અવતરેલો તે પુંજ! અદ્ભુત છે ભગવાનની લીલા!

અધ્યાય : ૭૫

રાજસૂય-યજ્ઞની સુવ્યવસ્થા!: બ્રહ્મણ્યદેવ કૃષ્ણ તો બ્રાહ્મણોનાં ચરણ ધુએ છે!: મય-સભામાં જલ- સ્થલ-ભ્રાન્તિથી ઈર્ષ્યાળુ દુર્યોધનનું પતન!:

જિજ્ઞાસુ રાજાએ દુર્યોધન દુભાયાનું કારણ પૂછ્યું. રાજસૂય-યજ્ઞ તો ભૂ-ભારહરણ-લીલામાં ઉપયોગી કાર્ય છે, - કૃષ્ણનું! લૌકિક-ભાષામાં યજ્ઞસમૃદ્ધિનું વર્ણન છે. ભીમસેન રસોડાના અધ્યક્ષ! તે રસોઈમાં નિપુણ અને ભોજનરસિક ખરો ને! સુયોધન કોષાધ્યક્ષ! તેના હાથમાં પદ્મચિહ્ન! પાંડવો પ્રત્યેની ઈર્ષાથી ખૂબ દ્રવ્ય વાપરે, છતાં ખૂટે નહિ! કાર્ય સોંપવામાં કુશલતા કૃષ્ણની ને! જ્ઞાની સહદેવ બ્રાહ્મણાદિનું પૂજન કરે. અશ્વિનીકુમારના પુત્ર નકુલને દ્રવ્યજ્ઞાન, તેથી તે દ્રવ્યસાધન સંભાળે. સેવાચતુર અર્જુન સત્પુરુષોની સેવા કરે! ભગવાન્ કૃષ્ણ ચરણપ્રક્ષાલન- સેવા કરે! બ્રહ્મણ્યદેવની આ અધિકતા છે ને! મહાનમાં સ્વાભાવિક હોય નમ્રતા! દ્રૌપદીજીના હાથમાં અમૃત! તે તો પીરસવાની સેવા કરે! ખૂબ ઉદાર કર્ણ-દાનાધ્યક્ષ! ઉદારતાથી આપે તો ભક્ત પાંડવોની કીર્તિ વધે ને! સૌ સ્વજનોને સુયોગ્ય વિવિધકાર્ય સોંપી દીધેલાં. વિશ્વાસુઓને યોગ્યતાનુસાર વિભાગથી વ્યવસ્થા સોંપવાથી, મોટા કામમાં પણ સરલતાથી સફલતા મળે. રાજસૂયયજ્ઞ પૂર્ણ થયો. વિપુલ વૈભવ દર્શાવતો અવભૃથ-સ્નાનનો ઉત્સવ થયો. બ્રહ્મઘોષ-પૂર્વક ગંગામાં યુધિષ્ઠિર-કૃષ્ણાજીનો અભિષેક થયો. વાદ્યો વાગી રહ્યાં. રાજસ્નાન થયાં. સૌએ સ્નાન કર્યાં. દિવ્ય રેશમીવસ્ત્ર ધરી, નારાયણ-પરાયણ રાજાએ સૌનું પૂજન કર્યું. સૌને વિદાય દીધી. પાંડવોની પ્રાર્થનાથી પ્રભુ વિરાજ્યા. કૃષ્ણકૃપાથી ધર્મપુત્ર કૃતાર્થ થયા! દુર્યોધનમાં યજ્ઞકાર્ય થઈ ગયા પછી અદેખાઈ આવી. અકળાયો. મયસભામાં

માયાથી ભાન ભૂલ્યો ! કાચ વગેરેથી સ્થલમાં જલ, જલમાં સ્થલની ભ્રાન્તિ થઈ ! અભિમાનથી, ક્રોધથી મયસભામાં આવનાર દુષ્ટને ભ્રમ થાય, તેવી દેવતારૂપ માયા, મયે ત્યાં સ્થાપેલી ! ઈર્ષાથી અકળાતો આવેલો અભિમાની દુર્યોધન જલમાં પડ્યો. કૃષ્ણની સંમતિ જોતાં, ભીમ અને રાણીઓ હસી પડ્યાં, મશ્કરી કરી ! અભિમાનીને અપમાન લાગ્યું. મશ્કરીમાંથી મુશ્કેલી ઊભી થતાં વાર શી લાગે ? અજાતશત્રુએ ઈચ્છા કૃષ્ણની સમજી મન મનાવ્યું. મૌન રહ્યા. ભગવાનને તો ભૂમિનો ભાર ઉતારવો છે ને ! સત્કાર્યમાં પણ સંમાન શોધે તેને વિકલતા વિના મળે શું ? દુર્યોધન મૌન રહીને, વૈરમગ્ન થઈને ચાલ્યો ગયો. યજ્ઞમાં પાછળથી પધારેલા બલરામજી પણ ભગવદિચ્છા જાણીને મૌન રહ્યા, નહિ તો વધ કરત ! ભગવાને જ પોતાને રોકાવાની પ્રાર્થના કરવા પાંડવોને પ્રેરેલા ! દયાળુ ભગવાન્ ભક્ત-રક્ષારત છે ને !

અધ્યાય : ૭૬

ક્રીડાનર-રૂપ ભગવાનની દ્વારકા પર, મહાદેવજીએ આપેલા યુદ્ધ-વિમાન સૌભથી, શાલ્વનું આક્રમણ :

શત્રુનાશ, યશ: અને અલૌકિક-સંપત્તિ રૂપ ફલ, સ્વતંત્રરીતે હવે બે બે અધ્યાયમાં કહેલાં છે. ભય કે દુ:ખ દઈને ભગવાન્ તે દૂર કરે, તેથી સૌ પ્રભુપરાયણ થાય ને ! ભક્તોના નિરોધ માટે ભગવાન્ ભય, દુ:ખાદિ પણ કરાવે ! સ્વજનને તો સદ્ભાવ છે, - શ્રીહરિમાં ! તેથી અન્યની ઈચ્છા જ નથી ! શત્રુનાશથી સુખ તેમને દીધું. અંશાત્મક રામની કીર્તિની કામના કૃષ્ણે પૂર્ણ કરી ! મિત્ર સુદામા-પત્નીની સંપત્તિની સ્પૃહા સંપૂર્ણ કરી ! પ્રભુના પરોક્ષમાં દ્રવ્યમાં દૃષ્ટિ રહે તો જીવ સંમુખ હોવા છતાં પણ સંપત્તિ સ્વીકારે ! **"अथान्यदपि कृष्णस्य श्रृणु कर्माद्भुतं महत् ।"**- શ્રીશુકે માર્મિક-પ્રસ્તાવ કર્યો છે ! ભગવાનનાં અદ્ભુત-કર્મ તો અનેક છે. આ તો ચરિત પણ અદ્ભુત છે ! ભગવદંશ હોવા છતાં જીવ કરવા કાંઈક ઈચ્છે અને થાય કાંઈક બીજું જ ! અદ્ભુત છે ને આ પણ ! આ વિશ્વ જ અદ્ભુત- ચરિત છે, ભગવાનનું ! ધર્મ માટે મથતાં માનવ અધર્મ આચરે ! અર્થ માટે મથતા લોકો અનેક અનર્થ કરે ! કામ માટે મથતા જનો નકામા બની જાય ! માનવ મોક્ષની મથામણ કરતાં બંધન ઊભાં કરે ! સુખ માટે સૌ પ્રયત્ન કરે, મળે તો તેમાં પણ દુ:ખ ! ભગવાનના અનુસંધાન વગરનાં બધાં કામમાં આવો વિરોધ જ દેખાય છે ને ! ફલરૂપ ભગવાન્, પણ લાલસા-રત લોકોને તો સાધન રૂપ જ લાગે છે ને ! સુખ રૂપ ભગવાન્ પ્રત્યક્ષ મળે, દર્શન થાય, - તે ફલ; છતાં લોકો તેમની પાસે માગે, - ઈચ્છે, કાંઈક વરદાન ! તે દ્વારા ઈચ્છે લૌકિક કે પારલૌકિક-સુખ, જેમાં અંતે છે તો દુ:ખ ! વરદાનમાં "દાન" મળે, પણ "વર" તો જાય ને ! પ્રભુ પ્રસન્ન થાય તે ફલ; લોકો પ્રસન્ન થયેલા પ્રભુ પાસેથી માગે કાંઈક ફલ ! પ્રસન્ન થયેલા ભગવાનને બનાવે સાધન ! માને પોતાને સફલ ! બને અંતે નિષ્ફલ ! છે ને આ બધું અદ્ભુત ! ! ભગવદીયોએ તો આ રહસ્ય સમજીને સેવા વગેરે કરવાં. પ્રભુ પ્રસન્ન થાય- પ્રાપ્ત થાય, તે જ ફલ !

"क्रीडानरशरीरस्य"- નરનું સુખ તો નરક ! તેમાં લીલાસંભવ ક્યો ? છતાં ભગવાને લીલા કરવા નર જેવું સ્વરૂપ પ્રકટ કર્યું છે ! મહત્-અદ્ભુત છે આ ચરિત ! માયિક-નગર-સૌભ, તેનો સ્વામી શાલ્વ. રુક્મિણીહરણમાં તે આવેલો - હારેલો. તેણે વૈર વાળવા એક મુઠ્ઠી ધૂળ ખાઈને પશુપતિનું

આરાધન કર્યું ! ભગવાનથી વિમુખ થાય તે પોતાને હાથે જ ધૂળ ફાકતો થાય ને ! મહાદેવે વર્ષ સુધી કૃષ્ણાભિપ્રાયની રાહ જોઈ ! અદ્ભુતચરિત ભગવાનનું ! ન સમજાયું શંકરને ! દયાળુએ દયા કરી ! શાલ્વ શરણાગત છે ને ! મહાદેવે મય પાસે યાદવોને ભયપ્રદ નગર રચાવ્યું-સૌભ ! "सुष्ठु भा येषां ते सुभास्तेषां सम्बन्धिपुरं सौभम् ।"- પોલાદમાંથી બનાવેલું, - "अयस्मयम् ।" ઈચ્છાનુસાર જતા, અંધકારમય યાનમાં શાલ્વ દ્વારકા આવ્યો. છે ને વિજ્ઞાન ! પીડવાનો પ્રારંભ કર્યો. પ્રતિકાર માટે પ્રદ્યુમ્ન પધાર્યા. અદ્ભુત યુદ્ધ થયું. પ્રહારથી પ્રદ્યુમ્ન પીડાયા !

પ્રદ્યુમ્ન કામદેવ રૂપ. શાલ્વ અને તેના સેનાપતિ ધુમાનમાં શંકરનો આવેશ થયેલો ! તે ભક્ત શંકરનો ને ! શંકર તો કામદેવને જિતનાર, તેથી થયો આવો વિજય ! સન્માન સાચવ્યું શંકરનું ! દુઃખ પછી સુખ મળે તો સુમધુર લાગે ને ! તેથી પ્રભુ થવા દે છે, - દુઃખાનુભવ ! સારથિએ સ્વધર્મ કર્યો. રણમાંથી પ્રદ્યુમ્નને દૂર લઈ ગયો !

અધ્યાય : ૭૭

સર્વસમર્થ ભગવાને માયાવી સૌભ - શાલ્વને નષ્ટ કર્યાં ! ભગવાનને ભ્રમ ન હોય !

સ્વસ્થ પ્રદ્યુમ્ન યુદ્ધમાં પુનઃ પધાર્યા. પલમાં પ્રાણ લીધા - પ્રહાર કરનાર શાલ્વમંત્રી ધુમાનના ! "त्रिणवरात्रं"- ૨૭ અહોરાત્ર યુદ્ધ ચાલ્યું ! પુરુષ સિવાયનાં તત્ત્વો ૨૭ ને ! પુરુષોત્તમ ભગવાન્ કૃષ્ણ ગયા હતા, - રાજસૂયયજ્ઞ માટે ઈન્દ્રપ્રસ્થમાં ! સાથે હતા બલરામજી ! પછી તે અન્યત્ર પધારેલા ! ભગવાનની આજ્ઞા વિના ભક્તોએ કાંઈ કરવાનું હોય નહિ, નહિ તો પીડા સંભવે ! પ્રભુએ અપશકુન જોયા ! પ્રભુ દ્વારકા પધાર્યા. સીધા યુદ્ધમાં સજ્જ થયા. યુદ્ધમાં શાર્ઙ્ગ ધનુષ્ય પડ્યું ! શાલ્વે માયા બતાવી. બનાવટી વસુદેવ બતાવ્યા ! મનુષ્યલીલા કરતાં ભગવાન્ મોહિત થયા ! મતાન્તરની આ કથા શ્રીશુકે કહી છે ! શાલ્વવિજય યાદવો માટે અશક્ય હતો, તેથી સમજાય ને ! "कथं राममसम्भ्रान्तं ।"- થી શાલ્વ માટે પણ અશક્યતા બતાવી છે ને ! ભગવાને અન્યકલ્પમાં સત્ત્વરૂપ અંશાવતાર હતો ત્યારે, આ લીલા લોકોને મોહ કરાવવા બતાવેલી ! ગુણાતીત પૂર્ણપ્રભુમાં આવો સંભવ જ નથી ! ભક્તોને ભય થાય, તો ભગવાનમાં ચિત્તની એકાગ્રતાથી નિરોધ દૃઢ થાય ને ! તેથી શ્રીશુકે અંશાવતાર-લીલા પણ કહી ! ભગવાનને આમ કરતા જુએ તો, અશક્યતાના વિચારે સૌની શરણાગતિ સુદૃઢ થાય ને ! આનંદ રૂપ ભગવાનની લીલા !- દુઃખ પણ કરાવે ! નિરોધ માટે તો ભક્તિવિરોધી કામ-ભય-ક્રોધ- વગેરે ભાવો પણ કહેલા છે ને ! અદ્ભુતલીલા છે ને - વિરુદ્ધધર્માશ્રયી કૃષ્ણની ! ભગવાને મનુષ્ય- પ્રકૃતિની ચેષ્ટા છોડી ! "एवं वदन्ति राजर्षे मुनयः ।"- "મુનિયો આમ કહે છે !" શંકરને સંતોષ દેવા, કોઈ કલ્પની આ લીલા યોગથી જાણીને કોઈ મુનિયો કહે છે. કેવલ યોગથી પૂર્ણ શુદ્ધિ પણ ન થાય, તો ભગવાન્ ક્યાંથી સમજાય ? ભગવાન્ તો સમજાય ભક્તિથી ! શ્રીશુક તો ભક્ત-યોગી છે, તેથી આ ઉપહાસ કરતા લાગે છે ! મૂલ ભગવાન્ કે પ્રમાણથી વિરોધી હોય તો, મનનથી થતું આર્ષજ્ઞાન પણ અપ્રમાણ છે; તે શાસ્ત્રમર્યાદા છે ! આર્ષજ્ઞાન આવું હોય તો તે પણ ઉપેક્ષ્ય છે ! પ્રભુમાં ન્યૂનતા બતાવનાર કાંઈક યુક્તિયુક્ત પણ કહે; પણ "यत्स्ववाचो विरुध्येरन्नूनं ते न स्मरन्त्युत ।"- પોતાની જે વાતનો વિરોધ આવે, તે યાદ પણ ન કરે ! આ કૃષ્ણ

તો સાક્ષાત્ પુરુષોત્તમ શુદ્ધ પરબ્રહ્મ છે, પૂર્ણજ્ઞાન-ક્રિયા શક્તિવાળા છે. પારિજાતહરણ, ગોવર્ધનોદ્ધરણ વગેરે લીલાઓ તો પામર - અમર - સૌને મહિમાનું ભાન કરાવે છે! સૌને મોક્ષ અને ભક્તિ દેવા તો આ સ્વયં ભગવાન્ - કૃષ્ણ પધાર્યા છે! જેની ચરણસેવાથી મળતી આત્મવિદ્યા દ્વારા દેહાત્મબુદ્ધિ દૂર થાય, પ્રભુ પણ મળે, તે પ્રભુને મોહ ક્યાંથી સંભવે ?! ભગવાન્ શ્રીકૃષ્ણથી કોઈ અધિક તત્ત્વ નથી. ક્ષણમાં ભગવાને ચક્ર ધર્યું. "છે આ કોઈ શાલ્વને બચાવનાર? હોય તો આવે!" - જાણે પડકાર કર્યો! ચક્ર ચલાવ્યું. દુષ્ટ મર્યો. પાપથી પતન થાય, સાયુજ્ય ક્યાંથી મળે! છતાં મોક્ષ દીધો! ગદાથી ભગવાને સૌભ વિમાન તોડ્યું. દેવોએ પુષ્પવૃષ્ટિ કરી. વધાવ્યા અદ્ભુતકર્મા કૃષ્ણને! ત્યાં તો આવ્યો- દન્તવક્ત્ર! ભક્તો માટે તો સાધન અને ફલ રૂપ પણ કૃષ્ણ જ છે, આ દર્શાવવા સાધન અને ફલ-પ્રકરણમાં એક જ કથાનો સંબંધ છે!

અધ્યાય : ૭૮

સ્વપાર્ષદરૂપ દન્તવક્ત્રને પ્રભુએ મારીને ચરણપ્રવેશ દીધો! : વિદૂરથને મુક્તિ દીધી! :

આ દન્તવક્ત્ર તો પ્રભુનો પાર્ષદ - "વિજય!" તેને પણ મોક્ષ દેવાનો ને! ક્રોધથી આવતા કરુષદેશના તે રાજાને ભગવાને જોયો! ગદાધરે કૌમોદકી ગદા લીધી, રથમાંથી કૂદ્યા. ગદા લઈને તો તે પોતાનું દ્વારપાલપણું બતાવતો હશે! તે તો સ્નેહથી સાયુજ્યને યોગ્ય, છતાં વૈરથી વરવા ઈચ્છે છે! યુદ્ધમાં ભગવાને છાતીમાં ગદાપ્રહાર કર્યો. જીવ જતાં છ ચક્ર ભેદવાનો ક્લેશ ન રહે ને! મોક્ષ મળે! તેના પ્રાણ ગયા. પ્રભુના પગમાં પડ્યો. આત્મજ્યોતિનો સૌના દેખતાં કૃષ્ણચરણમાં પ્રવેશ થયો, શિશુપાલ- પ્રસંગની જેમ! તે જોઈને તેનો ભાઈ વિદૂરથ દોડતો આવ્યો. "विकटो भवति दूरादेव रथो यस्येति।"- વિકટ લાગે દૂરથી રથ જેનો, તે નિકટ આવે તો સંકટ કેવું લાગે? ભગવાને ચક્રથી મસ્તક છેદ્યું, મુક્તિ દીધી! દેવતાઓએ પુષ્પવૃષ્ટિ કરી. મુનિયો વગેરેએ સ્તુતિ કરી. આ તો પુરુષોત્તમ છે! જિતે કે જિતાય તેમ તો પશુદૃષ્ટિવાળાને લાગે! ભગવાને શસ્ત્રસંન્યાસ સ્વીકાર્યો! યુદ્ધલીલા સંપૂર્ણ થઈને? દ્વારકામાં પધાર્યા. યાદવોને દુઃખ દેનારા દોષ રૂપ દુષ્ટો નષ્ટ થયા, સુખ-ફલ રૂપ કૃષ્ણ મળ્યા!

બલદેવજીની ભારતવર્ષમાં જ તીર્થયાત્રા : યાત્રામાં અન્ય-ઉદ્દેશ કોઈ ન જોઈએ! :
નૈમિષારણ્યમાં બ્રહ્માસને બેઠેલા સૂતવધથી લોકસંગ્રહ માટે પુનઃ - તીર્થયાત્રા! :
રોમહર્ષણ સૂતના પુત્ર ઉગ્રશ્રવાજીને સામર્થ્ય દાન! :

પાંડવ-કૌરવના યુદ્ધની તૈયારી થતી જોઈ. કૃષ્ણ પાંડવપક્ષ કરે; પોતે (બલદેવજી) કૌરવપક્ષ કરે; તો વિરોધ પરસ્પર થાય! અનિષ્ટ પરિણામ આવે તેવી પરિસ્થિતિમાંથી, સત્કાર્ય શોધીને ખસી જવું; તે પણ ઉત્તમધર્મ છે. ક્ષત્રિય-ધર્મ પણ છોડીને, સૌના સુખહિત માટે, બલદેવજી તીર્થયાત્રાને બહાને પધાર્યા! સાત્ત્વિક-પ્રકરણમાં ધર્મ થાય ને! ધર્મ તો યજ્ઞ અને તીર્થયાત્રા રૂપ! યુધિષ્ઠિર દ્વારા યજ્ઞ અને બલદેવજી દ્વારા યાત્રા, કૃષ્ણે કરાવ્યાં! તીર્થયાત્રા કોઈ બહાને કે કારણે ન થવી જોઈએ, તેથી ભગવાને તીર્થયાત્રાનો જ ઉદ્દેશ સૂતવધથી મુખ્ય કરાવ્યો ને! ભગવાન્ ભક્તો દ્વારા કે પોતે પધારીને તીર્થમાં એકઠાં થયેલાં પાપ દૂર કરીને, તીર્થોને તીર્થરૂપ બનાવે છે, શુદ્ધ કરે છે! તીર્થયાત્રા

તો,- સૌના ભૌગોલિક, ભાષાકીય, રાજકીય, વ્યાવહારિક, આર્થિક વગેરે ભેદોને પવિત્ર ભાવનાના પ્રવાહમાં ઓગાળી દઈને,- દેશને એક અને અખંડ બનાવી દેતી સંસ્કાર-સ્રોતસ્વિની છે! સ્વાનુભવ, સંસ્કાર, સંયમ, સમતા, સહિષ્ણુતા, સદ્‌ભાવ, સદાચાર, સદ્‌વિદ્યા, સત્સંગ, સત્કાર્ય વગેરે તેમાં સંભવે છે. અધિકાર વગર કરેલું તો વ્યર્થ થાય, ધર્મ ન ગણાય! બલરામજીએ પ્રભાસમાં અગ્નિકુંડ કે સંગમમાં સ્નાન કર્યું. - દેવ - ઋષિ- પિતૃ- માનવોને તૃપ્ત કર્યા. બ્રહ્મભોજન વગેરે કરાવ્યાં. બ્રાહ્મણોની આજ્ઞા લીધી. તે વિના તો તીર્થપૂર્તિ ન થાય ને! સરસ્વતીના તીરે, તેના મૂલ તરફ યાત્રા આરંભી. યાત્રા કરતાં, નૈમિષારણ્યમાં આવ્યા. ઋષિયોએ ક્ષત્રિયોચિત સ્વાગત કર્યું, પછી ભગવદ્‌બુદ્ધિથી નમન કરી, ઊભા થઈ અર્ચન કર્યું! વ્યાસશિષ્ય રોમહર્ષણ-સૂત ઊભા ન થયા! અધર્મ લાગ્યો! બ્રાહ્મણોની સભામાં કે ઉપસ્થિતિમાં અન્યથી ઊંચા આસને ન બેસાય. આ બેઠા! હાથ તો વ્રતરત પણ જોડે! સૂતે તેમ ન કર્યું! ક્રોધ આવ્યો બલરામને! ભણ્યા છતાં સૂત ભૂલ્યા! વિદ્યા છતાં વિનય નથી!

સમર્થના શિષ્યમાં રહસ્યજ્ઞાન હોય. ઈતિહાસ નીતિજ્ઞાન દે. પુરાણથી ધર્મતાત્પર્ય સમજાય. ધર્મશાસ્ત્રથી દેશ-કાલ-કુલાદિના ધર્મો સમજાય. વિદ્યાથી તો વિનમ્રતા વગેરે ગુણો વધે! જિતેન્દ્રિયતા તેમાં જરૂરી! **"विद्या ह वै ब्राह्मणमाजगाम गोपाय मा शेवधिष्टेऽहमस्मि । असूयकायानृजवेऽयताय न मां ब्रूया वीर्यवती तथा स्याम् ।"**- શ્રુતિ છે." વિદ્યા વિપ્ર પાસે આવી. રક્ષા મારી કરો! હું ઈચ્છેલ નિધિરૂપા છું. ઈર્ષા, કપટ, પ્રમાદરતને મારું સ્વરૂપ કહીશ નહિ. તે રીતે હું સમર્થ થઈશ!" વિદ્યા વિપ્ર પાસે વસે, પ્રસન્નતાથી હસે, દૂર ન ખસે! રક્ષા તેની થાય - સ્વાધ્યાયથી! અભિલષિત અક્ષય સર્વ ફલ તેથી મળે. ઈર્ષા, કપટ અને પ્રમાદ તેના શત્રુ! વિદ્યા તેથી શિથિલ થાય. અવિવેકીની વિદ્યા વ્યર્થ! પોતાને પંડિત માની લે, તેમાં અવિદ્યા છે, વિદ્યા ત્યાં સંભવે ક્યાંથી? પરપ્રદર્શન માટેની વિદ્યા તો વિલાસ વધારે, કૃતાર્થ ક્યાંથી કરે? અસંયમ, અવિવેક અને અભિમાન ઉદ્ધાર ક્યાંથી થવા દે? દુષ્ટને શિક્ષા દેવા તો અવતાર છે! **"वध्या मे धर्मध्वजिनस्ते हि पातकिनोऽधिकाः ।"**- ધર્મના અંચળા નીચે અધર્મ આચરનારા તો અધિક પાતકી છે! પ્રભુને તે વધ્ય છે. અધર્મ કરનારા તો ઓળખાય; આ તો વિધર્મ (પોતાના વર્ણાશ્રમથી વિરુદ્ધ); પરધર્મ (અન્યના ધર્મ); આભાસ (આડંબર), ઉપમા (દેખાદેખી) અને છલ (મનગમતાં અર્થઘટન) - એ પાંચ અધર્મશાખાને સેવે, તેનો બહારનો વ્યવહાર ધર્મમય લાગે, છતાં અનેકને અધર્મમાં દોરીને સૌનો નાશ નોતરે! તેના સકંજામાંથી છૂટવાનું મન પણ ન થાય! આવા લોકો તો સજાપાત્ર છે. રામે હાથમાંના કુશમાત્રથી સૂતવધ કર્યો! હાહાકાર થયો. ઋષિયોએ તેને બ્રહ્માસન દીધેલું! તેમાં પોતાનું બ્રહ્મત્વ મૂકેલું! કથા તે સંભળાવે. તેણે તો કોઈપણ આવતાં સ્વાગતમાં ઊભા થવાનું ન હોય! તેને અલ્પાયુ જાણીને ઋષિયોએ પોતાનું આયુષ્ય દીધું છે, તે પણ ગયું! સૂર્ય તો ધર્મરતનું આયુષ્ય હરે નહિ. અજાણતાં બ્રહ્મવધ થયો! જાણીને કરે તો તો પ્રાયશ્ચિત્ત જ નથી! વર્ષભર ભારતવર્ષમાં તીર્થયાત્રા કરે, તો લોકસંગ્રહ થાય,- ઋષિયોએ ઉપાય કહ્યો. બલભદ્રજી સંમત થયા. રામે આ સૂતપુત્ર ઉગ્રશ્રવાને કથાસામર્થ્ય દીધું. આત્માને પુત્ર રૂપ ગણ્યો છે ને! ઋષિપ્રિય કરવા રામ રોકાયા. નૈમિષાલયમાં સૂતને આ વક્તૃત્વ ન મળવાનું હોત તો, પરીક્ષિત-રાજાની સભામાં તેમને શ્રીશુકમુખે ભાગવત-શ્રવણ લાભ મળત નહિ! શૂદ્રત્વથી કથા હૃદયંગત થાત નહિ! શ્રીભાગવતનો પ્રચાર થાત નહિ!

અધ્યાય : ૭૯

બલરામજીએ બલ્વલને માર્યો, ઋષિયોના યજ્ઞમાં જ્ઞાનસંદેશ રૂપ દક્ષિણા દીધી !

ઋષિયો નૈમિષારણ્યમાં પ્રભુપરાયણ રહેતા. તેમાં બ્રાહ્મણ કે ઋષિનો વેષ ધરીને રહેતા ઈલ્વલનો પુત્ર બલ્વલ વિઘ્ન કરતો. ઋષિયોને રાજી કરવા રામે હલ-મુશલ સ્મર્યાં, આવ્યાં. વિઘ્ન કરતા દાનવને માર્યો. રામને ઋષિયોએ દિવ્યમાલા, વસ્ત્ર, આભરણ વગેરેથી સત્કાર્યા. "**वैजयन्तीं ददुर्मालां श्रीधामाम्लानपङ्कजाम्।**"- કરમાય નહિ તેવી કમલની વૈજયન્તીમાલા દીધી ! રામ તીર્થયાત્રા કરતાં કુરુક્ષેત્રમાં આવ્યા. ભીમ-દુર્યોધનના ગદાયુદ્ધને અટકાવવા ઉપદેશ કર્યો. બંને ન માન્યા ! "**दिष्टं तदनुमन्वानो।**"- તેને ભાગ્યાધીન માનીને યાત્રારત રામ દ્વારકા પધાર્યા ! યાત્રા કરતાં પુનઃ નૈમિષારણ્ય આવ્યા. યજ્ઞાત્માનું યજન ઋષિયોએ કરાવ્યું. ભગવાન્ રામે દક્ષિણામાં જ્ઞાનસંદેશ દીધો,- "**दक्षिणाज्ञानसंदेशः।**" "**आत्मदक्षिणं वै सत्रम्।**"- જ્ઞાન જ યથાર્થ દક્ષિણા છે ! ઋષિયોને વિશ્વ અને આત્મામાં આ જ્ઞાનથી અભેદદર્શન થયું. અવભૃથસ્થાન કરી, યજ્ઞ સમાપ્ત કરી, રામ દ્વારકા પધાર્યા. તીર્થયાત્રા, યજ્ઞ અને જ્ઞાનથી શુદ્ધિ થાય. આમ, ઋષિયોને રામે સ્વાન્તઃશુદ્ધિ કરાવી. મોહ ન થાય ને ! અદ્ભુત-ચરિત છે, રામનું ! કૌરવોને તે પોતાના સહાયક છે, -તેવી સમજ દીધી, સહાય પણ કરી, છતાં મરવા પણ દીધા ! બલરામચરિત-શ્રવણ કરનાર પ્રભુને પ્રિય લાગે ! તે તો સેવકનો સેવક ગણાય ને !

અધ્યાય : ૮૦

કૃષ્ણના સખા (સુદામાજી) તો કૃષ્ણકૃપાની સમજથી સંપત્તિ - સાધન વગર પણ સુખી ! : દૈવી - ભગવદીય - ઈન્દ્રિયો તો ભગવત્કાર્યરત જ હોય ! :

લોકપ્રસિદ્ધ સાધન વગર પણ, સંપૂર્ણ સફલતા ભગવાન્ દે છે, - સ્વભક્તોને ! સંપત્તિથી જ સુખી થવાય,- તેમ સમાજની સમજ છે ! વાસ્તવમાં, સંપત્તિ વગર પણ સુખ-શાંતિ સંપૂર્ણ સંભવે છે ! સમજપૂર્વકના સંતુષ્ટ પ્રભુપરાયણ જીવનથી ! પ્રભુની પ્રપત્તિ જ સાચી સંપત્તિ છે ! વિપત્તિ હોવા છતાં વિકલ ન થવાય, તે પણ સંપત્તિ જ છે ને ! વિપુલ વૈભવો સર્વત્ર સુખપ્રદ નથી ! એક પણ વસ્તુ ન હોવા છતાં, ઈન્દ્રિય અને અંતઃકરણની પ્રભુપરાયણતા જ સુખપ્રદ છે ! દુનિયાની દૃષ્ટિએ દુઃખ દેખાય, પણ જેના અંતઃકરણને દુઃખ અડકે નહિ, તે દુઃખી કઈ રીતે થાય ? ! ઈન્દ્રિય અને અંતઃકરણ સુખરૂપ પ્રભુમાં પરાયણ હોય તો જ આ સંભવે ને ? દારિદ્ર્યદશાનું દુઃખ દારુણ છે; તેમ સંપત્તિનું સુખ પણ સહેલું નથી-સહન કરવું ! વૈભવ-ભોગ વધતાં વિકાર-વિલાસ વધે, વિનાશ વેરાય ! સંપત્તિમાં સલામત રહેવાય,- શરણાગતિથી ! ઈન્દ્રિય અને અંતઃકરણની પ્રભુપરાયણતાથી. વિપત્તિ અને સંપત્તિમાં, સુખ- શાંતિ અને સફલતા સરલતાથી મળે,- માત્ર પ્રભુ પ્રપત્તિથી ! સુખ અને દુઃખ છે તો કર્મફલના ભોગ ને ! ભોગ તો ભગવાનથી વિમુખ કરે. ભક્ત તો પ્રસાદથી જ જીવનનિર્વાહ કરે ! સુખ અને દુઃખને પ્રભુનો પ્રસાદ સમજીને સ્વીકારે, તે સદા સુખી - પ્રસન્ન જ રહે ને ! સરલ અને સફલ જીવનમાર્ગ છે- આ ભક્તોનો ! આમ, જીવનની તદ્દન વિરુદ્ધદશામાં પણ, સાનુકૂલ જીવતાં શિખવે છે,- આ સુદામાજીની કથા ! ભગવાનના તે મિત્ર ! બે અધ્યાયમાં તેની કથા. પહેલામાં દારિદ્ર્યદર્શન અને બીજામાં સંપત્તિદર્શન ! બંનેમાં પણ સ્વસ્થ છે, - સુદામા ! તેના નામનો ઉલ્લેખ

આ કથામાં દેખાતો નથી ! નામ "સુદામા" છતાં "દામ" તો ઘરમાં નથી ! પણ નામ "દામોદર"નું જ દીધા કરે છે ! ભક્તોની જીવનરીતિ પણ સંસારીને ભીતિરહિત જીવનનીતિ શિખવીને, પ્રભુમાં પ્રીતિ કરાવે છે !

રાજા પરીક્ષિતે મોક્ષપ્રદ મુકુન્દ ભગવાનનાં અનંત પરાક્રમ સંભળાવવા શ્રીશુકને વિનવ્યા. કોઈ પણ દેશ-કાલમાં, સૌને કૃષ્ણચરિત-શ્રવણાદિથી પણ મોક્ષ મળે ! કથા તો કૃતાર્થ કરે. કામનાઓથી કષ્ટ અને ક્લેશ વધે ! તેમાંથી છોડાવે કૃષ્ણકથા ! વિશેષજ્ઞને તો શ્રવણથી ઉત્તરોત્તર રસ વધતો જાય. કથા વગર તો કલિ અને કામનાઓ વિનાશમાર્ગે દોરી જાય, ઈન્દ્રિય અને અંતઃકરણ અકળાવી મૂકે. તે બંને વશ થાય કથાથી ! દૈવી - ભગવદીય - ઈન્દ્રિયોને જ ભગવત્કાર્ય રુચે, આસુર -ઈન્દ્રિયો તો અન્યત્ર જ આથડે ! ભગવત્કૃત-(ભગવદીય) - ઈન્દ્રિયો ઓળખાય ભગવત્કાર્યથી ! અન્યત્ર લોલુપ ઈન્દ્રિયો તો આભાસરૂપ ગણાય, અધઃપતન કરાવે ! "**द्वया ह प्राजापत्या ।**" "**ते ह वाचमुचुः ।**"- શ્રુતિ છે, તેમાં દૈવી-વાગિન્દ્રિયને જ વાણી કહી છે, આસુરને નહિ ! "**एतस्माज्जायते प्राणो मनः सर्वेन्द्रियाणि च ।**"અને "**पराञ्चि खानि व्यतृणत्स्वयंभूः ।**"- શ્રુતિમાં પ્રકારભેદ દેખાય છે; પુરાણમાં બ્રહ્મા કે અહંકાર-નિર્મિત ઈન્દ્રિયો પણ છે, તે રાજસ-તામસ હોય ! ભગવદીય-ઈન્દ્રિય સાત્ત્વિક કે નિર્ગુણ હોય ! "**सा वाग् यया तस्य गुणान् गृणीते ।**"- કથા તો કોઈ પણ કરે, પણ તેમાં પ્રેમસ્પર્શ ન હોય ! લોક- વ્યવહાર, પ્રસંગ કે ટેવથી નહિ, પુણ્યલાલસાથી નહિ; પણ માત્ર સ્નેહથી, સ્વાભાવિક રીતે, ભક્તિપૂર્વક નિરંતર ઉચ્ચારણ જેનાથી થયા કરે, તે ભગવદીય-વાણી ! ભક્તિથી ભગવત્સંબંધ હોય, સર્વ ભગવદીય- ઈન્દ્રિયને ! કૃષ્ણકાર્ય કરે,- તે કર ! "**च**" કારથી, સેવકોની સેવા કરનારના પણ કર ગણાય ! જડ-ચૈતન્યમાં આધિદૈવિક- અંતર્યામી રૂપે વિરાજતા ભગવાનને સ્મરે,- તે મન ! કૃપા કે જ્ઞાનથી સર્વત્ર ભગવદ્દર્શનમાં તો અનુભવ હોય, સ્મૃતિ નહિ ને ! પુણ્ય માટે નહિ, પણ જીવનું હિત કરનાર પુણ્યરૂપ પ્રભુની કથા સાંભળે,- તે કાન ! જડ-જંગમરૂપ-જગત્ જેનું ચિહ્ન છે - તે જગદીશને,- નમે,- તે શિર ! જગતને જગદીશ રૂપે જુએ તે,- આંખ ! સાધનક્રમ બતાવે છે આમાં ! કોઈ રીતે ગુણાનુવાદનો અધિકાર મળતાં, ભગવદીયો માટે, કીર્તન - એ પ્રથમ સાધન છે; પછી સેવારુચિથી સેવા ! સ્મરણ-શ્રવણ તેમાં સમાઈ જાય; પછી જ્ઞાનોદયથી સર્વત્ર ભગવદનુસંધાન, બાહ્યપ્રવૃત્તિમાં ભગવાનની જ યાદ દેતું પુણ્યકથા-શ્રવણ, પછી સર્વત્ર ભગવત્સાક્ષાત્કાર, પછી નમન ! ભગવાનનાં ચરણજલ-ગંગાજીનું વહન, ત્રિકાલસ્નાન વા પાન કરે, તે,- ભગવદીય અંગ ! ભગવદીયતાથી તો સર્વપુરુષાર્થો સિદ્ધ થઈ જાય ! આવો લાભ દેતી કૃષ્ણકથામાં કઈ રીતે રસ ન થાય ?

વાસુદેવમાં નિમગ્નહૃદય ભગવાન્ શ્રીશુકે કથા કહી. "**कृष्णस्यासीत् सखा कश्चित् ।**"- હતો જ કૃષ્ણનો, - ભગવદીય ! સ્વીકાર્યો ભગવાને સખા રૂપે ! તે દેવાંશ નથી, સારો જીવ છે. ભગવદિચ્છાથી, છ ગુણ અને ભગવાન્ પોતે તેમાં વિરાજે છે ! તેથી તો તે છે સખા ! (૧) "**ब्राह्मणः**"- બ્રાહ્મણ છે. બ્રહ્મને જાણે તે બ્રાહ્મણ ! બ્રહ્મજ્ઞ બ્રહ્મરૂપ બને. લક્ષ્મીજી પણ બ્રહ્માનંદ રૂપા છે. આ શ્રીગુણ સૂચવે છે. (૨) "**ब्रह्मवित्तमः**"- બ્રહ્મજ્ઞોમાં શ્રેષ્ઠ છે, આ જ્ઞાન-ગુણ છે. સાર્થ- વેદ જાણે તે - બ્રહ્મવિદ્ ! સંશય-નિવારક - બ્રહ્મવિત્તર, કર્તવ્યનિરત - બ્રહ્મવિત્તમ ! અથવા; અક્ષરબ્રહ્મને જાણે તે બ્રહ્મવિદ્, પરબ્રહ્મને જાણે - બ્રહ્મવિત્તર, પરબ્રહ્મ સાથે પ્રીતિ કરે - બ્રહ્મવિત્તમ ! (૩) "**विरक्त इन्द्रियार्थेषु**"- ઈન્દ્રિયોના

સહજ વિષયોમાં તેને વૈરાગ્ય છે, તે વૈરાગ્યગુણ છે. (૪) "प्रशान्तात्मा"- અત્યન્ત શાન્ત સ્વાન્તઃકરણ છે, આ શબ્દથી ધર્મી (પ્રભુ) કહેલ છે. (૫) "जितेन्द्रियः"- ઈન્દ્રિયોને જીતી છે, અનુકૂલ બનાવી છે. આ ઐશ્વર્યગુણ છે. (૬) "यदृच्छयोपपन्नेन वर्तमानः"- ભગવદિચ્છાથી, જે કાંઈ મળે તેમાં જ જીવનની જરૂરિયાતો સમાવી દે છે. આ અત્યુત્તમ સહનશીલતા છે, વીર્યગુણ છે. (૭) "गृहाश्रमी"- ગૃહસ્થાશ્રમી છે. કાંઈક કીર્તિ હોય - તો જ કોઈક કન્યા દે ને ! આ યશોગુણ છે. જીવનમાં જેને જરૂરિયાતો વધારે તેને મુશ્કેલીઓ વધારે ! સરલતાથી મળી આવે તેટલામાં જ જીવનની જરૂરિયાતોને સમાવી દેનારને શાંતિ-સુખ શોધવાં ન પડે ! જરૂરિયાતો ઊભી કરીને, વધારીને, તેની પાછળ આથડનારને તો અકળામણ અને અથડામણ વિના કાંઈ ન મળે; સુખ-શાંતિ સ્વપ્ને પણ ન જડે ! સૌ ગૃહસ્થાશ્રમી શ્રમ કરવા છતાં, જરૂરિયાતોને પહોંચી વળાતું નથી, - તેવા પોકારો તો પાડે છે ! આ સુદામા પણ છે તો ગૃહસ્થાશ્રમી ! પણ પ્રકાર જુદો છે, પોકાર પાડતા નથી ! ક્યારેક લોટ મળે, પણ લાકડાં ન હોય, તો પાણીમાં ઓગાળીને પી લે ! પકવવાની પંચાતમાં ન પડે ! ક્યારેક ચોખા મળે, તો બાફીને ખાઈ લે, ઘી-દહીં-દૂધ-દાળ-શાક કાંઈ ન શોધે ! જરૂરિયાત તો પેટને પોષવાની છે, જીભના સ્વાદને પોષવાની ક્યાં છે ? જીભનો સ્વાદ શોધનાર જીવનનો આસ્વાદ ગુમાવે છે ને ! શરીર ઢાંકવામાં જરૂર વસ્ત્રની, પોત-ડિઝાઈન વગેરે કે ફેશન તેમાં કેટલાં જરૂરી ? જેના વગર જીવતા ન રહેવાય, જીવનવ્યહાર અટકી પડે, તે જ જરૂરિયાત ! બાકીની તો જંજાળ ! જંજીરોમાં જકડીને જીવનને તે જીરવી ન શકાય તેવું ઝેરી બનાવી દે છે ! મોહ રૂપ મદિરા માણીને મત્ત થતા માનવને આ સમજાય શી રીતે ? સુદામાજીનાં પત્ની પણ સાનુકૂલ ! બન્ને ભક્ત છે, તેથી તો જે પરિસ્થિતિ મળે તેને ભગવાનની કૃપા માનીને વધાવી લે છે. સુખ-શાંતિ-સફલ જીવનની આ ચાવી છે ને!

સહિષ્ણુ - સંતુષ્ટ - સાનુકૂલ સ્ત્રીની અર્ધ-ઋષિ સુદામાજીને દ્રવ્ય માટે મિત્ર પાસે દ્વારકા જવા મૃદુ વિનંતી :

"कुचैलस्य"- વસ્ત્રની વિવિધતા તેને ત્યાં નથી; મેલાં-ફાટેલાં-પહેરવા પૂરતાં જ વસ્ત્ર હોવા છતાં વિકલતા નથી ! ભૂખનું દુઃખ સહવા છતાં ધૈર્ય ખૂટતું નથી, વ્રત તૂટતું નથી, મધુરપણું છૂટતું નથી ! પરસ્પર મોહ નથી ! સ્વજનનો સહકાર હોય તો દુઃખ સહન કરવા છતાં, સુખી-સાનુકૂલ જીવન સંભવે ! સ્ત્રી સાનુકૂલ ન હોય તો જીવન વેરાન બને, હેરાન જ થવાય ! પ્રભુકૃપાએ જ સાનુકૂલ પત્ની મળે ! સુદામા તેથી તો ગૃહસ્થ થયા, નહિ તો પરમહંસ થાત ! પત્ની પતિવ્રતા છે. "पतिरेव व्रतं यस्याः ।"- પતિ જ તેનું વ્રત ! વ્રત કરનાર વ્રતની સંપૂર્ણતા ઈચ્છે છે, તેમ આ સ્ત્રી પતિની સંપૂર્ણતા ઈચ્છે છે. લોકનજરે તો સંપત્તિથી સંપૂર્ણતા લાગે ને ! ભૂખના દુઃખે તો દેહ પડે તેવી દશા થઈ ! ગૃહસ્થનું કર્તવ્ય પણ સ્વજનનું પોષણ - રક્ષણ ખરું ને ! સ્ત્રીએ સ્નેહથી સ્વામીને સમજાવ્યું. ભાષા અને ભાવનો પ્રભાવ સામા પર પડે ને ! ભદ્રતા, મધુરતા, કોમલતા, સરલતા જો ભાષા અને ભાવમાં હોય તો સમજાવવામાં સફલતા જ મળે,- "બ્રાહ્મણ ! ભગવાન્ સાક્ષાત્ લક્ષ્મીપતિ છે, આપના મિત્ર છે, શરણાગતને સર્વ દે તેવા છે. પ્રભુ પાસે જાય તેની પણ પીડા ટળે ! હે મહાભાગ ! આપ તેમની પાસે જાવ ને ! સાધુજનની તો તે સદ્‌ગતિ રૂપ છે. સંતાપમાં શેકાતા, કુટુંબવાળા આપને તે અમાપ ધન આપશે !" પ્રકટ થનારો મહાભાગ્યોદય પાતિવ્રત્યધર્મના પ્રભાવથી સતીએ સામે જોયો,

તેથી "મહાભાગ !" - સંબોધન કર્યું. ઋષિતુલ્ય સુદામાજીને તો દારિદ્ર્યની અસર નથી, પત્નીને છે ! પત્ની તો અર્ધાંગનાને ! તેથી સુદામાજી અર્ધ-ઋષિ છે ! અર્ધ-ઋષિ અને અર્ધ-સંસારી ! તેમનાં સ્ત્રીને દ્રવ્યની ઈચ્છા છે. સ્ત્રીના ઉદ્ધારક તો કૃપાળુ કૃષ્ણ ! પુષ્ટિમાં સ્વીકારીને તો ભગવાને સુદામાજીને સંગ દીધો છે, સખા બનાવ્યા છે ! પૂર્ણકામ પ્રભુ, કામના સૌની પૂર્ણ કરવા, ભૂતલ પર ગૃહસ્થાશ્રમમાં પણ વિરાજે છે, તેમ ભગવદીયે પણ અનુસરવાનું ને ! સ્મરવાના શ્રીહરિને ! સ્મરનારને સર્વસ્વ પણ દે તેવા સરલ છે, - શ્રીનાથ ! બ્રાહ્મણે તો વિચાર્યું, - "अयं हि परमो लाभ उत्तमश्लोक- दर्शनम् ।"- આ પરમ લાભ છે જીવનનો, - દર્શન મળે દીનાનાથનાં ! દર્શન તો બ્રહ્મભાવથી પણ દુર્લભ ! દ્રવ્ય કે દર્શન માટે પણ જવાનું તો દ્વારકા ને ! ક્રિયા તો બન્નેમાં સમાન, છતાં ઉદ્દેશ જુદો ! તે પ્રમાણે ફલ મળે ને ! જેની જીવનકાર્ય પ્રત્યેની દૃષ્ટિ બદલાય, ધ્યેય બદલાય, તેની જીવનદિશા અને દશા પણ બદલાય ! લૌકિક-ધ્યેયવાળાને લૌકિકફલ અને અલૌકિક-ધ્યેયવાળાને અલૌકિકફલ મળે; ક્રિયા તો સમાન પણ હોય ! કોઈ પૈસા આપે - પ્રતિષ્ઠા માટે, કોઈ પુણ્ય માટે, કોઈ પ્રભુની પ્રસન્નતા માટે - સેવામાં ! પૈસા આપવાના તો ત્રણેમાં; પણ રીત અને ફલ તો ધ્યેય પ્રમાણે જુદાં ને ! કોઈ પાન ખાય- શોખ કે વ્યસન માટે, કોઈ પાચન માટે, કોઈ પોતાના મુખનો દુર્ગંધ પ્રભુને ન લાગે માટે ! તેમાં પણ ક્રિયા સમાન લાગે, છતાં ફલ જુદાં ને !

દ્રવ્યલાભને બદલે દર્શનના પરમ લાભ માટે દ્વારકા ગયેલા સુદામાજીને ભગવાને ભાવથી વધાવ્યા !:

બ્રાહ્મણ જવા તૈયાર થયા ! કલ્યાણી - પત્ની પાસે કાંઈ ઘરમાં ભેટ દેવાય તેવું હોયતો માગ્યું ! બ્રાહ્મણને શાસ્ત્રમાં ગહનરહસ્યની ખબર છે, પણ ઘરમાં શું છે ? - તેની ખબર નથી ! છે ને વિરક્ત ! પતિવ્રતાએ પતિની આજ્ઞા પાળી. બ્રાહ્મણને ત્યાંથી માગી લાવ્યાં, - મળ્યા ચાર મૂઠી પૌંઆ ! અંતઃકરણ-ચતુષ્ટય શા ! ઘરમાં ન રાખ્યા. પોતાના વસ્ત્રનો કકડો કર્યો; બાંધી દીધા ! સર્વસ્વ-સમર્પણ જાણે થઈ રહ્યું ! લઈને બ્રાહ્મણ દ્વારકા ચાલ્યા. "कृष्णदर्शनं मह्यं कथं स्यादिति चिन्तयन् ।"- ચાલે છે સાથે ચિંતન,- "મને કૃષ્ણદર્શન કેમ થાય ?!" સંસારીને સતત હોય દેહ કે દ્રવ્યચિંતન; સંતને હોય દેવ કે દર્શનનું - ચિંતન ! બંનેને સ્વાર્થના વિચાર જ સતત જ આવે ને ! વિચારો તો સૌને આવે; પણ વિષય જુદા, ધ્યેય જુદાં ને ! તેથી ફલ પણ જુદાં ! ત્રણ સેનાઓના કિલ્લા વટાવીને વિપ્ર દ્વારકા આવ્યા ! સાત્ત્વિક- રાજસ-તામસ એ ત્રણ ગુણ; દેવ - માનવ - દાનવ અને ત્રણ દેહભાવ, તેનાથી પર બને, નિર્ગુણ કે પ્રભુરત બને, તે પ્રભુ પાસે પહોંચે ! ભક્ત-બ્રાહ્મણને અટકાવે કોણ ? દ્વારકામાં વૈકુણ્ઠનો આવેશ છે, પણ જય-વિજય નથી ને ! અનેક ભવ્ય મહેલોમાંથી એકમાં બ્રાહ્મણે પ્રવેશ કર્યો. બ્રહ્માનંદ તો આનંદરૂપ ભગવાનના ભવનમાં મળે ને ! "ब्रह्मानंदं गतो यथा ।"- લક્ષ્મણાજીનું આ ભવન ! લક્ષ્મીજીનાં ચિહ્ન લક્ષ્મણામાં ! - ચોથા પ્રહરનો આ સમય ! ભગવાને ભક્ત બ્રાહ્મણને જોયો. એકદમ ઊભા થઈ ગયા - પ્રિયાના પર્યંકમાંથી ! ભેટી પડ્યા હર્ષથી ભક્તને ! કૃશને કૃષ્ણ મળ્યા ! આનંદનાં અશ્રુ સરી રહ્યાં ! આનંદરૂપ બની ગયો છે - ભક્તબ્રાહ્મણ ! ભગવાને પ્રિયાજીના પર્યંકમાં બેસાડ્યો પ્રિયને ! પ્રેમથી પાદપ્રક્ષાલન કર્યું ! જલ માથે ધર્યું ! ભગવાન્ - લોકપાવન છે ને ! પ્રેમથી મિત્ર વિપ્રનું પૂજન કર્યું. લક્ષ્મણાજી ચામર - વ્યજન કરે છે ! આશ્ચર્ય સૌને થયું - આવો આદર ! આવા અવધૂતનો ! શું પુણ્ય કર્યું હશે તેણે ?!

ભગવાને વૃત્તાન્ત પ્રિય વિપ્રને પૂછ્યો, લોકોને તો ઘરમાં નિર્ધન રહેવા કરતાં, નિધન (મૃત્યુ) સારું લાગે! ભક્તવિપ્રની તો વાત જુદી! તે તો લોકશિક્ષણ માટે જીવે, કર્મ કરે; વિષયાનુભાવે વૈરાગ્ય-વૃદ્ધિ માટે વિવાહ-વિહાર પણ કરે, ગુરુકુલની યાદ ભગવાને દીધી! ગુરુસેવાથી તો ભગવાન્ સંતુષ્ટ થાય! ભગવાનમાં હોય તેવો ભાવ વિદ્યાદાતા ગુરુમાં થાય, તો હૃદયમાં વિદ્યાનો સ્વતઃ પ્રકાશ થાય! પોતે કાષ્ઠ લેવા ગયા હતા, તે કઠિન ગુરુસેવાની યાદ દીધી! વત્સલ ગુરુના વાત્સલ્યને સ્મર્યું. ગુરુ પ્રસન્ન થાય તો કૃપાથી કૃતાર્થ થવાય. ગુરુએ આશીર્વાદ આપ્યો, - વિદ્યા વિસરાઈ ન જાય, ફલવતી બને, પુરુષાર્થ પૂર્ણ થાય, સફલ સર્વત્ર થવાય! ભણીને ભૂલે, પૈસા માટે પામર બને, કીર્તિ અને કમાણીમાં કલ્યાણને કચડે, તેને સફલતા કઈ ગણાય ? બ્રાહ્મણે પોતાની ધન્યતા તો પ્રભુસ્નેહના સ્મરણમાં ગણાવી ! ગુરુકુલમાં પ્રભુનો સહવાસ થયો, તેથી પોતાના તો પુરુષાર્થો પૂર્ણ થઈ ગયા ! વેદવપુ વિભુને ગુરુકુલ - વાસ શો ?!

અધ્યાય : ૮૧

પ્રેમ - પૌંઆથી પરિતૃપ્ત પ્રભુ !:

પૂર્ણપુરુષાર્થ રૂપ પ્રભુ સાથે, બ્રહ્મભાવપૂર્ણ બ્રાહ્મણ સ્નેહસ્મૃતિ માણે છે ! પૂછે છે પ્રભુ- "બ્રહ્મન્ ! ઘેરથી મારે માટે શું લાવ્યા છો ?" પૂર્ણ પ્રભુ તો પ્રેમથી દીધા વિના લે નહિ ! લજ્જિત બ્રાહ્મણ ! જાણવા છતાં આપે નહિ !

अण्वप्युपाहृतं भक्तैः प्रेम्णा भूर्येव मे भवेत् ।
भूर्यप्यभक्तोपहृतं न मे तोषाय कल्पते ॥ (३)

સ્નેહથી સ્વલ્પ દે તો પણ સંતુષ્ટ શ્રીહરિ થાય ! ભાવ વગરના વિપુલ વૈભવ પણ તુચ્છ લાગે- ભગવાનને ! સ્નેહ તો સ્વાન્તઃકરણનો ધર્મ છે. પ્રેમથી લાવે તે તો હૃદયથી આણ્યું ગણાય ! હૃદય તો સૌની મુઠ્ઠી જેટલું ને ! અણુ - માત્ર ગણાય ! હૃદયમાં વસતા, પ્રેમાત્મક - પ્રભુ, હૃદય રૂપે તેટલા માત્રથી સંતુષ્ટ થાય ! અણુમાં અણુ ભગવાન્ ! અણુ માત્રે સંતુષ્ટ થાય, બાકીનું તો અધિક ગણાય ને ! ભક્તના પ્રેમનો આ પ્રભાવ છે: આ તો ચાર મૂઠી લાવ્યો છે ! મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારનું સમર્પણ થઈ જાય ને ! અભક્ત તો બાહ્યદૃષ્ટિએ લાવે. બાહ્યનજરે તો, બ્રહ્માંડ રૂપ ભગવાન્ ! વિશ્વરૂપને તો વિપુલ આપે તો પણ વધારે શું લાગે ? સંતોષ ક્યાંથી થાય ? પ્રેમ સિવાય પ્રભુ પ્રસન્ન ન થાય ! પૌંઆ સાથે વિપ્ર- પત્નીનું અંતઃકરણ - ભક્તિ તદ્રૂપ થઈને આવ્યાં છે ! પ્રભુ પ્રકૃષ્ટ પદાર્થોથી પ્રસન્ન ન થાય; પદાર્થમાં તદ્રૂપ થઈને પ્રાપ્ત થતા પ્રકૃષ્ટ પ્રેમથી પ્રભુ પ્રસન્ન થાય ! ઘીવાળું ભોજન સ્નિગ્ધ લાગે, ઘી વગરનું રુક્ષ, તેમ ! ભગવાનના ઐશ્વર્યથી ઈન્દ્ર વગેરેએ દ્વારકામાં સમૃદ્ધ ભેટો કરી છે, પણ ભક્તિ નથી ને ! પ્રભુ ક્યાં પ્રસન્ન થયા હતા ? અહીં તો, પ્રેમના પૌંઆથી પરિતૃપ્ત થયા !

पत्रं पुष्पं फलं तोयं यो मे भक्त्या प्रयच्छति ।
तदहं भक्त्युपहृतमश्नामि प्रयतात्मनः ॥ (४)

પત્ર - તુલસી, નાગરવેલ, ભાજી વગેરેનાં, પુષ્પ-કમલ, ગુલાબ, લવિંગ વગેરે; ફલ-કેરી, ટેટી વગેરે; જલ-યમુનાજલ, ગંગાજલ, ગુલાબજલ વગેરે. ચારે નૈસર્ગિક સ્વરૂપમાં વિકૃતિ વગર પણ, પ્રભુને

ધરી શકાય ! બ્રાહ્મણ રૂપ મુખ દ્વારા તો પ્રભુ અન્ય પણ આરોગે ! માધવદાસની બથવાની ભાજી, એક વૈષ્ણવનું લાખ રૂપિયાનું ગુલાબ - પુષ્પ, કુંભનદાસે માનસિક રીતે આરોગાવેલી કેરી કે કોઈ વૈષ્ણવની હજાર રૂપિયાની ટેટી; અને શ્રીગુસાંઈજી તથા ગદાધરદાસે આરોગાવેલું જલ; વૈષ્ણવોમાં પ્રસિદ્ધ છે. પુષ્ટિભક્તિ છે આ ! મર્યાદાભક્તિમાં - વિદુરજીની ભાજી; ગજેન્દ્રનું કમલ; વિદુર-પત્નીનાં કેળાં-છાલ; અને બ્રહ્માજીનું કમંડલુજલ પ્રસિદ્ધ છે. વસ્તુ લાવે ત્યારથી, પ્રભુને નિવેદન કરે ત્યાં સુધી, અખંડ પ્રેમપૂર્ણ હૃદયથી પ્રયત્ન- પરાયણ રહે તેવા ભક્તની કોઈ પણ વસ્તુ પ્રેમ-પરવશ ભગવાન્ પુરુષોત્તમ, પ્રસન્નતાથી, ભક્તેચ્છાનુસાર અંગીકાર કરે છે ! "**अश्नामि**"- સાનુકૂલ-ક્રિયાનું ઉપલક્ષક છે. શ્લોકમાં ગણાવેલાં ચારમાં તો સર્વવસ્તુ સમાઈ જાય છે. અન્ન, વસ્ત્ર પણ ફલરૂપ; દૂધ-શેરડી વગેરે જલરૂપ; તાંબૂલ વગેરે પત્રરૂપ; સુવર્ણ, રત્ન વગેરે પુષ્પરૂપ.

સુદામાજીનાં રંક પત્નીને પ્રભુએ ઈન્દ્રવૈભવ દીધો ! :

બ્રાહ્મણને સંકોચ હતો. સાધારણ-વસ્તુ કૃષ્ણને કેમ દેવાય ? ભગવાનને તો ઉત્તમવસ્તુ પણ આત્મીયતા અને આદરથી અપાય, નિવેદન થાય ! ભગવાને બ્રાહ્મણનું આગમનકારણ વિચાર્યું, - "આ બ્રાહ્મણને તો કોઈ કામના નથી. નિર્દોષકામના હોય તો કાંઈ દેવાય ! બ્રાહ્મણને ન દેવું, પણ પત્નીએ તેને પ્રેર્યો છે, તેને દ્રવ્યની કામના છે, તેથી દોષ ન થાય તેવી નિર્દોષ સંપત્તિ દઉં !" નિષ્કામભક્તને સ્વરૂપ દેવાય, સકામને સંપત્તિ ! અન્તર્યામીથી અજાણ્યું શું ? ભગવાને વાતોમાં પોટલી લીધી. પૌંઆ જોયા ! મિત્ર લાવ્યો છે ને ! મિત્રપત્નીનું હિત વિચાર્યું. પોતે ઈન્દ્ર હતા, ત્યારની સંપત્તિ દેવા ઈચ્છ્યું ! - "**सुदामारङ्कभार्यार्थभूम्यानीतेन्द्रवैभवः ।**"- શ્રીહરિ સૌને સંપત્તિ દેતા નથી ! સુદામાનાં રંક પત્નીને દીધી ! ઈન્દ્રવૈભવ ભૂતલ પર ઉતાર્યો ! સ્ત્રીના ઉદ્ધારક છે, - કૃપાલુ કૃષ્ણ ! સ્ત્રી પણ ભક્તનાં સંબંધી છે ને ! ભક્તના સંબંધથી તો, ભગવાનની દુર્લભ કૃપા પણ સુલભ થાય ! ભક્તસંબંધ થવા છતાં, ઈચ્છા લૌકિક થાય, - તે સંસારીઓની પામરતા જ છે ને ! છતાં ભગવાન્ તો કૃતાર્થ કરે, તે કેવી કરુણા ?! એક મુઠ્ઠી પૌંઆ પ્રેમથી પ્રભુ આરોગ્યા. બીજા આરોગવા તૈયાર થયા ! લક્ષ્મણામાં આવિષ્ટ લક્ષ્મીએ અટકાવ્યા ! વિનવ્યા. વિશ્વાત્માની એક મુઠ્ઠીથી તો વિશ્વ તૃપ્ત થાય, સર્વફલ મળે. બીજીમાં પરલોકવશ થાય. ત્રીજીમાં દેવતાનું દાન કરે, ચોથીથી તો આત્મદાન કરે ! ભગવાન્ સર્વ આરોગે તો સર્વ દે ! સર્વરૂપા તો લક્ષ્મી ! તે તો પ્રભુપરાયણ ! પુરુષ રૂપ પ્રભુ, બ્રહ્માંડ રૂપા લક્ષ્મી ! લક્ષ્મીજીએ વિપ્રહિત કરવા હરિનો હાથ પકડ્યો. પ્રભુની પ્રસન્નતાથી સર્વ સુલભ થાય ને ! સુખ માણતો વિપ્ર રાત રહ્યો. સવારે થયો વિદાય ! અમૃતપાન પણ મળ્યું, - "**स्वर्गतं यथा ।**"- ભગવાને પૂજન માટે આભરણ-વસ્ત્ર વગેરે દીધાં ! ઉત્તમશ્લોક કૃષ્ણની કીર્તિ માટે વિપ્રે લીધાં ! સ્વજનને સંતોષ થાય, પોતાના પ્રિય પ્રભુને અપવાદ ન મળે ને ! વિપુલ વૈભવનો વિપ્રને મોહ નથી; વૈભવ તો ભયપ્રદ અને ભવપ્રદ ! ચિંતા તેથી થાય, ચિંતન જાય ! જલાશય સુધી કૃષ્ણ વિદાય દેવા આવ્યા. બંનેને સંતોષ છે. ભાવથી ભેટ્યા, છૂટા પડ્યા.

ભગવાને સુદામાજીને કાંઈક દીધું લાગે છે ! :

સમૃદ્ધિમાં પણ ભક્તનું સુખ તો કૃષ્ણ-કૃપાની સમજથી જ છે ! :

વિપ્ર માર્ગમાં કૃષ્ણની કૃપા વિચારે છે ! ક્યાં દરિદ્રનારાયણ પોતે અને ક્યાં લક્ષ્મીપતિ કૃષ્ણ !

છતાં કેટલો સ્નેહ - સમાદર ! ધન વગરનાને ધન મળે તો જીવનધન ભગવાન્ ભુલાય ને ! કૃપાળુ કૃષ્ણ ! "धनं मे भूरि नाददात् ।"- "મને ધન બહુ ન આપ્યું, અલ્પ આપ્યું, સારું થયું !" - વિચારતાં ઘેર આવ્યા. અલૌકિક ઈન્દ્રવૈભવ ત્યાં જોયો ! સ્વાગત થયું, પ્રસાદ પ્રભુનો સમજાયો. કૃષ્ણના કૃપા-કટાક્ષનું આ ફલ ! પત્ની પરિતુષ્ટ થયાં ! મોક્ષદાતા માધવે વૈભવ દીધો ! છતાં ભવબંધન ન મળે તેવો ભાવ પણ દીધો છે ને ! અલૌકિક-ભોગ મળ્યો હતો, છતાં વિવેક ન ભૂલ્યા, સુદામાજી ! "પ્રભુનો આ પ્રસાદ છે !" - તે સમજીને, પ્રભુને સ્મરતાં સમૃદ્ધિ ભોગવે, તેને વૈભવ-ભોગ વિકલ ન બનાવે. સુખ-સંપત્તિમાં પ્રારબ્ધ કે પુરુષાર્થ પોતાનો સમજે તો પતન સંભવે ! "बुभुजे नातिलम्पटः"- પદાર્થ કે ભોગમાં નહિ; ભગવાનમાં આસક્ત છે, - ભક્ત ! ભોગ ભોગવે છે આનંદથી, પણ ભૂલતો નથી આનંદપ્રદ ભગવાનને ! આ છે,- ભક્તિમાર્ગની રીત ! સમૃદ્ધ થઈને પણ આ જીવતાં શિખવે છે ને ! સર્વવશી ભગવાન્ ભક્તવશ છે; પછી પુરુષાર્થ કયો બાકી રહે ? વિરુદ્ધધર્માશ્રયી ભગવાને તો, સુદામાજીનો ભક્તિવૈભવ બતાવવા વિરુદ્ધધર્મો તેમનામાં પણ મૂક્યા, છતાં સમાનભાવે જીવતાં પણ બતાવ્યું ! નિર્ધનદશા અને ધનસમૃદ્ધ- દશા; વેદ-પ્રમાણ-પરાયણ ઋષિદશા અને પ્રભુપરાયણ ભક્તદશા ! વૈભવની વસ્તુ માત્રમાં, કૃષ્ણની યાદ - ધ્યાન - કરતા સુદામા વૈકુણ્ઠમાં ગયા, પછી શીઘ્ર સાયુજ્ય પણ મળ્યું ! કથા આ સાંભળે તે પણ કર્મબંધનમાંથી છૂટે ! ભુક્તિ - મુક્તિ - સર્વફલદાતા કૃષ્ણ જ છે ને !

અધ્યાય : ૮૨

કુરુક્ષેત્રમાં ભારતીય ધાર્મિક-જન-સંમેલન ! :

ભગવાન્ કૃષ્ણ, સાત્ત્વિક - પ્રમેય, સાધન અને ફલ - પ્રકરણના ધર્મીરૂપે, હવેના ત્રણ અધ્યાયમાં ક્રમશઃ છે. (૧) સર્વાભીષ્ટ, સર્વસાક્ષી, સર્વપ્રિય, હિતકર્તા, તીર્થંકગમ્ય; જ્ઞાનાત્મા, ગુરુ મોક્ષપ્રદ, પરમ, સાક્ષાત્ પ્રભુ પ્રમેય-ધર્મીરૂપ છે, સર્વના ઈચ્છેલા રૂપવાળા છે. (૨) સાત્ત્વિકોનું સાધન છે,- ગુણવર્ણન ! તેનાં શ્રવણાદિ, તે સાધન - ધર્મીરૂપ છે. કૃષ્ણ સ્ત્રીઓને પણ અતિપ્રિય છે. (૩) ફલાત્મા ધર્મી રૂપ ભગવાન્ સર્વાભીષ્ટ - પ્રપૂરક છે. ઋષિ, દેવ, પિતૃ - સૌને, લૌકિક અને અલૌકિક-રીતે સંપૂર્ણ ફલદાતા છે, - શ્રીકૃષ્ણ ! કુરુક્ષેત્ર, સૂર્યગ્રહણકાલ અને યજ્ઞક્રિયા તેમાં નિમિત્ત છે. તામસ હતા તે રાજસ થયા, રાજસ સાત્ત્વિક થયા ! સૌ સાત્ત્વિક માટે પ્રમેય છે,- માત્ર ભગવાન્ કૃષ્ણ ! સર્વોત્કૃષ્ટ સાત્ત્વિકોને પણ ગ્રહણકાલે પવિત્ર કુરુક્ષેત્રમાં કૃષ્ણદર્શન મળે છે. કલ્પક્ષય-નિમિત્તસૂચક સૂર્ય- ગ્રહણપ્રસંગે સૌ ભારતીય પ્રજા, માઘમાસમાં ગ્રહણ સાંભળીને, કુરુક્ષેત્રમાં યાત્રા માટે આવી. તીર્થમાં ઘર હોય તો યાત્રા ન ગણાય, તેથી તો સૌ મથુરા - દ્વારકાથી પણ અહીં આવ્યા છે ! યાત્રા તો સંસ્કાર- સંસ્કૃતિ - સદ્વિદ્યા અને સમાજની વિવિધતામાં પણ, રાષ્ટ્રને સ્નેહભાવે એક અને અખંડ રાખતી, આદરથી સાંકળતી પુણ્યપરંપરા છે ! ધર્મરત વૈષ્ણવ કુરુરાજા અહીં ખેતીમાંથી ગુજરાન ચલાવતા, તેથી ધર્મક્ષેત્ર રૂપ કુરુક્ષેત્ર છે. સૌ સ્વજન મળ્યાં. સ્યમંતપંચક અને રામહ્રદમાં સૌએ સ્નાન કર્યાં, દાન વગેરે દીધાં. "कृष्णे नो भक्तिरस्त्विति ।"- તેમણે તો કૃષ્ણભક્તિ જ ફલ રૂપે ઈચ્છી ! સર્વ વર્ણ અને આશ્રમના લોકો કૃષ્ણદર્શનથી કૃતાર્થ થયા, ઈચ્છેલા રૂપવાળા પ્રભુને જોતાં પરમાનંદ થયો,

શુદ્ધસાત્વિકભાવે નિરોધ પ્રભુમાં થયો. સર્વને ભૂલી, છોડી, ભગવાનમાં મન પરોવે, તેને ફલ રૂપે ભગવાન્ જ મળે! યાદવો પણ ભગવદવજ્ઞાના દોષને દૂર કરવા આવ્યા. અનિરુદ્ધ, કૃતવર્મા દ્વારકારક્ષા માટે રહ્યા. પાંડવો, નન્દજી - ગોપ - ગોપી સૌ આવેલાં! બહેન કુંતાજીને વસુદેવજીએ સાન્ત્વન દીધું,- "સૌ વિભુને વશ છે!" યાત્રામાં સૌ પ્રભુને સ્તવે છે. કોઈ વિરલ તો પ્રભુભક્તોને સ્તવે છે! દૂર પૂર્વમાં નન્દજી ઉતરેલા, તેમણે પશ્ચિમમાં ઉતરેલા યાદવોને જાણ્યા. ગાડાં જોડીને મળવા આવ્યા. પ્રેમમગ્ન સૌ થયા. નન્દજી - યશોદાજીને બાલભાવે ભગવાન્ મળ્યા! વાત્સલ્યે વધાવ્યા!

શ્રીગોપીજનની વિનંતી, ભગવચ્ચરણ સદા હૃદયમાં વિરાજે!:

ગોપીજનને પ્રિયતમ પ્રભુ મળ્યા! કૃષ્ણભાવે ઐક્ય થયું, તદ્રૂપ થઈ ગયાં! અનાયાસે કૃષ્ણ-સંપાદિત કામથી આ ભાવ થયો! નિરંતર યોગરતને પણ તે તો દુર્લભ! એકાંતમાં પધાર્યા તે! કાન્ત મળ્યા! પ્રભુએ લીલાસ્થાપન કરતાં વિનોદ કર્યો, - "યાદ કરો છો અમને? ભગવાન્ સૌને ભેગાં કરે, છૂટાં પણ કરે છે. પ્રેમસહિતનાં સેવાદિ, ઈન્દ્રિયોની ભગવાનમાં સ્વાભાવિક - વૃત્તિ, સૌને મોક્ષપ્રદ છે, બ્રહ્મભાવ દે છે. દૈવયોગે આપને પુરુષોત્તમભાવ (મદ્‌ભાવ) થયો છે! ઉત્પત્તિપૂર્વે અને પછી, અંદર અને બહાર હું જ છું!"- ભગવાને બ્રહ્માત્મભાવનું નિરૂપણ કર્યું. બ્રહ્મભાવાપન્ન ગોપીજન થયાં,- લિંગશરીર છોડીને ભગવદ્રૂપ થયાં! અંતઃપૂર્ણ ભગવાન્ થયા! સર્વસમર્થ ભગવાન્ જ તેમના લિંગદેહ રૂપે પ્રકટ થયા! સહજ સર્વશક્તિવાળા ભગવદંશરૂપ દેહ રહ્યા! શ્રીગોપીજને વિનવ્યા પ્રભુને!

आहुश्च ते नलिननाभ पदारविन्दं योगेश्वरैर्हृदिविचिन्त्यमगाधबोधैः ।
संसारकूपपतितोत्तरणावलम्बं गेहञ्जुषामपि मनस्युदियात् सदा नः ॥ (४९)

બ્રહ્માત્મભાવ થયો. ઈન્દ્રિય-વર્ગ અતીત થયો! આધિદૈવિક મનમાં, અવતરેલા પુરુષોત્તમનાં ચરણકમલ સદા સ્ફુરે, તો આ અવસ્થા સ્થિર રહે! બ્રહ્મભાવે સ્તબ્ધતાથી કૃતઘ્નતા ન થાય ને! જીવોની તો સેવાથી જ સ્થિતિ છે! સંસારમાંથી વૈકુણ્ઠમાં જવાનું અવલંબન,- કૃષ્ણચરણ! ઘરમાં રહેતાં આસક્તિથી પ્રાકૃતપણું આવે તો! તેથી ચરણ સ્વતઃ મનમાં સ્ફુરે, તેમ કૃપા ઈચ્છી! નારદે કૃપાથી ચરણ-ધ્યાનપૂર્વક ભ્રમણ માગ્યું હતું, મર્યાદા છે ને! ગોપીજને ચરણ-સ્ફુરણાથી સ્વરૂપ માગ્યું! પુષ્ટિ છે ને! નિષ્કામ મુખ્યભક્ત છે, - ગોપીજન! જ્ઞાનોપદેશથી કામનિવારણ થયું! શ્રીગોપીજનનું શુદ્ધ-સત્ત્વ પ્રસિદ્ધ થાય, તેથી તેમની કથા અહીં કહી છે! તેમને સર્વભાવથી સંપૂર્ણ - નિરોધ રૂપ ફલ થાય, તે માટે તો અત્યાર સુધીના ઉપાયો કરેલા છે! સંસાર અને શ્રીહરિ તો પરસ્પર વિરુદ્ધ! સંસારરતને પ્રભુપ્રીતિ ન હોય, પ્રભુપરાયણમાં સંસારાસક્તિ ન હોય! શ્રીગોપીજનને તો કૃષ્ણકૃપાથી સંપૂર્ણ નિરોધમાં આ વિરોધ રહ્યો નથી! ઘરમાં વસતાં, સંસાર - સ્વજન - જીવન - વ્યવહાર વગેરે સર્વ હોવા છતાં, હૃદયમાં સ્ફુરેલા ભગવચ્ચરણનું સુખ જ માણે છે! જ્ઞાન-વૈરાગ્ય તો ભક્તનું શું કલ્યાણ કરે? અવ્યક્તને ભજવામાં તો ક્લેશ કેટલો બધો! પ્રભુની પ્રસન્નતા માટે જીવનારનો તો, સંસારસાગરમાંથી સર્વસમર્થ શ્રીહરિ સ્વતઃ શીઘ્ર, ઉદ્ધાર કરે છે! ભક્તિમાર્ગ, ઘરમાં વસવા રૂપ સંસારસ્થિતિ અને ભગવદાસક્તિ પરસ્પર વિરુદ્ધ રહેતાં નથી, ઉપયોગી થાય છે! ગોપીજને ઘરમાં રહીને પણ ગોવિંદને માણ્યા છે! ગેહ અને દેહ તો ભગવદિચ્છાથી છોડાય! આ લોક અને પરલોકમાં

સુખપ્રદ છે, - શ્યામ ! ઘરમાં રહેવા છતાં કૃષ્ણચરણ હૃદયમાં સ્ફુરે, શરણ મળે, તો દુઃખ ક્યું રહે ? ! સર્વ ભૂલીને સુખાનુભવ શ્યામનો થાય, તે તો ઉત્તમ ફલ છે.

અધ્યાય : ૮૩

કૃષ્ણપત્નીઓએ કૃષ્ણે કરેલા અંગીકારની કથા કૃષ્ણાને કહી ! :

કૃપા કૃષ્ણે કરી, શ્રીગોપીજનના હૃદયમાં ચરણ ધર્યું ! યુધિષ્ઠિરને પણ કુશલ-પ્રશ્ને કૃપાથી કૃતાર્થ કર્યા, મનથી દીધેલું જ્ઞાન સ્થિર કર્યું ! કૃષ્ણ-શ્રવણ-કીર્તને કૃતાર્થતા તેમણે કહી. દ્રૌપદીજીએ રાજ- મહિષીજીને કૃષ્ણકૃપાલાભ પૂછ્યો. કૃપામાર્ગમાં છે,- દ્રૌપદીજી ! સ્વવિવાહ-વાર્તા સૌએ કહી. કૃષ્ણકૃપાથી સર્વસાધન-સંપત્તિ છે. ભગવાનમાં સદ્‌બુદ્ધિ થતાં અનુગ્રહ સ્થિર થાય ! વિવાહ-પ્રસંગાદિ વડે માહાત્મ્યજ્ઞાનથી તે બુદ્ધિ પુષ્ટ થાય. સ્તુતિથી અનુગ્રહ-કાર્યક્ષમ થાય ! સદ્‌બુદ્ધિના પોષણ માટે, સ્ત્રીઓના કીર્તન રૂપે કૃષ્ણમહિમા વર્ણવ્યો છે ! લૌકિક સ્વપતિને બદલે, સર્વપતિ કૃષ્ણમાં પ્રેમ થાય ને ! ભગવદ્‌ભાવમાં બાધક બને બે, - ૧ લોકભય, ૨. વેદભય. શ્રીગોપીજનનો પ્રસંગ વિચારતાં લોકભય ન રહે; પુરુષોત્તમ કૃષ્ણને સમજતાં વેદભય ન રહે ! લોકસુખ અને શાસ્ત્રોક્ત ફલની લાલસા છૂટે, તો પરમસુખરૂપ કૃષ્ણને ભજાય. તેની શ્રેષ્ઠતા સમજાય, તો બીજું ત્યજાય !

કૃષ્ણમાં કામ-ક્રોધ વગેરે દોષ નથી, તેમ કૃષ્ણપત્નીઓમાં પણ દોષ નથી, તેથી સૌએ ભગવાનનું દાસ્ય જ ઈચ્છ્યું છે, વૈભવવિલાસ નહિ ! ભક્તિમય છે,- આ રાજરાણીઓ તો ! મૂલપ્રકૃતિ લક્ષ્મીજી, તેમાંથી આઠ પ્રકૃતિ રુક્મિણીજી વગેરે, તેમાંથી સોળ વિકારની હજારો કાર્યપ્રકૃતિ છે. સોળ હજારમાં મુખ્ય રોહિણીજી, તે અન્યકલ્પમાં આઠમાં પણ છે. અર્ચન રૂપા-રુક્મિણીજી; શ્રવણરૂપા - સત્યભામાજી; સ્મરણરૂપા - જાંબવતીજી; પાદસેવનરૂપા - કાલિન્દીજી; કીર્તનરૂપા - મિત્રવિન્દાજી; વન્દનરૂપા - નાગ્નજિતીજી; દાસ્યરૂપા - ભદ્રાજી છે. દ્રૌપદીજીનું અભિમાન ઉતારવા સખ્યરૂપા - લક્ષ્મણાજીએ સ્વવૃત્તાન્ત વિસ્તારથી કહ્યો ! દ્રૌપદીજીના સ્વયંવરમાં તો મત્સ્યનું પ્રતિબિંબ જલમાં જણાતું હતું, લક્ષ્મણાજીના સ્વયંવરમાં તો તે પણ દેખાતું ન હતું ! અર્જુનને પણ તે તો અગમ્ય ! કૃષ્ણે જ કૃપા કરી કૃતાર્થ કર્યા. એકભાવાપન્ના, આત્મનિવેદન રૂપા, સોળ હજાર મહિષીજીઓએ પણ કૃષ્ણકૃપા કહી છે ! સૌએ કૃષ્ણનું દાસ્ય અને ચરણકમલ-રજઃલાભ ઈચ્છ્યો ભગવદીય-શરીર તેથી મળે, ભગવદીયતાથી જ સર્વપુરુષાર્થ પરિપૂર્ણ થઈ જાય ! દ્રૌપદીજી સાથે આ કથા ઉત્કંઠાથી સાંભળતાં સૌ સ્ત્રીઓને પણ કૃષ્ણમાં રુક્મિણીજી વગેરેની જેમ સ્નેહ થયો, ભગવન્મય થયાં ! યથાર્થ ભક્તોના મુખે ભગવાનની વાતો સાંભળવાથી લૌકિક જીવોનો પણ ઉદ્ધાર થાય !

અધ્યાય : ૮૪

ઋષિયોને ભગવાનનો વિનય ! :

ભગવાન્ કૃષ્ણ સાત્ત્વિકોને તો તદીયતા રૂપ ઉત્તમ ફલ દે છે ! ઋષિસન્માન, યજ્ઞક્રિયા અને તેથી ઋષિ-ઋણ-નિવારણ પ્રભુ કરાવે છે. આ ફલથી નિરોધની સફલતા નથી, સફલતા છે, - તદીયતાથી ! લૌકિક-કામનાઓથી અનેક બંધનમાં બંધાયેલા લોકોને દુર્લભ છે, - તદીયતા ! સુલભ બને છે, તે કૃષ્ણકૃપાથી ! આત્મીયોનો નિરોધ તેથી કૃષ્ણ કરે છે. અદ્‌ભુત છે,- ભગવાનની લીલા !

ફલસૂચક છે,- નિરોધ ! તેની સફલતા-સિદ્ધિ - માટે આ ફલ છે. કુરુક્ષેત્રમાં દ્રૌપદીજીના પ્રશ્નથી સૌએ કૃષ્ણકૃપા સાંભળી. સ્વકીય બનાવવા માટે કૃષ્ણની તે લીલા દૃષ્ટ અને અદૃષ્ટ છે. દૃષ્ટ છે - કૃષ્ણકૃતિ; અને અદૃષ્ટ છે - કૃષ્ણચરણરજ ! બંનેથી મળે, - ભગવદીયતા ! કૃષ્ણચરિત સાંભળી સૌને અત્યાશ્ચર્ય થયું, પ્રભુમાં સ્નેહ દૃઢ થયો. ભગવદીય થવાનો અભિલાષ થયો ! ત્યાં તો, "ભગવાન્ કૃષ્ણ જ ફલ છે" - તેમ સમજાવનારા વ્યાસ, નારદ વગેરે મુનિઓ કૃષ્ણદર્શન માટે આવ્યા. ગુણગાન રૂપે સાધનનું ફલ કૃષ્ણ જ હોય ને ! સૌ ઊભા થયા. સ્વાગત કર્યાં. ભગવાને વિપ્રદર્શનને વધાવ્યાં. - "દેવદુર્લભ ભક્ત યોગેશ્વરોનાં દર્શને જન્મ સફલ થયો ! સ્વલ્પ તપઃવાળાને આવાં દર્શન - સ્પર્શન - પ્રશ્ન - નમન- પાદપૂજનનો લાભ ક્યાંથી ? જલમય તીર્થ, સ્થલ કે પ્રતિમા રૂપ દેવ, તો દીર્ઘકાલે પાવન કરે; સાધુજનો તો દર્શન-માત્રથી પાવન કરે ! દેવોપાસનમાં ભેદબુદ્ધિ છે, ભગવદ્‌બુદ્ધિથી પૂજન કરતાં તે પાપક્ષય કરે, સાધુસેવન તો ક્ષણમાં અભેદજ્ઞાન દઈને કૃતાર્થ કરે ! (૧) જડશરીરને આત્મા પોતે છે એમ ગણે, (૨) પત્ની વગેરે દેહધારીઓને આત્મીય ગણે, (૩) પૃથ્વી - સંબંધી પદાર્થોને અર્ચનીય ગણે, (૪) જલમાં જ તીર્થબુદ્ધિ કરે, તે ચારે મૂર્ખ છે, પશુતુલ્ય છે ! ભગવદ્રૂપ ભગવદીયો તો આત્મા - આત્મીય -અર્ચનીય અને તીર્થરૂપ છે !" ભગવાનનો અભિપ્રાય ઋષિયો ન સમજી શક્યા ! ભ્રમિત થયા ! વેદનિષ્ઠ ઋષિજન અને દેવગણનું પૂજન લોકમાં થાય, તેથી સૌના દેખતાં ભગવાને બુદ્ધિપૂર્વક સમાદર કર્યો છે ! લોકશિક્ષણને વિચારીને, ઋષિયોએ પ્રભુની સ્તુતિ કરી ! "સર્વસ્વતંત્ર ભગવાનનું સર્વચરિત્ર અલૌકિક હોવાથી વિચિત્ર છે ! ભગવાન્ જ અવિકૃત રહીને, પોતે જ વિવિધતા પ્રાપ્ત કરે છે, અનેક રૂપ બને છે; સ્વજનરક્ષા માટે દુષ્ટને દંડ દેવા લીલાથી અવતરે છે. સનાતન વર્ણાશ્રમ-ધર્મ રૂપ વેદમાર્ગને રક્ષે છે, પોષે છે. સર્વફલરૂપ કૃષ્ણદર્શને જ જન્મ - વિદ્યા- તપઃ અને નેત્રનું સાફલ્ય છે ! તે પરમાત્મા કૃષ્ણને નમન ! માયાપ્રભાવે લોકો તેને જાણી શકતા નથી. કૃષ્ણકૃપા અને ભક્તિમાર્ગ કૃતાર્થ કરે ! ભક્તો પર કૃપા કરો, આત્મસાત્ કરો !' ઋષિયોએ તો પોતાની કૃતાર્થતા માટે ભગવાને કહેલાથી જુદી વાત કહી, તે જ શાસ્ત્રાર્થ રૂપ છે ! પ્રભુ પાસે હોવાથી સૌના હૃદયમાં પણ તેમ આવ્યું ! સૌને ઉપદેશ અને યથાધિકાર ફલ થયાં.

શુદ્ધ - દ્રવ્યથી શ્રદ્ધાપૂર્વક યજ્ઞ દ્વારા પ્રભુપૂજન !:

વસુદેવજીએ સૌનાં સાંભળતાં ઋષિયો પાસેથી કૃષ્ણજ્ઞાન મેળવ્યું. પ્રભુને પુત્ર ગણ્યા હતા ને ! નારદજીએ સંદેહનિવારક જ્ઞાન દીધું. યજ્ઞ રૂપ ભગવાનનું યજ્ઞથી - શ્રદ્ધાથી યજન થાય; કર્મથી કર્મનિવારણ થાય, ધનનો વિનિયોગ તે રીતે પ્રભુમાં થાય ને ! આધિદૈવિક યજ્ઞ રૂપ સેવામાર્ગ છે. અહીં તો, શ્રૌતપ્રકાર કહ્યો છે ! તે ધર્મરૂપ છે, ભક્તિરૂપ નથી ! તે આત્મસુખ(સ્વર્ગ)પ્રદ છે. ગૃહસ્થદ્વિજ માટે આ સરલ માર્ગ છે, - કલ્યાણનો ! "**श्रद्धयाप्तवित्तेन शुक्लेनेज्येत पूरुषम् ।**"- સત્કાર્ય શ્રદ્ધાથી થાય, પોતે પરિશ્રમથી પ્રાપ્ત કરેલા પૈસા દ્વારા થાય ! મોજશોખમાં પ્રેરી, નાશ ન નોંતરે તેવું, હિતકારક દ્રવ્ય જોઈએ, સન્માર્ગથી પ્રાપ્ત કરેલું દ્રવ્ય જોઈએ ! લોકને કર્મમાં કેદ કરીને કષ્ટ અને ક્લેશ દેતી ત્રણે ઈષણાઓ યજ્ઞથી છૂટે; કર્મબંધન પછી ન રહે. તીવ્રેચ્છા ઈષણા છે. (૧) વિત્તેષણા-યજ્ઞ, દાનથી દૂર થાય. (૨) દારેષણા (પુત્રેષણા) - યથાર્થ ગૃહસ્થાશ્રમથી દૂર થાય. (૩) લોકેષણા - કાલથી (દેવાદિવત્ સુખલાભથી) દૂર થાય. વિજ્ઞને વૈરાગ્યથી આ સુલભ થાય. વેદમાં સ્વર્ગ માટે યજ્ઞ કહ્યા છે. સ્ત્રી અને

ધન યજ્ઞમાં ઉપયોગી છે ને ! નહિ તો વેદમાં માત્ર માનસયજ્ઞ કહે ! મુનિયોએ માન્યતા પોતાની કહી ! આમ, ઈષણા છોડી વનમાં જવું ! "ऋणैस्त्रिभिर्द्विजो जातो...।"- દ્વિજ ત્રણ ઋણ સાથે જન્મે છે. "जायमानो वै ब्राह्मणस्त्रिभिर्ऋणवान् जायते..।"- યજ્ઞોપવીત દેવાતાં બ્રાહ્મણને ત્રણ ઋણ. (૧) ઋષિ- ઋણ, (૨) દેવ-ઋણ, (૩) પિતૃ-ઋણ. તેમાંથી છૂટવાનો ઉપાય, - "ब्रह्मचर्येण ऋषिभ्यो यज्ञेन देवेभ्यः प्रजया पितृभ्यः ।"- શ્રુતિમાં છે. (૧) બ્રહ્મચર્ય-સહિત અધ્યયન, (૨) યજ્ઞ, (૩) પુત્રપરંપરાઃ મુખ્યરીતે, સામાન્ય-અધિકારવાળા માટે આ ઉપાય ઋષિયોએ કહ્યો છે, - ગૃહસ્થાશ્રમ પછી જ સંન્યાસ ! ઈષણાત્યાગ, ઋણમુક્તિ પછી મોક્ષમાર્ગે યત્ન ! અન્યાધિકાર માટે બીજા પણ ઉપાયો છે. સમાજની સુવ્યવસ્થા, વિકાસ, સુખ-શાંતિ અને સમુન્નતિ માટે દિવ્ય-દૃષ્ટિવાળા ઋષિયોએ આ શાસ્ત્રીય- ભાવના દીધી છે. વસુદેવજીને વેદાધ્યયન અને પુત્રલાભ તો છે. દેવ-ઋણમાંથી છૂટવા વસુદેવજીને ઋષિયોએ અનેક ઉત્તમયજ્ઞોથી ભગવાનનું યજન કરાવ્યું ! અઢાર પત્નીઓ સાથે વસુદેવજી શોભતા હતા. દક્ષિણા વગેરેથી સૌને સંતુષ્ટ કર્યા. મનોરથો પૂર્ણ થયા. સૌ સ્વજનો ત્રણ માસ રહ્યા. સ્નેહપૂર્ણ હૃદયે વિદાય આપી. યાદવો થોડા સમય રહીને, વર્ષા પાસે જોતાં દ્વારકા આવ્યા. સૌને મહોત્સવ થયો,- કૃષ્ણકૃપાથી ! યાદવોનાં પહેલાંનાં લૌકિક અને આ અલૌકિક સાધન પણ ભક્તિપ્રસાધક થયાં. પ્રમેયથી કૃપા કરતા કૃષ્ણે, પ્રમાણબલથી યજ્ઞ દ્વારા પણ કૃપા કરી ! યાદવો પણ સાત્ત્વિક થયા ! સર્વને સર્વભાવ કૃષ્ણમાં થયો. સર્વફલ કરતાં, કૃષ્ણ જ પરમ ફલ રૂપ છે, - આ સમજાતાં સાત્ત્વિક-પ્રક્રિયામાં કહેલાં - સૌ નિર્ગુણ થયાં. નિરોધ નિરૂઢ થયો - કૃષ્ણમાં ! કૃતાર્થ થવાય- કૃષ્ણકૃપાથી !

અધ્યાય : ૮૫

ભગવાને વસુદેવજીની જિજ્ઞાસા જોઈને અખંડાદ્વૈતવાદની સમજ દીધી ! :

ભગવાન્ શ્રીકૃષ્ણે સૌ ભક્તોનો નિરોધ કર્યો. જો કૃષ્ણનું ભગવત્પણું સર્વ યુક્તિ- પ્રમાણ-સંગત ન હોય તો, કરેલો નિરોધ નિષ્ફલ થાય ! ગુણરહિતે કરેલી નિરોધલીલા તો માયિક હોય, તેથી ફલ કાંઈ ન થાય ! અંતર્યામી કે કોઈ દેવાદિમાં પ્રવિષ્ટ ભગવદ્‌ગુણે નિરોધ કર્યો હોય, તો તેના શ્રવણાદિથી મુખ્યફલ ન થાય, વ્યર્થ થાય ! આ સર્વનિરોધ - લીલા - કરનાર, તો સર્વવશી, સર્વસ્વામી, શ્રીકૃષ્ણ ભગવાન્ છે ! આ ગુણપ્રકરણના છ અધ્યાયોમાં, શ્રીકૃષ્ણના છ ગુણો, શ્રીશુકે ક્રમશઃ ગાયા છે. "ऐश्वर्यस्य समग्रस्य धर्मस्य यशसः श्रियः । ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीरणा ॥"- સમગ્ર ઐશ્વર્ય, ધર્મ (વીર્ય), યશ:, શ્રી, કામ અને વૈરાગ્ય- આ છ ગુણો - "ભગ !" આ ભગયુક્ત-ભગવાન્ ! "युक्तैर्भगैः स्वैरितरत्र चाध्रुवैः ।"- ઐશ્વર્ય વગેરે મૂર્તિમંત ગુણો ભગવાનને વીંટળાઈને રહે છે. તે માત્ર ભગવાનમાં જ સ્થિર છે. અન્યત્ર તો તેનો ભગવત્કૃપાથી ક્યારેક આવેશ હોય છે, તેથી જ્યાં આવેશ હોય ત્યાં, રાજા-પાર્ષદ-ઋષિ વગેરે માટે, "ભગવાન્" - શબ્દ વપરાય છે; છતાં સ્વયં નિત્યપૂર્ણ "ભગવાન્" તો શ્રીકૃષ્ણ જ છે ! - "कृष्णस्तु भगवान् स्वयम् ।" "सेशं पुनात्यन्यतमो मुकुन्दात्को नाम लोके भगवत्पदार्थः ।"- માં મોક્ષદાતા કૃષ્ણ વિના કોઈ જ "ભગવાન્" શબ્દનો કોઈ બીજો અર્થ નથી, તે સ્પષ્ટ છે ! "वसुदेवगृहे साक्षात् भगवान् पुरुषः परः ।"- બ્રહ્માજી બોલ્યા છે. ભગવાન્ વ્યાસે કૃષ્ણનું

ભગવત્ત્વ પ્રસિદ્ધ કરવા, હવેના છ અધ્યાય કર્યા છે. સમાધિમાં વ્યાસે પૌર્વાપર્યથી લીલાનું દર્શન કર્યું છે. કૃષ્ણની ઐશ્વર્યની પ્રસિદ્ધિ આ છ અધ્યાયમાં સ્પષ્ટ છે. ક્રિયા અને જ્ઞાનના ભેદથી ઐશ્વર્ય-લક્ષણવાળો અલૌકિક અને લૌકિક-ભગવદ્ધર્મ આ અધ્યાયમાં છે. વસુદેવ-દેવકીજીએ તો કૃષ્ણપ્રાકટ્ય વખતે મથુરામાં આ ઐશ્વર્ય અનુભવ્યું છે, તેથી તો બન્નેએ સ્તુતિ કરેલી! હવે તો તીર્થયાત્રા, યજ્ઞક્રિયા અને મુનિયોએ દીધેલા જ્ઞાનથી તો બન્નેનાં અંતઃકરણ શુદ્ધ છે, તેથી કૃષ્ણના ગુણ સમજવાની ઈચ્છા થઈ! મહિમા જાણતાં માએ ઐશ્વર્ય-પરીક્ષા માટે મારેલા પુત્ર રૂપે પાછા માગ્યા! ઐશ્વર્ય લોકવેદાતિશાયિ પ્રકૃષ્ટ છે. અલૌકિક કરે તે,- ઈશ્વર! પિતાના પુત્ર રૂપે રહેવા છતાં, "સર્વ બ્રહ્મ છે" - તેવો, અખંડાદ્વૈત-જ્ઞાનોપદેશ કૃષ્ણ કરે છે! તે તો વેદને પણ અશક્ય! ભગવાને ગુરુ રૂપે કે દેવ રૂપે તો આ ઉપદેશ આપ્યો નથી! પુત્ર કપિલદેવે તો ગુરુ રૂપે મા દેવહૂતિને જ્ઞાનોપદેશ દીધેલો! બાલ્યાવસ્થામાં મરેલા, કાલે પરમાણુસાત્ કરેલા, દેવકીજીના છ પુત્રોને, કાલનું ઉલ્લંઘન કરીને પાછા લાવ્યા, પછી પણ સ્વપદની પ્રાપ્તિ કરાવી! આમ, વેદ અને કાલનું ઉલ્લંઘન પુરુષોત્તમ વિના કોઈ કરી ન શકે! "**अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ।**"- કૃષ્ણ વિના આ કોણ કહી પણ શકે ? ફલદ પ્રભુ મા-બાપને ઈચ્છેલું પણ દે ને! અહીં, કથાક્રમ ઈચ્છેલો નથી! પ્રસન્નતાના કોઈ સમયે, વંદન કરતા રામ-કૃષ્ણને જોતાં, વસુદેવને ઋષિયોએ દીધેલું જ્ઞાન યાદ આવ્યું, પરાક્રમ-સ્મરણે વિશ્વાસ થયો. સર્વવિદ્યા-નિરૂપક અઢાર શ્લોકમાં સ્તુતિ કરી, શરણાગતિ કરી. વિદ્યા ૧૮ ને! શ્રુતિમાં તો, વિદ્યાર્થી ગુરુ પાસે જાય, વંદન કરે, પૂછે, - વગેરે ક્રમ છે. આ તો ઊલટો ક્રમ! જ્ઞાન દેનારા આવીને નમે છે! ઈશ્વર શું ન કરી શકે ?! વિશ્વના મૂલભૂત ભગવાન્ છે.

यत्र येन यतो यस्य यस्मै यद् यद् यथा यदा ।
स्यादिदं भगवान् साक्षात् प्रधानपुरूषेश्वरः ॥ (४)

લોકમાં છ કારક - પ્રકારસહિત, સર્વવિભક્તિનો જેટલો વાચ્યાર્થ છે, તે બધો ભગવાન્ જ છે! સૌનું કારણ - પ્રધાન (પ્રકૃતિ), પુરુષ; તેનું કારણ - કાલ ઈશ્વર! તેના નિયામક પુરુષોત્તમ-કૃષ્ણ! રામ-શ્યામ એકરૂપને! વિશ્વ સર્વરીતે ભગવદ્રૂપ છે. ભગવાન્ જ વિવિધ પ્રકારે વિશ્વ સર્જે છે, સૌમાં પ્રવેશે છે. ભગવાન્ સર્વવસ્તુનાં વસ્તુસ્વરૂપ, આધિદૈવિક રૂપ છે! "**चक्षुषश्चक्षुः....।**"- શ્રુતિ છે ને! કર્તા રૂપે, સર્વમાં પ્રવિષ્ટ રૂપે, વિવિધ રૂપે, પર રૂપે ભગવાન્ જ છે. સર્વમાં દેખાતા કાર્ય-કારણ વગેરે ધર્મો પણ ભગવદ્રૂપ છે! સ્ફોટ, નાદ, અક્ષર, ઓંકાર આકૃતિ - ક્રિયા વગેરે પણ ભગવદ્રૂપ છે! સર્વાધાર રૂપ ભગવાન્ છે. ભગવાન્ તો નિર્દોષ-પૂર્ણગુણવિગ્રહ છે. ભગવાનને આત્મા રૂપે જાણવા અથવા ભક્તિ કરવી, નહિ તો સંસારમાં આથડવું પડે, માનવજન્મ વ્યર્થ વેડફાઈ જાય! દેહ વગેરેના સ્નેહપાશમાં સૌ ફસાય છે! ભગવાન્ તો ભૂભાર હરવા પધાર્યા છે. પ્રભુપ્રેરણાથી જ આવું સમજાય ને! વસુદેવે ભોગેચ્છા, દેહાભિમાન અને ભગવાનમાં અન્યથાબુદ્ધિ (પુત્રભાવ) દૂર કરવા શરણાગતિ કરી. આવું ખંડજ્ઞાન સાંભળીને પ્રસન્ન પ્રભુએ મધુરવાણીમાં અખંડબ્રહ્મજ્ઞાન દીધું! સાથે હસીને મોહ પણ કરાવે છે! ભગવાને આ સ્તુતિને બ્રહ્માત્મભાવના ઉપદેશ રૂપે ગણાવી! અત્યારે લોકમાં પ્રાયઃ ખંડજ્ઞાન-પ્રચાર દેખાય છે! ભગવાને પોતાના ઐશ્વર્યથી સર્વવેદાર્થ સ્પષ્ટ બતાવ્યો, તે જ - "શુદ્ધાદ્વૈત."! વેદ-(ગીતા-બ્રહ્મસૂત્ર-ભાગવત)માં જે યથાર્થ કહેલું છે, તેમાં કાંઈ વધારા-ઘટાડા- ફેરફાર

વગરનું તે, - શુદ્ધ ! માયાસંબંધ-રહિત,- તે શુદ્ધ ! ભગવાનની શક્તિરૂપા માયા, ભગવાનથી ભિન્ન નથી. કાર્ય-કારણ-રૂપ સદા શુદ્ધ બ્રહ્મ જ છે, માયિક નહિ ! ભગવાન્ જ સર્વરૂપ છે ! "सर्वेऽप्येवं...।"- સર્વ સાક્ષાત્ ભગવદ્રૂપ છે. સર્વનું શુદ્ધ ભગવત્પણું સમજાતાં કાંઈ જાણવું બાકી ન રહે ! જડ-ચૈતન્ય સર્વ રૂપે ભગવાન્ જ સ્વેચ્છાથી વિરાજે છે. એક જ અનેક રૂપે છે. ઉપાધિથી વિલક્ષણતા છે ! સ્વરૂપમાં ભેદ નથી ! આ અખંડાદ્વૈતવાદ છે. વસુદેવજીની ભેદબુદ્ધિ દૂર થઈ, પ્રસન્ન થયા. ભગવાને સ્વજ્ઞાનશક્તિ પ્રકટ કરી !

મા દેવકીજીને મરેલા છ પુત્રો લાવી દીધા ! :

મા દેવકીજી પ્રભુ દ્વારા કૃતાર્થ છે, છતાં પહેલાં થયેલાં દુઃખ અને વાસના મનમાંથી ગયાં નથી ! પોતાનાં પહેલાં છ સંતાન મર્યાં છે. કૃષ્ણે તો મરેલો ગુરુપુત્ર લાવી દીધો ! તો પોતાના પુત્ર પણ ન લાવી દે ? ! પોતે પ્રભુને જાણે છે,- તે કહેતાં માએ શરણાગતિ કરી. શરણાગતના સર્વસંતાપ દૂર કરે છે, - કૃષ્ણ ! ભગવાન્ તે માટે સુતલમાં પધાર્યા. ભક્ત બલિ રાજાએ સપરિવાર પ્રેમથી પૂજન કર્યું. સર્વસ્વસમર્પણ-આત્મનિવેદન કર્યું, ભગવાનની સ્તુતિ કરી, આજ્ઞા માગી. ભગવાને કહ્યું, - "ગયા બ્રહ્મકલ્પમાં મરીચિનાં પત્ની ઊર્ણા, તેમના છ પુત્રો. ઈન્દ્રિયદેવો શા ! "वाचं दुहितरं तन्वीं...।"- પ્રકારે બ્રહ્માજીને કામસેવન-તત્પર જોયા તેમણે ! - કામરૂપ ભગવાને પોતાની સેવા માટે બ્રહ્માજીને પ્રેરેલા ! બ્રહ્માજી તો નિષ્કપટ - શુદ્ધ છે ! આ પેલા દેવો જાણે નહિ, મશ્કરીમાં હસ્યા ! અજાણતાં પણ ભક્તની મશ્કરી કરે તે તો અસુર રૂપ ! તે છ થયા અસુર ! અપરાધથી અધમ-કર્મ કર્યાં, તેથી હિરણ્યકશિપુના પુત્રો થયા. તે પછી યોગમાયા તેમને દેવકીજીના ગર્ભમાં લાવી ! દેવકીજીના કામાદિ છ શત્રુઓને દૂર કરે, તો તે છ ગુણ રૂપ થાય ને ! કંસે તેમને માર્યા. ત્રણ વાર દંડ થયો ! "ત્રિસત્ય" છે ને ભગવાન્ ! કર્મથી ક્લિષ્ટ થયેલા તે, કૃપાથી કૃતાર્થ થશે !" - આ સાંભળીને વગર માગ્યે, સેવક બલિએ તે દીધા ! તે છએ પહેલાં હતા તે અવસ્થામાં, પ્રભુએ દ્વારકામાં માને દીધા ! સ્નેહવિકલ માએ પયઃપાન કરાવ્યું.

पीत्वामृत मयंतस्याः पीतशेषं गदाभृतः ।
नारायणाङ्गसंस्पर्शप्रतिलब्धात्मदर्शनाः ॥ (५५)

દેવોએ તો ભગવાન્ માટે, માના પયઃસ્થાને અમૃત પધરાવ્યું છે ! તેમાંય, આ તો ભગવાનનું પ્રસાદી-ઉચ્છિષ્ટ ! ભગવાનના સેવકો તો પ્રસાદ-ભોગથી માયાને તરી જાય છે ! અદ્ભુત-બાલક રૂપે મથુરામાં પ્રકટેલા પ્રભુ તો, પધારેલા ગોકુલમાં, પણ વત્સલ મા ! વેદના કોને કહે, - આ વિયોગની ?! તીવ્ર-સંતાપભાવે સ્મર્યા કરે, - પોતાના આ લાડકવાયા લાલને ! ત્યારે, કરુણાકેતન - કૃષ્ણ પ્રકટ દર્શન દે, બાલક રૂપ મનોરથ પૂર્ણ કરે, પયઃપાન પણ કરે ! મથુરામાંથી વ્રજમાં પ્રાકૃત-બાલક રૂપે પ્રથમ પધાર્યા, ત્યારેય પાન કરેલું ! અધરામૃત-લાભ ગણાય ને, આ પ્રસાદી પયઃપાન તો ! પ્રસાદીપાન, અમૃતપાન અને નારાયણનો અંગસ્પર્શ મળ્યો ! ધર્માવતાર નારાયણાંશ અનિરુદ્ધની લીલા છે ને આ ! જ્ઞાન થયું છએને, સ્વધામ ગયા ! ભગવાને પોતાની ક્રિયાશક્તિ પ્રકટ બતાવી. પુરુષોત્તમ ભગવાન્ કૃષ્ણ તો પૂર્ણજ્ઞાનશક્તિ અને પૂર્ણક્રિયાશક્તિવાળા છે ને ! માએ કૃષ્ણચરિત જાણ્યું, વિસ્મિત થયાં.

ચરિતજ્ઞાનથી કામના પૂર્ણ થઈ ! આ જ્ઞાન દેવા તો પ્રભુ પુત્રોને લાવ્યા હતા, નહિ તો કંસ દ્વારા કરાવેલો વધ વ્યર્થ થાય ને ! ઐશ્વર્યસૂચક, આવાં તો અનંત પરાક્રમવાળા કૃષ્ણનાં ચરિત અનંત છે, નિત્ય છે,- "सन्त्यनन्तानि ।"- જ્ઞાન દઈને વસુદેવજીને અંદરનો આનંદ દીધો અને પુત્રો દઈને દેવકીજીને બહારનો આનંદ આપ્યો ! તે તો વૈદિક અને લૌકિક છે. સદાનંદ-કૃષ્ણ વિના આ કોણ કરી શકે ?

આ ચરિત શ્રવણ કરે - કરાવે, તેનાં સર્વપાપ નષ્ટ થાય, ભક્તિ થાય, ચિત્ત ભગવાનમાં સ્થિર થાય, વિઘ્ન વગર વૈકુણ્ઠમાં વિભુને પ્રાપ્ત થાય. સર્વેશ્વર છે ને ભગવાન્ કૃષ્ણ ! "वर्णितं व्यासपत्रैः ।"- આ ચરિત શ્રીશુક અનન્ત રૂપ થઈને વર્ણવે છે, તેથી બહુવચન છે, અથવા વ્યાસશિષ્યો વર્ણવે છે !

અધ્યાય : ૮૬

શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણાજ્ઞાનુસાર શ્રીભાગવત - પ્રતિપાદન કર્યું છે ! :

લૌકિક-લોકોથી શક્ય પણ ન બને તેવાં અલૌકિક પરાક્રમ છે, - પ્રભુનાં ! કૃષ્ણ સર્વનાં સર્વકાર્ય કરે છે, તે "વીર્ય" - ગુણસૂચક છે. ભગવાને સ્વભગિની, યતિવેષધારી અર્જુનને દીધાં, પોતે મહાન્ છતાં મિથિલામાં સામાન્યના ઘેર સ્નેહથી પધાર્યા ! પોતાના કરતાં પણ પોતાના ભક્તો-વિપ્રોની અધિકતા બતાવતાં વાક્યો શ્રુતદેવને કહ્યાં ! ભગવાન્ વિના અલૌકિક આ સંભવે કોનાથી ? મહાપુરુષ આમંત્રણ વિના ક્યાંય ન જાય, છતાં પ્રભુ તો મિથિલા સ્વતઃ પધાર્યા ! પુરુષોત્તમ છે ને ! કથાક્રમ, શ્રીશુકાધ્યાપન-પાઠક્રમ અને લીલાક્રમ જુદા હોવા છતાં, મહર્ષિવ્યાસે વિચારેલા ગ્રન્થાનુસાર આ બધાં વ્યાખ્યાન છે ! પ્રભુના વીર્યગુણના સૂચક વિચાર માટે, વ્યાસજીએ સુભદ્રાહરણ કથા અહીં કહી છે ! વ્યાસજીને ફલ-સંપાદનનો આગ્રહ નથી, લીલાસ્વરૂપનો વિચાર છે ! "**ग्रन्थारम्भे तथैवास्मान् बोधयामास माधवः ।**"- શ્રીવલ્લભાચાર્યજીને પણ ગ્રન્થારંભમાં કૃષ્ણે તેવી જ આજ્ઞા કરી છે ! આ વીર્યગુણ- સૂચક કથામાં, બુદ્ધિ અને ક્રિયાનું સામર્થ્ય કૃષ્ણનું બતાવ્યું છે. અદ્‌ભુતરીતે માયારૂપ સુભદ્રા, નરરૂપ અર્જુનને વરાવ્યાં. આ બુદ્ધિસામર્થ્ય છે ! મિથિલામાં ભગવાન્ પોતે દ્વિરૂપ થયા, મુનિ રૂપ પણ થયા ! સૌને બે રૂપે દર્શન દેવા છતાં, છે તો એક જ ! આમાં માયા - કપટ - નથી; ક્રિયાસામર્થ્ય છે,- કૃષ્ણનું !

માયા રૂપા સુભદ્રાજી ભગવાને નર રૂપ અર્જુનને વરાવ્યાં ! :

રાજા પરીક્ષિત પ્રભુના પરાક્રમમાં જ્યાં સંદિગ્ધ લાગે છે, તે કથા પૂછે છે. શ્રીશુક પ્રસંગાનુસાર મિથિલાગમનની અન્યકથા પણ કહે છે ! લૌકિક, વૈદિક અને ભજનીય બાબતોમાં, ક્રમશઃ ત્રણ અધ્યાયમાં, સંદિગ્ધ પૂછ્યું છે. ! શ્રીશુકે તેનું સમાધાન દીધું છે, પ્રસંગો કહ્યા છે. આ કથાસંગતિ છે. ભગવાન્ રામ-કૃષ્ણ તો કોઈથી જિતાય નહિ તેવા, છતાં પોતાના દાદા અર્જુને ભગવાનનાં બહેન સુભદ્રાજીનું હરણ કરીને, વિજય કરીને, વિવાહ કઈ રીતે કર્યો ! - રાજાએ પૂછ્યું. શ્રીશુકે કથા કહી. તીર્થયાત્રાએ નીકળેલા પાંડવો દ્રૌપદીને વર્યા, તે પછી કામથી કલહ ન થાય માટે નારદે ઉપદેશ દીધો. દરેકને ત્યાં વર્ષ વાસ કરે દ્રૌપદીજી ! બીજો ભાઈ વિહાર જુએ તો વર્ષ સુધી તીર્થયાત્રા કરે;- તેવો નિયમ દીધો. બ્રાહ્મણની ગાયની રક્ષા કરવા, ઉતાવળા અર્જુનથી નિયમભંગ થયો. ધર્મરાજે તો "કામદર્શનમાં દોષ છે !" - કહીને મનાવ્યા, છતાં ન માન્યા ! ભગવદિચ્છા છે ને ! અર્જુને પ્રભાસમાં

પર્વ-પ્રસંગે ત્રિદંડી સંન્યાસીનો વેષ ધર્યો, દ્વારકા આવ્યા. અર્જુન તો જીવકલા રૂપ, નરનો અવતાર, ભગવાનનો તેમાં આવેશ ! સુભદ્રાજી માયાશક્તિ રૂપા. યશોદાજીની દીકરી; કંસના હાથમાંથી છૂટી દેવી રૂપા થયેલ, દેવકીજીના સ્નેહથી તે પુત્રી સુભદ્રા રૂપે પ્રકટ્યાં, ભગવદિચ્છાથી ! બધા દીકરા પછી માને દીકરીનો મોહ ને ! સ્ત્રીભાવે મોહ થાય ને ! ભગવાનમાં રહેલી શક્તિ-માયા. ત્રણ તેના પ્રકાર : ૧. આધિભૌતિક - ભૂતલ પર રહેલી, સૌને મોહ કરાવતી. ૨. આધ્યાત્મિક-કામપત્ની માયાવતી રૂપે કહેલી તે. ૩. આધિદૈવિક-સુભદ્રા રૂપે અવતરેલી. ભગવાન્ વિના તેને કોઈ વરી ન શકે ! ભગવાન્ તો અહીં લોકસંબંધે ભાઈ ! વેદ રૂપ રામ પણ ભાઈ ! "जह्यजाम्"- "માયાને હણો !" - વેદસ્તુતિમાં કહે છે, તેથી તે સાનુકૂલ નહિ ! લોકમાં કન્યા જ રહે તે દોષ રૂપ ગણાય ! તેનો વિવાહ કરવો કઠિન ! સરલ ઉપાય કર્યો, - બુદ્ધિસામર્થ્યથી કૃષ્ણે ! ભગવાનના આવેશવાળા અર્જુન વિના માયા વરે કોને ? કલિમાં તેનો વંશ વધે, તેથી યતિવેષવાળા અર્જુન દ્વારા પણ હરણ કરાવ્યું ! શૌર્ય અને અધર્મવેષ ક્ષત્રિયોચિત નહિ, છતાં પ્રભુસંમતિ અને યાત્રામાં કૃત્રિમવેષથી દોષરૂપ નથી ! ઋષિ અને ભગવાન્ બંને રૂપ "નર" છે ને ! ચાતુર્માસમાં યતિ રૂપે અર્જુન દ્વારકા આવ્યા, લોકપ્રસિદ્ધ થયા. બલરામે પણ ભોજનનું નિમંત્રણ દીધું, ચિહ્નોનું ચિંતન ન કર્યું ! યતિ છે ને ! અર્જુને જોયાં ત્યાં સુભદ્રાજીને ! વર્ષ માત્ર નાનાં ! પરસ્પર મન માન્યું. કૃપાલુ કૃષ્ણે વસુદેવ-દેવકીને મનાવ્યાં. કન્યા દીધાં, પ્રભુએ સાનુકૂલતા દીધી. ઉત્સવમાં તેણે સુભદ્રાને હર્યાં. રામ ક્રુદ્ધ થયા. બલરામ વેદરૂપ, પણ માયા-રહસ્ય જાણે નહિ, કૃષ્ણલીલા સમજે નહિ ! કૃષ્ણકૃપા વિના વેદથી પણ માયા ન તરાય, કૃષ્ણલીલા ન સમજાય ! "मुह्यन्ति यत्सूरयः ।"- વ્યાસજીએ કહેલું જ છે ને ! શ્યામે રામને સમજાવ્યા ! કરિયાવર મોકલાવ્યું. સૌ સંમત થયાં. બુદ્ધિસામર્થ્ય છે, કૃષ્ણનું ! ભક્તને ભગિની દીધાં,- ભગવાને !

મિથિલેશ્વરને કૃતાર્થ કરતા કૃષ્ણ ! :

કર્મનિષ્ઠ ભક્ત અને જ્ઞાનનિષ્ઠને ઈચ્છેલું સુખ દેવા, સ્વતઃ શ્રીહરિ પધાર્યા મિથિલા; - વિપ્ર શ્રુતદેવને અને રાજાજનક બહુલાશ્વને કૃપાથી કૃતાર્થ કરવા ! વિપ્ર તો કૃષ્ણભક્તિથી જ પૂર્ણાર્થ છે ! તે તો દરિદ્ર, ગૃહસ્થાશ્રમી છતાં શાંત; મળે તેમાં જ ગુજરાન ચલાવે ! "कृष्णस्यासीत्...।"- ભગવદીય છે ને ! સુદામાજી પણ ભક્ત હતા ને ! તે દ્વારકા આવેલા, ભગવાનને ત્યાં ! અહીં, ભગવાન્ પધારે છે, ભક્તને ત્યાં ! ભક્તનો સહવાસ પણ ભક્ત બનાવે, તેથી રાજા બહુલાશ્વ પણ ભક્ત ! "बहुला अश्वा यस्येति ।"- ક્રિયાશક્તિ ખૂબ ! પ્રસન્ન પ્રભુ પધાર્યા. સાથે મુનિજન ! નારદ વગેરે બારમા શ્રીશુક પણ ખરા ! "अहम्"- છે ને શ્લોકમાં ! મુનિયો સાથે ભગવાનની ભાવના બંને કરતા હતા. રાજા મુનિયોને પણ ભગવદ્રૂપ ગણે છે ! તેને ત્યાં પ્રભુ અને મુનિયો રૂપે પણ પ્રભુ જ પધાર્યા ! બ્રાહ્મણ તો મુનિયોને મુનિ જ ગણતો, તેને ત્યાં પ્રભુ અને મુનિયો સાથે પધાર્યા ! ભાવ તેવા ભગવાન્ મળે ને ! સૌએ સ્નેહથી સ્વાગત કર્યું. માર્ગમાં દર્શન કરનારને, વસ્તુમાં વસ્તુ રૂપ (આધિદૈવિક) પ્રભુનાં દર્શનનું સામર્થ્ય દેતા પ્રભુ પધાર્યા છે ! એક જ સમયે, અનેક સ્થળે, અનેક સ્વરૂપે, અનેક લીલા કરવા પણ સમર્થ છે, - ભગવાન્ ! બંનેને ત્યાં એક જ સમયે પધાર્યા ! રાજાએ જ્ઞાનદૃષ્ટિએ સર્વત્ર ભગવાન્ જોયા હતા, પણ ભક્તિવશ થતા ભગવાન્ આજે જોયા ! કેટલાક દિવસ વિરાજવા વિનવ્યા.

શ્રુતદેવને ભક્ત-ઋષિયોને ભગવદ્રૂપ ગણવા ભગવાને સમજાવ્યું ! :

બ્રાહ્મણ તો ભગવાનને મળતાં નાચી ઊઠ્યો ! મર્યાદાભક્તે હૃદયમાં રાજતા પ્રભુને, પ્રેમવશ પ્રકટ વિરાજતા જોયા ! હૃદય તો ભગવાનનું આસન ! ઋષિયોને યોગ્ય આસન દીધાં. ચરણજલે જ મનોરથ પૂર્ણ થઈ ગયા; - તેને લાગ્યા. મુન્યન્નથી સ્વાગત-પૂજન કર્યું. સંસારના અંધારાકૂપમાં પડેલાને દેવદુર્લભ ભગવાન્ અને ભૂદેવ મળ્યા ! બ્રાહ્મણની ચરણરજમાં સર્વતીર્થો વસે છે ! ભગવાન્ તો હૃદયમાં વસે, સૌની નિકટમાં, છતાં કર્મથી ભટકતા મનવાળાને અતિદૂર, દુર્લભ ! નમન વિના તેમને બીજું શું થાય ? કૃષ્ણદર્શન ન થાય ત્યાં સુધી જ દુ:ખ હોય. દર્શનથી કૃતાર્થતા વિપ્રે માની. પ્રભુએ હાથ પકડ્યો, હસ્યા, સ્વકર્તવ્ય કહ્યું, સેવકકર્તવ્ય નહિ ! સમાનતા દીધી ને ! બ્રાહ્મણે ઋષિયોને પોતાના જેવા બ્રાહ્મણ ગણ્યા ! ભગવાન્ તો નિર્દોષ - સમ - છે ને ! વિભુએ તો વિપ્રોની વિશેષતા વ્યક્ત કરી ! વિપ્ર તો વિશ્વને પાદરજથી પાવન કરવા પર્યટન કરે છે ! દેવતીર્થ - પૂજનાદિ પણ વિપ્રની અનુજ્ઞાથી ફલદ બને ! જન્મથી બ્રાહ્મણ તો શ્રેષ્ઠ પૂજ્ય સૌને ! તપ:, વિદ્યા અને સંતોષ તો વિપ્રની સ્વાભાવિકતા; તેમાં ભગવદીય હોય તો તો પૂછવું જ શું ? ! ભગવાનને તો તેમના ચતુર્ભુજ - સ્વરૂપ કરતાં પણ આવો વિપ્ર વધુ પ્રિય છે ! વિષ્ણુ - સર્વદેવમય, વિપ્ર - સર્વવેદમય ! "मानाधीना मेयसिद्धि: ।"- પ્રમાણથી પ્રમેય સમજાય. અધિકતા આ પ્રમાણની ! વેદથી વિભુને વિશ્વ-વિદિત કરે તો વિપ્ર ને ! અજ્ઞાન લોકો અવજ્ઞા કરે વિપ્રની, તો નિષ્ફલતા જ મળે ! વેદજ્ઞ વિપ્રમાં સર્વદેવતા વસે છે. વિરાટની જેમ વિપ્રમાં પણ વિશ્વ વસે છે ! વિપ્રર્ષિના પૂજનથી પ્રભુ પણ સંતુષ્ટ થાય. આમ સાંભળીને, શ્રુતદેવે અનન્યભક્તિથી આરાધન કર્યું, સદ્ગતિ-સાયુજ્ય તરત મળ્યું. એક દિવસ પ્રભુ વિરાજ્યા ! રાજાને પણ દેહાન્તે સાયુજ્ય મળ્યું. ઋષિયો તો એક જ સ્થળે ગયેલા, છતાં તેમને રાજાને ત્યાંનો અનુભવ પણ બુદ્ધિમાં સ્ફુર્યો ! સમજાયું ! તેથી કૃષ્ણનું ક્રિયાસામર્થ્ય- આશ્ચર્ય થયું. બ્રાહ્મણને ત્યાં એક દિવસ પ્રભુ રહ્યા; તેટલા સમયમાં તો, રાજાને ત્યાં રહેતાં અનેક દિવસ થઈ ગયા !- એક જ નગરમાં- એક જ પ્રસંગે ! અતિવિસ્મિત થયા મુનિયો ! સામર્થ્ય સૌએ તે દ્વારા જાણ્યું, તેથી તો મુનિયોને, ભગવાને અનુભવ કરાવ્યો ! આમ, સન્માર્ગ સમજાવી સર્વસમર્થ પ્રભુ દ્વારકા પધાર્યા. "भगवान् भक्तभक्तिमान् ।"- ભગવાન્ તો ભક્તના ભક્ત ! વિલક્ષણ છે ને !

અધ્યાય : ૮૭

જીવન - લાભ છે, - તત્ત્વજિજ્ઞાસા ! તત્ત્વ રૂપ બ્રહ્મ-પરમાત્મા-ભગવાન્ તો સ્વેચ્છાથી પોતે પ્રમાણ-વાણી-ઈન્દ્રિયોના પ્રતિપાદ્ય-વિષય રૂપ બને છે ! :

શ્રીમદ્ ભાગવતે માનવ-માત્રનો જીવનલાભ સ્પષ્ટ બતાવ્યો છે, - "जीवस्य तत्त्वजिज्ञासा ।"- "તત્ત્વવિચાર !" તત્ત્વ શું ? ! - તેવો કોઈ વિવાદ ન રહે માટે, - "वदन्ति तत्त्वविदस्तत्त्वं यज्ज्ञान मद्वयम् ।"- સ્પષ્ટ કહ્યું. પ્રમાણબલ વિચારે, વેદ તો સર્વોપજીવક છે, તેથી વેદના અક્ષરમાત્રનો પણ જેમાં વિરોધ ન રહે તેવું, દ્વૈત-નિવર્તકજ્ઞાન - "તત્ત્વ !" આવા જ્ઞાનીઓ તત્ત્વવિદ્ ! આ તત્ત્વને વિશેષ સ્પષ્ટ બતાવ્યું, - "ब्रह्मेति परमात्मेति भगवानिति शब्द्यते ।"- શ્રુતિમાં તેનું નામ - "બ્રહ્મ"; સ્મૃતિમાં- "પરમાત્મા"; અને પુરાણમાં - "ભગવાન્ !" આ શબ્દો જુદા છે, પણ તેનો તત્ત્વત: અર્થ જુદો નથી !

તેથી વેદ, સ્મૃતિ અને પુરાણની એકવાક્યતા પણ સ્પષ્ટ કહી છે! "एकमेवाद्वितीयं ब्रह्म"- વેદ વદે છે. એક જ અદ્વિતીય છે. બ્રહ્મ! પ્રલયસમયે, પોતાના સર્જેલા જગતને પોતાનામાં સૂક્ષ્મરીતે, સમાવીને, અન્ય કોઈ ન હોવાથી, સર્વવ્યવહારાતીત વિષયત્વથી અનિર્દેશ્ય - નિર્ગુણ વગેરે રૂપ છે, - બ્રહ્મ! તેમાં તો સર્વ કાંઈ સમાયેલું છે! "स्वसृष्टमिदमापीय....।"- માં સનન્દન તે કહે છે ને! પરીક્ષિતને આ બ્રહ્મમાં જિજ્ઞાસા થઈ છે, - "कथं चरन्ति श्रुतयः।"- શ્રુતિયો કઈ રીતે પ્રતિપાદન કરે છે? શ્રુતિયોમાં થતા સંદેહના સમાધાન માટે, ભગવાનની જ્ઞાનકલાના અવતાર રૂપ કૃષ્ણ દ્વૈપાયન વ્યાસ મહર્ષિજીએ બ્રહ્મસૂત્રો પ્રકટ કર્યાં છે! તેમાં "इक्षतेर्नाशब्दम्।"- અધિકરણમાં આવો વિચાર કર્યો છે. "यतो वाचो निवर्तन्ते।"- શ્રુતિમાં બ્રહ્મ - સર્વપ્રમાણના અવિષય રૂપ છે, સ્વપ્રકાશ છે; પછી તેનો વિચાર કેમ સંભવે? આ સંદેહનું સમાધાન છે, - "इक्षतेर्नाशब्दम्।"- "न विद्यते शब्दो यत्रेत्यशब्दम्।"- બ્રહ્મ અપ્રતિપાદ્ય નથી. શ્રુતિનાં સૃષ્ટિવાક્યોમાં બ્રહ્મની ઈક્ષા દેખાય છે, તેથી તે સર્વવેદાન્ત-પ્રતિપાદ્ય છે. "सदेव सौम्येदमग्र आसीदेकमेवाद्वितीयम्....।"- આ એક અને અદ્વિતીય બ્રહ્મને સર્વભવનની (સર્વ રૂપ થવાની) ઈચ્છા થઈ! - "तदैक्षत। बहुस्यां प्रजायेय। तत्तेजोऽसृजत।"- તેણે તેજ: સર્જ્યું, શ્રુતિ છે. - "आत्मा वा इदमेक एवाग्र आसीत्। नान्यत्किंचन मिषत्। स ऐक्षत लोकानन्नु सृजै।"- આ એક જ આત્મા પહેલાં હતો, કાંઈ બીજું કરતો ન હતો! તેણે ઈચ્છ્યું - "હું લોકોને સરજું" "स इमान् लोकानसृजत।"- તેણે આ લોક સર્જ્યાં. "स ईक्षांचक्रे। स प्राणमसृजत।"- તેણે ઈચ્છા કરી; તેણે પ્રાણ સર્જ્યો! સર્વ વ્યવહાર-પ્રમાણાતીત હોવા છતાં, બ્રહ્મે ઈચ્છા કરી, લોકસૃષ્ટિ દ્વારા પોતે વ્યવહાર્ય બને, તેથી જેમ જેમ સ્વરૂપ કર્યાં, તેમ તેમ સ્વયં કહ્યાં! - "नामानि कृत्वाभिवदन् यदास्ते।"- સાધન અને ફલ રૂપે જીવના પુરુષાર્થ માટે કહ્યાં! આ પછી, પ્રમાણબલના વિષયરૂપ (પ્રમાણપ્રતિપાદ્ય) ન હોવા છતાં, બ્રહ્મ સ્વેચ્છાથી વિષય રૂપ (પ્રતિપાદ્ય) બને છે! - "सर्ववादानवसरं नानावादानुरोधि तत्।" શ્રીવલ્લભાચાર્યજી "તત્ત્વાર્થદીપ- નિબંધ"માં આજ્ઞા કરે છે. સત્ત્વસહિતનાં જ ચક્ષુ વગેરેનું પ્રામાણ્ય છે, સ્વત: નહિ! ભગવાનના નિ:શ્વાસમાંથી પ્રકટેલા, નિરપેક્ષ વેદ જ સ્વત: પ્રમાણ રૂપ છે. તેમાં થયેલા સંકેત - નિર્દેશ-વૈદિક છે. "नामरूपे व्याकरवाणि।"- શ્રુતિ છે. બ્રહ્મે જ બહુભવનેચ્છાથી નામ-રૂપનો વિસ્તાર કર્યો છે! તે રૂપ પણ લૌકિક નથી! આકૃતિ - માત્ર માટે લોકાપેક્ષા છે! આકૃતિથી લૌકિક જેવું લાગે છે!

બ્રહ્મની શક્તિયો અચિન્ત્ય છે, અનન્ત છે!: વેદોક્ત કર્મ ભગવદ્રૂપ છે, તેમાં પૂજાતા અંગભૂત દેવો પુરુષોત્તમાંશ છે; તેમ જાણીને નિત્ય-નૈમિત્તિક-કર્મ થાય!:

"अनधिगतार्थगन्तृ प्रमाणम्।"- લોકમાં અજાણ્યા અર્થને જણાવે તે પ્રમાણ! - તેમાં મુખ્ય છે - વેદ! તેના બે કાંડ. પૂર્વકાંડમાં યજ્ઞનું અને ઉત્તરકાંડમાં બ્રહ્મનું પ્રતિપાદન છે. તે બંને અલૌકિક છે. "व्यवहारः सन्निपातोऽयं।"થી ભગવાને લૌકિક-વ્યવહારને તો સન્નિપાત રૂપ ગણાવ્યો છે ને! વેદ વ્યાખ્યાતાઓની વાણીનો વિષય છે, તેથી વેદ - શબ્દ - જ મુખ્ય - પ્રમાણ છે! તેને સાનુકૂલ હોય તેવાં જ, - પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અનુપલબ્ધિ, અર્થાપત્તિ, સંભવ અને ઐતિહ્ય પણ પ્રમાણરૂપ છે! શબ્દના શ્રવણજનિત - સંસ્કારસહભાવથી મનન પણ સિદ્ધ થઈ જાય. "मनसैवानुदृष्टव्यम्।"- નું પણ સમર્થન આથી થાય, તેથી સૃષ્ટ્યાદિ-પ્રતિપાદક વેદાન્તવાક્યો પણ

સાક્ષાત્ બ્રહ્મનું જ પ્રતિપાદન કરે છે! "यः सर्वज्ञः सर्वशक्तिः ।"- શ્રુતિથી, બ્રહ્મ જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ બંને યુક્ત છે! "परास्य शक्तिर्विविधैव श्रूयते स्वाभाविकी ज्ञानबलक्रिया च ।"- શ્રુતિ છે. અચિન્ત્યશક્તિયો છે,- બ્રહ્મની! સ્વાભાવિક છે, - જ્ઞાન - ક્રિયા-શક્તિ! જ્ઞાન - ક્રિયા - યુક્ત બ્રહ્મ સર્વવેદાર્થ રૂપ છે. તેમાં ક્રિયામાં પ્રવિષ્ટ, ક્રિયારૂપ યજ્ઞાત્મા પૂર્વકાંડના અર્થરૂપ છે. જ્ઞાનમાં પ્રવિષ્ટ, જ્ઞાનાત્મા, બ્રહ્મરૂપ ઉત્તરકાંડના અર્થરૂપ છે. જ્ઞાનકાંડમાં જ્ઞાનસિદ્ધિ માટે ઉપાસનાઓ કહેલી છે. તે તો ફલદાન દ્વારા માહાત્મ્ય-પ્રતિપાદનથી ભક્તિ દ્વારા જ્ઞાનલાભ સૂચવે છે. "लभते च ततः कामान् मयैव विहितान् हि तान् ।"- અન્યદેવાદિ દ્વારા પણ ફલદાન તો ભગવાન્ જ કરે છે! સાધનરૂપ અને ફલરૂપ પોતે જ છે, આથી એકવાક્યતા છે. દેવતાપ્રીતિના ઉદ્દેશથી, દેવતાને મુખ્ય રાખીને, મન્ત્ર - જપાદિ કરવાં, તે ઉપાસનામાર્ગ છે. વેદોક્ત - કર્મમાર્ગમાં તો કોઈ દેવની મુખ્યતા હોતી નથી, કર્મની મુખ્યતા હોય છે! કર્મમાં તેના અંગભૂત દેવનું પૂજન થાય છે, અંગીરૂપ કર્મ તો ભગવદ્રૂપ છે. ફલાશા વગર, નિત્ય- નૈમિત્તિક - કર્માનુષ્ઠાન તો કર્તવ્ય છે. તેમાં કર્મને ભગવદ્રૂપ સમજીને, પુજાનાર દેવતાને પુરુષોત્તમાંશ જાણીને, કર્મ થાય!

અંગાંગિભાવ એ પૂર્વોત્તરકાંડનો સંબંધ છે!:

પૂર્વમીમાંસામાં- "अथातो धर्मजिज्ञासा ।"- સૂત્રથી વેદાર્થરૂપ ધર્મવિચારની પ્રતિજ્ઞા કરી છે, પણ, "चोदनालक्षणोऽर्थो धर्मः ।- સૂત્રથી વિધિવાક્યની પ્રેરણા - "चोदना,"તે શબ્દથી કહી છે. લૌકિકધર્મ અને "अर्थः"- શબ્દથી અનર્થભૂત વૈદિક, આ બંને ધર્મો સિવાય; ઉભય-વિશિષ્ટધર્મ, બાર અધ્યાયની પૂર્વમીમાંસામાં કહેલો છે. તેમ પ્રકૃતિ, વિકૃતિ-ભેદથી દ્વિવિધ; અગ્નિહોત્ર, દર્શપૂર્ણમાસ, પશુ, ચાતુર્માસ્ય અને સોમયાગ-એ પંચાત્મક યજ્ઞરૂપ ધર્મવિચાર છે. તે પૂર્વકાંડાર્થ છે! અનંત યજ્ઞમૂર્તિમાંથી એકનું પ્રતિપાદન જેટલા વિભાગમાં થાય તે શાખા ગણાય! તેમાં શાખાભેદમાં કાંઈક સાધનભેદથી, બીજી શાખાથી વિલક્ષણ સ્વરૂપ યજ્ઞનું લાગે, છતાં તે તો એક જ માનવ સૂતેલો, બેઠેલો કે ઊભો હોય તેવો સ્થિતિભેદ છે! શાખાર્થ તો તે જ છે! કાંડાર્થ વિશેષ જ શાખાર્થ છે! આ થયો, પ્રમાણ-પ્રમેય- સાધનથી પૂર્વકાંડાર્થ! ધર્મ રૂપે નહિ, પણ ઈશ્વર રૂપે તેમાં પશુ-પુત્રાદિ અને આત્મસુખ-દાન છે, તે ફલથી અર્થ છે. આટલો પૂર્વમીમાંસા-સિદ્ધ અર્થ થયો! યજમાન-નિષ્ઠ-પ્રયત્નથી યજ્ઞરૂપ ભગવાન્, નિત્ય હોવા છતાં પ્રકટ થાય છે, - ઈચ્છેલા રૂપે ફલદાન દેવા માટે! ઉત્તરમીમાંસામાં તો, "एतस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति ।"- આ શ્રુતિથી જ્ઞાન રૂપે નહિ, પણ ઈશ્વર રૂપે, પોતાના અંશરૂપ આનંદદાન છે. તે ફલથી અર્થ છે. "फलमत उपपत्तेः ।"- સૂત્રમાં વ્યાસજીનો નિર્ણય છે. "सर्वस्य वशी सर्वस्येशानः ।"- એ શ્રુતિ, વસ્તુમાત્રના નિયામક રૂપે ઈશ્વરને ઓળખાવે છે! અન્યની વસ્તુ કોઈ દઈ શકે નહિ, તેથી કર્મના અંતે પ્રકટ થતું "અપૂર્વ" ફલદ નથી! "एष उ एव साधुकर्म कारयति तं यमेभ्यो लोकेभ्य उन्निनीषति ।"- આ શ્રુતિમાં, ફલદાનેચ્છાથી કર્મ કરાવે છે, - ભગવાન્! તેવો આશય છે. વિહિત-નિષિદ્ધ-કાર્ય-વ્યવસ્થા વ્યર્થ ન થાય માટે, ફલ દેવાની ઈચ્છા છતાં કર્મ કરાવે છે! તેથી કાંડભેદ અને એકવાક્યતા છે! શ્રૌત-ધર્મ દેહ રૂપ છે, સ્માર્ત-ધર્મ ગૃહરૂપ છે, પૌરાણિક-ધર્મ ઘરનાં સાધનો જેવો છે! ત્રણેના સમન્વયે સુખ છે ને! "यदेव विद्यया करोति श्रद्धया चोपनिषदा वा तदेव वीर्यवत्तरं भवति ।"- શ્રુતિ તો, બ્રહ્મજ્ઞાનીને પૂર્ણ-કર્મફલ-વિધાન કરે છે. નિષ્કામ

છતાં અવિધ-યજમાન કર્મ કરે તો, બીજા જન્મે તેને જ્ઞાનયોગ્ય-દેહ મળે ! પંચાગ્નિવિદ્યામાં આ સ્પષ્ટ છે. બ્રહ્મજ્ઞાન દ્વારા બ્રહ્મપ્રાપ્તિ થાય ! આમ, અંગાંગિભાવ એ પૂર્વોત્તરકાંડનો સંબંધ છે !

બ્રહ્મ-પરમાત્મા-ભગવાન્ એક જ તત્ત્વ સ્વેચ્છાથી લીલા માટે ક્રમશઃ પ્રકટે છે ! :

બ્રહ્મભાવપૂર્ણને પ્રાયઃ કૃષ્ણભક્તિ ભગવાન્ આપે છે ! "ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति न काङ्क्षति । समः सर्वेषु भूतेषु मद्भक्तिं लभते पराम् ॥" ગીતાજીમાં સ્પષ્ટ છે. "माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः । स्नेहो भक्तिरिति प्रोक्तः तया मुक्तिर्न चान्यथा ॥"- પંચરાત્રમાં પ્રસિદ્ધ છે. માહાત્મ્ય- જ્ઞાનપૂર્વક સુદૃઢ અને સર્વથી અધિક સ્નેહ તે ભક્તિ ! મુક્તિ તેનાથી મળે, બીજી રીતે નહિ ! આ સામાન્ય મર્યાદા-ભક્તિ ક્રમ છે. પુષ્ટિમાં સ્વતંત્ર રીતે વરણથી ભગવાન્ ભક્તિનું પ્રદાન કરે છે ! "प्रीतिस्तु भगवद्धर्मः ।"- પ્રીતિ તો ભગવદ્ધર્મ છે ! જીવ તો બ્રહ્મનો ચિદંશ છે, જ્ઞાન તેનો ધર્મ સંભવે. પ્રીતિ તો પ્રભુ પ્રદાન કરે ! અનિર્દેશ્ય - નિર્ગુણ- "બ્રહ્મ" એકાકી રહે તો પ્રીતિ કોને આપે ? શાસન કરવાનો પણ તેનો સ્વભાવ ! પ્રીતિપ્રદાનની, અનેક રૂપ થવાની, અને લીલા કરવાની ઈચ્છાથી, બ્રહ્મ પોતાના અંશરૂપ અનેક જીવાત્માઓને પોતાનામાંથી પ્રકટ કરે છે. "यथाग्नेः क्षुद्राः विस्फुलिङ्गा व्युच्चरन्त्येवमेवास्मादात्मनः प्राणाःसर्वे लोकाः सर्वे देवा : सर्वाणि भूतानि व्युच्चरन्ति ।"- શ્રુતિ છે. અનેક જીવાત્માને પ્રકટ કરનારા આ છે -"પરમાત્મા !" સૌ આત્માઓના પણ તે આત્મા ! ગીતા-સ્મૃતિમાં પરમાત્માની ઓળખ છે. "उत्तमः पुरुषस्त्वन्यः परमात्मेत्युदाहृतः । यो लोकत्रयमाविश्य बिभर्त्यव्यय ईश्वरः ॥"- ક્ષર અને અક્ષરરૂપથી પર, ઉત્તમ પુરુષ, ત્રિલોકમાં વ્યાપ્ત, સૌના ધારક, પોષક અને શાસક તે - "પરમાત્મા !" જેને લીધે દેહાદિ પ્રિય લાગે છે તેવા ! આત્માના આત્મારૂપ ! પોતાનામાં- પરમાત્મામાં પ્રીતિ કરવા પ્રભુએ પોતે બ્રહ્માજીને કહ્યું છે,- "अहमात्मात्मनां धातः प्रेष्ठः सन् प्रेयसामपि । अतो मयि रतिं कुर्याद् देहादिर्यत्कृते प्रियः ॥" "आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति ॥"- પરમાત્માને કારણે સર્વ પ્રિય લાગે છે ! - શ્રુતિ છે. પોતાનાં દુઃખ દૂર કરે, સુખ દે, તેમાં જીવને પ્રીતિ થાય. ચારે પુરુષાર્થ તેમાં સમાઈ જાય. ધર્મ અને અર્થ - દુઃખનાશક ! કામ અને મોક્ષ - સુખપ્રાપક ! જીવને કૃતાર્થ કરવા, તેના પુરુષાર્થો પૂર્ણ કરવા, પરમ-પુરુષાર્થરૂપ પ્રભુ પ્રીતિ (ભક્તિ) દેવા, "પરમાત્મા" એ પોતાના અલૌકિક છ ગુણ- "ભગ" સ્વેચ્છાથી પ્રકટ કર્યા. "ભગ"યુક્ત- "ભગવાન્ !"

કૃષ્ણ તો સ્વયં ભગવાન્ છે !, તત્ત્વવિચાર છે,- કૃષ્ણવિચાર ! સંપૂર્ણક્રિયાશક્તિ અને સંપૂર્ણજ્ઞાન-શક્તિ પ્રકટ છે - ભગવાન્ - કૃષ્ણમાં ! :

તેમને વિષ્ણુપુરાણમાં વર્ણવ્યા, "ऐश्वर्यस्य समग्रस्य वीर्यस्य यशसः श्रियः । ज्ञानवैराग्ययोश्चैव षण्णां भग इतीङ्गना ॥ वसन्ति यत्र भूतानि भूतात्मन्यखिलात्मनि । स च भूतेष्वशेषेषु विकारार्थ-स्ततोऽव्ययः ॥ एवमेव महाबाहो भगवानिति सत्तम । तत् परब्रह्मभूतस्य वासुदेवस्य नान्यगः ॥ तत्र पूज्यपदार्थोक्तिपरिभाषासमन्वितः । शब्दोऽयं नोपचारेण अन्यत्र ह्युपचारतः ॥" ભાગવતજીમાં તો "युक्तं भगैः स्वैरितरत्रः चाध्रुवैः ।"- થી, નિત્ય સ્વભગ-સમન્વિત કહ્યા ! અન્યત્ર કૃપાપાત્રોમાં કાર્યપર્યંત ગૌણ ભગવત્ત્વ હોય, નિત્ય નહિ ! ભગવાનનો સ્પષ્ટ પરિચય કરાવ્યો, - "कृष्णस्तु भगवान् स्वयम् ।"- કૃષ્ણ તો સ્વયં ભગવાન્ છે, સર્વ અવતારોના તે અવતારી છે ! આ, "બ્રહ્મ" - "પરમાત્મા" - "ભગવાન્"-કૃષ્ણ,- "अतोऽस्मि लोके वेदे च प्रथितः पुरुषोत्तमः ।"- લોકવેદ-પ્રસિદ્ધ પુરુષોત્તમ છે !

વેદના પૂર્વકાંડમાં રહેલા ક્રિયાશક્તિયુક્ત યજ્ઞ રૂપ; ઉત્તરકાંડમાં કહેલા - જ્ઞાનશક્તિયુક્ત બ્રહ્મ રૂપ; સ્મૃતિ - ગીતામાં કહેલા - પરુષોત્તમ રૂપ, પરમાત્મા, પુરુષોત્તમ રૂપ; ભાગવત-પુરાણમાં કહેલા મૂલ-ભગવાન્ આ શ્રીકૃષ્ણ સર્વોત્તમ છે ! સંપૂર્ણ જ્ઞાનશક્તિ અને સંપૂર્ણ ક્રિયાશક્તિ પ્રકટ કરીને અવતર્યા છે ! "કૃષ્ણવિચાર" જ "તત્ત્વવિચાર" છે, "જીવનલાભ" છે ! "**वेदैश्च सर्वैरहमेव वेद्यः ।**"- ગીતામાં ગાયું છે ને ગોવિંદે ! કૃષ્ણ જ સર્વવેદથી વેદ્ય છે. વેદ - શબ્દાત્મક, બ્રહ્મ - અર્થાત્મક. તેનો વાચ્ય-વાચક-સંબંધ; શક્તિ, ગૌણી કે તાત્પર્યવૃત્તિથી છે ? - તે મહાપુરુષોની સંમતિથી સ્પષ્ટ કરવા માટે, મહર્ષિ કૃષ્ણદ્વૈપાયન વ્યાસે, આ "શ્રુતિગીત" કર્યું છે. તે સર્વસંદેહ-નિવારક છે.

શબ્દાત્મક-વેદ, અર્થાત્મક-બ્રહ્મ, તેમનો વાચ્ય-વાચક-સંબંધ શક્તિ-ગૌણી કે તાત્પર્યવૃત્તિથી હોવાના સંદેહનું નિવારક, "શ્રુતિગીત !" - "વેદસ્તુતિ !" :

તેમાં ભગવાનનો અલૌકિક યશઃ છે. તે નર્દટક-છંદમાં છે ! :

શ્રુતિએ ભગવાનના વિહારના અંતે, આનન્દોદ્રેકથી આ ગીત પ્રકટ કર્યું છે. તેમાં, સૂતેલા સમ્રાટને જાગવાના સમયે, જાગ્રત કરવા માટે, બંદિજન તેના પરાક્રમનું ગાન કરતાં હોય તેમ, શ્રુતિ બ્રહ્મની સ્તુતિ કરે છે ! પ્રલયમાં સર્વવ્યવહારાતીત બ્રહ્મ, સર્વભવનેચ્છાથી સ્વશક્તિ પ્રકટ કરીને, તેથી યુક્ત થતાં, નિર્દેશ્ય-સર્વધર્મક-સદસદ્રૂપ થયું, ત્યારે આ સ્તુતિ કરે છે ! "**तदन्ते**"- કહીને, સનંદને પ્રલયનો અંત, સર્જનનો આરંભ કહ્યો છે ને ! ભગવાનનું આ સૃષ્ટિ વગેરે લીલાકર્તૃત્વ લૌકિક નથી, શ્રુતિસિદ્ધ છે, અલૌકિક છે ! આ અલૌકિક, અચિન્ત્યકાર્ય છે; છતાં અનાયાસે હર્ષથી થાય છે, તેથી તે લીલા છે ! તેથી વ્યક્ત થતો ભગવાનનો યશઃ પણ અલૌકિક છે ! "શ્રુતિગીત"માં ભગવાનનો યશોગુણ કહ્યો છે ને ! આ યશઃ લૌકિક હોય તો, લૌકિક-યુક્તિથી સમજાય. અલૌકિક-સ્વરૂપવાળા બ્રહ્મનો સર્વભવન (સર્વ રૂપે થવા) રૂપ, અલૌકિક પ્રકારે જગતને પ્રકટ કરવાથી થતો, વેદ વિના અન્ય પ્રમાણથી ન સમજાય તેવો, અલૌકિક યશઃ છે ! લૌકિક યશઃ તો કાવ્યવત્ કાલ્પનિક પણ હોય ! અહીં તો વાસ્તવ અલૌકિક-યશઃ શ્રુતિગીતામાં કહ્યો છે ! વેદના સારરૂપ, નિગમકલ્પતરુનું ગલિત, લલિત, ફલ છે ને શ્રીમદ્ભાગવત તો ! વેદ, ગીતા અને બ્રહ્મસૂત્રનું તો તે સ્વાભાવિક - ભાષ્ય છે. તેમાં આ "શ્રુતિગીત" એ આ યશોગાનનું અનુરૂપનામ લાગે છે, યૌગિકાર્થ પણ સ્પષ્ટ છે. આને "વેદસ્તુતિ" પણ કહે છે. "બ્રાહ્મી-ઉપનિષદ", "બ્રહ્મવાદ", "આત્માનુશાસન" નામ પણ દેખાય છે. આ ગાથા પરંપરા-પ્રાપ્ત છે. આ શ્રુતિ નથી, શ્રુતિએ ગાયેલ સ્તુતિ છે ! "નર્દટક" - છંદમાં છે. "**यदि भवतो नजौ भजजला गुरु नर्दटकम् ।**"- તેનું લક્ષણ છે.

માહાત્મ્ય જાણીને શ્રીકૃષ્ણની સેવા કરવી તે શ્રુતિગીતાનો સાર છે ! :

તન-ધન અને મનના સમન્વયે થાય- "કૃષ્ણસેવા !"

શ્રુતિગીતાનો સાર છે, - માહાત્મ્ય જાણીને ભગવાન્ શ્રીકૃષ્ણની સેવા કરવી ! તેમાં બે અર્થ- (૧) માહાત્મ્યજ્ઞાન., (૨) ભજન. નિર્દોષ-પૂર્ણગુણવિગ્રહ ભગવાન્ શ્રીકૃષ્ણ છે. તે સ્વકીય સેવકનાં સર્વ દુઃખો દૂર કરીને સ્વતઃ પરમાનંદનું પ્રદાન કરે છે ! શ્રીકૃષ્ણની સેવા સદા કરે, તે કૃતાર્થ બને. સેવામાં સેવ્યસ્વરૂપ, સ્વસ્વરૂપ અને સેવાસ્વરૂપનું જ્ઞાન આવશ્યક ! તેનું નિરૂપણ કરતાં સર્વસમર્થ બ્રહ્મ, બ્રહ્માંશ જીવ અને બ્રહ્મસત્તાથી સત્ય જગત્-સ્વરૂપ પણ શ્રુતિગીતામાં કહ્યું છે. સકલશાસ્ત્રના

સફલ સાર રૂપે, શ્રીમદ્‌વલ્લભાચાર્યજીએ, - "कृष्णसेवा सदा कार्या ।"- જીવનું આ મુખ્યકર્તવ્ય પોતાના સંપ્રદાયમાં સ્વીકાર્યું છે. સેવાનું સ્વરૂપ સમજાવ્યું છે,- ચિત્ત કૃષ્ણમાં પરોવાય તે,- સેવા ! - "चेतस्तत्प्रवणं सेवा ।"- પ્રેમ હોય તો ચિત્ત સ્વાભાવિકરીતે કૃષ્ણમાં જ ઢળતું રહે, આકર્ષાઈને ગતિશીલ થાય. સતત કૃષ્ણરત રહેવાના બે ઉપાય. - ૧. સેવા- અને ૨. કથા. સેવાના અવસરમાં સેવા-સંયોગરૂપા ! સેવાના અનવસરમાં કથા - વિયોગરૂપા ! "रसो वै सः"- શ્રુતિથી, કૃષ્ણ તો શૃંગારરસાત્મક છે. શૃંગારમાં સંયોગ- વિયોગ બંને છે ને ? "सेवायां वा कथायां वा यस्यासक्तिर्दृढा भवेत् । यावज्जीवं तस्य नाशो न क्वापीति मतिर्मम ॥"- આજ્ઞા છે - શ્રીમહાપ્રભુજીની ! સેવા-કથામાં જેની આસક્તિ દૃઢ થાય, તે જીવનપર્યંત ભક્તિમાર્ગમાંથી ક્યાંય નષ્ટ ન થાય ! નિમિત્તસપ્તમી લેતાં, સેવા-કથા તો આરંભમાં સાધનરૂપ છે; તેના નિમિત્તે આસક્તિ કૃષ્ણમાં દૃઢ થાય તો કૃતાર્થ થવાય ! પુષ્ટિમાર્ગમાં તો સ્વરૂપ જ ફલ છે ને ! કૃષ્ણસેવા તો અમુક સમયે સંભવે, "सदा"- કઈ રીતે થાય ? શ્રીમહાપ્રભુજીએ ભગવદાજ્ઞાથી પ્રાપ્ત થયેલ વૈષ્ણવદીક્ષારૂપ-બ્રહ્મસંબંધ, સૌપ્રથમ દીધું - દામોદરદાસ હરસાનીજીને ! છતાં સંપ્રદાયના પ્રાણ શી કૃષ્ણસેવા તેમને પધરાવી દીધી નથી ! શ્રીમહાપ્રભુજી તો વસ્તુતઃ કૃષ્ણ છે. હરસાનીજી સદૈવ તેમની સેવા કરે છે, પણ આ ખૂબ સૂચક છે. લાગે છે, - માત્ર વસ્ત્ર-ભોગ-મનોરથ વગેરેમાં જ કૃષ્ણસેવા પૂરી થઈ જતી નથી ! તે આવશ્યક તો છે જ, પણ તે "सदा" ક્યાંથી હોય ? અમુક સમયે હોય ને ! "दमला ! तेरे लिये यह मार्ग प्रकट कियो है ।" તથા "दमला मम रसके अनुकूल ।"- વાક્યો વિચારતાં, હરસાનીજીનો સર્વ જીવનવ્યવહાર શ્રીમહાપ્રભુજીને સર્વથા સાનુકૂલ છે, - સંતોષપ્રદ છે. સેવ્યને સંતોષ થાય, તે જ સેવાને ! સેવકનું ચિત્ત તેમાં જ પરોવાયેલું હોય, તો જ તે બને ને ! માત્ર અમુક ક્રિયાઓ કરીને, સેવા કર્યાનો સંતોષ પોતે ન માની લેતાં, કૃષ્ણ પ્રસન્ન થાય તેવો સર્વ જીવનવ્યવહાર બને, તો કૃષ્ણસેવા "सदा" કરી ગણાય ને ! વાણી-વિચાર-વર્તન-વેષ-વ્યવહાર-વ્યવસાય-વિત્ત-વપુ વગેરે પ્રભુ પ્રસન્ન થાય તેવાં, કૃષ્ણનિષ્ઠ, મંગલ-મધુર-મૃદુ જોઈએ. પ્રાયઃ આ તરફ ધ્યાન નહિવત્ દેખાય છે ને ! ક્રિયાત્મિકા સેવા-કથા પછી, જીવનવ્યવહાર તો સંસારાનુકૂલ રીતે મન ફાવે તેવો કરીએ છીએ ને ! "भक्तिनिष्ठा तदा ज्ञेया यदा कृष्णः प्रसीदति ।"- કૃષ્ણ પ્રસન્ન થાય ત્યારે ભક્તિનિષ્ઠા થઈ સમજાય ! નિષ્ઠા વગર તો નિષ્ફલતા જ છે ! તનથી સ્વતઃ કૃષ્ણસેવા કરતાં અહંતા દૂર થાય, તેમાં ઉપયોગી પદાર્થો લાવવામાં ધનના વિનિયોગથી મમતા દૂર થાય; તેથી સંસારદુઃખ દૂર થાય, બ્રહ્મજ્ઞાન થાય, - તે તો ગૌણ છે, મુખ્ય તો છે - મન, ભગવાનમાં તન્મય થઈ જાય ! આમઃ તન, ધન અને મનના સમન્વયે થાય, - "કૃષ્ણસેવા !" સેવા માટે માત્ર દ્રવ્ય દઈને દૂર ન રહેવાય, તેથી તો કદાચ અભિમાન વધે. માત્ર દ્રવ્ય લઈને કરેલી કે દ્રવ્ય દઈને કરાવેલી સેવા સંપ્રદાય- સંમત લાગતી નથી ! સ્વતઃ કૃષ્ણસેવાથી જ કૃતાર્થ થવાય.

સનંદને આ "શ્રુતિગીતા"નું વર્ણન કર્યું છે, છતાં તેમાં વ્યાસસંમતિથી તે મતાન્તરભાષા નથી ! : સચ્ચિદાનંદનું તેમાં પ્રતિપાદન છે ! :

વિપ્રસેવન ગયા અધ્યાયમાં કહ્યું. કૃષ્ણસેવન આ અધ્યાયમાં કહે છે. વિપ્ર-વેદમય, પ્રમાણ રૂપ. વેદજ્ઞ વિપ્ર વર્ણન કરે છે - કૃષ્ણસેવનનું ! વેદથી વેદ્ય - કૃષ્ણ, પ્રમેયરૂપ; વાચ્ય - કૃષ્ણમાં, પ્રમાણ-રૂપ, વાચક - વિપ્રનો નિર્ણય પરીક્ષિત પૂછે છે. વેદવાક્યો ભગવાનના અનન્તગુણોનું પ્રતિપાદન કરે

છે, બ્રાહ્મણો ભગવાન્માં જ પરિનિષ્ઠિત છે, તો ભગવાન્ જ સેવ્ય છે. અહીં, સનંદન વર્ણન કરે છે; તેથી મતાન્તરભાષા નથી ! "ततोऽगादाश्रमं साक्षात् पितुर्द्वैपायनस्य मे ।"- થી અંતે તેમાં વ્યાસસંમતિ કહી છે! અનન્ત-ગુણપૂર્ણ સર્વસમર્થ, પરબ્રહ્મ, ભગવાન્ કૃષ્ણ; અક્ષરબ્રહ્મ અને શ્રુતિ; ત્રણે સચ્ચિદાનંદ-ભેદે, ત્રણ પ્રકારે રહેલી શક્તિને સ્વીકારીને, સચ્ચિદાનંદતાને પ્રાપ્ત થયાં. અહીં એક (સર્વકર્તા) સ્વરૂપ ફલરૂપ થયું, તે આનંદરૂપની મુખ્યતાથી - કૃષ્ણ; પ્રમેયરૂપ થયું, તે ચિદ્રૂપની મુખ્યતાથી અક્ષરબ્રહ્મ; અને પ્રમાણરૂપ થયું, તે સદ્રૂપની મુખ્યતાથી - શ્રુતિ ! આનંદ, ચિત્ અને સદ્રૂપ, તે ત્રણેના પ્રતિલોમ-ક્રમે સમન્વયે સચ્ચિદાનંદ ! સત્ - ચિદ્ અને આનંદ, તો સ્વરૂપ-ધર્મ હોવાથી શક્તિરૂપ છે, અને તેથી તેનો સ્વીકાર યુક્ત છે. મુખ્યભક્તિ-સિદ્ધાન્તમાં, શ્રુતિ તો ભક્ત, ગોપીજનરૂપ પણ છે, તેથી તેમને બન્દિ રૂપે સ્તુતિ, કરતાં અહીં કહેલાં છે. "आनन्दादयः प्रधानस्य ।"- સૂત્રમાં, પૂર્ણાનન્દ -ઐશ્વર્ય વગેરે મુખ્યધર્મિ-પરબ્રહ્મના ધર્મો રહેલા છે.

નિર્ગુણ ભગવાનમાં સગુણ - ચક્ષુ વગેરે તથા શ્રુતિની પ્રવૃત્તિ કઈ રીતે ? - રાજાનો પ્રશ્ન :

રાજાએ બહેનને અન્યત્ર વરાવતા ભગવાનનું અલૌકિક-ઐશ્વર્ય સાંભળ્યું. આ અલૌકિક ગુણોવાળા અને પ્રાકૃત-ગુણરહિત, નિર્ગુણ ભગવાનમાં લૌકિક (સગુણ) ચક્ષુ વગેરે અને શ્રુતિ કઈ રીતે પ્રવૃત્ત થાય ? - જિજ્ઞાસા રાજાને થઈ. શ્રુતિ બે પ્રકારનાં, - (૧) સ્વરૂપ-પ્રતિપાદક શ્રુતિ, સ્વરૂપ-લક્ષણા. - "सत्यं ज्ञानमनन्तं ब्रह्म ।"- જેવાં; (૨) ધર્મપ્રતિપાદક-શ્રુતિ, તટસ્થલક્ષણા,- "यतो वा इमानि भूतानि ।"-જેવાં. તેની એકવાક્યતા તો, પ્રતિપાદ્યની એકતાથી સંભવે, તેથી સૌ ગુણપ્રતિપાદક છે; તેમ રાજા સમજે છે. શબ્દાર્થથી વાક્યાર્થ સમજાય ને ! "सर्वे वेदाः यत्पदमामनन्ति..।"- થી વાક્યાર્થ તો બ્રહ્મ છે. ગુણપ્રતિપાદક શ્રુતિ, બ્રહ્મપ્રતિપાદક કઈ રીતે થાય ? બ્રહ્મ-પ્રતિપાદનરૂપ અખંડવાક્યાર્થ (તાત્પર્યાર્થથી) ન જાણતાં ગુણપ્રતિપાદન રૂપ અર્થની એકતાથી, શ્રુતિની એકવાક્યતા સ્વીકારીને-તે પૂછે છે. ભગવાનની વિવિધ ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિનું પ્રતિપાદન શ્રુતિ કરે છે. તેમાં, શબ્દાર્થ તો લૌકિક (સગુણ) પદાર્થની સમજ દે, તેથી તે શબ્દશઃ ગુણો કહેતી શ્રુતિઓ સગુણ; તો નિર્ગુણ ભગવાનની લીલાના અલૌકિક (નિર્ગુણ) પદાર્થો, સગુણ (પ્રાકૃત) શ્રુતિથી સમજાય કઈ રીતે ? તે લૌકિક હોય તો બ્રહ્મ પણ લૌકિક ગણાય ને ! બ્રહ્મ તો નિર્ધર્મક (નિર્ગુણ) હોવાથી, લોકની જેમ (ગુણ) ધર્મનિરૂપણથી ધર્મિનું જ્ઞાન ન થાય. સ્વપ્રકાશ બ્રહ્મ સ્વાનુભવથી જાણી શકાય તેવું છે, તે પ્રસન્ન થતાં કૃતાર્થ કરશે. પ્રમાણથી નહિ, પ્રમેયથી બ્રહ્મજ્ઞાન થાય. આ થયો પૂર્વપક્ષ ! બ્રહ્મ તો લૌકિકબુદ્ધિના વિષય રૂપે, "આ ઘડો" - "આ વસ્ત્ર" - તેમ નિર્દેશ થાય નહિ, તેવું "અનિર્દેશ્ય" છે. બ્રહ્મમાં ધર્મ સ્વીકારતાં અદ્વૈત ક્યાંથી રહે ? "બ્રહ્મ" શબ્દથી, બૃહત્વ અને બૃંહણત્વ અલૌકિક ધર્મપણાથી બ્રહ્મમાં ફલિત થાય ! વિજાતીય-સજાતીય-સ્વગત; એ ત્રિવિધ-ભેદરહિત, સચ્ચિદાનંદ રૂપ બ્રહ્મ છે. સર્વશબ્દથી અવાચ્ય, બુદ્ધિથી વાચ્ય બને, પછી સમાનધર્મથી વ્યવહાર થાય, ઓળખાવાય; તેથી "સાક્ષાત્ નિર્ગુણ" કહ્યું. કાર્યકારણ વાર્તા ન જાણતા, સદસત્‌થી પર, સ્વાનન્દ પૂર્ણ, બ્રહ્મને કાર્યકારણથી પ્રયોજન શું ? આમ, અનિર્દેશ્ય હોવાથી - ઘડા વગેરેની જેમ વાચ્યવાચક - સંબંધના અભાવથી, નિર્ગુણ હોવાથી, કાર્યકારણના અજ્ઞાનથી-તાત્પર્ય ન હોવાથી, કોઈ રીતે બ્રહ્મ શ્રુતિપ્રતિપાદ્ય ન થાય. આ થયો રાજાના પ્રશ્નનો આશય !

ખંડશઃ વાક્યોનું તાત્પર્ય-વૃત્તિથી બ્રહ્મ-પ્રતિપાદકત્વ છે, અભિધાથી બ્રહ્મ-ધર્મ-પ્રતિપાદકત્વ છે; સંપૂર્ણ મહાવાક્યનો અર્થ - તેવા ધર્મવાળું બ્રહ્મ જ છે. સર્વશ્રુતિનું બ્રહ્મપ્રતિપાદકત્વ જ છે ! : જીવની વિચારસિદ્ધિ માટે સર્વસમર્થ ભગવાને પહેલાં બુદ્ધિ પછી ઈન્દ્રિયો, પછી મન, પછી પ્રાણ, ભગવન્નિષ્ઠા થવા માટે સર્જ્યાં છે !

શ્રીશુકે સિદ્ધાન્ત કહ્યો, -

बुद्धीन्द्रियमनः प्राणान् जनानामसृजत् प्रभुः ।
मात्रार्थं च भवार्थं च आत्मनेऽकल्पनाय च ॥ (२)

સર્વશ્રુતિ બ્રહ્મનું પ્રતિપાદન કરે છે. ખંડશઃ વાક્યોનું તાત્પર્યવૃત્તિથી બ્રહ્મ-પ્રતિપાદકત્વ છે, અભિધાથી બ્રહ્મધર્મ - પ્રતિપાદકત્વ છે. આમ, મહાવાક્યનું ભગવત્પ્રતિપાદકત્વ છે. સ્વબુદ્ધિ-પરિકલ્પિત બ્રહ્મવિચાર તો ઉપેક્ષ્ય છે ! "**ब्रह्म च यादृशं वेदान्तेष्ववगतं तादृशमेव मन्तव्यम् ।**"- શ્રી વલ્લભાચાર્યજી સ્પષ્ટ કહે છે. વેદાન્તમાં જેવું સમજાય છે, તેવું જ બ્રહ્મ માનવું જોઈએ. અણુ જેટલી પણ અન્યથા-કલ્પનાથી તો દોષ થાય ! મૂલભૂત, સર્વવ્યવહારાતીત હોવા છતાં, બ્રહ્મ પોતે જ સ્વેચ્છાથી સ્વશક્તિ રૂપે, સર્વધર્મ રૂપે, સ્વકાર્ય રૂપે થયું છે, તેમ શ્રુતિ પ્રતિપાદન કરે છે ! "**सर्वे वेदा यत्पदमामनन्ति ।**"- થી પોતે જ કહે છે. ભગવાન્ પોતે પણ; "**वेदैश्च सर्वैरहमेव वेद्यः ।**"- સ્પષ્ટ કહે છે. સર્વવેદ, બ્રહ્મ - કૃષ્ણનું જ પ્રતિપાદન કરે છે, તેથી શ્રુતિયો સગુણ (ગુણવૃત્તિવાળી) નથી; તેથી શક્તિ, ધર્મ, કાર્ય વગેરે રૂપ અને મૂલરૂપ પણ માત્ર શ્રુતિથી સમજાય, તેથી તેમાંના નિર્દેશો લોકધર્મ-સામ્યથી વૈદિક-પરંપરાથી જ થાય છે ! "**लोकवत्तु लीलाकैवल्यम् ।**"- માં લીલાને અલૌકિક છતાં લોકવત્ કહી છે, લૌકિક નહિ ! આમ, સર્વવેદ ભગવદ્ધર્મના ખંડશઃ પ્રતિપાદક હોવાથી, સંપૂર્ણ મહાવાક્યનો અર્થ-તેવા ધર્મોવાળું બ્રહ્મ જ છે; તેથી સર્વ-શ્રુતિનું બ્રહ્મપરત્વ છે. આ સિદ્ધાન્ત કહેતાં, શ્રીશુક ચાર પ્રકારે સૃષ્ટિનું પ્રતિપાદન કરે છે. ભગવાન્ પહેલાં જીવની વિચારસિદ્ધિ માટે બુદ્ધિ ઉત્પન્ન કરે છે, પછી ઈન્દ્રિયો, પછી મન, પછી પ્રાણ ! "**प्रभुः**"- સર્વસમર્થ છે ને ! બુદ્ધિની ઉત્પત્તિ માત્રા માટે ! "**मीयन्ते त्रायन्ते इति मात्राः ।**"- જ્ઞાન-ક્રિયા-ઉપયોગી વિષયો સર્વ જગત્; તે ખંડશઃ શબ્દથી જણાવેલા પણ, જ્ઞાન-ક્રિયા-વિષયમાં ઉપયોગી ન થાય, તેથી બુદ્ધિ પ્રકટ કરી. બુદ્ધિ સર્વનું ગ્રહણ કરે છે. બુદ્ધિમાં બધું જગત્ સ્ફુરે છે, પછી તે બુદ્ધિથી જે કાંઈ જ્ઞેય કે કાર્ય (જાણવું-કરવું) હોય તે શક્ય બને, તેથી (જ્ઞાન-ક્રિયા) - માત્રા માટે બુદ્ધિનિર્માણ છે. આથી, ખંડશઃ અર્થપ્રતિપાદક વેદનું મહાવાક્યાર્થ - જ્ઞાન બુદ્ધિથી થાય છે, તેથી શ્રુતિનું તાત્પર્યથી બ્રહ્મપ્રતિપાદકત્વ થાય છે. "**भवः**"- ઉદ્ભવ, બુદ્ધિથી જ સૌનો ઉત્કર્ષ થાય છે. "**आत्मने**" બુદ્ધિથી જ ભગવન્નિષ્ઠા અને આત્મનિષ્ઠા થાય, ભગવત્સેવા સંભવે ! "**अकल्पनाय च**"- બુદ્ધિથી જ જ્ઞાનનિષ્ઠા થાય, વિવિધ પદાર્થના ધ્યાન માટે કલ્પના પણ તે કરે છે. આમ, સર્વકાર્ય માટે બુદ્ધિને ઉત્પન્ન કરી. અથવા; ભવ-ઉદ્ભવ - જન્માન્તર - માટે ઈન્દ્રિયો કરી છે, બુદ્ધિસિદ્ધિ માટે, ઈન્દ્રિયથી કર્મ અને તેથી જન્માન્તર થાય, - વિષય થાય; ભગવત્સેવા પણ ઈન્દ્રિયોથી જ થાય ને ! વિવિધકલ્પના-રચના, યોગાદિ - દ્વારા મોક્ષ, પણ ઈન્દ્રિયથી ને ! આત્મા માટે મનને સર્જે છે. "**मनसैवानुदृष्टव्यं नेह नानास्ति किञ्चन ।**"- શ્રુતિ છે. ઈન્દ્રિય-પ્રવૃત્તિ માટે મનની સૃષ્ટિ છે. પ્રાણ કલ્પનાને દૂર કરે છે, સર્વગામિ મન સર્વને આત્મગામિ

કરે છે. જો પ્રાણ ન હોય તો અન્ન વગેરેના પરિણામ-પ્રદર્શનથી, આત્યન્તિક-પ્રલયમાં સર્વજગતની એકતા (આત્મમાત્ર- વિષયિણી) બુદ્ધિ ન થાય. ભુક્તિ-મુક્તિમાં ઉપયોગી ક્રિયાશક્તિ તેથી થાય. **"अन्नेन प्राणाः प्राणैर्बलम् ।"** અને **"प्राणैर्मनो मनसश्च विज्ञानं विज्ञानादानन्दो ब्रह्मयोनिः ।"**- શ્રુતિ છે. સર્વોપયોગ માટે ભગવાને આ ચાર ઉત્પન્ન કર્યાં છે.

બ્રહ્મ-પ્રતિપાદિત-ઉપનિષદ્ ! : જનલોકમાં ઋષિયોનો બ્રહ્મસત્રમાં થયેલો બ્રહ્મવાદ ! :

"सैषा ह्युपनिषद् ब्राह्मी....।" આ બ્રહ્મે જ પ્રતિપાદન કરેલ ઉપનિષદ્ છે. બ્રહ્મવિદ્યા (પ્રતિપાદક-શ્રુતિ) ઉપનિષદ્ છે. **"उपोपसर्गः सामीप्ये तत् प्रतीचि समाप्यते । त्रिविधस्य षदर्थस्य निशब्दोऽपि विशेषणम् ॥ "षद्लृ विशरणगत्यवसादनेषु ।"**- ધાતુપાઠ છે. જીવાત્માને પરબ્રહ્મની **"उप"**- પાસે, લઈ જવા માટે, **षद्**- પૂર્વધર્મથી છૂટો કરીને, પછી સંઘાતમાંથી કેવલ તેને ઉદ્ધૃત કરીને- બ્રહ્મ પ્રાપ્ત કરાવીને, ત્યાં જ તેને સ્થિર કરે,- તે "ઉપનિષદ્ !" તે છે, - બ્રહ્મવિદ્યા ! ઉપનિષદના અર્થવિચારથી જ સર્વસંદેહો દૂર કરવા !

આ ગાથા-પૂર્વવૃત્તાન્ત-પ્રતિપાદક વાક્યપરંપરા, ભગવાન્ આદિનારાયણને જાગ્રત કરવા માટે ગાયેલી ! ભગવન્માહાત્મ્ય અને પ્રિય ભગવાનને શોધતા, નારદજીને બદરીકાશ્રમમાં નારાયણ-ઋષિયે તે સંક્ષેપમાં કહેલી; તેથી પણ સંદેહ ન જતાં; પ્રાચીન-પ્રસંગ કહ્યો. મહર્લોક સુધી કર્મફલ હોવાથી, શુદ્ધ-બ્રહ્મવિચાર ન થાય, તેથી જનલોકમાં ઋષિયો નિઃસંદિગ્ધ બ્રહ્મજ્ઞાન માટે, સર્વનિર્ણય માટે, પ્રવૃત્ત થયા. તેમનો વિચાર "બ્રહ્મસત્ર" છે. કર્મસત્ર જેવું આ જ્ઞાનસત્ર ! કર્મદોષ-રહિત, જન્મોત્કૃષ્ટ, મનનશીલ, ઊર્ધ્વરેતસ્-પુરુષોનો અધિકાર છે,- બ્રહ્મવિદ્યામાં ! તે સમયે નારદજી ક્ષીરસાગરમાં ભગવાન્ અનિરુદ્ધના ક્રીડાસ્થાન શ્વેતદ્વીપમાં દર્શન માટે ગયા હતા. કર્મરત અને ભક્તિરત સુખી હતા, ત્યારે આ જ્ઞાનીઓનો સુખદ બ્રહ્મવાદ-બ્રહ્મનિરૂપણ માટેનો વાદ થયો. શ્રુતિયોનું તે વિશ્રામસ્થાન ! શ્રુત્યભિમાની દેવતા કે સાક્ષાત્ મૂર્તિમંત શ્રુતિ તેમાં સંમત; તેથી આ નિર્ણય અબાધિત છે ! ત્યાં પણ, **"कथं चरन्ति श्रुतयः ।"**- એ પ્રશ્ન થયો. ત્યાં તો સૌ સમાન અધ્યયન-સંપન્ન, તપઃશીલ, શુદ્ધાન્તઃકરણવાળા છે. સનન્દન તેમાં વક્તા થયા. બાકીના સનકાદિ શ્રોતા. **"आवृत्तिरसकृदुपदेशात् ।"**- છે ને ! સંદિગ્ધનો નિર્ણય તો શ્રુતિના વચનથી છે. વેદવાક્યથી વેદાર્થ નિર્ણય થાય; સંદિગ્ધમાં વાક્યશેષથી ! વેદમાં તત્ત્વનિરૂપણપ્રકારે, ૨૮ પ્રકારે ભિન્ન, ભગવદ્ધર્મ રૂપ-ભગવત્કારણતા રૂપ, તત્ત્વ હોવાથી, સંદેહનિવારણ માટે વાક્યશેષ રૂપ - ૨૮ શ્લોક છે. ભગવદિચ્છાથી સ્વરૂપલીલામાં - જેમ ૨૮ તત્ત્વો ભગવદ્રૂપ છે, તેમ નામલીલામાં ૨૮ શ્રુતિગાન છે ! નિર્ગુણ ભગવાનમાં મન સ્થિર થઈ શકે છે, તેવો નિર્ણય સ્પષ્ટ થાય ને ! સર્વતત્ત્વ રૂપ ભગવાન્ પોઢ્યા છે, તત્ત્વસ્વરૂપ-નિષ્ઠ છે. તે પ્રભુને જગાડવાનું જ તાત્પર્ય જાણે છે. જાણે વેદ વૈતાલિક ! ભગવાન્ સૂતેલા સમ્રાટ્ ! પ્રલયાન્તે જાગવાના સમયે, તેમના પરાક્રમનું ગાન કરે છે ! શ્રુતિ તો શ્રવણમાત્ર રૂપ છે, પ્રત્યક્ષદર્શિની નથી, સાક્ષાત્ જગાડતાં નથી, જગાડવા સ્તુતિ કરે છે ! ક્યારેક જાગેલા ભગવાન્ સાક્ષાત્ દર્શન દે કે સ્વાનંદ દે ને ! તે અભિલાષ છે !

(૧) પ્રાકૃત (પ્રકૃતિ-પ્રતિપાદક)-શ્રુતિયો અધોક્ષજ ભગવાનને સ્તવે છે ! :

શ્રુતિયો સ્તવે છે. **"जय जय जह्यजामजित....।"** (૧) પ્રકૃતિ-પ્રતિપાદક - **"अजामेकां...।"**-

વગેરે શ્રુતિ સ્વતંત્રરીતે પ્રકૃતિનું પ્રતિપાદન કરે છે? તો શક્તિ કે દેવતાની મુખ્યતા હોય. (૨) ભગવદ્રૂપ-પ્રકૃતિને ભગવાનપણાથી નિરૂપે છે ? (૩) જીવધર્મરૂપા તે પ્રકૃતિ છે ? જે જીવ - પ્રયત્ન અથવા સ્વરૂપજ્ઞાનથી દૂર કરવાની છે ! (૪) શશશૃંગ જેવી નિઃસ્વભાવ ભાસે છે ? (૫) આ લક્ષ્મી જેવી સત્ય અંતરંગ ભગવચ્છક્તિ છે ? - આવા સંદેહ થતાં, પ્રકૃતિ-પ્રતિપાદક શ્રુતિના નિર્ણય માટે કહે છે. પ્રકૃતિપ્રતિપાદક શ્રુતિ - પ્રાકૃત ! સર્વ વેદ એકાર્થ-પ્રતિપાદક હોવાથી પ્રાકૃત-શ્રુતિ પણ ભગવાનને જ સ્તવે છે ! ભગવાને સ્વીકારેલી નિદ્રા - "अजा", તે પ્રકૃતિ પણ છે ! "अजां जहि"- થી મૂલતઃ નિદ્રાત્યાગ કરવા વિનવે છે, તેથી ભગવાન્ ક્યારેક પ્રકૃતિનો સ્વીકાર કરે છે, તેવા પ્રભુને સ્તવે છે ! આ સાક્ષાત્ ભગવત્સ્વરૂપ તો શ્રુતિ પણ જાણવા સમર્થ નથી ! સ્તુતિથી નિદ્રા છોડીને પ્રભુ જગતમાં અનુપ્રવિષ્ટ થાય ને ! ભગવાન્ તો અજિત - "अजित"- કોઈથી જીતાય નહિ તેવા છે ! જીવની જેમ તે નિદ્રાવશ નથી ! ભગવાને યોગનિદ્રા લીલાથી જ સ્વીકારી છે ! યોગનિદ્રા, માયા, પ્રકૃતિ ત્રણે સ્વરૂપે એક જ છે ! આમ, તેનું જગત્કર્તૃત્વ નથી. તે સ્વપ્નસૃષ્ટિ સર્જે છે, સત્ય નહિ ! તે - "सन्ध्ये सृष्टिराह हि ।"- સૂત્રમાં વ્યાસજી વદે છે. ભગવાનનો સર્વોત્કર્ષ- "જય" ન હોય, તો ઉચ્છૃંખલ પ્રાકૃતલોકો વેદને ગણે પણ નહિ ! સ્થાવર-જંગમ-દેહસ્થિત જીવોના સ્વરૂપાજ્ઞાન રૂપ દોષ માટે જ તેણે ગુણો ગ્રહણ કરેલા છે. તે સ્વશક્તિ દ્વારા મોહ કરાવે છે ! જીવોને, તેથી નિદ્રા-આળસ દેખાય છે. સ્વરૂપાનંદ જેને ન મળે, તે આવાં નિદ્રા વગેરે ક્ષુલ્લક-સુખની અપેક્ષા રાખે ! માયાની અપેક્ષા વગર જ, અણિમા વગેરે સુખ અને સ્વરૂપાનન્દ તો ભગવાનમાં સ્વતઃ છે ! ભગવાનના સ્થાવર-જંગમ-દેહવાળા સેવકોની ઈન્દ્રિયોના પ્રેરક પ્રભુ છે, પ્રકૃતિ નહિ ! પ્રાકૃતલોકોના પ્રાકૃત હોઈ શકે ! વેદ ક્યાંક પ્રકૃતિને સાધન કરીને વિહરતા અને સર્વદા સ્વતઃ વિહરતા પ્રભુને જ વર્ણવે છે ! લીલાનુકૂલ-અપેક્ષિત નિરૂપણ કરે છે. "अरूपमस्पर्श...।"- વગેરે શ્રુતિ પ્રભુને પ્રકૃતિને સંબંધ નથી, તેમ કહે છે. સ્વરૂપાનન્દ અને સૃષ્ટિનિરૂપક-શ્રુતિ તો પ્રકૃતિ- સંબંધ-રહિત બ્રહ્મનું નિરૂપણ કરે છે.

(૨)"यतो वा"- વગેરે શ્રુતિયો, જગદ્ બ્રહ્મરૂપ હોવાથી, ભગવન્માહાત્મ્ય-પ્રતિપાદન દ્વારા, સાક્ષાદ્ ભગવત્પ્રતિપાદિકા છે ! :

"यतो वा....।" "तस्माद्वा ...।"- વગેરે શ્રુતિયો (પુરુષ) બ્રહ્મનિરૂપણ માટે, ભૂત-ભૌતિક સૃષ્ટિનું સંપાદન કરે છે. તે શ્રુતિયો બ્રહ્મનિરૂપિકા કે સૃષ્ટિનિરૂપિકા ? કે અધ્યારોપાપવાદથી બ્રહ્મનું જ્ઞાન દૃઢ થાય તે માટે, પ્રભુના મહિમાના નિરૂપણ માટે, તે શ્રુતિયો જગતનું બ્રહ્મત્વ કહે છે ? - આ સંદેહમાં તો, આ જગદ્ બ્રહ્મરૂપ હોવાથી, ભગવન્માહાત્મ્યના પ્રતિપાદન દ્વારા, આ શ્રુતિયો તેમાં પ્રતિપાદ્ય ભગવાન્ સિદ્ધ હોવાથી, સાક્ષાદ્ ભગવત્પ્રતિપાદિકા છે, તેથી જગતનું બ્રહ્મત્વ કહે છે,- "बृहदुपलब्धमेतदवयन्ति ।"- આ ઉપલબ્ધ થતું (અનુભવાતું) ચરાચર જગત્ બ્રહ્મ જ છે, તેમ બ્રહ્મજ્ઞ ઋષિયો અને વેદો જાણે છે, - કહે છે ! "यतो वा इमानि...।"- વગેરે શ્રુતિમાં, જગત્ બ્રહ્મમાંથી જ ઉત્પન્ન થાય છે, સ્થિતિ કરે છે, બ્રહ્મમાં જ લીન થાય છે, - તેમ કહેલું છે. માટીમાંથી થયેલા ઘડાનો લય થતાં વિકારનો નાશ છે, પદાર્થનું તો માટીપણું જ છે ! તેમ વિકારસહિત જગતમાં વિકાર દૂર થતાં બ્રહ્મ જ અવશિષ્ટ રહે છે ! સોનાના અલંકારમાં તો સાથે ક્યારેક અન્ય ધાતુ કે રત્ન હોય પણ ખરાં, માટીમાં તો તેમ ન હોય, તેથી "मृदि"- માટીમાં એ, દૃષ્ટાન્ત છે. લોકમાં માટીના વિકાર પછી

કાર્ય રૂપ ઘડો બને છે, અલૌકિક બ્રહ્મ તો અવિકૃત રહે છે ! "अविकृतात् विकृतेः उदयास्तमयौ ।"- અવિકૃત બ્રહ્મમાંથી (બ્રહ્મની ઈચ્છાથી) સ્વતઃ જ ધર્મરૂપ જગદ્ભાવ થાય છે, પછી જગદ્-રૂપ કાર્યમાં પરિચ્છેદ વગેરે વિકારો કાલકૃત દેખાય છે ! આ વિશેષતા છે. બ્રહ્મનિરૂપક પ્રમાણથી તે જણાય છે. માટીમાંથી થયેલો ઘડો માટી જ છે, અંતે પણ માટી જ રહે છે ! તેમ અંતે બ્રહ્મ જ રહેતું હોવાથી, તેમાંથી થયેલું જગત્ બ્રહ્મ છે, "जनि प्रादुर्भावे ।" અને "णश अदर्शने ।" ધાતુપાઠ છે, તેથી ઉત્પત્તિ-આવિર્ભાવ રૂપ છે, નાશ-અદર્શન રૂપ, તિરોભાવ રૂપ છે. વર્તમાન વસ્તુનું અનુભવયોગ્યત્વ તે,-આવિર્ભાવ ! તે ન હોય તે, - તિરોભાવ ! આ બંને ભગવાનની શક્તિ છે. તેનાથી કાર્યભૂત ધર્મિ (જગદ્રૂપ-બ્રહ્મ)ના આવિર્ભાવ-તિરોભાવ છે, પણ કાર્યમાં દેખાતા વિકાર (પરિચ્છેદ વગેરે)નાં, ઉત્પત્તિ-નાશ છે. કાર્યભાવથી પહેલાં અવિધમાન આ વિકારો કાર્યના આધારે ઉત્પન્ન થાય છે, નહિ તો તે પ્રભુરૂપ હોવાથી અવિકૃત રહે ! પરિચ્છેદ રૂપ વિકાર જતાં તે અપરિચ્છિન્ન બ્રહ્મ જ છે ! "सर्वस्य ब्रह्मरूपत्वात् परिच्छेदकरः स्वयम् । इदं कालस्य कालत्वमाविर्भावादिकं स्वतः ॥"- સર્વ બ્રહ્મરૂપ હોવાથી પરિચ્છેદ કરનાર પણ પોતે જ છે. આ કાલનું કાલત્વ છે, - આવિર્ભાવાદિ સ્વતઃ છે !

"तदेतदक्षयं नित्यं जगन्मुनिवराखिलम् । आविर्भावतिरोभावौ जन्मनाशविकल्पवत् ॥"- વિષ્ણુ-પુરાણમાં છે. "अतः"- વિકારવિશિષ્ટ પણ વસ્તુતઃ બ્રહ્મ જ છે, તેથી; સર્વવિકૃત-વિષયક મન અને વચનનો વ્યવહાર, "त्वयि"- બ્રહ્મમાં જ ઋષિયો કરે છે, બ્રહ્મમાં જ તેનું પર્યવસાન જાણે છે ! મન-વાણીથી જે ભાવના થાય કે કહેવામાં આવે, તે બ્રહ્મવિષયક થાય છે ! "अनृतं वै वाचा वदति अनृतं मनसा ध्यायति ।"- શ્રુતિ છે. અત્યંત અસત્યજ્ઞાન પણ અર્થમાં તો શબ્દથી સમજાય છે, - આકાશ-કુસુમ વગેરેની જેમ ! જ્યાં વાણી - મનના વિષયનું પણ બ્રહ્મત્વ છે, ત્યાં સંપૂર્ણપણે પ્રકટ જગતના બ્રહ્મત્વમાં સંદેહ શો ? તેથી તો બ્રહ્મજ્ઞાનથી સર્વવ્યવહાર બ્રહ્મપરક હોવાથી, તેમને કોઈ કર્મબંધન રહેતું નથી ! ભ્રમપ્રતીત પદાર્થો પણ બ્રહ્મરૂપ હોવાથી, બ્રહ્મત્વના કારણે જ ભ્રમપ્રાપ્ત-પદાર્થનું ભાન થાય છે, બ્રહ્મ સિવાય કાંઈ ભાસતું નથી ! "सत्यो हरिः समस्तेषु भ्रमभातेष्वपि स्थिरः । अतः सन्तः समस्तार्थे कृष्णमेव विजानते ॥"- સર્વ યથાર્થ-પદાર્થોમાં તથા ભ્રમથી ભાસતા પદાર્થોમાં પણ, મૂલભૂત બ્રહ્મ સત્ય હોવાથી સ્થિર છે, તેથી સત્પુરુષો સર્વપદાર્થમાં કૃષ્ણને જ જાણે છે !

(૩)"शान्त उपासीत" -વગેરે સાધનશ્રુતિ પણ, કૃપાથી સ્વતઃ આત્મસ્ફૂર્તિ કહેતાં, ભગવત્પરાયણ છે ! :

"तज्जलान् शान्त उपासीत....।" "शान्तो दान्त उपरतस्तितिक्षुः ।"- વગેરે સાધન-પ્રતિપાદક શ્રુતિયોનું તાત્પર્ય શમ વગેરે વિધિમાં નથી, પણ અહંકારવાળા મનની ચંચલતા પ્રયત્નથી દૂર કરવાની હોય, પણ તેવા સાધનબલથી ભગવદ્દર્શન ન થાય; તેથી અહંકારવાળાને થતો ક્લેશ કહીને, અભિમાન-રહિતને કૃપાથી સ્વતઃ આત્મસ્ફૂર્તિ થાય છે; તેમ કહેતાં સાધન-શ્રુતિ પણ ભગવત્પરાયણ છે ! જે અવિધાવાળા છે, તેમને માટે શ્રુતિ શમાદિ-સાધનો કહે છે, વિજ્ઞોને નહિ ! ભક્તજ્ઞાનીઓ તો પરમાનંદ રૂપ સાધન સ્વીકારે છે, કૃતાર્થ થાય છે, દુઃખરૂપ સાધનથી દૂર રહે છે ! સર્વને બ્રહ્મ રૂપ સમજતાં પણ આત્મભાવે સાધન છૂટે છે ! પ્રભુસંબંધી તો સર્વ કાંઈ પાપનાશક છે. કથા પણ સંબંધ કરનારના દોષો દૂર કરે છે. કથા તો સુધાસાગર ! ભગવદીયના હૃદયમાં તો એક જ કથા, અનંત રૂપે નિરંતર સ્ફુરે ! ક્લેશ તેનાથી લેશ ન રહે ! તેવા ભક્તો તો બીજું કાંઈ સાધન ન કરે ! આવા તો

પ્રભુના પરોક્ષમાં રહેલા ! સાક્ષાત્ ભક્તોની તો વાત જ શી ? ! "विधुताशयकालगुणा."- કૃપાથી, પ્રભુ-સ્ફૂર્તિથી જ હૃદયના કામાદિ-દોષો, વૃદ્ધાવસ્થા વગેરે કાલદોષો; જેમણે દૂર કર્યા છે, તે તો મુખ્યસેવકો છે. ભગવાન્ મુક્તોપસૃપ્ય છે ને !

ભગવાનના સેવકો સર્વનિયામક આનંદમય-પુરુષ કૃષ્ણને જ ભજે છે, ભગવાનના અંગભૂત દેવોના શાસ્ત્રોક્ત-સેવનમાં દોષ નથી !:

(૪) "योऽन्यां देवतामुपास्ते...।"- શ્રુતિ પ્રમાણે, અન્યદેવનું ઉપાસન પ્રાણપોષણ માટે કરનાર તો લૌકિક છે. વૈદિકરીતે, - "यो मां द्वेष्टि जातवेद...।"- વગેરે રીતે પણ ઉપદ્રવ કરનાર તો મૃતપાય છે. "यज्ञेन यज्ञमयजन्त...।"- શ્રુતિરીતે, યજ્ઞાદિથી પ્રભુના આવરણ રૂપે અન્યદેવનું ઉપાસન કરનાર-અનુસરનાર-ભક્તો છે, સફલ પ્રાણવાળા છે ! "कृतघ्ने नास्ति निष्कृतिः ।"- ભગવદાજ્ઞાથી તત્ત્વોએ રચેલા આ બ્રહ્માંડમાં રહીને, તે તત્ત્વોનું બનેલું આ શરીર ધારણ કરવા છતાં, તેના સ્વામી ભગવાનને ભજે નહિ, તે તો કૃતઘ્ન છે, મુક્તિ તેમને માટે નથી ! ભગવાનના સેવકો તો સર્વભાવે ભગવાનને જ ભજે છે, તે જ યોગ્ય છે ! ભગવાનના અંગભૂત દેવોના શાસ્ત્રોક્તસેવનમાં દોષ નથી. "पुरुषविधोऽ न्वयोऽत्र चरमोऽन्नमयादिषु यः ।"- આ શરીરમાં પુરુષ-પ્રકારે પરંપરા છે, તેમાં ભગવાન્ અન્નમયાદિમાં અંતિમ છે. પ્લાસ્ટર ઓફ પેરિસનાં રમકડાં બનાવનાર, પહેલાં માટીની આકૃતિ બનાવીને, ઉપર પડ ચઢાવે છે, તેથી અંદરની આકૃતિને અનુરૂપ ઉપરનું રમકડું બને ને ! તેવું છે, - આ શરીર ! ઘડો વગેરે તો કૃતિસાધ્ય છે. દેહમાં તો અંદર જ કોઈક એવો છે, જેના ઉપર અન્નરસ વગેરે વ્યવસ્થિત છે, તેથી શરીર સાકાર છે, નહિ તો ઢગલા જેવું થઈ જાય ! આ અંદર રહેલો મુખ્ય છે. "तस्य पुरुषविधतामन्वयं पुरुषविधः ।"- શ્રુતિ છે. તે ભગવાનના પુરુષ-પ્રકારને લક્ષ્યમાં રાખીને, ભગવદન્વયથી અન્નમય- વગેરે પણ પુરુષપ્રકાર જ છે ! મનુષ્ય-વંશપરંપરામાં મનુષ્યાકાર છે ને !- તેમ ! અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય, આ પાંચ પુરુષપ્રકાર છે ! સર્વથી અંદર છે, - આનંદમય ! તેને અન્ય પ્રયોજન નથી. અંદર રહેલા આ આનંદમય જ આકાર-સમર્પક છે ! આનંદમય છે, - ભગવાન્ ! "કોશ" - પ્રતિપાદકને તો આનંદમય ભગવાનના ત્યાગથી શોક જ મળે ને ! આનંદમયમાં મયટ્- પ્રત્યય વિકારવાચક નથી, પ્રાચુર્ય-વાચક છે ! "आनन्दमयोऽभ्यासात् ।" અને "विकारशब्दान्न चेन्न प्राचुर्यात् ।"- સૂત્રોમાં તેનો નિર્ણય છે. આનંદ (શબ્દ) દ્વ્યચ (બે સ્વરવાળો) નથી, ત્ર્યચ (ત્રણ સ્વરયુક્ત) છે. "ब्रह्मपुच्छं प्रतिष्ठा ।"- શ્રુતિમાં આનંદમયના પુચ્છ રૂપે બ્રહ્મને કહ્યું છે ! "हंसाकृतित्वकथने पुच्छत्वं परमात्मनः ।"- સ્પષ્ટ છે. સાકારબ્રહ્મવાદ શ્રુતિસંમત છે ! અંદર રહીને પુરુષાકાર અને આનંદનું સંપાદન કરતા ભગવાનને ન ભજે તે તો કૃતઘ્ન છે ! જગતમાં સર્વકાર્યના નિયામક અને સર્વવસ્તુમાં અવશિષ્ટ પણ ભગવાન્ જ છે. (૧) શરીર દેનાર, (૨) પ્રેરક, (૩) સુખપ્રદ, (૪) અવશિષ્ટ રહેનાર, (૫) સત્યસ્થાપક-ભગવાન્ કૃષ્ણ સદા સેવ્ય છે !

(૫) અનેક રીતે લોકો ભગવાનને ભજે છે, તેમને યથાધિકાર ફળ મળે છે !:

"एकत्वेन पृथक्त्वेन बहुधा विश्वतो मुखम् ।"- વાક્યથી અનેકરીતે લોકો ભગવાનને ભજે છે. તેમાં વેદોક્ત - કર્મમાર્ગે ભજનારા સ્થૂલદૃષ્ટિવાળા છે. "एवं त्रयी धर्ममनुप्रपन्ना गतागतं कामकामा

लभन्ते ।"- પ્રમાણે જન્મમરણ તેમાં ફલ! કેટલાક યોગરીતે ભજે છે. તે હૃદયમાં ભગવાનને ભજનારા અલ્પપ્રકાશયુક્ત છે. અક્ષરબ્રહ્મના આરાધક જ્ઞાનીઓ તેથી ઉત્તમ છે! "तदाहुरक्षरं ब्रह्म सर्वकारण-कारणम् । विष्णोर्धाम परं साक्षात् पुरुषस्य महात्मनः ॥"- ભગવદ્ધામ રૂપ છે. અક્ષરબ્રહ્મ ભૌતિક રૂપે બ્રહ્મલોક, વિરાટના મસ્તક રૂપ છે. ભગવત્પ્રાપ્તિથી પુનર્જન્મ ન રહે!

(૬-૭) ઉપાદાનકારણ રૂપ ભગવાન્ સર્વને સર્જીને ત્યાં રહેલા - પ્રવેશ કરતા હોય તેમ પ્રકાશે છે!: તે નિર્દોષ છે!: જીવ ભગવદંશ રૂપ અવિષમ હોવા છતાં, આનંદની પ્રાપ્તિ માટે દેહોમાં ભમે છે!:

"तत् सृष्ट्वा तदेवानुप्राविशत् ।"- શ્રુતિ દૃષ્ટાનુવાદિકા છે. ઉપાદાન રૂપે રહેલા છતાં, પ્રભુ પુનઃ પ્રવેશે છે! કારણનો કાર્યમાં પ્રવેશ - "परस्य दृश्यते धर्मो ह्यपरस्मिन् समन्वयात् ।"- માં કહેલો છે. લાકડામાં અગ્નિ રહેલો છે, છતાં અગ્નિ પુનઃ તેમાં પ્રવેશતાં વિવિધ રૂપે પ્રકાશે છે, તે જુદો નથી! પોતાના કરેલાનું અનુકરણ પ્રભુ કરે છે! જગદ્રૂપે ક્રીડા કરવા ઈચ્છતા, સર્વત્ર અનુપ્રવિષ્ટ ભગવાન્ તે તે રૂપ બને છે. તે તો નિર્દોષ અને સમ છે! "निर्दोषं हि समं ब्रह्म ।"- જ્યાં પ્રવેશે ત્યાં તે તત્સમ બને! "समः प्लुषिणा समो मशकेन ।"- શ્રુતિ છે. "योऽन्तः प्रविश्य मम....।"- માં ધ્રુવે ભગવત્કાર્ય કહ્યાં છે. બ્રહ્મજ્ઞો સર્વત્ર બ્રહ્મને જ જુએ છે ને! - "ब्राह्मणे पुल्कसे स्तेने...।"- સર્વત્ર પ્રવેશી વિશ્વ રૂપે વિહરતા વિભુ નિર્દોષ જ છે. "गुहां प्रविष्टावात्मानौ हि तद्दर्शनात् ।"- સૂત્રથી - ભગવાન્ સાથે જીવનો પણ હૃદયમાં પ્રવેશ કહેલો છે. "द्वा सुपर्णायुजा ।"- શ્રુતિ પણ છે. ભગવાનનો ચિદંશ છે,- જીવ! "ममैवांशो जीवलोके जीवभूतः सनातनः ।"- ગીતામાં છે, તેનો આનંદ તિરોહિત છે. આનંદના અનુભવ માટે તે મથે છે, વિષમ બને છે! આનંદપૂર્ણ ભગવાન્ કોઈની પાસેથી આનંદની અપેક્ષા રાખતા નથી! આનંદ ભગવાનમાં જ છે, અન્યત્ર નથી! "को ह्येवान्यात् कः प्राण्याद्यदेष आकाश आनन्दो न स्यात् । एष ह्येवानन्दयाति ।" - શ્રુતિ છે. આનંદ વગર જીવતા રાખે કોણ? આ જ આનંદ આપે છે. સુખભોગના જડપદાર્થોમાં આનંદ નથી. ભ્રાન્તલોકો વ્યર્થ તેમાંથી આનંદ મેળવવા મથે છે. "अस्यैवानन्दस्यान्यानि भूतानि मात्रामुपजीवन्ति ।"- શ્રુતિ છે. ભગવાનની આનંદમાત્રાથી તો સૌનું જીવન ટકે છે! જીવ ગુપ્તાનંદ છે. જગત્ નિરાનંદ છે. પૂર્ણાનંદ છે, - ભગવાન્ કૃષ્ણ! સુખેચ્છાવાળાએ તેમની જ સેવા કરવી.

(૮-૯-૧૦) પરમાનંદની ઈચ્છાવાળા માટે પૂર્ણાનન્દ ભગવાનની સેવા જરૂરી છે. દુઃસંગથી દૂર રહી પ્રભુ પોતાના માને તેમ પ્રભુને સેવવા!:

પ્રકટેલા કૃષ્ણના ચરિત-શ્રવણમાત્રથી મળતા પરમાનંદના પ્રભાવથી, ભક્તો તો મોક્ષને પણ ઈચ્છતા નથી! સત્પુરુષો પરમાનંદરૂપ પ્રભુ માટે તો સામ્રાજ્ય-ઘર છોડે છે; કથારૂપ અમૃત-મહાસાગરનુ મથન કરીને રસપાનમત્ત રહે છે! રસપાન તો સંગમાં મળે ને! પરમહંસકુલ- સત્સંગ સેવે છે. સત્સંગ કરનારે, સત્સંગના ઓથે પણ ભક્તિબાધક - દુઃસંગ મળે તો દૂર રહેવું! દેહ સેવાનુકૂલ છે તેને ઈન્દ્રિયભોગો ભોગવવામાં વ્યર્થ વેડફી ન દેવો! અસત્સંગ તો આત્મઘાત છે! લેશ પણ સુખ તેમાં ન મળે, ક્લેશ સદા રહે. "तस्मात् केनाप्युपायेन मनः कृष्णे निवेशयेत् ।"- કોઈ પણ રીતે, મન કૃષ્ણમ પરોવી દેવું. લોકોના કે કોઈકના થવા કરતાં પ્રભુના થઈ જવું! પ્રભુ આપણને પોતાના માને, તેમ સેવ કરવી, અનન્ય થવું. જ્ઞાનમયી શ્રુતિયો અને જ્ઞાની ઋષિયો પણ પ્રભુપ્રિય ગોપીજન થયાં છે ને!

(૧૧-૧૮)સૃષ્ટિના વ્યવધાનથી કોઇ ભગવાનને જાણી શકતું નથી, - જ્ઞાની નથી ! : વ્યર્થ વાદોમાં કૃષ્ણને છોડીને જીવન ન વેડફવું : વિશ્વના ઉપાદાનરૂપ હોવા છતાં ભગવાન્ નિર્દોષ છે, જીવના દોષો માનસ છે, શુદ્ધિ માટે ભક્તોને સેવવા ! : ભગવાન્ સ્વલીલા માટે સૌને પ્રકટ કરે છે, લીન પણ કરે છે :

જ્ઞાની તો લોકો ગણે, ભગવાનને પરમાર્થતઃ કોણ જાણી શકે ? - "यस्यामतं तस्य मतं यस्य मतं न वेद सः ।"- શ્રુતિ છે. "હું જાણું છું !" - સમજનાર અજ્ઞાની છે. "ज्ञानी प्रियतमोऽतो मे ।"- માં, જ્ઞાનીની પ્રશંસા તો, "જાણું છું !" - એમ માનનારની બુદ્ધિને અનુસરીને છે ! "न त्वं विदाथ य इमा जजानान्यद्युष्माकमन्तरं बभूव ।"- શ્રુતિ તો, સૃષ્ટિના વ્યવધાનથી કોઇ ભગવાનને જાણવા સમર્થ નથી, તેમ કહે છે ! ક્યારેક સાક્ષાત્કાર પણ તેટલા પૂરતું જ જ્ઞાન દે છે; અશેષ - વિશેષ જ્ઞાન નહિ ! જ્ઞાનમાર્ગ તો ભ્રાન્તિમૂળ, તેથી જ્ઞાની, કૃષ્ણને ભજે, જેથી જ્ઞાનકાંડ ચિત્તશુદ્ધિ કરનારો થાય ! ભક્તિમાર્ગમાં તો, ભગવાન્ પુરુષોત્તમ છે. તે તો "यः सर्वज्ञः सर्वशक्तिः.....।"- શ્રુતિ પ્રમાણે પૂર્ણજ્ઞાન અને પૂર્ણક્રિયાશક્તિ-યુક્ત છે. ભ્રાન્તિથી થયેલા, યુક્તિરહિત, વ્યર્થવાદોમાં વખત વેડફીને કૃષ્ણનો લાભ ગુમાવવો નહિ ! વિશ્વના ઉપાદાનકારણ રૂપ અને આશ્રય રૂપ હોવા છતાં, જીવનું ભગવત્ત્વ હોવા છતાં, તેમનો કોઇ દોષ ભગવાનમાં નથી. જીવ બ્રહ્મ રૂપ છે. માનસદોષ અને સર્વ જગત્ પણ બ્રહ્મ જ છે. દોષહારક - નિર્દોષ - બ્રહ્મમાં દોષ ક્યાંથી હોય ? "यत्किञ्चिद्दूषणं त्वत्र दूष्यं चापि हरिः स्वयम् । विरुद्धपक्षाः सर्वेऽपि सर्वमत्रैव शोभते ॥"- જે કાંઇ દૂષણ-દૂષ્ય છે, તે તો સ્વયં ભગવાન્ છે, સર્વવિરુદ્ધધર્મો અહીં જ શોભે છે ! ભગવાનની જેમ, ભગવાનના સર્વથા - સર્વતઃ ભક્તો પણ નિર્દોષ છે, શુદ્ધ છે, બીજા નહિ ! શુદ્ધિ ઇચ્છનારે સેવન ભક્તોનું કરવું. ગુણનો ઉત્કર્ષ છે, - ભગવત્સેવાવધિ ! દોષનો અવધિ છે, - ભગવદવજ્ઞા ! ભગવાન્ કૃષ્ણ તો સર્વાનન્દમય છે, સુવર્ણ-પ્રતિમામાં સર્વ સુવર્ણમય હોય તેમ ! તે સર્વસેવ્ય, સર્વનિયામક અને સર્વથા નિર્દોષ છે. તે લીલા માટે તત્પર થયા, તે નિમિત્તે અગ્નિમાંથી તણખાની જેમ જીવસમુદાયો પ્રકટે છે. ભગવાન્ આ સૌ જીવસંઘના નિયામક છે. "एष सर्वेश्वर एष लोकपाल एष भूताधिपतिः ।"- શ્રુતિથી ભગવાન્ સર્વસ્વામી છે. "एतस्यैवाक्षरस्य प्रशासने गार्गि द्यावापृथिवी विधृते तिष्ठतः ।"- શ્રુતિ તથા "सा च प्रशासनात् ।"- સૂત્રથી, ભગવાન્ જ સૌનું પ્રશાસન કરે છે, તે સ્પષ્ટ છે. જીવ અણુ જેટલા પરિમાણવાળો છે, વ્યાપક નથી ! "आराग्रमात्रो ह्यपरोऽपि दृष्टः ।"- શ્રુતિ તથા "नाणुरतच्छ्रुतेरिति चेन्नेतराधिकारात् ।"- સૂત્રમાં આ સ્પષ્ટ છે. જ્ઞાનીઓ તેને ચિન્મય ગણે છે ! "सर्वस्य वशी सर्वस्य ईशानः ।"- શ્રુતિ છે. નિયમ્ય-જીવ, નિયામક- ભગવાનની ભક્તિ જ કરે ! દેવ, જંતુ, મનુષ્ય વગેરે સર્વ કાંઇ નામ અને રૂપવાળું જગત્ (પ્રપંચ), કૃષ્ણમાંથી પ્રકટ થયું છે ! "नामरूपे व्याकरवाणि ।"- શ્રુતિ છે ને ! જગત્ કૃષ્ણમય છે અને કૃષ્ણમાં જ લય પામે છે. સર્વ ભગવાનમાં સૂક્ષ્મ રૂપે છે !

(૧૯-૨૦)કૃષ્ણને સેવે તેને કાલ ન કનડે ! : ગુરુસેવા-પરાયણ થઇને કૃષ્ણભક્તિ જ કરવી ! :

"कथमनुवर्ततां भवभयम् ।"- ભગવાનને અનુસરે, અનુકૂલ બનીને જીવે, તેને અહંતા-મમતારૂપ સંસાર કે પુનર્જન્મનો ભય કઇ રીતે રહે ? અભય કૃષ્ણના આશ્રિતને મળે ! ભગવાને સૃષ્ટિના આરંભમાં કાલ અને માયાને સર્જ્યાં. માયાથી મોહ પામે તેને કાલ કનડે ! જે સદ્બુદ્ધિવાળાઓ આમ પીડાતા લોકોને જોઇને, માયા અને કાલના પંજામાંથી છૂટવા માટેનો ઉપાય,

ભગવદ્ભજન જ છે, - તેમ સમજીને ભગવાનની સેવા કરે છે, તેને માયાથી મોહ થતો નથી, તો કાલથી ક્લેશ ક્યાંથી થાય ? ભગવાનમાં ભાવ કરાવે તે સદ્બુદ્ધિ, સેવામાં તે રુચિ કરાવે ! ગુરુ દ્વારા ભજન થાય, ક્યારેક ભક્તિમાર્ગમાં પણ વિષયમોહ થાય, છતાં કાલ કનડતો નથી ! માનવજન્મ પછી જ અન્યયોનિ- સંબંધ મળે છે. "स्वर्गापवर्गयोर्द्वारं तिरश्चां पुनरस्य च ।"- ભગવાનમાં શ્રદ્ધા રાખે તે તો ભગવદ્રૂપ બને ! "यो यच्छ्रद्धः स एव सः ।"- જેને જેમાં શ્રદ્ધા હોય તે તેનું સ્વરૂપ છે ! ભગવાનને ભવભય ક્યાંથી હોય ? કાલ ક્યાંથી કનડે ? કાલ તો ભગવાનની ભ્રૂકુટિ છે. "ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।"- જેવો જીવનો ભાવ (શરણાગતિ), તેવો ભગવાનનો અનુભવ ! યોગથી થતાં ભગવદ્- ધ્યાન-ભજન તો યોગના અંગરૂપ છે, તેથી થતું ગૌણભજન કૃતાર્થ ન કરે. ભક્તિમાર્ગાનુસાર જ ભગવાનનું ભજન (સેવન) થાય. યોગ તો કોઈને સંપૂર્ણ થતો નથી. યોગથી ચંચલ મનને વશ કરવા મથનારા તો સંસારમાં આથડે છે, સિદ્ધિ-પ્રસિદ્ધિના પંજામાં પતન પામે છે, ક્લેશરત રહે છે ! સ્વતંત્રયોગ સાક્ષાત્ મોક્ષપ્રદ નથી ! "एतेन योगः प्रत्युक्तः ।"- સૂત્રમાં વ્યાસજીનો નિષેધ સ્પષ્ટ છે. યોગનાં ક્રમશઃ આઠ અંગ. - (૧) યમ, (૨) નિયમ, (૩) આસન, (૪) પ્રાણાયામ, (૫) પ્રત્યાહાર. કદાચ આ પાંચ પણ કઠિનતાથી સિદ્ધ થાય; પણ પછીનાં ત્રણ (૬) ધ્યાન, (૭) ધારણા, (૮) સમાધિ; તો મન ચંચલ હોવાથી સુલભ ક્યાંથી થાય ? "एतत्सर्वं गुरौ भक्त्या ।" સઘળી સફળતા મળે છે, - ગુરુભક્તિથી ! "अदान्ते मनसि ज्ञाते योगार्थं न यतेद्बुधः । गुरुसेवापरो भूत्वा भक्तिमेव सदाभ्यसेत् ॥"- મન વશમાં રહે તેમ નથી, તેમ જાણીને ડાહ્યા માણસે યોગ માટે યત્ન કરવો નહિ; ગુરુસેવા-પરાયણ થઈને સદા ભક્તિ જ કરવી, તેની ટેવ પાડવી, આવર્તન કરવું !

(૨૧-૨૨-૨૩) સર્વની અપેક્ષા છોડીને સુખપ્રદ કૃષ્ણને જ ભજવા : તીર્થાટનથી ગુરુ દ્વારા હરિસ્મૃતિ કરવી : જગતને નહિ જગદીશને સેવવા :

ભક્તિમાં વૈરાગ્ય આવશ્યક, પણ સંસારમાં સરનારને તો સુખ-સાધન અને સ્વજનની અપેક્ષા રહે છે ! કાલપ્રવાહમાં ક્ષણિક સહવાસથી આ સૌ ક્લિષ્ટને કયું સુખ દે ? છતાં સ્વાત્મસ્થિતિ વગર અપેક્ષા છૂટે નહિ ! સુખનાં આ લૌકિક-સાધનો દૂર થતાં, ભગવાન્ અલૌકિક-રીતે, સુખ આપે, તો અપેક્ષા અન્યની ન રહે, વૈરાગ્ય અન્યત્ર સ્વતઃ થાય. જે કાંઈ સુખ, સાધન અને સ્વજન દઈ શકે, તેનાથી કરોડો ગણું સુખ ભગવાન્ સ્વયં આપે છે, ઉપકારો કરે છે ! અપેક્ષા હોય તો અલૌકિક સાધનો પણ આપે છે, તેથી સર્વ છોડીને કૃષ્ણની સેવા કરવી ! સૌના સંગમાં નહિ ! સૌ તો- શોકપ્રદ ! શ્રીહરિ- સુખપ્રદ ! સર્વભોગ છોડીને ખુલ્લાપગે, ભગવચ્ચરણ-રૂપા ભૂમિ પર ભ્રમણ કરવું. પ્રભુનાં ચરણની સ્ફૂર્તિ માટે તીર્થો અને તેમાંય ગંગાજીનું સેવન કરવું. સર્વ તીર્થરૂપ ગુરુજન-ભગવદીયોનું સેવન કરવું ! પ્રીતિ પ્રભુમાં પ્રગાઢ કરવી. ભગવદ્-રસમત્તને તો સદ્ધર્મનાશક, ભોગપ્રદ ઘર ગમે નહિ ! ભજનીય ભગવાન્ સચ્ચિદાનંદના સત્-ચિત્-આનંદ-ધર્મો લોકમાં એક પણ ન મળે, તો એકત્ર તો મળે ક્યાંથી ? લોકમાં જડમાં સત્ત્વ, ચૈતન્યમાં ચિત્ત્વ અને સ્વર્ગ વગેરેમાં આનંદત્વ નથી. ભગવાન્ જ સદ્રૂપ છે; સત્પુરુષો સર્વ જગતને સત્ સમજીને સેવે નહિ, જગતમાં "સત્" હોવાની સમજ તો ભ્રાન્તિથી છે ! સદ્રૂપ ભગવાન્ કૃષ્ણ જ સેવનીય છે !

(૨૪) **જે કૃષ્ણના અધિષ્ઠાનથી જગત્ થયું છે, સત્ ભાસે છે, તે કૃષ્ણને સદા સેવવા !:**

"अनुमितमन्तरा त्वयि विभाति मृषा ।"- (આથી) ભગવાનમાં (ઈન્દ્રિય અને પદાર્થની વચ્ચે) અનુમિત જગત્ મિથ્યા દેખાય છે ! "यद्धि यस्मिन् विद्यमाने अतिरिक्तं भासते तत्त्वेन तन्मिथ्या ।"- આમાં અન્યખ્યાતિ છે; અનિર્વચનીય-ખ્યાતિ નથી. "पूर्वोत्पन्नस्यानुभवस्य संस्कारात्मनां स्थित-स्योद्बोधकैः प्राबल्ये मायिकार्थाकारवती बुद्धिवृत्तिर्मायया बहिः क्षिप्यते तदा सा पुरोवर्तिनं सर्वतोंऽशतो वाऽऽवृत्य बहिरवभासते इति मायिकस्यान्यस्यैव ख्यानादन्यख्यातिः ।"- સંસ્કાર રૂપે રહેલા પૂર્વોત્પન્ન અનુભવના પ્રાબલ્યમાં ઉદ્‌બોધક વડે, માયિકપદાર્થના આકારવાળી બુદ્ધિવૃત્તિ માયા વડે બહાર ફેંકાય છે. ત્યારે જે સામે રહેલા પદાર્થને સર્વતઃ કે અંશતઃ આવરીને બહાર ભાસે છે, તે માયિક, અન્યપદાર્થના ભાનથી અન્યખ્યાતિ છે ! "तत्राविद्यया अनिर्वचनीयं रजतमुत्पद्यते इत्यनिर्वचनीय-ख्यातिः ।"- તેમાં અવિદ્યા વડે અનિર્વચનીય રજત ઉત્પન્ન થાય છે, તે અનિર્વચનીય-ખ્યાતિ છે. જેમ છીપમાં રજત ભાસે તેમ જગત્ સત્ય છે, બ્રહ્મ છે, છતાં જગદ્રૂપે તેની પ્રતીતિ-વિષયતા-રૂપ જગત્-મિથ્યા છે. છીપમાં ભાસતું રજત પ્રત્યક્ષ નથી. ઈન્દ્રિય અને પદાર્થના સન્નિકર્ષનો વિષય તો છીપ છે, રજત નહિ ! બે સત્ - અસ્તિત્વ ધરાવતા - પદાર્થોનો સંયોગ હોય, તેથી, "सत्संप्रयोगे पुरुषस्येन्द्रियाणां बुद्धिजन्म तत्प्रत्यक्षम् ।"- પુરુષની ઈન્દ્રિયોનો સત્ (પદાર્થ) સાથે સંયોગ થતાં, જે જ્ઞાન (બુદ્ધિ) ઉત્પન્ન થાય,- તે પ્રત્યક્ષ ! યોગજ, દિવ્યદૃષ્ટિ-જનિત, ભગવત્સામર્થ્ય-પ્રયુક્ત, માનસ પણ પ્રત્યક્ષ છે ! પહેલાં આંખને છીપ દેખાય, પછી રજત તો બુદ્ધિથી ઉત્પન્ન થાય - ભાસે, તેમાં બુદ્ધિ (કરણ) સાધન છે. "ज्ञानकरणकं ज्ञानमनुमानम् ।"- જ્ઞાન જેનું સાધન છે, તેવું જ્ઞાન અનુમાન છે ! અનુમિતિ-પરોક્ષ - જ્ઞાન વિષય થયું રજત ! નિશ્ચયાત્મક-જ્ઞાનમાં તો ઈન્દ્રિયાર્થ જ બુદ્ધિથી ગ્રહણ છે, તેમાં બુદ્ધિકલ્પિત - વિષય કાંઈ નથી ! "इन्द्रियतदर्थयोर्मध्ये यद्बुद्धावन्यदेव भाति तन्मृषा ।"- ઈન્દ્રિય અને તત્સંબંધી પદાર્થની વચ્ચે, બુદ્ધિમાં જે અન્ય જ ભાસે છે,- તે મિથ્યા છે ! તેવું જ્ઞાન ભ્રમાત્મક છે. તેવી રીતે પ્રમાતૃ-ચૈતન્ય અને બ્રહ્મ-ચૈતન્ય વચમાં જગત્ ભાસે છે. મહાવાક્યો સમજાતાં સર્વત્ર બ્રહ્મ જ ભાસે છે.

મહાવાક્યો તો, (૧) "स य एषोऽणिमैतदात्म्यमिदं सर्वं तत् सत्यं स आत्मा तत्त्वमसि श्वेतकेतो ।"- (૨) "अहं ब्रह्मास्मि ।" (૩) "अयमात्मा ब्रह्म ।" (૪) "प्रज्ञानं ब्रह्म ।" છે. "खपुष्पादिसमत्वाद्धि मिथ्याभूतं जगद्यतः । अधिष्ठानाच्च सद्भानं तं कृष्णं नियतं भजेत् ॥"- આકાશ-કુસુમ વગેરેની સમાન હોવાથી જગત્ મિથ્યાભૂત છે, જે અધિષ્ઠાનથી તે સદ્ ભાસે છે, તે શ્રીકૃષ્ણનું. સદા ભજન કરવું ! ગગનકુસુમ સ્વયં અસત્ છે. છતાં પણ ઉત્પન્ન થયેલું છે ! આકાશથી ભિન્ન તેનું સત્યપણું નથી. જગત્ પણ બ્રહ્મથી ભિન્નસત્તાક નથી ! "वाचारम्भणं विकारो नामधेयं मृत्तिकेत्येव सत्यम् ।"- શ્રુતિ છે, જે વિકાર છે, તે વાચિક - ક્રિયાત્મક છે, કારણનાં નામ છે. ઘડા - કોડિયાં વગેરેમાં ક્રિયા માટે નામ ભિન્ન છે, કારણથી અભિન્ન કાર્ય છે, કારણ રૂપે માટી સત્ય છે, મિથ્યા નથી ! કાર્ય વગર તો બ્રહ્મ કોનું કારણ ગણાય ? - કારણ વગર તો કારણ-પ્રતિપાદક- "यतो वा इमानि भूतानि जायन्ते...।"- શ્રુતિ વિરુદ્ધ થાય. કાર્યનું મિથ્યાત્વ હોત તો, "वाचारम्भणं विकारो मृतिकैव सत्यम् ।"- થી કહેત; પણ "नामधेयं"- કહે છે, તે કારણથી અભિન્ન કાર્ય સૂચવે છે. "तदनन्यत्त्व-

मारम्भणशब्दादिभ्यः ।" - સૂત્રમાં, "वाचारम्भणं," "नामधेयं", "इति"- શબ્દોથી, કારણથી કાર્યનું અભિન્નત્વ કહ્યું છે ! "इति"- શબ્દ પ્રકારવાચક છે. તે ઘટ - શરાવાદિનું પણ માટીની જેમ સત્યત્વ સૂચવે છે, તે કારણનું સત્યપણું જ છે ! અહીં, શ્રીવલ્લભાચાર્યજી, (कार्य) - ઘટનું જ સત્યપણું ન સમજાય માટે, આકાશકુસુમનું દૃષ્ટાંત દે છે. જે ભગવાન્ કૃષ્ણમાંથી આવું જગત્ પ્રકટ થયું, જે ભગવાનને લીધે જ સદ્રૂપે ભાસે છે, તે કૃષ્ણ જ સેવનીય છે.

(૨૫-૨૮) મુમુક્ષુને તો દોષ-નિવારક, ગુણપ્રદ કૃષ્ણ જ સેવ્ય છે ! : જીવોમાં પ્રભુ પ્રકટ ન હોય, તેથી ભગવાનને જ ભજવા ! : કૃષ્ણસેવા વગર અન્યત્ર સુખ મેળવવા મથનારને દુઃખ જ મળે છે ! કૃષ્ણ જેવો કોઈ આનંદ નથી, તે જ પૂર્ણાનન્દ છે ! - સેવ્ય છે ! :

જીવ સ્વતઃ માયા તરી શકે નહિ, ભગવાન્ તો, "जहात्येनां भुक्तभोगामजोऽन्यः ।"- શ્રુતિથી વિલક્ષણ છે ! જીવમાંથી ઐશ્વર્યાદિધર્મો, તિરોહિત છે. - "अपेत भगः ।" તે "पराभिध्यानात्तु तिरोहितं ततो ह्यस्य बन्धविपर्ययौ ।"- સૂત્રમાં પણ છે. ભગવાન્ તો નિત્ય ભગયુક્ત છે. મુક્તિ ઈચ્છનારે તો દોષ દૂર કરાવવા સમર્થ અને ગુણદાતા ભગવાનને જ ભજવા ! જેમાં ભગવાન્ પ્રકટ ન હોય તેનો આશ્રય ન કરવો. "दुरधिगमोऽसतां हृदि गतोऽस्मृतकण्ठमणिः ।"- હૃદયમાં રહેલા હોવા છતાં, દુષ્ટોને દુર્ગમ છે,- ભગવાન્ ! - કંઠમાં ધરેલા છતાં યાદ ન રહેલા મણિની જેમ ! હૃદયમાં છે,- ભગવાન્ ! તે માયા- જવનિકાથી ઢંકાયેલા, તેના પર અવિદ્યાનું આચ્છાદન, પછી વાસના, કામ, ક્રોધ વગેરેનાં વૃક્ષો વિકસ્યાં છે, પછી ભગવાન્ જડે ક્યાંથી ? જેમ કંઠમણિ કંઠમાં ધરેલો હોવા છતાં, ભૂલાઈ જતાં દુઃખદ થાય, તેમ ભગવાન્ આવા યતિને સુખદ ન થાય, તો તેના પૂજકને સુખ ક્યાંથી હોય ? આત્મારૂપ ભગવાનને શોધવા સર્વ છોડતા, ગમે તે રીતે પેટ ભરતા, પ્રાણીને દુઃખ વિના શું મળે ? કૃષ્ણસંબંધથી તો આ લોકમાં સર્વ ઉપદ્રવો દૂર થાય ! ભગવદ્-ગુણાનુવાદ-શ્રવણ તો નિત્યકર્મ છે. દેશ-કાલ-વિશેષનો તેમાં નિયમ નથી. કાલોપાધિથી થાય તે કામ્યકર્મ છે. ભગવત્સેવકને જ નિર્દોષ સુખ મળે છે. સર્વ સુખ ઈચ્છનારે આનંદરૂપ ભગવાનને ભજવા ! બીજી કોઈ પણ રીતે સુખ ઈચ્છનારને સર્વથા દુઃખ જ મળે ! અગણિતાનંદ છે,- ભગવાનનો ! "ख इव रजांसि वान्ति....।"- ભગવાનનું એક એક રોમકૂપ પણ આકાશ જેટલું વિશાલ ! તેમાં કરોડો રજઃકણની જેમ બ્રહ્માંડો ભમ્યા કરે છે ! કાલ પણ કરોડો છે, અનંત બ્રહ્માંડ ! તેમ વેદ પણ અનંત ! એક બ્રહ્માંડવાર્તા એ વેદ વદે છે ! સૌ વેદ પોતાની રીતે, પોતાની શક્યતા પ્રમાણે, ભગવાનનો મહિમા ગાય છે, લીન થાય છે ! પરમાનંદ રૂપ ભગવાન્ કૃષ્ણ જ સેવ્ય છે, અન્ય નહિ,- આ સર્વવેદાર્થ છે. વેદ તેનું જ્ઞાન કરાવે છે. આ સમજવા માટે પ્રભુએ બુદ્ધિ ઉત્પન્ન કરી છે. આમ, અનિર્દેશ્ય બ્રહ્મમાં, સગુણશ્રુતિ પણ સાક્ષાત્ પ્રતિપાદન કરે છે. શ્રીકૃષ્ણ જેવો કોઈ આનંદ નથી. વેદ પણ સ્વતઃ તેનું પ્રતિપાદન કરવા સમર્થ નથી ! વેદાર્થસમુદ્રનો આ તો અંગુલિનિર્દેશ માત્ર છે !

આ છે, - "જીવોને ઉપદેશ",- ભગવાન્ શ્રીકૃષ્ણ જ સેવ્ય છે ! :

સ્તુતિનાં વાક્યો શ્રુતિએ કહ્યાં, સનંદને તો અનુવાદ માત્ર કર્યો ! આ છે,- "आत्मानुशासनम् ।"- "જીવોને ઉપદેશ !" - "ભગવાન્ કૃષ્ણ જ સેવ્ય છે." આ છે,- "જીવનલાભ !" આ છે,- શ્રુતિગીતાર્થ ! બ્રહ્માના પુત્રોએ આત્મા જાણ્યો હતો, પણ આ તેની ગતિ અને "માત્ર ભગવાન્ જ

સેવ્ય છે, બીજો ઉપાય નથી !" તે તો આજે જ જાણ્યું ! સિદ્ધ થયા ! સર્વવેદ - પુરાણ - ઉપનિષદ્‌નો આ નિર્ગલિત, લલિત અર્થ - રસ - છે ! નારાયણે નારદજીને આનાથી નિરંતર પ્રભુસ્મરણ કરતાં ભ્રમણનો આદેશ દીધો. સર્વકામ-દોષ દૂર કરવાનું પણ આ સાધન છે. નારદજીને કૃષ્ણ જ ભજનીય લાગ્યા ! તેમના અવતાર રૂપ નારાયણને નમ્યા. વ્યાસાશ્રમે આવ્યા. આ પરંપરાકથા કહી ! પ્રાકૃતગુણ-રહિત, છતાં અપ્રાકૃત-ગુણ-સહિત, નિર્ગુણ ભગવાનમાં મન રહે, તે વિચાર-પ્રકાર કહ્યો ! સ્પષ્ટ સમજ માટે શ્રીશુકે ટૂંકમાં તે કહ્યો, -

મહિમા જાણીને ભગવાન્ શ્રીકૃષ્ણને ભજવા ! :

योऽस्योत्प्रेक्षक आदिमध्यनिधनो योऽव्यक्तजीवेश्वरो
यः सृष्ट्वेदमनुप्रविश्य ऋषिणा चक्रे पुरः शास्ति ताः ।
यं संपद्य जहत्यजामनुशयी सुप्तः कुलायं यथा
तं कैवल्यनिरस्तयोनिमभयं ध्यायेदजस्रं हरिम् ॥ (५०)

મહિમા જાણીને, ભગવાનને ભજવા. (૧) મહિમાજ્ઞાન, (૨) ભજન - આ શ્રુતિગીતાર્થ છે. "**ध्यायेत्**"- હૃદયમાં (ભગવાન્ શ્રીકૃષ્ણને પધરાવીને) સેવા કરવી. "**चेतस्तत्प्रवणं सेवा**"- થી સેવામાં ચિત્ત ભગવદ્‌ગામિ છે, તેથી ધ્યાનને સેવા ગણી. "**अजस्रं हरिं**"- સુખરૂપ, સર્વદુઃખ હર્તા-હરિ-શ્રીકૃષ્ણને, આ મહિમા કહ્યો. સદા કૃષ્ણસેવા કરવા સૂચવ્યું. ભજનીયગુણ-રૂપ બાર પ્રકારે સૂચવ્યું, - (૧) "**योऽस्योत्प्रेक्षकः**"- જે ભગવાન્ આ સર્વ જગતના જીવોના ઉદ્ધાર-હિત-વિચારે છે. (૨, ૩, ૪) "**योऽस्य आदिमध्यनिधनो**"- જે આ વિશ્વના આદિ-મધ્ય-અંત રૂપ છે. આ ચારથી સૃષ્ટિ-કારણ રૂપ કહ્યું. (૫, ૬, ૭) "**योऽव्यक्तजीवेश्वरो**"- જે પ્રકૃતિ-પુરુષ-કાલરૂપ છે. (૮) "**यः सृष्ट्वेदं**"- જે ભગવાન્ આ વિશ્વસર્જન કરીને, (૯) "**अनुप्रविश्य**"- અનુપ્રવેશ કરીને (રહેલા છે), પછી (૧૦) "**ऋषिणां**"- વેદ કે મુખ્ય-જીવ સહિત થયા, (૧૧) "**चक्रे पुरः**"- (જેણે) દેવાદિનાં શરીર કર્યાં, (૧૨) "**शास्ति ताः**"- તેનું શાસન કરે છે. ત્રણ દોષનો અભાવ કહ્યો, - (૧) "**यं संपद्य**"- જેને ભાવનાથી પણ પ્રાપ્ત કરીને, "**अजां जहति**"- અવિદ્યાને દૂર કરે છે. ભગવાનના સંબંધમાત્રથી કાર્યસહિત માયાને જીવ છોડે છે, સ્મરતો નથી, "**सुप्तः कुलायं यथा**"- સૂતેલો પુરુષ શરીર સ્મરતો નથી, તેમ (૨) "**तं कैवल्यनिरस्तयोनिं**"- કેવલ-ભાવથી, કારણભૂત યોનિ જેના વડે છોડી છે. (૩) "**अभयं**"- અભયરૂપ, સ્વયં ભયરહિત, સર્વનો ભય દૂર કરનાર, હરિનું સતત ધ્યાન કરવું ! આ પ્રકારે, નિર્દોષ-પૂર્ણગુણ-વિગ્રહ ભગવાન્ શ્રીકૃષ્ણ સ્વતઃ પરમાનંદનું પ્રદાન કરે છે, સર્વ દુઃખો દૂર કરે છે ! સૌ આ શ્રીકૃષ્ણને જ ભજે ! કૃષ્ણસેવા કોને કૃતાર્થ ન કરે ?!

અધ્યાય : ૮૮

ભગવાન્ મોક્ષ દે છે, મહાદેવજી ભોગ દે છે ! :
મહાદેવજીને વૃકાસુરની આપત્તિમાંથી ઉગારતા ભગવાન્ !

મૂલસ્વરૂપ છે, - ભગવાન્ કૃષ્ણ ! અલૌકિક-શબ્દ પ્રભુપરાયણ છે, તેમ અલૌકિક-ઈન્દ્રિયો પણ પ્રભુરત જ રહે છે. ભગવાનની ભજનીયતા બાબતમાં રાજા પૂછે છે. અહીં, કથા શ્રીગુણ કહેવા

માટે છે. કૃષ્ણમાં શ્રી નિત્ય-અવ્યય-સદા વિરાજે છે. આનંદ જેમ સર્વત્ર નથી, તેમ દેવતારૂપ શ્રી પણ સર્વત્ર નથી ! ભજનીય-પ્રયોજન માટે, લક્ષ્મીનિર્ણય માટે, અન્યકથા-પ્રસંગ છે. શિવ વગેરે દેવો, દેવામાં વિચારતા નથી ! કૃષ્ણ તો ભક્તહિત વિચારીને દે છે ! અવિચારિત-દાનથી તો દાતા પણ દુ:ખી થાય ! સંપ્રદાનની તો વાત જ શી ? ચંચલ લક્ષ્મી અન્યત્ર આથડે, શુદ્ધશ્રી તો માત્ર પ્રભુ-પરાયણ છે, તેથી સુજ્ઞે અપેક્ષા માત્ર કૃષ્ણની કરવી, લક્ષ્મીની નહિ ! લક્ષ્મીના પતિ તો ભગવાન્ છે. ભોગ ભગવાન્ કરે, જીવ તો મોહથી ભોગવવા છતાં દુ:ખ જ પામે ! ભક્તે લક્ષ્મીમાં નહિ, લક્ષ્મીપતિમાં લક્ષ્ય રાખવું. લક્ષ્મી વગેરેનાં વરદાન દઈને, વિઘ્ન વહોરતા દેવોને પણ દુ:ખમાંથી મોક્ષ દે છે, - માધવ ! શ્રી વગર અશિવ લાગતા શિવને ભજે, તે પ્રાય: શ્રીમંત બને ! લક્ષ્મીપતિ માધવને ભજે, તેને મોક્ષ મળે ! તે વૈભવ- ભોગ-રહિત રહે ! આમ વિરોધ કેમ ? રાજાએ પૂછ્યું.

શ્રીશુકે સદાશિવનું સ્વરૂપ કહ્યું. "**शिवः शक्तियुतः ।**"- શિવ શક્તિસહિત છે. "**शक्त्या युक्तो विचरति घोरया भगवान् भवः ।**"- ભગવાન્ ભવ તો ઘોરશક્તિ-સહિત ભ્રમણ કરે છે. શાંતાત્મા શિવ, પ્રલય કરતી આ શક્તિને ક્ષણ પણ દૂર રાખે તો તે પ્રલય કરે ! નીલકંઠ કંઠમાં કાલકૂટ ન રાખે તો, સર્વદોષના આધિદૈવિક રૂપ તે વિષ, વસ્તુમાત્રને વિષમય બનાવે, સૌ મરે ! કુંડલિનીના આધિદૈવિક-રૂપને વશ કરીને સર્પ રૂપે ધારણ ન કરે તો, સર્પિણી રૂપે સૌમાં રહેતી કુંડલિની-શક્તિ સૌને મારે ! આધિદૈવિક-અગ્નિને ધારણ ન કરે તો, સૌ બળે ! ચન્દ્રને ધારણ ન કરે તો, તે સૌને ક્ષીણ કરે ! દેવતા રૂપ છે, - વસ્ત્રો ! તે કોઈને બાધક નહિ, તેથી શિવજી ધરે નહિ ! "**मृत्योर्वा एव वर्णो यच्छार्दूलम् ।**"- શ્રુતિ છે. સૌનાં મૃત્યુ-નિવારણ માટે શંકર શાર્દૂલ-ચર્મ ધરે છે ! દોષરૂપ પૂર્વદેહ છોડાવી, સ્પર્શમાત્રથી ભગવદીય-દેહ દેવા ગંગાજીને ધરે છે ! મહાદેવજી જટા ન ધરે તો, વાયુથી મેઘ ચાલ્યા જાય, વૃષ્ટિ ન થાય ! ભય હરે છે, - ભોળાનાથ ! સૌના દોષ દૂર કરવા, દોષગ્રાહક રૂપ કર્યું,- ભગવાને ! શિવ તામસદેવ, ભગવાન્ કૃષ્ણ તો નિર્ગુણ ! ભગવાનને ભજે તે નિર્ગુણ થાય ! ત્રણ અશ્વમેધયજ્ઞ પછી, કૃષ્ણે યુધિષ્ઠિરને કૃપારહસ્ય કહ્યું. કૃપા કરવા કૃષ્ણ ઈચ્છે, તો ધન હરે ! ધન જતાં સ્વજન પણ દૂર થાય ! ધનનો યત્ન સફલ ન થાય, મન વિરક્ત થાય, ભગવદીયસંગ મળે, ત્યારે કૃષ્ણ કૃપા કરે ! આ કૃપા છે, - બ્રહ્મભાવ ! તે પછી કૃષ્ણસેવાથી મળે સર્વસુખ ! કૃષ્ણસેવા તો પરમ પુરુષાર્થરૂપા છે.

શિવ તો આશુતોષ અને આશુરોષ ! પરમત-ભાષાની કથા કહી. હતો વૃકાસુર, વરુ જેવો, અસુર ! નારદે તેને દેવનાશ માટે મથતો જોયો. કર્યો ઉપાય. ભજન બતાવ્યું ભવનું ! કેદારમાં તેણે સ્વમાંસથી સાત દિવસ હોમ કર્યો. પ્રસન્ન થયા ધૂર્જટિ ! - સ્મશાનમાં બળતા લોકોને કૃતાર્થ કરવા, દયાથી તે ધૂળમાં આળોટવાથી ધૂસરવર્ણી તો તેમની જટા છે ! તેમણે અસુરને અટકાવ્યો. સ્પર્શથી પૂર્વવત્ કર્યો, વરદાન દીધું. આ અસુર જેના માથે હાથ મૂકે તે મરે ! રુદ્ર રાજી ન થયા. લોકોનાં દુ:ખે રડનારા રુદ્ર, લોકોને આમ રડતા કરે ખરા ? અસુરે વરદાનની પરીક્ષા માટે પહેલાં પસંદ કર્યા, - પાર્વતીનાથને ! પાર્વતીને પડાવવાની પામર કામના થઈ ! જેના પર કૃપા કરી, હવે તેના પર ક્રોધ કેમ થાય ? તેથી દોડ્યા રુદ્ર ! બદરીકાશ્રમ પાસે નારાયણ-પર્વતના પશ્ચિમે વૈકુણ્ઠસ્થાનમાં આવ્યા ! હરિ વિના અશક્યમાં ઉપાય કોણ કરે ? નારાયણે જોયા. ક્ષણમાં બદરીનાથ બટુક થયા ! મધુર વાતોથી મોહ અસુરને કરાવ્યો. તેના પોતાના માથે હાથ મુકાવી દીધો ! અસુર મર્યો. દુ:ખ દૂર થયું. સૌ પ્રસન્ન

થયા. લોકોને અર્થદાતા મહાદેવજીને અનર્થમાંથી મુક્ત કર્યા, - માધવે ! શંકરને સંકટમાંથી સંતુષ્ટ કરતા ભગવાન્, સૌનાં કલ્યાણમાં આવતાં સંસાર-સંકટ દૂર કરીને સંતુષ્ટ કરે તેવા, મોક્ષદાતા છે !

અધ્યાય : ૮૯

ભૃગુ-પરીક્ષામાં સમુત્તીર્ણ ઉદાર ભગવાને ભક્તિ-વિરુદ્ધ કર્મથી ભૃગુને ભક્તિ દીધી !:

મહિમા માધવનો, મહાદેવજીને મોક્ષદાનમાં દેખાયો ! લોકમાં મૂલ-પ્રમાણ રૂપ વેદ અને પ્રમેય રૂપ પ્રભુએ પ્રકટ કરેલો મહિમા કહ્યો. કૃષ્ણમાં પૂર્ણજ્ઞાન શક્તિ છે; તે ક્રિયામાં પણ પરિણામ પામે છે ! ક્રિયા વિનાનું જ્ઞાન, આચાર વિનાના વિચાર, પાંગળાં ગણાય ! સર્વના મૂલરૂપ - પ્રભુ - પિતારૂપ, "अहमस्य जगतो धाता माता पितामहः ।"- મા-બાપ કે દાદા જેવા ભગવાન્, સર્વના સર્વ અપરાધો સહન કરે છે ! જ્ઞાન તો ગંભીરતા આપે ને ! ઉગ્ર - વ્યગ્ર તે ન બને ! ક્ષમા તો જ્ઞાનની સ્વાભાવિકતા ! અક્ષમ્ય અપરાધ કરતા ભૃગુને ક્ષમા ભગવાને દીધી ! યાદવ-સભામાં અપવાદ દેતા બ્રાહ્મણ અને અર્જુનને સર્વસમર્થ ભગવાને ક્ષમા દીધી ! ગીતાજ્ઞાન છતાં અર્જુનજી વિકલ થઈ ગયા ! ઉપદેશ-જ્ઞાન પ્રભુએ દીધેલું, છતાં સ્વસ્થ રહી ન શકાયું ! બ્રાહ્મણ-પુત્રની ગતિનું જ્ઞાન ન થયું. ભગવાને કૃપા કરી. આ જ્ઞાનગુણ ભગવાનનો કહે છે. ચાર ગુણ કહ્યા પછી, શ્રીશુકે બે સ્વતઃ કહ્યા છે.

સરસ્વતી નદીના કિનારે ઋષિયો સત્ર કરે. તેમાં કર્મફલનું સમર્પણ કોને કરવું ? - તે વિચાર થયો. બ્રહ્મા - લોકપિતામહ ! વિષ્ણુ - યજ્ઞાત્મક ! મહાદેવજી - જ્ઞાનોપદેશક,- ગુરુ ! કોના અંગભૂત બાકીના બે ? સગુણ આ દેવો ! પ્રકૃતિના ગુણોનો સ્વીકાર સ્વેચ્છાથી ભગવાન્ અંશથી કરે છે; અને ઉત્પત્તિ, સ્થિતિ, લયમાં બ્રહ્મા, વિષ્ણુ શંકર સંજ્ઞા સ્વીકારે છે. તેમાં મૂલ-ભગવાન્ જેવાં ચિહ્નોથી અને સત્ત્વગુણથી મુખ્ય છે,- વિષ્ણુ ! કલ્યાણ તે કરે ! સદ્‌ગુણથી મહિમા સમજાય. સર્વાવસ્થામાં ક્ષોભ ન થાય, તે મહાન્ સદ્‌ગુણ ! સૌએ પોતાની જ્ઞાનાત્મિકા બ્રહ્મશક્તિ ભૃગુમાં મૂકી ! પરબ્રહ્માવિષ્ટ ભૃગુ થયા ! દેહદશા વિસ્મૃત થઈ ! ભૃગુ આવ્યા પહેલાં બ્રહ્મસભામાં ! પહેલાંની જેમ નમસ્કારાદિ ન કર્યાં ! ક્રોધ આવ્યો કમલાસનને ! દીકરો ગણીને શાન્ત થયા ! "अग्नेरापः ।"- શ્રુતિ છે. અગ્નિમાંથી થયું જલ, જલથી અગ્નિ શાંત થાય ! તેમ ભૃગુતેજઃથી બ્રહ્માજી શાન્ત થઈ ગયા ! બંનેમાં બ્રહ્મતેજઃ ! જાણે બ્રહ્માસ્ત્ર સામે બ્રહ્માસ્ત્ર ! ભૃગુ આવ્યા પછી ભવસભામાં ! જ્ઞાનોપદેશક તો ખરાને ! ભગવાન્ તો ભોગરત લાગ્યા ! ભવ તો ભાવથી ભેટવા આવ્યા. ભાઈ ખરાને ! ભૃગુએ તેમને કહ્યા,- ઉત્પથગામી ! - રુદ્ર થયા શૂલપાણિ ! જ્ઞાનશક્તિ પાર્વતીએ શાંત કર્યા ! ત્યાંથી ભૃગુ આવ્યા જમાઈ - લક્ષ્મીપતિ પાસે વૈકુણ્ઠમાં ! ભગવાનના સસરાને રોકે કોણ ? લક્ષ્મીજીના ખોળામાં પોઢેલા પ્રભુ ! ભૃગુએ તો કર્યો પાદ-પ્રહાર,- પ્રભુના વક્ષઃસ્થલમાં ! આ તો મોટો અતિક્રમ છે. ભગવાન્ ગુણોથી ભગવાન્ ન હોત તો ક્ષોભ થાત ! આ તો સ્વભાવથી ભગવાન્ છે, મૂલભૂત છે ! મનમાં ક્ષોભ ન થયો, પ્રહાર પછી ઊઠ્યા ! ૧. "भगवान्"- ભગવાન્, ૨. "सह लक्ष्म्या"- લક્ષ્મીજી સાથે, ૩. "सतां गतिः"- સત્પુરુષોની ગતિરૂપ, ૪. "स्वतल्पाद- वरुह्य"- સ્વશૈયામાંથી ઉતરીને, ૫. - "ननाम"- નમ્યા, ૬. "शिरसा"- મસ્તક વડે, આ છમાં ક્રમશઃ માનસ છ ગુણ દેખાયા ! અપમાન કરનારને પણ આદર દીધો,- ઉદાર ભગવાને ! ૧. "स्वागतं ते"- સ્વાગત આપનું, ૨. "ब्रह्मन्"- હે બ્રાહ્મણ ! ૩. "निषीद"-

બેસો, ૪. "**क्षणं**"- ક્ષણ વાર, ૫. "**अजानतां**"- અજાણ્યાને, ૬. "**अपराधं क्षन्तुं**"- અપરાધ ક્ષમા કરવાને; આ છમાં "ભગ" વિરોધી કાયિક છ ગુણો ક્રમશઃ દેખાયા ! "**प्रभो ।**"- કહેતાં તો ભગવાને સ્વગુણો તેમાં સ્થાપ્યા ! - નાશ વિપ્રનો ન થાય ને ! દેખાયા, "**अमानी**"- ભગવાન્; બન્યા- "**मानदः**" ! - તેથી છે - "**मान्यः**" ! જેનું ચરણ- કમલજલ તો જગપાવની ગંગા છે ! તે ભગવાને પણ બ્રાહ્મણના ચરણજલથી પાવિત્ર્ય ઈચ્છ્યું ! મોહકલીલા છે ને ? ! નિત્યસિદ્ધા ભગવતી લક્ષ્મીજી તો આધિદૈવિક છે, બ્રાહ્મણ-ચરણથી ભગવાને લક્ષ્મીજી હૃદયમાં સ્થિર થયાં કહ્યું ! આ આધિભૌતિકી છે, તે પણ નિત્ય ! ભગવાને ભૃગુ પાદલતા હૃદયે ધરી ! ચરણસેવાથી પાપક્ષય પણ સૂચવી દીધો. ભૃગુની આંખમાં પ્રેમથી આંસુ આવ્યાં. મૌન રહ્યા. અદ્‌ભતુકર્મા ભગવાને તો ભક્તિવિરુદ્ધ કર્મથી પણ ભૃગુને ભક્તિ આપી ! અહો ! અદ્‌ભુત ભગવાનનું ચરિત !

ભૃગુ સત્રમાં આવ્યા. ભવચ્ચરિત કહ્યું. સૌ વિસ્મિત થયાં. શાંતિ અને અભય ભગવાન્ પાસેથી જ મળે ! ભગવદ્ધર્મ, દયાયુક્ત જ્ઞાન, દયાયુક્ત વૈરાગ્ય, અણિમા વગેરે અષ્ટધા ઐશ્વર્ય, અંતઃકરણને નિર્મલ કરે તેવો યશઃ, ભગવાન્ દ્વારા જ સંભવે ! દયામાં વીર્ય અને ઐશ્વર્યમાં શ્રી છે. છ ગુણો ભગવાનના ને ! (૧) મનન - જ્ઞાન; (૨) દંડત્યાગ - વૈરાગ્ય; (૩) શાન્તિ - યશ; (૪) સમચિત્તતા - શ્રી; (૫) અકિંચનતા (નિરપેક્ષતા) - વીર્ય; (૬) સદાચાર - ઐશ્વર્ય. આ છ ગુણવાળા મુનિયોના પણ ફલરૂપ છે,- ભગવાન્ કૃષ્ણ ! - "**यमाहुः परमां गतिम् ।**" "**सत्त्वं यस्य प्रियामूर्तिः**"- સત્ત્વગુણથી ભિન્ન દ્રવ્યાત્મક સત્ત્વ ભગવાનનું પ્રિય રૂપ છે ! સત્ત્વગુણ ભગવન્નિરૂપક જ છે. ભગવાનને સૌ લોકો ભજે છે. નિપુણ-બુદ્ધિ ભજનમાં અત્યંત આવશ્યક નથી ! સર્વરૂપ ભગવાન્ છે. ભગવાન્ કૃષ્ણ જ સર્વપ્રકારે મહાન્ છે. ઋષિયો પણ આ નિર્ણયથી પોતે કૃષ્ણચરણ-સેવન કરી પ્રભુ પ્રાપ્ત થયા. ભક્તિથી જ મુક્તિદાતા ભગવાન્ સંતુષ્ટ થાય, ભક્તમુખે કથા સાંભળે તે કૃતાર્થ થાય. પ્રમાણ-બલથી ભગવાનની શક્તિ કહી, પ્રમેયબલથી પણ કહેવા, શ્રીશુકે સ્વયં પ્રસંગ કહ્યો.

દ્વારકામાં બ્રાહ્મણના બાલકને મરતાં ન બચાવી શકતા અર્જુનને લઈને આવરણ-જલમાં ભૂમા અનિરુદ્ધ રૂપે દર્શન દેતા કૃષ્ણ !: નારાયણ અનિરુદ્ધાંશ છે !:

એક સમયે, ભગવાનને પોતાનું સામર્થ્ય બતાવવાની ઈચ્છા થઈ ત્યારે, દ્વારકામાં વિપ્ર-પત્નીનું નવજાત બાલક ભૂમિને સ્પર્શતાં જ મર્યું ! કાલ ભૂમિ પર હતો ! "**किल**"- શ્રીશુક પ્રસિદ્ધ વાત કહે છે. બ્રાહ્મણ રાજાને દોષ દેતો આવ્યો. સત્તાધારીના ત્રણ મહાદોષ- (૧) બ્રાહ્મણદ્વેષ - ધર્મ, ન્યાય, નીતિ, સદાચાર, સદ્વિચાર વગેરેની પરંપરાઓને, શ્રદ્ધાને, સ્વાર્થવશ તોડવામાં આવે, તો ધર્મ રહે નહિ ! (૨) જડ બુદ્ધિ - ભાવનાઓને, શ્રદ્ધાને, સદ્‌ભાવને, માનવતાને કાયદાથી કચડવામાં આવે. આનાથી અર્થનાશ થાય ! (૩) લોભ - પ્રજા પાસેથી વિશેષ પડાવવાની ઈચ્છા, પ્રતિષ્ઠા માટે પરવા વિનાનાં કાર્ય થાય. આનાથી કામનાશ થાય ! (૪) સામાન્ય દોષ, વિષયાત્મકતા - મોજશોખ, વૈભવવિલાસ- પરાયણતા, ભભકો દેખાડવાની વૃત્તિ. આનાથી મોક્ષ ન મળે ! શમ્બૂક-પ્રસંગમાં રાજા રામને પણ દોષ મળેલો ને ! આમ, અપવાદ દેતો બ્રાહ્મણ ત્રણ બાલક લઈને આવ્યો. ત્રીજું મૂકી ગયો, પછી તો બાલક મરતાં અપવાદ દઈ જતો. ભગવાન્ તો મૌન રહેતા ! શ્રુતિ દશ પુત્રો મેળવવા કહે છે. તેમાં નવ આમ મર્યા. છેલ્લો દશમો મરે, ત્યાં તો આવેલા અર્જુનને યાદવોના કરતાં સર્વશ્રેષ્ઠતા

ક્હેતાં, તેણે રક્ષાની પ્રતિજ્ઞા કરી ! નવ મિશ્રગુણ ગયા, પછી અહંકારને અસહ્ય લાગેને ! પ્રયત્ન તેનો નિષ્ફલ થયો ! "यस्य ब्रह्म च क्षत्रं च उभे भवत ओदनः । मृत्युर्यस्योपसेचनम् ।"- શ્રુતિ છે. બ્રાહ્મણ-ક્ષત્રિય ભાત; મૃત્યુ તો ઘી ! માત્ર માનેલું અર્જુને ! છતાં ન બચ્યો,- બ્રાહ્મણપુત્ર ! દિવ્યાસ્ત્ર-દેવ-મહાદેવ સૌનું સામર્થ્ય, છતાં સફલતા ન મળી વિજયને ! દશ પુત્રો ગયા. દશલીલા, દશપ્રાણ, રૂપ તે. અથવા, નવધા ભક્તિ સહિત નિર્ગુણ ભક્તિ રૂપ. નિર્ગુણભક્તિ હોય ત્યાં પ્રભુ પધારે ! દશમાને લેવા પ્રભુ અર્જુન સાથે પધાર્યા ને ! અનિરુદ્ધ-ચરિત છે, તેથી ભગવાન્ બળવા તૈયાર થયેલા નરરૂપ અર્જુન સાથે પધાર્યા ! ભક્ત માટે ભગવાન્ શું ન કરે ?!

અલૌકિક - આધિદૈવિક - ગરુડધ્વજ રથમાં પશ્ચિમદિશામાં બંને ચાલ્યા. સાત દ્વીપ, સાત સાગર, સાત મર્યાદા-પર્વત, સુવર્ણભૂમિ વટાવી; લોકાલોક-પર્વતની પાછળ અંધકારમાં ગયા ! ઘોડા અટક્યા. ભગવાને હજારો સૂર્ય શા સુદર્શનની સેવા લીધી ! રામબાણ શું છૂટ્યું ચક્ર હાથમાંથી ! ચાલ્યું ઈચ્છેલા માર્ગે ! ભગવદિચ્છાથી, બ્રહ્માંડ વટાવી આવરણજલમાં આવ્યા. ત્યાં દિવ્યભવનમાં પ્રવેશ્યા. ત્યાં શેષશાયી ભગવાનને જોયા ! આ અનિરુદ્ધ ભગવાન્ ! આધિદૈવિક ચક્ર વગેરે સેવકો, સેવા કરે ! કરોડો બ્રહ્માંડના નાયકને ત્યાં કયું ઐશ્વર્ય ન હોય !? ભગવાન્ કૃષ્ણમાં આવિષ્ટ નારાયણ ! તેમના મૂલભૂત અનિરુદ્ધ ! લોકશિક્ષા માટે ભગવાને નમન કર્યાં ! ગભરાતા અર્જુને પણ નમન કર્યાં ! "तावाह भूमा परमेष्ठिनां प्रभुः ।"- આ ભૂમા અનિરુદ્ધ ! "यो वै वाचो भूमा तं न्यर्बुदम् ।"- માં, વાણી-સંબંધી ભૂમાને ઉદ્દેશીને ન્યર્બુદત્વ કહ્યું છે. અનિરુદ્ધ માનસપુરુષ છે, શબ્દાત્મક છે. આમ, અનિરુદ્ધનું ભૂમાપણું છે. ભગવાન્ કૃષ્ણ તો અર્જુનને ભાન દેવા માત્ર નાટ્ય કરે છે ! કૃષ્ણ અને ભૂમા એક છે. અર્જુનના અહંકારભંગ માટે, કે પ્રપંચ ભુલાવી નિરોધ માટે, આમ કરે છે. સ્વકલાવતારને દ્વિજ અને ધર્મરક્ષા માટે પ્રકટ થયેલા ક્હીને, હવે અવતારોપસંહારની આજ્ઞા ભગવાને કરી ! જન્મસમયે હતા તેવા પુત્રો લઈ, કૃષ્ણાર્જુન દ્વારકા આવ્યા ! ભગવાને વૈષ્ણવધામ સમજાવ્યું. અર્જુન આશ્ચર્ય પામ્યા. પોતે સર્વ કરેલું તેને કૃષ્ણકૃપા જ હવે માની ! ભગવાન્ તો દુષ્ટનાશ અર્જુન વગેરે દ્વારા પણ કરે, ધર્મકાર્ય યુધિષ્ઠિરાદિ દ્વારા; ભગવાને નિરોધ સર્વનો કર્યો. સર્વશ્રેષ્ઠતા જણાવતાં, કામવર્ષાથી કૃતાર્થ કર્યા - કૃપાલુ કૃષ્ણે !

અધ્યાય : ૯૦

વૈષ્ણવ - વિશ્વ - વિજય માટે તો છે,- વૈષ્ણવપતિ ભગવાન્ કૃષ્ણની ઉદારલીલાઓ ! : ભાવોન્મત્ત દશામાં રાજરાણીઓનું ગાન "મહિષીગીત" ! :

સર્વોદ્ધારક ભગવાન્ કૃષ્ણ અનેક ક્રીડાઓ કરે છે. રાજપત્નીઓ સાથેની ક્રીડામાં પણ સંસાર રૂપ દોષ નથી ! જ્ઞાન પછી અહીં વૈરાગ્યગુણનું નિરૂપણ છે. અદ્ભુત છે, - ચરિત ભગવાનનું ! તેથી વિરાગ બતાવવા માટે આ રાગલીલા ક્હી છે ! નિરોધ - પૂર્ણ પ્રકટ દેખાય વૈરાગ્યથી ! સંસારમાં વૈરાગ્ય થાય, ત્યારે ચિત્ત ભગવાનમાં આસક્ત થાય ! કામરસમગ્ન મહારાણીઓ પણ કૃષ્ણસંબંધથી વૈરાગ્યપૂર્ણ થયાં, તો કૃષ્ણના વૈરાગ્યની તો વાત જ શી ? આ નિર્ણય માટે કહેલી બધી કથાઓનો, અહીં, ક્રીડાથી ઉપસંહાર છે. સર્વનો સમુદ્ધાર કરીને, સર્વસ્વામી કૃષ્ણ ક્રીડા કરે છે. સ્ત્રીઓનો તેમાં

પ્રાપ્ત થતો સંસાર પણ સસાર કરી દે છે, - કૃષ્ણ ! "મહિષીગીત"માં તેમના હૃદયભાવ દેખાય છે. કૃષ્ણ-સંગ - લાલસા જ તેમને છે ! દઢાસક્તિથી સર્વ ક્રિયાઓ કૃષ્ણ માટે જ તે કરે છે. આ સ્કન્ધનો અર્થ છે, - નિરોધ ! તેથી ઉપસંહારમાં પણ સ્પષ્ટ દેખાય છે, - નિરોધ ! અવતારદશામાં લીલાથી ઉદ્ધાર કરતા કૃપાલુ કૃષ્ણ, અનવતાર-દશામાં લીલાકથાથી પણ કૃતાર્થ કરે છે ! વૈષ્ણવ-વિશ્વ-વિજય માટે તો છે, - વૈષ્ણવપતિ ભગવાન્ કૃષ્ણની ઉદાર લીલાઓ ! ભક્તોનાં સુખ સિદ્ધ થાય માટે હર્ષપૂર્વક શ્રીશુક પરમોત્સવલીલા ગાય છે. સર્વલોક માટેની લીલાઓ તો ગયા અધ્યાયમાં પૂર્ણ થઈ ! ભક્તોનું મન ભગવાનમાં સ્થિર કરવા માટે પરમાનંદ-લીલા કહી છે.

પ્રભુ તો મોક્ષ કે પરમાનંદનાં દ્વાર રૂપ દ્વારકામાં વિરાજે, - "**मोक्षस्य परमानन्दस्य द्वारभूता द्वारका ।**"- સર્વોત્તમ, અલૌકિક, કલ્પનાતીત, વિપુલ, વૈભવ-વિલાસો રાજરાણીઓ કૃષ્ણસંગમાં માણે છે ! સોળ હજાર આઠ રાણીજી સાથે, તેટલાં સ્વરૂપે ભગવાન્ વિહાર કરે છે ! સાધારણ - અસાધારણ-પ્રકાર તેના છે. સૌ રાણી વિશ્વ-વપુ પણ વિસરીને, વિહાર અને વિભુમાં ખોવાઈ ગયાં છે ! વિહારનાં સાધનોની હાર થઈ, વિલાસથી વિમુખતા પણ નથી થઈ ! વૈભવ તો ભવને બદલે ભાવ ભગવાનમાં દેનારો થયો ! અદ્ભુતકર્મા કરુણામય કૃષ્ણ છે ને ! રાજરાણીઓના દશ પ્રકારના હૃદયભાવ રૂપ અસંબદ્ધ-શબ્દો, દશ શ્લોક રૂપે ઉન્મત્તદશામાં સરે છે. "મહિષીગીત" - તે ગણાય છે ! ભગવાન્ હૃદયારૂઢ થઈ ગયા છે ને ! કાંઈ સ્મૃતિ નથી, તેથી તો જડમાં પણ તે ચેતનનો આરોપ કરે છે ! સૌ રાણીજીનો નિરોધ થઈ ચૂક્યો છે. માનસિક અને વાચિક - તિરોધાન ભગવાનનું અનુભવે છે ! સ્ત્રી-સ્વભાવ- સુલભ પ્રિયસંગ-લાલસા છે, સર્વસુખદ સ્વામી સાન્નિધ્યમાં હોવા છતાં, રાણીઓ સ્વધર્મો અને સ્વપ્રિય- સંબંધને સૌમાં કલ્પે છે ! બાહ્યસામ્ય જોતાં, ભાવ ભાષામાં ઉભરાય છે ! ઘરકામ, નિદ્રા વગેરે તેમાં નિવૃત્તિ થઈ જાય છે. કૃષ્ણમાં તેમની દૃઢ આસક્તિ દેખાય છે. પોતાની અપેક્ષિતલીલા પછી પ્રભુ પોઢ્યા છે.

રાજસરાજસ ભાવવાળાં રાજરાણીએ ટીટોડીને ટળવળતાં સાંભળી. પ્રભુનો નિદ્રાભંગ તેથી થાય તો ! શ્રમવિચાર તો પરમ સ્નેહથી થાય ને ! દુઃખી ટીટોડીને આશ્વાસન દીધું,- "**कुररि विलपसि त्वं...।**"- રાણીજીને તો જગતમાં ભગવાન્ સિવાય સર્વ સ્ત્રી જ લાગે છે ! સૌના સ્વામી છે, - કૃષ્ણ ! સૌને દુઃખ થાય, - માત્ર કૃષ્ણવિરહથી ! બીજાં દુઃખ તો કૃષ્ણ જ દૂર કરે છે ! આ ટીટોડી પણ રડતી લાગે છે !- વિરહવ્યાકુલ થઈને ? તેમાં તો ન રહેવાય, ન સહેવાય, ન કહેવાય, ન ઊંઘાય ! પોતે પણ તેવાં છે ને ! ચિંતા, ધાતુની વિષમતા કે વિશેષ ભય હોય તો ઊંઘ ન આવે. દુરારાધ્ય ભગવાનને વશ કરવાની ચિંતા કાંઈ નાની છે ? ! સમસ્ત દેહમાં દર્દ કે સ્વાન્તમાં સંતાપ હોય તો ચેન ન પડે, સ્થિર ક્યાંય ન થવાય ! અહીં સંતાપ છે, - સંયોગ નથી તેનો ! પોઢ્યા છે, - પ્રિય પ્રભુ ! સમય છે તો,- સૂવાનો ! જગતમાં ભગવાન્ જ નિદ્રાસુખ - ભોક્તા છે ! સૌના સુખ માટે પોઢે છે,- પ્રભુ તો ! તેમને નિદ્રામાં પણ જ્ઞાન હોય તો છે; છતાં જગાડીને શ્રમ કેમ દેવાય ! સમદુઃખી સાથે વાતો કરવા, - "**सखि**"!- કહી, - રાણીજીએ ટીટોડીને ! ભગવાનનાં દર્શને હૈયું વિંધાયું છે !! હરિનાં- (૧) સ્વરૂપદર્શન; (૨) લીલાવિહાર;, (૩) મોહક હાસ્ય; (૪) કમલલોચન - કટાક્ષ; (૫) કૃપાકાલ-સ્મરણથી જેનું હૈયું વિંધાય- તેને કૃષ્ણ વિના સુખ ક્યાં દેખાય ? ! રાજસ-સાત્ત્વિકી રાણીજીને ચકવાકીની પીડા સ્પર્શી !

કરુણ રડતી લાગી તે ! પોતાની જેમ દિવસભર સેવા કરીને, ભગવાનની પ્રસાદી માલાને મસ્તકે ધરવા તે ઈચ્છતી હશે ? દાસી છે ને ! રાજસ-તામસી પ્રભુપત્નીને સમુદ્ર પણ શોકથી સંલાપ કરતો લાગ્યો ! પોતાની શોભા, વિહારમાં વિભુને વરી, તેમ સમુદ્રનાં લક્ષ્મી પ્રભુને વર્યાં છે ને ! સાગરમાં પોઢતા પ્રભુ અવતર્યા છે તેમ, હૃદયવિહારી પણ અન્યત્ર પોઢ્યા છે ને !

તામસ-તામસી રાણીજીએ, ચન્દ્રને જોયો, સ્થિર થવા લાગ્યો ! દક્ષશાપથી ક્ષયરોગ છે ચન્દ્રને, તેથી ચાલે ક્યાંથી ? કિરણોથી અંધકાર પણ દૂર કરતો નથી ! મુકુન્દ-વાક્યથી મૌન થવાય, તેમ ચન્દ્ર સ્તબ્ધ થયો લાગે છે ! તામસ-રાજસી રાજપત્નીને મલયાનિલ મૂંઝવતો લાગ્યો ! તામસ-સાત્ત્વિક મહિષીજીને, મેઘ પણ સુખી ન લાગ્યો ! મેઘ તો મેઘશ્યામ શો ! ધ્યાન કરતો લાગે છે, શ્રીવત્સાઙ્કનું ! શ્યામને સ્મરતો સ્મરતો પોતાની જેમ અશ્રુધારા વહાવતો લાગ્યો ! લાગે છે, તે ચરણચિંતન કરતો ! પોતે પણ હૃદયે ચરણ ધારણ કરવા ઈચ્છે છેને ! સાત્ત્વિક - તામસ રાણીજીને, ક્રીડાપર્વતની નદી સુકાયેલી, કમલશોભા-રહિત દેખાઈ ! પોતાની જેમ, યદુપતિના પ્રણયાવલોક વગર તો તે પણ પીડાય અને શોષાય જ ને ! કોઈક ગુણાતીત કૃષ્ણપત્નીને, હંસ તો માન મનાવવા મોકલેલા દૂત શો દેખાયો ! વિવેકશીલ હંસ ! સ્વાગત તેનું કર્યું, દૂધપાન માટે વિનવ્યો ! કથા કૃષ્ણની કહે ને ! સ્મરે છે- શ્યામ પોતાને ?! "કથા અમારી કૃષ્ણને કહેજે ! લક્ષ્મીજીને નહિ ! શું તે જ એકનિષ્ઠ છે ?! બધી સ્ત્રીઓ તેવી જ છે !" સંસારરાગ-રહિત, ભગવદ્‌ભાવ-વિકલ છે - રાજમહિષીજીઓ ! ભગવત્સંબંધ ન હતો, તે ક્ષણે પણ ભગવાન્ પ્રાપ્ત થઈ ગયા ! કથાશ્રવણ-માત્રથી કૃતાર્થ કરતા કૃષ્ણ, કીર્તન-દર્શનથી શું ન કરે ?! કૃષ્ણ તો સ્વસૌંદર્યથી સૌનાં મન આકર્ષીને વશ કરી લે છે, - સ્વરૂપબલથી ! સેવા કરનારના સૌભાગ્યનું વર્ણન શું થાય ?

એક સો એક યાદવકુલ પ્રકટ કરીને ભગવાનની લીલા !

લોકશિક્ષા દેતા પ્રભુ વિલાસો કરે છે. "आसन् षोडशसाहस्रं महिष्यास्तु शताधिकम् ।"- સોળ હજાર રાણીજી કૃષ્ણનાં ! પ્રત્યેક રાણી સો-સો સ્ત્રીઓ કરતાં પણ સર્વરીતે અધિક ! આઠ તો પટ્ટરાણીજી ! સારસ્વતકલ્પમાં તો ૧૬૦૦૮ રાણીજી; અન્યકલ્પમાં ૧૬૧૦૮ ! દરેકના દસ-દસ પુત્રો ! કુલ ૧૬૦૦૮૦ પુત્રો પ્રભુના ! તેમાં અઢાર પ્રકટ મહારથી ! સૌ સમર્થ ! વિદ્યા અઢાર ને ! આ સૌના સેંકડો પુત્રો ! રુક્મિણીજીના પુત્ર પ્રદ્યુમ્ન, તેમના અનિરુદ્ધ, તેમના વજ્ર, જે મૌસલયુદ્ધમાંથી બચ્યા. સૌને ત્યાં સમૃદ્ધ સંતાન-પરંપરા ! હજારો વર્ષે પણ તેમની ગણના ન થાય. ત્રણ અબજ, આઠ હજાર, આઠસો તો યદુકુલમાં જન્મેલા આચાર્યો હતા ! અનેકમાં અમુક જ આચાર્ય તો હોય ! તેમની પાસે ભણતાં બાલકો તો કોણ કલ્પી શકે ? કલ્પનાથી કૃષ્ણલીલા શું સમજી શકાય ?! હજાર - અબજ તો રાજસેવકો છે. દેવાસુર- સંગ્રામમાં મરેલા અસુરો મનુષ્ય રૂપે જન્મી પ્રજાને પીડતા હતા, તે પીડા દૂર કરવા ૧૦૧ યાદવ કુલ પ્રકટ કરી, પ્રભુ સ્વયં પ્રકટ થયા, સેવકોને સર્વસમૃદ્ધ કર્યા ! સર્વાવસ્થામાં, સર્વક્રિયા કરતાં, ભક્ત યાદવો વિશ્વ વિસરીને વિભુમાં આસક્ત છે. "वृष्णयः कृष्णचेतसः ।"- કૃષ્ણમાં જ કે કૃષ્ણમય તેમનાં ચિત્ત હતાં ! ગોકુલવાસીઓની આવી કથા તો પહેલાં થઈ ગઈ છે. સંપૂર્ણ નિરોધલીલા કૃષ્ણે કરી ! છ પ્રકારનો કૃષ્ણમહિમા,- (૧) જે પ્રભુ યદુકુલમાં પ્રકટ થયા, તે પ્રભુસંબંધી તો સર્વ કાંઈ તીર્થથી પણ અધિક પાવક છે. (૨) જેનું ચરણજલ તો ગંગારૂપ થયું. (૩) રાગ-દ્વેષ કરનારા પણ

જેના સંબંધથી, મુક્ત થયા. (૪) શ્રી માટે સૌ મથે, તે તો પ્રભુમાં પરાયણ છે. (૫) જેનું નામ શ્રવણ-કીર્તન - માત્રથી પણ અમંગલને નષ્ટ કરે છે. (૬) જે ભગવાને કરેલી ઋષિ-પરંપરામાં ધર્મ પ્રવર્તમાન છે; કાલરૂપ સુદર્શન-ચક્રને ધરતા, તે ભગવાન્ કૃષ્ણ ભૂભારહરણ કરે, તેમાં આશ્ચર્ય નથી.

ભગવાન્ કૃષ્ણની વ્રજ-મથુરા-દ્વારકા - લીલા આજે પણ છે,- નિત્ય છે ! :

આવા ભગવાન્ અત્યારે પણ સર્વત્ર લીલા કરતા વિરાજે છે ! ભગવાન્ શ્રીશુકે, કૃષ્ણ ભગવાનની તિરોધાનલીલા પછી, કલિયુગમાં ૩૦ વર્ષે, રાજા પરિક્ષિતને કથા સંભળાવતાં, પ્રત્યક્ષ-લીલાદર્શન કરતાં ગાયું,-

जयति जननिवासो देवकीजन्मवादो यदुवरपर्षत्स्वैर्दोर्भिरस्यन्नधर्मम् ।
स्थिरचरवृजिनघ्नः सुस्मितश्रीमुखेनव्रजपुरवनितानां वर्धयन् कामदेवम् ॥ (४८)

ભગવાન્ કૃષ્ણ, લીલાસંબંધી સર્વમાં સર્વોત્કર્ષથી - વિજય પામતા - અત્યારે પણ વિરાજે છે ! ભગવાનની મથુરા, વ્રજ અને દ્વારકાલીલા નિત્ય છે. ભગવાન્ ઈચ્છે તેને અનુભવ આપે છે ! "जयति"; "अस्यन्"; "वर्धयन्"- વર્તમાનસૂચક પ્રયોગો નિત્યતા - નિર્દેશક છે ! આનંદમય કૃષ્ણ સર્વની અંદર સ્વાભાવિક રીતે વસે છે ! દેવકીજીમાં તો જન્મવાદ-માત્ર છે. સર્વદા સર્વત્ર વિરાજતા કૃષ્ણ ત્રણ લીલા નિત્ય કરે છે,- (૧) સ્વસેવકો સાથે યદુવર-સભામાં દોષ રૂપ અધર્મજાત દૈત્યોને, સ્વસામર્થ્યથી સેવકો દ્વારા, દૂર કરતા વિરાજે છે આ સાત્ત્વિક છે. (૨) દ્વારકા સિવાય અન્યત્ર જ્યાં જ્યાં પોતે પધારેલા, ત્યાં પણ, જડ-ચેતનના તન-મનના સર્વદોષો દૂર કરતા વિરાજે છે. ભક્ત બને તો ભગવાન્ બધે મળે ! આ તામસ છે. (૩) સુસ્મિત શ્રીમુખ દ્વારા, પ્રસન્ન પ્રકટ પ્રભુ પ્રિય વ્રજભક્તો-ગોકુલવાસી અને મથુરા, દ્વારકાનાં વનિતાવૃન્દમાં કામદેવનું વર્ધન કરતાં વિવિધવિહારો કરે છે, સ્વસંબંધ માત્રે મોક્ષ દે છે ! પહેલાં પ્રકટ થઈ, તેવી જ લીલાઓ આજે પણ ત્યાં સર્વત્ર છે ! પરમ-સૌંદર્યથી સૌનો કામ વધારતા વિહારરત કૃષ્ણ જ દેવ છે ને ! ભક્તાભિલાષા-ચરિતાનુસારી ભગવાન્ કૃષ્ણની લીલા જ, ચરણસેવાભિલાષી સાંભળે, તો શ્રવણથી સેવા સુલભ થાય ! સ્નેહસભર સેવાથી કૃષ્ણધામ મળે ! ધારાપ્રવાહની જેમ અખંડ શ્રવણ - કીર્તન - ચિંતન થતાં, દુસ્તર કાલવેગથી પર વ્યાપિવૈકુણ્ઠમાં વાસ મળે ! સમ્રાટો પણ સામ્રાજ્ય ત્યજીને જેને માટે વનમાં વસે છે, સામ્રાજ્યમાં જે સુખ-શાંતિ નથી, તે કૃષ્ણલીલાશ્રવણમાં છે ! પ્રભુના પરાક્રમના પરિચયવાળાઓએ કરેલી, કથા કૃતાર્થ કરે છે; પામરોએ કરેલી નહિ ! કૃપાથી કૃતાર્થ કરવા તો, કલ્યાણ-કલ્પતરુ, કલાનિધિ કૃષ્ણ વિહારો કરે છે ! વંદન એ કરુણા-વરુણાલય ભગવાન્ શ્રીકૃષ્ણને !

卐



શ્રીહરિઃ
શ્રીગોપીજનવલ્લભાય નમઃ ॥
विजयते श्रीबालकृष्णः प्रभुः ॥

શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ

એકાદશ-સ્કન્ધ

અધ્યાય : ૧

ભગવાનની મુક્તિલીલા ! જ્ઞાનમાર્ગ તો સગુણ !:
નિર્ગુણ મોક્ષ મળે, - મૂલસ્વરૂપ શ્રીકૃષ્ણની કૃપાથી જ !:

ભગવાન્ શ્રીકૃષ્ણ ભક્તવત્સલ છે. પોતે કૃપા કરી, પ્રકટ થયા, વિવિધ લીલાઓ કરી, ભક્તનો પોતાનામાં નિરોધ કર્યો. દશમ-સ્કન્ધમાં કહેલા નિરોધ વિના સ્વરૂપસ્થિતિ રૂપ મુક્તિ સંભવે નહિ. નિરોધ કારણ છે, મુક્તિ કાર્ય છે. - "मुक्तिर्हित्वाऽन्यथारूपं स्वरूपेण व्यवस्थितिः ।"- આ લક્ષણ છે- મુક્તિનું ! અન્યથારૂપનો ત્યાગ કરીને સ્વરૂપમાં સ્થિતિ,- તે મુક્તિ ! અન્યથારૂપ- તત્ત્વરૂપ ! તેનો પરિત્યાગ કરવાનો ! સ્વરૂપ - એક; અવસ્થા - બે પ્રકારની, (૧) સામાન્ય-દૈવીસંપદ્રૂપા, (૨) વિશેષ - મર્યાદારૂપા અને પુષ્ટિરૂપા ! બંને અવસ્થામાં મુક્તિલક્ષણ એક જ ! વૃત્રાસુર-ચતુઃશ્લોકીમાં અંતે મોક્ષ બે પ્રકારનો કહ્યો છે ને !- પુષ્ટિમર્યાદા અને પુષ્ટિપુષ્ટિ-ભેદથી ! મુક્તિમાં પહેલાં તત્ત્વ-પરિત્યાગ છે. તત્ત્વો-અઠ્ઠાવીસ, સ્વરૂપ-એક, અવસ્થા-બે, મળીને એકત્રીસ; તેથી મુક્તિલીલાના અધ્યાય ૩૧. અહંતા-મમતા, કર્મફલ-ભોગ, જન્મ-મરણ વગેરે દુઃખદ બંધન રૂપ લાગતાં, સૌ તેમાંથી છૂટવા - મુક્ત થવા - સુખ મેળવવા - મથે છે. વિશ્વમાં વિકલ બનેલા લોકો વિવિધ ઉપાયો વિચારે છે. સૌને સફલ- સરલ સંપૂર્ણ માર્ગ મળતો નથી ! સ્વયં ભગવાને તે માટે વેદ પ્રકટ કર્યા છે. તેમાં, દુઃખાભાવ અને સુખલાભ - રૂપ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, ચાર પુરુષાર્થ કહ્યા છે. ભગવત્કૃપાથી સદ્‌બુદ્ધિવાળાને મોક્ષ મેળવવાનું મન થાય. તે યોગ્ય લોકો અર્થથી યજ્ઞાદિ - ધર્મ કરે, અર્થ અને કામ સિદ્ધ થાય, જ્ઞાનથી નિષ્કામને મોક્ષ મળે. પૂર્વકાંડમાં કહેલા યજ્ઞરૂપ ભગવાન્, નિષ્કામ-જ્ઞાનયુક્ત-યથાર્થ યજમાનને કૃપાથી ક્રમમુક્તિ દે છે, અતિકૃપાથી સદ્યોમુક્તિ પણ દે, આત્મસુખ મળે, મોક્ષ દે છે ! નિષ્કામ અજ્ઞાની યાજકને જ્ઞાનયોગ્ય દેહ મળે છે; પણ તેમાં દેશ, કાલ, દ્રવ્ય, કર્તા, મંત્ર અને કર્મ; એ છ શુદ્ધિ અત્યારે મળે ક્યાંથી ? ઉત્તરકાંડમાં જ્ઞાનાત્મા બ્રહ્મ મોક્ષ આપે છે. ધર્મ પુરુષાર્થ ગણાય છે, જ્ઞાન નહિ !

ભારતમાં તો, મંત્રદ્રષ્ટા ઋષિયો અને મનનશીલ મુનિયોએ પણ પ્રભુપ્રેરણાથી મુક્તિના ઉપાયો વિચાર્યા છે. સ્વતઃ મોક્ષપ્રદ ગણ્યાં છે, - સાંખ્ય અને યોગ ! બંનેનું ફલ છે, - સ્વરૂપસ્થિતિ ! "अहंताममतानाशे सर्वथा निरहंकृतौ । स्वरूपस्थो यदा जीवः कृतार्थः स निगद्यते ॥"- અહંતા- મમતાનો નાશ થતાં, "હું કાંઈ જ કરતો નથી !" - તેમ સર્વથા અહંકાર દૂર થતાં, શરીરાભિમાની જીવ, જ્યારે

પોતાના સ્વરૂપમાં રહેલો હોય ત્યારે, તે કૃતાર્થ (મુક્ત) કહેવાય છે ! આપણું સ્થૂલશરીર તો દેખાય છે. લિંગશરીર સૂક્ષ્મ-વાસનામય છે, દેખાતું નથી. "सप्तदशैकं लिंगम्।"- સત્તરતત્ત્વનું એક લિંગશરીર છે,- ૧૧ ઈન્દ્રિય, ૫ તન્માત્રા, ૧ બુદ્ધિ. કર્મભેદથી સૌમાં તે ભિન્ન છે. સૃષ્ટિના આરંભથી લય સુધી રહે છે ! આ બંનેમાં અજ્ઞાનથી "હું છું", - તેમ આપણે માની બેઠા છીએ ! આ બંનેમાં થયેલી અહંતા અને તેના સંબંધથી થયેલી મમતા દૂર થાય, પછી બુદ્ધિમાંના પોતાના પ્રતિબિંબમાં અભિમાન ન રહે, "હું કરું છું - ભોગવું છું !" - એ અહંકાર સંપૂર્ણ, દૂર થતાં, જીવ પોતાના પ્રકાશ-ધર્મમાં સ્થિત થાય, ત્યારે કૃતાર્થ કહેવાય. જીવ પોતાના પ્રકાશરૂપ ધર્મયુક્ત થાય, ત્યારે મુક્ત કહેવાય ! વિસ્મૃતકંઠ-મણિન્યાયે આ સ્વરૂપસ્થિતિ છે ! માયાવાદી પણ આવો મોક્ષ માને છે. આમાં પુનર્જન્મ સંભવે છે. "आरुह्य कृच्छ्रेण परं पदं ततः पतन्त्यधोनादृतयुष्मदङ्घ्रयः ।"- કષ્ટથી ઊંચા સ્થાન મેળવે, પણ કૃષ્ણચરણનું સેવન ન કરે, અનાદર કરે, તેનું પતન થાય,- ગર્ભસ્તુતિમાં કહ્યું છે. આ તો નિરાનન્દ-મોક્ષ છે. પરતઃ મોક્ષ મળે, - વિષ્ણુ અને શિવ દ્વારા ! તેમાં પ્રાયઃ શિવ ભોગપ્રદ, વિષ્ણુ મોક્ષપ્રદ: પણ બ્રહ્મા, વિષ્ણુ-શંકર ત્રણે સગુણ, તેથી આ સગુણ મોક્ષ ! જ્ઞાનમાર્ગ પણ સગુણ ! સત્ત્વગુણથી જ્ઞાન થાય ને! નિર્ગુણમોક્ષ મળે - મૂલસ્વરૂપ શ્રીકૃષ્ણની કૃપાથી જ !

પરમ ફલ તો નિરોધ જ છે, મુક્તિ કે આશ્રય નહિ ! : મુક્તિ અને આશ્રય પ્રત્યાપ્રત્તિ (પૂર્વભાવ-સંપાદન) રૂપ છે ! :

નિષ્કામ-બ્રહ્મજ્ઞાનીને ભગવાન્ ક્યારેક મુક્તિ તો દે, પણ ભક્તિ તો સૌને દે તેવો નિયમ નથી ! ભક્તિ તો પાંચમો પુરુષાર્થ છે. મોક્ષનું પણ ફલ - ભક્તિરસાનુભવ ! તે પુષ્ટિપ્રવેશથી જ સંભવે, મુક્તિથી પણ નહિ ! "एवं मुक्तिफलानियमस्तदवस्थावधृतेस्तदवस्थावधृतेः ।"- સૂત્રમાં વ્યાસજી સ્પષ્ટ કરે છે. સાધનસીમા તો મુક્તિપર્યંત છે, પુરુષોત્તમપ્રાપ્તિ તો માત્ર વરણથી જ સંભવે છે ! ભગવાન્ સાધન કરાવીને કે સ્વતંત્રરીતે પણ તે કરે છે. પ્રભુ જેનું વરણ કરે; તેને સર્વાત્મભાવનું પ્રદાન કરે, - "प्रदानवदेव तदुक्तम् ।"- સૂત્રમાં છે. આ પ્રદાન વરણથી, વરણ અનુગ્રહથી, અનુગ્રહ ઈચ્છાથી થાય છે ! "पुरुषार्थोऽतः शब्दादिति बादरायणः ॥"- કેવલ સર્વાત્મભાવથી જ પુરુષાર્થ સિદ્ધ થાય છે ! "यमेवैष वृणुते तेन लभ्यः ।"- શ્રુતિ સ્પષ્ટ છે. "केवलेन हि भावेन गोप्यो गावः खगाः मृगाः अन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरञ्जसा ॥"- "કેવલ ભાવથી જ ગોપીજન, ગાયો, ખગ (પક્ષીઓ), મૃગ, બીજાં મૂઢબુદ્ધિવાળાં-હાથી, સિદ્ધો સરલતાથી મને પ્રાપ્ત થયાં !" - ભગવાને ઉદ્ધવજીને કહ્યું છે. નિષ્કામતા પણ નકામી છે, - ભગવદ્ભાવ વગર તો ! - "नैष्कर्म्यमप्यच्युतभाववर्जितं न शोभते..।"- તથા "मुक्तोपसृप्यव्यपदेशात् ।"- સૂત્રમાં તો જીવન્મુક્તોને પણ પ્રાપ્ય છે, - પ્રભુ ! મુક્તિ પરમ-પુરુષાર્થ નથી, પ્રભુપ્રાપ્તિ જ પરમ-પુરુષાર્થ છે ! તેથી તો, "ब्रह्मभावात्तु भक्तानां गृह एव विशिष्यते ।"- ભક્તોને તો બ્રહ્મભાવ કરતાં પણ ઘરમાં જ વિશેષતા છે, પુરુષોત્તમની સેવાનો લાભ મળે ને ! કપિલદેવજી કહે છે, - "नैकात्मतां मे स्पृहयन्ति केचिन् मत्पादसेवाभिरता मदीहाः ।"- પરસ્પર સત્સંગરત, ચરણસેવાભિરત, પ્રભુપ્રાપ્તિ માટે જ પ્રયત્નશીલ, કેટલાક ભક્તો સાયુજ્ય પણ ઈચ્છતા નથી ! "तयैव परया निर्वृत्या ह्यपवर्गमात्यन्तिकं परमपुरुषार्थमपि स्वयमासादितं नो एवाद्रियन्ते भगवदीयत्वेनैव परिसमाप्तसर्वार्थाः ।"- સેવાના પરમસુખથી, ભક્તો સ્વયં પ્રાપ્ત થતી, પરમ-પુરુષાર્થ

રૂપ સાયુજ્ય વગેરે મુક્તિનો પણ આદર કરતા નથી, ભગવદીયત્વથી જ તેમના તો સર્વપુરુષાર્થ પરિપૂર્ણ થઈ ગયા છે! મર્યાદા ભક્તોની આ દશા છે, તો તેથી અત્યંત શ્રેષ્ઠ પુષ્ટિભક્તોની તો કથા જ શી ? ! ભક્તિથી શું સુલભ ન થાય ? "**वीक्ष्यालकावृतमुखं....।**"- માં, શ્રીગોપીજનને સાયુજ્ય, સામીપ્ય, સાલોક્ય અને સારૂપ્ય - એ ચારે મુક્તિ, સત્તા અને સંપત્તિની સ્પૃહા પણ ન કરતાં, વિશેષ દર્શનથી દાસ્ય જ સ્વીકાર્યું છે ને! "**सोऽश्नुते सर्वान् कामान् ।**"- શ્રુતિમાં કહેલો, પોતાની ઈચ્છાનુસાર સર્વસુખાનુભવ, રસાત્મક પુરુષોત્તમ સાથે માણ્યો છે, - સૌ વ્રજભક્તોએ! સ્વતંત્ર-શુદ્ધ પુષ્ટિભક્તો છે,- શ્રી ગોપીજન! નિરોધરૂપ મહાફલ મળ્યું છે,- આ બધા ભક્તોને! શાસ્ત્રોક્ત-ભક્તિવાળાઓને પણ તે રસાત્મક- ફલ સુદુર્લભ છે. ભગવાને પ્રદાન કરેલા સર્વાત્મભાવથી જ, સહજ રીતે, દુન્યવી અહંતા-મમતા તો દૂર થઈ જાય છે, વિશ્વના વિસ્મરણ-પૂર્વક કૃષ્ણાસક્તિ થાય છે. તેમને કઈ મુક્તિ બાકી રહે ? અહીં તો જીવના પ્રયત્નથી થતી મુક્તિ નથી. ભગવાનની મુક્તિ લીલા છે, તે તો પૂર્વભાવસંપાદન-રૂપા છે. ફલ તો નિરોધ જ છે, મુક્તિ કે આશ્રય નહિ!

પ્રભુએ લીલા માટે સર્જેલા, પ્રભુમાં જ સ્થિત, મુક્તજીવો ઉપર પરમ અનુગ્રહ કર્યો. નિત્યલીલામાં રહેલા ભક્તોની સાથે તેમને પણ આ રસનો અનુભવ ભગવાને દીધો; પછી પુનઃ તેમને પૂર્વભાવ-સંપાદન કરાવતી આ મુક્તિલીલા છે! લીલા માટે સર્જેલા જીવોની લીલોપયોગિ-રૂપે સ્થિતિ ભગવાન્ કરાવે છે. પ્રભુમાં સ્થિતિરૂપ મુક્તત્વભાવમાંથી મુક્તિ (છુટકારો) - નિત્યલીલાપ્રવેશ, એ આ મુક્તિનો અર્થ છે,- અન્યથારૂપ ત્યજીને સ્વરૂપથી વ્યવસ્થિતિ! "**आभासश्च....।**"- માં કહેલ, જેમાંથી સૃષ્ટિનાં ઉત્પત્તિ, સ્થિતિ-પ્રલય થાય અને જણાય (નિર્ણીત થાય) તે આશ્રય; આધિભૌતિક વગેરે ત્રણ રૂપ જાણનાર - આશ્રય;આવા આશ્રય રૂપ તો ભગવાન્ જ છે. લીલાનુભાવન રૂપ મુક્તિની પછી પુનઃ રસાત્મક ભગવદ્રૂપતા, તે લીલાત્મક આશ્રય - પરબ્રહ્મ રસાત્મક પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણ! આમ, નિરોધ-મુક્તિ અને આશ્રય એ ત્રણે લીલાની સંગતિ છે. નિરોધ- પરમ ફલ રૂપ; મુક્તિ અને આશ્રય- પ્રત્યાપત્તિ રૂપ! સ્કન્ધોના કાર્યકારણભાવ સંબંધે, અહીં નિરુદ્ધ-તામસોની પણ મુક્તિ કહેવી જોઈએ. તામસ-રાજસને એક કોટિમાં ગણ્યા છે; અને વ્યાસજીએ, "**न रोधयति मां योगो..।**"- વગેરે શ્લોકોમાં સ્પષ્ટ આ મુક્તિ વિચારી છે.

દ્વિવિધ મુક્તિ, - જીવમુક્તિ અને ઈશમુક્તિ!:

અહીં, મુક્તિ દ્વિવિધ છે. (૧) જીવમુક્તિ, (૨) ઈશમુક્તિ. જીવમુક્તિ બે પ્રકારની, ત્રીજા સ્કન્ધ વગેરેમાં કહેલી, - સારૂપ્ય, સાલોક્ય, સામીપ્ય અને સાયુજ્ય - આ ચાર પ્રકારની મુક્તિ અહીં કહી નથી! ભક્ત કે ભગવાનની ઈચ્છાનુસાર ફલ મળે ને! સેવાપૂર્ણ ન હોય તેવા લોકો મુક્તિ ઈચ્છે છે. ભક્તો તો મુક્તિ ક્યાં માગે છે ? પ્રભુ આપે તો ઈચ્છતા પણ નથી! - "**अनिच्छतो गतिमण्वीं प्रयुङ्क्ते ।**"- પોતે ન ઈચ્છવા છતાં, પ્રભુ આપે તો, બ્રહ્મભાવ થતાં તે પણ મળે; તેથી આમાં કાંઈ વિરોધ રહેતો નથી! અહીં, જીવમુક્તિ પણ દ્વિવિધ ગણી છે. (૧) બ્રહ્મભાવ - ભગવદ્ધર્મોથી; વિદ્યાનાં પાંચ પર્વથી, અવિદ્યાનાં પાંચ પર્વો દૂર થતાં મળે; તેથી પાંચ તેના અધ્યાય. (૨) કૃષ્ણસાયુજ્ય- ભગવદાજ્ઞાથી; પ્રકૃતિના ત્યાગથી મળે; પ્રાકૃત ૨૪ તત્ત્વોના અતિક્રમથી મળે; તેથી તેના ચોવીસ અધ્યાય. તિરોહિત - અંશનો આવિર્ભાવ થતાં, જડ-જીવના પ્રકટ સચ્ચિદાનન્દપણાથી, બ્રહ્મભાવ થાય.

"धर्मान् भागवतान् ।"- થી "ब्रह्मभूयाय कल्पते ।"- સુધીમાં તે સમજાય છે. બ્રહ્મભાવ થાય જ્ઞાનથી ! આમાં જ્ઞાન દેનારા દશ. નારદજી - નિર્ગુણ અને નવયોગેશ્વરો-સગુણ ! (૧) વૈરાગ્ય, (૨) ભગવદ્ધર્મો, (૩) માયાસ્વરૂપ, માયા તરવાનો ઉપાય, નારાયણ-નિષ્ઠા, કર્મસ્વરૂપ વગેરે સર્વનો નિર્ણય, (૪) સદા કથાશ્રવણ, (૫) પ્રભુપૂજન. જ્ઞાનનાં અંગ રૂપે આ પાંચ પહેલાં કહ્યાં છે. જ્ઞાનથી અવિદ્યા દૂર થતાં ભગવદ્-ભાવરૂપ મુક્તિ થાય. જ્ઞાનથી અહંતા - મમતા જાય. વૈરાગ્ય તેમાં મુખ્ય; તેથી વૈરાગ્ય- પ્રદ મૌસલકથા કહી છે, તે પ્રસંગથી યાદવોને પણ વૈરાગ્ય થાય ને ! નહિ તો આ કથા છઠ્ઠા અધ્યાયમાં દેવસ્તુતિ પહેલાં કે પછી કહેત ! સાયુજ્યકથા "गच्छोद्धव मयादिष्टः ।"- થી - "मामेष्यसि ततः परं....।"- સુધીમાં ભગવાનની આજ્ઞામાં દેખાય છે. સાયુજ્ય સંભવે ભક્તિથી ! તેમાં વક્તા - ભગવાન્. ૧. મૂલરૂપે શ્રીકૃષ્ણ, ૨. અવતાર રૂપે પણ કૃષ્ણ અને હંસ ! બીજા પણ પાંચ વક્તા - ૧. અવધૂત, ૨. હંસ, ૩. ભીષ્મ, ૪. ભિક્ષુ, ૫. પુરુરવા. આ કુલ ૭. છ ગુણ અને ભગવાન્; કુલ સાત, તેથી ષડ્ગુણયુક્ત પૂર્ણ ભગવાન્ શ્રીકૃષ્ણ જ વક્તા છે ! સર્વ જેમાં પ્રતિષ્ઠિત છે, - તેવા મૂલરૂપ, પરબ્રહ્મ, શ્રીકૃષ્ણની ભક્તિથી સાયુજ્ય મળે ! તે ભગવાન્ ચતુર્વ્યૂહયુક્ત પ્રકટ થયા છે. વાસુદેવ, પ્રદ્યુમ્ન, અનિરુદ્ધ અને સંકર્ષણ ! અહીં, જ્ઞાનની મુખ્યતાવાળા સંકર્ષણ-સ્વરૂપે લીલા છે. તે જ્ઞાનપ્રદ છે. વાસુદેવ- મોક્ષપ્રદ, પ્રદ્યુમ્ન-અર્થ અને કામપ્રદ, અનિરુદ્ધ-ધર્મપ્રદ અને જીવશુદ્ધિ માટે કર્મબોધક છે. બ્રહ્મભાવ- પ્રકરણમાં શ્રોતા જનકરાજા સાત્ત્વિક છે. સાયુજ્ય-પ્રકરણમાં શ્રોતા ઉદ્ધવજી રાજસ છે. કૃષ્ણકૃપા જ અધિકાર કે ફલલાભમાં મુખ્ય છે, તેમાં ગુણો વગેરે કાંઈ કરી શકતા નથી ! તે આ ગુણોથી પણ વિપરીત-ગતિથી દેખાય છે ! જીવમુક્તિ આમ ૨૯ અધ્યાયમાં કહી છે.

બ્રહ્મમુક્તિ- પછીના બે અધ્યાયમાં કહી છે. તેમાં નટની જેમ; વ્યૂહસહિતનું જોનાર પ્રાકૃત-લોકોની માયામોહિત-બુદ્ધિથી પ્રાકૃત જેવું લાગતું, મર્ત્યલીલૌપયિક જે રૂપ, ભગવાને ભક્તોરૂપ અંશો સહિત બતાવ્યું હતું, તે દર્શાવવાની ઈચ્છા છોડીને ગુણાતીત વ્રજોદ્ધારક નિત્યલીલારત પોતાના મૂલ-સ્વરૂપ વડે અન્ય સાધન વગર, ઈચ્છામાત્રથી સ્થિતિ, તે બ્રહ્મમુક્તિ કહેવાય છે ! આમાં એક અધ્યાયમાં અંશમુક્તિ કહી છે. યદુમાં પ્રવેશેલા પ્રદ્યુમ્ન-અનિરુદ્ધ-સંકર્ષણાંશ વગેરેના ગુણત્યાગ કહ્યા છે. બીજામાં પરબ્રહ્મ ભગવાન્ કૃષ્ણમાં તો, અવિદ્યા-પ્રકૃતિ વગેરે સંબંધી કોઈ, ત્યાજ્ય છે જ નહિ. માત્ર સ્વેચ્છાથી કે ભક્તિથી પ્રકટ દર્શન દેતું સ્વરૂપ, ભગવાને સ્વેચ્છાથી દર્શન દેતું બંધ કર્યું ! તે નાટ્યમાત્ર છે, આસુર-વ્યામોહલીલા છે ! "अगात्स्वं पदमीश्वरः ।"- અવતાર-પ્રયોજન પૂર્ણ થતાં, સર્વસમર્થ પ્રભુ-સ્વધામ પધાર્યા. સર્વાદૃશ્ય સ્થાન - સ્વધામ ! લૌકિકભૂમિ તો પ્રકટ લીલાના અધિષ્ઠાન (આધાર) માત્રમાં ઉપયોગી, સ્વાભાવિક - લીલાસ્થાન નહિ ! તેથી ભિન્ન-સ્વાભાવિક નિત્યલીલોપયોગી-"સ્વ"ધામ,- નિત્યલીલા ! સૌ લોકોને તેનાં દર્શન ન થાય ને ? અહીં, મમતા અને અહંતાનો નાશ મુક્તિમાં જણાવવા, તેના બે-બે વિભાગ કહ્યા છે. ભગવાન્ તો માત્ર અભિનય કરે છે ! મુક્તિનું બીજ પહેલા અધ્યાયમાં છે. બ્રહ્મમુક્તિ તો ભૂભાર ઉતરી ગયો હોવાથી, સ્વેચ્છાથી છે; અને અંશાદિ-યાદવોની વૈરાગ્યથી છે ! અક્લિષ્ટકર્મા સંકર્ષણરૂપ ભગવાને યાદવોને બ્રાહ્મણ દ્વારા શાપ અપાવ્યો, વૈરાગ્ય થાય ને ! લોકદૃષ્ટિથી પણ કૃષ્ણચરિત સમજાય, માટે રાજાએ પૂછ્યું છે. નિર્દોષ ભગવાને પોતે સર્વસમર્થ હોવા છતાં, શાપને અનુમોદન દીધું, અટકાવ્યો નહિ ! સર્વકર્તા તો કૃષ્ણ જ છે ને !

અવતારદશામાં ભગવાને ભક્તોને સ્વરૂપ દ્વારા કૃતાર્થ કર્યા. અનવતારદશામાં કથાથી પણ સૌને કૃતાર્થ કરે છે!

મુક્તિના અંગરૂપ ભૂ-ભાર-હરણલીલા!:

કંસ વગેરેના વધથી ભગવાને ભૂમિનો ભાર ઉતાર્યો. તે તો નિરોધના અંગરૂપ! અહીં તો ભૂ-ભાર-હરણ મુક્તિના અંગ રૂપ છે! કૌરવનાશ થયો, પરસ્પર-ક્લેશથી! બહાર સમર્થ-સુંદર દેખાવા છતાં, અંદરના દોષ-ક્લેશથી જ નાશ થાય છે. વનનો અગ્નિ વનને બાળે ને! સ્વજનમાં પરસ્પર કલહ અને નાશનાં કારણ ત્રણ, - ૧ કપટ (ધૂત), ૨. અવગણના, ૩. અનાચાર. ભૂભાર હરવા પધારેલા સપરિકર પ્રભુએ આને નિમિત્ત કર્યું! કુટુંબક્લેશે તો કુલનાશ કર્યો! આપણા દેશનો ઈતિહાસ આમાં સાક્ષી છે ને! છે ને અહીં, દશમથી સ્વતંત્રકથા?! આધિદૈવિક રૂપ અસુરોને ભગવાને માર્યા; દુર્યોધન વગેરેનો વધ ભક્તોને સામર્થ્ય દઈને કરાવ્યો! ગીતોપદેશ પણ તેના અંગરૂપે કર્યો, નહિ તો વિશ્વરૂપ બતાવીને યુદ્ધ કરાવે?! જરાસંધ, બાણ, શાલ્વ વગેરેનો સૈન્ય સાથે નાશ, પોતાના! **"गुप्तैः स्वबाहुभिः"**- ગુપ્તબાહુ રૂપ નિત્યલીલોપયોગી, યાદવકુલ દ્વારા કર્યો, - ભૂભાર ગયો, છતાં માયિક યાદવકુલ રૂપે તો તે રહ્યો લાગ્યો! અન્યથી તો તેનો પરાભવ ન થાય, આશ્રિત છે ને! છતાં વૈભવથી ભવબંધ થાય, પ્રાકૃતસંબંધે તો વૈકુણ્ઠમાં ન લઈ જવાય! અંદરના ક્લેશથી તેનું પણ નિવારણ ભગવાને વિચાર્યું! સત્યસંકલ્પ, સર્વ કરવા સમર્થ ઈશ્વર છે આ તો! તેથી તો બ્રાહ્મણશાપને બહાને યદુકુલનાશ થવા દીધો, છતાં ઉદ્ધવજી, વજ્ર વગેરેને તો પોતે રક્ષ્યા છે! ઋષિયોને પણ ગર્વ ન થાય ને! **"सञ्जह्रे स्वकुलं विभुः ।"**- સમર્થ ભગવાને આત્મસૃષ્ટિ-રૂપ કુલને સ્વનિકટમાં લીધું છે! તેનું અવતારકાર્ય તિરોહિત કર્યું, સ્વરૂપ નહિ! **"सञ्जहाराऽऽर्जुनोद्वयम् ।"**- માં નિકટમાં લાવવા રૂપ ઉપસંહાર છે ને! યાદવકુલના ઉપસંહારમાં ક્રૂરતા કે પક્ષપાત નથી. આત્મસૃષ્ટિ લીલા છે ને! નિર્દોષ છે,- ભગવાન્ કૃષ્ણ! **"अस्वकुलं"**- લેતાં, માયિકકુલનો પ્રલય છે! ભગવાને સુંદર સ્વરૂપથી વિવિધ વિહારો કરી, તેના પવિત્ર યશઃથી સૌની કૃતાર્થતા વિચારી. કેવલ કૃષ્ણકીર્તિ પણ કલિમાં કૃતાર્થ કરવા સમર્થ છે! પ્રભુ તો સ્વપદસ્થિત છે. રાજાએ **"कृष्णचेतसां"**- કૃષ્ણૈકતાન યાદવોને શાપનું કારણ પૂછ્યું. આવો ઉલ્લેખ છે,- નિત્યલીલા- સંબંધી યાદવકુલનો! - **"यद् यादवं कुलमहो अविषह्यमास्ते ।"**- તેનો પ્રભાસલીલામાં પ્રભુ લય ઈચ્છે છે. નિત્યલીલા સંબંધિ-યાદવકુલનો નિત્યલીલા પ્રવેશ છે! રાજાના પ્રશ્નના ઉત્તરમાં "બાદરાયણિજી" બોલ્યા, - કઠિન થયા છે ને! મર્યાદાસ્કન્ધમાં તો લૌકિકન્યાયે કહે છે, શ્રોતાપુષ્ટિસ્થ નથીને! **"शापव्याजेन"**- કહ્યા પછી તો, લીલામાં પૂછવાનું ન રહે! મોહકલીલા પણ અસુરાદિ માટે પ્રભુ કરે છે, તે પણ સત્પુરુષોને તો ચિત્તશુદ્ધિ દ્વારા જ્ઞાન દે છે! પરીક્ષિતનો ઉત્તમાધિકાર તો મર્યાદા વિચારે છે, પુષ્ટિપ્રકારે નહિ! કોઈ લૌકિક, હીન, વૈરાગ્ય-કારણ નો આ કથામાં નથી.

ભગવદિચ્છાથી યદુકુમારોને ક્ષમાશીલ ઋષિયોનો કઠિનશાપ!:

પ્રભુ-પ્રેર્યા વિશ્વામિત્ર, નારદ વગેરે ઋષિયો પિણ્ડારકમાં આવ્યા. બ્રાહ્મણ-યાદવ-દેશ-કાલ-સૌમાં સંકર્ષણનો આવેશ છે! રમતા યદુકુમારો ઋષિયો પાસે ગયા. સાંબે સ્ત્રીવેશ ધર્યો! પાર્વતી સહિત મહાદેવજીનો તે અવતાર! ગર્ભિણીનો કર્યો દેખાવ! પૂછ્યું ઋષિયોને, - "આ પ્રસવ કોને

દેશે ?" બાલકોની સ્વલ્પ મશ્કરી ! ક્ષમાશીલ ઋષિયો ! છતાં ભગવાનની ઈચ્છા જાણતાં, ભગવદાવેશે શાપ દીધો ! - "તમારા કુલનાશક મુસલને જન્મ દેશે !" સૌ ખૂબ ગભરાયા. સાંબની નાભિમાંથી લોહમય મુસલ નીકળ્યું ! ચરાચરનો ભોગ કરતા ભગવાનના ભાત ક્ષત્રિય-વિપ્ર ને ! ડાંગર ખાંડે મુસલ ! તે યજ્ઞાયુધ છે. કૃષ્ણને કોઈએ આ પ્રાસંગિક કાંઈ કહ્યું નહિ, રાજસભામાં વિચાર્યું ! મુસલનો ભૂકો કરી દરીએ નાખ્યો, ભરતીમાં પ્રભાસ-કિનારે ચોંટ્યો. સાદડીમાં વપરાતું પોચું, "એરકા" - ઘાસ તેમાંથી થયું ! કકડો વધેલો, મત્સ્યે ગળેલો, નીકળતાં બાણ બન્યું ! કાલકન્યા રૂપ "જરા" ના ભાથામાં આવ્યું ! સંકર્ષણના અંશરૂપ કાલના તે આસનરૂપ ! તેનો આવેશ છે, પછી તો તે માત્ર વ્યાધ છે. સર્વજ્ઞ-સર્વસમર્થ કાલાત્મા કૃષ્ણે તો શાપને અનુમોદન દીધું ! સ્વામીની સંમતિથી સેવકનું કાર્ય સુદૃઢ થાય ને ! વૈરાગ્યનો ઉપાય કર્યો કૃષ્ણે !

અધ્યાય : ૨

કૃષ્ણસેવા માટે નારદજી વારંવાર દ્વારકામાં આવીને રહેતા, દક્ષશાપ તેમને ત્યાં પીડતો નહિ ! ભગવદિચ્છાથી વસુદેવજીએ નારદજીને ભાગવતધર્મો પૂછ્યા ! :

દ્વારકામાં કૃષ્ણસેવા માટે વારંવાર નિષ્પાપ નારદજી આવીને રહેતા, દક્ષનો ભ્રમણશાપ પણ પીડતો નહિ ! સેવામાં સંકટ ઘણાં, અંદરના દોષોરૂપ દૈત્યો અને બાહ્ય-પરિસ્થિતિ રૂપ પાપ પીડ્યા કરે, છતાં શરણાગતિ અને સ્નેહ હોય ત્યાં શાપ કે પાપ શું કરે ? ભગવાનના સેવક યાદવોથી રક્ષાયેલી દ્વારકા ! પ્રભુ પરોક્ષમાં પણ વિરાજે ત્યાં ભક્તને ભય શો ? તેમાં ય આ તો પ્રકટ વિરાજે ! છતાં, તે જ દ્વારકામાં યાદવોને બ્રાહ્મણશાપ લાગ્યો ! ઈચ્છા ભગવાનની, અદ્‌ભુત છે ને ! યાદવોને વૈરાગ્ય દે તેવો શાપ મળ્યો, પણ હૃદયમાં રાગ હોય તો બહારનાં વૈરાગ્યનાં કારણો પણ કાંઈ કરી શકે નહિ ! કલ્યાણ ક્યાંથી થાય ? સુયોગ્ય ગુરુ મળે, શાસ્ત્રના યથાર્થ માર્ગે દોરે, તો મુક્તિ મળે ને ! ગુરુ તો કૃષ્ણ-સેવા-પરાયણ, દંભ વગેરે દોષરહિત, પુરુષ, ભાગવત-તત્ત્વજ્ઞ જોઈએ ! ભગવાનનાં વચન જ ભક્તિમાર્ગમાં શાસ્ત્રરૂપ; શાસ્ત્રાનુકૂલ શરણાગત તેનો અધિકારી. શ્રીગોપીજન વગેરે તો મુખ્ય (પુષ્ટિમાર્ગીય) ભક્તો છે. કેવલ ભાવથી જ તે તો કૃતાર્થ છે. નિરોધરૂપ મહાફલ મળ્યું છે, તેમને બીજાની કાંઈ જરૂર નથી ! તેમને આવો ક્રમ જરૂરી નથી ! અહીં તો તેથી વસુદેવ-ઉદ્ધવજીને શ્રોતા અથવા શિષ્ય ગણ્યા છે. શિષ્યમાંથી શ્રોતા બનાવવાનું સ્વાતંત્ર્ય તો કૃષ્ણકથા-ભાગવતજી-નું ને ! પુરાણ છે ને ! વસુદેવજીને તો ઋષિયોએ યજ્ઞ કરાવ્યા છે, પ્રભુએ અખંડ-બ્રહ્મજ્ઞાન પણ દીધું છે, બ્રહ્મભાવનું વચન દેવા કૃપા કરી છે, છતાં પ્રભુ તો પુત્ર પણ લાગે છે ! સત્યસંકલ્પ પ્રભુએ પુત્રત્વ પ્રકટ કર્યું છે, કપિલની જેમ ગુરુત્વ નહિ ! ગુરુભાવ વિના જ્ઞાન ક્યાંથી ? તે વિના ફલ શું મળે ? જીવન્મુક્ત થયા, પણ ભક્તિ રહી ! આ તો મર્યાદામિશ્ર કૃપા છે ને ! ઉદ્ધવજીને ભગવાને "જ્ઞાનસંદેશ" દીધેલો ખરો, પણ તે તો શ્રીગોપીજન માટે ! અન્ય માટેનો ઉપદેશ અસર કેટલી કરે ? તે તો લૌકિક જેવો થયો, તેથી શરણાગતિ સુદૃઢ થઈ, પણ ફલરૂપ સુદૃઢસ્નેહ-મુક્તિ-બાકી રહ્યાં ને ! વસુદેવ-ઉદ્ધવજી બંનેનો નિરોધ તો કૃષ્ણમાં, પણ વસુદેવમાં પુત્રભાવે મમતા અને ઉદ્ધવજીમાં અહંતા છે ! તે તો પ્રતિબંધ છે. તે દૂર કરવા, બંનેને અહીં ઉપદેશનું પ્રયોજન છે !

નારદજી તો ક્યારેક વૈકુણ્ઠમાં ક્યારેક હૃદયમાં પ્રકટ પ્રભુને સેવે. "**नराणां जीवानां समूहं द्यति खण्डयतीति नारदो ब्रह्मभावप्रापकः ।**"- નારદજી તો બ્રહ્મભાવ પ્રાપ્ત કરાવનારા છે, "પંચરાત્ર" - કર્તા છે. કૃષ્ણસેવા માટે તે દ્વારકા આવ્યા. દેવદુર્લભ છે, - કૃષ્ણસેવા ! મુક્તોને પણ તે મેળવવાનું મન થાય છે ! ઇન્દ્રિયોની સફલતા તો, - મોક્ષપ્રદ, સુખસેવ્ય કૃષ્ણની સેવામાં જ છે, જન્મની કૃતાર્થતા છે ! માત્ર લૌકિક - વૈદિક - કર્તવ્યમાં કૃતાર્થતા નથી ! એક સાત્ત્વિક સમયે નારદજી ભગવદિચ્છાથી કૃષ્ણભવનેથી વસુદેવજીને ત્યાં આવ્યા. શુદ્ધ સત્ત્વાત્મક વસુદેવજીએ પ્રભુપ્રેરણાથી પૂજન - વંદન કર્યાં, યદુકુલશાપ તે જાણે નહિ ! નારદજીને મળતાં હૃદયની વાત કહી, - "ભગવદીયોનું ભ્રમણ તો ભૂતલ પર પ્રાણી-માત્રનું પ્રિય કરવા માટે હોય છે. દેવ તો દુઃખ પણ દે ! સદાચાર અને મર્યાદાના રક્ષક સાધુ તો સારું જ કરે !" (૧) સર્વમૈત્રી, (૨) સર્વહિતપ્રાપ્તિ, (૩) ગોવિંદપ્રાપ્તિ- કરાવતા ગુણો નારદજીમાં છે. પ્રવાહ-મર્યાદાના ભેદે બે પ્રકારના દેવો ! પ્રવાહદેવો વૃષ્ટિ વગેરે કરનારા ! તે દુઃખદ પણ બને ! પ્રવાહદેવો પણ બાહ્યાભ્યન્તર-ભેદે બે પ્રકારના ! સુખ-દુઃખ પણ લૌકિક અને અલૌકિક ! નારદ તો દેવર્ષિ ! દેવના પણ મંત્રદષ્ટા ! મંત્ર તો સહજધર્મને પણ અપેક્ષિત હોય તેટલા અંશમાં પ્રતિબંધ કરે ! જેમ કોઈ મંત્ર અગ્નિનું દાહકત્વ અટકાવે, તાપકત્વ અને પ્રકાશત્વ વગેરે નહિ ! તેમ નારદજીને તો ભગવાને અધિકાર દીધો છે. ક્રમમુક્તિ તેમને છે ! તે દેવર્ષિ છે, પુષ્ટિ-મંત્રદષ્ટા છે, વિભૂતિરૂપ છે. પુષ્ટિમાં તો ગુરુ શ્રીગોપીજન છે ! અચ્યુત તેમના આત્મા રૂપ છે ! મંત્ર ત્રિવિધ - ૧. મર્યાદાસ્થ, ૨. દેવગુહ્ય, ૩. ભગવાનને વશ કરે તેવા, (પ્રભુને પ્રિયજનની વિનંતીરૂપ). ત્રણ દુઃખોને તે દૂર કરે. ૧. મર્યાદા - પ્રાપ્ત, ૨. દેવકૃત અને ૩. ભગવદ્-વિચારિત ! યજ્ઞમાં ભગવાનના અવયવભૂત દેવો પણ કર્માનુકૂલ ફલ આપે છે. સાધુ તો સહજ સ્નેહસભર હોય ! ભક્ત તો ભગવદવતાર જેવા કાર્યસાધક ! પરમભક્તિ માટે વસુદેવજીએ નારદજીને ભાગવતધર્મો પૂછ્યા. તે સાંભળતાં, ઉપાય સમજાતાં; ચિંતા જાય, શાંતિ થાય; શ્રદ્ધાથી સેવન થાય તો સફલ થવાય. સંસારની વિચિત્ર વિપત્તિઓમાંથી છૂટવા વસુદેવજી શિષ્યભાવે પૂછે છે ! સંસારી જેને સુખનાં સાધન સમજે છે, તે પણ દુઃખદ થાય, તે વિચિત્ર જ ને ! પ્રભુ પુત્ર રૂપે પ્રકટ વિરાજે, ત્યાંય વિપત્તિ લાગે ! તો સામાન્ય સંસારીની તો ગતિ કઈ ? છતાં સૌ સંસારમાં જ સુખ શોધતા ફરે છે ને ! મન મનાવવા પૂરતાં ધાર્મિક લાગતાં કામ કોઈક કરે, પણ તેનું ફલ તો સંસારનાં સુખ રૂપે જ ઈચ્છે ને ! કૃપા વગર તો મોક્ષનો વિચાર પણ ન આવે ! આ સાંભળીને પ્રસન્ન નારદજીએ વસુદેવજીને અભિનંદન દીધાં. સર્વશાસ્ત્રાર્થનો સાર છે કે, ભગવન્માર્ગમાં રહીને ભગવદ્ધર્મોનું શ્રવણ-સેવન કરવું આવશ્યક છે ! પ્રકટ છે તેનો પ્રભાવ ! સાંભળતાં જ તે સ્વાન્તઃને સ્વાનુકૂલ બનાવી દે છે. ભગવદ્- ભક્તનો એક પણ ધર્મ, શ્રવણમાત્રથી, લોક-વેદની મર્યાદા તોડનાર, સર્વથા બહિર્મુખ, પ્રાયશ્ચિત્ત કરવા પણ અયોગ્ય, લોકોને પણ તરત પાવન કરે છે.

श्रुतोऽनुपठितो ध्यात आदृतो वानुमोदितः ।
सद्यः पुनाति सद्धर्मो देवविश्वद्रुहोऽपि हि ॥ (१२)

પવિત્રતા તો લોક-વેદમાં દુર્લભ, તેથી ફલ રૂપે કહી છે ! ભક્તોના ધર્મનું કાનથી શ્રવણ, પછી વાણીથી અનુપઠન-કીર્તન, મનથી ધ્યાન, અથવા પ્રેમપૂર્વક આદર, કે માત્સર્ય વગર અનુમોદન પણ કરે તો; દેવ કે દુનિયાનો દ્રોહી પણ પાવન બને ! ભક્તધર્મ આવો દિવ્ય, તો ભગવદ્ધર્મનો તો

મહિમા કેવો ?! ૮૪-૨૫૨ વૈષ્ણવો વગેરે ભક્તોની વાતોનું રોજ સેવન કરવું જોઈએ ને ! પ્રભુસંબંધી પ્રશ્નથી પણ પ્રભુની યાદ દે, તે પૂછનારનો ઉપકાર છે !

નારદજીએ વસુદેવજીના અધિકાર પ્રમાણે નિમિ - યોગેશ્વર-સંવાદ સંભળાવ્યો ! :

દુર્લભ છે- મનુષ્યદેહ, તેમાં પણ દુર્લભ છે- ભગવદીય - દર્શન ! :

નારદજીએ વસુદેવજીના અધિકાર પ્રમાણે કલ્પાન્તરની કથા કહી ! ઋષભદેવજીના મોટા પુત્ર ભરત, તે નારાયણ-પરાયણ ! ભગવદાશ્રિતને અન્યધર્મના આશ્રયની જરૂર ન રહે ! ભગવદ્રૂપ ભરતજીએ બદ્ધ, મુમુક્ષુ અને મુક્તાવસ્થા પ્રકટ બતાવી, ત્રણ જન્મે પ્રભુગતિને પ્રાપ્ત થયા ! ઋષભદેવના નવ પુત્રો જ્ઞાન-ભક્તિવાળા, ભાગવત-ધર્મદેષ્ટાઓ, નવધા- ભક્તિનાં પ્રકટ સ્વરૂપ, નવનિધિ જેવા ! મર્યાદામાર્ગથી સિદ્ધિ મેળવેલા, તે યોગેશ્વરો !

कविर्हरिरन्तरिक्षः प्रबुद्धः पिप्पलायनः ।
आविर्होत्रोऽथ द्रुमिलश्चमसः करभाजनः ॥ (२१)

કવિ, હરિ, અન્તરિક્ષ, પ્રબુદ્ધ, પિપ્પલાયન, આવિર્હોત્ર, દ્રુમિલ, ચમસ અને કરભાજન ! તે સૌ જ્ઞાનથી ભ્રમણરત છે ! ભગવદ્ધર્મના પરસ્પર કથન માટે સાથે છે. બ્રહ્મ-જગત્-જીવ મુખ્યતાથી બ્રહ્મનું નિરૂપણ ત્રણ રીતે છે, આમને જગત્-પ્રાધાન્યજ્ઞાન છે, જગતને જગદીશ રૂપે જુએ છે ! અનન્તમૂર્તિ ભગવાનનું કાર્ય એક, બુદ્ધિથી તે સત્-અસદ્ રૂપ સર્વત્ર ભાસે છે ! આ યોગેશ્વરો વિશ્વથી પોતાને જુદા જોતા નથી ! ભગવદિચ્છાનુસાર ચૌદલોકમાં સુખથી સંચરે છે, - (૧) સુર, (૨) સિદ્ધ, (૩) સાધ્ય, (૪) ગન્ધર્વ, (૫) યક્ષ, (૬) નર, (૭) કિન્નર, (૮) નાગ, (૯) મુનિ, (૧૦) ચારણ, (૧૧) શિવ, (૧૨) વિદ્યાધર, (૧૩) બ્રહ્મ અને (૧૪) ગો ! સિદ્ધિ હોવા છતાં, પ્રસિદ્ધિથી આ તો દૂર રહેનારા યોગેશ્વરો છે, વૈરાગ્યવાળા છે ! સિદ્ધિ-પ્રસિદ્ધિમાં ફસાનારા તો સંસારમાં અનુરાગવાળા યોગસેવકો હશે ! વૈરાગ્ય ત્રિવિધ છે, - (૧) વ્યામોહક-વિષયોનો પરિત્યાગ, (૨) હૃદયમાં ઘૂસેલાં વિષયવાસનાની ઉપેક્ષા, (૩) રાગ ન રહે માટે, અનિષિદ્ધરીતે સુખાદિનો સ્વાનુભવ ! આ યોગેશ્વરો તો ભગવદ્ધર્મ-રસાસક્ત છે, તેથી ત્રીજા પ્રકારના વૈરાગ્યથી સિદ્ધિયો સ્વીકારે છે. નિમિરાજાના સત્રમાં લૌકિક-વૈદિક-ક્રિયારહિત સમયે તે પધાર્યા. "जायन्तेयाः ।"- જયંતીના પુત્રો કહ્યા ! જાહેર-સમારંભમાં ગયા, તે ઉચિત ન કર્યું ને ! ઊભા થઈને સૌએ સન્માન દીધું. પ્રભુ-પરાયણ રાજાએ પ્રસન્નતાથી પૂજન કર્યું. નવમ-સ્કન્ધમાં નિમિષ રૂપ થયેલા નિમિથી આ નિમિ જુદા છે ! નિમિએ સનકાદિને મનથી ગુરુ ગણેલા, તે તો ચારે દુર્લભ- વૈકુણ્ઠસ્થિત ! આ તો નવ મળ્યા ! તે બ્રહ્મજ્ઞાન અને ભગવદ્ધર્મ-જ્ઞાનથી અલૌકિક-તેજઃવાળા છે, વૈષ્ણવ છે, પરમહંસ છે. રાજાએ જાણ્યું. પરિચય તેમનો નહિ, પ્રભુનો પૂછ્યો ! પાવન કરવા પધારેલા, પ્રભુના મુખ્યપાર્ષદ લાગ્યા તે ! ભગવાને મધુ-કૈટભને હયગ્રીવ રૂપે માર્યા. વેદ બ્રહ્માજીને દીધા, પછી વેદરક્ષા પ્રસંગે મહાપુરુષોને આ લાભ લાધેલો ! ભગવાનના સેવકો તો જેને સ્વીકારે, તેને સમાન-સેવક- બનાવે !

दुर्लभो मानुषो देहो देहिनां क्षणभङ्गुरः ।
तत्रापि दुर्लभं मन्ये वैकुण्ठप्रियदर्शनम् ॥ (२९)

દુર્લભ આ મનુષ્યદેહ, છતાં ક્ષણભંગુર! તેમાંય ભગવદીયનાં દર્શન તો દુર્લભ! "वैकुष्ठप्रिय-दर्शनम्"- વૈકુણ્ઠમાંથી ભગવાન્ ભક્તોને સ્વરૂપ અને ધર્મ દઈને ભૂતલે મોકલે, બીજા સેવકો પર કૃપા કરીને પ્રભુ પાસે લાવવાનું કામ તેમનું! પ્રભુ પોતે તે મોકલેલા પ્રિયજનોની પાછા આવવાની રાહ જોયા કરે! ભગવાનને પણ તેમનાં દર્શન પ્રિય લાગે! પોતાના મુખારવિંદ રૂપ શ્રીમહાપ્રભુજીને, શ્રીભાગવતજીના ગૂઢાર્થ પ્રકટ કરવા તથા દૈવીજીવોનો ઉદ્ધાર કરવા માટે, ભગવાને ભૂતલે પધરાવ્યા, પછી પ્રભુએ પ્રતીક્ષા કરી છે ને!

રાજા નિમિએ આત્યન્તિક-ક્ષેમનો ઉપાય પૂછ્યો : ભાગવત-ધર્મો કહેવા વિનંતી કરી :

માનવશરીર ધરતાં આત્યન્તિક-ક્ષેમ (નિત્ય-સત્સંગ)નો ઉપાય રાજાએ પૂછ્યો. મોક્ષ તો તેથી મળવાનો જ ને! સંસારમાં સરતાં અર્ધક્ષણ પણ સત્સંગ તો નિધિરૂપ છે. રાજાએ ભાગવતધર્મો કહેવા વિનંતી કરી, પણ જો પોતે શ્રવણક્ષમ લાગે તો! "यैः प्रसन्नः प्रपन्नाय दास्यत्यात्मानमप्यजः ।"- જે ભક્તધર્મોથી ભગવાન્ પ્રસન્ન થાય, શરણાગતને સ્વરૂપનું પણ સમર્પણ કરી દે; જે ભગવાનને આત્મનિવેદન કરે છે! તેને ભગવાન્ પોતે આત્મનિવેદન કરે છે! "ये यथा मां प्रपद्यन्ते तांस्तथैव भजाम्यहम् ।"- પ્રતિજ્ઞા છે ને પ્રભુની! પ્રભુ પ્રસન્ન થાય તો પવિત્રયશઃ અને ભાગવતધર્મની અનન્ય દૃઢતા માટે ભક્તસંગ પણ આપે છે! "अपि"- સૂચક છે. કુશલ કવિએ રાજાને પ્રથમપ્રશ્નના ઉત્તરમાં, ભક્તિમાર્ગાનુસાર ગોવિંદભજન કહ્યું.

मन्ये कुतश्चिद्भयमच्युतस्य पादाम्बुजोपासनमत्र नित्यम् ।
उद्विग्नबुद्धेरसदात्मभावाद्विश्वात्मना यत्र निवर्तते भीः ॥ (३३)

યોગેશ્વર કવિએ અભયપ્રદ, આત્મપ્રદ, ક્યારેય પતન ન થવા દે તેવા, પ્રભુ પ્રસન્ન થાય તેમ જ સર્વ કાંઈ કરવા રૂપ, ભગવદ્ભજનથી પરમશાંતિ દેતા, ભાગવતધર્મો વર્ણવ્યા! :

અભય માટે અચ્યુતની ચરણસેવા વિના અન્ય કોઈ સરલ અને સફલ ઉપાય નથી! જન્મ-મરણ ન મળે, તે,- જન્મફલ! માનવને સંસારમાં રાગ છે, વૈરાગ્ય નથી; તેથી બુદ્ધિને રહે છે, - ઉદ્વેગ! - ૧. ચંચલતા અને ૨. ભય! તે પણ એક નહિ, અનેક પ્રકારે! તેમાં કારણ છે,- અસદ્-દેહ વગેરેમાં આત્મભાવ. પ્રભુ વગરનું પોતાનું લાગે, તે પીડા જ વધારે! કર્મમાર્ગ તો કર્મફલ રૂપે, સુખ-દુઃખને પરિણામે, કે પુત્રાદિ રૂપે પણ, જન્મ-મરણના પ્રવાહમાં જ ઘસડે! તે રાગી માટે છે. જ્ઞાનમાર્ગમાં તો વૈરાગ્ય વગર અધિકાર જ નથી! જ્ઞાન સૌને સુલભ પણ નથી! મને લાગે છે, ક્યાંક શ્રીજગન્નાથજી, શ્રીનાથજી વગેરે સ્થળોમાં જઈને, મરણ સુધી સેવારત રહેવામાં, ઘર-દેવ-રોગ વગેરેનો કાંઈ ભય ન રહે. કવિએ પોતાનો આ અભિપ્રાય કહ્યો છે. સેવક તો સ્વામીનો સ્વભાવ જાણે! અચ્યુત તો કોઈને ચ્યુત પણ ન થવા દે ને! તેમની સમીપમાં જઈને યોગ્ય રીતે સેવન કરવું, - તે ઉપાસન! માત્ર ધ્યાન વગેરે નહિ, પણ ચરણકમલની ભક્તિ રૂપ તે છે! કમલ તો શીતલતા, સુંદરતા, કોમલતા અને રસયુક્ત હોય. પ્રભુનાં ચરણકમલ-સેવનથી સર્વાત્મપણે સર્વ ભય દૂર થઈ જાય.

ये वै भगवता प्रोक्ता उपाया ह्यात्मलब्धये ।
अञ्जः पुंसामविदुषां विद्धि भागवतान् हि तान् ॥(३४)

ગીતાજીમાં "यत्करोषि.....।"- (૯, ૨૭-૨૮) સર્વકર્મ કૃષ્ણાર્પણ કરવા રૂપ અને "मन्मना भव...।" (૧૮-૬૫); ભગવાનમાં ચિત્ત રાખીને ભગવત્કાર્ય કરવા રૂપ, ભગવદ્ધર્મો ભગવાને કહ્યા છે. પ્રત્યક્ષ-પ્રભુપ્રાપ્તિ તેનું ફલ છે ! "सर्वधर्मान् परित्यज्य"- પણ અન્યપ્રયોજન માટે કહ્યું છે ! જે ધર્મો જ્ઞાની અને અજ્ઞાનીને પણ, સરલતાથી સાક્ષાદ્ ભગવાન્ રૂપ ફલપ્રદ છે; ભગવદ્વિષયક અને ભગવાને કહેલા છે, તે ભાગવતધર્મો છે ! તે છે,- ભગવાનની અનન્ય શરણાગતિ અને સર્વથી અધિક સુદૃઢ સ્નેહ ! બીજું કાંઈ સાધન તેમાં ન જોઈએ ! "नमो नमः"- થી નમન ! તે પ્રત્યેક ઉપાય માર્ગરૂપ છે. સ્વતન્ત્ર ફલરૂપ તે છે ! "युज्यते भगवता अनेन इति योगः।"- જે ઉપાયથી જીવ ભગવાન્ સાથે જોડાય, સંયોગ પામે,- તે યોગ ! કર્મ-જ્ઞાન-ભક્તિ ત્રણે યોગ છે ને ! આવા મુખ્ય-ભગવદ્ધર્મો ભગવન્માર્ગ રૂપ છે. સર્વોત્તમ છે, - આ ભાગવતધર્મો ! તેના આશ્રયે રહેતાં, કાયા-વાણી-મનથી ભગવદીય થતાં, ક્યારેય પ્રમાદ સંભવે નહિ ! પ્રેમ-વિહ્વલતાથી ઉતાવળમાં, ગુરુ કે શાસ્ત્રનું ઉલ્લંઘન થતાં કે સાધનત્યાગ થતાં પણ, તેમાં નિષ્ફલતા કે ફલવિલંબ થાય નહિ; પ્રભુ પ્રસન્નતાથી પ્રાપ્ત થાય !

यानास्थाय नरो राजन् न प्रमाद्येत कर्हिचित् ।
धावन् निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिह ॥ (३५)

પ્રાચીન પ્રસંગ છે. વાઘાજી નામનો એક રજપૂત. લશ્કરમાં નોકરી કરે. પ્રેમથી સેવા ભગવાનની ઘરમાં કરે. તેની સ્ત્રીએ એક વખત પ્રભુને તવાપુરી (વેઢમી) ધરી. તેમાં ઘી ઓછું ! કોમલ કૃષ્ણને ગળે ખૂંચ્યું ! સવારીમાં ગયેલા રજપૂતને તે જણાવ્યું ! પ્રેમવિકલ થયો સૈનિક ! વસ્ત્ર, શસ્ત્ર, જોડા સાથે દોડ્યો. ઘી લીધું. પહોંચ્યો ઘેર. પીરસ્યું પ્રભુને ! દેહદશાનું ભાન નથી. બાહ્યમર્યાદા તો કાંઈ ન રહી ! છતાં પ્રભુ તો પ્રસન્ન થયા છે. પુષ્ટિનો ભાગવતધર્મ છે ! તન્મનસ્ક ભક્ત છે ને !

कायेन वाचा मनसेन्द्रियैर्वा बुद्ध्याऽऽत्मना वानुसृतस्वभावात् ।
करोति यद् यत् सकलं परस्मै नारायणायेति समर्पयेत्तत् ॥ (३६)

દેહ-વાણી-મન-ઈન્દ્રિય-બુદ્ધિ-અંતઃકરણ અને પૂર્વના અનુસૃત-સ્વભાવથી માનવ જે કાંઈ કરે, તે સર્વ કાંઈ ભગવાન્ પુરુષોત્તમને સમર્પણ કરે. પ્રભુને તો ઉત્તમ વસ્તુ અર્પણ થાય. કૃષ્ણ પ્રસન્ન થાય તેવાં જ સર્વોત્તમ કર્મો કરવાં; કૃષ્ણની પ્રસન્નતા માટે જ કરવાં ! સંન્યાસને બદલે, પ્રભુની પ્રસન્નતા માટે આ રીતે પ્રભુને સર્વસમર્પણ કરવું ! સર્વત્યાગ તેમાં સરલતાથી સમાઈ જ ગયો ને ! પ્રભુની પ્રસન્નતા- પ્રાપ્તિ માટે જીવવાનો આ સ્પષ્ટ આદર્શ આપી દીધો. પ્રભુ-પ્રાપ્તિને જીવનધ્યેય બતાવી દીધું, વ્યર્થ આથડવાનું હવે ક્યાં રહે ?! સ્નેહની સ્વાભાવિકતાથી, દેહ-ગેહ (ઘર)-સ્વજન અને જીવનનાં સઘળાં કામ, ભગવાનની સેવાના ભાગ રૂપે જ થાય, સૌનો સંબંધ પણ તે હેતુથી જ થાય કે છોડાય ! પોતાના સ્વભાવ (પ્રકૃતિ)વશ પણ લૌકિક કે વૈદિક કામ પછી તો કાંઈ ન રહે ! મલ-મૂત્રનો ત્યાગ પણ દેહસુખ માટે નહિ; સેવામાં શરીર સ્વસ્થ રહે, તે વિચારે થાય ! ભોજન પણ ભજન માટે થાય ! પુત્રાદિ- પ્રાપ્તિની ઈચ્છા પણ, કૃષ્ણપ્રિય-પુત્રથી સેવામાં સાનુકૂલતા માટે જ હોય ! સૌની સામાન્ય જીવનરીત, હોય તેમ જ રહેવા છતાં, કૃષ્ણસેવાના સંબંધથી, તે બધી ક્રિયાઓ સેવામય બની જાય, કાંઈ કર્મબંધન ન રહે !

અન્યમાં આસક્તિ હોય તો અન્યત્ર આથડવું પડે, માયા-મોહમાંથી છુટાય નહિ. ગીતામાં, "मामेव ये प्रपद्यन्ते मायामेतां तरन्ति ते ।"- સ્પષ્ટ છે. "एव"- "જ"થી તો, કૃષ્ણ સિવાય અન્ય કોઈ દેવ કે સાધનથી માયા તરાય નહિ ! - તે કહ્યું છે. કૃષ્ણશરણે જાય તે માયા તરે ! ભગવાનથી છૂટા પડેલા, માયામાં મોહ પામીને વિમુખ થયેલા, દૂર સંસારમાં સરતા, ભગવાનને ભૂલેલા, ભોગાસક્ત લોકોને અનેક રીતે ભય ભીંસે છે ! "एकया भक्त्या आभजेत्तं....।"- અનન્ય ભક્તિથી સુજ્ઞ લોકો શ્રીકૃષ્ણને સેવે ! "અનન્યતા" તો ગીતામાં ભગવાને પણ અનેક વખત સ્પષ્ટ કહી છે. અનન્યતા વિના ઉદ્ધાર નથી ! ગુરુ, દેવ અને આત્મરૂપ કૃષ્ણ જ છે ! અનન્ય સ્નેહથી સેવતાં કૃષ્ણ શીઘ્ર મળે. "सर्वानर्थमूलं मनः ।"- બધા અનર્થોનું મૂલ છે, - મન ! વાસના વિકલ બનાવે છે. વિવિધ સ્વપ્ન અને મનોરથ, સંકલ્પ-વિકલ્પ, કર્મ તેથી સંભવે છે. "बुधो निरुन्ध्यादभयं ततः स्यात् ।"- આ દોષ સમજનાર સુજ્ઞપુરુષ મનને વશ કરે, તેથી અભય મળે, પ્રભુ પ્રાપ્ત થાય ! વાસના - અવિદ્યા અને સંસારરાગ રૂપ કષાયો (દોષો)ને કાઢી નાખવા માટે, કર્મ - ભક્તિ- જ્ઞાન ત્રણેના અનુકલ્પ (પ્રતિનિધિ) રૂપ ઉપાય કહ્યો, - (૧) કૃપાલુ ભગવાન્ કૃષ્ણનાં લોકમાં ગવાતાં સુભદ્ર-ચરિત સાંભળતાં, (૨) લીલાનુકૂલ નામોનું ગાન કરતાં, (૩-૪) લજ્જા અને સંગ છોડીને, (૫) બધે ફરવું; તેમાં પાંચ, થયાં વ્રત ! "गायन् विलज्जो विचरेदसङ्गः ।"- નારદજીએ ઉપાય કરેલો ને ! વ્રત તો તોડાય નહિ, સૌથી થઈ શકે તેવો સહેલો આ ઉપાય છે ને ! આમ, પ્રિયપ્રભુનાં નામ-કીર્તનથી આઠ ધર્મો તેમાં દેખાય, અષ્ટવિધ પ્રકૃતિનો પરાજય તેથી થાય ! આ પાંચ વ્રતરત ભક્તને- (૧) અનુરાગ થાય, (૨) ચિત્ત દ્રવી જાય, (૩) મોટેથી હસે, (૪) મોટેથી રડે, (૫) બોલે, (૬) ગાય, (૭) ગાંડાની જેમ નાચે, (૮) લોકબાહ્ય થઈ જાય ! આ તો ફલ છે. - "नृत्यति लोकबाह्यः ।"- ક્ષણિક આવેશના ઊભરામાં નાચતાં, ભજનમાં મનોરંજન માણતાં, કામ, ક્રોધ, મોહ વગેરે ભરેલાં, લોકમગ્ન પૂતળાં આ ન હોય ! ભાવમગ્નદશામાં, દેહદશાને ભૂલીને, સ્વતઃ નાચી ઊઠતા, આ તો લોકબાહ્ય ભક્તો હોય ! આમ, લોક-પરિત્યાગ થતાં, જ્ઞાન-ભક્તિ થાય ! આ વિશ્વમાં પ્રાણી-પદાર્થ સૌ ભગવાનનાં શરીરરૂપ લાગે ! "प्रणमेदनन्यः ।"- અનન્ય ભક્ત વંદન તેને કરે ! આદર સૌનો છતાં અનન્યતા તો એકમાં ! આમ, શરણાગતિ કરે તેને,- (૧) પ્રેમલક્ષણાભક્તિ, (૨) ભગવદનુભવ અને (૩) અન્યત્ર વૈરાગ્ય, ત્રણ એકસાથે મળે ! સ્વાદિષ્ટ ઉત્તમ ભોજન કરતાં, કોળીએ કોળીએ સંતોષ (સ્વાદ), પોષણ (સામર્થ્ય) અને ભૂખનાશ, ત્રણે સાથે મળે, તેમ !

इत्यच्युताङ्घ्रिं भजतोऽनुवृत्त्या भक्तिर्विरक्तिर्भगवत्प्रबोधः ।
भवन्ति वै भागवतस्य राजन् ततः परां शान्तिमुपैति साक्षात् ॥ (૪૩)

આમ, અચ્યુત ભગવાનની ચરણસેવા, ભગવાનને સાનુકૂલ થાય તેમ થાય; પોતાને અનુકૂલ આવે તેમ સગવડીઆ રીતે નહિ ! વચ્ચે શ્રીજગન્નાથજી - શ્રીનાથજી વગેરેમાં જઈને સેવાલાભ લેવો. જાણે આ ભજનક્રમના પુનરાવર્તનનું મંગલાચરણ ! આમ કરતાં, ભક્તિ-વૈરાગ્ય અને ભગવજ્જ્ઞાન થાય. ભગવાનના અનન્યભક્ત - ભાગવત - થવાય. ભગવાને સેવા માટે દેહ દીધો હોય, તો પરમશાંતિ નિકટમાં સાક્ષાત્ પ્રાપ્ત થાય ! શાંતિ માનવાની ન રહે, માણવાની મળે ! શુદ્ધ - સત્ત્વ રૂપ, કેવલ બ્રહ્માનન્દાનુભવ સ્થાનમાં સ્વયં પ્રવેશ રૂપ ફલ મળે !

રાજાએ ભગવદ્ભક્તોનાં લક્ષણ વગેરે પૂછતાં યોગેશ્વર હરિએ જ્ઞાન-કર્મ-ભક્તિ-માર્ગીય ભક્તોને ઓળખાવ્યા :-

આ ઉપાય કેવા લોકોને ઉપયોગી ? ઉત્તમભક્તોના સંગમાં ભગવદ્ધર્મો થાય, તો સફલ થવાય. પોતાનું ચિત્ત ન બગડે તેમ, તેમના લૌકિક-વ્યવહારો ન જોતાં, ભજન માટે જ ભક્તસંગ થાય. લોકોની વચમાં રહેતા ભક્તો ઓળખાય કેમ ? તેમનો પ્રભુને પ્રિય થતો વ્યવહાર કેવો હોય ?- રાજાએ પૂછ્યું. આ તો જ્ઞાન, ભક્તિ અને કર્મ, - ત્રણેના અનુકલ્પ-રૂપ ઉપાય કહેલો છે, તેથી ત્રણેમાં ત્રણ પ્રકારના ભક્તો કહેવાના, તેનો હેતુ તથા ભગવાને પોતાને માટે તેમને પ્રકટ કર્યા હોવાથી તેમનું ફલ કહેવાનું, તેથી અગિયાર શ્લોક, હરિ રૂપે અજ્ઞાન હરતા, યોગેશ્વર હરિએ કહ્યા.

(૧) જ્ઞાનમિશ્ર ભક્તમાં ઉત્તમ તો,- જગતમાં સર્વત્ર નિયામક, આત્મારૂપ ષડ્ગુણૈશ્વર્ય-સંપન્ન ભગવદ્રૂપનું દર્શન કરે છે, આત્મારૂપ ભગવાનમાં આશ્રિત સૌને જુએ છે. દૃઢ અદ્વૈત - આત્મજ્ઞાની ઉત્તમ છે. તેને ભજન ફલરૂપ થાય, તેનો સંગ કરનારને ફલમાં ઉપકારક થાય. આવા ભક્તોને પણ ભગવાનનું ચરિત-શ્રવણ આવશ્યક છે ! (૨) ઈશ્વર સાથે સ્નેહ કરે, પ્રભુવશ-ભક્તો સાથે મૈત્રી કરે, બાલિશ-લોકો પર કૃપા કરે, તે મધ્યમ છે. તર-તમ-ભાવ થયો ને ! (૩) (પ્રતિમા કે ચિત્રાદિ)માં જ પ્રભુ છે, તેમ સમજીને શ્રદ્ધાથી સેવે, પણ સર્વત્ર વિરાજતા પ્રભુને સમજે નહિ, ભગવદ્-ભક્તો કે વિપ્ર વગેરેમાં ભાવ રાખે નહિ, તે તો પ્રાકૃત છે.

ભક્તિમિશ્ર ભાગવત(ભક્ત) ઓળખાવે છે. (૧) ઈન્દ્રિયોથી સ્વાભાવિક વિષયોનું ગ્રહણ કરે, છતાં જેને તેનો હર્ષ કે દ્વેષ ન થાય; સર્વવ્યાપક ભગવાનની વ્યાપિકા માયાશક્તિથી સર્વરીતે મોહિત-લોકોને પદાર્થનું વાસ્તવ તત્ત્વજ્ઞાન થતું નથી, - તે જોતાં આશ્ચર્યચકિત થાય, તે ઉત્તમ ભક્ત છે. ભક્તિપૂર્વક તે ઉત્તમ વૈષ્ણવ છે. "**भक्त्या मामभिजानाति ।**"- ભક્તિથી ભગવાનનું અભિજ્ઞાન થાય; તેથી ભક્તિરૂપ અર્થ મુખ્ય થાય, - તે આકાંક્ષા જોઈએ; તેથી અહીં ભક્તિ મુખ્ય હોવા છતાં, જ્ઞાનમિશ્ર ભક્ત પછી ભક્તિમિશ્ર ભક્તનો ક્રમ છે ! દુસ્તર માયાવૈભવનું જ્ઞાન શાસ્ત્રથી થાય, પછી ભગવાનનું સ્મરણ થાય, પછી ભગવદાશ્રય થાય ! આ હીનાધિકાર છે. કેટલાક વિષયોનો ત્યાગ કરે; કેટલાક પરાણે વિષય-પ્રાપ્ત થાય તો નિંદા કરે, આ મધ્યમાધિકાર છે. ભગવાનની શક્તિરૂપ માયાનું જ્ઞાન જેને છે તે ઉત્તમ ! નથી તે અધમ ! આ છે,- જીવપરીક્ષા ! (૨) ભગવાનના સતત સ્મરણથી, જન્મ-મરણ-રૂપ દેહધર્મો, શ્રમાદિ-રૂપ ઈન્દ્રિયધર્મો, ભૂખ-તરસ વગેરે પ્રાણધર્મો, ભય વગેરે મનોધર્મો, તૃષ્ણા વગેરે બુદ્ધિધર્મો વગેરે તથા સંસારના કારણરૂપ મોહકધર્મોથી; જે મોહ પામતો નથી, તેમના પાશમાં ફસાતો નથી, તે ભક્તમાં પ્રધાન છે ! વિષયનો ત્યાગ અને આંતરપીડાનો અભાવ આમાં હોય છે. ભક્તિમાર્ગ ઉત્કૃષ્ટ હોવાથી અહીં વિભાગ નથી; અથવા, આગળ કહેલ મધ્યમ અને આ ઉત્તમ; તમાં મર્યાદા-પુષ્ટિભેદ સમજવો. સતત સ્મરણ શ્રીહરિનું થતાં ભક્તને મોહ વગેરે આપત્તિ ન સંભવે. (૩) જેના મનમાં કામ ઉત્પન્ન થતો જ નથી, કદાચ ઉત્પન્ન થાય તો કર્મ સંભવતું નથી, કદાચ કર્મ કરે તો પણ વાસના સંભવતી નથી, વાસુદેવ ભગવાનના અનન્ય આશ્રયે દૃઢ શરણાગતિથી રહે છે, તે ભાગવત ભક્તોમાં ઉત્તમ છે ! આ ભક્ત મુક્ત છે, પ્રપન્ન છે. આમ પુષ્ટિભક્તિ, મર્યાદાભક્તિ અને પ્રપત્તિ કહી. "**सर्वमाश्रयतो भवेत् ।**"- ભગવદાશ્રયથી તો સર્વ સિદ્ધ થાય. આશ્રિત ભક્ત ઉત્તમ છે.

વૈરાગ્યમિશ્ર ભક્તોને ઓળખાવ્યા. (૧) સત્કુલમાં જન્મથી, ઉત્તમ કર્મથી, બ્રાહ્મણાદિ-વર્ણનાં શમ-દમાદિથી, બ્રહ્મચર્ય વગેરે આશ્રમથી, કે બ્રહ્મણ્ય વગેરે દેવતાથી વ્યક્ત બ્રાહ્મણાદિ-જાતિથી, જેને દેહમાં અહંભાવ (ગર્વ) નથી, તે પ્રભુને પ્રિય છે. (૨) જેને દ્રવ્ય કે દેહમાં, પોતાનું કે પારકું તેવો ભેદ નથી; જે સૌનું કલ્યાણ ઈચ્છનાર દયાળુ, શાન્ત છે, તે ઉત્તમ ભક્ત છે. (૩) અશ્વમેધાદિ-યજ્ઞથી ત્રિભુવન-વૈભવ મળતો હોય, કે મળેલો જતો રહેતો હોય છતાં, અસંયમી અંતઃકરણવાળા દેવોને પણ જે દુર્લભ છે, તે ભગવાનનાં ચરણકમલની સ્મૃતિ જેને અખંડ રહે છે, તે વૈષ્ણવોમાં મુખ્ય છે. નિદ્રાદિમાં તો સહજ વિસ્મરણ સંભવે, પણ બુદ્ધિપૂર્વક ત્યાગ નહિ ! ભગવાન્ ભુલાય તેવું કોઈ કામ ભક્ત ન કરે ! ઉત્તમતાનું અભિમાન, વ્યવહાર-સાધક દ્રવ્ય કે દેહ; અને શાસ્ત્રીય-પુણ્યકર્મનાં ફલની અપેક્ષા પણ ન હોવાથી મુખ્યતા છે ! વૈરાગ્ય ભક્તિનું અંગ હોવાથી, આ ભક્તિમાં ઉપયોગી છે !

મુખ્ય ભાગવતો પ્રેમલક્ષણા ભક્તિવાળા હોય :

ઉરુક્રમ ભગવાનમાં કલ્પતરુ જેવાં અચિન્ત્ય કાર્ય કરનાર ચરણ, તેના ચિંતામણિ જેવા નખ, તેના ચન્દ્રિકા જેવા પ્રકાશથી જે અનન્ય શરણાગતના સકલ સંતાપ શમી ગયા છે, તેના હૃદયમાં પુનઃ તૃષ્ણા, ગુણક્ષોભ, કામ કે સંતાપ વગેરે દોષો સંભવે કઈ રીતે ? આમ, સર્વ છોડીને શરણે ગયેલા ભક્તોને, ચરણસેવનથી તો ગંગાપ્રવાહ શો નિરંતર આનંદપ્રવાહ મળે ! બાકી શું રહે ? ! ભાલે ઊર્ધ્વપુણ્ડ્ર-તિલક પણ ચરણસેવન છે ને ! આ છે, - ભાગવતતત્ત્વનો હેતુ !

विसृजति हृदयं न यस्य साक्षाद्धरिरवशाभिहितोऽप्यघौघनाशः ।
प्रणयरशनया धृताङ्घ्रिपद्मः स भवति भागवतप्रधान उक्तः ॥ (५५)

ફલની મુખ્યતાથી ભક્તલક્ષણ કહે છે. અવશપણે પણ ઉચ્ચારમાત્રથી બોલાવેલ, પાપનાશક, પ્રેમપાશમાં બંધાયેલા ચરણકમલવાળા, સાક્ષાત્ હરિ જેના હૃદયનો ત્યાગ કરતા નથી, તે ભાગવત-પ્રધાન છે ! યશોદાજીએ કમલ-કોમલ કૃષ્ણની કટિએ કઠોર દોરડું બાંધીને દામોદર બનાવ્યા, છતાં તે દૂર તો ખાંડણીઓ ઘસડીને ગયા ! તેથી ભક્તો ચરણકમલને કોમલ પ્રેમપાશમાં બાંધે છે ! પ્રિયપ્રભુ દૂર ન જઈ શકે ને ! શ્રમ પણ ન થાય ને ! સાધનભક્તિ-સહિતની પ્રેમલક્ષણાભક્તિ છે આ ! નારદજીનો સ્વાનુભવ પણ છે ને ! પુષ્પ શા ભાવ-કોમલ, પણ વજ્ર શા કર્તવ્યકઠિન, ભક્તોનું ગાન પુષ્પિતાગ્રામાં છે ને ! પ્રથમ કક્ષાના સર્વોત્તમ-ભક્તોએ આચરવાના ધર્મો આ અધ્યાયમાં કહ્યા છે.

અધ્યાય : ૩

યોગેશ્વર અંતરિક્ષ માયાને ઓળખાવે છે ! :

"माया वेदितुमिच्छामो ।"- રાજાએ પ્રકૃતિથી પર, જગત્કર્તા, મોક્ષદાતા, સર્વનિયામક, ભગવાનની માયા જાણવાની ઈચ્છા કહી. વૈરાગ્ય તેથી થાય ને ! સંસારના સંતાપમાંથી શાંતિ મળે છે, - મહાપુરુષો પાસેથી, હરિકથામૃતનું સેવન કરવાથી ! અંતઃકરણમાં જોનારા, આકાશ જેવા નિર્લેપ, યોગેશ્વર અંતરિક્ષ માયાને ઓળખાવે છે. "માયા" - શબ્દના અનેક અર્થ શાસ્ત્ર તથા લોકમાં પ્રસિદ્ધ છે. (૧) ભગવાનનું સર્વભવન-સામર્થ્ય (સર્વ કાંઈ થઈ શકવાની શક્તિ), અચિન્ત્ય ભગવચ્છક્તિ. (૨) વ્યામોહિકા- સૌ જીવોને બુદ્ધિમોહ કરાવતી, પદાર્થમાં પ્રભુપણાનું ભાન ન થવા દેતી, ભગવાનની

શક્તિ. (૩) ઐન્દ્રજાલિકવિધા-જાદુગરી. (૪) કપટ, બુદ્ધિ દંભ, જ્ઞાન, કૃપા, પ્રકૃતિ, અજા, નિદ્રા વગેરે પણ માયાના અર્થ છે. (૫) વ્યાસજીએ સમાધિમાં જોયેલી, ભગવાનના આશ્રયવાળી શક્તિ-માયા. તે જીવોને બંધન દેતી - અવિધા અને મોક્ષ દેતી - વિધા, બન્નેનું નિર્માણ કરનારી. (૬) ભગવાનને જગત્ કરવામાં કરણ (સાધન) રૂપાશક્તિ. (૭) ભગવાનની સેવા કરતી - દાસીરૂપા. (૮) આસુરજીવોને મોહ કરાવતી - સ્ત્રીરૂપા. (૯) બ્રહ્માનંદરૂપા લક્ષ્મીજી વગેરે રૂપા-વૈષ્ણવીમાયા. (૧૦) યોગમાયા-લીલામાં ઉપયોગિની અંતરંગ - શક્તિ. (૧૧) અહીં, સૃષ્ટિપ્રવાહ - "માયા" - શબ્દથી કહેલો છે. તે ભગવત્કૃત અને ભગવદ્રૂપ છે ! લોકો વિષયોમાંથી મોહ પામે છે. "**दैवी ह्येषा गुणमयी मम माया दुरत्यया ।**"- આ માયાનું સ્વરૂપલક્ષણ છે. સાધિષ્ઠાન-કાર્યની પ્રતીતિ કે અપ્રતીતિ રૂપ કાર્યગોચર-લક્ષણ- "**ऋतेऽर्थं यत्प्रतीयेत...।**"- માં છે.

માયા ભગવાનની શક્તિ છે, ભગવાનને વશ છે ! તેનાં બે કાર્ય - ૧. સુવર્ણવત્-અવિકૃત; સોનું અવિકૃત રહીને અલંકાર રૂપે બને છે. પોતાના સર્વભવન-સામર્થ્યથી બ્રહ્મ પોતે અવિકૃત રહીને, સ્વેચ્છાથી, જગદ્રૂપે પરિણામ પામે છે. ૨. પ્રતિબિંબાદિ-જનનથી વ્યામોહન-જલમાં જેમ પ્રતિબિંબ દેખાય છે. તેમ, માયામાં બ્રહ્મનાં પ્રતિબિંબ દેખાય ! આ પ્રક્રિયા પૌરાણિક છે. શ્રુતિમાં કહેલી નથી. શ્રુતિમાં સૃષ્ટિ રચવામાં માયાને કરણ (સાધન) કહેલી નથી. ક્યાંક ભગવાન્, માયાને સાથે રાખીને ક્રિયા કરે છે. - "**वीर्यं हिरण्मयं देवो मायया व्यसृजत् त्रिधा ।**"- ક્યાંક કરણરૂપ માયા વડે કૃતિ હોય છે. - "**स्थितिसर्गनिरोधेषु गृहीता मायया विभो ।**"- આમ બન્ને પ્રકારે, સચ્ચિદાનન્દના મલરૂપ, સદંશાત્મક- સત્ત્વ; ચિદંશાત્મક-રજ: આનન્દાંશાત્મક-તમ:ની વિવિધ કૃતિમાં કર્તૃત્વ માયાનું હોવા છતાં, ભગવાન્ તેના પ્રયોજક (પ્રેરક) હોવાથી માયા કરણરૂપા જ છે, કર્તા ભગવાન્ છે. માયા તેમને વશ છે ! માયાનાં કાર્ય છે, - આચ્છાદન અને ત્રિવિધવિક્ષેપ ! આમ, ૧. પ્રતિકૃતિનિર્માણ - પ્રતિબિંબાદિનો ભાસ, ૨. આવરણ - મૂલ વસ્તુને ઢાંકવી, ૩. વિક્ષેપ (ભ્રમ); માયાનાં આ ત્રણ કાર્ય છે. નિ:સ્વરૂપ કાર્યનું કે તેની સાથે તેના ધર્મોનું પણ, વાસ્તવ (સત્) હોય તેમ, સ્ફુરણ (ભાસ) જેને લીધે થાય, તે માયા કહેવાય છે. ભગવાને કહેલા ભક્તિ, જ્ઞાન અને કર્મયોગ, આ ત્રણે માર્ગમાં, કાર્યમાં થતી ભગવત્સંબંધ સ્ફૂર્તિ, ભગવાનના સામર્થ્ય-માયા-થી થાય છે. ભગવાન્ જ સર્વરૂપ છે. આ ત્રણ માર્ગથી જુદા માર્ગમાં થતું કાર્ય (સમજ), માયાકૃત હોવાથી મિથ્યા છે ! કેટલાક લોકો પદાર્થ તથા તેની પ્રતીતિને પણ મિથ્યા કહે છે, સૌ માનવને અધ્યાસ છે તેથી ! આ મત આભાસરૂપ છે. વાસ્તવ અને માયિકનો નિર્ણય તો શાસ્ત્રથી થાય છે. (બ્રહ્મ) જ્ઞાન થતાં જેનું સ્ફુરણ થાય, તે રૂપ (પદાર્થ) સત્ય કહેવાય છે. બ્રહ્મજ્ઞો આ વિશ્વને ભગવદ્રૂપે અનુભવે છે ! મૂલરહિતપણાથી અસ્થિર - સ્ફૂર્તિ તે માયા,- મિથ્યા-આભાસ ! "**मायामात्रं तु कार्त्स्न्येन नानाभिव्यक्तरूपत्वात् ।**"- સૂત્રમાં, સ્વપ્નસૃષ્ટિ જ માયામાત્ર છે, સ્વરૂપ અભિવ્યક્ત નથી તેથી ! વિક્ષેપાદિમાં ભગવાન્ પ્રયોજક છે. માયા કર્ત્રી છે. વિશ્વમાં ભગવાન્ જ કર્તા છે. આમ, રૂપભેદે અચિન્ત્ય-સામર્થ્ય તથા વ્યામોહિકાના કાર્યમાં ભગવાન્ જ કર્તા છે ! માયારૂપમાં કાંઇ વાસ્તવમાં અન્ય- પદાર્થ હોતો નથી, વ્યામોહ જ હોય છે ! વિશ્વમાં તો સદ્રૂપ ભગવાન્ જ પરિણામ પામે છે !

સર્વસમર્થ ભગવાને "**स्व**"- જડ-જીવ-રૂપ અવસ્થા સહિત પોતાની; "**मात्रा**"- માત્રાઓની;

"प्रसिद्धये"- પ્રસિદ્ધિ માટે; આ પંચમહાભૂતો વડે ઉચ્ચ-નીચ અનેક રૂપો સર્જ્યાં. આમ, સર્જેલા દેહોમાં પંચમહાભૂત-સહિત પ્રવેશ કરીને, પ્રભુ પોતાને જ અંતઃકરણ અને ઈન્દ્રિયો રૂપે વિભક્ત કરીને વિષયો ભોગવે છે! પોતે પ્રકાશિત કરેલા ગુણોથી વિષયભોગ કરતાં, પ્રભુ (અંશરૂપ-જીવ) પોતે સર્જેલા શરીરને "આત્મા-હું" માનતાં, સ્વરૂપ ભૂલીને, આમાં આસકત થાય છે! પોતે ભગવદંશ રૂપ હોવા છતાં, આ દેહધારી (સંસાર-બદ્ધ) પ્રાકૃત-જીવ થઈને, કર્મેન્દ્રિયોથી વાસનાના નિમિત્તથી કર્મ કરતો, કર્મફલ રૂપે સુખના મોહમાં ક્લેશ મેળવતો, વિવિધ યોનિમાં ભટક્યા કરે છે! પરવેશપણે મહાલય સુધી જન્મ-મરણમાં આથડે છે! આ મહાપ્રલય તો તાત્કાલિક-વિશ્રામમાત્ર છે, આત્યન્તિક- સમાપ્તિ નથી. પ્રલય પછીના સૃષ્ટિના આરંભે કર્મગતિથી પુનઃ આથડવાનું આરંભાય છે! જીવે તો સંપૂર્ણ કર્મ-પ્રલય થઈને મોક્ષ મળે માટે જ યત્ન કરવો! બ્રહ્માજીનું આયુષ્ય-દ્વિપરાર્ધકાલ-પૂર્ણ થતાં કે ભગવદિચ્છાથી, વિશ્વને મળતો આ પ્રલય રૂપ વિરામ છે. તેમાં, પ્રકૃતિ-ગુણના પરિણામ રૂપ સ્થૂલપ્રપંચ (વિસ્તાર)ને, મૂલપ્રકૃતિ(અવ્યક્ત)માં તિરોહિત કરવાનો યત્ન, આદિ-અંત-રહિત, કોઈની વેદના ન જાણતો કાલ કરે છે! કાલથી થતો લય ભગવત્કૃત છે!

ભૂતલ પર ત્યારે સો વર્ષ સુધી જગન્નાશક-અનાવૃષ્ટિ થશે, પ્રલયકાલથી સંવૃદ્ધ પ્રચંડ સૂર્ય ત્રિલોકને તપાવશે. સૃષ્ટિનો તેથી અભાવ થાય. પાતાલના તલેથી સંકર્ષણના મુખનો અગ્નિ, ઊંચી જ્વાલાઓથી સમષ્ટિનો દાહ કરતાં, વાયુથી સર્વત્ર વધશે; પછી સો વર્ષ સુધી, પ્રલય કરનારા (હરનારા) સાંવર્તક-મેઘગણ, હાથીની સૂંઢ જેવી ધારાઓથી વર્ષા કરશે. મેઘ આધિદૈવિક-કાલના આધ્યાત્મિક રૂપ છે! સૂર્ય આધિભૌતિક રૂપ છે! બળેલા છાણા (રાખ)ના ગોળા જેવું (બ્રહ્માંડ) વિરાડ્ તેમાં વિલય પામશે, ત્યારે વિરાડ્પુરુષ (વૈરાજ, અધિકારિપુરુષ) બ્રહ્માંડરૂપ દેહ છોડીને, સૂક્ષ્મ-અવ્યક્ત (બ્રહ્મ)માં પ્રવેશ પામે છે. (વ્યક્ત) કાર્યનો (અવ્યક્ત) કારણમાં પ્રવેશ રૂપ આ પ્રતિસંક્રમ છે! પ્રલયના અનેક પ્રકારમાંનો આ તો એક પ્રકાર છે. આ પછી મહાભૂત-લય થાય છે. પૃથ્વીનો બીજાથી તેને જુદો પાડતો ગુણ ગંધ, તેને વાયુ હરી લે છે; તેથી પૃથ્વી જલરૂપ થઈ જાય છે. જલનો ગુણ રસ, સંવર્તકકાલ (વાયુથી) તેને હરે છે. કાલથી જલ શોષાતાં તેજોરૂપ બને છે. તેજઃનો ગુણ રૂપ, તેને તમઃ હરે છે. તમોગુણનું તામસરૂપ તમઃ છે. અહીં, તે આધિદૈવિક છે! અહીં, આ તમઃ (અંધકાર) સત્યરૂપ છે, માયિક નહિ! પ્રકાશનો અભાવ હોય ત્યાં માયા અંધકાર ઉત્પન્ન કરે છે! આમ, જ્યોતિ વાયુમાં લય પામે છે; પછી દેશ-કાલ રૂપ અવકાશ, વાયુના સ્પર્શગુણને હરે છે; વાયુ નભઃમાં લય પામે છે. કાલાત્મક અવકાશ વડે, આકાશનો ગુણ શબ્દ હરાય છે, તેથી આકાશ આત્મામાં લય પામે છે. કાલથી શબ્દ નષ્ટ થાય છે. નિત્યલયમાં કાલનાશક છે. અવાજ થયા પછી અમુક અંતરે-સમયે સંભળાતો બંધ થાય છે ને! બાકી રહેલાં,-ઈન્દ્રિય, મન, બુદ્ધિ તેમના અધિષ્ઠાતા દેવોસહિત, -અહંકારમાં પ્રવેશે છે. અહંકાર પોતાના ગુણોસહિત આત્મા (જીવ)માં લય પામે છે. આ પ્રાકૃતિક-લય નથી, કેવલ માયાકૃત છે! અહંકાર સુધી જ તેનું બલ (કાર્ય) કહ્યું છે. પુરુષની અને અવ્યક્તની શક્તિનો તેમાં લય કહ્યો નથી! ઉપસંહારમાં "આ ભગવાનની માયા"- કહેલું છે!

અહીં, આરંભ સૃષ્ટિ (ભવ) પ્રવાહથી કર્યો છે, અંતરમાં માયા કહી છે. "માયા" - શબ્દ અનેક અર્થોમાં છે. તે માયાવૈભવ (પ્રભાવ)નું સામર્થ્ય જણાવે છે. અહીં, "માયા" - શબ્દના (૧) માયાશક્તિ

અને (૨) માયાથી ઉત્પન્ન થતા પ્રાવાહિક વિચિત્ર પદાર્થો; એ બંને અર્થ છે. આ માયાનાં ત્રણ મુખ્ય કાર્ય - (૧) જીવોને વ્યામોહ કરાવવો; (૨) વિચિત્ર પ્રાવાહિક પદાર્થો ઉત્પન્ન કરવા; (૩) તે પદાર્થોનો અનુભવ કરાવવો. તેથી અહીં ત્રણે સંપૂર્ણ કહ્યા છે. **"एषा माया भगवतः"** વિશ્વનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરનારી, ત્રિવર્ણ (ગુણ)વાળી, ભગવાનની આ માયાનું વર્ણન કર્યું, - કાર્યલક્ષણથી ! સ્વરૂપતઃ વર્ણન કરવું અશક્ય છે ! આકૃતિથી તે સ્ત્રીરૂપ છે, ભગવાન્ પુરુષ રૂપ છે ! સૌંદર્ય વગેરેથી લોકો માયામાં મોહ પામે છે ને ! મૂલરૂપમાં સ્વાભાવિક-દોષ નથી. મૂલશક્તિ-સ્વરૂપ માયાએ શ્રી-રૂપતાથી રૂપ ધારણ કર્યું. માયાની આકૃતિ સ્ત્રી છે. સ્ત્રી - આનંદરૂપા, માયારૂપા - આનંદરૂપા-સ્ત્રીની આકૃતિ ભગવાનના આનંદ માટે છે ! માયારૂપા સ્ત્રી દૈત્યમોહ માટે છે ! મર્યાદા અને પ્રવાહમાર્ગમાં આ માયાસ્વરૂપ છે. પુષ્ટિમાર્ગમાં તો માયા, સેવા માટે દાસી રૂપે ભગવાનના આશ્રયે રહેલી છે ! શ્રુતિયો **"जय जय जह्यजामजित"**- માં, માયાના નિવારણની વિનંતી પ્રભુને કરે છે. શ્રુતિ જીવને ભગવાનનું જ્ઞાન કરાવે છે. વ્યામોહિકા- માયા જીવને મોહ કરાવે છે. ભગવાને બંનેને આ વિરોધિ-કાર્યનો અધિકાર આપ્યો છે, તેથી સપત્નીની જેમ શ્રુતિયો કહી રહ્યાં છે ! ભગવાનની આજ્ઞાપાલનમાં દોષ નથી. માયાના મોહમાંથી બચાય,- કૃષ્ણકૃપાથી ! કૃપા માયાને કેટલેક અંશે જીવહિતમાં યોજે છે, કેટલાક અંશે માયાને દૂર કરે છે. કૃપા બલથી જીવને આવી પડેલા આવરણ-વિક્ષેપ વગેરે દોષોને દૂર કરવા કોઈક દિવ્યદાન માટે, મર્યાદામાં ભગવદ્રૂપ તામસાદિ-અવસ્થા દૂર થાય, ફલોપકારક સાત્ત્વિક-અવસ્થા પ્રાપ્ત થાય; આમ, શાસ્ત્ર-વ્યવસ્થા છે. સત્ત્વ પણ તે વિષયોમાં પ્રેરે, તેથી પુષ્ટિમાં પ્રભુ સર્વાંશે મુક્તિ માટે વિષયોથી પણ ગુણાતીત બનાવે છે ! ભક્તોની સાત્ત્વિક-રાજસ-તામસ - અવસ્થામાં તે રતિરૂપા છે. ભગવાનમાં યથાધિકાર ઉત્કટ અનુરાગ - તે રતિ છે, આનંદશક્તિરૂપ છે ! પ્રિયત્વ આનંદધર્મ છે ! સૃષ્ટિ દ્વિવિધ છે, - સ્વાર્થ અને પરાર્થ ! આમ, સર્વરસભોક્તા પુરુષોત્તમ ભગવાન્ કૃષ્ણના ભોગની વિચિત્રતા માટે, ભક્તોના તામસ વગેરે ભાવ પણ રતિથી વ્યાપ્ત છે, તપાવેલા લોખંડના ગોળામાં અગ્નિની જેમ ! તેથી ભક્તોના તામસાદિ-ભાવ પણ ભગવાનથી વ્યાપ્ત છે, ભગવદ્રૂપ છે ! તેથી પોતે પ્રકટ કરેલા ભક્તિમાર્ગને શ્રીવલ્લભાચાર્યજી નિર્ગુણભક્તિમાર્ગ કહે છે ! ભગવાન્ નિર્ગુણ (ગુણાતીત) છે ને !

યોગેશ્વર પ્રબુદ્ધે જડબુદ્ધિના લોકો પણ સરલતાથી માયા તરે તેવો ઉપાય બતાવ્યો !:

યોગેશ્વરે વિશેષ-શ્રવણની ઈચ્છા પૂછી. રાજાએ જ્ઞાન-ભક્તિ વગરના, જડબુદ્ધિના, બહિર્મુખ લોકો પણ ભગવાનની દુસ્તર માયાને સરલતાથી તરે, તેવો ઉપાય પૂછ્યો. પોતેય તેવો છે ને ! જડબુદ્ધિને શરણ પણ સૂઝે નહિ ! આ ઉપાય છે, - નારાયણ-પરાયણતા જ ! તે સંભવે, - ભક્તિથી ! તે મળે, - ભગવદ્ધર્મોથી ! તે ભગવચ્છાસ્ત્રમાં સાધન રૂપે કહેલા હોય. તે સંભવે - ગુરુસેવાથી, આ સેવા ગુરુને શરણે જનારને મળે. આવું શરણ આ લોક-પરલોકના ફલભોગના વૈરાગ્ય વિના ન થાય; તત્ત્વગુણ-ગ્રહણ પણ ન સંભવે. તેમાં, ઐહિક-વૈરાગ્ય હોય-સ્ત્રી અને ધન તરફ ! આ વૈરાગ્ય, શાસ્ત્રના વચનમાત્રથી સૌને મળતો નથી, અનુભવ જ બલવાન્ છે ! માયાના વ્યામોહમાંથી જાગ્રત, જ્ઞાનપ્રાપ્ત, પ્રબુદ્ધે પ્રત્યુત્તર દીધો, પહેલાં ઐહિક-વૈરાગ્ય સમજાવ્યો, શાસ્ત્રાનુસાર નિર્ણય કરીને જીવતા લોકો માટે આ ઉપદેશ છે, પ્રવાહમાં ઘસડાતા માત્ર સંસારીઓ માટે નહિ ! ૧. સંસારમાં સરતાં, સુખ મેળવવા માટે

દુઃખી થતાં સ્ત્રીપુરુષોને જોઈને, મોક્ષ મેળવવા ઈચ્છનારે વિચારીને જીવવું. સ્ત્રી અને તેના સંગીઓથી દૂર રહેવું. ૨. ધનપરિત્યાગ. ધન તો પ્રાપ્તિના વિચારથી, ચાલ્યું જતાં સુધી પણ, દુઃખદ જ છે. લોકમાં મૃત્યુ સુલભ; ધન દુર્લભ! "मृत्युस्तु सुलभो लोके दुर्लभं धनमेव हि।"- મમતા કરાવનારાં ચાર, - ૧. ધન, ૨. ઘર, ૩. સ્વજન, ૪. પશુ. ચારે ખૂબ મળે, પણ ટકે કેટલું? તે તો સમયે ચાલ્યાં જનારાં! તેમનાથી પ્રીતિ કે સુખ શું? શ્રીવલ્લભાચાર્યજી તો ધન - ઘર - સંગનો ત્યાગ કરવાની આજ્ઞા કરે છે, તેમ ન બને તો, કૃષ્ણસેવામાં તેમનો વિનિયોગ કરાવવાનો સરલ સન્માર્ગ સમજાવે છે.

હવે, પારલૌકિક વૈરાગ્ય કહે છે. અયથાર્થ-જ્ઞાનથી કર્મ કરતાં મળે, - આ લોકનું સુખ, તેમ અંતે, - પરલોકનું સુખ! તે પણ નશ્વર! પુણ્યભોગના અંતે તો પુનઃ દુઃખ રૂપ જન્માદિ મળે ને! દેવોના સ્વર્ગમાં પણ સ્પર્ધા - અસૂયા તો ખરાં! નિષ્કામભક્તિ સિવાયનાં બધાં ફલ નકામાં! સકામ-કર્મ- સમર્પણ પણ કામનું કેટલું? આ સમજાતાં વૈરાગ્ય થાય, પછી ગુરુને શરણે જવાય. સ્થાનભ્રષ્ટ નિરાધાર કહેવાય; તેમ પ્રભુકૃપા હોવા છતાં, ગુરુરહિત નિરાધાર ગણાય! જેમ ભક્તિ સ્વતંત્ર છે, તેમ ગુરુસેવા પણ સ્વતંત્ર રીતે ફલ દે છે! ઉત્તમ કલ્યાણ જાણવા ઈચ્છનારે, જીવન્મુક્ત, શબ્દબ્રહ્મ-પરબ્રહ્મમાં નિષ્ણાત (શાસ્ત્ર-સેવા-નિપુણ), હૃદયમાં વૈધદીક્ષાની જેમ ભગવજ્જ્ઞાનનું સ્થાપન કરવા સમર્થ, ઈન્દ્રિય-નિગ્રહ-પૂર્વક બ્રહ્મનિષ્ઠ હોય તેવા ગુરુને શરણે જવું. ત્યાગશીલનો ગુરુ વૈરાગ્યશીલ જોઈએ, તેથી તો પરીક્ષિતના ભાગવતવક્તા જ્ઞાનસ્થ શ્રીશુકદેવજી છે. ભક્તિસ્થ નારદજી અને વ્યાસજી સભામાં હોવા છતાં વક્તા નથી! સપ્તમ-સ્કન્ધ તથા અહીં, કૃષ્ણદર્શન-લાલસ હોવાથી નારદજી વક્તા છે. ગુરુ અજ્ઞાન દૂર કરે, જ્ઞાન દે! ગુરુકૃપા વિના જ્ઞાન ફલિત ન થાય! કપટ વગર અનુકૂલ થતાં, ગુરુપ્રભુ-સંતુષ્ટ થાય. તો, ૧. સંસારપ્રવાહમાંથી બહાર કાઢે, ૨. કર્મ, અને ૩. જ્ઞાનમાર્ગમાં પ્રવેશ કરાવે, ૪. ભાગવતધર્મોનું હૃદયમાં સ્થાપન કરે. આ ક્રમે સંસારશ્રમ દૂર થાય. ૧. મન જ માનવને મૂંઝવે છે. બધેથી મનને પાછું ખેંચી લેવું. ૨. ભગવાન્ માટે જ સત્સંગ કરવો. ૩. દુઃખી - હીન ઉપર દયા રાખવી, કલ્યાણ ઈચ્છવું. ૪. સમાન સાથે સ્નેહ રાખવો. ૫. ઉત્તમ પ્રત્યે આદર રાખવો. ૬. પ્રાણીમાત્ર તરફ દેશકાલાનુસાર યથોચિત વ્યવહાર રાખવો. ભવપ્રવાહમાંથી શાંતિના આ છે,- છ ઉપાય!

ત્રિવિધ કર્મ - ૧. કાયિક, ૨. વાચિક, ૩. માનસિક. કર્મ-માર્ગાનુકૂલ થવા માટે, તે ત્રણેની ક્રમશઃ, (૧) પવિત્રતા - ૧. માટી વગેરેથી, ૨. વૃથાવાતોનો ત્યાગ - મનન, ૩. કામજય (બ્રહ્મચર્ય); (૨) તપઃ - ૧. કૃચ્છ્ર-ચાન્દ્રાયણ વગેરે, ૨. વેદ - સ્વધર્મગ્રંથોનો અભ્યાસ, ૩. ક્રોધજય (અહિંસા); (૩) તિતિક્ષા - ૧. ઠંડી, તાપ વગેરે દુઃખ સહન કરવાં, ૨. કપટ વગર સર્વત્ર (સત્ય) પ્રિય બોલવું - સરલતા, ૩. વિષમતા - પક્ષપાત ન રાખવો, સમાનતા, સુખ-દુઃખાદિ - દ્વન્દ્વો સહન કરવાં. જ્ઞાનમાર્ગમાં ચાર સાધન. ૧.સંગનો અભાવ, ૨. ગૃહનો અભાવ, ૩. વસ્ત્રસંયમ, ૪. ભોજનસંયમ. સર્વત્ર આત્મા - ઈશ્વરનો ઐક્ય - વિચાર કરવો, મળે તેમાં સંતોષ રાખવો, સાત શ્લોકમાં ભક્તિમાર્ગ કહ્યો છે. છ ગુણ અને ભગવાન્, સાત ને! આદિ - અંતમાં નિર્દોષતા અને ફલ; વચ્ચે, - (૧) પરિચિત-ધર્મો, (૨) પરિચય, (૩) સેવક બનાવે તેવા ધર્મો, (૪) સેવકની સમાનતા; (૫) ઉત્તમસાધન, - આ પાંચ તેમાં છે. ભક્તિમાર્ગમાં પ્રવેશનાં સાધન પહેલા ગણાવ્યાં, - (૧) પ્રમાણ રૂપ શ્રીભાગવત - શાસ્ત્રમાં દૃઢ શ્રદ્ધા,

યુક્તિથી સ્વીકાર નહિ. (૨) કોઈની નિંદા ન કરવી, બીજા કોઈની યાદ ન આવે ને ! (૩) મન, વાણી અને કાયાની પ્રભુપરાયણતા માટે તેના દંડ, - ઈચ્છાનો અભાવ, મૌન અને સંયમ વગેરે. (૪) મન, વાણી અને કાયાના ગુણ - શમ (ભગવન્નિષ્ઠ-બુદ્ધિ) સત્ય; દમ (ઈન્દ્રિય-નિગ્રહ). સત્ય તો ભગવન્માર્ગમાં શ્રેષ્ઠસાધન છે. આટલાથી ભક્તિમાર્ગમાં પ્રવેશ મળે, પછી ભક્તિમાર્ગમાં આચરવાનાં સાધન, - (૧) અન્યમાર્ગમાં પ્રવેશ ન થાય માટે, શુદ્ધ-અદ્‌ભુત-લીલા કરતા કૃષ્ણનાં જન્મ, કર્મ અને ગુણોનું શ્રવણ; (૨) કીર્તન; (૩) ધ્યાન (સ્મરણ); ભગવાનની જેમ તેમનાં શ્રવણાદિ પણ મુક્તિપ્રદ છે. આ ત્રણથી પ્રભુમાં પ્રીતિ થાય; પછી રીતિ સેવાની સ્વતઃ સંભવે; (૪) "तदर्थेऽखिलचेष्टितम्"- કૃષ્ણ-પ્રસન્નતા અથવા શ્રવણ-કીર્તન-સ્મરણ માટે જ સર્વકામના અને ક્રિયા, સર્વેન્દ્રિયનો વિનિયોગ આ માટે જ કરતાં શીખવો; (૫) આ પછી કેટલોક સમય સેવાથી, ગુરુ અને ભક્તિમાર્ગનો પરિચય થતાં, તે દ્વારા ભગવાનને આત્મસમર્પણ કરવું.

इष्टं दत्तं तपो जप्तं वृत्तं यच्चात्मनः प्रियम् ।
दारान् सुतान् गृहान् प्राणान् यत् परस्मै निवेदनम् ॥ (२८)

યજ્ઞ, (અભય વગેરે સર્વ) દાન, જપ, સદાચાર, પોતાને જે કાંઈ પ્રિય હોય તે સર્વ, પત્ની, પુત્ર, ઘર, પ્રાણ - આ જે કાંઈ પોતાનાં માનેલાં હોય તે - સર્વપરિકરનું નિવેદન ભગવાન્ કૃષ્ણને કરવું; (૬) આમ, વિધાનપૂર્વક આત્મનિવેદન કરીને ભગવદીયોના સંગમાં સેવા કરવી.

एवं कृष्णात्मनाथेषु मनुष्येषु च सौहृदम् ।
परिचर्यां चोभयत्र महत्सु नृषु साधुषु ॥ (२९)

(૭) જેમને કૃષ્ણ પોતાના અસાધારણ સ્વામી હોવાનું અભિમાન છે, ભગવાન્ કૃષ્ણને જે પોતાના એકમાત્ર નાથ (સ્વામી) ગણે છે, તેવા દૃઢ અનન્યાશ્રયવાળા ભગવદીયોમાં સ્નેહ કરવો. ભગવાનના દાસ હોવાનું અભિમાન તો પરમ-સૌભાગ્ય છે ! સંત તુલસીદાસજી મર્યાદા-પુરુષોત્તમ રામના અનન્યભક્ત, "अस अभिमान जाई जनि मोरा । मैं सेवक रघुपति पति मोरा ॥"- ગાય છે ને ! તે તો જન્માન્તરે પુષ્ટિમાં આવ્યા, છતાં નામે તો "રામદાસ" રહ્યા ! તુલસીદાસજીના ભાઈ નંદદાસજી, અષ્ટ-સખામાંના એક, પુષ્ટિ - પુરુષોત્તમ ભગવાન્ કૃષ્ણના અનન્યભક્ત. તુલસીદાસજી તેમને રામભક્તિ કરવા સમજાવવા આવ્યા, - કહી દીધું કૃષ્ણભક્તે, - "कृष्णनाम जबतें मैं श्रवण सुन्यो री आली, भूलीरी भवन हो तो बावरी भईरी । भरभर आवे नैना, चित्त हूँ न परै चैना, मुख हूँ न आवे बैना, तनकी दशा कछु और भईरी ॥ जेतेक नेम धर्म व्रत कीने री मैं बहुबिध, अंगो अंग भई हौं तो श्रवण भईरी । नन्ददास प्रभु जाके श्रवण सुने यह गति, माधुरी मुरत के धौं कैसी दईरी ॥"- આ પદ સંભળાવીને તેમણે તુલસીજીને મૌન કરી દીધેલા ! "मनुष्येषु"- પોતે રાજા હોય કે રંક; પણ છે તો માનવને ! તેમાંય આ તો કૃષ્ણના સૌ સેવક ! - કૃષ્ણરૂપ ! - કૃષ્ણથી પણ અધિક ! "राम ते अधिक रामकर दासा ।" તુલસીજી ગાય છે ને ! આ દૃષ્ટિએ અભિમાન વગર, દીનભાવે ભગવદીયો સાથે સ્નેહ થાય "अक्षण्वन्तः कर्णवन्तः सखायः ।"- શ્રુતિ છે. સમાનદર્શન - સમાનશ્રવણ સખ્યપ્રદ છે ને ! શ્લોકમાંના "च"કારથી તો, ભગવદીય પશુ વગેરેમાં પણ તેવો ભાવ રખાય. ૮. "परिचर्या उभयत्र"- ભગવાન્ અને ભગવદીય બંનેની સેવા કરવાની, - શિખવાની! "महत्सु नृषु"- મહાપુરુષોની સેવા

કહી છે, સ્ત્રી-પશુ-હીન- વગેરેની નહિ; સંપ્રદાય અને સદાચારની સુરક્ષા માટે આ આવશ્યક છે. "साधुषु"- દંભરહિત, સદાચાર-સંપન્ન, સંપ્રદાયાનુકૂલ, ભાગવત-ધર્મરત, કૃષ્ણસેવા-પરાયણ, સાનુભવવાળા, પુરુષનું જ ગુરુ-રૂપે સેવન થાય. (૮) ભગવદીયો પરસ્પર ભગવાનનાં પાવન યશોગાન-લીલાવાર્તા કરતા હોય, તે સાંભળવા તો સ્વયં પ્રભુ પ્રસન્નતાથી પધારે છે. આનાથી પરસ્પર,- ૧. પ્રીતિ, ૨. સંતોષ અને ૩. પરમ સુખનો અનુભવ થાય. સાધન હોવા છતાં ફલરૂપ છે, - આ ત્રણે ભાવ ! આનું પુનરાવર્તનશીખવું, - કરવું. (૯) કોઈ વખત જીવન-વ્યવહારવશાત્ ચિત્ત બીજે જાય, તો પરસ્પર ભગવત્સ્મરણથી ભગવદીયો ભગવાનમાં ચિત્ત દોરીને, દોષો દૂર કરી દે, - "स्मरन्तः स्मारयन्तश्च मिथोऽघौघ हरं हरिम् ।"- વૈષ્ણવો મળે ત્યારે, પરસ્પર "જય શ્રીકૃષ્ણ !" કરે છે ને ! તેનો પણ આવો આશય છે. બીજા ભક્તો, "રામ-રામ" વગેરે કરે છે. ભગવાન્ ભુલાય તો ભય-દોષ-આસુરભાવ-અંતરમાં ભરાય. સ્મરણથી પ્રભુ યાદ આવે, ત્યાર પહેલાં તો પાપપુંજ દૂર થઈ જાય છે !

(૧૦) નિરંતર પ્રેમથી શ્રવણ-કીર્તન-સ્મરણ થતાં, પ્રગાઢપ્રેમ પ્રભુમાં થાય છે. રોમરોમમાં ભક્તિરસ રેલાઈ રહે છે. "भक्त्या संजातया भक्त्या बिभ्रत्युत्पुलकां तनुम् ।"- શાસ્ત્રવિહિત-શ્રવણાદિ-ભક્તિથી પ્રેમલક્ષણાભક્તિ પ્રાપ્ત થાય છે. શ્રીભાગવતજીમાં ભક્તિના કેટલાક વિશિષ્ટ સંબંધો દેખાય છે. ૧. કૃષ્ણ ભગવાનની પ્રિયા, જ્ઞાનવૈરાગ્યની માતા ભક્તિ - "वासुदेवे भगवति भक्तियोगः ।" ૨. જ્ઞાનની પુત્રી ભક્તિ - "माहात्म्यज्ञानपूर्वस्तु....।" ૩. ભક્તિની પુત્રી ભક્તિ "भक्त्या संजातया भक्त्या ।" ૪. સ્વતંત્ર-નિરપેક્ષ-ભક્તિ. બધા ભક્તોની ભક્તિનાં સ્વરૂપ જુદાં, તેથી તો તેમની કથા જુદા જુદા સ્કન્ધમાં છે. "उत्पन्ना द्रविडे देशे ।"- માહાત્મ્યમાં છે; અને "भक्ति गोकुलतें प्रकट भई ।"- ભક્તો ગાય છે. (૧૧) શરીરમાં રેલાઈ રહેલા ભક્તિરસથીપૂર્ણ ભક્તો, ક્યારેક મત્તાવસ્થામાં હોય તેમ, ભેદ જતાં, - પ્રભુને શોધતાં રડે છે; પ્રભુસ્ફૂર્તિ થતાં હસે છે, પ્રભુ વશ થયા સમજીને અભિનંદે છે, કાંઈક બોલે છે, લોકપ્રવાહથી પર-અલૌકિક- આ ભક્તો છે, નાચેછે, ગાય છે, ભગવાનનું અનુકરણ કરે છે ! પરમ-રસાનુભવમગ્ન, - મૌન, થઈ જાય છે ! (૧૨) આમ, ભાગવત-ધર્મ શીખતાં, તેનાથી થયેલી ભક્તિ દ્વારા ભગવત્પરાયણ બને, તેને માયા પોતાના સ્વામી ભગવાન્ પાસે લઈ જાય છે ! "नारायणपरो मायामञ्जस्तरति दुस्तराम् ।"- શરણાગતિ અને સ્નેહથી કૃષ્ણ-પરાયણ ભક્ત, માયાને સરલતાથી તરી જાય છે !

યોગેશ્વર પિપ્પલાયને નારાયણ (પરબ્રહ્મ)ની નિષ્ઠા (નિત્યસ્થિતિ) વર્ણવી :

"નારાયણ" - નામે ઓળખાતા, પરબ્રહ્મ પરમાત્માની નિષ્ઠા (પરાકાષ્ઠા - પરમ નિત્ય-સ્થિતિ) રાજાએ પૂછી. પિપ્પલસેવી, સંયમશીલ પિપ્પલાયને છ શ્લોકમાં ઉત્તર દીધો, ભગવત્ત્વ કહ્યું. જગત્ (પ્રવાહ અને ભક્તિમાર્ગ)નાં ઉત્પત્તિ, સ્થિતિ, લયના પરમકર્તા, સર્વનું મૂલકારણ, ભગવાન્ છે. તે જીવોની સ્વપ્ન-જાગ્રત-સુષુપ્તિ અવસ્થામાં સાક્ષી (અંતર્યામી) રૂપે છે, સમાધિ અને મોક્ષમાં સુખરૂપ અનુભવ દે છે, સર્વવ્યાપક છે. જીવોના દેહ-ઈન્દ્રિય, પ્રાણ, અંતઃકરણને ચૈતન્ય દઈ, ક્રિયામાં પ્રવૃત્ત તે કરે છે. આ ભગવાન્ "પર" સર્વોત્કૃષ્ટ છે. ત્રણ રીતે તે બતાવ્યું. "પર" - ના ત્રણ અર્થ,- (૧) સર્વકર્તા અને કારણ રૂપે - ઉત્કૃષ્ટતા, (૨) સાક્ષી અને અનુભૂય રૂપે-ભિન્નતા, (૩) દેહાદિના પ્રવર્તક રૂપે - સર્વનિયામકતા. ભક્તિમાર્ગમાં તો, "यस्यात्मा शरीरं ।"- શ્રુતિ પ્રમાણે, ભગવાન્ જ જીવના નિયામક

છે. "परात्तु तच्छ्रुतेः ।"- સૂત્ર પ્રમાણે જીવનું, કર્તૃત્વ વગેરે ભગવદાધીન છે. પ્રવાહમાં, પ્રકૃતિથી પ્રકૃતિમાં જ ઉત્પત્તિ વગેરે છે, તેમ ભક્તિમાર્ગમાં પોતાનાથી પોતાનામાં જ સર્વ કાંઈ ભગવાન્ કરે છે ! આ વિલક્ષણતા છે. આત્મનિવેદન કરનાર ભક્તોની કૃતાર્થતા થાય તેમ, દેહાદિનો વિનિયોગ ભગવાન્ પોતે કરાવે છે ! સમસ્ત લૌકિકકર્મો છોડનાર, નિવેદિતાત્મ-ભક્તનું સર્વ કાંઈ ભગવાન્ કરે છે ! આ સ્વરૂપથી "પરત્વ" છે. આ ધર્મી પર-સ્વરૂપનું યથાર્થ, સંપૂર્ણ, નિશ્ચિત - જ્ઞાન અશક્ય છે. વેદના શબ્દો પણ, "ઈદમિત્થતયા" - (આ આવું છે તેમ) સ્પષ્ટ રીતે સમજાવી શકતા નથી, સંભાવનાથી વર્ણન કરે છે, સર્વાંશે નહિ ! શબ્દો તો માત્ર પ્રવૃત્તિ કરે છે ! ભગવાનનું જ્ઞાન તો તેમની ઈચ્છા કે કૃપાથી સંભવે છે, પ્રાકૃત-ઈન્દ્રિયો કે સાધનબલથી નહિ ! "कश्चिद्धीरः....।"- શ્રુતિ છે ને ! "पराञ्चि खानि...।" "यतो वाचो निवर्तन्ते...।" "नायमात्मा...।"- શ્રુતિ સ્પષ્ટ છે. અગ્નિજ્વાલા પાછી અગ્નિમાં પ્રવેશે કઈ રીતે ? વેદ પણ બોધકનો નિષેધ કરીને, અર્થવશાત્ કહી શકાય તેટલું નિરૂપણ કરે છે ! તે મૂલરૂપ સિવાય નિષેધવાક્યો ચરિતાર્થ ન થાય ને !

જ્ઞાનમાર્ગાનુસાર, શશ્વત્ સર્વત્ર બ્રહ્મભાનાનુસંધાન તે બ્રહ્મનિષ્ઠા છે. ૧. ત્રિગુણાત્મિકા-પ્રકૃતિને કાર્યમાં પ્રવૃત્ત કરવી, ૨. ક્રિયા - જ્ઞાન અને અહંકાર રૂપ ત્રિવિધ જીવોપાધિ (જીવને ક્રિયા-જ્ઞાન-શક્તિ દેવાં); આ બે કાર્ય; તથા ૧. ક્રિયા, ૨. જ્ઞાન, ૩. (ઇન્દ્રિય) વિષય, ૪. (સ્વર્ગાદિ) ફલ, એ ચાર પ્રકારે, અને સદસત્ (ઉચ્ચ-નીચ) તથા તેથી પર (નિયામક) રૂપે પણ અનંતશક્તિવાળું પરબ્રહ્મ જ પ્રકાશે છે ! સર્વત્ર સર્વદા નામરૂપનો જે પ્રકાશ થાય છે, તેનું મૂલ બ્રહ્મ છે, માયા નહિ ! માયા અસત્ હોવાથી તેમનું ભાન સંભવે નહિ. સ્મૃતિમાર્ગે પરમાત્મ-નિષ્ઠામાં, આત્મ-પરમાત્મ-ભેદ નથી. આત્માનું કાલાદિથી અનભિભૂત રૂપ પરમાત્મા છે ! અંતઃકરણમાં સ્ફુરણ તેની નિષ્ઠા છે. આત્મા જન્માદિ- રહિત છે, નિત્ય છે, દેહની અવસ્થાનો દ્રષ્ટા છે, વ્યાપક છે, વિકારરહિત છે, - પ્રાણ કે સત્ પદાર્થની જેમ ! સુવર્ણ રૂપ સત્પદાર્થ, જ્ઞાન-ક્રિયાશક્તિથી તેના અલંકાર રૂપે વિવિધ આકાર-વિકાર થાય; છતાં સત્પદાર્થ સુવર્ણ રૂપે સર્વદા એકરૂપ રહે છે, તેમ પરમાત્માને વાણીથી અનેક રૂપે કહેવા છતાં, મૂલ રૂપે તે એક જ છે, જ્ઞાનસ્વરૂપ છે ! અંડજ (પક્ષી), જરાયુજ (પ્રાણીઓ), ઉદ્ભિજ્જ (વનસ્પતિ) અને સ્વેદજ (અનિશ્ચિત-માંકડ વગેરે) - શરીરોમાં ઈન્દ્રિયોને ગ્રહણ કરીને, જીવ પ્રવેશ કરે છે; ત્યારે પ્રાણ ત્યાં ત્યાં પાછળ દોડે છે. સ્વપ્ન અને જાગ્રત અવસ્થામાં દેહાધ્યાસથી આત્માનો અનુભવ થતો નથી. સુષુપ્તિમાં ઈન્દ્રિય અને અહંકાર શાંત થતાં, કૂટસ્થ (નિર્લેપ) આત્મા, નિર્વિકાર રૂપે સ્થિતિ કરે છે; તેથી તો જાગ્યા પછી, - "હું સુખે સૂતો હતો, મેં કાંઈ જાણ્યું નહિ !" - એવું અનુસ્મરણ થાય છે. આ જ આત્માના અસ્તિત્વમાં પ્રમાણ છે.

यर्ह्यब्जनाभचरणैषणयोरुभक्त्या चेतोमलानि विधमेद् गुणकर्मजानि ।
तस्मिन् विशुद्ध उपलभ्यत आत्मतत्त्वं साक्षाद् यथामलदृशोः सवितुःप्रकाशः।। (૪૦)

ભક્તિમાર્ગાનુસાર, આત્માનું "પરત્વ" કહ્યું છે. જગતના કારણ રૂપ છે,- પદ્મનાભ ભગવાન્ !- તેમનાં ચરણને પ્રાપ્ત કરવાની તીવ્ર આકાંક્ષાથી જીવને પરમ પ્રેમરૂપ ભક્તિ થાય. આ ભક્તિ વધતી જતાં, અંતઃકરણ (ચિત્ત)માં ગુણ અને કર્મથી થયેલી મલિનતાનો નાશ થાય ! જ્ઞાન માટે યત્ન કરનારના નિર્મલ ચિત્તમાંથી અજ્ઞાન નિવૃત્ત થાય. અલૌકિક, - આધિદૈવિક, પરમાત્મતત્ત્વ સાક્ષાત્ સર્વદા સ્ફુરે !

અંતઃકરણમાં શુદ્ધ આત્માનુભવ,- એ પરમાત્મનિષ્ઠા છે ! નિર્મલ નેત્રવાળા સૂર્યપ્રકાશનો સાક્ષાત્ અનુભવ થાય છે ને !

યોગેશ્વર આવિર્હોત્રે કર્મયોગ વર્ણવ્યો :

રાજાએ ત્રણ માર્ગે ભગવાનનો આશ્રય સાંભળ્યો; છતાં તેને શ્રદ્ધા કર્મમાં, તેથી કર્મયોગ કહેવા વિનંતી કરી ! જે કર્મથી - (૧) "**संस्कृत**"- સંસ્કાર થાય. "**अस्थि चैव तेन मांसं च यजमानः संस्कुरुते**।"- શ્રુતિ છે. (૨) "**विधूयेहाशु कर्माणि**"- શીઘ્ર કર્મપાશ (બંધન) છૂટે - "...**निर्वरुणत्वाय**" (૩) "**नैष्कर्म्यं विन्दते परं**"- નૈષ્કર્મ્ય - મોક્ષ - મળે. - "**विराजमभिसम्पद्यते** ।" "**ब्रह्मार्पणं**..।"- વગેરેમાં તે સ્પષ્ટ છે. બ્રહ્મપુત્રોએ પણ પહેલાં પૂછ્યા છતાં; બ્રહ્માએ આનો જવાબ નહિ દીધેલો, તેમાં કારણ શું ?

આવિર્હોત્રે ઉત્તર આપ્યો. "**आविः प्रकटं हूयतेऽस्मिन्निति होत्रम्** ।"- સર્વયજ્ઞો આમનામાં પ્રકટ છે ! કર્મ - ત્રિવિધ; તેના વિષય બે, - ૧. લૌકિક, ૨. વૈદિક. લૌકિક પ્રત્યક્ષ વગેરેથી સમજાય; વૈદિક વેદવાક્યથી સમજાય. વૈદિક-શબ્દોથી કહેલાં ધર્મ-દેવતા-સ્વરૂપ-કર્મ વગેરેને પ્રત્યક્ષાદિ બાધક નથી ! લોકસમાન (વ્રીહિ-ડાંગર-વગેરે) શબ્દોમાં સંદેહ થાય, છતાં તે લોકથી જુદાં છે. "**यथेन्द्रस्य वृत्रं जघ्निष इन्द्रियं वीर्यम्** ।"- વૃત્રવધ કરવા ઈચ્છતા ઈન્દ્રનું ઈન્દ્રિય વીર્ય, - તે દહીં ! "**अपश्यत् पुरोडाशं कूर्मभूतम्** ।"- ઋષિયોએ પુરોડાશને કૂર્મ રૂપે થયેલો જોયો ! આ લૌકિક નથી ! આકૃતિથી સમાનતા હોવા છતાં, વૈદિક-યજ્ઞસંબંધી પદાર્થો લૌકિકથી જુદા જ છે ! "**शब्द इति चेन्नातः प्रभवात् प्रत्यक्षानुमानाभ्याम्** ।"- સૂત્રમાં સ્પષ્ટ છે. વેદોક્તપદાર્થો આધિદૈવિક છે, પુરુષના અવયવભૂત છે ! આધુનિકમાં તેનો આવેશ છે. વેદ નિત્ય છે. "**कर्माकर्मविकर्मेति वेदवादो न लौकिकः** ।"- વેદમાં કરવા માટે કહેલું - "કર્મ !" તે ન કરવું - "અકર્મ !" જે કર્મનો નિષેધ કર્યો હોય તે - "વિકર્મ !" આનો નિર્ણય વેદથી સમજાય, લોકરીતે નહિ ! વેદ ભગવદ્રૂપ છે. ભગવાન્ જ તેનો યથાર્થ અર્થ જાણે ! વિજ્ઞો પણ પોતાની વાસનાથી ભ્રમિત થાય છે ! મનગમતી કલ્પનાઓ કરે છે ! વેદાર્થ કલ્પનાથી ન થાય. ફલસંબંધમાં વેદ પરોક્ષવાત કરે છે. વેદમાં કહેલાં સ્વર્ગાદિ તો અલૌકિક (આત્મસુખાદિ) છે ! તેમાં મોક્ષ મુખ્ય છે ! તેમાં સૌને રુચિ કરાવવા માટે રોચકફલ કહ્યાં છે. કર્તાની ઈચ્છા ન હોય તો ફલ ન થાય. બાલકને રોગ મટાડવા, ઔષધ દેવા, ભોજનની લાલચ દે; તેમ લોકોને લૌકિક-કર્મ અને ભવરોગમાંથી છોડાવવા, વેદ આવાં ફલથી અલૌકિક-કર્મમાં રુચિ કરાવે છે ! અજ્ઞાની અને અસંયમી આવાં કર્મ ન કરે, તો વિકર્મથી અને અધર્મથી અધઃપતન પામે છે. "**मृत्योर्मृत्युमुपैति सः** ।"- સ્વાભાવિક કર્મવાળાને તો, મૃત્યુ પછી જન્મ મળે; આ તો યમયાતના ભોગવ્યા પછી સંસારચક્રમાં આથડે છે, મરે છે ! નિઃસંગ રહી, આસક્તિ વગર કર્મ કરી, પ્રભુપ્રીત્યર્થ તે અર્પણ કરે, તો કર્મબંધન છૂટે, ભગવદ્ભાવ થાય, મોક્ષ મળે ! ભગવાન્ પ્રસન્ન થાય તેવાં કર્મ (સેવા)-માં જ વેદનું તાત્પર્ય છે !

વૈદિકકર્મ - નિર્ધાર પછી, સર્વસુગમ તાન્ત્રિક-કર્મનિર્ધાર, સરલ ભગવદ્ભજન-માર્ગ, કહ્યો. હૃદયગ્રન્થિને જલદી છેદી નાખવા ઈચ્છનારે તો, વૈષ્ણવમાર્ગ રીતે ભગવાન્ શ્રીકૃષ્ણની સેવા કરવી. "**परात्मनः विधिना**"- વિભૂતિપ્રકારે નહિ, કેવલ પુષ્ટિમાર્ગીય-રીતે, પુરુષોત્તમપ્રકારે સેવા કરવી !

તેમ ન બને તો, તંત્રોક્તરીતે પણ કેશવની જ પૂજા કરવી; અથવા, મર્યાદામાર્ગ સહિત કૃષ્ણનું જ ભજન કરવું. હૃદયગ્રન્થિ શીઘ્ર છેદાતાં, પરલોક ન બગડે; અહંકાર જતાં, મુક્તિ સુલભ થાય. વેદાધિકાર વગરનાનો તંત્રમાં અધિકાર છે, તેથી કેવલ તંત્રમાર્ગે વેદ-વિરોધથી દોષ થાય, તેવી કેટલાકને શંકા થાય તો, - "लब्धानुग्रह आचार्यात् ।" - થી સમાધાન સંભવે છે. આચાર્ય દ્વારા અનુગ્રહ-દીક્ષા-મળતાં, અન્યમાર્ગના અધિકારથી દોષ ન રહે ! "दीयते विमलं ज्ञानं क्षीयते कर्मवासना । तेन दीक्षेति सा प्रोक्ता मुनिभिस्तन्त्रवेदिभिः॥" - વિમલજ્ઞાન દેવાય છે, કર્મવાસના નષ્ટ થાય છે, - તેથી તેને કહી છે - "દીક્ષા!" તંત્રજ્ઞ મુનિયોને અનુગ્રહથી અન્ય દેવનો વિરોધ ન રહે. ઉપનયન-સંસ્કારપૂર્વક વેદજ્ઞાન-દાતા આચાર્ય છે, તેમની દીક્ષારૂપ અનુગ્રહથી વેદવિરોધ ન રહે. તેમાં અંધપરંપરા નથી, આચાર્ય આગમવિરુદ્ધ ન કહે ! "आचिनोति हि शास्त्रार्थं सम्यगाचरते स्वयम् । आचारयति तं लोके आचार्यं तं विदुर्बुधाः ॥" - સર્વ શાસ્ત્રાર્થનો સ્પષ્ટ નિર્ણય કરે, સ્વયં સુંદર રીતે આચરે, લોકમાં તેનો પ્રચાર કરે, તેને સુજ્ઞો આચાર્ય કહે છે. "हरौ रुष्टे गुरुस्त्राता....।" - હરિને રોષ થાય તો ગુરુ રક્ષા કરે છે ! ગુરુકૃપાથી તો ભગવાન્ પણ સાનુકૂલ થઈ જાય; પછી બીજા દેવાદિની તો વાત જ શી ? તેથી વિરોધ કે દોષ ક્યાંથી રહે ? તેથી તો "सेवाकृतिर्गुरोराज्ञा।" - સેવાનું કાર્ય ગુરુની આજ્ઞા પ્રમાણે થાય, પોતાને મનગમતી રીતે ગુરુની આજ્ઞા વગર સેવા કરતાં તો અપરાધ થાય ! મરજી મુજબ પણ વૈદિક-કર્મ છોડતાં અપરાધ થાય !

શ્રીમદ્વલ્લભાચાર્યજી શ્રીમહાપ્રભુજીની આજ્ઞાનુસાર, અનન્યપણે કૃષ્ણસેવા મુખ્યરીતે કરે, તેને દોષ કોઈ ન રહે. પુષ્ટિમાર્ગની વ્રત-સેવા-રીતિ તો શ્રીસ્વામિનારાયણજીએ પણ સ્વીકારી છે. "શિક્ષાપત્રી"માં છે,- "सर्ववैष्णवराजश्रीवल्लभाचार्यनन्दनः । श्रीविठ्ठलेशः कृतवान् यं व्रतोत्सव-निर्णयम् ॥ कार्यास्तमनुसृत्यैव सर्व एव व्रतोत्सवाः । सेवारितिश्च तस्यैव ग्राह्या तदुदितैव हि ॥" - ભગવાન્ શ્રીકૃષ્ણનું પોતાને મનગમતું સ્વરૂપ (શ્રીનાથજી, શ્રીબાલકૃષ્ણજી, શ્રીનવનીતપ્રિયજી વગેરે) પધરાવીને, આચાર્ય કે ભગવદીય દ્વારા સામ્પ્રદાયિક-સેવાપ્રકાર શીખીને, સેવા કરવી. "महापुरुषमभ्यर्चेन् मूर्त्याभिमतयात्मनः ।" - ચિત્ર કે મૂર્તિ દેખાય, છતાં તે સાક્ષાત્ કૃષ્ણ જ છે, તેવા દૃઢ સ્નેહથી સ્વરૂપ દ્વારા કૃષ્ણસેવા થાય ! સ્મૃતિમાં કહેલ રીતે, સ્નાનતિલકાદિથી પવિત્ર થઈ, સામે બેસીને, ભગવાનની સેવા કરવી, "अर्चयेद्धरिम्" - આ હરિસેવા છે, મૂર્તિપૂજા નહિ ! તેવો ભાવ સ્પષ્ટ જોઈએ. સ્વરૂપ અને હૃદય એકરૂપ થાય ! દેશકાલાનુસાર મળતા ઉત્તમ પદાર્થોથી સેવા કરવી. યોગ્ય રીતે શુદ્ધિ કરવી. અષ્ટાક્ષર વગેરે મૂલમંત્રથી અર્ચન કરવું. સુંદર વસ્ત્રાલંકારભોગ ભગવાનને ધરવા. સ્વરૂપનાં સુંદર અંગ, પદ્મ વગેરે ઉપાંગ તથા પાર્ષદ વગેરેનું પ્રેમથી પૂજન કરવું. આનંદમાત્ર ભગવાનનું વિધિપૂર્વક સેવન કરીને, સ્તુતિ અને પ્રણામ કરવાં. ભાવપૂર્ણ થઈને ભગવાનનું જ ધ્યાન રાખીને, સર્વાત્મભાવે સર્વસેવા કરીને, શય્યાજી કે ઝાંપીજીમાં પ્રભુને પધરાવવા. આદરથી સૌને પ્રસાદાદિ લેવડાવવાં - લેવાં. અગ્નિ - સૂર્ય - જલ - બ્રાહ્મણ - અતિથિ કે હૃદયમાં પણ વિરાજતાં સર્વસમર્થ ભગવાનની સેવા કરે, તે શીઘ્ર મુક્ત થાય, સ્વરૂપસ્થિતિ પ્રાપ્ત કરે ! બીજી કક્ષાના ઉત્તમ ભક્તે આચરવાના ધર્મો, આ અધ્યાયમાં કહ્યા છે.

અધ્યાય : ૪

યોગેશ્વર દ્રુમિલે વર્ણવેલાં ભગવાનનાં અવતાર-ચરિત !:

રાજા નિમિએ માયા, તેને તરવાનો ઉપાય, નારાયણ-સ્વરૂપ-જ્ઞાન અને કર્મનિર્ણય જાણ્યાં, ચિત્ત શુદ્ધ થયું. શુદ્ધલીલા પ્રભુની પૂછી. મુક્તિ થાય ને ! આ ત્રીજી કક્ષાના મધ્યમ-ભક્તનો ધર્મ છે,- હરિકથાનું સદા શ્રવણ ! ચિત્ત તેનાથી સર્વથા પ્રભુપરાયણ થાય. પહેલાં કહેલા, દીક્ષાપૂર્વક સેવા વગેરે ધર્મો ન બને તો, કથાશ્રવણ પણ કૃતાર્થ કરે ! ભગવાને ભક્તેચ્છા કે સ્વેચ્છાથી, લોકોનાં કર્મબંધનના નિવારણ માટે, અવતાર લઈને, જે જે ચરિત કરેલાં, કરે છે; અને કરશે - તે કહેવા વિનંતી કરી. દ્રુમિલે ઉત્તર તરત આપ્યો. "द्रुतं शीघ्रं मिलति भगवन्तं अवतारकथया इति द्रुमिलः ।" - ભગવાનને અવતારકથા દ્વારા શીઘ્ર મળે તે,- દ્રુમિલ ! અનન્ત ભગવાનના ગુણો પણ અનન્ત ! દેશકાલથી તેની સીમા થઈ ન શકે ! ભૂમિની રજઃ કદાચ ગણાય, પણ અનંત ગુણોવાળા, સર્વના અંતર્યામીના ગુણો ન ગણાય; ગણવા ઈચ્છે તે તો બાલિશ છે ! અનંત અવતારો ભગવાનના છે. સર્વ અવતારોના બીજરૂપ પુરુષાવતાર છે, આનંદાવિષ્ટનું તે નામ છે. આ કલ્પમાં ભગવાને સર્વ પોતાને માટે સર્જ્યું, અસાધારણ-સૃષ્ટિ છે. આ આદિનારાયણ, મર્યાદા-ભક્તિમાર્ગમાં મૂલભૂત છે. તેમના સ્વરૂપમાં આ ત્રિલોક સમાયેલાં છે. તે આદિકર્તા, આદ્યપુરુષ પોતે, ઉત્પત્તિમાં રજોગુણથી બ્રહ્મા. સ્થિતિમાં સત્ત્વગુણથી વિષ્ણુ અને લયમાં તમોગુણથી રુદ્રરૂપ છે, તેથી પ્રજામાં સતત ત્રણે ચાલે છે. પ્રવૃત્તિથી ઉદ્‌ભવતી આસુરતાને અટકાવવા, સર્વરક્ષક ભગવાને ક્રોધરહિત નિર્દોષ તપઃ કર્યું, મહિમા છતાં કામરહિત રહ્યા. સત્ત્વવૃદ્ધિ રૂપ-ધર્મ; અને યજ્ઞની આંતરક્રિયા (ભક્તિ-ભાવના) રૂપ-મૂર્તિ, તેમના પુત્ર રૂપે "નારાયણ"- નામે બ્રહ્મ પ્રકટ થયા ! "નર" ઋષિરૂપ મંત્રદ્રષ્ટા છે, પ્રથમપુરુષ છે ! તે બંને જ્ઞાન- ક્રિયા રૂપ છે. લોકોપકાર માટે નિષ્કામકર્મ સમજાવતાં, સેવારૂપ "પંચરાત્ર" તેમણે નારદજીને કહેલું. આજે પણ નારદજી તેમની સેવા કરે છે, - "योऽद्यापि चास्त ऋषिवर्यनिषेविताङ्घ्रिः ।"

તપઃ કરતાં નર-નારાયણને જોતાં, ઈન્દ્રને ઈન્દ્રાસન તે પડાવશે, તેવી શંકા થઈ ! શંકા હોય ત્યાં શાંતિ ન હોય ! ઈન્દ્ર પોતાનું યજ્ઞરૂપ ભૂલ્યો ! ભોગમાં શું ન ભુલાય ? તેને બ્રહ્મપદ મળવાની વાર હતી ! તેણે અકળામણમાં તપઃમાં વિઘ્ન કરવા કામને નીમ્યો ! કલ્યાણના કાર્યમાં અવરોધક છે,- કામ અને ક્રોધ ! કામ તો ક્રોધથી બળે ! ચતુર છે, - ઈન્દ્ર ! ઋષિ ક્રોધથી કામને બાળે કે કામનાથી કામને વશ થાય; તો પણ તપઃ તો તૂટે ને ! આ કામદેવ હૃદયમાંના કામને પ્રેરે ! સેનારૂપ અપ્સરાઓ અને મિત્ર વસંત સાથે બદરીનારાયણ પાસે કામ આવ્યો. બદરી તો પરમાનંદરૂપ, મોક્ષસ્થાન ! તે આ મહિમા જાણે નહિ ને ! મનોવિકાર-પ્રાપ્ત રસ, શૃંગારાદિ નવ રૂપે બહાર પ્રકટે, અભિનયથી અભિવ્યક્ત થાય. તેના અનુભવે સમાન મનોવિકાર સામાને થાય, પણ ભગવાન્ તો ભક્તિથી જ પ્રકટ થાય ! અપ્સરાનાં કટાક્ષબાણ કામ ન આવ્યાં, નૃત્ય નકામાં થયાં ! અપરાધ ઈન્દ્રે કર્યો ! તેને અજ્ઞાન ગણી ક્ષમા પ્રભુએ કરી, હસ્યા ! ન થયા કામવશ, ન થયા ક્રોધવશ ! આદિદેવે તો કંપતા, વિઘ્ન કરવા મથનારાઓનું પણ ઉદાર આતિથ્ય કર્યું ! તેમના અંશરૂપ - યજ્ઞ જ આ ઈન્દ્ર છે ને ! મહાદાન રૂપ અભય દીધું, - પ્રભુએ ! નિવૃત્તિમાર્ગમાં તો સ્વાર્થ માટે આવેલા, ચોર-લૂંટારા પણ અતિથિ રૂપે આદર પામે છે ને ! વૈષ્ણવોના પ્રસંગો પ્રસિદ્ધ છે. નિર્દોષ મહાપુરુષો તો દુષ્ટને પણ

દિવ્ય બનાવે છે ! દીન દેવો દયાળુ પ્રભુના પગમાં નમ્યા. ભૂખ, તરસ, ઠંડી, ગરમી, વૃષ્ટિ, સ્પર્શ, રસ અને વિષયભોગ, - આ આઠ પ્રકૃતિવાળો કામ, સમુદ્ર શો અપાર ! "समुद्र इव हि कामः ।"- શ્રુતિ છે. કામની પાર ન પહોંચાય, ભોગવતાં વધે. કદાચ કોઈ કામને જીતે, તો ક્રોધમાંફસાય ! શંકરે પણ કામને ક્રોધથી બાળ્યો છે ને ! નર-નારાયણનો કામ-ક્રોધ-વિજય દેખાયો ! સ્તુતિ દેવોએ કરી. ભગવાનની સેવામાં તો લક્ષ્મીજી જેવાં અદ્ભુત સ્ત્રીઓ જોયાં ! આશ્ચર્ય થયું, તે સ્ત્રીઓનાં સુગંધથી જ મોહ સૌને થયો ! તેમની કાંતિથી જ સર્વ સુંદર લાગતું હતું ! ભગવાને ઊરુમાંથી પ્રકટ કરેલાં, બીજા બ્રહ્માંડમાંનાં, ઉર્વશીને પ્રસાદ રૂપે દીધાં. વંદન કરી, વિદાય લઈ, સૌ દેવસભામાં આવ્યાં. પ્રસંગ જાણીને, માનભગ્ન ઈન્દ્ર પણ આશ્ચર્ય પામ્યો !

ત્રિલોકમાં સૌના ઉપર ઉપકાર કરવા, આનંદ રૂપ ભગવાન્, ઈચ્છાનુસાર આકાર(રૂપ)નું દર્શન કરાવે છે. (૧) સહજ રૂપે સમાગત પુરુષ-શરીરમાં નારાયણ, (૨) શુદ્ધ-સત્ત્વશરીરમાં આવિર્ભૂત દત્ત વગેરે; (૩) સ્વતઃ આવિર્ભૂત કૃષ્ણ ! આ ત્રિવિધ અવતાર છે. હંસ-આનંદ રૂપ, તેમણે કહ્યું, - આત્મતત્ત્વ ! દત્ત, કુમાર, ઋષભ - સૌ જ્ઞાનકલાથી અવતરેલા ! કુમારમાં આવેશ, છતાં અવતારતુલ્ય ! ઋષભ ભગવન્માર્ગ-પ્રવર્તક ! હયગ્રીવ રૂપે ભગવાને મધુ-કૈટભને માર્યા, વેદનો ઉદ્ધાર કર્યો. કાનમાંથી જન્મેલા મલરૂપ મધુ-કૈટભે, શબ્દ અને શ્રોત્રેન્દ્રિયને સમાવી દીધેલાં ! મધુ-પ્રપંચ (મલિન, બાહ્યવિસ્તાર) રૂપ, રજોગુણમય - "कीटानामपीन्द्रगोपादीनां भा ययेति तामसीमाया तस्यामुत्पन्नः कैटभः प्रवाहपोषकः ।"- તામસી-માયામાં થયેલો કૈટભ, (ભવ) પ્રવાહનો પોષક ! વ્યર્થ સંસારપોષક વાતો અટકાવી, ભગવાને વેદ-ભગવાનની વાતોનો વિસ્તાર કર્યો ! કલ્યાણ તેથી સૌનું થાય, મર્યાદા સિદ્ધ કરી. બાહ્યપ્રપંચથી સંસારાસક્તિ થાય. તેમાંથી બચાવવા દૈવીજીવોને વેદજ્ઞાન દીધું ! હયગ્રીવ અને નારાયણ; જ્ઞાન-ક્રિયા બંનેના અવતાર છે. આઠમા મન્વન્તર પછી ઐચ્છિક પ્રલયમાં, તરણલીલા કરવા, જ્ઞાન-ક્રિયા-યુક્ત મત્સ્ય રૂપે પ્રભુ પધાર્યા. તેમાં પુષ્ટિ છે, દોષ નથી ! મનુ, પૃથ્વી અને ઔષધિની રક્ષા મત્સ્યે કરી, હયગ્રીવાસુરને માર્યો, વેદનો ઉદ્ધાર કર્યો, જ્ઞાનોપદેશ અલૌકિક-અધિકાર માટે કર્યો. ભગવાને વરાહ રૂપે પૃથ્વીનો જલમાંથી ઉદ્ધાર કરતાં હિરણ્યાક્ષને માર્યો. વરાહથી પરશુરામ સુધી ક્રિયાવતારો છે. કૂર્માવતારમાં અમૃતમથનમાં પર્વત પીઠે ધર્યો. પીઠમાં અધર્મ, તેને દબાવ્યો ! તેમાં પુષ્ટિ છે, દોષ નથી. હયગ્રીવ, મત્સ્ય, વરાહ અને કૂર્મ, ચારે દેહાભિમાનરહિત અવતાર. ચોથા, પાંચમા અને છઠ્ઠા મન્વન્તરના અવતારો વૈકુણ્ઠમાંથી આવીને પાછા પધારેલા ! હરિ રૂપે, ગ્રાહથી આર્ત-શરણાગત-ગજેન્દ્રને મુક્તિ દીધી. તેમાં પુષ્ટિ છે, દોષ નથી ! દરિયામાં ડૂબતાં સ્તુતિ કરતા, આર્ત શ્રમણ અને ઋષિયોનો; અને પ્રતિકાર વગરના વૃત્રવધથી, આસુરભાવને પ્રાપ્ત થતા ઈન્દ્રનો, વૈકુણ્ઠ રૂપે ઉદ્ધાર કર્યો ! અજિત રૂપે અમૃત (મથન કરી, ધન્વન્તરિ રૂપે અમૃત દઈ, મોહિની રૂપે) પાઈને જતાં, બલિએ ઈન્દ્રાસન લઈ લીધું ! દેવસ્ત્રીઓને અસુરોએ પોતાનાં ભવનોમાં ગુપ્ત-કેદ કરેલાં. તેમને મુક્ત કર્યાં. નિરભિમાની નૃસિંહ પધાર્યા. સત્પુરુષોના અભય માટે હિરણ્યકશિપુને માર્યો; માત્ર પ્રહ્લાદ માટે નહિ ! ભક્ત પ્રહ્લાદજી મર્યાદામાં છે, ભગવાન્ નૃસિંહ પુષ્ટિમાં ! મન્વન્તર-અવતારોમાં દૈત્યોને મારી, દેવો માટે ત્રિભુવનરક્ષા, કલાઓથી ભગવાન્ કરે છે, દુષ્ટતાને દબાવી, શિષ્ટતાનું સ્થાપન કરે છે. તેમાં સૃષ્ટિ છે, દોષ નથી !

સાતમા મન્વન્તરમાં વામનજી પધાર્યા. મત્સ્યકૃત પ્રલય થયો- કલ્પાન્તરમાં, કે બલિએ સ્વર્ગ હર્યું, - છઠ્ઠા મન્વતન્તરમાં ! પછી થયો,- પ્રલય ! સર્વની બીજ રૂપે સ્થિતિ અને પછી આરંભ છે; વામનાવતારમાં ત્રિલોક-હરણ સ્વતઃ છે, યાગ્ચા દાનમાં છે ! તેમાં પુષ્ટિ છે, દોષ નથી ! બલિની માલિકી મુકાવવામાં કારણ છે, - ત્રણ પગલાં ભૂમિની માગણી ! માગીને મેળવેલું દાન છે ! તે પણ પોતાને માટે નહિ, દેવો માટે ! તેથી તે છલ ! અદિતિના તપઃથી પ્રભુ સંતુષ્ટ થયેલા ને ! પછી, પરશુરામ પધાર્યા. એકવીસ વાર પૃથ્વી નિઃક્ષત્રિય કરી ! દત્તાત્રેયના કૃપાપ્રાપ્ત હૈહયકુલના રાજાઓએ મર્યાદાપાલન ન કર્યું. પાલક પ્રભુએ પોતે નહિ, પણ ભગવત્તેજઃ ભૃગુમાં સ્થાપીને, બ્રહ્મતેજઃ દ્વારા ક્ષત્રિયનાશ કર્યો. તે તેજો રૂપે, પરશુરામજી ભગવદવતાર ગણાય ! વૈષ્ણવતેજઃથી તે શાન્ત થયા ! બીજા હૈહય તો યાદવકુલમાં પણ ખરા ! તે પણ બ્રહ્મશાપ રૂપ તેજઃદ્વારા નષ્ટ થવાની કથા છે ને ! ભગવાન્ રામચંદ્રજી પધાર્યા. પાંચ પ્રકારનું તેમનું ચરિત. (૧) સમુદ્રબંધન; (૨) રાવણવધ; (૩) સીતાપતિત્વ; (૪) સર્વોત્કર્ષથી સ્થિતિ; (૫) ચરિતનું પાપનાશકત્વ ! તેમાં મુખ્યપુષ્ટિ છે, - સીતાપતિ રૂપે ! અન્ય પણ લીલાઓ છે. ભૂમિનો ભાર હરવા, અજન્મા ગુણાતીત ભગવાન્ પોતે પધાર્યા - યદુકુલમાં, કૃષ્ણ રૂપે ! દેવદુષ્કર કાર્ય તે કરે છે, અનંતલીલાઓ છે ! શુદ્ધિ-રહિત અયોગ્યને, યજ્ઞ અને વેદમાંથી અટકાવવા, બુદ્ધ રૂપે વાદથી સૌને મોહ કરે છે. અધર્મમાં ધર્મબુદ્ધિ મોહ છે ! પરીક્ષા માટે બુદ્ધિ વેદવિરોધી વાતો કરતા લાગે છે ! શુદ્ધતમઃથી સૌ શૂદ્રપ્રાય થતાં, કલિના અંતે, કલ્કિ રૂપે પ્રભુ પધારી દુષ્ટોનો નાશ કરશે ! આવાં, ધર્મસંસ્થાપક- ચરિત અગાધ છે. અનાદિ સિદ્ધ-ધર્મ, પ્રભુપ્રાકટ્યથી સ્થિર થાય છે. લીલાકાર્યોથી તેનાં વિઘ્નો દૂર થાય છે. ધર્મથી જગત્ ટકે છે ! જે ધર્મનું પાલન કરે, તેનું ધર્મ પાલન કરે છે ! ભગવાન્ સર્વરક્ષક જગત્પતિ છે. સર્વપુરુષાર્થપ્રદ તેમનાં અનંત યશઃચરિત છે. વિજ્ઞો તેનું વર્ણન કરે છે.

અધ્યાય : ૫

યોગેશ્વર ચમસે અશાંત કામનાવાળા લોકો ભગવાનને ન ભજે તેમની સ્થિતિ વર્ણવી :

વક્તા, શ્રોતા અને વક્તવ્ય, - ત્રણ અધ્યાયમાં કહ્યાં. તેની પ્રવૃત્તિ માટે પ્રામાણ્ય હવે કહે છે. દેશ-કાલ-સ્વભાવનો તેમાં નિર્ધાર છે. અંતઃકરણ વશ ન હોય, કામનાઓ શાંત ન થઈ હોય, તેવા સામાન્યાધિકારી-પ્રાકૃતભક્તોએ ભગવાન્ વિરાજતા હોય ત્યાં રહીને, અલૌકિક ભગવદ્-ગાનથી, અન્યથાવાદ દૂર કરીને, શુદ્ધ હૃદયે, કૃષ્ણની સેવા કરવી, - એ આ અધ્યાયનો અર્થ છે. ભગવદ્ભજનથી ઈચ્છેલું સુખ મળે, અનિષ્ટ દૂર થાય, છતાં લોકો તેમને ભજતા નથી ! તે અશાંત કામનાવાળા લોકોને આ લોક-પરલોકમાં ફલ શું થાય ? સામાન્ય-સંસારીઓના સ્વભાવવિજય માટે આ પ્રશ્ન છે. ભગવાનને ભજે નહિ તે તો ભવમાં ભટકે, પણ ભગવદ્ભક્તોને અયોગ્ય આચરતા માની લઈને, નિંદા કરે, તેની તો કોઈ યોગ્યતા જ રહેતી નથી ! અશાંત ઈચ્છાઓ તો અકળામણ અને અથડામણ જ આપે છે ! અસંયમથી લોકો તો અનાચાર પણ આચરે છે. સકામ લોકોનો પણ વેદ ઉદ્ધાર કરે છે; વેદવિરોધથી પતન થાય છે. વૈદિક-અજ્ઞાની લોકો સંબંધી અહીં વિચાર છે. સંસારમાં સરતા, વ્યવસાય-વ્યવહારમાં ચતુર તે લોકો છે !

ચમસ ઉત્તર આપે છે. ચમસ તો યજ્ઞપાત્ર છે. કુપાત્રોની દુર્ગતિ તે દર્શાવે છે. પુરુષ રૂપ ભગવાનના મુખ, બાહુ, ઊરુ અને ચરણમાંથી ચારે વર્ણ પ્રકટ થયા છે! આશ્રમ પણ પ્રભુમાંથી પ્રકટ્યા છે. સ્વધર્મ દ્વારા તે સમાજ-પુરુષની સેવા ન કરનાર પતન પામે છે! ભગવાનથી દૂર રહેનાર તો દયાપાત્ર છે! સામાન્યસુખ માટે મથનારા, અભિમાન-મત્ત થઈ ભક્તોના ઉપહાસ કરનારા, વૃથા વાતો- વિચારો કરનારા, જીવન વ્યર્થ વેડફે છે. પરસ્ત્રી-સંગ, માંસભક્ષણ અને મધપાન તો માનવને દાનવ બનાવે છે. "धनं च धर्मैकफलं"- ધન તો માત્ર ધર્મ માટે છે, વૈભવ-વિલાસ માટે નહિ! "मां"- મને; "सः"- તે; પશુ ખાશે. આ લોકમાં જે જેનો માંસાહાર કરે, તેને પરલોકમાં તે પ્રાણી ખાય તે સંકેત સ્પષ્ટ છે. ભગદ્વિમુખ લોકો જીવતાં અને મર્યા પછી નરક-દુ:ખ જ ભોગવે છે!

યોગેશ્વર કરભાજને યુગાનુકૂલ ભજન માટેનાં ભગવત્સ્વરૂપ - નામ - વિધિ - વગેરે વર્ણવ્યાં : નિમિ-યોગેશ્વર-સંવાદ સમજે તેને બ્રહ્મભાવ થાય :

રાજાએ કાલાનુકૂલ ભજન માટે ભગવત્સ્વરૂપ વર્ણ, નામ અને વિધિ પૂછ્યાં. યુગાનુકૂલ ભજનથી ભક્તિ થાય, કૃપા મળે, યથાધિકાર કૃતાર્થ થવાય. કરભાજને જવાબ દીધો. તે તો પાણિપાત્ર-પુરુષ, સ્પષ્ટ જ્ઞાનપ્રકાશ કરે તેવા! સત્યયુગમાં શ્વેતવર્ણના ચતુર્ભુજ તપોમૂર્તિ ભગવાનને, હંસ-સુપર્ણ-વૈકુણ્ઠ-પરમાત્મા વગેરે નામે, શમ-દમાદિપૂર્વક તપ:થી શાન્તલોકો ભજે છે. ત્રેતાયુગમાં રક્તવર્ણના ચતુર્ભુજ યજ્ઞમૂર્તિ ભગવાનને, વિષ્ણુ-પૃશ્નિગર્ભ-ઉરુક્રમ વગેરે નામે, ધર્મિષ્ઠ, બ્રહ્મવાદિ-લોકો ત્રયીવિદ્યાથી ભજે છે. દ્વાપરયુગમાં શ્યામવર્ણના ચતુર્ભુજ, ચક્રાદિ-આયુધધારી, મહારાજ-ચિહ્નવાળા, ભગવાનને; વાસુદેવ-નારાયણ વગેરે નામે, વેદ-તન્ત્ર-રીતે મર્ત્યો ભજે છે. કલિયુગમાં સ્નિગ્ધ કૃષ્ણવર્ણના, કાન્તિથી ઉજ્જ્વલ, શ્યામસુંદર ભગવાનને સંકીર્તન-પ્રાય યજ્ઞોથી સદ્‌બુદ્ધિવાળા લોકો ભજે છે.

ध्येयं सदा परिभवघ्नमभीष्टदोहं तीर्थास्पदं शिवविरिञ्चिनुतं शरण्यम् ।
भृत्यार्तिहं प्रणतपालभवाब्धिपोतं वन्दे महापुरुष ते चरणारविन्दम् ॥ (३३)

હે નમન કરનારના રક્ષક! હે મહાપુરુષ! સ્વજન કે ઈન્દ્રિયાદિથી થતા તિરસ્કારને નષ્ટ કરનાર, અભીષ્ટપ્રદ, તીર્થસ્થાન રૂપ, શિવ-બ્રહ્માથી સ્તુતિ કરાયેલ, શરણ લેવા યોગ્ય, દાસનાં દુ:ખો દૂર કરનાર, સંસારસાગર તરવાના વહાણરૂપ, આપના ચરણકમલને હું વંદન કરુ છુ!

त्यक्त्वा सुदुस्त्यजसुरेप्सितराज्यलक्ष्मीं धर्मिष्ठ आर्यवचसा यदगादरण्यम् ।
मायामृगं दयितयेप्सितमन्वधावद् वन्दे महापुरुष ते चरणारविन्दम् ॥ (३४)

હે મહાપુરુષ! દેવોને ઈપ્સિત, સુદુસ્ત્યજ, રાજ્યલક્ષ્મીને વડીલના વચનથી છોડીને જેણે અરણ્યમાં અટન કર્યું; જે પ્રિયાને ઈપ્સિત માયામૃગની પાછળ દોડ્યું, તે આપનાં ચરણકમલને હું વંદન કરું છું! આમ, યુગાનુકૂલ સૌ ભજન કરે છે. કલિમાં સંકીર્તનથી સ્વાર્થ સુલભ છે, તેથી સારગ્રાહી સુજનો તેને વખાણે છે. સંસાર છૂટે, પરમશાંતિ મળે, તેથી પરમલાભ કયો? સત્યયુગના લોકો પણ કલિયુગમાં જન્મ ઈચ્છે છે! કલિયુગમાં નારાયણ-પરાયણ લોકો ઘણા થશે! દક્ષિણમાં પ્રાય: નિર્મલભક્તો થશે! સર્વ કર્તવ્ય છોડીને સર્વાત્મભાવે ભગવાન્ કૃષ્ણને શરણે જનાર; કોઈનો ગુલામ

કે ઋણી રહેતો નથી !

देवर्षिभूताप्तनृणां पितृणां न किङ्करो नायमृणी च राजन् ।
सर्वात्मना यः शरणं शरण्यं गतो मुकुन्दं परिहृत्य कर्तम् ॥ (४१)
स्वपादमूलं भजतः प्रियस्य त्यक्तान्यभावस्य हरिः परेशः ॥
विकर्म यच्चोत्पतितं कथञ्चिद् धुनोति सर्वं हृदि सन्निविष्टः ॥ (४२)

અન્યભાવ છોડી પોતાના પદપદ્મને ભજતા પ્રિયજનને, કોઈ રીતે આવી પડતું સર્વ વિકર્મ, હૃદયમાં વિરાજતા હરિ, - સર્વદોષહર્તા; પરેશ - સર્વનિયામક ભગવાન, દૂર કરી દે છે ! ભાગવતધર્મો સાંભળી નિમિએ યોગેશ્વરોનું અર્ચન કર્યું. સિદ્ધો અંતર્ધાન થયા. રાજાએ તે ધર્મારાધનથી પરમગતિ પ્રાપ્ત કરી. નારદજીએ વસુદેવજી-દેવકીજીને અભિનંદન દીધાં. પુત્ર રૂપે પધાર્યા ! સ્નેહ કરતાં પાવન થયાં ! દ્વેષીને મુક્તિ દેતા પ્રભુ સ્નેહીને શું ન દે ? પ્રભુમાં પુત્રબુદ્ધિ ન કરવા કહ્યું. વસુદેવજી નિર્ગુણ થતાં પુષ્ટિમાર્ગ કહ્યો ! ભગવાનને સ્નેહથી ભજવા કહ્યું. વસુદેવ-દેવકીજી વિસ્મિત થયાં, મોહ છોડ્યો, જ્ઞાનીનું કર્તવ્ય જાણ્યું, બ્રહ્મભાવ થયો ! આ ઈતિહાસ તો સાવધપણે સમજતાં પાપ દૂર કરી બ્રહ્મભાવ દે. - "स विधूयेह शमलं ब्रह्मभूयाय कल्पते ।"

અધ્યાય : ૬

પ્રભુને સ્વધામ પધારવા દેવોની વિનંતી ! : પ્રસાદી વસ્તુઓથી જીવન-નિર્વાહ કરનારા દાસો ભગવાનની માયાને જીતે છે ! : ભક્તોનાં પ્રતિબંધરૂપ પ્રકૃતિ અને પ્રાકૃતિક-સંબંધ છોડાવે તેવી કથા ૨૩ અધ્યાયમાં ભગવાને ઉદ્ધવજીની વિનંતીથી કહી :

બ્રહ્મા, શંકર વગેરે સૌ દેવો દ્વારકામાં કૃષ્ણદર્શને આવ્યા. અદ્ભુતદર્શન કર્યાં. પુષ્પવૃષ્ટિ કરી, સ્તુતિ કરી. "કર્મબંધનમાંથી છૂટવા ઈચ્છતા ભાવભર્યા લોકો, હૃદયમાં બુદ્ધિ-ઈન્દ્રિય-પ્રાણ-મન-વાણીથી આપનાં પાદપદ્મનું ચિંતન કરે છે. તેને અમે નમીએ છીએ ! અભયપ્રદ અને આત્મસુખદ તે ચરણ, ભજન કરતા અમારા દોષોને દૂર કરો ! અમારા કલ્યાણની વૃદ્ધિ કરો ! ૧૬૦૦૮ મહિષીજીઓના વિપુલ-વિલાસોથી પણ પ્રભુ ક્ષુબ્ધ થતા નથી ! કથારૂપ કીર્તિતીર્થ તો સૌની શુદ્ધિ કરે છે, - શ્રવણથી ! ગંગાજી શુદ્ધિ કરે છે, - સ્નાન અને પાનથી ! શુદ્ધિ ઈચ્છનારા ઉભયને સેવે છે !"

બ્રહ્માજીએ સવાસો વર્ષ સુધી યદુકુલમાં વિરાજેલા પ્રભુને સ્વધામ પધારવા વિનવ્યા. ભગવાને યદુકુલોપસંહાર પછી બ્રહ્મધામ પધારવા કહ્યું. સૌ વંદન કરી વિદાય થયા. મુક્તિપુરી દ્વારકામાં પણ મહોત્પાત દેખાયા ! પ્રભુએ યદુવૃદ્ધોને, "આજે જ પ્રભાસમાં જઈએ !" કહ્યું. દક્ષશાપિત ચન્દ્ર ત્યાં ક્ષયદોષ-મુક્ત થયેલો ને ! સૌ તૈયાર થયા. ઉદ્ધવજીએ જોયું. પ્રભુ પાસે આવ્યા. ચરણ-શરણ-ત્યાગની અશક્તિ પોતાની કહી ! જેના કથા સુધાપાને અન્યસ્પૃહા ન રહે, તે આત્મા રૂપ ભગવાનને ભક્તો કેમ છોડે !

त्वयोपभुक्तस्रग्गन्धवासोलंकारचर्चिताः ।
उच्छिष्टभोजिनो दासास्तव मायां जयेमहि ॥ (४६)

ભગવાનની પ્રસાદી સર્વવસ્તુઓથી જીવન-વ્યવહાર ચલાવનાર, દાસધર્મ-પરાયણ ભક્તો તો ભગવાનની માયાને જીતે છે! અસમર્પિતના ઉપયોગથી જ દોષો વધે છે, વિમુખ બનાવે છે. સત્પુરુષો સંયમપૂર્વક સર્વત્યાગથી પણ કઠિનતાથી સદ્ગતિ મેળવે છે. ભક્તો-ભૃત્યો-તો કૃષ્ણની વાતો કરીને સંસારસાગરને અનાયાસે સરલતાથી તરી જાય છે! લીલાગાનથી તો કૃતાર્થ થવાય! ભગવાને અનન્ય-પ્રિય સેવક ઉદ્ધવની વિનંતી સાંભળી. સુંદર વાતો કહી.

અધ્યાય ૬ થી ૨૯ સુધી, જીવની સાયુજ્યમુક્તિનું પ્રકરણ છે. છઠ્ઠો અધ્યાય પ્રકૃતિનાશ માટે કહ્યો છે. જીવને ભગવદિચ્છાથી મૂલપ્રકૃતિનો સંબંધ થાય છે; તેથી અભિમાન ઉત્પન્ન થતાં પ્રાકૃત-દેહાદિનો સંબંધ થાય છે. મૂલપ્રકૃતિ-નાશ માત્ર ભગવદિચ્છાથી થાય છે! પ્રભુએ બ્રહ્માજી અને યાદવોને કહેલાં વાક્યથી તેમ સમજાય છે. જીવે સ્વીકારેલા પ્રાકૃતદેહ વગેરેના સંબંધત્યાગ માટે, ૭થી ૨૯ સુધીના ૨૩ અધ્યાયો છે. પ્રભુને બ્રહ્માએ સ્વધામ પધારવા વિનંતી કરી; પછી પોતાની પ્રસાદીથી જીવન ટકાવતા ભક્તોના પણ પ્રતિબંધ છોડાવવાની ઈચ્છા ભગવાનને થઈ! તે પ્રસંગે જ્ઞાન કે કર્તવ્યનો ઉપદેશ ઉદ્ધવજીનેકર્યો. આ ૨૩ અધ્યાયોમાં કહેલાં સાધનોથી દેહ વગેરે પ્રાકૃત-તત્ત્વો સાથેના સંબંધનો નાશ થાય છે. પ્રાકૃતતત્ત્વો ૨૩ ને! તેથી આ કથાના અધ્યાય ૨૩! ઉદ્ધવજીની વિનંતી તો અનુવાદ ૩૫, પ્રકૃતિ અને પ્રાકૃતિક-સંબંધ છોડાવે તેવી, તેથી છઠ્ઠામાં કહી. ઉદ્ધવજી તો પ્રિય છે,-પ્રભુના!

અધ્યાય : ૭

ઈન્દ્રિયગ્રાહ્ય માયિક યાદવકુલ નશ્વર છે; વિશ્વ તો ભગવદ્રૂપ છે :
વૈરાગ્ય થવા માટે જગતને માયિક પણ કહ્યું છે :

પોતાના પ્રિય ભૃત્યને ભગવાને પ્રેમથી પ્રત્યુત્તર દીધો. પોતે જેને માટે લીલાસ્થ ભક્તો સાથે પધારેલા, તે દેવકાર્ય પૂર્ણ થયું છે. કુલનો ઉપસંહાર થશે. સાતમે દિવસે સમુદ્ર દ્વારકાને ડુબાવી દેશે! લોકો કલિયુગમાં નષ્ટમંગલ અને અભદ્ર-રુચિવાળા થશે! સર્વમાંથી સ્નેહ છોડી, પ્રભુમાં મન પ્રેમથી પરોવી, સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ રાખીને ફરવું.

यदिदं मनसा वाचा चक्षुर्भ्यां श्रवणादिभिः ।
नश्वरं गृह्यमाणं च विद्धि मायामनोभयम् ॥ (૭)

"આ જે કાંઈ મન - વાણી - ચક્ષુ - શ્રવણ વગેરે વડે, નશ્વર ગ્રહણ થાય છે, તેને મારી માયાશક્તિથી મોહિત મન વડે ઉત્પન્ન થયેલું જાણ!" આસુરવ્યામોહ માટે ભગવાન્ યદુકુલોપસંહાર-લીલા કરે છે! તેમાં પ્રદર્શિત પદાર્થો "यदिदं"- થી કહેલા છે, નહિ તો - "नश्वरं"- ન કહે! "गृह्यमाणं"- થી જ સર્વનો સમાવેશ થઈ જાય! બ્રાહ્મણ-શાપથી "નશ્વર રૂપે ગ્રહણ થતું આ યાદવકુલ" - એવો અર્થ થાય. અહીં માયિક યદુકુલનો ઉલ્લેખ છે; નિત્યલીલાસ્થનો નહિ, કે આ દેખાતા વિશ્વને માયિક રૂપે ગણ્યું નથી! "यदिदं मनसा वाचा गृह्यतेऽन्यैरपीन्द्रियैः । अहमेव न मतोऽन्यदिति बुध्यध्वमञ्जसा ।"- તેરમા અધ્યાયમાં, ભગવાન્ હંસે વિશ્વનું ભગવત્ત્વ સ્પષ્ટ કહ્યું છે! ભગવાન્ કૃષ્ણે પણ આ સાતમા અધ્યાયમાં જ, વિશ્વને સ્પષ્ટ ભગવદ્રૂપે કહ્યું છે! - "पश्यन् मदात्मकं विश्वं न विपद्येत

वै पुनः ।"- વિશ્વને ભગવદાત્મક જોનારો, પુનઃ વિપત્તિ-સંસારને પ્રાપ્ત થતો નથી. કપિલદેવે કહેલા સેશ્વર-સાંખ્યમાં, પ્રાકૃત મહત્તત્ત્વરૂપ અંકુરવાળા વિશ્વનું નિરૂપણ કર્યું છે. કાલક્ષુભિત પ્રકૃતિમાં (પ્રથમ) પુરુષે કરેલા વીર્યાધાનથી મહત્તત્ત્વ ઉત્પન્ન થાય છે. ભગવાનની જેમ આ પુરુષની ઈન્દ્રિયો આનંદ-મય છે, રેતઃ સચ્ચિદંશ છે. મહત્તત્ત્વનું શરીર સુવર્ણમય છે; આનંદ અને સત્‌ના સંબંધથી હિરણ્યમયતા છે. આ મહત્તત્ત્વ કૂટસ્થ જગદંકુર છે, સ્વરૂપસ્થ વિશ્વને વ્યક્ત કરે છે. નિદ્રાથી પોતાનો લય કરાવે તેવા મૂલભૂત તમઃનું, તે પોતાના તેજઃથી પાન કરે છે; નહિ તો જગત્ અભિવ્યક્ત ન થાય ! આ ભગવાને સંક્ષેપમાં કહ્યું છે, - "यदिदं"- વગેરે બે શ્લોકમાં, પ્રાકૃતાંકુર રૂપે ! તેના નાશ માટે જ્ઞાન-સાધન કહ્યું,-

तस्माद् युक्तेन्द्रियग्रामो युक्तचित्त इदं जगत् ।
आत्मानीक्षस्व विततमात्मानं मय्यधीश्वरे ॥ (९)

"ઈન્દ્રિય અને ચિત્ત મારામાં યોજીને, આ જગતને આત્મા (રૂપ મારા)માં વિસ્તાર પામેલું જો ! તારા આત્માને સર્વનિયામક મારામાં જો !" "पश्यन् मदात्मकमिदं"- થી સંક્ષેપમાં બ્રહ્મવાદ કહ્યો. ઉપક્રમમાં ઉદ્ધવજીને સર્વત્ર ભક્તિ સુલભ થાય માટે, તેના સાધનરૂપ જ્ઞાન બ્રહ્મવાદનો - ઉપદેશ કર્યો છે. "एष तेभिऽहितः कृत्स्नो ब्रह्मवादस्य सङ्ग्रहः ।"- થી ઓગણત્રીસમા અધ્યાયમાં, ઉપસંહારમાં બ્રહ્મવાદ કહ્યો છે. આમ, ભગવાને ઉદ્ધવજીને સિદ્ધાન્ત રૂપે બ્રહ્મવાદ જ કહેલો છે ! અહીં, જો "यदिदं नश्वरं"- થી, માયિક જગત્ કહ્યુ છે, તો દ્વિતીય સ્કન્ધમાં - "ऋतेऽर्थं यत् प्रतीयेत....।"- માં કહેલ વિષયતા રૂપ માયિક જગત્ છે,- આન્તરાલિક કે બૌદ્ધ-પ્રપંચ પણ તે કહેવાય. "इन्द्रियायनसृष्ट्येदं"- અધ્યાય ૨૨માં "ईक्षेत विभ्रममिदं....।"- અધ્યાય ૧૩માં, તથા "त्वयुद्धवाश्रयति...।"- અધ્યાય ૧૯, વગેરેમાં પણ આવું માયિક જગત્ કહ્યું છે ! તેનું પ્રાકૃતત્વ- "द्वेऽस्य बीजे ।"- થી બારમા અધ્યાયમાં કહ્યું છે. સાંખ્યસ્મૃતિમાં કહેલ પ્રાકૃત જગત્ ! વૈરાગ્ય થવા માટે અહીં આ રીતે કહ્યું છે ! વૈદિક-વિશ્વ તો "स एष जीवो...।"- વગેરેથી બારમા અધ્યાયમાં છે, તથા "वागीयं वेदसंज्ञिता...।"- થી ચૌદમા અધ્યાયમાં કહ્યું છે. તેનું જ્ઞાન પ્રાકૃતાંકુરનો નાશ કરનારું છે ! અહીં, આ અધ્યાયમાં મહત્તત્ત્વનો નાશ થાય માટે, સંક્ષિપ્તજ્ઞાન કહેલું છે. ભક્તિની સુલભતા માટે જ આ જ્ઞાન કહેલું છે. ભક્તિથી સાયુજ્યમુક્તિ મળે ! ગીતાજીમાં પણ; ભગવાને અર્જુનને ૧૪મા અધ્યાયમાં જ્ઞાન-નિરૂપણ કરીને, પંદરમા અધ્યાયમાં, પોતાને પુરુષોત્તમ જાણીને ભજન કરવાનું કહ્યું છે. "यो मामेवमसम्मूढो जानाति पुरुषोत्तमम् । स सर्वविद् भजति मां सर्वभावेन भारत ॥"- "જે સંમોહ પામ્યા વિના મને પુરુષોત્તમને જાણે છે, તે સર્વજ્ઞ, સર્વભાવે મને ભજે છે !"

ભગવાને ઉદ્ધવજીને મુખ્ય - બ્રહ્મવાદનો ઉપદેશ મર્યાદા-પુષ્ટિ પ્રકારે કર્યો છે :

ઉદ્ધવજીએ તો પોતાને સ્વધામ લઈ જવા વિનંતી કરી છે; પણ ભગવાન્ તો જ્ઞાનપદેશ કરે છે ! તે ઉદ્ધવજીના અધિકારાનુસાર નથી ! ઉદ્ધવજીને પોતાનો ભક્તિનો અધિકાર સમજાયો નથી ! અધિકાર વગરની ઈચ્છા તો અધઃપતન કરાવે ! તે વિચારે, ઉદ્ધવજીએ જ્ઞાનસંબંધી પ્રશ્ન કર્યો, - "ભક્તિ વિના ત્યાગ દુર્લભ ! માયારચિત દેહાદિમાં અહંતા-મમતાના આગ્રહથી સંસારમોહ-મગ્ન સેવકને

સરલ ઉપદેશ કરો ! કે આપે કહેલું તત્ત્વ સમજી શકું ! આપના જેવો વક્તા તો દેવદુર્લભ ! બધા તો માયાથી મોહિત-બુદ્ધિવાળા ! હું વિરક્ત-બુદ્ધિવાળો આપને શરણે આવ્યો છું !" ભગવાને ઉદ્ધવનો અધિકાર-પ્રશ્ન સ્વત: વિચાર્યાં. અન્વય-વ્યતિરેક ભગવાનનું જ્ઞાન થતાં, દીધેલું જ્ઞાન ફલિત થશે, ભક્તિ કે બ્રહ્મપ્રાપ્તિ થશે,- તેમ વિચારીને અવધૂતકથા કહી ! અન્વય - વ્યતિરેકથી ભગવાનનો સર્વત્ર અનુભવ કરવાનું સામર્થ્ય ન હોય, ત્યારે આ કથા ઉપયોગી છે ! પોતાના અધિકારના જ્ઞાન વગરના ઉદ્ધવ જેવા યદુ ! તેણે જડગુરુ માનેલા ! પચીસ તત્ત્વોમાંથી અધ્યાસ દૂર થાય; પોતે તે તત્ત્વ રૂપ નથી, - એ બુદ્ધિ દૃઢ થાય, માટે ૨૫ ગુરુ ! તેમના ઉપદેશથી વૈરાગ્ય થાય, સમતા થાય. ત્રણ અધ્યાયમાં તેની કથા છે. કાયા-વાણી-મનના; કે જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ-એ બુદ્ધિની ત્રણ અવસ્થાના, દોષ તેથી દૂર થાય ! ભગવાનને ઉદ્ધવજી તો પ્રિય છે. તેથી ૧૦-૧૧ અધ્યાયમાં, આ ત્રણ અધ્યાયમાં આપેલું જ્ઞાન દૃઢ કરવા યુક્તિ કહે છે. ભક્ત ઉદ્ધવજી તો અધિકારી છે; છતાં દીન છે; તેથી પ્રસન્ન પ્રભુએ બારમા અધ્યાયમાં, યુક્તિ સાથે અનુગ્રહ-માર્ગ કહ્યો છે ! આમ, ૭ થી ૧૨ સુધીના ૭ અધ્યાયમાં, ઉદ્ધવજીને સ્વરૂપ-પ્રાપ્તિ માટે, ભગવાને મુખ્યજ્ઞાન બ્રહ્મવાદનો ઉપદેશ મર્યાદા-પુષ્ટિપ્રકારે કર્યો છે. અધિકાર વિના તે ન સમજાતાં, પછી હંસકથા કહી છે.

યદુને બ્રાહ્મણ-દત્તાત્રેયજીએ બુદ્ધિથી જેમની પાસેથી સમજ (વિવેકબુદ્ધિ) મળી હતી, તે ગુરુઓ ગણાવ્યા :

જિજ્ઞાસુ, શરણાગત ઉદ્ધવને કૃષ્ણે કહ્યું. શાસ્ત્ર કે આચાર્યે કહેલાં લોકતત્ત્વ સમજવામાં કુશલ લોકો તો પોતે જ, અશુભ વાસના-યુક્ત સંસારમાંથી પોતાનો ઉદ્ધાર કરે છે ! (આત્મા) પોતે પોતાનો ગુરુ છે, પ્રત્યક્ષ અને અનુમાનથી જ્ઞાન મેળવે છે ! મનુષ્ય-સૃષ્ટિ પ્રભુને પ્રિય છે. તે ભગવાનને શોધે-સમજે- ભજે છે ! પોતાના દાદા યદુને મળેલા નિર્લેપ, નિપુણ, અવધૂત દત્તાત્રેયની કથા કૃષ્ણે કહી. યદુએ સમર્થ, નિષ્ક્રિય, શાન્ત તે સાધુને અંત:કરણમાં આનંદનું કારણ પૂછ્યું. બ્રાહ્મણને બુદ્ધિથી જેમની પાસેથી (સમજ) વિવેકબુદ્ધિ મળી હતી, તે જ્ઞાનદ ગુરુ ગણાવ્યા.

पृथिवी वायुराकाशमापोऽग्निश्चन्द्रमारविः ।
कपोतोऽजगरः सिन्धुः पतङ्गो मधुकृद् गजः ॥ (३३)
मधुहा हरिणो मीनः पिङ्गला कुररोऽर्भकः ।
कुमारी शरकृत् सर्प ऊर्णनाभिः सुपेशकृत् ॥ (३४)

૧. પૃથ્વી; ૨. વાયુ; ૩. આકાશ; ૪. જલ; ૫. અગ્નિ; ૬. ચન્દ્ર; ૭. સૂર્ય; ૮. કપોત; ૯. અજગર; ૧૦. સમુદ્ર; ૧૧. પતંગિયું; ૧૨. મધમાખ; ૧૩. હાથી; ૧૪ મધ લઈ જનાર પારધી; ૧૫. હરિણ; ૧૬. મત્સ્ય; ૧૭. પિંગલા; ૧૮. ટીટોડો; ૧૯. બાલક; ૨૦. કુમારી; ૨૧. બાણ બનાવનાર; ૨૨. સર્પ; ૨૩. કરોળીઓ; ૨૪. ભ્રમર; આત્મશિક્ષા તેમનાથી મળી છે. પચીસમો ગુરુ-દેહ છેલ્લે કહેશે !

મહાભૂત દ્વારા જ્ઞાનથી તેમાંથી બનેલા પદાર્થમાંથી અધ્યાસ દૂર થાય ! પંચમહાભૂત - મન - બુદ્ધિ - અહંકાર - એ આઠ પ્રકૃતિનો અધ્યાસ ન રહે માટે પહેલા આઠ ગુરુ :

આમાંના પહેલા આઠ અહીં કહ્યા છે. પંચમહાભૂત, મન, બુદ્ધિ અને અહંકાર, - એ આઠ

પ્રકૃતિનો અધ્યાસ ન રહે ને ! મહાભૂત દ્વારા જ્ઞાનથી, તે મહાભૂતોમાંથી બનેલા પદાર્થમાંથી અધ્યાસ દૂર થાય. ચન્દ્ર પાસેથી મળેલું જ્ઞાન મનનો, સૂર્ય પાસેથી મળેલી સમજથી બુદ્ધિનો અને કપોતનો બોધ અહંકારનો અધ્યાસ દૂર કરે છે. (૧) પૃથ્વી, - વિષ્ણુપત્ની અને ભક્ત હોવા છતાં, ભૌતિક રૂપે સૌનો ભાર સહે, પાદપ્રહાર વગેરે અનેકવિધ અવજ્ઞા સહે, અચલ રહે. ક્ષમા સૌને કરે; તેમ મહાન્ છતાં માનવ, અપમાન-ભાર બધાનાં સહે, આધાર આપે ! પોતાના કલ્યાણના કાર્યમાં અચલ રહે, ક્ષમા સૌને કરે ! પૃથ્વી-પર્વત અને વનસ્પતિ રૂપે અન્યને ઉપયોગી બને છે; તેમ સાધુપુરુષ સર્વોપયોગી બનીને જીવે ! (૨) શ્વાસમાં અંદર લેવાતો વાયુ, - જ્ઞાનાદિ માટે દેહ ટકે, મન-વાણી વિકલ ન થાય, તેટલો જ આહાર-વિહાર રાખવા, ઈન્દ્રિય-લોલુપ ન થવા શિખવે છે. બહાર સંચરતો પવન - ગંધાદિનું સંર્પકથી વહન કરવા છતા નિર્લેપ રહે છે; તેમ સત્પુરુષો વિષય-વ્યક્તિ-દેહ વગેરેના સંપર્કથી વહન કરવા છતાં નિર્લેપ રહે છે, સત્પુરુષે વિષય-વ્યક્તિ-દેહ વગેરેના સંપર્કથી તેમાં આસક્ત ન થવું ! (૩) આકાશ, - સર્વવ્યાપક, છતાં નિર્લેપ; તેમ આત્મા - બ્રહ્મ સર્વવ્યાપક છતાં નિર્લેપ છે. કાલ વગેરે ધર્મોની તેની પર અસર થતી નથી ! (૪) જલ - સ્વભાવથી સ્વચ્છ, મધુર, શીતલ, પાવનરૂપ થતાં શિખવે છે ! (૫) અગ્નિ- તેજસ્વી થતાં ક્ષોભ ન પામતાં, મળે તેને માણતાં, શુદ્ધ કરતાં, ગુપ્ત કે પ્રકટ રહેતા શિખવે છે ! તે સમજાવે છે,- સર્વત્ર વિરાજતા, વિવિધ રૂપે ભાસતા, છતાં એક રૂપ છે, - ભગવાન્ ! ઉત્પત્તિનાશ દેહાદિનાં છે, આત્માનાં નથી ! તેમ પણ શિખવે છે. (૬) ચન્દ્ર, - દેહ કે ધનાદિનાં વૃદ્ધિ કે નાશમાં સમાન રહેતાં શિખવે છે ! (૭) સૂર્ય,- કિરણો દ્વારા જલ શોષે, પુનઃ વૃષ્ટિ રૂપે પાછુ દે; તેમ સમયે લે તેનો ક્ષોભ અને દે તેનું અભિમાન માનવે ન કરવું. (૮) કપોત,- કોઈની પણ સાથે અતિસ્નેહ કે પ્રસંગ કરનાર સંકટમાં મુકાય, બંધન મળે, નષ્ટ થાય; તેમ કપોત-પ્રસંગથી સમજાય. ઘરમાં પક્ષીની જેમ આસક્ત હોય, તે "આરૂઢચ્યુત" કહેવાય. મોક્ષ માટે મનુષ્યદેહ મળે, છતાં આસક્તિથી તે પતન પામે !

અધ્યાય : ૮

વિષય-વાસના-આશાઓ છૂટે, સત્ત્વ-રજઃ-તમ ન રહે, માટે નવ ગુરુ :

સત્ત્વ, રજઃ તમઃ ન રહે માટે, નવગુરુ અહીં કહ્યા છે ! ઈન્દ્રિયની વિષયવાસના અને આશાઓ છોડવા તે સમજાવે છે. કર્મમાર્ગમાં કર્મ કરવાં ઉત્તમ, જ્ઞાનમાર્ગમાં કર્મ ન કરવાં ઉત્તમ ! ગીતાના પાંચમા અધ્યાયમાં કર્મ કરવાનું તો સાધનદશાના વિચારે છે. અહીં, સિદ્ધદશાનો વિચાર છે, –

सुखमैन्द्रियकं राजन् स्वर्गे नरक एव च ।
देहिनां यद् यथा दुःखं तस्मान्नेच्छेत तद् बुधः ॥ (१)

ઈન્દ્રિયોનું સુખ તો સ્વર્ગ અને નરકમાં પણ મળે છે ! દેહધારીને ઈચ્છા વગર દુઃખ આવી પડે છે, તેમ સુખ પણ સમયે મળે છે ! સુજ્ઞે સુખની ઈચ્છા કરવી નહિ. (૧) અજગર, - ભગવદિચ્છાથી જે મળે તે આહારમાં સંતુષ્ટ રહેતાં; અને ન મળે તો પણ શાંત રહેતાં, શિખવે છે. આજીવિકા માટે આથડ્યા વિના ભગવદ્ભજન કરવું. (૨) સમુદ્ર, - બહારથી પ્રસન્ન, અંદરથી ગંભીર, જિતેન્દ્રિય, ક્ષોભરહિત, નિશ્ચલ રહેવું, - તેમ સમજાવે છે. સમૃદ્ધિમાં હર્ષ અને વિપત્તિમાં વિષાદ ન કરવો. (૩)

પતંગ,- માયારૂપ સ્ત્રીમાં આસક્ત ન થતાં શીખવે છે. રૂપમાં આસક્ત થતાં નાશ થાય ! (૪) મધુકર,- પુષ્પને પીડા ન થાય તેમ રસ લે, તેમ કોઈને પીડ્યા વગર સાર લેતાં શિખવે છે. મધુમક્ષિકા- મધ સંગ્રહ કરે, કોઈ લઈ જાય ! તે જરૂર પૂરતામાં વ્યવહાર ચલાવતાં શિખવે છે. (૫) હાથી,- સ્પર્શમાં આસક્ત બને તે બંધન પામે, તેમ શિખવે છે. સ્પર્શથી થતા ભોગો દુઃખનાં મૂલ જેવા છે. પ્રસંગવશાત્ પણ પરસ્ત્રી-સંગ ન કરવો ! (૬) મધ લઈ જનાર- અન્યનું અન્યાયથી મેળવે તેને સુખ ન મળે, તેમ શીખવે છે. મધ પારધી કષ્ટથી લાવે, છતાં બીજા ભોગ કરે છે. (૭) હરિણ,- ગીતમાં આસક્ત બને, મરે; તેમ સિનેમાનાં ગીત કે આકર્ષક વાતોમાં ફસાય તેનું અધઃપતન થાય, તેમ શિખવે છે. (૮) મત્સ્ય,- ખાવાના લોભે પકડાય, તેમ સ્વાદમાં આસક્ત બને તે પીડાય, આહાર-ત્યાગથી સર્વ-ઈન્દ્રિય જિતાય; પણ જીભની તો લોલુપતા વધે છે !

तावज्जितेन्द्रियो न स्याद् विजितान्येन्द्रियः पुमान् ।
न जयेद् रसनं यावज्जितं सर्वं जितेरसे ॥ (२१)

અન્ય ઈન્દ્રિયો જીતવા છતાં, માનવ, જીભ જીતે નહિ. ત્યાં સુધી તે જિતેન્દ્રિય નથી ! જીભ જિતી તેણે જગ જિત્યું ! વૃથાસ્વાદ અને વૃથાવાદ છોડતાં આ શિખવે છે. (૯) પિંગલા,- વિદેહનગરમાં દેહ વેચતાં, કાન્ત ન જડ્યો, એકાન્તમાં શ્રાન્ત થતાં શાન્ત થઈ ! વૈરાગ્યથી હૃદયમાં રમતા પતિ - શ્યામ સમજાયા. કૃષ્ણકૃપા હોય તો વિપત્તિમાં વૈરાગ્ય થાય, નહિ તો વિકલતા વધે ! પિંગલાએ આશા છોડી. આશા એક શ્યામની, બીજી આશ નિરાશ ! આ શિખવે છે. **"आशा हि परमं दुःखं नैराश्यं परमं सुखम् ।"**- આશા જ પરમ દુઃખ, નિરાશા પરમ સુખ ! આમાં, અજગર અને સમુદ્ર-કામનાઓ કાઢવા સમજાવે છે. પતંગ વગેરે પાંચ, ઈન્દ્રિયના પાંચ વિષયોમાં અનાસક્ત રહેવા સમજ દે છે - **"पतङ्गमातङ्गकुरङ्गमीना हताः पञ्चिभिरेव पञ्च । एकः प्रमादी स कथं न हन्यते यः सेवते पञ्चभिरेव पञ्च ॥"**- એક વિષયભોગે એક મરે છે - પ્રાણી ! તો પાંચ ઈન્દ્રિયોથી પાંચે વિષયો ભોગવતો પ્રમાદી કેમ ન મરે ? મધ લેનાર લોભથી અને પિંગલા આશાથી દૂર રહેતાં શિખવે છે. મધ્યમાધિકારવાળા માટે આ અધ્યાય છે.

અધ્યાય : ૯

કાંઈ ન હોવા છતાં નિરપેક્ષ, પ્રભુ-પરાયણ રહે, તે કૃતાર્થ બને : શબ્દતન્માત્રાના નાશ માટે આઠ ગુરુ :

(૧) ટીટોડો,- ટુકડા ખાદ્યના સંગ્રહથી પીડાયો. સાનુકૂલ લાગતી વસ્તુનો સંગ્રહ પણ શાંતિ શોષી લે છે ! સમજુને તો સંપત્તિ કે સંગ્રહ સિવાય પણ સુખ-શાંતિ સુલભ છે ! સ્વાર્થ માટે સંગ્રહખોર બને તે સમાજનો પણ શત્રુ ગણાય ! સદ્‌વિદ્યા પણ સુપાત્રને દેવા માટે છે. (૨) બાલક, - નિજાનંદ - નિમગ્ન, ચિંતારહિત, માનાપમાનથી પર, રહેતાં શિખવે છે. બાલકની ચિંતા તેના પાલકને હોય ! શરણાગતના સંરક્ષક તો સર્વસમર્થ ભગવાન, પછી ચિંતા શી ? ચિંતા વગરના બે, - (૧) સમજ વગરનો, (૨) ભગવાનની સમજવાળો ! (૩) કુમારી, - શિખવે છે, - **"एक एव चरेत्"**- બહુ સાથે રહે તો કલહ કરે, બે હોય તો વાતો કરે. એકાકી જ રહેવું ! મહેમાનો માટે ગુપ્ત રીતે ડાંગર ખાંડતાં, કુમારીના હાથે એક કંકણ રહ્યું, ત્યારે તેનો અવાજ ન થયો ને ! એકમાત્ર પ્રભુપરાયણ રહેવું.

(૪) બાણકાર, - પાસેથી રાજાની સ્વારી ગઈ, છતાં તેણે જાણ્યું નહિ ! એકાગ્ર બને તે ઉત્તમતા અને આનંદ માણે. તેને નિર્વાણ-કર્મપરંપરામાંથી મુક્તિ- મળે ! (૫) સર્પ, - ગુપ્ત રહે, સાવધ રહે; તેમ પ્રભુપરાયણે પ્રસિદ્ધિનો પ્રયત્ન કરવો નહીં. લોકસંગમાં સાવધ રહેવું! (૬) કરોળિયો, - પોતાની લાળથી જાળ કરે છે, ગળી પણ જાય છે ! ભગવાન્ પોતે પોતાનામાંથી વિશ્વને લીલા માટે પ્રકટ કરે છે, પોતાનામાં સમાવે છે પણ ખરા ! સર્વાધાર છે, - આનંદ રૂપ ભગવાન્ ! જાળ કરતાં કરતાં પડવા છતાં, પ્રયત્ન-પરાયણ, અન્યની મદદથી અપેક્ષા વગરનો, કરોળીઓ પ્રયત્ન પડતા મૂકતો નથી; તો સફલ થાય છે. જીવે પ્રભુ માટેના પ્રયત્ન પડતા ન મૂકવા, નિરપેક્ષ રહેવું ! આપણી પાસે કાંઈ ન હોવા છતાં સર્વકર્તા હરિ સર્વ દઈ શકે છે ! (૭) ભમરીએ પકડેલો કીડો, - ભયથી ભમરીનું ધ્યાન કરતાં ભમરી રૂપ બને છે ! "જે જેનું ચિંતન કરે, તે તેમય થઈ જાય; હરિ ચિંતવી હરિમય થવું, કીટભ્રમર ને ન્યાવ." ભાગવતમતે,- પૂર્વદેહ-નાશ અપેક્ષિત નથી ! આ જન્મે જ સેવોપયોગી દેહ મળે છે ! ભાગવતી-તનુ- તનુનવત્વ - થાય છે !

यत्र यत्र मनो देही धारयेत् सकलं धिया ।
स्नेहाद् द्वेषाद् भयाद् वापि याति तत्तत्सरूपताम् ॥ (२२)

સ્નેહ, દ્વેષ કે ભયથી જેમાં બુદ્ધિપૂર્વક મન રહે, તેના જેવો માનવ બની જાય ! ભગવાનમાં ચિત્ત રાખે, તે ભગવન્મય બને ! વ્યર્થ વાતો વિચારોથી, દુષ્ટોના ચિંતનથી, દોષ આપણને પણ અસર કરે ! (૮) દેહ, - "देहो गुरुर्मम"- દેહ-વૈરાગ્ય-વિવેકમાં હેતુરૂપ છે. મોક્ષ કે પ્રભુસેવાનું સાધન બને,- તેવું શરીર છે. સંસારી સૌ શરીરમાં પ્રીતિ કરી, શરીરસુખ માટે મથે છે; દેહ તો વૃક્ષ જેવો, તેમાં વિકાર થયા કરે છે; પોતાનો લાગે છતાં પારકો ! ઈન્દ્રિયો વિષયમાં આકર્ષે, ભોગ-રોગમાં માનવજીવન વ્યર્થ વેડફાય છે ! શરીરસુખ તો પશુને પણ મળે છે ! પ્રભુ તો પુરુષને પ્રકટ કરીને પ્રસન્ન થયા છે ! દુર્લભદેહ મનુષ્યને મળ્યો છે, અનિત્ય છે; છતાં નિત્યસુખનું સાધન તે થઈ શકે છે, - પ્રભુસેવા કે મોક્ષસાધનોથી ! સફલતા તેની તો શ્રીહરિના સાક્ષાત્કારમાં છે ! વૈરાગ્ય-પૂર્વક વિચારશીલ બનીને, મુક્તસંગ થઈને, નિરપેક્ષ અને નિરહંકારપણે, પ્રભુરત થઈને જીવવું ! સર્વત્રથી સારું અને સાચું સમજવું- સ્વીકારવું. બ્રહ્મ તો એક અને અદ્વિતીય છે, ઋષિયો બહુ પ્રકારે કહે છે. આમ, શિક્ષા દઈને, વંદન વગેરેથી સુપૂજિત વિપ્ર વિદાય થયા. યદુ સર્વસંગમુક્ત - સમદષ્ટિવાળા થયા. સત્સંગમાંથી શું ન મળે ? શબ્દતન્માત્રાનો નાશ આનાથી થાય.

અધ્યાય : ૧૦

કર્મથી પ્રાપ્ત થતાં લોક-(સુખ) ત્યાજ્ય છે ! :
ભાગવત-ધર્મ (સેવા-કથા) સાથે વિરોધ ન આવે તેમ વર્ણાશ્રમધર્મ તથા કુલાચારો પાળવા ! :

ત્રણ અધ્યાયમાં વૈરાગ્ય અને સમતા કહ્યાં. હવેના ત્રણમાં, મર્યાદાભક્તિ અને પુષ્ટિ-ભક્તિનું યુક્તિપૂર્વક નિરૂપણ છે. સર્વ-બાહ્યલોકનો તથા આસક્તિથી સંસારમાં બદ્ધજીવની બદ્ધદશાનો, ત્યાગ થાય માટે બાહ્યાભ્યન્તર યુક્તિયો કહી છે. દશમામાં,- કર્મથી પ્રાપ્ત થતા લોકને ત્યાજ્ય બતાવ્યા. અગિયારમામાં,- બદ્ધ-જીવદશાને ત્યાગયોગ્ય કહી છે. સ્પર્શ અને-રૂપ-તન્માત્રાનો નાશ તેનો અર્થ છે.

અનિત્ય સુખરૂપ સ્વર્ગાદિની કામના અને સંસારાસક્તિ છૂટે,- ભક્તિથી કે ભક્તસંગથી ! ભગવદિચ્છાથી તેનો લાભ મળે !

मयोदितेष्ववहितः स्वधर्मेषु मदाश्रयः ।
वर्णाश्रमकुलाचारमकामात्मा समाचरेत् ॥ (१)

ભગવાને કહેલા ભગવત્પ્રાપ્તિના ઉપાયો તે સ્વ-આત્મ-ધર્મ છે ! તેમાં પ્રમાદ ન કરવો. ભગવાનનો આશ્રય કરવો. વર્ણ અને આશ્રમના ધર્મો તો દેહધર્મો છે ! ભાગવત-ધર્મ સાથે વિરોધ ન આવે તેમ, વર્ણાશ્રમ-ધર્મો તથા કુલાચારનું પાલન કરવું ! તેમાં કાંઈ ફલની કામના રાખવી નહિ. "**सर्वथापि त एवोभयलिङ्गात् ।**"- સૂત્રમાં આવું પ્રતિપાદન છે. ભગવદ્ધર્મ - શ્રવણાદિ - મુખ્ય છે; બીજાં ગૌણ છે ! હતો એક બ્રાહ્મણ. ભક્ત ભગવાનનો. સેવા કરે. સોહની કરતાં (કચરો કાઢતાં) સાવરણીની દોરી તૂટી. ઝટ જનોઈ ત્યાં બાંધી દીધી ! સેવામાં વિલંબથી પ્રભુને પરિશ્રમ ન રહે ને ! સેવકપણું (સ્વધર્મ) મુખ્ય; બ્રાહ્મણપણું (દેહધર્મ) ગૌણ ! વિષયાસક્ત લોકો તો સુખના અનેક ઉદ્યમ કરીને પણ, અંતે ઉદ્વેગ જ પામે છે; મનોરથમાં મહાલે છે ! પ્રભુ-પરાયણે નિત્યકર્મ કરતાં, પ્રવૃત્તિનાં કર્મ છોડવાં; ભગવદ્-વિચાર-શીલે કર્મવિધિનો આદર કરવો નહિ ! ભગવન્નિષ્ઠ-ગુરુનું નિષ્કપટ ભાવે સેવન કરવું. અવિદ્યાથી થતા દેહ - વગેરેના અધ્યાસથી, ભગવદંશ રૂપ જીવને, અહંતા-મમતા રૂપ સંસારબંધન પ્રાપ્ત થાય છે. ગુરુ દ્વારા, વિદ્યાથી અવિદ્યા દૂર થાય, સઘળું ભગવદ્રૂપ સમજાય, બંધન ન રહે. સુખનાં સાધનોને પ્રવાહ રૂપે નિત્ય ગણતાં પણ, તે બધાં કર્મવશ મળે છે ! કર્મવશતામાં પુરુષાર્થ કયો ? કાલનો ભય સમજાય, તો કર્મથી મળતાં સુખમાં સ્વાદ શો લાગે ? લોકોનાં સુખમાં પણ, દુઃખો છુપાયેલાં જ છે ! કદાચ કોઈ વિઘ્ન વગર સફલ રીતે ધર્મ કરે, પુણ્યથી સ્વર્ગાદિ મળે, પણ ત્યાંય સ્પર્ધા અને ઈર્ષ્યા ખરાં ! પુણ્ય પૂરું થતાં, અનિચ્છાએ પણ સ્વર્ગમાંથી પતન થાય !

तावत् प्रमोदते स्वर्गे यावत् पुण्यं समाप्यते ।
क्षीणपुण्यः पतत्यर्वागनिच्छन् कालचोदितः ॥ (२६)

"**तद्यथेह कर्मचितो लोकः क्षीयते ।**"- શ્રુતિ છે. અધર્મ આચરે તો અધઃપતન થાય, નરક મળે ! બ્રહ્માજીને પણ આ કાલાત્મક કૃષ્ણનો ભય ખરો ! પ્રકૃતિના ગુણો અને કર્મથી બચવા, આ લોક કે પરલોકનાં સુખની ઈચ્છા છોડી, જીવે તો ભગવન્નિષ્ઠ થવું ! શરીરને ભજે તે સુખી ન થાય ! ઉદ્ધવે બદ્ધ-મુક્ત-જીવ-બાબતમાં પ્રશ્નો પૂછ્યા.

અધ્યાય : ૧૧

ભગવદંશ રૂપ જીવને અવિદ્યાથી બંધન અને વિદ્યાથી મુક્તિ મળે છે ! : સત્પુરુષોની આદત-ભક્તિ ! :

પ્રકૃતિના ગુણોથી જીવ બદ્ધ કે મુક્ત કહેવાય છે. બંધાય તે બદ્ધ ! છૂટે તે મુક્ત ! ભગવાન્ તો (માયા) પ્રકૃતિના નિયામક છે. તેમને બંધન કે મોક્ષ નથી ! "હું-મારું" - રૂપ સંસાર તો જીવે ખ્યાતિ (ભ્રમ)થી માન્યો છે ! તે વાસ્તવ નથી, સ્વપ્નની જેમ મિથ્યા છે ! ભગવાનની શક્તિ (માયા) એ નિર્મિત કરેલી છે, - અવિદ્યા અને વિદ્યા ! બન્ને પ્રભુની ચરણશક્તિ રૂપ છે ! ભગવદંશરૂપ-ચિદંશ-જીવને અવિદ્યાથી સંસાર-બંધન; અને વિદ્યાથી મોક્ષ મળે. સંસાર-બંધનવાળો આસક્ત-

બદ્ધજીવ; અને મુક્ત-અન્તરાત્મા, હૃદયમાં સાથે રહે છે ! જીવ અને પ્રેરક અંતર્યામી રૂપે ! - "गुहां प्रविष्टावात्मानौ हि तद्दर्शनात् ।"- સૂત્ર અને "द्वा सुपर्णा सयुजा...।"- શ્રુતિની સમાન કથન "सुपर्णावितौ ।"- માં છે. અવિદ્યાવાળો કર્મફલ-ભોગરત જીવ-નિત્યબદ્ધ ! નિર્લેપ અંતર્યામી-નિત્યમુક્ત ! અહંતા-મમતાથી, પોતાને કર્તા - ભોક્તા માનીને, જીવ ભવપ્રવાહમાં આથડે છે ! સર્વને પ્રભુવશ જાણનારને બંધન થતું નથી ! તે બધી ઈચ્છાઓને દૂર કરી દે, સાનુકૂલતા દેનારની સ્તુતિ કે પ્રતિકૂલતા દેનારની નિંદા ન કરે, ગુણ- દોષથી પર રહે, આત્મારામ રહે, મનન પ્રભુનું કરે ! જે શાસ્ત્ર સમજે છતાં, પ્રભુ-પરાયણ ન રહે, તેને શ્રમ સિવાય શું મળે ? ધીરપુરુષે પ્રભુસંબંધ વગરની વન્ધ્યવાણી ન બોલવી. મુમુક્ષુએ સર્વવ્યાપક- પ્રભુમાં ચિત્ત પરોવી, કષ્ટપ્રદ કર્મો છોડવાં. આમ, વ્યાપક બ્રહ્મમાં મન સ્થિર ન રહે તો, માનવ નિરપેક્ષપણે પ્રભુપ્રીત્યર્થ કર્મ કરે, કથારત રહે, ભગવદાશ્રયે રહે, ભગવત્સેવાની સાધન-પરંપરા રૂપે ધર્મ-અર્થ-કામનું સેવન કરે, તેને ભગવાનમાં અચલ-ભક્તિ થાય ! સત્સંગથી સ્નેહ થતાં, કૃષ્ણસેવા કરતો થાય, તેને સરલતાથી સત્પુરુષે કહેલ પરમપદ પ્રાપ્ત થાય. ભગવાને સાધુલક્ષણ ગણાવ્યાં. કૃપાલુ વગેરે ૨૮, તે સમજીને સત્સંગપૂર્વક, સર્વધર્મ છોડીને, કૃષ્ણને ભજે તે ઉત્તમ !

ज्ञात्वाज्ञात्वाथ ये वै मां यावान् यश्चास्मि यादृशः ।
भजन्त्यनन्यभावेन ते मे भक्ततमा मताः ॥ (३३)

"જેટલો-જે-જેવો-હું છું;-તે જ્ઞાનપૂર્વક કે અજ્ઞાનથી, અનન્યભાવે મને (કૃષ્ણને) ભજે તે શ્રેષ્ઠભક્ત માનેલો છે !" ભગવાન્ કૃષ્ણ અને કૃષ્ણભક્તનાં દર્શન, સેવા, સ્તુતિ, નમન, ગાન કરવાં ! કથામાં શ્રદ્ધા રાખવી; ચિંતન કરવું. સર્વલાભ (મળેલા)નો સેવામાં વિનિયોગ કરાવવો. દાસભાવથી (કૃષ્ણને) આત્મનિવેદન કરવું,- "दास्येनात्मनिवेदनम् ।" ભગવાનના ઉત્સવો મનાવવા, કીર્તન-સમાજ કરવા, યાત્રા કરવી. અન્નકૂટ-શરદ-રથયાત્રા વગેરે ઉત્સવ સમયે, સંપત્તિ પ્રમાણે ભોગ-શૃંગાર ધરવાં. વૈદિક કે ભક્તિશાસ્ત્રમાં કહેલ નામનિવેદન-બ્રહ્મ-સંબંધ વગેરે દીક્ષા લેવી ! એકાદશી, જયંતી વગેરે વૈષ્ણવતો કરવાં. સ્વતઃ કે એકઠા થઈને સેવાદિ-પ્રચારનો ઉદ્યમ કરવો ! પોતાને ત્યાં પ્રભુ પધરાવીને સેવા કરવી ! સેવામાં ઉપયોગી બગીચા વગેરેની પ્રવૃત્તિ કરવી. મંદિરને સ્વચ્છ, સુંદર રાખવાં. કાયા, કુટુંબ, કંચન અને કલાને કૃષ્ણસેવાથી કૃતાર્થ કરવાં ! "गृहशुश्रूषणं मह्यं दासवदमायया ।"- લોકો પુષ્ટિમાર્ગમાં "મંદિર" ભલે માને ! પણ ભાવના તો "નન્દઘર"ની છે ને ! મર્યાદામાં પણ "મંદિર" તો લોકો માટે, ભગવાન્ માટે તો પોતાનું "ઘર" ને ! "મારા (ભગવાનને) માટે ઘરમાં સેવા"- અર્થ લેતાં, પોતાના ઘરમાં પોતાના પરિવાર સાથે પોતાના પ્રભુની પ્રસન્નતા માટે સેવાનું વિધાન પણ સ્પષ્ટ છે ! દાસની જેમ, કપટ કે લાલચ કે બદલા વગર સેવા થાય, - માત્ર પ્રભુપ્રીત્યર્થ ! સેવા કરનારમાં ત્રણ ન જોઈએ,- (૧) અભિમાન, (૨) દંભ, (૩) કરેલી સેવાની જાહેરાત ! "अपि दीपावलोकं मे नोपयुञ्ज्यान्निवेदितम् ।"- અન્યના ઉપયોગમાં લીધેલી ચીજો સેવામાં વપરાય નહિ. કૃષ્ણની પ્રસાદી વસ્તુથી અન્યનું યજન થાય ! પ્રભુને નિવેદિત કરેલા દીપપ્રકાશનો પણ ઉપયોગ પોતાને માટે ન થાય; - આ આજ્ઞા મર્યાદામાર્ગાનુસાર છે ! "दत्तापहारवचनं तथा च सकलं हरेः । न ग्राह्यमिति वाक्यं हि भिन्नमार्गपरं मतम् ॥ सेवकानां यथा लोके व्यवहारः प्रसिध्यति ।

तथा कार्यं सम्पर्यैव सर्वेषां ब्रह्मता ततः ॥"- શ્રીમહાપ્રભુજી તો પુષ્ટિદાસધર્મ સ્પષ્ટ કરે છે. સેવક તો સ્વામીની પ્રસાદીથી જ જીવન-વ્યવહાર ચલાવે ને ! પ્રસાદી વસ્તુ તો ભગવદ્રૂપ- નિર્દોષ હોય. તેના ઉપયોગથી દોષ ન સંભવે ! નિર્દોષ ભગવાનની સેવાને યોગ્ય રહેવાય ! પોતાને પ્રિય હોય તે સઘળી ઉત્તમ વસ્તુઓ, પ્રેમથી નિવેદન કરવી, અક્ષયફલ થાય. અન્યફલની આશા- મર્યાદા ! પ્રભુની પ્રસન્નતાની આશા-પુષ્ટિ ! સૂર્ય-વગેરેમાં પૂજન, હોમાદિ, નિત્ય-નૈમિત્તિક કર્મ થાય ! અતિથિભોજન-ગોગ્રાસ દેવાં, વૈષ્ણવોને સ્વજન સમજવા, સમાદર કરવો. લોકોપયોગી કાર્યો પણ સેવાબુદ્ધિથી થાય ! મર્યાદામાં વિધિપ્રમાણે પૂજન કરવું, સદ્‌ભક્તિ થાય ! "मत्स्मृतिः साधुसेवया ।"- .ભગવદીય-સેવા અને સત્સંગથી કૃષ્ણસ્મૃતિ થાય, ભક્તિનિષ્ઠા થાય !

प्रायेण भक्तियोगेन सत्सङ्गेन विनोद्धव ।
नोपायो विद्यते सम्यक् प्रायणं हि सतामहम् ॥ (૪૮)

સત્સંગથી થતા ભક્તિયોગ વિના, કૃષ્ણપ્રાપ્તિનો પ્રાયઃ કોઈ સુયોગ્ય-સરલ-સફલ ઉપાય નથી ! કૃપાથી તો કૃષ્ણ સ્વતઃ મળે ને ! તેથી "प्रायेण" છે. સત્પુરુષોનું સર્વોત્તમ ફલ, પરમ-પુરુષાર્થ રૂપે પ્રાપ્ય, ભગવાન્ કૃષ્ણ જ છે ! "आप्रायणात्तत्रापि हि दृष्टम् ।"- સૂત્રમાં પણ આ કહ્યું છે. કૃષ્ણપ્રાપ્ત થતાં; દર્શન, સ્પર્શ, આલાપ વગેરે સ્પષ્ટ દૃષ્ટફલ મળે છે, અદૃષ્ટ રૂપ સાયુજ્ય નહિ ! શુદ્ધ-પુષ્ટિમાર્ગમાં અંગીકાર છે ને ! નહિ તો પૂર્વભાવસંપત્તિ કઈ રીતે થાય ? "तद्‌भूतस्य तु नातद्‌भावः ।"- શ્રુતિ છે. આ "કૃષ્ણપ્રાપ્તિ" જ ભગવદીયનું જીવનધ્યેય હોય ! આ પરમગુહ્ય - સુગોપ્ય વાત, ભગવાન્ પોતાના ભૃત્ય, સ્વજન, સખાને જ કહે ને !

અધ્યાય : ૧૨

પોતાના પ્રિય ભક્ત ઉદ્ધવજીને પ્રભુ પુષ્ટિભક્તિ કહે છે ! :
સત્સંગથી તો પ્રભુનો સંગ મળે, અન્યસંગ છૂટે ! : કેવલ ભાવ દ્વારા ભગવત્પ્રાપ્તિ ! :

પ્રભુ પોતાના પ્રિયને પુષ્ટિભક્તિ કહે છે. પરમગુહ્ય પણ પ્રિયને તો કહે ને ! ભગવાનની વિશિષ્ટકૃપાથી, પુષ્ટિમાર્ગીય- ભક્તના સત્સંગથી, માનવને ભગવાનમાં નિરુપાધિ, સર્વાધિક, સુદૃઢ પ્રીતિ થાય, પુરુષોત્તમ ભગવાન્ તેને વશ થાય ! સર્વસંસાર - આસક્તિને દૂર કરનારા સત્સંગથી ભગવાન્ જેવા વશ થાય, તેવા યોગ, સાંખ્ય, ધર્માદિ-મર્યાદામાર્ગનાં સાધનો દ્વારા વશ થતા નથી ! "यथावरुन्धे सत्सङ्गः सर्वसङ्गापहो हि माम् ।"- સાચો પુષ્ટિમાર્ગીય સત્સંગ જેને મળે તેના તો અન્યસંગ સઘળા છૂટી જાય ! ભગવાન્ માટે જ ભગવદીયોનો સંગ તે,- સત્સંગ ! શ્રીહરિના સંયોગ માટેનો સંતાપ, તેથી સ્વાભાવિક થાય. મર્યાદાભક્તિ અને પુષ્ટિ-ભક્તિમાં પણ સત્સંગ સરલતાથી સફલ બનાવે છે. દૈત્ય, રાક્ષસ, દેવ, માનવ, સ્ત્રી, શૂદ્ર, હીન વગેરે અનેકને સત્સંગથી પ્રભુપદપ્રાપ્તિ થઈ !

ते नाधीतश्रुतिगणा नोपासितमहत्तमाः ।
अव्रतातप्ततपसः सत्सङ्गान्मामुपागताः ॥ (૭)

તે સૌ શ્રુતિસમુચ્ચય શીખ્યાં નથી, તેમણે શ્રેષ્ઠ મહાત્માઓની ઉપાસના કરી નથી, વ્રત કે તપઃ કર્યાં નથી. સૌને સત્સંગ દ્વારા જ કૃષ્ણપ્રાપ્તિ થઈ છે. મર્યાદામાં તો સાધન સંભવે, ભાવપ્રદાન

હોય પુષ્ટિમાં !

केवलेन हि भावेन गोप्यो गावः खगा मृगाः ।
येऽन्येमूढधियो नागाः सिद्धा मामीयुरञ्जसा ॥ (८)

"કેવલભાવ દ્વારા જ; ગોપી, ગાય, પક્ષીઓ,મૃગ, બીજાં મૂઢબુદ્ધિવાળાં, હાથી, સિદ્ધો, સૌ કોઈ પણ સાધન વગર મને (કૃષ્ણને) પ્રાપ્ત થઈ ગયાં !" સર્વસાધનથી, પ્રયત્ન છતાં, પ્રાપ્ત ન થતાં; પરમ-ફલરૂપ, પુરુષોત્તમ શ્રીકૃષ્ણ, નિઃસાધન દીન ભક્તોને સુલભ થઈ ગયા ! ભગવાને સ્વતઃ પુષ્ટિભક્તોને સ્મરતાં, જાણે ભાવાંજલિ દીધી !

સર્વાત્મભાવવાળાં રાસપ્રાપ્ત શ્રીગોપીજન !

रामेण सार्धं मथुरां प्रणीते श्वाफल्किना मय्यनुरक्तचित्ताः ।
विगाढभावेन न मे वियोगतीव्राधयोऽन्यं ददृशुः सुखाय ॥ (१०)

બલરામજી સાથે ભગવાનને અક્રૂરજી મથુરા લઈ ગયા, ત્યારે ભગવાનમાં અનુરક્ત-ચિત્તવાળાં શ્રીગોપીજનને વિયોગથી તીવ્ર મનોદુઃખ થયું ! તે વિગાઢભાવે, સુખ માટે ભગવાન્ સિવાય અન્ય કોઈ દેખાયું નહિ ! શાસ્ત્રમાં કહેલી ભક્તિથી સ્વતંત્ર, સ્વાભાવિક, સર્વોત્કૃષ્ટ, સુદૃઢ-સ્નેહ છે, - વિગાઢભાવ ! તેનાથી ભગવાન્ સિવાય અન્ય કાંઈ શ્રીગોપીજન જોતાં નથી ! અરે ! ભગવત્સુખ માટે પણ પોતાના સિવાય અન્ય કોઈ દેખાયું નહિ !! ભગવાન્ વિના ક્ષણ પણ રહી ન શકતા પ્રિયાજીઓને તો, ભગવાનને થતા ગોપીજન-વિરહના વિચારે, પોતાના દુઃખ કરતાં પણ, પ્રિય પ્રભુનું દુઃખ અસહ્ય લાગે છે ! પુષ્ટિપ્રેમ છે ને !

तास्ताः क्षपाः प्रेष्ठतमेन नीता मयैव वृन्दावनगोचरेण ।
क्षणार्धवत्ताः पुनरङ्ग तासां हीना मया कल्पसमा बभूवुः ॥ (११)

શ્રીગોપીજને તો પહેલાં માણેલું સુખ પણ દુઃખપ્રદ થયું ! પ્રભુ તો શ્રીગોપીજનને "પ્રિયતમ" નહિ, પણ "પ્રેષ્ઠતમ" છે ! તેમના સંગમાં અર્ધક્ષણની જેમ વીતેલી તે રાત્રીઓ વિયોગમાં તો કલ્પ જેવી થઈ ગઈ ! શ્રીગોપીજન અને ભગવાન્ બંનેને પરસ્પર છેને ! દિવસે ગોચારણમાં પધારતા પ્રભુના વિયોગથી તો, ક્ષણાર્ધ પણ કલ્પ જેવી લાગે છે ! પ્રભુ તો તેમના પ્રેષ્ઠતમ છે ને ! તે રાત્રીઓ તો નિત્ય છે. તેમાં કૃષ્ણસંબંધનો મહિમા છે ! "वृन्दावनगोचरेण"- વૃન્દાવનમાં નિત્ય પ્રકટ વિહરે છે, - ભગવાન્ ! રસના અધિક - વિચિત્ર અનુભવ માટે તિરોહિત પણ થાય છે !

ता नाविदन् मय्यनुषङ्गबद्धधियः स्वमात्मानमदस्तथेदम् ।
यथा समाधौ मुनयोऽब्धितोये नद्यः प्रविष्टा इव नामरूपे ॥ (१२)

કૃષ્ણાસક્ત-બુદ્ધિવાળાં શ્રીગોપીજનને તો, આ વિગાઢભાવથી પોતાને પોતાનાં પણ નહિ, માત્ર પ્રભુનાં માન્યાં છે ! જો આત્માને પણ પોતાનો તેમણે માન્યો હોત, તો વિયોગદુઃખ સહીને જીવવાનો યત્ન ન કરત; પણ દુઃખ દૂર કરવા પ્રયત્ન કરત ! આ તો ભગવાનના સ્વરૂપને સ્મરતાં, નામરટણ - ગુણગાનમાં મગ્ન થઈ ગયાં છે ! પ્રિય પ્રભુ માટે જીવનરક્ષા કરે છે. "दुस्त्यजस्तत्कथार्थः"- કથાર્થ તો શ્રીગોપીજનથી

છૂટે તેમ નથી ને ! મુનિ રૂપ પક્ષીઓ વેણુનાદના રસાહ્‌લાદને માણતાં, નાદાત્મક-વેણુશબ્દરૂપ - કૃષ્ણસ્વરૂપમાં મગ્ન થઈ ગયાં છે ને ! જાણે સમાધિ લાગી ! આંખથી દર્શનનો દુર્લભ આહ્‌લાદ પણ છોડીને, બંધ નેત્રે નાદસ્વાદ માણે છે ! ભગવાનને રસ વધે માટે તો, તે મનનનું મૌન તોડીને, કોમલ કૂજન કરે છે ! તો રસસરિતા શાં શ્રીગોપીજન તો, રસસાગર કૃષ્ણમાં જ સંગમ સાધે ને !

અંતર્ગૃહગતા શ્રીગોપીજનને જારભાવે ભગવત્પ્રાપ્તિ ! :

मत्कामा रमणं जारमत्स्वरूपविदोऽबलाः ।
ब्रह्म मां परमं प्रापुः सङ्गाच्छतसहस्रशः ॥ (१३)

શ્રીગોપીજને તો પોતાના કામભાવે નહિ, રસાત્મક કૃષ્ણની રસભોગ કામના જાણીને, પરકીયાભાવે ભજન કર્યું છે ! રસાનુભવ અધિક થાય ને ! સંસારને જીર્ણ - નષ્ટ - કરે તેવા જાર છે,- જગદીશ, રસરૂપ કૃષ્ણ ! રસશાસ્ત્રમાં પરકીયાભાવ ઉત્તમ ! રસરૂપા શ્રીગોપીજન તો આ પુરુષોત્તમ- સ્વરૂપ યથાર્થ સમજે છે. શાસ્ત્રીય-સાધનબલ વગરનાં તે અબલા છે ! ભક્તની નિઃસાધનતા - દીનતા- સાધન છે,- આ સ્વરૂપલાભનું ! પુષ્ટિ છે ને ! "स्वरूपबलेन स्वप्रापणं पुष्टिः ।"- કૃષ્ણ પોતાના સ્વરૂપબલથી સ્વપ્રાપ્તિ કરાવે તે, - પુષ્ટિ ! શ્રીગોપીજનના સંગે તો સેંકડો - હજારો જીવો પુરુષોત્તમને પ્રાપ્ત થઈ ગયા ! તેથી આ કાકતાલીયન્યાય નથી, સ્વતંત્ર - સફલ ભગવન્માર્ગ છે ! આવાં શ્રીગોપીજનનું ફલસ્વરૂપ તો શું કહેવું ? ! નિત્ય-લીલાસ્થિત છે ને ! આમ, ઉદ્ધવજીને પણ ભગવાને શ્રીગોપીજનનું અનુકરણ કરવા સમજાવી દીધું, - "मत्स्वरूपाविदोऽबलाः ।"- પાઠ પણ દેખાય છે ! જ્ઞાન વગર, પણ સ્નેહથી જ સંગથી શ્રીગોપીજનને પ્રભુપ્રાપ્ત થયા છે ! પુષ્ટિ છે ને ! અહીં, "जारबुद्धयापि संगताः ।"- માં કહેલાં, અંતર્ગૃહગતાઓનો ઉલ્લેખ છે. સર્વાત્મભાવવાળાં, રાસસ્થનો ઉલ્લેખ આગળના શ્લોકોમાં થયો છે. તેમને ઉદ્ધવ સાથે સંદેશથી અને કુરુક્ષેત્રમાં પોતે જ્ઞાન દીધું છે,- ભક્તિના અંગ રૂપે ! સમજીને સેવે તો રસ માણતાં અધિક આહ્‌લાદ અનુભવાયને ! ફલ માટે તેમને જ્ઞાન ન જ હોય. ઉદ્ધવજીએ તો વ્રજમાં પ્રત્યક્ષ સત્સંગલાભ પણ માણ્યો છે ને ! શ્રીગોપીજનનું સ્વરૂપ પણ કોણ સમજી શકે ? ! મધુરાધિપતિના માધુર્યને માણતાં તેમને ઐશ્વર્યની અપેક્ષા પણ રહી નથી !

तस्मात्त्वमुद्धवोत्सृज्य चोदनां प्रतिचोदनाम् ।
प्रवृत्तं च निवृत्तं च श्रोतव्यं श्रुतमेव च ॥ (१४)
मामेकमेव शरणमात्मानं सर्वदेहिनाम् ।
याहि सर्वात्मभावेन मया स्या ह्यकुतोभयम्ः॥ (१५)

"તેથી, હે ઉદ્ધવ ! વિધિ-નિષેધ; પ્રવૃત્તિ-નિવૃત્તિ; શ્રોતવ્ય-શ્રુત; વગેરે સર્વ કાંઈ છોડીને, સર્વપ્રાણીઓના આત્મારૂપ માત્ર મારે એકને શરણે સર્વાત્મભાવે આવ ! મારા સ્વરૂપબલથી સર્વ તરફથી તું નિર્ભય થા !" અર્જુન અને ઉદ્ધવજી બંને પ્રભુના પ્રિયસખા; બંનેને ગીતાજી અને ભાગવતજીમાં, તેમના અધિકારાનુસાર, મર્યાદા-પુષ્ટિભેદે, ભગવાને પોતાની અનન્ય-શરણાગતિ જ સરલ ઉપાય રૂપે બતાવી છે ! સૌને આ સૂચક છે ને !

ઉદ્ધવજી તો સાંભળીને સંશયમાં પડ્યા. ભગવાને તો ૭ થી ૧૨ અધ્યાયમાં જ્ઞાન અને ભક્તિમાર્ગ કહ્યા, તેથી બંનેની તુલ્યતા લાગે. તે સંદેહનું સમાધાન યુક્તિપૂર્વકની સમજથી થાય, માત્ર શાસનથી નહિ ! ભગવાન્ તે માટે હવે, જ્ઞાનમાં (૧) ત્યજવા યોગ્ય માયિક જગત્ અને (૨) યથાર્થ બ્રહ્મરૂપ જગતનાં મૂલ, મધ્ય અને અંત કહે છે. ભક્તિમાં પણ, - (૧) બાહ્ય-સત્સંગ અને (૨) આંતર-શરણાગતિ બે સાધન કહ્યાં ને ! ઉદ્ધવજીને ભક્તિમાં સંદેહ થયો નથી ! તે તો ભક્તિના સુપાત્ર અધિકારી છે, તેથી તો ભગવાને, સ્વતંત્રરીતે, અધ્યાય ૧૧ના શ્લોક ૩૨થી અધ્યાય ૧૨ના શ્લોક ૧૫ સુધી, મર્યાદાભક્તિ અને પુષ્ટિભક્તિ કહી છે ! નહિ તો, ઉપાસનાના અંગરૂપ ભક્તિ તો અધ્યાય ૧૧ના શ્લોક ૨૨થી ૨૫માં કહી છે જ ને ! આમ, જ્ઞાનનો ઉપદેશ પણ ભગવાને ભક્તિ પ્રાપ્ત થવા માટે જ કર્યો છે, તેથી ઉપદેશ મુખ્યત્વે ભક્તિનો જ છે ! ભગવાને શંકાનું સમાધાન દેતાં, નામ- પ્રપંચ (શબ્દસૃષ્ટિ)ની સમજ દીધી.

ભગવાનની શબ્દસૃષ્ટિ-લીલા ! ભગવદ્રૂપ- "જગત્" અને જીવકલ્પિત-મિથ્યા "સંસાર"નો ભેદ !:

स एष जीवो विवरप्रसूतिः प्राणेन घोषेण गुहां प्रविष्टः ।
मनोमयं सूक्ष्ममुपेत्य रूपं मात्रा स्वरो वर्ण इति स्थविष्ठः ॥ (१७)

"**जीवतीति जीवः ।**"- "જીવે તે જીવ ! તે પ્રાણધારણ - પ્રયત્નવાન્ નહિ, પણ "**जीवयतीति जीवः ।**"- જીવાડે તે- જીવ ! અહીં કહેલ છે. "**सूत्रं महान्तं प्रवदन्ति जीवम् ।**"- જીવનો મુખ્ય ઉપાધિભૂત સૂત્રાત્મા પ્રાણ - આસન્ય, જીવ શબ્દથી અહીં કહેલ છે ! તે આ સૂત્રાત્મા, આસન્ય મુખ્ય-પ્રાણ ભગવાન્, નામરૂપ-પ્રપંચમાં શબ્દ રૂપે પ્રકટ થાય છે. નાદયુક્ત પ્રાણસહિત આકાશ-ગુહામાં પ્રવેશ કરે છે. સૂક્ષ્મ મનોમય-રૂપ - વેદશરીરને તે ગ્રહણ કરે છે. તે સૂત્રમાત્ર શબ્દબ્રહ્મ-રૂપ વેદ ભગવાન્, સ્થૂલ - વૈખરી- વાણી રૂપ થતાં, માત્રા - સ્વર - વર્ણ એ રૂપે પ્રકટે છે. મૂલાધારચક્રમાં - પરાવાણી; હૃદયમાં - પશ્યન્તી; કંઠમાં - મધ્યમા; અને જિહ્વા દ્વારા સ્પષ્ટ - વૈખરી રૂપે પ્રકટે છે ! વિજ્ઞાનમય જીવ અને મનોમય - વેદ; રૂપ અને નામસૃષ્ટિનો વિસ્તાર કરે છે. આ જીવ - મન, બંને પ્રાકૃત નથી, નિત્યસિદ્ધ છે ! અવિકૃત ભગવદ્ગુણ રૂપ જ્ઞાન વેદ સ્વરૂપે પ્રકટ થાય છે ! લાકડામાંનો સૂક્ષ્મ અગ્નિ ઘર્ષણથી તણખા રૂપે પ્રકટે, હોમથી વધે, તેમ, "**तथैव मे व्यक्तिरियं हि वाणी ।**"- આ વાણી મારી અભિવ્યક્તિ-પ્રાકટ્ય-છે. આ વેદવાણી મધ્યરૂપ ! "**विश्लिष्टशक्तिर्बहुधेव भाति ।**"- વિભક્ત થયેલી શક્તિ અનેક પ્રકારની હોય તેમ પ્રકાશે છે. - અંતરૂપ ! "**अयं हि जीवस्त्रिवृदब्जयोनिः ।**"- આ જ પ્રાણપ્રદ પરમેશ્વર (જીવ), ત્રિસર્ગ રૂપ-જગતના કારણભૂત છે. આ છે, - આદિરૂપ ! જેમ વસ્ત્ર તાણાવાણામાં સ્થિર - ઓતપ્રોત - છે; તેમ ભગવાનમાં વિશ્વ છે. - આ છે, - ભગવદ્રૂપ નામ - રૂપાત્મક સત્ય જગત્ ! એક જ ભગવાન્ શક્તિ - વિભાગથી અનેક રૂપ બને છે ! અનેક રૂપ હોવા છતાં, મૂલરૂપે એક જ છે. "**य एषः संसारतरुः पुराणः ।**"- આ પ્રાચીન સંસારવૃક્ષ છે." - થી, જીવે "જગત્"માં અવિદ્યાથી કલ્પેલો, "અહંતા- મમતાત્મક"- "સંસાર" છે, "જગત્"થી "સંસાર" જુદો છે. "**द्वे अस्य बीजे...**"- પ્રકૃતિ-પુરુષ બે તેનાં બીજ, - આ આદિરૂપ ! "**शतमूलः**"- વાસનામય સો મૂલવાળો - આ મધ્યરૂપ; અને "**मायामयं वेद**"- તેને માયામય જાણે - આ અંતરૂપ ! આ અંતરાસૃષ્ટિ

રૂપ વિષયતા (ભ્રમ)-થી પ્રતીત થતું, માયામય જગત્ છે; તે મિથ્યા છે! આમ, ભગવદ્રૂપ અને માયામય જગતનું શ્લિષ્ટવર્ણન છે! તેથી લોકો ભ્રમથી, આ દેખાતા ભગવદ્રૂપ સત્ય જગતને મિથ્યા માને છે! "જગત્" અને "સંસાર"નો ભેદ જાણતા નથી, શ્રીવલ્લભાચાર્યજીએ તે સ્પષ્ટ કર્યો છે. "જગત્" તો સત્ય છે, ભગવદ્રૂપ છે. જીવે તેમાં અવિદ્યાથી કલ્પેલો "સંસાર" મિથ્યા છે. ગીધ જેવા લોલુપલોકો સંસારમગ્ન રહે છે; હંસ જેવા વિવેકિજનો સંસારથી પર પ્રભુને ભજે છે! ગુરુકૃપાથી, ઉપાસનાપ્રાપ્ત-ભક્તિથી, વિદ્યાથી, સંસારવૃક્ષ છેદાય; પરમાત્મપ્રાપ્તિ થાય; પછી વિદ્યા પણ છોડવાની!

અધ્યાય : ૧૩

ગુણપોષણ માટે સેવનીય દશ!:

માયિક-જગત્ સમજાય અને સાચું જ્ઞાન થાય, તે માટે સત્ત્વાદિ - ગુણો સમજાવે છે; તેથી મનના સંકલ્પ-વિકલ્પ, બંધનપ્રદ બાહ્યકર્મ, વગેરે દોષો દૂર થાય ને! સત્ત્વ, રજઃ અને તમઃ - બુદ્ધિના ગુણો છે, આત્માના નહિ! સત્ત્વગુણથી બીજા બે શાંત થાય. પ્રાકૃત-સત્ત્વગુણ પણ શુદ્ધસત્ત્વથી શાંત થાય! સત્ત્વગુણની વૃદ્ધિ થતાં ભગવાનની ભક્તિ રૂપ લક્ષણવાળો ધર્મ થાય.

आगमोऽर्थः प्रजा देशः कालः कर्म च जन्म च।
ध्यानं मन्त्रोऽथ संस्कारो दशैते गुणहेतवः ॥ (४)

(૧) શાસ્ત્ર - વિદ્યાભ્યાસ કે પુસ્તકસેવન, (૨) અર્થ -(પાણી વગેરે પીણાં),ભોજ્ય પદાર્થાદિ, (૩) પ્રજા - સમાજ, સ્વજનસંપર્ક, (૪) દેશ - વસવાનું કે પ્રવૃત્તિનું સ્થલ! (૫) કાલ - સમય, સંયોગ! (૬) કર્મ - પ્રવૃત્તિ, કામ, ધંધો વગેરે, (૭) જન્મ - કુલપરંપરા, સંબંધ! (૮) ધ્યાન- વાતો, વિચારો, સ્મરણ વગેરે! (૯) મંત્ર - ગુપ્તવાતો, જપમંત્ર. (૧૦) સંસ્કાર - દીક્ષા, શુદ્ધિપ્રક્રિયા, - આ દશ, જેવા ગુણવાળાં સેવીએ, તેવા થવાય! શાસ્ત્રજ્ઞ સત્પુરુષો આ દશમાં જેને ઉત્તમ ગણે તે સાત્ત્વિક; નિંદા કરે તે તામસ; અને ઉપેક્ષા કરે તે રાજસ સમજવાં! સાત્ત્વિકના સેવનથી સત્ત્વ વધે, તો ઉત્તમમાં અભિરુચિ થાય, ઉન્નત થવાય, ઉદ્ધાર થાય! જીવનમાં ઉપયોગી બધી જ વસ્તુઓમાં વિવેક-બુદ્ધિથી વિચાર કરીને વ્યવહાર થાય. દુનિયામાં દેખાય છે, તો આકર્ષક અને ઉપયોગી પણ લાગે તેવી અનેક ચીજો; પણ તે તો બધી ઉત્તમ થવા ઈચ્છનાર માટે નથી! વૃક્ષના શરીરમાંથી નીકળતાં ફલ માનવ ખાય, પણ માનવ-શરીરમાંથી નીકળતો મલ ખાય ખરો? - કદાચ તેનું ખાતર બનાવે, પણ ખાય તો નહિ ને! કૂતરાં તો તે ખાતાં દેખાય છે, તેથી તે ઉપયોગી તો છે! કોઈનું ખાદ્ય તો ગણાય, છતાં ઉત્તમ, વિવેકી, સમજુ માનવ તો તે ન ખાય ને! તેમ; મનને મલિન બનાવે તેવા ખાવા-પીવાના કે વાપરવાના પદાર્થો, વિવેકી માનવથી ખવાય, પીવાય કે વપરાય નહિ! તનની દૃષ્ટિએ આયુર્વેદ કદાચ કોઈ વસ્તુઓને ઉત્તમ કહે; પણ મનની દૃષ્ટિએ વેદ - ધર્મશાસ્ત્ર તે વસ્તુઓને હીન પણ ગણાવે! તનની તંદુરસ્તી કરતાં મનની તંદુરસ્તી મુખ્ય ગણે તે, ઉન્નતિ કે મુક્તિ કે ભક્તિ ઈચ્છનાર માનવ તો વિવેક રાખે! ભગવાને તો જુદા જુદા અધિકારવાળા માટે જુદું જુદું બધું બનાવ્યું છે, તે સઘળું સૌને માટે ન હોય ને! નહિ તો, પશુ અને માનવમાં ફેર શો? અધમ અને ઉત્તમમાં ભેદ શો? ધૈર્યપૂર્વક આમ સાત્ત્વિક-સેવનથી વાસનાઓ વિદાય થાય, શાંતિ સ્વતઃ મળે! આ દશે વસ્તુ

પ્રભુસંબંધવાળી હોય તો પ્રયાસ વગર પાવન થવાય, પ્રસન્ન રહેવાય ! આ ભાન વગર ભોગ કરતા - ભટકતા માનવોને, વાસનાઓ વ્યગ્ર બનાવે, શાંતિ શોધતાંય ન જડે, જીવનભર જલ્યા કરે ! આમ આથડનારને કોઈ અનર્થમાંથી અટકાવવા મથે, ઉપદેશ કે આદેશ દે, તો તે પણ ક્યારેક અણગમતાં થઈ પડે છે ને ! ડાહ્યા માણસે તો પ્રમાદ છોડવો, પ્રયત્ન કરવો ! સર્વમાંથી ચિત્તને પાછું ખેંચીને પ્રભુમાં પરોવવું. આ પ્રભુપરાયણ બનાવતો "એકાન્તિક-યોગ" છે. ભગવાનને હંસ રૂપે બ્રહ્મા અને સનકાદિકને તે કહેલો. હંસ તો દૂધમાં ભળેલા પાણીને જુદું પાડે, છોડે; દૂધ પીએ ! - તે પ્રસિદ્ધ છે. ગુરુ રૂપ હંસે દૂધ જેવા ભગવદ્રૂપ આ સત્ય જગતને સ્પષ્ટ જુદું બતાવ્યું.

"હંસગીતા" ! - ભગવાને હંસ રૂપે સ્પષ્ટ રીતે જગત્‌ને બ્રહ્મ-સત્ય-રૂપે જુદું બતાવ્યું !

મનસા વચસા દૃષ્ટયા ગૃહ્યતેઽન્યૈરપીન્દ્રિયૈઃ ।
અહમેવ ન મત્તોઽન્યદિતિ બુધ્યધ્વમઞ્જસા ॥ (૨૪)

"મનથી, વાણીથી, દષ્ટિથી અને અન્ય-ઈન્દ્રિયોથી મારું (ભગવાનનું) જ ગ્રહણ થાય છે. આ જગદ્રૂપે સમજાતુ કહેવાતુ, કે સંભળાતું, દેખાતું વગેરે સર્વ કાંઈ ભગવાન્ છે, ભગવાન્ વિના બીજું કાંઈ છે નહિ. સરલતાથી આ સમજો !" અવધૂતના ૨૪ ગુરુઓનો ઉપદેશ, ગુણરૂપ અંતઃકરણની ભેદદષ્ટિરૂપ દોષ દૂર કરી શક્યો નહિ, તેથી આ અભેદનો ઉપદેશ છે ! દત્તે દેહને પારકો કહેલો, અહીં તો દેહદષ્ટિ જ રહેતી નથી ! સનકાદિને યોગની સૂક્ષ્મગતિ ન સમજાવી શકતાં મૂંઝાયેલા બ્રહ્મા પાસે હંસ આવ્યા ! "આપ કોણ ?" - સૌએ પૂછ્યું. હંસે ઉત્તરમાં સમજાવ્યું, (આત્મા) વસ્તુ પરમાત્માથી જુદી નથી, તો આ પ્રશ્ન યોગ્ય ખરો ? દેહ તો સૌના સરખા,- પંચમહાભૂતના, પછી પ્રશ્ન નિરર્થક છે ! સર્વ ભગવાન્ છે, છતાં જીવના દેહસંબંધ-નિમિત્તથી, ગુણ અને ચિત્ત પરસ્પર ત્યાગ કરતાં નથી, તેથી સંસાર જ વધતો રહે છે ! દેહમાં, "હું છું"નું ભાન અહંકાર, તેથી મમતા થાય - બંધન વધે ! પ્રાકૃત ત્રણ ગુણોના સતત સેવનથી ચિત્ત તેમાં પ્રવેશે છે. તે ગુણો, વાસનાયુક્ત ચિત્તમાંથી સતત ઉત્પન્ન પણ થયા કરે છે ! જીવ ભગવાનમાં મગ્ન થતાં, વાસનામય ચિત્ત અને પ્રાકૃતગુણોનો ત્યાગ થાય. આ સંભવે ચાર રીતે - (૧) અતિશ્રદ્ધાથી, (૨) ભક્તિથી, (૩) ભગવદાવેશથી, (૪) પરમભક્તિથી, - ભગવાનમાં પ્રવેશ મળતાં ! પરમભક્તિ મળે બ્રહ્મભાવ પછી ! બ્રહ્મભાવ મળે શુદ્ધબુદ્ધિથી શાંતિ થતાં ! આ શુદ્ધિ અને શાંતિ મળે,- ચિત્ત અને ગુણોના પરસ્પર ત્યાગથી ! આ ત્યાગ સંભવે,- ભેદબુદ્ધિ દૂર થતાં ! તે દૂર થાય ભગવદાવેશથી- ભગવદ્‌ભાવથી. તે માટે, "સર્વ ભગવાન્ છે," - તે જ્ઞાન, યુક્તિપૂર્વક બુદ્ધિમાં દૃઢ થવું જોઈએ ! ગુણથી બુદ્ધિની ત્રણ અવસ્થા છે. - (૧) જાગ્રત, (૨) સ્વપ્ન, (૩) સુષુપ્તિ (ગાઢનિદ્રા). તેનાથી વિલક્ષણ, ભગવદંશ રૂપ જીવ, તે અવસ્થામાં સાક્ષી રૂપ છે. તે ક્રમશઃ- (૧) વૈશ્વાનર. (૨) તૈજસ્ અને (૩) પ્રાજ્ઞ-નામે ઓળખાય છે. પ્રાકૃતગુણ-ક્ષોભથી અહંકાર આ વૃત્તિયો જીવને સંપાદિત કરે છે. બુદ્ધિની આ અવસ્થાઓથી જીવ જુદો છે. તે સ્વપ્નના સ્મરણથી સમજાય છે ને ! "તુર્ય" -ચોથી નિર્ગુણ આનંદ રૂપ અવસ્થામાં, જીવ સ્થિતિ કરે તો, અહંકાર અને ગુણયુક્ત - ચિત્તવૃત્તિનો ત્યાગ થાય ! આ ચાર અવસ્થા બ્રહ્મના પાદ કે જ્ઞાપક - અંશ પણ કહેવાય ! "તુર્ય" તો - અદૃશ્ય, અચિન્ત્ય, શાન્ત, અવિક્રિય, ભેદરહિત છે ! "વરણ"થી તે પ્રાપ્ત થાય. તે માટે જીવે સાત્ત્વિકનું સેવન કરી, પ્રભુપરાયણ થવું. નહિ તો,

જાગતો-જીવતો-જાણતો છતાં, માનવ મોહનિદ્રામાં મગ્ન જ રહે છે! અજ્ઞાની તો વસ્તુ કે વ્યક્તિને વિભુ રૂપે જોતો નથી, પરિણામે સુખ-સાધન-સગવડ-સ્વજન માટે મથે છે; મુશ્કેલીમાં મુકાય છે, મૂંઝાય છે, અંતે વ્યર્થ મરે છે; પણ પ્રભુ માટે પ્રયત્ન કરતો નથી! મુમુક્ષુ આ વ્યર્થ મથામણ કરતો નથી!

મનોવિલાસ રૂપ જગત્ મિથ્યા છે!: વાસ્તવ જગત્ સત્ય-બ્રહ્મરૂપ છે, જગદ્રૂપે પ્રતીતિ મિથ્યા છે!

ईक्षेत विभ्रममिदं मनसो विलासं दृष्टं विनष्टमतिलोलमलातचक्रम् ।
विज्ञानमेकमुरुधेव विभाति माया स्वप्नस्त्रिधागुणविसर्गकृतो विकल्पः ॥ (૩૪)

આ જગત્ વિભ્રમ રૂપ છે,- મનોવિલાસ રૂપ હોવાથી, દૃષ્ટ હોવાથી, વિનષ્ટ થતું હોવાથી! સ્વપ્નની જેમ અતિચંચલ છે, અલાતચક્ર - ગોળ ઘૂમતા ઉંબાડીઆની જેમ! અહીં, વિજ્ઞાન ત્રણ પ્રકારે ગુણવિસર્ગથી થતા વિકલ્પ રૂપ છે. અનેક રૂપે તે ભાસે છે,- સ્વપ્નની જેમ! અન્યખ્યાતિથી આ ભાસે છે. આમ પ્રતીત થતું, વિષયતા રૂપ, માયિક, અનિત્ય જગત્ છે, જે મનની ભ્રાન્તિથી ભાસે છે, જીવને ભોગમાં વૈરાગ્ય થવા માટે તે કહેવામાં આવે છે. જલ જેવા આ માયિક જગતને છોડવા માટે હંસે જુદું કહ્યું; પણ ઐચ્છિક, શ્રુતિસિદ્ધ, ભગવદ્રૂપ જગત્ તો સત્ય છે! વ્યક્તિ કે વસ્તુ, માત્ર વ્યક્તિ કે વસ્તુ રૂપે સમજાય; ભગવદ્રૂપે નહિ, તેવી સમજ રૂપ જગત્ મિથ્યા છે! વ્યક્તિ કે વસ્તુ માત્ર ભગવદ્રૂપ છે, તેથી આ દેખાતું વાસ્તવ જગત્ સત્ય છે! તે પહેલાં જુદું કહી દીધું છે. વક્તા હંસ છે ને! આ "હંસગીતા" છે. આવું જ્ઞાન ભક્તિપ્રદ છે. શ્રુતિ અને સત્પુરુષના સત્સંગથી, આ જ્ઞાન યુક્તિપૂર્વક અનુમાનથી દૃઢ કરવું. શ્રદ્ધાથી સર્વસંશય દૂર થતાં દૃઢતા આવે, દેહાનુસંધાન ન રહે! પ્રારબ્ધકર્મ હોય ત્યાં સુધી દેહ રહે. મનને મિથ્યામાંથી પાછું ખેંચીને સર્વત્ર સર્વદા, સર્વ રૂપે વિરાજતા માધવમાં લગાડવું! સાંખ્ય-યોગનું આ ગુહ્ય-રહસ્ય કહી, પોતાનો પરિચય દઈ, પરિચર્યા સ્વીકારી, હંસ વિદાય થયા!

અધ્યાય : ૧૪

શરણાગતિ વિના સાચું સમજાય નહિ! ભગવાનને તો પોતાના કરતાં પણ ભક્તો વધુ પ્રિય છે!:

"હંસગીતા"નો નિર્ણય વેદસંમત છે. "कालेन नष्टा प्रलये वाणीयं वेदसंज्ञिता ।"- ભગવાને ઉદ્ધવજીને વિવિધ કલ્યાણ સમજાવતાં કહ્યું. લયમાં લોકો ન હોય, વેદ સૂક્ષ્મ રૂપે ભગવાનમાં હોય! સૃષ્ટિના આરંભમાં ભગવાને તે બ્રહ્માને કહ્યા. ત્યાંથી પુત્રપરંપરામાં વેદ વિસ્તૃત થયા. પોતાની પ્રકૃતિ પ્રમાણે સૌને તેમાં અર્થ સમજાવા લાગ્યા! ભગવાનની માયામાં મોહિત છે ને સૌ! શરણાગતિ વિના સાચું સમજાય નહિ! પરિણામે - ધર્મ, યશઃ, કામ, સત્ય, દમ, તપઃ, દાન, વ્રત વગેરેને કલ્યાણ રૂપે કહે છે, મેળવવા મથે છે. આ તો આદિ અને અંતવાળાં અલ્પ ફલ છે! તેમાં લાગતું સુખ તો ક્ષુલ્લક અને અંતે દુઃખદ છે!

मय्यर्पितात्मनः सभ्य निरपेक्षस्य सर्वतः ।
मयाऽऽत्मना सुखं यत्तत् कुतः स्याद् विषयात्मनाम् ॥ (૧૨)

ભગવાન્ કૃષ્ણને આત્મનિવેદન કરનાર, અંતઃકરણને પ્રભુમાં પરોવનાર, સર્વ તરફથી નિરપેક્ષ- ભક્તને, આત્મા રૂપ ભગવાન્ દ્વારા જે સુખ મળે, તે વિષયમાં ચિત્તવાળા, વ્યગ્રલોકોને

ક્યાંથી મળે ? ! "मया संतुष्टमनसः सर्वाः सुखमया दिशः ।"- ભગવાનથી જેના મનને સંતોષ છે, તેને તો સર્વત્ર સુખ જ છે ! પ્રભુપરાયણ તો ભગવાન્ વિના કોઈ સમૃદ્ધિ, સિદ્ધિ કે મુક્તિની પણ સ્પૃહા રાખતો નથી ! પ્રભુસેવા માટે સમૃદ્ધિ હોય તો સંભાળે છે ! ભગવાનમાં ચિત્ત રાખનારને અન્યની ઈચ્છા પણ થતી નથી ! ભગવત્સ્વરૂપ-બલથી જ તે તો સુખી છે. આમ, ગુણ અને ચિત્તના ત્યાગ જેવું બીજું સારું સાધન નથી ! ભગવન્મગ્નતા જેવું કોઈ ફલ નથી ! ભગવાન્ કરતાં બીજું કાંઈ ઉત્તમ હોય તો અન્યની અપેક્ષા થાય ને ! કૃષ્ણપ્રાપ્તિ જ ઉત્તમ ફલ છે. તેમાં ચિત્ત પરોવવું, તે ઉત્તમ ઉપાય છે,- ભક્તિ ! વેદમાં આત્મા રૂપે ભગવાન્ જ ફલ છે ને ! ભગવદંશ રૂપ જીવ સેવક છે, સ્વતંત્ર નથી; છતાં તેમાં હીનતા નથી, અભય અનાયાસે મળે છે ! બ્રહ્મા, શંકર, સંકર્ષણ, લક્ષ્મીજી કે સ્વાત્માથી પણ, ભક્તો વધુ પ્રિય છે, - ભગવાનને ! !

ભક્તચરણ-રજઃથી તો પ્રભુ પણ પાવન થવા ઈચ્છે છે ! : ભક્ત વિષયોથી પ્રાયઃ પરાજિત થતો નથી ! :

निरपेक्षं मुनिं शान्तं निर्वैरं समदर्शनम् ।
अनुव्रजाम्यहं नित्यं पूयेयेत्यङ्घ्रिरेणुभिः ॥ (१६)

ભક્તચરણ-રજઃથી ભક્તિરસ મગ્ન થવા ઈચ્છતા, ભક્તવશ ભગવાન્ તેવા ભક્તોની પાછળ નિત્ય ફરે છે ! વિરુદ્ધધર્માશ્રયી ભક્તવત્સલ ભગવાન્ ! !

बाध्यमानोऽपि मद्भक्तो विषयैरजितेन्द्रियः ।
प्रायः प्रगल्भया भक्त्या विषयैर्नाभिभूयते ॥ (१८)

અજિતેન્દ્રિય ભગવદ્ભક્ત વિષયોથી વિકલ બને, તેને અવરોધ થાય, છતાં પ્રાયઃ પ્રગલ્ભ-ભક્તિથી પ્રભુના શરણાગત-પરિપાલનવ્રતથી, તેવા પ્રાકૃત - ભક્તનું પણ અધઃપતન થતું નથી, વિષયોમાં તે પરાભૂત થતો નથી ! કૃષ્ણભક્તિ તો સર્વપાપને ભસ્મસાત્ કરી દે છે ! ભગવાન્ કેવલ ભક્તિથી વશ થાય; અન્ય કોઈ સાધનથી નહિ ! ભક્તિ જેવું કોઈ પાવક નથી.

कथं विना रोमहर्षं द्रवता चेतसा विना ।
विनाऽऽनन्दाश्रुकलया शुद्ध्येद् भक्त्या विनाऽऽशयः ॥ (२३)

ભગવદ્ભક્તિથી થતાં રોમાંચ, ચિત્તદ્રવણ અને આનંદાશ્રુ વિના અંતઃકરણ કઈ રીતે શુદ્ધ થાય ? ભક્તિ વગરનાં કોઈ પણ સાધનોથી પાવન ન થવાય ! ભક્તિયુક્ત તો વિશ્વને પાવન કરે છે, પુણ્ય-પાપ રૂપ કર્મશેષનો ત્યાગ કરે છે ! કથાસેવનથી સ્વાન્તઃ શુદ્ધ થતાં, ભગવાનનું સૂક્ષ્મ વસ્તુસ્વરૂપ સમજાય છે ! ભગવદ્-ભાવનાથી મન પ્રભુમાં લીન થાય છે. અયોગ્ય સ્ત્રીસંગ કે સ્ત્રીસંગીનો સંગ છોડી, પ્રમાદ વગર ભક્તિ કરવી ! ૧૭ શ્લોક સુધીમાં શ્રદ્ધા કહી, પછી ૭, ૨, ૧ શ્લોકથી સ્વરૂપ-સાધન-ફલથી ભક્તિ કહી; પછી સાધન રૂપે ધ્યાન- પ્રકાર પણ કહ્યો. યથાસુખાસને બેસી પ્રાણાયામ કરવા.

સાધન-રૂપ ધ્યાનનું નિરૂપણ ! : સર્વસંદેહ શ્રીકૃષ્ણથી દૂર થાય ! :

हृद्यविच्छिन्नमोङ्कारं घण्टानादं बिसोर्णवत् ।
प्राणेनोदीर्य तत्राथ पुनः संवेशयेत् स्वरम् ॥ (३४)

હૃદયમાં મૂલાધાર-ચક્રથી આરંભી, બ્રહ્મરન્ધ્રના અંત-પર્યંત, કમલનાલના તંતુની જેમ સૂક્ષ્મ, ઘંટાનાદથી જેમ અવિચ્છિન્ન-રીતે રહેલા, ઓંકારને પ્રાણ (વાયુ) દ્વારા ઊંચે લઈ જઈને, તેમાં ઉદાત્તનાદ (સ્વર)નો પુનઃ પ્રવેશ કરાવવો, સ્થિર કરવો. આમ, દશ વખત ત્રિકાલ પ્રાણાયામ કરે, તે એક માસ પહેલાં પ્રાણવાયુને જીતે ! આ અધ્યાયની ઘણી વાતો ગીતામાં દેખાય છે ને ! ઊંચા નાળવાળા, નીચા મુખવાળા, અષ્ટપત્ર, કોશયુક્ત કમલનું હૃદયમાં ચિંતન કરવું. કોશ (કળી) માં સૂર્ય, તેમાં સોમ, તેમાં અગ્નિ અને તેમાં ભગવાનના મંગલરૂપનું ધ્યાન કરવું ! - "**वह्निमध्ये स्मरेद्रूपं ममैतद् ध्यानमङ्गलम् ।**"- પુષ્ટિમાં તો, વહ્નિ-વૈશ્વાનરાવતાર શ્રીમદ્વલ્લભાચાર્યજી ! આપના હૃદયમાં શ્રીનાથજીનું ધ્યાન; અથવા, વિપ્રયોગાગ્નિયુક્ત શ્રીગોપીજનના હૃદયમાં, શ્રીગોપીજનવલ્લભનું ધ્યાન કરવું ! શ્રીદ્વારકાધીશજી વગેરે તો ચતુર્ભુજ - શંખ, ચક્ર, ગદા, પદ્મધારી પણ છે ને ! ભાવના વિચારી લેવી. વિષયોમાંથી મનને ખેંચી તેમાં સ્થિર કરી દેવું ! પદાર્થો જુદા હોવાનો જ્ઞાનભ્રમ તથા દ્રવ્યમાં અહંતા-મમતા રૂપ દ્રવ્યભ્રમ; ભગવદ્ભજન સિવાય અન્ય કાંઈ કર્તવ્ય હોવાનો ક્રિયાભ્રમ પણ તેથી દૂર થાય ! સર્વસંદેહ શ્રીકૃષ્ણથી દૂર થાય, દઢ ભક્તિ થાય !

અધ્યાય : ૧૫

યોગસિદ્ધિયો તો મોક્ષમાં વિઘ્ન રૂપ છે ! : સર્વસિદ્ધિયોના સ્વામી તો ભગવાન્ છે ! :

આમ, ધ્યાન કરનારને સિદ્ધિયો પણ સ્વતઃ સુલભ થાય; મથવું ન પડે ! અઢાર સિદ્ધિ; તેમાં આઠ મુખ્ય. તેના સ્વામી પ્રભુ ! બાકીની ગૌણ ગણાય. સૌમાં સામર્થ્ય તો શ્રીહરિનું જ છે ! (૧) અણિમા- સ્થૂલમાંથી અણુ જેવું સૂક્ષ્મશરીર કરવું; (૨) મહિમા - સૂક્ષ્મમાંથી મોટું શરીર ધારણ કરવું; (૩) લઘિમા- ભારેમાંથી - હલકું શરીર કરવું; (૪) પ્રાપ્તિ-સર્વની ઈન્દ્રિય, દેવતા કે વિષય રૂપે સંયોગ, (૫) પ્રાકામ્ય- આ લોક, પરલોકમાં યથેષ્ટ દર્શન; (૬) ઈશિતા-સર્વમાં સામર્થ્ય પ્રેરવું; (૭) વશિતા- ગુણમાં સંગ ન થવો; (૮) કામાવસાયિતા - કામનાપૂર્તિ. ભગવાનમાં આ સર્વ સ્વાભાવિક હોય ! ૧. અનૂર્મિમત્વ - ભૂખતરસનો અભાવ; ૨. દૂરદર્શન - શ્રવણ; ૩. મનોજવ (વેગ); ૪. કામરૂપઃ, ૫. પરકાયા - પ્રવેશ; ૬. સ્વચ્છન્દ - મૃત્યુ; ૭. દેવદર્શન; ૮. સંકલ્પસિદ્ધિ - અપ્રતિહતાજ્ઞા; ૯. ત્રિકાલજ્ઞાન; ૧૦. અદ્વન્દ્વતા, અપરાજય, શક્તિસ્તંભન, પરચિત્તજ્ઞાન; આ બધી સિદ્ધિ તો પ્રભુને મેળવવામાં વિલંબ રૂપ થનારી ! - "**कालक्षपणहेतवः**" છે. પતંજલિજીએ પણ "વિભૂતિપાદ" પછી "કૈવલ્યપાદ" કહ્યું છે ને ! "**ते समाधावुपसर्गा व्युत्थाने सिद्धयः ।**"- યોગસૂત્રમાં તેમને સમાધિમાં વિઘ્ન રૂપ કહી છે ! "**तद्वैराग्यादपि दोषबीजक्षये कैवल्यम् ।**"- સિદ્ધિયોમાં વૈરાગ્યમાં થતાં, દોષબીજ નષ્ટ થતાં, કૈવલ્ય- મોક્ષ-મળે ! સિદ્ધિમાં સમાય નહિ, પ્રસિદ્ધિમાં પડે નહિ, તે કૈવલ્ય કે મોક્ષને પામે ! જન્મ, ઔષધિ, તપઃ અને મંત્રથી મળતી બધી સિદ્ધિયો યોગથી મળે; પણ ભક્તને તો તેનો ઉપયોગ ન રહે ! "**सर्वासामपि सिद्धिनां हेतुः पतिरहं प्रभुः ।**"- સર્વસિદ્ધિના કારણ રૂપ સ્વામી, શક્તિપ્રદ તો કૃષ્ણ જ છે ! સર્વપ્રવર્તક, સર્વાત્મા, સર્વાધાર, સર્વવ્યાપક, સર્વદા સર્વત્ર વિરાજેછે, - ભગવાન્ શ્રીકૃષ્ણ !

અધ્યાય : ૧૬

અચિન્ત્ય ઐશ્વર્યવાળા ભગવાનના મનઃસંકલ્પ માત્રથી અનાયાસે વિભૂતિયો પ્રકટ થઈ છે !: સઘળું ભગવાન્ રૂપે સમજાતાં, મુખ્ય-ભક્તિ થાય !:

પ્રકટ પરબ્રહ્મ ભગવાન્ કૃષ્ણને યથાર્થરીતે ઉપાસે છે, - બ્રહ્મજ્ઞાનીઓ ! ઋષિયો મહાવિભૂતિ રૂપ ભગવાનની વિભૂતિયોને ભજે છે. ભગવાને ગીતાજીમાં અર્જુનને પણ વિભૂતિયોગ કહ્યો છે ને ! ઉદ્ધવજીએ પણ તે પૂછતાં સંભળાવ્યો. સર્વના મૂલકારણ છે,- કૃષ્ણ ! અનંતવિભૂતિ છે- સચ્ચિદાનંદ ભગવાનની !

तेजः श्रीः कीर्तिरैश्वर्यं ह्रीस्त्यागः सौभगं भगः ।
वीर्यं तितिक्षा विज्ञानं यत्र यत्र स मेंऽशकः ।। (૪૦)

તેજઃ, શ્રી, કીર્તિ, ઐશ્વર્ય, લજ્જા, ત્યાગ, સૌન્દર્ય, સૌભાગ્ય, વીર્ય, સહનશીલતા અને વિજ્ઞાન- આ સર્વ જ્યાં જ્યાં છે, તે સર્વ ભગવાનના અંશરૂપ વિભૂતિ છે ! "एतावानस्य महिमा अतो ज्यायांश्च पूरूषः ।"- વેદ વદે છે. આ પરમપુરુષ ભગવાનનો વિભૂતિકૃત આટલો અગાધ મહિમા છે; તે મહિમાસૂચક વિભૂતિથી પણ પર, વિશેષ મહિમા ભગવાનનો !

भक्त्या मामभिजानाति यावान् यश्चास्मि तत्त्वतः ।
ततो मां तत्त्वतो ज्ञात्वा विशते तदनन्तरम् ।।

ફલોન્મુખ તત્ત્વતઃ જ્ઞાન ભક્તિથી થાય, પ્રભુમાં પ્રવેશ થાય. અભિજ્ઞાન તો પરાભક્તિથી બ્રહ્મભાવ થાય ત્યારે થાય છે ! "ज्ञात्वाऽज्ञात्वाथ ये वै मां यावान्यश्चास्मि यादृशः ।"- પણ છે ને ! ભગવાન્ તો સૌના આત્મારૂપ છે, મિત્ર છે, ઈશ્વર છે, સર્વરૂપ છે, તેમાં જે અને જેવા છે તે રૂપ કહ્યું. "यावान्"- જેટલા છે, તે જ્ઞાન માટે વિભૂતિરૂપ કહ્યું છે ! ભગવાન્ માત્ર તેટલા જ રૂપવાળા, પરિમિત નથી ! "मनोविकारा एवैते ।"- આ તો બધા મનોવિકારો છે ! મિથ્યા નથી, પણ અચિન્ત્ય- ઐશ્વર્યવાળા ભગવાનના મનઃસંકલ્પ માત્રથી, અનાયાસે સત્-ચિદ્-આનંદાંશ રૂપ વિભૂતિયો પ્રકટ થઈ છે ! અનેક રૂપ થવાની ભગવદિચ્છાથી તે ભગવાન્ રૂપે સમજાતાં, ભગવાનનું સર્વાત્મપણું સ્ફુરે, મુખ્યભક્તિ થાય ! વિભૂતિના સેવનથી સ્વલ્પ ફલ મળે, મૂલરૂપ કૃષ્ણના સેવનથી પૂર્ણ-સર્વ ફલ મળે ! સર્વેન્દ્રિયનો વિનિયોગ કૃષ્ણસેવામાં ભક્તિયુક્ત બુદ્ધિથી કરવો, ભગવન્નિષ્ઠ રહેવું ! આપણામાં દેખાતી કોઈ ઉત્તમતાને આપણી સમજીને અભિમાન ન કરવું; ભગવાનની દયાથી મળેલી સમજીને, ભગવાનને સાનુકૂલ રીતે શરણે રહેવું !

અધ્યાય : ૧૭

વર્ણાશ્રમ-ધર્મ-પ્રવર્તક ભગવાન્ છે !: તેનાથી વાસનાઓ જાય, ભક્તિ થાય !:

ભગવાનમાં ભક્તિ કરાવે તેવા વર્ણાશ્રમધર્મો પૂછ્યા- ઉદ્ધવજીએ ! ભગવાન્ વિના અન્ય કોઈ ધર્મવક્તા, પ્રવર્તક કે રક્ષક નથી ! બ્રહ્મસભામાં મૂર્તિમંત વેદ પુરુષ-રૂપે વિરાજે છે ! ત્યાં પણ પ્રભુ જ ધર્મપ્રવર્તક છે, વિધિ વગેરેનું પ્રવર્તકત્વ નથી ! વેદ વિધાન કરે, પણ જીવને તેમ કરાવી શકે

નહિ, નહિ તો કોઈને નરકાદિ - દુઃખ જ ન રહે ! ભગવદિચ્છાથી જ સૌ કર્મમાં પ્રેરાય છે ! કૃષ્ણ ભગવાને સનાતન ધર્મો કહ્યા. આ ધર્મો દુષ્ટવાસનાઓને દૂર કરે છે, ભક્તિ પ્રાપ્ત કરાવે છે !

इति मां यः स्वधर्मेण भजन्नित्यमनन्यभाक् ।
सर्वभूतेषु मद्भावो मद्भक्तिं विन्दतेऽचिरात् ॥ (૧૯-૪૪)

ભગવાને આ ફલ કહ્યું છે. ભગવાનમાં અનન્ય રહી, પોતાના વર્ણાશ્રમધર્મ પ્રમાણે ભગવાનનું ભજન કરે, સર્વપ્રાણીમાં ભગવદ્ભાવ રાખે, તેને શીઘ્ર ભક્તિ મળે ! શ્રવણાદિ-સાધન-ભક્તિમાં આ ધર્મો ઉપયોગી છે. ફલરૂપા તો છે,- પ્રેમલક્ષણાભક્તિ ! તે કેવલ કૃપાથી મળે ! **"धर्मः स्वनुष्ठितः पुंसां विश्वक्सेनकथासु यः । नोत्पादयेद्यदि रतिं श्रम एव हि केवलम् ॥"**- યથાર્થ ધર્માચરણ છતાં, કૃષ્ણકથામાં પ્રીતિ ન થાય તો તે ધર્માચરણ માત્ર શ્રમ જ છે ! દેહાત્મબુદ્ધિ હોય ત્યાં સુધી શરીરસંબંધી વર્ણાશ્રમ-ધર્મ સ્વધર્મ ગણાય ! આત્માને દેહથી જુદો જાણતાં, ભગવાનનું દાસ્ય જ સ્વધર્મ છે ! ધર્મી (ભગવાન્) ને આધારે ધર્મ હોય ! ભગવત્કાર્યને મુખ્ય રાખીને, તેને સાનુકૂલરીતે બીજા ધર્મો થાય ! ભગવદ્ધર્મ-વિરુદ્ધ કાંઈ ન થાય ! પ્રભુસેવા જ મુખ્યધર્મ છે ! સર્વધર્મો, વર્ણાશ્રમ, અને વૃત્તિ પણ, પ્રભુમાંથી જ પ્રકટ થયાં છે ! સૌના યથાશક્તિ ધર્મપાલનથી, વિરુદ્ધધર્મથી સર્વથા દૂર રહેવાથી, ઈન્દ્રિય-સંયમથી, પ્રભુ સંતુષ્ટ થાય છે. વેદનિન્દા કે અધર્માચરણથી તો દોષ લાગે. શ્રુતિ -સ્મૃતિ પ્રભુનાં નેત્ર છે, પુરાણ હૃદય છે. શ્રીવલ્લભાચાર્યજીના મતે, શ્રૌતધર્મ દેહ જેવો ઉપયોગી છે. સ્માર્તધર્મ ઘર જેવો અનુકૂલ છે. પુરાણધર્મ ઘરનાં સાધન-સામાન જેવો આવશ્યક છે. ત્રણેનો સમન્વય સુખદ છે. અહીં, પુરાણ અને સ્માર્તધર્મ વેદાનુકૂલ રીતે કહ્યો છે. વર્ણાશ્રમધર્મ તો, (૧) સમાજને સુવ્યસ્થિત - એક-અખંડ,-ભાવયુક્ત રાખે, (૨) કુટુંબક્લેશમાંથી બચાવે, (૩) આજીવિકાને પણ યોગ્ય રીતે દે, (૪) સૌને સુખ - શાંતિ દે, (૫) કલ્યાણ કરે, (૬) પ્રભુમાં પ્રીતિ દે !

ચારે યુગ-ધર્માદિ તથા વર્ણાશ્રમ-ધર્માદિનો આધાર છે,- ભગવાન્ ! સર્વવર્ણનો સામાન્ય-ધર્મ ! :

સત્યયુગમાં એક જ વર્ણ - "હંસ" ! લોકો જન્મથી કૃતકૃત્ય, તેથી "કૃતયુગ" તેનું નામ ! વેદ "પ્રણવ" રૂપે હતા. વૃષરૂપધારી ધર્મ - ભગવાન્ પોતે હતા. લોકો તપઃપરાયણ થઈ ભગવાનના હંસ-રૂપનું આરાધન કરતા. ત્રેતાયુગના આરંભમાંથી પ્રભુના હૃદયમાં નીકળી, નિઃશ્વાસ રૂપે વેદત્રયી પ્રકટ થઈ ! પ્રભુ "યજ્ઞ" રૂપ થયા. વિરાટના મુખમાંથી વિપ્ર, બાહુમાંથી ક્ષત્રિય, ઊરુમાંથી વૈશ્ય અને ચરણમાંથી શૂદ્ર થયા. ગુણ-કર્મ વડે આ ભેદ છે. આ ચારે એક શરીરના અવયવો જેવા, પરસ્પર ઉપયોગી ! ઉપેક્ષા કોની થાય ? છતાં સૌ, સ્વમર્યાદામાં સ્વકાર્યરત રહે, તો સમાજ-જીવન સુસંગત રહે; શરીરની ક્રિયાઓની જેમ ! જે અંગમાંથી જે વર્ણ પ્રકટ થઈ તદનુકૂલ કાર્ય તેનો સ્વધર્મ છે ! ભગવાનના જઘનમાંથી ગૃહસ્થાશ્રમ, હૃદયમાંથી બ્રહ્મચર્યાશ્રમ, વક્ષઃસ્થલમાંથી વાનપ્રસ્થાશ્રમ અને શિરમાંથી સંન્યસ્તાશ્રમ પ્રકટ થયા. સર્વ આશ્રમનો આશ્રય તો ભગવાન્ જ છે ! શમ, દમ, તપઃ, પવિત્રતા, સંતોષ, ક્ષમા, સરલતા, ભગવદ્ભક્તિ, દયા અને સત્ય; આ બ્રહ્મણ્યદેવતાનો સ્વભાવ છે. તે જેનામાં હોય તે બ્રાહ્મણ ! તેજઃ, બલ, ધૈર્ય, શૌર્ય, સહનશીલતા, ઉદારતા, ઉદ્યમ, સ્થિરતા, બ્રહ્મણ્યદેવતાની સેવા, ઐશ્વર્ય; આ ક્ષાત્રદેવતાનો સ્વભાવ. તે જેનામાં હોય તે ક્ષત્રિય ! આસ્તિક્ય, દાનનિષ્ઠા, નિષ્કપટતા,.

બ્રહ્મદેવતાની સેવા, દ્રવ્યસંગ્રહ છતાં અસંતોષ (સર્વના કલ્યાણ માટે અધિક આવક); આ વૈશ્યદેવતાનો સ્વભાવ. તે જેનામાં હોય તે વૈશ્ય ! દ્વિજ, ગાય-દેવની નિષ્કપટ-સેવા, મળે તેમાં સંતોષ; આ શૂદ્રનું સ્વાભાવિક કલ્યાણ કરે તેવી પ્રકૃતિ ! અપવિત્રતા, મિથ્યાવાત, ચોરી, નાસ્તિકતા, વ્યર્થકલહ, કામ, ક્રોધ, તૃષ્ણા; આ છે,- અન્ત્યજની સ્વાભાવિકતા ! અહિંસા, સત્ય, ચોરી ન કરવી તે, કામ - ક્રોધ - લોભ-રહિતપણું, પ્રાણીમાત્રના હિતની ક્રિયા; આ છે, - સર્વવર્ણનો સર્વસામાન્ય-ધર્મ !

બ્રહ્મચારી તથા ગૃહસ્થના ધર્મો ! :

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્યને ઉપનયનસંસ્કાર થતાં, તે "દ્વિજ" કહેવાય. આવા સંસ્કાર નૂતનજન્મ રૂપ છે. દ્વિજે બ્રહ્મચર્યાશ્રમમાં ગુરુકુલવાસ કરવો. વિદ્યાલાભ તેનું લક્ષ્ય હોય; સંયમ, સેવા, સ્વાધ્યાય, સદાચાર, સદ્‌ભાવ, સાદાઈ, સન્નિષ્ઠા તેનામાં હોય. ગુરુનો દેવવત્ આદર અને આજ્ઞાપાલન થાય. શરીરસુખ અને શરીરશોભાનાં સાધન, મોજ-શોખ તો વિદ્યાર્થીનાં વિઘ્નો છે ! વિદ્યાભ્યાસ પૂર્ણ કરી, ગૃહસ્થાશ્રમ સ્વીકારી, સૌને ઉપકારક બને તે,- "ઉપકુર્વાણ !" જીવનપર્યંત અષ્ટાંગ-બ્રહ્મચર્ય પાળે, પ્રભુરત રહે તે, - "નૈષ્ઠિક !" પવિત્રતા, આચમન, સ્નાન, સન્ધ્યા, ઉપાસના, સરલતા, તીર્થસેવન, મંત્રજપ, અસ્પૃશ્યનો અને અભક્ષ્યનો ત્યાગ, મિથ્યાલાપત્યાગ, મનોનિગ્રહ, ઈન્દ્રિયનિગ્રહ, સૌમાં ભગવદ્‌ભાવ,- આ સર્વ-આશ્રમના સામાન્યધર્મ છે ! બ્રહ્મચર્ય પછી મુખ્યરીતે, વયઃક્રમ કે અધિકારાનુસાર ઈચ્છાક્રમે, ગૃહસ્થાશ્રમ વગેરે સ્વીકારવા, પ્રભુપરાયણ રહેવું. ગૃહસ્થાશ્રમમાં સ્વાનુકૂલ, સુયોગ્ય કન્યા સાથે લગ્ન કરવું. બ્રાહ્મણે ઉતમરીતે આજીવિકા ચલાવવી, નીચની નોકરી કરવી નહિ, રોટલા રળવા રડવું કે રખડવું નહિ ! ક્ષુદ્ર-કામના કીડા થવા માટે બ્રાહ્મણદેહ નથી ! કીર્તિ અને કમાણીમાં કલ્યાણને કોઈથી કચડાય નહિ ! ભગવત્સંબંધથી મળતા અનંતસુખ માટે જ યત્ન થાય. ધર્માનુકૂલ આજીવિકા થાય ! સૌને ઉપકારક બનીને સ્વધર્માનુકૂલ જીવતાં, મુખ્યરીતે, પ્રભુસેવારત રહેવાય. સુખ-સાધનો, સ્વજન, શરીરમાં આસક્ત ન થવાય. આસક્ત બને તે અકળાતો રહે, - અથડાતો રહે !

અધ્યાય : ૧૮

વાનપ્રસ્થ અને સંન્યસ્તના ધર્મો ! : બે પેઢી વચ્ચેનો સંઘર્ષ-નિવારક આશ્રમ-ધર્મ ! : સૌનો મુખ્યધર્મ છે, - ભગવદારાધના ! :

ગૃહસ્થાશ્રમના શ્રમને ઉતારવા, સંસારમાં થયેલી આસક્તિને અળગી કરવા, પત્ની સાથે કે એકાકી, આયુષ્યના ત્રીજા ભાગમાં, વાનપ્રસ્થાશ્રમ સ્વીકારાય ! સુયોગ્ય સંતાનોને સર્વ સોંપી દઈને, વ્યવહાર-વ્યવસાય કે વ્યવસ્થામાં વિકલ થયા વિના, શાંત-નિર્લેપ જીવન જીવતાં, પ્રભુપરાયણ થવાય ! આ આશ્રમ-વ્યવસ્થાથી, યુવક પોતાના આદર્શ પ્રમાણે જીવી શકે, વૃદ્ધ પોતાનું કલ્યાણ કરી શકે ! નવી-જૂની બે પેઢીઓ વચ્ચે સંઘર્ષ ન થાય, સદ્‌ભાવ રહે ! સૌ પોતાની સાનુકૂલતા પ્રમાણે જીવવા માટે, સ્વજન હોવા છતાં ઝઘડે છે, તેમાં જીવન વેડફે છે ! સૌનાં ધ્યેય (સ્વાર્થ) જુદાં તેથી સૌ જુદાં પડે છે ! ધર્મ કે ભગવાનને જ મુખ્ય રાખીને, તે ધ્યેય માટે સૌ સ્વજન જીવે, તો એકધ્યેયથી સૌ એક બને ! દુનિયા, દેશ, સંસ્થા, સ્વજન સૌની એકતાનો આ ઉપાય છે. સદાચાર, સદ્‌ભાવ, શિસ્ત અને

સ્પષ્ટ-સુદૃઢ-સિદ્ધાન્તાનુકૂલ કુટુંબજીવનના ઘડતરની જવાબદારી વડીલોની છે. તેની શિથિલતાથી સંઘર્ષમાં સુખશાંતિ શોધ્યાં ન જડે ! વાનપ્રસ્થે પણ સંયમશીલ-સ્વાશ્રયી-પ્રભુપરાયણ-પ્રસન્ન રહી જીવન ઉપયોગી કરવાનું. શાસ્ત્રાનુકૂલરીતે, વૈરાગ્ય થતાં, સંન્યસ્ત સ્વીકારનાર પણ સત્ફલ પ્રાપ્ત કરે છે. કડવાશ, કંટાળો કે કઠિનતાથી કૌપીન પહેરવામાં તો કાયરતા છે, - પતન જ થાય ! જ્ઞાનેચ્છાથી કે જ્ઞાનથી સંન્યસ્ત સ્વીકાર્ય ખરું; પણ કલિમાં કૃતાર્થ થવું કઠિન ! સંપત્તિ, સત્તા, શિષ્ય, સંપર્ક કે સ્થાન જમાવીને બેસતાં તો પાખંડ અને પતન સંભવે ! બધું છોડવા છતાં, પેટ અને પ્રકૃતિ સાથે રહે ને ! દુષ્ટાન્ન અને દુઃસંગથી દુર્દશા થાય ! આંતરદોષ ગયા વિના અનર્થ જ થાય.

मौनानीहानिलायामा दण्डा वाग्देहचेतसाम् ।
न ह्येते यस्य सन्त्यङ्ग वेणुभिर्न भवेद् यतिः ॥ (१७)

મૌનવ્રત - વાણીનો દંડ, કામનાત્યાગ - મનનો દંડ; અને પ્રાણાયામ - દેહનો દંડ છે. આ આંતર-ત્રિદંડ વગર, બાહ્યદંડ ધરવાથી યતિ થવાય નહિ ! સર્વાત્મા પ્રભુ માટે પ્રયત્નપરાયણ,- તે યતિ ! "ज्ञेयः स नित्यसंन्यासी यो न द्वेष्टि न काङ्क्षति ।"- ગીતામાં દ્વેષ અને આકાંક્ષારહિતને નિત્ય-સંન્યાસી કહ્યો છે ! કૌડિન્યમુનિ કે શ્રીગોપીજન જેવું, ભગવદ્‌વિરહાનુભવયુક્ત ભક્તિમાર્ગીય સંન્યસ્ત સર્વથા કૃતાર્થ કરે ! સૌનો મુખ્ય ધર્મ છે, - ભગવદારાધન ! અનન્યભજનથી ભક્તિ થાય, પ્રભુ તેથી પ્રાપ્ત થાય !

અધ્યાય : ૧૯

બ્રહ્માથી તૃણ સુધી - સૌમાં એક જ પરમતત્ત્વ - "સત્" - ઓતપ્રોત છે, તેનું જેનાથી દર્શન થાય તે ભગવાનનું નિશ્ચિત "જ્ઞાન" તેનો અનુભવ - વિજ્ઞાન ! : મહદ્-વિમૃગ્ય ભક્તિયોગ ! :
ગુણ-દોષ-દૃષ્ટિ દોષ છે ! : ગુણ તો તે બંને રહિત છે ! :

ભગવાને ભક્તિમાં ઉપયોગી (અંગ) રૂપે જ્ઞાનને ગણાવ્યું ! જ્ઞાનીને પ્રિયતમ કહ્યો, પણ "ज्ञानविज्ञानसम्पन्नो भज मां ।"- કહીને જ્ઞાનવિજ્ઞાન-સંપન્નને પણ કૃષ્ણસેવા (ભક્તિ) જ કરવાનું કહ્યું છે ! "मायामात्रमिदं ज्ञात्वा ।"- થી, માયિક, વિષયતા રૂપ જગતનો ત્યાગ કરવાનો કહ્યો. "त्वय्युद्धवाश्रयति यस्त्रिविधो विकारः ।" - ઉદ્ધવજીને પ્રાકૃતદેહમાં પણ માયાનો ત્રિગુણવિકાર કહ્યો, આત્માનો નહિ ! અઢારમા અધ્યાયમાં પણ - "नैतद् वस्तुतया पश्येत् ।"- થી શરીરાત્મક જગત્ માયામય કહ્યું ! પ્રાકૃતદેહમાં માયાથી અહંતા-મમતા રૂપ સંસાર થાય, તે ભગવત્સ્વરૂપના સાક્ષાદ્ વિજ્ઞાનથી નિવૃત્ત થાય. ઉદ્ધવજીને થયો સંદેહ, - "જગત્ માયિક હોવાનું જ્ઞાન ભક્તિમાં ઉપયોગી કે બ્રહ્મરૂપ છે તેવું ?"- પૂછ્યું પ્રભુને ! ભગવાને ભીષ્મયુધિષ્ઠિર-સંવાદમાંનો મોક્ષધર્મ સંભળાવ્યો.

नवैकादश वा पञ्च त्रीन् भावान् भूतेषु येन वै ।
ईक्षेताथैकमप्येषु तज्ज्ञानं मम निश्चितम् ॥ (१४)

પ્રકૃતિ, પુરુષ, મહત્તત્ત્વ, અહંકાર અને પંચ તન્માત્રાઓ; અગિયાર ઈન્દ્રિયો, પંચમહાભૂતો; ત્રણ ગુણો;- આ ૨૮ તત્ત્વો, બ્રહ્માથી તૃણપર્યંત છે. તેમાં એક જ પરમતત્ત્વ -"સત્"- ઓતપ્રોત છે ! તેનું જેનાથી દર્શન થાય તે ભગવાનનું નિશ્ચિત-જ્ઞાન ! એકલું "સત્" જોવામાં આવે, તે જ્ઞાન સાત્ત્વિક પણ કહેવાય.

"एतदेव हि विज्ञानं ।"- આ જ વિજ્ઞાન!

आदावन्ते च मध्ये च सृज्यात्सृज्यं यदन्वियात् ।
पुनस्तत्प्रतिसंक्रामे यच्छिष्येत तदेव सत् ॥ (૧૬)

જે એક પરમકારણથી સર્વનાં ઉત્પત્તિ-સ્થિતિ-અંત થાય છે. સર્વનાં આદિ-મધ્ય અંતમાં કારણ રૂપે કાયમ રહે, અનુસ્યૂત થાય, કાર્યનો કારણમાં લય થતાં જે અવશિષ્ટ રહે, તે - "સત્" પદાર્થ છે; બીજાં આગંતુક છે! સર્વમાં "અસ્તિ-ભાતિ-પ્રિય"; એ ત્રણ બ્રહ્મરૂપ; અને "નામ-રૂપ" - જગદ્રૂપ છે. દરેક પદાર્થ, મૂલ ૨૮ તત્ત્વોમાંથી બનેલો છે. તે સૌ ત્રિગુણાત્મક છે. તેમનાં ઉત્પત્તિ-સ્થિતિ અને લય જે મૂલકારણ બ્રહ્મથી થાય તેનું દર્શન વિજ્ઞાન છે. પદાર્થમાં વૈરાગ્ય માટે આ તત્ત્વજ્ઞાન છે! શ્રુતિ, પ્રત્યક્ષ, ઐતિહ્ય અને અનુમાનમાં અનિશ્ચયાત્મક વિકલ્પથી મનનશીલ વિરક્ત થાય. કર્મથી પ્રાપ્ત થતાં, બ્રહ્મા સુધીનાં સુખ નશ્વર છે! શ્રદ્ધા તેથી બ્રહ્મમાં થાય. અમૃતરૂપ કથાસેવન, પરિચર્યા, આત્મનિવેદનથી ભક્તિ થાય, પછી પુરુષાર્થ ક્યો બાકી રહે? ઉત્કૃષ્ટ ભક્તિ બારમા અધ્યાયમાં કહી છે. વૈરાગ્ય તો વિતૃષ્ણા કરાવી, બ્રહ્મભાવનાનું ફલ થતી, મહદ્વિમૃગ્ય-પરમ-ભક્તિમાં ઉપયોગી થાય, સીધો નહિ! ભગવાને મુખ્યવિજ્ઞાનનાં અંગ રૂપે યમ-નિયમ વગેરેનાં સ્વરૂપો કહ્યાં. આમ, બંને પ્રકારનું જ્ઞાન ભક્તિના અંગ રૂપ છે! "गुणदोषदृशिर्दोषो गुणस्तूभयवर्जितः ।"- સંસારસંબંધી વિષયોમાંના સુખદ લાગતા પદાર્થોમાં "ગુણ" ગણવો, દુઃખદમાં "દોષ" ગણવો,- આ સમજ (દૃષ્ટિ) જ "દોષ" છે! સંસારમાં ગુણદૃષ્ટિથી ગણાતાં સુખ અને દોષદૃષ્ટિથી ગણાતાં દુઃખ, બંનેનો ત્યાગ તે "ગુણ" છે!

અધ્યાય : ૨૦

અધિકાર-ભેદથી માર્ગભેદ છે!: પૂર્વોત્તરકાંડનો અંગાંગિ-ભાવ છે!:
ભગવાને કલ્યાણ માટે જ્ઞાન- કર્મ-ભક્તિ એ ત્રણ યોગ જ કહ્યા છે, બીજો કોઈ ઉપાય નથી!:

વેદના પૂર્વકાંડમાં તો વિધિ-નિષેધ કહેલાં છે. તે કર્મની ગુણ-દોષ-દૃષ્ટિએ હોય; તે વર્ણાશ્રમ-વિકલ્પ(ભેદ) પણ જણાય છે; છતાં ઉત્તરકાંડમાં ભેદદૃષ્ટિ ન રાખવા પણ કહે છે! ઉદ્ધવજીના તે સંશયના સમાધાનમાં ભગવાને અધિકાર-ભેદથી માર્ગભેદ છે, તેમ સમજાવ્યું! પૂર્વકાંડમાં કર્મ-પ્રકાર બતાવી ભેદ દર્શાવ્યો છે, તે હીનાધિકારીઓને વૈરાગ્ય માટે છે,- ભેદ સિદ્ધ કરવા નહિ! પૂર્વકાંડ નકામો, ઉત્તરકાંડ-વિરોધી નથી, બંનેનો અંગાંગિભાવ છે, ભક્તિમાં ઉપયોગી છે!

योगास्त्रयो मया प्रोक्ता नृणां श्रेयोविधित्सया ।
ज्ञानं कर्म च भक्तिश्च नोपायोऽन्योऽस्ति कुत्रचित् ॥ (૬)

માનવના કલ્યાણ માટે કૃષ્ણે જ્ઞાનયોગ, કર્મયોગ અને ભક્તિયોગ કહ્યા છે. કલ્યાણનો બીજો ઉપાય ક્યાંય નથી! સંસારમાં (કર્મમાં) વિરક્તને જ્ઞાનયોગ; અને સકામને કર્મયોગ ફલદ છે. ભગવદિચ્છાથી, કૃષ્ણકથા વગેરેમાં શ્રદ્ધાવાળા, અત્યાસક્ત કે વિરક્ત ન હોય તેવા લોકોને, ભક્તિયોગ સિદ્ધિદ છે! સામાન્યભક્તિનું આ લક્ષણ છે, નિરપેક્ષ મુખ્યભક્તિમાં નહિ! તે તો અહીં, અંતે કહ્યાં છે. જુદા જુદા અધિકારવાળા લોકો માટે ભગવાને આ ત્રણ યોગ કહ્યા છે! વૈરાગ્ય કે

કથામાં શ્રદ્ધા ન હોય ત્યાં સુધી કર્મ કરવાં ! નિષ્કામ-કર્મથી ભગવદિચ્છાનુસાર જ્ઞાન અથવા ભક્તિ મળે ! નરકની જેમ સ્વર્ગ પણ ઈચ્છનીય નથી ! લોકસુખ પણ લલચાવીને સંસારમાં લપટાવનારાં છે, ભાન ભુલાવી ભગવદ્‌વિમુખ કરનારાં છે ! સર્વસંગ છોડીને, નશ્વર-દેહથી શાશ્વતસુખ માટે સાવધ રહેવું.

મનુષ્ય થઈને મોક્ષ મેળવે નહિ તે - આત્મઘાતી ! :

नृदेहमाद्यं सुलभं सुदुर्लभं प्लवं सुकल्पं गुरुकर्णधारम् ।
मयानुकूलेन नभस्वतेरितं पुमान् भवाब्धिं न तरेत् स आत्महा ॥ (१७)

ભગવાન્ સાનુકૂલ છે, કૃપા છે; તેથી તો સુદુર્લભ મનુષ્યશરીર મળ્યું છે, માત્ર કોઈ સાધનથી નહિ ! સંસારસાગર તરવામાં તે વહાણ જેવું ઉપયોગી છે. ઈન્દ્રિય-શક્તિ, સમજ વગેરેથી તે કાર્યસમર્થ છે ! ગુરુ જેવા સફલ સુકાની છે ! અન્ય કોઈ તો દ્રવ્ય લઈને જલાશયની પાર ઉતારે, આ તો ઉપદેશ દઈને પાર ઉતારે ! પવન પણ સાનુકૂલ છે, - પ્રાણવાયુ ! શરીરમાં પ્રાણ હોય તો પ્રયત્ન કરી શકે ને ! ભગવાન્ કૃપા કરીને સાનુકૂલ, - માર્ગપ્રદ છે ! આટલાં સાધન સુલભ હોવા છતાં, સંસારસાગર તરવાનો પ્રયત્ન પણ ન કરે, તે તો આત્મઘાતી છે ! પ્રયત્ન પણ સરલ છે, -ગુરુદ્વારા ભગવાનની શરણાગતિ ! - વિનંતી પોતાના ઉદ્ધારની કરવાની ! અહીં, ભગવાનની સાધનાકૂલ-કૃપા કહી છે ! ફલદાન- માત્રની કૃપા હોય તો તરત તરી જવાય ! મનુષ્ય થઈને મોક્ષ મેળવે નહિ તે,- આત્મઘાતી ! અન્યત્ર આથડતા, આસક્ત થતા મનને, સાત્ત્વિકબુદ્ધિથી વશમાં લઈ, ભગવચ્ચિંતનમાં પરોવી દેવું. પોતાના અધિકારમાં સ્થિર થવું, તે ગુણ છે ! ગુણદોષ-દર્શનથી પ્રાકૃતપદાર્થો કે કર્મોમાં આસક્ત ન થવાય, સંગ છૂટે ! વિધિ-નિષેધથી પ્રવૃત્તિનો સંકોચ થાય છે ! કામનાઓ ન છૂટે તો, તે દુ:ખદ છે, - તેમ વિચાર્યા કરવું ! લૌકિકભોગ વગેરે ન છૂટે, તો ભોગવતાં તેની પ્રશંસા ન કરવી, તેના દોષો વર્ણવવા, પરિણામે થનારાં દુ:ખો કહ્યા કરવાં !- "जुषमाणश्च तान् कामान् दु:खोदर्कांश्चगर्हयन् ।" શ્રદ્ધાથી કથા વગેરેનું સેવન કરવું. વારંવાર આમ ભજતાં, હૃદયમાં પ્રભુ પધારે, કામના દૂર થઈ જાય. હૃદયમાં ભગવદ્દર્શન થતાં, અહંતા-મમતા વગેરે બંધનો ભેદાઈ જાય, સંશયો છેદાઈ જાય, કર્મો ક્ષય પામે !

तस्मान्मद्‌भक्तियुक्तस्य योगिनो वै मदात्मनः ।
न ज्ञानं न च वैराग्यं प्रायः श्रेयो भवेदिह ॥ (३१)

ભક્તિયુક્ત, પ્રભુપરાયણ, પ્રભુરતને તો ભક્તિમાં ઉપયોગી ન હોય તેવાં, જ્ઞાનવૈરાગ્ય નકામાં છે ! અનન્યભક્તિથી તો સર્વ સુલભ છે, પણ અનન્યભક્તો તો સર્વનિરપેક્ષ હોય છે !

नैरपेक्ष्यं परं प्राहुर्निःश्रेयसमनल्पकम् ।
तस्मान्निराशिषो भक्तिर्निरपेक्षस्य मे भवेत् ॥ (३५)

નિરપેક્ષતા તો પરમ, સર્વોત્કૃષ્ટરીતે કલ્યાણકારક, સમર્થ સિદ્ધિ છે ! શ્રીગોપીજનને પરમફલાનુભવમાં, અન્ય કોઈની પણ અપેક્ષા ક્યાં રહી છે, નિરપેક્ષભાવ છે ને ! ફલાશા વગરના, નિરપેક્ષને કૃષ્ણભક્તિ સિદ્ધ થાય છે ! "કૃષ્ણ જ પરમફલ છે !"- આ સમજનારને પ્રાકૃત-ગુણદોષ ન રહે. તે તો બુદ્ધિથી પર છે ! વ્યાપિવૈકુણ્ઠ મળે છે, - આવા ભક્તોને ! જ્ઞાનીઓને જેનું બ્રહ્મ રૂપે જ્ઞાન મળે છે !

અધ્યાય : ૨૧

કર્મ-જ્ઞાન-ભક્તિ ન કરી શકનાર માટે દ્રવ્યની શુદ્ધિના જ્ઞાનથી સંગત્યાગ ! :

કર્મ, જ્ઞાન કે ભક્તિ જે કરી ન શકે, છતાં શ્રદ્ધાવાળા હોય, તેવા લોકો દેશ-કાલ અને દ્રવ્યની શુદ્ધિના જ્ઞાનથી ધીમે ધીમે સંગ છોડે ! ત્રણે યોગના અનુકલ્પ રૂપે આ ઉપાય કહ્યો છે. ક્ષુદ્ર-કામનાવાળા તો સંસારમાં સરતા જ રહે છે !

स्वे स्वेऽधिकारे या निष्ठा स गुणः परिकिर्तितः ।
विपर्ययस्तु दोषः स्यादुभयोरेष निश्चयः ॥ (२)

પોતપોતાના અધિકારમાં સ્થિતિ, તે ગુણ ! તેમ ન કરતાં, અન્યમાર્ગાનુકૂલ વ્યવહાર- તે દોષ ! સૌનો અધિકાર તો આગળ કહી દીધો છે. સમાનપદાર્થોમાં પણ શુદ્ધિ-અશુદ્ધિ, શુભ-અશુભ, કે ગુણ-દોષનું વિધાન; યોગ્યતા કે અયોગ્યતાના સંશય-નિવારણ માટે છે, સદાચારની સાનુકૂલતા માટે છે ! બ્રહ્માથી તૃણ સુધીમાં શરીરારંભ તો પંચમહાભૂત કરે છે, તે આત્મ-સંયુક્ત છે. પાંચ મહાભૂતો સમાન, છતાં તેમના ભોગ - મોક્ષ માટે, વેદ તેમનાં ભિન્ન નામ - રૂપ કહે છે. ભગવદંશ હોવા છતાં; દેશ, કાલ, દ્રવ્ય, કર્તૃ, મન્ત્ર અને કર્મના ગુણ-દોષો, કર્મના નિયંત્રણ માટે કહેલા છે ! (૧) કૃષ્ણસાર- કૃષ્ણ-ભક્ત, સત્પુરુષ, કાળીઆર મૃગ, વસે તે દેશ શુદ્ધ. (૨) કર્માનુકૂલ કાલ શુદ્ધ. (૩) શાસ્ત્ર કે સાધુપુરુષનાં વચનાનુસાર, સંસ્કાર, કાલ, પરિમાણ, સામર્થ્ય, કે જ્ઞાન-અજ્ઞાનથી દ્રવ્ય (પદાર્થ વગેરે) શુદ્ધ કે અશુદ્ધ. (૪) સ્નાન-સંસ્કાર-કાલ-પ્રભુસ્મરણાદિથી કર્તા શુદ્ધ. (૫) ગુરુમુખે પ્રાપ્ત થયેલ મંત્ર શુદ્ધ. (૬) ભગવાનને સમર્પણ કરેલું કર્મ શુદ્ધ. વિધિથી પણ કર્મ વગેરેમાં ગુણદોષ સંભવે ! વેદમાં તો જ્ઞાનીઓને પણ મોહ થાય છે ! નિર્મલ ચિત્તવાળા, પ્રભુના શરણાગતને યથાર્થ જ્ઞાન થાય છે. વેદમાં તો બ્રહ્મનું જ વર્ણન છે. કર્મકાંડ, જ્ઞાનકાંડ અને ઉપાસનાકાંડ, તેમ સામાન્યરીતે લાગે છે ! "परोक्षवादा ऋषयः परोक्षं च मम प्रियम् ।"- ઋષિયો પરોક્ષ કહે છે. પ્રભુને પરોક્ષ પ્રિય છે ! વેદ તો અનંત છે ! ભગવાન્ જ તેનું સર્વ રહસ્ય જાણે છે ! "मां विधत्ते...।"- વેદો મને (કૃષ્ણને) જ વર્ણવે છે. "वेदेश्च सर्वैरहमेव वेद्यः ।"- ગીતામાં પણ કૃષ્ણે કહ્યું છે ને ! અનુકલ્પ, વિકલ્પ, અપવાદ પણ પ્રભુ જ છે. ભેદનો અનુવાદ વૈરાગ્ય માટે છે. માયિકનો નિષેધ કરી, પરમાનંદ સ્વરૂપ કહી, વેદ પ્રસન્ન થાય છે. આમ, વસ્તુભેદ જણાવવા માટે વેદમાં ગુણ-દોષ કથન નથી; પણ આ અનુકલ્પ માટે છે !

અધ્યાય : ૨૨

ભગવાનની માયાથી મોહિત- દૃષ્ટાઓ યુક્તિથી તત્ત્વસંખ્યા જુદી જુદી કહે છે ! :

ભેદ માયાથી ભાસે છે ! જ્ઞાનકાંડ અભેદ જણાવે છે ! તત્ત્વો ૨૮ કહ્યાં. તે સંખ્યા પણ ભેદદર્શક, તેથી ઉદ્ધવજીએ તત્ત્વસંખ્યા પૂછી. ભગવાને બધા મતાન્તરો યુક્તિસિદ્ધ કહ્યા ! તેના દ્રષ્ટાઓ માયા-મોહિત છે ને ! ભગવાનની દુસ્તર શક્તિયો છે. તે કારણે વિવિધ-વિવાદ સંભવે છે. શક્તિક્ષોભથી વાદ-વિકલ્પ થાય છે ! શમ-દમથી વિકલ્પ-લય થાય, વાદ શાંત થાય ! તત્ત્વોના પરસ્પર અનુપ્રવેશથી તત્ત્વ-સંખ્યા ન્યૂન કે અધિક થાય છે. અવિદ્યાયુક્ત સંસારિ-જીવને આત્માનું ભાન સ્વતઃ થતું નથી. પરમાત્મા તેનું દાન કરે છે ! પુરુષ - ઈશ્વર ભિન્ન નથી. જ્ઞાન, પ્રકૃતિના સત્ત્વગુણનું કાર્ય છે ! ગુણોની

સામ્યાવસ્થા પ્રકૃતિ છે ! ત્રણ ગુણો પ્રકૃતિના છે, આત્માના નથી. જ્ઞાન - સત્ત્વગુણ, કર્મ - રજોગુણ, અજ્ઞાન-તમોગુણ રૂપ છે. કાલ ગુણક્ષોભ કરે છે. મહત્તત્ત્વ - સૂત્ર - સ્વભાવ છે ! ભગવાનની અનેક રૂપ થવાની ઈચ્છાથી સર્વ સર્જાય છે. મોહિતલોકો યુક્તિથી તત્ત્વસંખ્યા જુદી જુદી કહે છે. વિદ્વાનોને શું ન શોભે ? ઉદ્ધવજીને ભગવાને પ્રકૃતિ અને (જીવ) પુરુષ બંને ભગવદ્રૂપ કહ્યાં ! માયાથી ભગવદ્વિમુખ થયેલાઓને આધિભૌતિકાદિ ત્રિવિધ ભિન્નભાન થાય છે. રૂપદર્શનમાં, રૂપ - અધિભૂત, નેત્ર - અધ્યાત્મ, અને નેત્રસ્થ સૂર્યાંશ - અધિદેવ ! પરસ્પર આશ્રયથી ત્રણેની સિદ્ધિ થાય છે. નેત્રસ્થ સૂર્યાંશ કરતાં, આકાશસ્થ અંશી સૂર્ય જુદો છે, તેમ પ્રકૃતિથી આત્મા જુદો છે, આદ્ય છે ! ઈન્દ્રિયો પણ ત્રિવિધ છે. વિકાર પ્રકૃતિથી થાય છે. પદાર્થની ભિન્નતા આત્મ-સ્વરૂપના અજ્ઞાનથી છે,- વ્યર્થ છે. ભગવાનનો વિચાર ન કરે, તેમાં જ ભેદબુદ્ધિ રહે છે ! પૂર્વકાંડમાં ભેદ વૈરાગ્ય માટે છે; તેમ પ્રકૃતિ-પુરુષ જુદાં ગણ્યાં છે. ભગવદ્વિમુખને ભેદબુદ્ધિથી-દોષથી-સંસારમાં આથડવું પડે છે. મનનો દોષ દૂર થતાં ભેદબુદ્ધિ જાય. તે માટે મનોદંડ જરૂરી છે. વિષયભોગ ન કરવા; અહંતા-મમતા-રૂપ સંસાર તો આત્માના અજ્ઞાનથી, પ્રભુમાં પ્રીતિ ન હોવાથી થયો છે, - તેમ સમજવું, લોકો તિરસ્કાર કરે, છતાં કલ્યાણ કાર્ય છોડવું નહિ ! ભક્તો વિના આ કોનાથી બને ?!

અધ્યાય : ૨૩

સુખ-દુઃખનું કારણ છે, - પોતે મનમાં કલ્પેલી અહંતા - મમતા - રૂપ ભ્રાન્તિ ! : અર્થના પંદર અનર્થો ! : સર્વસાધન મનને વશ કરવા માટે છે ! : ભિક્ષુગીતા ! :

ભગવાને મનને દંડ દેવાનો પ્રકાર કહ્યો. અન્યના અપરાધ સહન કરે, છતાં ઉગ્ર-વ્યગ્ર ન બને, તો મન વશમાં છે, - તેમ સમજાય ! મનોદંડનું સાધન અને દંડિત-મનની દશા સમજાવવા માટે અવંતિના ભિક્ષુ બ્રાહ્મણને ગુરુ રૂપે કહ્યો. મનથી પદાર્થ માત્રનો ત્યાગ થાય, તો બીજાં સાધન કરવાં ન પડે ! શ્લોક ૪૩ થી ૫૮ સુધી "ભિક્ષુગીતા"માં; ગ્રહ, દેવતા, કાલ, કર્મ, જન વગેરે જીવના સુખ-દુઃખમાં કારણ નથી; પણ જીવે પોતે મનમાં કલ્પેલી અહંતા-મમતા રૂપ ભ્રાન્તિ, સુખ-દુઃખનું કારણ છે ! મનોવિજયમાં સર્વવિજય છે ! તેમ બતાવ્યું છે. અવંતિમાં દ્રવ્યાઢ્ય દ્વિજ. તેણે સંપત્તિનો સંચય કર્યો, પણ સદુપયોગ ન કર્યો. કૃપણથી સૌ કંટાળે ! દેવ - ઋષિ - પિતૃ - ભૂત - મનુષ્યના આ પંચયજ્ઞ તે કરતો ન હતો, કોઈ ને ભાગ ન દેતો. પોતાને, ધર્મકાર્યને, પુત્ર-સ્ત્રીને, દેવ, અતિથિ, સેવકને પીડે,- તે "કદર્ય" ! આ લોભી ! દૈવયોગે દ્રવ્ય ગયું. દ્વિજ દુઃખી થયો. સ્વાનુભવે સમજાયા, - અર્થના ૧૫ રીતે અનર્થો !

अर्थस्य साधने सिध्दे उत्कर्षे रक्षणे व्यये ।
नाशोपभोग आयासस्त्रासश्चिन्ता भ्रमो नृणाम् ॥ (१७)
स्तेयं हिंसानृतं दम्भः कामः क्रोधः स्मयो मदः ।
भेदो वैरमविश्वासः संस्पर्धा व्यसनानि च ॥ (१८)
एते पञ्चदशानर्था ह्यर्थमूला मता नृणाम् ।
तस्मादनर्थमर्थाख्यं श्रेयोऽर्थी दूरतस्त्यजेत् ॥ (१९)

દ્રવ્યનાં સાધન, સિદ્ધિ, વૃદ્ધિ, રક્ષા, વ્યય, નાશ અને ઉપભોગમાં, - (૧) પ્રયત્ન, (૨) કષ્ટ,

(૩) ચિંતા, (૪) ભ્રમ, (૫) ચોરી, (૬) હિંસા, (૭) અસત્ય, (૮) દંભ, (૯) કામ, (૧૦) ક્રોધ (૧૧) ગર્વ, (૧૨) મદ, (૧૩) ભેદ, (૧૪) વૈર, (૧૫) અવિશ્વાસ, સંસ્પર્ધા, વ્યસન. આ અનર્થો છે ! સ્વજનમાં પણ સંપત્તિ સંઘર્ષ કરાવે છે ને ! અર્થદાસ અનેક; કૃષ્ણદાસ કોઈક ! ભીષ્મ જેવાએ પણ પુરુષને અર્થદાસ કહ્યો છે ને ! ધર્મજ્ઞ, સમર્થ છતાં પોતે પણ અર્થથી બંધાયા છે ને ! દારિદ્ર્યમાં દયા દેખાઈ દ્વિજને દીનનાથની ! વૈરાગ્યનું તેને કારણ માન્યું ! પ્રભુમાં પ્રીતિ થાય તેમ સાવધ થયો. કૃપા હોય તો જ વિપત્તિથી વૈરાગ્ય આવે, નહિ તો વિકલતા જ વધે ! ભિક્ષા માગવા જતાં લોકોએ આને ઓળખીને અનેક અપમાન કર્યાં, ત્રાસ દીધો. બ્રાહ્મણે કોઈને અપવાદ ન દીધો, બચાવ ન કર્યો ! દુઃખોમાં ગ્રહ, કાલ, દેવ કે લોકો વગેરેને નિમિત્ત ન ગણ્યાં ! **"मनः परं कारणमामनन्ति संसारचक्रं परिवर्तयेद् यत् ।"**- સુખ-દુઃખ, કે બંધ - મોક્ષમાં કારણ છે, - પોતાનું મન ! જે સંસારચક્રને ઘુમાવે છે ! સર્વ મનને વશ છે ! **"मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।"**- શ્રુતિ છે ને ! **"सर्वे मनोनिग्रहलक्षणान्ताः परो हि योगो मनसः समाधिः ।"**- સર્વસાધન મનને વશ કરવા સુધીનાં છે. મનની શાંતિ તે પરમયોગ છે ! **"भीष्मो हि देवो सहसः सहीयान् युज्याद् वशे तं स हि देवदेवः ।"**- બધી ઈન્દ્રિયો મનને વશ છે. મન કોઈને વશ નથી ! મન ભયંકર દેવ છે, બલિષ્ઠ છે. તેને વશ કરે તે જ દેવદેવ છે ! મનથી થતી અહંતા-મમતાથી રાગ-દ્વેષમાં સૌ પીડાય છે. આત્માને પીડા કોણ કરી શકે છે ? ભગવાનનું ચિંતન કરનારનું મન સ્વવશ થાય, ભગવાનના શરણાગતને કાલ-કર્મ કે સ્વભાવ કાંઈ કરી ન શકે ! વિરક્ત વિપ્ર પ્રભુપરાયણ થયો. બુદ્ધિ પ્રભુમાં પરોવી, મનનો નિગ્રહ કરવો !

અધ્યાય : ૨૪

અભેદ-દઢ કરવા માટે ભગવત્સંમત શુદ્ધ-સાંખ્યમત : આ જગતનું ઉપાદાન કારણ - પ્રકૃતિ; આધાર - પ્રકૃતિથી પર, પુરુષ; સત્ (છે- તે) ને પ્રકટ કરનાર - કાલ; ત્રણે ભગવાન્ જ છે ! :

ભેદ સત્ય નથી, છતાં દેખાય છે; તેથી અભેદ-બુદ્ધિ દઢ કરવા, ૨૪મા અધ્યાયમાં ભગવત્સંમત શુદ્ધ સાંખ્યમત કહ્યો છે. આ જ્ઞાનથી મોહ ન થાય, મન પણ મદદ કરે ! ભગવાને પ્રાચીન ઋષિયોને સંમત સાંખ્ય કહ્યું. દેહ-ગેહ વગેરે વિકલ્પ-ભેદ-સંબંધી અહંતા-મમતા રૂપ ભ્રમ, તેથી દૂર થાય ! સર્વ-યુગપૂર્વે, પ્રલયસમયે, કૃતયુગના આરંભે, એક જ જ્ઞાન અને અર્થરૂપ (નિર્વિકલ્પિત-ભેદરહિત) વાણી અને મનથી અગોચર-(અવિષય), બ્રહ્મ જ હતું !

आसीज्ज्ञानमथो ह्यर्थ एकमेवाविकल्पितम् ।
यदा विवेकनिपुणा आदौ कृतयुगेऽयुगे ॥ (२)

આ પૂર્ણબ્રહ્મનું ધ્યાન વિવેકિલોકો કરતા.

तन्मायाफलरूपेण केवलं निर्विकल्पितम् ।
वाङ्मनोऽगोचरं सत्यं द्विधा समभवद् बृहत् ॥ (३)

જે કેવલ છે, નિર્વિકલ્પ છે, વાણી અને મનથી પર છે, તે સત્ય-બૃહત્, બ્રહ્મ ! તે બે પ્રકારનું થયું- (૧) માયા- કાર્યકારણ રૂપવાળી પ્રકૃતિ; અને (૨) ફલ- જ્ઞાન, પુરુષ. ભગવાને જીવોને શરીર દેવાની ઈચ્છાથી, કાલ રૂપે પ્રકૃતિનો ક્ષોભ કર્યો, તેથી પ્રકૃતિમાંથી સત્ત્વ, રજઃ, તમોગુણ વ્યક્ત થયા.

તે ગુણોમાંથી ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિવાળું એક તત્ત્વ, સૂત્રાત્મક મહત્તત્ત્વ પ્રકટ થયું. તેમાં વિકાર થતાં, જીવોને જેનાથી વિશેષ મોહ થાય તેવો અહંકાર થયો. તે સાત્ત્વિક, રાજસ, તામસ - ત્રણ વૃત્તિવાળો ! તે ચેતન-અચેતનમય ! શબ્દાદિ-પંચતન્માત્રાના કારણરૂપ, તામસ-અહંકારમાંથી પંચમહાભૂતરૂપ પદાર્થ, રાજસ-અહંકારમાંથી ઈન્દ્રિયો અને સાત્ત્વિક-અહંકારમાંથી ઈન્દ્રિય-દેવતાઓ પ્રકટ થયાં. ભગવાને આ સૌમાં અંતરાત્મા રૂપે પ્રવેશ કરી, પ્રેરણા કરતાં, તે પદાર્થો એકત્રિત થઈ ક્રિયાસમર્થ થયા ! તેમણે અંડ ઉત્પન્ન કર્યું. ભગવાનનું તે ઉત્તમ લીલાસ્થાન ! જલમાં રહેલા, આ અંડમાં સર્વકારણ રૂપ ભગવાન્ અપ્રાકૃત રીતે પ્રવેશ્યા, બ્રહ્માંડ-પુરુષ થયા ! તેમની નાભિમાંથી "વિશ્વ" નામનું પદ્મ થયું ! તેમાં પ્રકટ થયા બ્રહ્મા ! ભગવાનની કૃપાથી, રજોગુણયુક્ત વિશ્વાત્મા બ્રહ્માએ તપઃ કરી, ત્રિલોક અને લોકપાલો સર્જ્યાં. સ્વર્લોકમાં દેવો, ભુવર્લોકમાં ભૂતાદિ અને ભૂલોકમાં કારણધર્મવાળા મનુષ્ય વગેરે પ્રાણીઓનાં સ્થાન છે. ત્રિગુણાત્મક વૃત્તિવાળા જીવોને, કર્મફલપ્રાપ્તિ ત્રિલોકમાં થાય છે. ત્રિલોકથી પર મહર્લોકમાં સિદ્ધોનાં સ્થાન છે. પૃથ્વી નીચે નાગો-અસુરો વસે છે, યોગ, તપઃ અને સંન્યાસની ફલરૂપ ગતિ, - મહઃ, જન, તપઃ અને સત્યલોક છે ! ભક્તિયોગવાળાને ભગવદ્‌ગતિ મળે છે ! કાલરૂપ, ફલદાતા, વિશ્વંભર ભગવાનથી આ જગત્ કર્મયુક્ત થાય છે, જગતના જીવો સંસારના ગુણપ્રવાહથી વિવિધ લોકોમાં કર્માનુકૂલ ઉચ્ચ-નીચ-ગતિ મેળવે છે. બધી ગતિ અસ્થિર છે ! સ્થિર છે, - માત્ર ભગવદ્‌ગતિ ! આ જગતમાં પ્રકટતા નાના-મોટા સર્વ પદાર્થો પ્રકૃતિ-પુરુષ-સંયુક્ત હોય છે.

यस्तु यस्यादिरन्तश्च स वै मध्यं च तस्य सन् ।
विकारो व्यवहारार्थो यथा तैजसपार्थिवाः ॥ (१७)

કોઈ પણ પદાર્થના આદિમાં અને અંતમાં, જે મૂલરૂપ હોય, તે જ મૂલરૂપ સત્ય હોવાથી, મધ્યમાં પણ હોય જ ! જગતના આદિમાં હોય છે, - બ્રહ્મ ! અંતે અવશિષ્ટ રહે છે, - બ્રહ્મ ! તે મૂલરૂપ બ્રહ્મ સત્ય હોવાથી, મધ્યમાં જગદ્રૂપે પણ હોય છે જ, - બ્રહ્મ ! એક જ બ્રહ્મ, સ્વેચ્છાથી, અવિકૃત રહીને, અનેક રૂપે-જગદ્રૂપે-પરિણામ પામે છે ! આદિ, મધ્ય અને અંત એ સર્વાવસ્થામાં - કાર્ય, કારણ સાથે "અનન્ય" હોય છે, મિથ્યા નહિ ! તેથી જગત્ સત્ય છે; મિથ્યા નથી ! "तदनन्यत्वमारम्भण-शब्दादिभ्यः ।"- સૂત્રમાં સ્પષ્ટ છે. ભગવાન્ પોતાની લીલા(વ્યવહાર) માટે, સાનુકૂલ વિવિધ રૂપે (વિકારે) પ્રકટ્યા છે. તેજોમય-સુવર્ણ; તેના વ્યવહાર માટે જુદા જુદા વિકાર (આકાર-નામ); હાર, કટિસૂત્ર, કુંડલ વગેરે, આદિ, મધ્ય અને અંતમાં સુવર્ણથી તે જુદા નથી, અનન્ય છે, સત્ય છે, સુવર્ણ રૂપ છે ! પાર્થિવ - માટી; તેના વ્યવહાર માટેના વિકાર (આકાર-નામ); - ઘડો, કોડિયું વગેરે; માટીથી તે અનન્ય છે, સર્વ અવસ્થામાં માટી છે ! માટી અને તેમાં થયેલા વિકારો (પ્રકારો) સત્ય છે ! સુવર્ણ અને માટીનો અનેક નામે વ્યવહાર છે ! "एवं सद् विप्रा बहुधा वदन्ति ।"- વેદ વદે છે.

यदुपादाय पूर्वस्तु भावो विकुरुतेऽपरम् ।
आदिरन्तो यदा यस्य तत् सत्यमभिधीयते ॥ (१८)

આદિમાં જે બ્રહ્મની ઉપાદાન-કારણતાને લઈ ને પ્રકટ થયેલો પદાર્થ (પ્રકૃતિ); પછીના બીજા

પદાર્થ (મહત્તત્ત્વને) પ્રકટ કરે છે, તે (બ્રહ્મ) જ આદિ-અંતમાં રહે છે; તેથી તે - બ્રહ્મ - ''सत्यं'' કહેવાય છે. ''ब्रह्मणो नाम सत्यमिति ।''- શ્રુતિ છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લયના કર્તાનો સંકેત "સત્ય"માં છે. કોઈ પણ પદાર્થની, કોઈ પણ અવસ્થામાં "સત્તા" (અસ્તિત્વ-હોવાપણું), બ્રહ્મના "સત્"-રૂપથી છે, તે બ્રહ્મ સાથે અનન્ય છે ! જગતના સર્વપદાર્થોમાં, સર્વાવસ્થામાં બ્રહ્મના "સત્"-ધર્મનો બાધ થતો નથી. "નામ-રૂપ" બ્રહ્મનાં કાર્ય છે, તે જગદ્રૂપ છે; કારણ રૂપ-"અસ્તિ, ભાતિ, પ્રિય" - (સચ્ચિદાનંદ-બ્રહ્મ)નો તેમાં સમન્વય છે. ''तत्तु समन्वयात् ।'' સૂત્ર સ્પષ્ટ છે.

प्रकृतिर्ह्यस्योपादानमाधारः पुरुषः परः ।
सतोऽभिव्यञ्जकः कालो ब्रह्म तत्त्रितयं त्वहम् ॥ (१९)

પ્રકૃતિ આ જગતનું ઉપાદાનકારણ છે, પ્રકૃતિથી પર પુરુષ આધાર છે, બ્રહ્મ જ કાલ રૂપ થઈ, સત્પદાર્થને પ્રકટ કરે છે ! આ પ્રકૃતિ, પુરુષ અને કાલ તો બ્રહ્મ-ભગવાન્ જ છે ! ભગવદિચ્છા હોય ત્યાં સુધી આ સૃષ્ટિપ્રવાહ ચાલે છે, પ્રાકૃતગુણોમાં આસક્ત જીવને કર્માનુકૂલ જન્મ-મરણ નિરંતર મળે છે ! કૃષ્ણકૃપાથી જ તેનો અંત સંભવે છે ! ભગવદિચ્છાથી, ઉત્પત્તિથી ઊલટાક્રમે, શરીર, અન્ન-બીજમાં, બીજ પૃથ્વીમાં, - એમ કાર્યનો કારણમાં લય થાય છે. અંતે સર્વ આનંદરૂપ ભગવાનમાં લય પામે છે ! આજના વૈજ્ઞાનિકો આકાશતત્ત્વ **"Ether"** ને સૃષ્ટિનું મૂલ માને છે. કૃપા વગર, બુદ્ધિથી પર, આનંદ રૂપ બ્રહ્મ ક્યાંથી ઓળખાય ! યોગ કે પ્રયોગ તેમાં ઉપયોગમાં ન આવે ! આ સમજે-વિચારે, તેને અહંતા-મમતા રૂપ ભેદ કે ભ્રમ ક્યાંથી રહે ? સંશય સર્વ દૂર થઈ જાય.

અધ્યાય : ૨૫

નિર્ગુણ-પદાર્થોનું સ્વરૂપ : અહંતા મમતા રૂપ વ્યવહાર તો સન્નિપાત છે ! :

૧. ગુણોથી થતો મોહ દૂર કરવા, ૨. ગુણજય માટે, ૩. ગુણસ્વરૂપ સ્પષ્ટ કરવા, ૪. અઠ્ઠાવીસ તત્ત્વો છે, - તે જ્ઞાનની ઉપયોગિતા સ્પષ્ટ કરીને, ૫. તેટલાં જ તત્ત્વો છે, - તે ભાન દૂર કરવા, નિર્ગુણ-પદાર્થોનું સ્વરૂપ અહીં કહે છે. પરસ્પર-મિશ્રિત અને વિભક્ત-ગુણોથી માનવ જેવો થાય તે બતાવ્યું. શાંતિ, સંયમ, સહનશીલતા, તત્ત્વવિવેક, તપ:, સત્ય, દયા, સ્મૃતિ, સંતોષ, ત્યાગ, અસ્પૃહા, શ્રદ્ધા, લજ્જા, દયા, સ્વાનંદ - સત્ત્વગુણવાળામાં હોય ! કામ, ચેષ્ટા, મદ, ગર્વ, તૃષ્ણા, ભેદભાવ, સુખ, ઉત્સાહ, યશ:, પ્રીતિ, હાસ્ય, વીર્ય, બલ, ઉધમ - રજોગુણવાળી વૃત્તિયો છે ! ક્રોધ, લોભ, અસત્ય, હિંસા, યાચના, દંભ,વૃથાશ્રમ, કલહ, શોક મોહ, વિષાદ, દુ:ખ, નિદ્રા, આશા, ભય, અનુધમ, આલસ્ય, - આ દેખાય તમોગુણ- વાળામાં ! ત્રણે ગુણોના મિશ્રણથી "અહંતા-મમતા" રૂપ સમજ અને વ્યવહાર છે.

संनिपातस्त्वहमिति ममेत्युद्धव या मतिः ।
व्यवहारः संनिपातो मनोमात्रेन्द्रियासुभिः ॥ (६)

તે તો "સન્નિપાત" છે; અંતકાલના વ્યર્થ બકવાદ જેવો ! મન, વિષયરતદેહ, ઈન્દ્રિય અને પ્રાણ વડે આ ચાલ્યા કરે છે. ગુણનો પરસ્પર મિશ્રભાવ - "સન્નિપાત !" ધર્મ, અર્થ કામમાં, સફલતા મળતાં; તે માટે કે અન્યયત્ન કરતાં; આ, - ''सम्यक्''- સારી રીતનું, જેમાંથી નીકળવું સમજાય નહિ તેવું, ''नितरां''- સંપૂર્ણ, ''पातः''- પતન છે. પોતાનાં સત્કાર્ય અને સફલતાનાં ગાણાં ગાવાનાં ગમે

છે ને ! તેથી તો "અહંતા-મમતા" રૂપ સંસાર વધે, ભગવદ્‌વિમુખ થવાય, પતન થાય, "સન્નિપાત" છે ને ! અપેક્ષા વિના ભગવાનનું ભજન કરે,- તે સાત્ત્વિક, ફલાશાથી ભજે,- તે રાજસ, હિંસાદિથી ભજે,- તે તામસ ! સૌમાં ત્રણે ગુણો હોય. એક મુખ્ય - બે ગૌણ ! જેની મુખ્યતા હોય તેવો વ્યવહાર દેખાય ! જેવા ગુણવાળી વસ્તુ-વ્યક્તિનું સેવન કરીએ તેવા ગુણ પ્રબલ બને !

सत्त्वं रजस्तम इति गुणा जीवस्य नैव मे ।
चित्तजा यैस्तु भूतानां सज्जमानो निबध्यते ॥ (૧૨)

સત્ત્વ, રજઃ, અને તમઃ - એ ગુણો જીવને બંધનપ્રદ, પ્રભુને નહિ ! તે ચિત્તમાંથી ઉત્પન્ન થયેલા, તેમાં આસક્ત બને તેને બંધન મળે. સત્ત્વગુણ વધે તો સદ્‌ભાવ વધે, બ્રહ્મનિષ્ઠ ઊર્ધ્વગમન થાય, - સુરબલ ! રજોગુણ વધે તો અસદ્‌ભાવ વધે, સંસારમાં ભમે - આસુરબલ ! તમોગુણ વધે તો દુષ્ટ ભાવ વધે, હીનગતિ મળે - રાક્ષસબલ ! ભગવત્સંબંધવાળું સર્વ કાંઈ નિર્ગુણ છે ! પ્રાકૃતગુણો વગરનું, અલૌકિક-ગુણોવાળું - "નિર્ગુણ" કહેવાય ! નિર્ગુણના સેવનથી, ભક્તિયોગ દ્વારા, ભગવન્નિષ્ઠને ભગવદ્‌ભાવ પ્રાપ્ત થાય છે ! દેહ છે ત્યાં સુધીમાં શ્રીભાગવત વગેરેથી જ્ઞાન મેળવી લેવું ! સેવાથી સાક્ષાત્કાર થાય તે, - વિજ્ઞાન ! સમજપૂર્વક નિઃસંગ-જિતેન્દ્રિય થઈને ભગવાનને જ ભજવા. નિરપેક્ષ થતાં, જીવભાવ છોડીને, જીવ ભગવાનને પ્રાપ્ત થાય. ભગવદ્-ભાવપૂર્ણને સાધન કાંઈ કરવાનું રહે નહિ, કૃતાર્થ છે તે તો ! ઓગણીસમા અધ્યાયમાં કહેલાં જ્ઞાન - વિજ્ઞાન -સંપન્ન થઈને, સંન્યસ્ત લઈને; ભજન કરવાનો પ્રકાર કે મનોદંડ-યુક્તિ ૨૨-૨૩ અધ્યાયમાં કહ્યો છે. તેવા અધિકારની સમજ ૨૦મા અધ્યાયમાં છે. તેવો અધિકાર ન હોય તો, અધ્યાય ૨૪-૨૫માં કહેલ રીતે, ભેદને પ્રાસંગિક જાણી, આધિદૈવિક-વાદને સમજી, જ્ઞાન મેળવી, ભજન કરવું, અધિકારાનુસાર શ્રદ્ધા કે વૈરાગ્ય, ભક્તિમાં અંગરૂપ થાય ! અધ્યાય ૧૨ તથા ૧૯ના અંતે કહેલી ભક્તિ પોતાનો અધિકાર ઓળખીને કરવી. મુખ્ય અધિકાર હોય તો અધ્યાય ૧૨ના આરંભથી ૧૫ શ્લોક સુધી કહેલી ભક્તિ કરવી, પ્રભુની શરણાગતિ કરવી. મધ્યમાધિકારમાં અધ્યાય ૧૯ પ્રમાણે આત્મસમર્પણ અને હીનાધિકારમાં અધ્યાય ૧૧ પ્રમાણે ભજન કરવું. આમ સર્વ વાતો ભક્તિ માટે જ કહી છે !

અધ્યાય : ૨૬

પ્રમાદ-પ્રમોદ-પ્રમદા-સંગ સંતાપપ્રદ છે; પુરુરવાનું સ્વાનુભવથી જ્ઞાન - "ઐલગીત !"

શ્રીહરિને સંતુષ્ટ કરી શકાય તેવું માનવશરીર મેળવીને, ભગવત્સન્નિષ્ઠ રહે તે આનંદનિધિ ભગવાનને પ્રાપ્ત કરે છે. પૈસા - પ્રતિષ્ઠા - પ્રમાદ - પ્રમોદ અને પ્રમદામાં પરાયણ પુરુષપશુનો સંગ ક્યાંય ન કરવો ! ઉર્વશીમાં આસક્ત સમ્રાટ્ પુરુરવાને સ્વાનુભવે આ સમજાયું ! શોકસંતપ્ત - દશામાં દારુણ દુઃખે થયેલું જ્ઞાન ગાથા રૂપે ગાયું. તે "ઐલગીત" ગણાયું ! વિલાસમાં વય વેડફાય, ચિત્ત-વિત્ત નષ્ટ થાય, વિનાશ સંભવે.

किं विद्यया किं तपसा किं त्यागेन श्रुतेन वा ।
किं विविक्तेन मौनेन स्त्रीभिर्यस्य मनोहृतम् ॥ (૧૨)

જેનું મન સ્ત્રીએ હર્યું, સ્ત્રીવશ થયો, તેને વિદ્યા, તપઃ ત્યાગ, શાસ્ત્રસેવન, એકાન્તવાસ કે

મૌનથી પણ પ્રયોજન શું સરે ? મલ-મૂત્ર-પૂર્ણ દેહમાં આસક્ત થનાર કામી અને મલમાં મગ્ન કીડામાં ફેર શો ? સ્ત્રી કે સ્ત્રૈણનો સંગ ન કરવો ! વેદમાં તો ઉર્વશીએ પુરુરવાને બોધ દીધો. "न वै स्त्रैणानि सख्यानि सन्ति सालावृकाणां हृदयान्येताः ।"- "સ્ત્રી સંબંધિ-સખ્ય સ્થિર નથી. સ્ત્રી તો ગીધ-વરુનાં હૃદય છે!" વૈરાગ્ય તો જ થાય ને ! ભોગમય ભક્તિરૂપ ઉર્વશી, સ્થિર વૈરાગ્ય વગર મળે ક્યાંથી ? ભક્તને દુઃસંગથી પણ દુઃખ મળે, દુઃસંગ છોડે તો મુક્ત થાય ! પુરુરવા પોતાના પ્રસંગમાંથી જ વિરક્ત થઈ પરમશાંતિ પામ્યો ! કૃષ્ણકથા-સેવને ભક્તિ મળે. ભક્તને શું મેળવવાનું બાકી રહે ? સત્સંગથી ભય- અજ્ઞાન ન રહે. "धर्मो वित्तं नृणां"- ધર્મ જ માનવનું સાચું ધન છે; માત્ર મર્યા પછી જ તે ઉપયોગી ન થાય. જીવતાં પણ તે કૃતાર્થ કરે ! ધનથી તો કદાચ ધાન્ય મળે, પણ ધન્ય તો ન બનાવે ને ! ધર્મ તો ધન્ય બનાવે, આ- લોક-પરલોકમાં સુખ-શાંતિ ધર્મથી મળે છે. "सन्तोऽर्वाग्बिभ्यतोऽरणम् ।"- સંસારમાં ભયભીતને સત્પુરુષો જ સાચું અભય - શરણ છે ! તે દેવ, બંધુ, આત્મા, ભગવદ્રૂપ છે ! મુક્તસંગ પુરુરવા આત્મારામ થયો.

અધ્યાય : ૨૭

વૈદિક - તાન્ત્રિક - મિશ્ર - ક્રિયાયોગ !

"दैवीसंपद्विमोक्षाय"- ગીતામાં ભગવાને દૈવીસંપત્તિવાળાને મોક્ષ કહ્યો છે. તેને પણ ક્યારેક વાસના કે દુઃસંગથી વિઘ્ન થાય ! તે દશામાં દેહ પડતાં, નૂતનજન્મે પ્રારબ્ધભોગ થઈ જતાં, પુનઃ દૈવી- સંપત્તિથી મોક્ષની ઈચ્છા થાય. ઉદ્ધવે ક્રિયાયોગ પૂછતાં, ભગવાને આવાને ઉપયોગી કર્મકાંડ પ્રમાણે પૂજનવિધિ કહ્યો. યોગરૂપ સાધન તે છે. પૂજાથી પણ પ્રીતિ, - ભક્તિ થાય ! "नह्यन्तोऽनन्तपारस्य कर्मकाण्डस्य चोद्धव ।"- અનંત કર્મકાંડનો પાર નથી. વૈદિક, તાંત્રિક અને મિશ્ર - ત્રણ રીતે પૂજન રૂપ - યજ્ઞ થાય છે.

शैली दारुमयी लौही लेप्या लेख्या च सैकती ।
मनोमयी मणिमयी प्रतिमाष्टविधा स्मृता ॥ (१२)

(૧) શિલામયી; (૨) કાષ્ઠમયી; (૩) સુવર્ણ-રજત-તામ્ર કે લોહમયી; (૪) લેપમયી માટી કે ચંદનમય; (૫) ચિત્રમયી; (૬) રેતીમય; (૭) મનોમયી (માનસી); (૮) મણિમયી-પ્રતિમા બનાવાય. તેની ચલ કે અચલ પ્રતિષ્ઠા થાય. સ્થિરમાં, શાલગ્રામમાં કે પુષ્ટિસ્વરૂપમાં આવાહન-વિસર્જન ન હોય ! ચલમાં વિકલ્પ થઈ શકે. સ્થંડિલ-પૃથ્વી-રૂપમાં બંને હોય ! યથાશક્તિ, યથાવિધિ, યથાયોગ્ય, દેશકાલાનુસાર સર્વ કરવું. શ્રદ્ધા અને સ્નેહથી તો સ્વલ્પમાં શ્રીહરિ સંતુષ્ટ થાય છે ! સ્નાન કરાવતાં "स्वर्णधर्मानुवाक् ।; "पुरुषसूक्त"; "जितं ते पुण्डिरिकाक्ष ।"; "इन्द्रं नरो मे मघिता हवन्ते ।"- "રાજનસામ" - વગેરેથી સ્નાનાદિ કરાવવાં. પુષ્ટિમાં, જ્યેષ્ઠાભિષેક - પ્રસંગે શંખોદક કરતાં, "स्वर्णधर्मानुवाक् ।"- બોલાય છે. પ્રભુને પ્રેમપૂર્વક યોગ્ય ઉત્તમ વસ્ત્રાભરણ ધરતાં, ઉત્તમભોગ ધરવો, ઉત્સવાદિમાં વિશેષ કરવું "दन्तधावाभिषेचनम् ।"- દંતધાવનાદિ જગન્નાથજી વગેરેમાં દર્પણમાં પ્રતિબિંબ સ્વરૂપને ભાવથી કરાવાતાં દેખાય છે ! પુષ્ટિમાં આનંદમય-નિર્મલ સ્વરૂપભાવનામાં આવો પ્રકાર નથી ! પ્રાકૃતધર્મોની અપ્રાકૃત સ્વરૂપમાં ભાવના ન થાય ! હોમાદિ યથાવિધિ કરવાં. આચમનાદિ

કરાવી, તાંબુલાદિ દેવાં. યથાક્રમે સેવા કરવી. જપ, સ્તોત્ર, નમન કરવાં. "अर्चादिषु"- અર્ચા માટેનું સ્વરૂપ હોય, તેમાં શ્રદ્ધાનુસાર સર્વ કરવું. શ્રીરામાનુજમતે, ૧. પર, ૨. વ્યૂહ, ૩. વિભવ, ૪. અન્તર્યામી અને ૫. અર્ચા, - આ પાંચ અવતાર છે. શ્રીરંગ, શ્રીવેંકટેશ્વર વગેરેમાં સ્વરૂપ અર્ચાવતાર કહેવાય છે, પરિચર્યાથી ભક્તિ થતાં કૃતાર્થ થવાય. દેવ, બ્રાહ્મણની આજીવિકા હરે તેનું અધઃપતન થાય. સત્કાર્યમાં કર્તા, સહાયક, પ્રેરક, અનુમોદકને પણ પરલોકમાં ભાગ મળે ! જેનો શ્રમ વધુ તેને લાભ વધુ ! પ્રભુ કોને કૃતાર્થ ન કરે ?

અધ્યાય : ૨૮

"સર્વ ભગવાન્ છે," - "સર્વ ભગવાનને વશ છે," તેથી જીવને થતી ચિંતા વ્યર્થ છે ! અખંડાદ્વૈત !:

દૈવીસંપદ્‌વાળાને પણ દુઃસંગથી દુઃખ મળે, વાસના માટે છૂટે તો મુક્તિ મળે ! તેમાં ઉપયોગી છે, - પોતાના સ્વરૂપનું સ્મરણ ! તે મળે પ્રભુપૂજનથી ! પ્રભુપરાયણ માનવે પારકાનાં સ્વભાવ કે કર્મનાં સ્તુતિનિંદા કરવાં નહિ ! "परस्वभावकर्माणि न प्रशंसेन्न गर्हयेत् ।"- વિશ્વના આત્મા તો પરમાત્મા છે ને ! જગદીશથી જુદા રૂપે જગતને જુએ તે માયામોહિત બને, પ્રાકૃતવિષયમાં મગ્ન થાય, તો સંસાર-રૂપ મૃત્યુ મળે ! "સર્વ ભગવાન્ છે;" "સર્વ ભગવાનને વશ છે !" તેથી જીવને થતી ચિંતા વ્યર્થ છે ! મિથ્યા- દ્વૈતભાવથી મંગલ કે અમંગલ શું થવાનું ? વસ્તુ અને વ્યક્તિ રૂપે ભગવાન્ છે, - તે સત્ય ! તેને આપણે વસ્તુ અને વ્યક્તિ રૂપે, જુદાં જુદાં નામ અને રૂપેઓળખીએ કે કહીએ, તે દ્વૈત(ભેદ) બુદ્ધિ, - અસત્ય ! "હું અમુક વ્યક્તિ છું," - વગેરે દેહાદિભાવ - તો મૃત્યુ પર્યન્ત મૂંઝવે છે, ભયપ્રદ છે ! અભય તો મળે અભયપ્રદ ભગવાનને ઓળખવાથી !

आत्मैव तदिदं विश्वं सृज्यते सृजति प्रभुः ।
त्रायते त्राति विश्वात्मा ह्रियते हरतीश्वरः ॥ (६)

દેખાતા કે સંભળાતા જગદ્રૂપે ભગવાન્ જ સર્જાય છે, પ્રભુ પોતે જ સર્જે છે. વિશ્વરૂપ ભગવાન્ રક્ષાય છે, વિશ્વાત્મા પોતે જ રક્ષે છે. વિશ્વરૂપ ભગવાન્ હરાય છે, વિશ્વાત્મા ઈશ્વર (નિયામક) પોતે જ હરે છે ! અખિલ વિશ્વ અખંડ બ્રહ્મરૂપ છે ! ભગવાન્ પોતે જ પોતાની આવિર્ભાવ-તિરોભાવ શક્તિથી વિશ્વ રૂપે આવિર્ભાવ-તિરોભાવ કરે છે ! માયા-પ્રકૃતિ, શક્તિ કે કોઈ પણ પદાર્થ ભગવાનથી જુદા સ્વતંત્ર અસ્તિત્વ ધરાવી શકે નહિ, તો સ્વતંત્ર રીતે કરી શું શકે ? આ અખંડાદ્વૈત છે ! દૈવીજીવને તે સમજાય. સ્તુતિ-નિંદા પછી તે કોની કરે ? દેહ - વગેરેમાં, સંબંધમાં આસક્ત ન થવું. નિઃસંગ રહેવું. આત્મા-દ્રષ્ટા, સ્વયંપ્રકાશ છે; દેહ-દશ્ય, જડ છે; દેહ-ઈન્દ્રિય-પ્રાણ સાથેના આસક્તિ-સંબંધથી અવિવેકી જીવને અહંતા-મમતારૂપ સંસાર છૂટતો નથી ! પ્રાકૃતદેહમાં અહંકારથી; હર્ષ-શોક, ઈચ્છા, જન્મ-મરણ વગેરે પ્રાપ્ત થાય છે; જીવને તો તે છે નહિ ! બંધન કરાવનાર સૂક્ષ્મ-લિંગ-દેહ સૂત્રાત્મક છે. ગુણ અને કર્મથી તે અહંકાર મૂર્ત (વ્યક્ત-સ્પષ્ટ) થાય છે. ક્રિયાશક્તિ અને જ્ઞાનશક્તિની મુખ્યતાવાળું સૂત્ર મહત્તત્ત્વ પણ છે. "संसार आधावति कालतन्त्रः ।"- અહંકારયુક્ત જીવ, કાલ રૂપે નિયામક થયેલા ભગવાનની કાલવ્યવસ્થાને વશ થઈને, સર્વત્ર આથડે છે, અનેક ઉચ્ચ-નીચ યોનિયોમાં ભટકે છે ! વિચિત્ર સંસાર છે. મનનશીલ માનવે જગતના આદિ-મધ્ય-અંતરમાં રહેલા કારણરૂપ ભગવાનને જાણવા !

यथा हिरण्यं स्वकृतं पुरस्तात् पश्चाच्च सर्वस्यहिरण्मयस्य ।
तदेव मध्ये व्यवहार्यमाणं नानापदेशैरहमस्य तद्वत् ॥ (१९)

શુદ્ધ સુવર્ણનો જ વ્યવહાર હાર-કુંડલ વગેરે નામે થાય છે. તેમાં ઘડતા પહેલાં-આદિમાં, મધ્યમાં - અલંકાર રૂપે, પછી ભાગતાં - અંતમાં, સુવર્ણ જ છે ને ! આમ, સર્વાવસ્થામાં સુવર્ણરૂપ હોવાથી સુવર્ણ અને તેના પ્રકારો (અલંકાર) સત્ય છે; તેમ સર્વાવસ્થામાં બ્રહ્મરૂપ હોવાથી, બ્રહ્મ-કારણ અને જગત્-કાર્ય, સત્ય છે ! ચતુષ્પાત્ બ્રહ્મ સર્વાવસ્થામાં જગત્-જીવોની પ્રવૃત્તિ કરાવે છે. (૧) વૈશ્વથી- જાગ્રતાવસ્થામાં બાહ્યપદાર્થોનો પ્રકાશ થાય, બહિઃપ્રજ્ઞ છે. (૨) તૈજસ-વડે સ્વપ્નાવસ્થામાં અન્તઃપ્રજ્ઞા થાય, અંતઃપ્રજ્ઞ છે. (૩) પ્રાજ્ઞ-દ્વારા સુષુપ્તિ (ગાઢનિદ્રા) દશામાં આશ્લેષ રૂપે અદ્વૈતાનુભવ થાય ! (૪) તુર્ય-(આ સંપત્તિમાં) સર્વજ્ઞતા થાય, આનન્દ રૂપ છે ! આ તુરીયપાદના અન્વયવ્યતિરેકથી તે સર્વ પ્રવૃત્ત થાય છે. આનંદરૂપ ભગવાન્ વગર જીવાડે કોણ ? ! જીવન વગર પ્રવૃત્તિ કઈ ? અહંતા- મમતા રૂપ વ્યવહાર નામમાત્ર છે, ભ્રાન્તિમૂલક છે ! વિશ્વનાં આદિ-અંતમાં તે હોતો નથી ને ! શ્રુતિ-પ્રસિદ્ધ જે બ્રહ્મ પહેલાં હતું, તે જ જગદ્રૂપે બને છે." "**तदेव तत् स्यादिति मे मनीषा ।**"- "આ છે,- મારો (ભગવાન્ કૃષ્ણનો) મત !" આ પ્રાકૃત-દેહાદિ રાજસસર્ગ તો નિત્ય ન હોવા છતાં બ્રહ્મપ્રકાશથી ભાસે છે ! તે આત્મા નથી, તે વિચારીને વિષયાનંદ દેનારા પ્રાકૃતપદાર્થોથી નિવૃત્ત થયું. દૃઢ ભક્તિ- યોગથી અપક્વ મનના તે વિષય-રાગરૂપ મલ તદ્દન મટે નહિ ત્યાં સુધી, માયારચિત ગુણસંગનો ત્યાગ કરવો. ચિકિત્સા વગર અયોગ્ય ઔષધ તો રોગ વધારે, તેમ કુયોગ તો અપક્વ મનવાળાને યોગભ્રષ્ટ કરે, પીડાપ્રદ બને, વિષયાસક્તિ થાય ! ભગવદિચ્છિાથી, સ્વજન-સુખ વગેરે - કર્મ -તંત્રમાં આસક્ત ન થતાં, તે પુનઃ યોગયુક્ત બને છે. પ્રયત્ન પુરુષનો, પ્રેરણા પ્રભુની ! "**निवृत्ततृष्णः स्वसुखानुभूत्या..।**"- તૃષ્ણાઓ છૂટે, નિઃસ્પૃહ થવાય,-ભગવદનુસંધાનથી ! દેહક્રિયાઓ થવા છતાં દેહાનુસંધાન ન થાય, વિષયેચ્છા ન થાય ! કૃષ્ણકૃપાથી દૃઢાશ્રયપૂર્વક ભગવદ્ભજન થાય, ભગવજ્જ્ઞાનથી બુદ્ધિનો અંધકાર દૂર થાય. કેવલ પરમાત્મામાં ભેદ-કલ્પના તો બુદ્ધિ-સંમોહથી જ થાય ને !

સંસારમાં વૈરાગ્ય માટે ભગવાને માયાવાદ કહ્યો છે, ભક્તિ માટે તો બ્રહ્મવાદ જ કહ્યો છે ! :

"નામ-રૂપ વડે ઈન્દ્રિયોથી ગ્રહણ કરાતું આ પંચભૂતાત્મક શરીર વગેરે નિત્ય છે," તથા "હું સ્થૂલ છું - કૃશ છું - વગેરે અહંતા - મમતા" તો પોતાને પંડિત માનનારાઓનો અર્થવાદ છે ! પ્રયોજન- પૂર્વક પ્રશંસા, - અર્થવાદ ! તે વિધિશેષ અને નિષેધશેષ ! વિહિત અર્થની પ્રશંસાથી પ્રવૃત્તિ અને નિષિદ્ધ- અર્થની નિંદાથી નિવૃતિ, તે શીઘ્ર કરાવે, આથી સૃષ્ટિ-નિરૂપકવાક્યોનું અર્થવાદત્વ ગણીને, ભગવન્મહિમાનો તેઓ અનાદર કરે છે ! બ્રહ્મથી ભિન્ન કોઈ પદાર્થ કે ઈન્દ્રિયાદિનું અસ્તિત્વ જ ન સંભવે, તો તે ગ્રહણ શેનું કરે ? તનના દોષ-રોગ વગેરે, તપઃ, આસન વગેરેથી દૂર કરવા. મનની અધોગતિ કરાવનાર દોષ-કામ ક્રોધાદિ ! તે કૃષ્ણચિંતન, નામસંકીર્તન વગેરેથી ભસ્મસાત્ કરવા ! યોગ કે ઔષધાદિ દ્વારા કાયાકલ્પ- સુદૃઢશરીર, કરવામાં શ્રદ્ધા ન રાખતાં, પરમફલ રૂપ ભગવાનમાં પરાયણ રહેવું. આત્માનંદને અનુભવનાર, દૃઢ-આશ્રય કરનાર, નિઃસ્પૃહને વિઘ્નો વિકલ કરતાં નથી ! "**तत्परं पुरूषख्यातेर्गुणवैतृष्ण्यम् ।**"- યોગસૂત્રમાં પ્રકૃતિ અને પ્રાકૃત-વિષયોમાં વૈરાગ્ય તો અભીષ્ટ છે જ ! અહીં તો પ્રતિબંધ ન રહે તેમ, અહંતા-મમતાત્મક જગતના પદાર્થોમાં જીવવિષયક-વૈરાગ્ય

માટે, ભગવાને માયાવાદ કહ્યો છે! ભક્તિ માટે તો બ્રહ્મવાદ જ કહ્યો છે! ભેદજ્ઞાન માયિક (મિથ્યા) છે, ભગવાને પોતાની ઈચ્છાથી કરેલો જગદ્રૂપ ઐચ્છિક-ભેદ મિથ્યા નથી, તે તો શ્રુતિસિદ્ધ છે!

અધ્યાય : ૨૯

ભાગવત - ધર્મની સર્વોત્તમતા !: "બ્રહ્મવાદ-સંગ્રહ :" ભગવાનના સ્મરણ કે નામોચ્ચાર માત્રથી અધૂરાં કર્મ સંપૂર્ણ થાય, તો સ્વયં ભગવાન્ માટે કરેલાં કર્મની પૂર્ણતાનું તો પૂછવું જ શું ?:

મનોજય વગર તો યોગચર્યા સરલ નથી, તેથી ઉદ્ધવે સરલ ઉપાય કહેવા વિનંતી કરી. હંસ જેવા ભક્તો તો કૃષ્ણના આનંદપ્રદ-ચરણનો આશ્રય કરે છે, યોગ કે કર્મમાં રતને તો માયાથી મોહ થાય છે! બ્રહ્માદિ જેના ચરણે નમે તેવા, હરિને તો વ્રજમાં વ્રજવાસી- હરિણ વગેરે સાથે સ્નેહ કરવો રુચે છે! તે ભગવાન્ દૃઢ અનન્યાશ્રયવાળા દાસોને વશ થાય, તેમાં આશ્ચર્ય શું ? શરણાગતને શું સુલભ ન થાય ? પ્રભુના ઉપકારને ઓળખે તે અન્યત્ર આથડે નહિ! ભાવાત્મક ચિત્ત રૂપે, હૃદયમાં વિરાજીને અન્તર્યામી રૂપે, પ્રકટ આચાર્ય રૂપે, સર્વ અશુભને દૂર કરતાં, સ્વરૂપગતિ સમજાવતા, ભગવાનના સ્નેહભર્યા ઉપકારોને સ્મરતાં, સુજ્ઞો સ્નેહમગ્ન બને છે! બ્રહ્માના આયુષ્યથી પણ પ્રભુના ઉપકારોનો બદલો વળે તેમ નથી! અહીં ભક્ત બદલો વાળી શકતા નથી! - રાસમાં ભગવાને પણ ભક્તોને પોતે બદલો દેવાની અશક્તિ કહી છે!

नैवोपयन्त्यपचितिं कवयस्तवेश ब्रह्मायुषापि कृतमृद्धमुदः स्मरन्तः ।
योऽन्तर्बहिस्तनुभृतामशुभं विधुन्वन्नाचार्यचैत्यवपुषा स्वगतिं व्यनक्ति ॥ (६)

પ્રિય ઉદ્ધવજીની વાત સાંભળી, વિશ્વવિહારીજી સ્નેહથી હસ્યા. સર્વમિશ્ર-સાધન રૂપે સર્વમંગલ ભગવદ્ધર્મો કહ્યા.

कुर्यात् सर्वाणि कर्माणि मदर्थं शनकैः स्मरन् ।
मय्यर्पितमनश्चित्तो मद्धर्मात्ममनोरतिः ॥ (९)

ધીમે ધીમે કૃષ્ણને સ્મરતાં, કૃષ્ણની પ્રસન્નતા માટે જ, સર્વકર્મ કરવાં! ક્રિયાપ્રધાન-મન, અને જ્ઞાનપ્રધાન-ચિત્ત, પ્રભુમાં જ પરોવી દેવાં! ભગવદ્ધર્મોમાં અંતઃકરણપૂર્વક રતિ કરવી. કંટાળીને, કડવાશથી કે કપટથી નહિ, સેવા સમજીને હર્ષ અને સ્નેહથી જ ભગવત્કાર્ય કરવાં! ભગવદ્-ભક્તોના સહવાસમાં રહેવું ! "देवासुरमनुष्येषु मद्भक्ताचरितानि च ।"- સુર-અસુર-મનુષ્ય-ભક્તોના જીવનમાંથી સદાચાર સમજીને સેવવો! એકાકી કે સર્વસંગમાં, ઉલ્લાસથી ભગવાનનાં યથાર્થ સેવા-કથા વગેરે સત્ર કરવાં-કરાવવાં. રાજવૈભવની જેમ ભગવાનના ઉત્સવો મનાવવા. સર્વમાં સમદૃષ્ટિવાળો પંડિત ગણાય. ભગવદ્ભાવ ન થાય ત્યાં સુધી સૌનો સમાદર કરવો, મન, વાણી, કાયાથી, વ્યવહાર-વૃત્તિથી સર્વત્ર ભગવદ્ભાવ રાખવો! આ છે સર્વથી સરલ, સુયોગ્ય ઉપાય!

अयं हि सर्वकल्पानां सध्रीचीनो मतो मम ।
मद्भावः सर्वभूतेषु मनोवाक्कायवृत्तिभिः ॥ (१९)

સ્પર્ધા, ઈર્ષા, તિરસ્કાર વગેરે દોષો તેનાથી દૂર થાય. "न ह्यङ्गोपक्रमे ध्वंसो ।"- ભાગવત-

ધર્મોના આચાર આરંભવામાં કાંઈ હાનિ થતી નથી ! તે તો પ્રમેયબલથી - નિશ્ચિત, નિર્ગુણ અને નિષ્કામ છે. ગીતાજીમાં "नेहाभिक्रमनाशोऽस्ति प्रत्यवायो न विद्यते । स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ॥"- સ્પષ્ટ છે ને ! પ્રભુની પ્રસન્નતાની બુદ્ધિથી થતાં કાર્યો આરંભવામાં નાશ થતો નથી, દોષ કે પ્રતિબંધ તેમાં સંભવતા નથી! સ્વલ્પ પણ આ ધર્મનું આચરણ તો સંસારના મહાભયમાંથી રક્ષે છે! ભગવત્કુંડલ રૂપ સાંખ્ય-યોગનાં કર્મ આવાં હોય તો ભગવદ્રૂપ યોગ-કર્મ કેવાં ? ભગવાનના સ્મરણમાત્રે સર્વ ન્યૂનકર્મ પણ સંપૂર્ણ થાય, તો સ્વયં ભગવાન્ માટે કરેલાં કર્મ (સેવા-કથા વગેરે)ની પૂર્ણતાનું તો પૂછવું જ શું ? ! સ્વલ્પ પણ કલ્યાણનું કાર્ય દુર્ગતિ ન થવા દે, તો કલ્યાણ-કલ્પતરુ કૃષ્ણનું કાર્ય કરનારને તો કૃષ્ણગતિ જ મળે ને ! કોઈ પણ ભાવ ભગવત્સંબંધે સત્ફલ દે !

एषा बुद्धिमतां बुद्धिर्मनीषा च मनीषिणाम् ।
यत् सत्यमनृतेनेह मर्त्येनाप्नोति मामृतम् ॥ (२२)

કરોડો રૂપિયા કમાય કે કીર્તિ મેળવે, તે જ બુદ્ધિ કે ચતુરાઈ નથી, પણ સુજ્ઞોનું આ બુદ્ધિ-કૌશલ છે, મનનશીલ ચતુરોનું મતિચાતુર્ય છે, કે અનિત્ય- મર્ત્ય-મનુષ્યદેહથી સત્ય અને અમૃત રૂપ સદાનંદ કૃષ્ણને પ્રાપ્ત કરે ! "મારે ભગવાન્ જ જોઈએ છીએ !" - એવો દૃઢનિર્ધાર કૃતાર્થ કરે ! "एष तेऽभिहितः कृत्स्नो ब्रह्मवादस्य सङ्ग्रहः ।"- "આ તમને કહ્યો,- બ્રહ્મવાદનો સંગ્રહ ! - સંક્ષેપમાં અને સવિસ્તર !" દેવોને પણ તે દુર્લભ ! "सर्वं खल्विदं ब्रह्म ।"- "ખરેખર આ સર્વ બ્રહ્મ છે"; - તેમ સમજાવતો બ્રહ્મવાદ ! "अतस्तु ब्रह्मवादेन कृष्णे बुद्धिर्विधीयताम् ।"- શ્રીવલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે, - "બ્રહ્મવાદ (શુદ્ધાદ્વૈત)થી બુદ્ધિ કૃષ્ણમાં દૃઢ કરો !" બુદ્ધિથી દૃઢ શરણાગતિ, અને સ્વાન્તઃથી સર્વોત્કૃષ્ટ સ્નેહ કોને કૃતાર્થ ન કરે ? આ જ્ઞાન હૃદયમાં રાખે, તેને પરબ્રહ્મ પ્રાપ્ત થાય !

य एतन्मम भक्तेषु सम्प्रदद्यात् सुपुष्कलम् ।
तस्याहं ब्रह्मदायस्य ददाम्यात्मानमात्मना ॥ (२६)

ભગવદ્ભક્તોને આ જ્ઞાનનું, અર્થસહિત, સવિસ્તર, પુષ્કળ, સંપ્રદાયપૂર્વક દાન જે કરે, તેને સ્વેચ્છાએ સ્વતઃ ફલાત્મક સ્વરૂપનું દાન ભગવાન્ કૃષ્ણ દે ! - ભગવાન્ વશ થઈ જાય ! "આ જ્ઞાનથી સ્પષ્ટ સમજ, મોહનિવારણ, શોક-શાંતિ થયાં ?" - ભાવથી ભગવાને ભક્તને પૂછ્યું ! છને આ જ્ઞાન ન દેવું,- (૧) દાંભિક, (૨) નાસ્તિક, (૩) શઠ, (૪) સેવારહિત, (૫) અભક્ત, (૬) અવિવેકી ! છ ને આ જ્ઞાન દેવું,- (૧) આ છ દોષરહિત, (૨) બ્રહ્મણ્ય, (૩) પ્રિય, (૪) સદાચારી, (૫) પવિત્ર, (૬) ભક્તિયુક્ત સ્ત્રી - શૂદ્ર ! "नैतद् विज्ञाय जिज्ञासोर्ज्ञातव्यमवशिष्यते ।"- "આ જાણ્યા પછી જિજ્ઞાસુને જાણવા જેવું કાંઈ જ બાકી રહેતુ નથી !" અમૃત પીધા પછી પીવાનું શું બાકી રહે ? પ્રભુ તો પરમ પુરુષાર્થ રૂપ છે !

ભગવાન્ જે જીવને પોતાનો બનાવવા ઈચ્છે છે, તેને પુરુષોત્તમ-ભાવ આપે છે !:

मर्त्यो यदा त्यक्तसमस्तकर्मा निवेदितात्मा विचिकीर्षितो मे ।
तदामृतत्वं प्रतिपद्यमानो मयाऽऽत्मभूयाय च कल्पते वै ॥ (३४)

માનવ સર્વ કર્મ છોડે, કૃષ્ણને આત્મનિવેદન કરે, ત્યારે ભગવાન્ તે કૃપાપાત્રનો ઉદ્ધાર કરવા-

પોતાનો બનાવવા ઈચ્છે,- વરણ કરે; ત્યારે નિશ્ચિત રીતે તે જીવને અમૃતત્વ પ્રાપ્ત થાય, ભગવાન્ તેને પુરુષોત્તમ-ભાવ આપે છે!

પ્રભુએ પ્રેમથી સમજ દીધી. સાંભળીને ઉદ્ધવજીનો ભાવ ઉભરાયો, નેત્રપાત્રમાં ભાવાગ્-જલિ રૂપે દેખાયો! હાથ જોડાયા, ચરણે મસ્તક નમ્યું! સ્તુતિ કરી. કૃષ્ણકૃપાથી મોહાન્ધકાર ગયો! કૃપાલુ કૃષ્ણ સિવાય કોને શરણે જવાય? સ્નેહપાશ સ્વજનમાંથી તોડાવીને, શરણાગતિથી કૃષ્ણ ચરણરતિ આપે તેમ પ્રાર્થ્યું! આજ્ઞા માગી! વ્રજવાસીઓએ પણ ભગવાન્ કૃષ્ણમાં રતિપ્રાપ્તિની વિનંતી ઉદ્ધવ સાથે મોકલેલી! ભક્તોનો આચાર સંગથી આવડે ને! ભગવાને ભક્તિ માટે બદરીકાશ્રમ જવાની આજ્ઞા કરી! વિરહ લાભ હવે દે ને! ઉદ્ધવે સ્વધામ લઈ જવા કહેલું છે! ૧. ગંગાસેવન, ૨. નિઃસ્પૃહતા, અને ૩. સહનશીલતા-પૂર્વક આ શિક્ષાભાવનાથી, સ્વપ્રાપ્તિનું વચન દીધું! પ્રિય પ્રભુની પરિક્રમા કરી; ચરણે નમી, પ્રભુની પાદુકા મસ્તકે ધરી, વિયોગ-વિકલ ઉદ્ધવજી મહાકષ્ટથી વિદાય થયા! શ્રીરામે ભરતજીને પાદુકા દીધેલી; શ્રીકૃષ્ણે આપી- ઉદ્ધવજીને! વિશાલામાં જઈ, હૃદયમાં પ્રિયપ્રભુને પધરાવી, ઉદ્ધવજી શ્રીહરિની ગતિને પ્રાપ્ત થયા.

નમન કર્યાં, જ્ઞાનપ્રદાતા, ગુરુરૂપ ભગવાન્ કૃષ્ણને - શ્રીશુકે!:

બ્રહ્મવાદમાં મુખ્યત્વે ભક્તિ જ ભગવાને કહી છે, જ્ઞાન તેના અંગ રૂપે કહ્યું છે!:

भवभयमपहन्तुं ज्ञानविज्ञानसारं निगमकृदुपजह्रे भृङ्गवद् वेदसारम् ।
अमृतमुदधितश्चापाययद् भृत्यवर्गान् पुरुषमृषभमाद्यं कृष्णसंज्ञं नतोऽस्मि ॥ (૪૯)

"ભક્તોના સંસારભયને દૂર કરવા, વેદ પ્રકટ કરનારા પ્રભુએ, ભ્રમરની જેમ વેદસાર- જ્ઞાનવિજ્ઞાન સાર - કાઢ્યો! મોહિની રૂપે શરણાગત દેવોને અમૃતપાન કરાવ્યું હતું, તેમ મનમોહન પુરુષોત્તમ ભગવાને આ સારરૂપ અમૃતનું નિજ ભૃત્યવર્ગને પાન કરાવ્યું! તે શ્રીકૃષ્ણને હું નમું છું!" ભગવાને આ બ્રહ્મવાદમાં મુખ્યત્વે ભક્તિ જ ભક્તને કહી છે, જ્ઞાન તેના અંગ રૂપે કહ્યું છે! સર્વત્ર તે સ્પષ્ટ છે. ભક્તિથી ભગવાન્ વશ થાય, વિશેષ ફલ શું હોય? શ્રુતિ છે, - "स भृतो भ्रियमाणो बिभर्ति य एनं वेद सत्येन भर्तुं सद्यो जातमुत जहात्येषः उतो जरन्तं न जहात्येकम् ।"- નિષ્કપટ શુદ્ધ સેવકભાવે, સત્યરીતે, આ ભગવાનને સુખ થાય તેમ, સમજીને, જે સેવા કરે, તેનું સર્વરીતે ભરણ-પોષણ ભગવાન્ કરે છે. ભક્તવત્સલ ભગવાને સ્વશિશુ શિવામ્બાવતાર સામ્બનો ત્યાગ કર્યો, યદુકુલોપસંહારમાં તેની રક્ષા ન કરી! પણ રક્ષા કરી,- વૃદ્ધ પ્રિય સેવક ઉદ્ધવજીની! અથવા, સદ્યોજાત, - અનિરુદ્ધપુત્ર વજ્ર, તેને ભૂતલ પર રાખ્યા, તેનો ત્યાગ કર્યો! વૃદ્ધ ઉદ્ધવજીને બદરીકાશ્રમથી વૈકુણ્ઠમાં લીધા, ન છોડ્યા. "भर्ता सन् भ्रियमाणो बिभर्ति ।"- શ્રુતિ છે ને! સ્નેહાર્દ્ર સેવક સ્વામિસુખ સંભાળે! સ્નેહશીલ સ્વામી સેવકસુખ સ્વતઃ કરે!

અધ્યાય : ૩૦

ભગવાને સ્વેચ્છાથી લીલા માટે બતાવેલ અહંતા-મમતા-રૂપ નાટ્ય, તે સ્વેચ્છાથી છોડે છે!:

વત્સલ ભગવાનની ઈચ્છા હવે લોકપ્રસિદ્ધ-રીતે લીલા કરવાની ન હતી! "प्रेयसीं सर्वनेत्राणां तनुं ।"- સૂચક સ્ત્રીલિંગ છે. સ્ત્રી - પુંભાવ-વિશિષ્ટ છે ને ભગવાન્! બ્રહ્મમાં શું નથી?! શ્રીકૃષ્ણનું,

ભાવભદ્ર-ભક્તોનાં-અબલાઓનાં-અંતઃકરણ અને આંખ જ્યાં આકર્ષાય અને જકડાઈ જાય તેવું, ભુવનસુંદર સ્વરૂપ ! શ્રવણમાર્ગે શબ્દ રૂપે સત્પુરુષોનાં સ્વાન્તઃમાં તે સંલગ્ન થાય, હૃદયને સ્વવશ કરે ! સરી ન જાય, સ્વતઃ નિસરી ન જાય, વિસરી ન જવાય ! જે વપુશ્રીનું વર્ણન વિજ્ઞોની વાણીને વિશિષ્ટ બનાવે, સરસ્વતી રસવતી બને, અભીષ્ટ માન અને સ્નેહદાન કરે ! જેણે અર્જુનસારથિ સ્વરૂપે સાર્થક કર્યાં,- રથી અર્જુનને ઉપદેશથી અને મરતા વિરથી-જનને સારૂપ્યથી ! આ સ્વરૂપ ભગવાને અન્તર્ધાન કર્યું !

प्रत्याक्रष्टुं नयनमबला यत्र लग्नं न शेकुः
कर्णाविष्टं न सरति ततो यत् सतामात्मलग्नम् ।
यच्छ्रीर्वाचां जनयति रतिं कीर्त्यमानं कवीनां
दृष्ट्वा जिष्णोर्युधि रथगतं यच्च तत्साम्यमीयुः ॥ (३)

બ્રહ્મમુક્તિ - કથા છે ને ! માયા તો બ્રહ્મની દાસી છે, તેના ગુણોથી ભગવાનને જીવની જેમ બંધન ન હોય. જીવને પણ માયાથી થતા અહંકારને લીધે અભિમાન રૂપ બંધન છે, ભ્રમરૂપ છે, વાસ્તવ નથી ! માયા દૂર થતાં તે ન રહે ! માયા દૂર કરવા ભક્તિ વગેરેનાં સાધન, પોતાના અધિકાર પ્રમાણે કરવાનાં ! ભગવાન્ માયાથી નહિ, સ્વેચ્છાથી, લીલા માટે બંધન બતાવે છે,- અહંતા-મમતા-રૂપે ! "હું વસુદેવપુત્ર !", "યાદવો મારા સ્વજન !" - એ સંબંધપરિચય નાટ્યવત્ છે ! આવી ઐચ્છિક-મમતાનું નાટ્ય ત્રીસમામાં, અને અહંતાનું નાટ્ય એકત્રીસમા અધ્યાયમાં, સ્વેચ્છાથી ભગવાન્ છોડે છે. બ્રહ્માદિ-દેવોની પ્રાર્થનાથી પ્રકટ કરેલ, મર્ત્યલીલામાં ઉપયોગી સ્વરૂપ, જેમાં "હું-છું", - એવું નાટ્ય પ્રભુ બતાવતા તે, દેવોની પ્રાર્થનાથી કાર્ય પૂર્ણ થતાં, સૌને પ્રકટ બતાવવું બંધ કર્યું ! (૧) સ્વેચ્છા, (૨) ભૂભારહરણ અને (૩) ભક્ત - દૈવીસૃષ્ટિનો ઉદ્ધાર, આ ત્રણ પ્રયોજન અવતારનાં ! તે પૂર્ણ થયાં. આ સ્વરૂપ દર્શન દેતું બંધ કરી, વ્રજોદ્ધારક રૂપે લીલારત ભગવાન્ પૂર્વવત્ વિરાજ્યા, સ્વરૂપસ્થિત થયા, સ્વેચ્છાથી સ્વધામ પધાર્યા, પૂર્વભાવ-સંપાદન થયું ! આ છે, - બ્રહ્મમુક્તિ ! આ પણ છે, - આનંદમય ભગવાનની લીલા જ ! ભગવાને જેમ કર્યું, તેમ શ્રીશુકે કહ્યું ! પરીક્ષિતનો ભ્રમ દૂર થયો. કૃષ્ણ તો ભગવાન્ છે, જીવ નથી !

પ્રભુની માયિક - યાદવ - કુલોપસંહાર - લીલા ! :

ઉદ્ધવજીના ગયા પછી દ્વારકામાં અનેક ઉત્પાત દેખાયા ! ઉદ્ધવજીને ઉપદેશ દીધો, તે જ દિવસે યાદવો પ્રભાસ ગયા લાગે છે. અવતાર રૂપે ભગવાને ઉદ્ધવજીને "બ્રહ્મવાદ" દ્વારકામાં સમજાવ્યો, તે પછી, ભગવદિચ્છાથી પ્રભાસ થઈને બદરિકાશ્રમ જતાં ઉદ્ધવજીને, કુલોપસંહાર પછી પ્રકટ કરેલા મૂલ-રૂપે, પ્રભાસમાં "ચતુઃશ્લોકી-ભાગવત" કહ્યું લાગે છે ! દ્વારકામાં દેખાયેલા ઉત્પાત તો અમંગલનાં ચિહ્ન ! મંગલ રૂપ પ્રભુની તિરોધાનની ઈચ્છાથી, કાલે સેવક તરીકેનો અધિકાર સોંપી દઈને મૂલસ્થિતિ પ્રાપ્ત કરી, તેથી અનિષ્ટ દેખાયાં ! મુક્તિધામ દ્વારકાભૂમિએ પણ કાલથી ગૌણતા ગ્રહણ કરી ! યદુકુલ-શાપમાં સંમતિ કૃષ્ણની છે ને ! સૌ યાદવ સ્ત્રી-બાલક સહિત, પ્રભુ શંખોદ્ધાર-પ્રભાસમાં પધાર્યા. સરસ્વતી ત્યાં પશ્ચિમમાં વહે છે. "યાસ્યામઃ"- સ્પષ્ટ છે. યાદવોને સદ્ગતિ અને સ્વસ્થાન

દેવા શ્રીહરિ સાથે લાવ્યા છે! ત્યાં વ્રતાદિથી મુક્તિમાં વિઘ્ન ન રહે ને! ત્યાં તો ચન્દ્રનું પાપ ગયેલું, પૂર્વસ્થિતિ મળેલી; યાદવોને પણ મળે ને! દેવ-દ્વિજ-ગો-સેવાથી અનિષ્ટ દૂર થાય, મંગલ મળે. સૌ યાદવો પ્રભાસમાં આવ્યા, સત્કાર અને સત્કાર્ય કર્યાં. મૈરેય-મધપાને મત્ત થયા, માયાથી ભાન ભૂલ્યા, વિષયતાથી અન્યથાપ્રતીતિ થઈ! સ્વજન-સંબંધનું સ્મરણ ન રહ્યું. વૈરાગ્યગુણ પ્રભુએ પ્રકટ કર્યો! યાદવો પરસ્પર લડવા માંડ્યા! લડવું તે ક્ષત્રિયનો સ્વભાવ. સ્વભાવ પ્રમાણે વર્તવું સહેલું જ છે ને! "भ्रातापि भ्रातरं हन्यात् ।"- ક્ષત્રિયનો ધર્મ! યુદ્ધમાં ભાઈ ભાઈને પણ મારે! તેમાં મરતાં મુક્તિ મળે! ભક્તવત્સલ-ભગવાને તો યાદવોને મુક્તિ માટે કોઈ કઠિન સાધન ન કરાવતાં, આ સ્વાભાવિક સાધન કરાવ્યું! દયાળુ છે ને ભગવાન્! કૃપા છે- આ કૃષ્ણની! બધી લીલાઓમાં "પુષ્ટિ" તો છે જ ને! કૃષ્ણકૃપા વિના કોઈ કાર્ય ન થાય! આસુર-સ્વભાવના લોકોને તો આ બે અધ્યાયની કથામાં અવળું સમજાય! ભગવાન્ અને લીલાપરિકરનું સ્વરૂપ તેવાને લૌકિક લાગે! તે તો માયાથી મોહિત હોય ને! તેથી આ આસુર-વ્યામોહ છે. લડતા યાદવોનાં શસ્ત્ર ખૂટ્યાં. પેલા મુસલના ભૂકામાંથી ઊગેલું "એરકા" ઘાસ લીધું! વજ્ર જેવું તે બન્યું! તેનાથી પરસ્પર પ્રહાર કર્યા, શ્યામ-રામનું પણ કોઈ ન માન્યા! પ્રહારરત થયા. ઈર્ષ્યા-અવજ્ઞા- અનાચારથી પરસ્પર-સંઘર્ષમાં સર્વનાશ થાય ને! લોકોને આ ભાન કરાવે છે. કેશવે કુલોપસંહાર- લીલા કરી! આ કર્મફલ નથી, ભગવદિચ્છાથી થતી લીલા છે!

મુક્તિલીલામાં પૂર્વભાવ-સંપાદન (પ્રત્યાપત્તિ) પણ છે!:

ભૂમિનો ભાર ઊતર્યો લાગ્યો. રોહિણીનંદન રામે યોગથી સમુદ્રમાં સત્ત્વરૂપ શરીર છોડ્યું. સ્વાભાવિક-સ્વરૂપનો તો ત્યાગ ન હોય. પ્રદ્યુમ્ન-અનિરુદ્ધનો પણ આવો દેહત્યાગ છે, ભગવાને તેથી,- "यदिदं मनसा ।"- થી, ઉદ્ધવને આ યાદવકુલને માયિક-નશ્વર-કહેલું છે ને! નિત્યલીલાસ્થ યાદવકુલ જુદું છે! "यदुवरपरर्षत्स्वैदोर्भिः" તથા "गुप्तैः स्वबाहुभिः"- વગેરેમાં, ભગવદ્બાહુરૂપ નિત્યલીલાસ્થ સેવક યાદવો કહેલા છે! જ્યાં યાદવકુલનાં દોષ-નિન્દા બતાવ્યાં છે, ત્યાં માયિક-યાદવકુલનો ઉલ્લેખ છે! ગુણ-સ્તુતિ છે, ત્યાં નિત્યલીલાસ્થ છે! અવતાર વખતે બધા જ નિત્યલીલાસ્થ નથી, કેટલાક છે! "भवद्भिरंशैर्यदुषूपजन्यताम् ।"- દેવોને અંશથી અવતરવા બ્રહ્માએ કહ્યું છે! આ અધ્યાયમાં અંશમુક્તિ છે ને! તે સંકર્ષણાદિના ગુણત્યાગ અને સ્વાભાવિક-સ્થિતિ પણ છે. જીવોનું અંશાવતરણ ત્રણ પ્રકારે (૧) ક્યાંક - લોકરીતે સ્વતેજઃનો પ્રવેશ કરાવે છે. દા. ત. પાંડવો વગેરે. તેમાં, તે (દેવના) અંશથી થયેલાં શરીરમાં અન્યજીવનો પ્રવેશ. (૨) ક્યાંક શાપ વગેરેથી સ્વદેહને અન્યથા કરીને કે કર્યા વગર કે લોકરીતે સદેહ પ્રવેશીને અવતરે છે. દા.ત. યમલાર્જુન, વિદુરજી વગેરે. (૩) ક્યાંક પૂર્વદેહ છોડીને, લિંગ સાથે અવતરે છે. દા. ત. નન્દજી વગેરે. તેમાં અંતે પહેલામાં, - જીવને ભક્તિ વગેરેથી યથાધિકાર- ફલ મળે, દેહ પડે, અંશ અંશીમાં મળે, પૂર્વભાવ-સંપાદન (પ્રત્યાપત્તિ, પહેલાં હોય તે સ્થિતિ) થાય. બીજામાં,- "યાવદધિકાર" ન્યાયે, શાપાદિથી-સ્વીકારેલા દેહનો ત્યાગ. તેમાં આવિષ્ટ પૂર્વદેહની સ્થિતિમાત્ર રહે. ત્રીજામાં, - જન્માન્તરપ્રાપ્ત થયેલાઓને તો ભગવત્સેવા કે ભક્તિથી અધિકાર પ્રમાણે ભગવાનમાં કે નિત્યલીલામાં કે બ્રાહ્મદેહે પ્રવેશ મળે, સ્થૂલ-સૂક્ષ્મ શરીર છૂટે! નરકાસુરે હરેલી કન્યાઓ, અષ્ટાવક્રનાં કૃપા અને શાપથી પ્રભુપત્ની થયાં! યદુકુલોપસંહાર પછી,

અર્જુન સાથે ઈન્દ્રપ્રસ્થ જતાં ગોપો દ્વારા અર્જુન લુંટાયા, ત્યાં તે હરાયાં ! તેમાંનો લક્ષ્યંશ લક્ષ્મીમાં પુનઃ પ્રાપ્ત થયો, - ભળ્યો, કાર્યદેહ અન્યત્ર રહ્યો ! "गतश्रीषु गृहेषु ।"- કહ્યું છે ને ! તેથી દોષ રહેતો નથી ! શ્રુતિરૂપાનો તો કાર્યકોટિમાં પ્રવેશ નથી, શબ્દબ્રહ્માત્મક તેમના દેહ છે ! અગ્નિકુમારના દેહ પણ પ્રસાદરૂપ-સ્ત્રીશક્તિરૂપ-બ્રાહ્મ છે ! જેમના કાર્ય રૂપ છે, તે તો કહેલા છે ! આમ, યથાસંભવ અન્યત્ર પણ સમજાય. આમ છતાં; યમ, નૃગ, નલકૂબર વગેરેની જેમ, સદેહે જ અન્ય - કાર્યદેહમાં પ્રવેશેલા કહ્યા છે, તેથી લીલાસ્થોનું નિત્યત્વ સિદ્ધ છે, છતાં પ્રાતિભાસિક-દેહસ્વીકાર પણ દેખાય છે ! આ યદુકુલોપસંહારમાં તો, "यदा भारं तन्द्रयते स भर्तुं निधाय भारं पुनरस्तमेति ।"- લીલા માટે વિવિધ- સ્વરૂપ ધરતા ભગવાન્, ક્રીડાવિરામ-સમયે, ભૂભારભૂત યાદવકુલને ધારણ કરવામાં આલસ્ય પ્રાપ્ત કરે તો, તે ભારને પ્રભાસમાં મૂકીને, અવતાર પહેલાં પ્રભુ જેમ અદૃશ્ય હતા તેમ, સૌને દર્શન ન દે, સ્વરૂપસ્થિત થાય, સ્વધામ પધારે, ભક્ત ન હોય તેને ધારણ ન કરે ! "उतो बहूनेकमहर्जहार ।"- અનેકનો એક દિવસમાં ઉપસંહાર કર્યો ! અભક્તનો તો ત્યાગ કરે જ ને ! એક જ ઈન્દ્રિય-ગોલક (સ્થાન)માં, જેમ દેવ અને આસુર ઈન્દ્રિય, તેમ આ યાદવકુલ, અવતારલીલા-સમયે છે ! "द्वया ह प्राजापत्या ।"- શ્રુતિ છે ને ! મુક્તિલીલામાં તેમનું પૂર્વભાવ-સંપાદન છે !

વૈષ્ણવ - (પીપળાના વૃક્ષ) - ની છાયામાં વિરાજતું ભગવાનનું સ્વરૂપ ! :
ભગવાન્ સૌને પ્રકટ દર્શન દેવા ઈચ્છતા નથી ! :

ભગવાન્ દેવકીસુત પીપળા નીચે ભૂતલે વિરાજ્યા ! વૃક્ષ તો વૈષ્ણવ ! સ્વરૂપ તો ભગવાને વૈષ્ણવછાયામાં પધરાવ્યું છે ! "बिभ्रच्चतुर्भुजं रूपं ।"- આ વિરાજતા સ્વરૂપને ૧૬ ધર્મોથી વર્ણવ્યું.- (૧) ચતુર્ભુજ, (૨) સ્વપ્રભાથી દીપતું, (૩) દિશાઓને અંધકાર-રહિત કરતું, (૪) શ્રીવત્સાઙ્કવાળું, (૫) ઘનશ્યામ, (૬) તપ્તસુવર્ણ જેવા તેજ:વાળું, (૭) પીતામ્બર અને ઉત્તરીય ધરતું, (૮) સુમંગલ, (૯) સુંદરસ્મિત-યુક્ત મુખકમલવાળું, (૧૦) શ્યામ-અલકાવલિથી શોભતું, (૧૧) કમલસુંદર - નેત્રવાળું (૧૨) પ્રકાશિત મકર-કુંડલવાળું. (૧૩) કંદોરા-યજ્ઞોપવીત-મુકુટ-કુંડલ-બાહુબંધ-હાર-નૂપૂર-વીંટીઓ-કૌસ્તુભથી શોભતું, (૧૪) વનમાલા-યુક્ત, (૧૫) મૂર્તિમંત નિજાયુધવાળું, (૧૬) "कृत्वोरौ दक्षिणे पादमासीनं ।"- દક્ષિણ ઊરુ ઉપર કમલ જેવું લાલઘમચરણ પધરાવેલું. ઉદ્ધવજીએ દર્શન કર્યાં ત્યારે,- "वाम उरावधिश्रित्य दक्षिणाङ्घ्रिसरोरुहम् ।"- વામ ઊરુ ઉપર દક્ષિણચરણ પધરાવેલો હતો ! તેમને તથા મૈત્રેયને ભાગવત-દાન પછી જરા-પ્રસંગ છે. અહીં, પુષ્ટિ-મર્યાદાથી ચરણ-ક્રમ-ભેદ લાગે છે ! "मृगस्याकारं तच्चरणं ।"- મૃગના આકારનુ તે ચરણ ! "ब्रह्म वै कृष्णाजिनम् ।"- શ્રુતિ છે. પૂર્ણબ્રહ્મનું અક્ષરાત્મક ચરણ આધિભૌતિક-પ્રકારે હરિણાકાર પ્રાપ્ત થયું ! જરા (વૃદ્ધાવસ્થા)ના અભિમાની કાલદેવ, સ્વરૂપ ભૂલી પારધી રૂપે વનમાં વિચરે, - "જરા" નામ ! ચરણ જોયું તેણે ! લાગ્યું કૃષ્ણમૃગ ! ચલાવ્યું બાણ ! શાપરૂપ મુસલના લોહનો કકડો - આધિભૌતિક -અક્ષરાંશ, તેનો સંબંધ થયો - કૃષ્ણચરણ રૂપ આધિદૈવિક-અક્ષર સાથે ! બ્રહ્મણ્યદેવ ભગવાને બ્રાહ્મણશાપ સ્વીકાર્યો ! સત્યસંકલ્પ છે ને ! ભગવાન્ બાહ્ય, પ્રકટ-દર્શન દેવા ઈચ્છતા નથી ! પારધી પાસે આવ્યો. પ્રભુને જોયા ! પશ્ચાત્તાપ થયો. પગે પડ્યો, ક્ષમા યાચી, સજા માગી. પ્રભુદર્શનથી તો પારધી ભક્ત થયો ! સ્વરૂપસામર્થ્ય ભગવાનનું ! જાણી કોણ શકે ! ? ઈચ્છાશરીરધારી ભગવાને શિકારીને સદેહે સ્વર્ગમાં મોકલ્યો ! તેણે

અજાણતાં પણ પ્રભુની ઈચ્છાનુકૂલ કાર્ય કર્યું ! તે તો સેવા થઈને ! ત્યાં તો શોધતો, સારથિ દારુક આવ્યો. રથમાંથી કૂદ્યો, પગે પડ્યો. રડ્યો. ભક્ત છે ને ! ત્યાં તો તેના દેખતાં, રથ પહેલાં આવ્યો હતો તેમ, આયુધો-સહિત, આકાશમાં વિદાય થયો ! ભગવાને દ્વારકામાં તેની સાથે સંદેશ મોકલાવ્યો, સેવા આપી ! હવે, ભગવાને ત્યજેલી દ્વારકાને સમુદ્ર ડુબાવશે. સૌ અર્જુન સાથે ઈન્દ્રપ્રસ્થ જાય ! દારુકને ભાગવતધર્મ-નિષ્ઠાથી સાક્ષિ-રૂપ થઈ, માયા સમજી, શાંતિપ્રાપ્તિ થવા કહ્યું. પરિક્રમા - પ્રણામ - કરી સારથિ વિદાય થયો. આ તો કાર્યના કારણમાં પ્રવેશ જેવી લીલા છે, નાશ નથી !

અધ્યાય : ૩૧

નિત્ય વિરાજતા, લીલારત, ભગવાનની આસુર - વ્યામોહ - લીલા !

બ્રહ્મા વગેરે સૌ દેવો દિવ્યદર્શને આવ્યા, પ્રેમથી કૃષ્ણનાં ગુણગાન કરવા લાગ્યા. પુષ્પવૃષ્ટિ કરી. ભગવાને જોયા, કમલનેત્ર બંધ કર્યાં ! સૌની જ્ઞાનશક્તિ તિરોહિત થઈ, ભ્રમ થયો ! ભગવાન્ સગુણ લાગ્યા ! પ્રભુ તો પ્રકટ સ્વરૂપને મૂલ-રૂપે પધરાવે છે, મનુષ્ય-નાટ્ય પૂરું કરે છે !

लोकाभिरामां स्वतनुं धारणाध्यानमङ्गलम् ।
योगधारणयाऽऽग्नेय्यादग्ध्वा धामाविशत् स्वकम् ॥ (६)

લોકાભિરામ, ધ્યાનમંગલ શ્યામસુંદર સ્વરૂપ, આગ્નેયી યોગધારણાથી થયેલા પરમાત્મ-સ્થાનભૂત આવરણરૂપ અગ્નિથી, દાહ કર્યા વિના, તિરોહિત કરીને, સ્વેચ્છાથી ભગવાન્ નિત્યલીલા-સ્થાન રૂપ સ્વધામમાં પધાર્યા ! અપ્રાકૃત, આનંદમય, નિત્યસ્વરૂપ છે, - કૃષ્ણનું ! ભગવાન્ કૃષ્ણ તો સર્વલીલાયુક્ત સર્વદા વિરાજે છે ! તેમની અનેક લીલાઓની જેમ, આ આસુરવ્યામોહ પણ લીલા જ છે ! તે લૌકિક જેવી છે, પણ લૌકિક નથી ! તેથી તો આ લીલાશ્રવણથી પણ કૃષ્ણ-પદ-લાભ રૂપ ફલ કહ્યું છે ને ! તે લૌકિક લાગે છે, - આસુરજીવોને, દૈવીને નહિ ! લીલા લૌકિક લાગતાં, સ્વરૂપ પણ લૌકિક લાગે ! વ્યામોહ છે ને ! "**अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम् ।**"- માં સ્પષ્ટ છે. "**यः सर्वेषु भूतेषु नश्यत्सु न विनश्यति ।**"- સર્વનો નાશ થવા છતાં જેનો નાશ નથી, તે અક્ષરથી પર પરમપુરુષ તો ભક્તિથી સમજાય ! "**यस्यान्तस्थानि भूतानि येन सर्वमिदं ततम् ।**"- જેમાં સૌ સમાયેલાં છે, જેનાથી સર્વવ્યાપ્ત છે, તેવું આ કૃષ્ણ-સ્વરૂપ છે ! મા યશોદાજીને ભગવાને મોંમાં વિશ્વ સ્પષ્ટ બતાવ્યું છે ને ! દામોદર-લીલામાં પણ સ્વરૂપનું શુદ્ધબ્રહ્મત્વ સ્પષ્ટ બતાવ્યું છે ! અહીં તો, તેથી વિરુદ્ધ લાગતું દર્શન આસુરોને વ્યામોહ માટે કરાવ્યું છે ! "**कृष्णो ह्यत्यक्तदेहोऽपि त्यक्तदेहस्य देहवत् । लोकानां दर्शयामास स्वरूपसदृशाकृतिम् ॥**"- બ્રહ્મપુરાણમાં આવું વર્ણન છે. સ્વરૂપત્યાગ વગર કૃષ્ણે તેવો ત્યાગ લોકોને બતાવ્યો છે ! પોતાને ઢાંકતો અગ્નિ પ્રકટ કરી, પ્રભુ બહારથી અદૃશ્ય થયા, પરમાત્મા રૂપે તેમાં રહ્યા ! "**रविमध्ये स्थितः सोमः सोममध्ये हुताशनः । वह्निमध्ये स्थितं सत्यं सत्यस्यान्तः स्थितोऽच्युतः ॥**"- શ્રુતિ છે. સૂર્ય મધ્યે સોમ, સોમમાં અગ્નિ, અગ્નિમાં સત્ય; અને સત્યમાં અચ્યુત શ્રીહરિ વિરાજે છે ! "**सौदामिन्या ।**"- વાદળ વીંધીને જતી વીજળીની ગતિ ન સમજાય, તેમ કૃષ્ણગતિ કોઈને સમજાતી નથી ! વીજળી જેવો આ આવરક-અગ્નિ છે. તેને તિરોહિત કરવા ક્ષણપર્યન્ત સ્થિત થયા ! "**बिभ्रच्चतुर्भुजं रूपं**"- થી, તો સ્વરૂપની નિત્યતા બતાવી છે ! તિરોહિત થવા

છતાં તે રહે છે ! ઈચ્છાશરીરવાળા કહ્યા છે ને ! બ્રહ્માજી વગેરેને ભ્રમ થયેલો, હવે યાદવકુલનાશ પછી ભગવાન્ વિમાનમાં વૈકુણ્ઠ પધારશે, ત્યારે સૌ સ્વભવનમાં પધરાવશું ! ભગવાને, - "यास्यामि भवनं ब्रह्मन्नेतदन्ते तवानघ ।"- કુલનાશ પછી બ્રહ્મભવનમાં પધારવા કહ્યું છે ને ! ભગવાન્ તો ગુણાતીત છે, અક્ષરબ્રહ્મમાં નિત્ય વિરાજે છે. માયાનો પડદો દૂર કરે તો દર્શન થાય, પડદો વચમાં હોય તો દર્શન ન થાય ! ભગવાનને તો ક્યાંય આગમન- ગમન હોય નહિ ! પ્રભાસમાં બ્રહ્મરૂપ સરસ્વતી વહે છે. ત્યાં પોતે પ્રકટ થવાનું કહ્યું છે. "एतदन्ते"- માં સપ્તમી વિભક્તિ ચતુર્થીના અર્થમાં છે. "चर्मणि द्विपिनं हन्ति ।"- ની જેમ ! "યદુકુલનાશ માટે બ્રહ્મસ્થાનમાં આવીશ !" - એ આશય છે ! કૃષ્ણગતિ સમજાઈ નહિ ! - બ્રહ્માદિ દેવો, વિસ્મિત થયા. દેવ- દુન્દુભિ વાગ્યાં. પુષ્પવૃષ્ટિ થઈ. પ્રભુ પધારતાં - સત્ય, ધર્મ, ધૈર્ય, કીર્તિ અને લક્ષ્મી પણ ભૂતલ પરથી વિદાય થયાં ! દેવો પણ પ્રશંસા કરતા સ્વધામ ગયા.

राजन् परस्य तनुभृज्जननाप्ययेहा मायाविडम्बनमवेहि यथा नटस्य ।
सृष्ट्वाऽऽत्मनेदमनुविश्य विहृत्य चान्ते संहृत्य चात्ममहिनोपरतः स आस्ते ।। (११)

હે રાજન્ ! અક્ષરથી ઉત્તમ પરબ્રહ્મ પુરુષોત્તમની, દેહધારી યાદવો વગેરેને આવિર્ભૂત તથા તિરોભૂત કરવાની, (ચેષ્ટા) લીલા તો નટની જેમ પોતાની માયાશક્તિ (સંકલ્પ-સામર્થ્ય)નું અનુકરણ-માત્ર છે, તેમ જાણો ! આ વિશ્વને પોતાના દ્વારા સર્જી, તેમાં અનુપ્રવેશ કરી, તે વિશ્વમાં વિવિધ રૂપે વિહાર કરી, અંતે તેનો ઉપસંહાર કરી, આત્મમહિમાથી નિવૃત્ત થઈ, ભગવાન્ સ્થિતિ કરે છે, - વિરાજે છે ! લીલાસ્વરૂપ-સંબંધી સંદેહ શ્રીશુકે આમાં દૂર કર્યા છે. નાટ્યમાં અન્યને અન્યની જેમ બતાવે (નટ પોતે કોઈક પાત્ર ભજવે) તે નટચેષ્ટા છે ને ! દારુકને, - "मन्मायारचनामेतां ।" કહીને, આ પ્રભાસલીલાને ભગવાને માયિક કહી છે, સર્વને માયારચના કહી નથી ! તેમ પ્રભાસલીલા- "मायाविडम्बनं ।" - માયાનુકરણ રૂપા કહી છે ! પ્રલય સમયે, સ્વરૂપમાં સર્વ સમાવીને તે સમયના પરિકરયુક્ત પ્રભુ વિરાજે છે, તેમ આજે વિરાજે છે ! મૂલરૂપ આ સૂચવીને, અવતારરૂપનું સામર્થ્ય પણ સૂચવ્યું !

मर्त्येन यो गुरुसुतं यमलोकनीतं त्वां चानयच्छरणदः परमास्त्रदग्धम् ।
जिग्येऽन्तकान्तकमपीशमसावनीशः किं स्वावने स्वरनयन्मृगयुं सदेहम् ।। (१२)

મર્ત્યશરીરના નાશ પછી લાંબા સમયે પણ, યમલોકમાં લઈ જવાયેલા, પોતાના ગુરુ (સાંદીપનિજી)ના પુત્રને મનુષ્યદેહ-સહિત જે ભગવાન્ પાછો લાવ્યા; જે ભગવાન્ અનિવર્ત્ય (પાછું ન વાળી શકાય તેવા) બ્રહ્માસ્ત્રથી બળેલા તમને (પુનર્જીવન દઈને) શરણપ્રદ થયા, જે ભગવાને મૃત્યુઞ્જય મહાદેવજીને પણ બાણાસુર સાથેના સંગ્રામમાં જીત્યા, જે ભગવાને પોતાના ચરણે બાણ ચલાવનાર અપરાધી જરા પારધીને સદેહ સ્વર્ગવાસ દીધો, તે સર્વસમર્થ ભગવાન્ પોતાની કે સ્વજનોની રક્ષામાં અસમર્થ હતા શું ?! દ્વારકામાં મરેલા બ્રાહ્મણપુત્રો અને મા દેવકીજીના મરેલા છ પુત્રોને પ્રભુ જીવતા પાછા લાવ્યા જ છે ને ! લોક-વેદ-કે દેવ પણ ભગવત્સામર્થ્યનો અવરોધ કે વિરોધ કરી શકે તેમ નથી ! પ્રભાસલીલામાં પણ પારધીને સદેહ સ્વર્ગ દઈને સામર્થ્ય અક્ષુણ્ણ બતાવ્યું છે

ને ! તેથી તો સ્પષ્ટ દેખાય છે કે, સર્વત્ર - સર્વદા-સર્વસમર્થ છે, - ભગવાન્ ! આમ, આ તો અવતાર રૂપે મૂલરૂપ જ છે ! બ્રાહ્મણશાપ થયો,- યદુકુલનાશનો ! છતાં ભગવાને વજ્ર અને ઉદ્ધવજીને બાકી જ રાખીને સામર્થ્ય સ્પષ્ટ બતાવ્યું જ છે ને ! છતાં ભગવાને સ્વજનરક્ષા ન કરી ! પોતે ભૂતલે પ્રકટ ન વિરાજ્યા ! ભક્તિસ્થિતિ મર્યાદા બતાવી !

तथाप्यशेष स्थितिसम्भवाप्ययेष्वनन्यहेतुर्यदशेषशक्तिधृक् ।
नैच्छत् प्रणेतुं वपुरत्र शेषितं मर्त्येन किं स्वस्थगतिं प्रदर्शयन् ॥ (१३)

જે ભગવાન્ સર્વશક્તિયોને ધારણ કરનારા છે, સર્વનાં સ્થિતિ, ઉત્પત્તિ અને લયના નિરપેક્ષ-કારણ (અનન્યહેતુ) રૂપ છે, છતાં પણ મર્ત્યશરીરથી ભૂતલે વધુ વસવામાં લાભ શો ? પ્રયોજન શું ?- તે સ્વસ્થગતિ સમજાવતાં, સુખવર્ધક અમર્ત્ય સ્વરૂપથી પણ ભૂતલે વધુ વિરાજવા ઈચ્છા ન કરી ! શરીર સાચવવામાં, સુખભોગમાં, સમય અને શક્તિ વેડફવા કરતાં શરીરનો સદુપયોગ સત્કાર્ય પૂરતો કરવા સમજાવ્યું ! આ લોકમાં જે દેવકાર્ય માટે પ્રકટ થયેલા, દેવોને પણ અવતાર લેવડાવેલો, તે સંપૂર્ણ થતાં, ભૂતલે કાંઈ કાર્ય ન હોવાથી વિરાજવા ન ઈચ્છ્યું, સ્વધામ જવા ઈચ્છા કરી ! "वं सुखं पुष्णातीति वपुः ।" સુખને સંપૂર્ણ કરે તે, - વપુ ! ભગવત્સ્વરૂપ વિના સુખ ક્યાંથી ? સુખી - સ્વસ્થ છે, - ભગવદેકનિષ્ઠ ભક્તો ! તે તો ભગવદિચ્છાનુસાર જ જીવે છે ! તે સૌ સમજ્યા કે ભગવાન્ પ્રભાસમાં આસુર- વ્યામોહલીલા કરશે. તેને સૌ અનુસર્યા ! પ્રકૃષ્ટ તેમની ગતિ બતાવતાં, સમર્થ હોવા છતાં ભગવાને રક્ષા ન કરી ! પોતે પણ તિરોહિત થયા ! મથુરામાં પ્રાકટ્યપ્રસંગે - "बभूव प्राकृतः शिशुः ।"- થી, પોતાના અપ્રાકૃત-સ્વરૂપમાં, સૌને સૌની પ્રકૃતિ પ્રમાણે પ્રાકૃતબુદ્ધિ ભગવાને કરાવેલી, પોતે તો મૂલરૂપ આનંદમય, છતાં સૌને સૌની પ્રકૃતિ પ્રમાણે અનુભવ આપ્યો ! તેમ આ તિરોધાન-સમયે પણ યોગાગ્નિ પ્રકટ કરીને, અંતર્ધાન થઈને, પ્રાકૃતબુદ્ધિ સ્થિર કરી ! કેવલ લૌકિક-પ્રકારમાં તો ભક્તોને પણ મોહ થાય; અન્ય પ્રકારે કરે તો અસુરોને મોહ શિથિલ થાય; તેથી તો રામાવતારમાં અયોધ્યાને જેમ સ્વધામમાં લઈ ગયા, તેમ કૃષ્ણ સૌને સાથે ન લઈ ગયા ! કૃષ્ણે તો સ્વતંત્રરીતે સ્વેચ્છાથી, બંને હેતુ સચવાય તેમ, નાટ્ય સમાપ્ત કર્યું, તેથી તો "यथा नटस्य"- સ્પષ્ટ છે ને ! ભૂભારહરણ માટે દર્શાવેલું સ્વરૂપ દેખાતું બંધ કર્યું - છોડ્યું, - અન્યલીલા કરતું મૂલરૂપ નહિ ! પોતાનામાં, (અન્તરા-સૃષ્ટિ-રૂપ) પ્રાકૃતપણાની બુદ્ધિ કરાવતું રૂપ, ભગવાને આ નાટ્યથી છોડ્યું, મૂલરૂપ કે વ્યૂહરૂપ નહિ ! નટ પણ નાટકનો વેશ રૂપ અંતે ઉતારે - છોડે, પોતાનું સ્વરૂપ નહિ ને ! મૂલ અને વ્યૂહરૂપ એક નથી ! "वृष्णीनां वासुदेवोऽस्मि ।"- વાસુદેવને વિભૂતિરૂપ કહ્યા છે ને ! ભગવાનનું કાર્ય એક, તેનાં પ્રયોજન અનેક ! સર્વવેદ તો ભગવલ્લીલાનું પ્રતિપાદન કરે છે ! વૈદિક-જાત-કર્માદિનું પ્રતિપાદન સાર્થક થાય માટે ભગવાને તેવી પ્રાકટ્યલીલા કરી; તેમ ઉત્તરક્રિયાની સાર્થકતા માટે આવી લીલા બતાવી ! દેવોને પણ અદ્ભુતરસ તેથી થાય ને ! વિસ્મિત સૌ થાય છે ને ! આમ, આસુરોને મોહ કરાવતી, ભગવદ્વિમુખ કરતી, માયા; અને ભક્તોને લીલાનુકૂલ મોહ કરાવતી, ભગવાનમાં સુદૃઢસ્નેહ કરાવતી, માયા જુદી છે ! બંનેનાં રૂપ જુદાં દેખાય છે ને ! સામાન્યને મોહ કરાવતી માયા પદાર્થોને માત્ર પ્રદર્શિત કરે, હોય કાંઈ નહિ ! લીલામાં મોહ કરાવતી માયા તો રસાસ્વાદ દે છે !

બ્રહ્માંડ-પુરાણમાં, - "अमोहाय गुणा विष्णोराकारश्चिच्छरीरता । निर्दोषत्वं तारतम्यं मुक्तानामपि चोच्यते ॥ एतद् विरुद्धं यत्सर्वं तन्मोहायेति निश्चयः ॥"- ભગવાનના ગુણો તો મોહ દૂર કરવા માટે છે, આકાર ચિદ્રૂપ છે, નિર્દોષતા અને તારતમ્ય મુક્તોનું પણ કહેલું છે. આથી વિરુદ્ધ જે કાંઈ હોય તે સર્વ મોહ કરાવવા માટે જ છે! બ્રહ્મપુરાણમાં પણ છે, - "अज्ञत्वं पारवश्यं विधिभेदादिकं तथा । तथा प्राकृतदेहत्वं देहत्यागादिकं तथा ॥ आसुराणां विमोहाय दोषा विष्णोर्न हि क्वचित् ॥"- અજ્ઞતા, પરવશતા, વિધિભેદ, પ્રાકૃત-દેહપણું, દેહત્યાગ વગેરે તો આસુરના મોહ માટે ભગવાન્ બતાવે છે! ભગવાનમાં દોષ નથી જ! નિર્દોષ છે તે તો! અન્યત્ર પણ આવાં વિધાન છે. પ્રભાસલીલાને સ્પષ્ટરીતે માયિક કહી છે. રસાત્મક ભગવાન્ રસાનુકૂલ-લીલામાં જે અજ્ઞતા, ભક્ત-પરવશતા, સ્વૈર, ગજેન્દ્રલીલા જેવો વિધિભેદ, વગેરે પ્રકટ કરે છે, તેમાં તો રસનું સ્વરૂપ જ તેવું છે ને! તે નિર્દોષ રસાત્મક-સ્વરૂપ સિવાય, અન્યત્ર આમ અજ્ઞત્વ વગેરે મોહક છે! યદુસભામાં ઉદ્ધવજીની સલાહ લેવી, ઉગ્રસેનની આજ્ઞા ઉઠાવવી, શતધન્વાનો વધ, કાલયવન સાથે યુદ્ધ ન કરવું, વગેરે વિધિભેદ, શાલ્વયુદ્ધમાં મોહ થવો, પ્રભાસલીલા, વગેરે મોહ કરાવનારાં છે!


દેખી દશા દારુકે દ્વારકામાં કહી! સૌ વિરહસંતપ્ત થયાં! દારુક તો વૈકુણ્ઠમાંથી આવેલો! તેણે અહીં સાલોક્ય-સામીપ્ય માણ્યાં! મર્યાદા-સેવાફલ સાયુજ્ય પ્રાપ્ત થયું. ભક્ત છે ને! રુક્મિણી વગેરે મુખ્ય સૌએ અગ્નિપ્રવેશ કરી, સત્ત્વરૂપ દેહત્યાગનું નાટ્ય કર્યું. સ્વાભાવિક-દેહત્યાગ તેમનો પણ નથી! દશમમાં કહેલ રીતે, ભગવાને તે સૌના સૂક્ષ્મદેહને વાસનારહિત, ગુણાતીત, બ્રહ્મરૂપ કર્યા છે! અહીં, સ્થૂલ સગુણ-દેહનો ત્યાગ કરાવ્યો છે! સ્વરૂપસ્થિત સૌ થયાં છે! અર્જુને ગીતાગાન-સ્મૃતિથી સાન્ત્વન મેળવ્યું! ઔર્ધ્વદૈહિક કરાવ્યું! અષ્ટાવક્ર - પ્રસંગવાળા પ્રભુપરિકર સાથે અર્જુન ઈન્દ્રપ્રસ્થ ગયો. પરીક્ષિતનો અભિષેક કરી, પાંડવો મહાપથમાં પરવર્યા! સમુદ્રે ભગવન્મંદિર સિવાયની દ્વારકાને ડુબાડી દીધી! "नित्यं सन्निहितस्तत्र भगवान् मधुसूदनः ।"- ભગવાન્ મધુસૂદન ત્યાં નિત્ય વિરાજે છે! આ પ્રભાસલીલા પછી, ત્રીસ વર્ષે રાજા પરીક્ષિતને કથા સંભળાવતાં શ્રીશુકે, - "जयति जननिवासो ।"- કહેતાં, મથુરા - વ્રજ અને દ્વારકાલીલામાં નિત્ય વિરાજતા ભગવાન્ કૃષ્ણનાં દર્શન, નિત્યલીલા-પરિકર સાથે, પ્રત્યક્ષ કર્યાં જ છે! શ્રદ્ધાથી લીલાશ્રવણ તો સૌને પાવન કરે. અહીં કે અન્યત્ર કૃષ્ણલીલાનું શ્રવણ - કીર્તન - સ્મરણ તો પરમહંસોની ગતિરૂપ કૃષ્ણમાં પરમભક્તિ પ્રાપ્ત કરાવે!

આમ, આ સ્કન્ધમાં ચાર પ્રકારે મુક્તિ કહી. તેમાં બ્રહ્મભાવ અને સાયુજ્ય તો જીવમુક્તિ છે. આ મુક્તિલીલા તો છે,- ભગવાનની! તેથી જીવમુક્તિ સાક્ષાત્ બ્રહ્મધર્મરૂપ ન લાગે તો, આ સ્કન્ધમાં અહંતા-મમતાના નાશરૂપ, બ્રહ્મધર્મરૂપ, એક જ મુક્તિ સાધનસહિત કહેલી છે. બ્રહ્મભાવ અને સાયુજ્યમાં મુક્તિ-સાધન કહ્યાં છે. સાધન વિના મુક્તિ સુલભ નહિ ને! તે માટે આ બે પ્રકરણમાં ભક્તિ અને મિશ્રિત કર્મ - જ્ઞાન, સાક્ષાત્ કે પરંપરાથી ઉપદેશ રૂપે, કહ્યાં છે. સર્વ-સુગમતા માટે, મમતા અને અહંતાના નાશનું નાટ્ય ભગવાને બ્રહ્મમુક્તિ-પ્રકરણમાં બતાવ્યું! વિસ્મૃતકંઠમણિ-ન્યાયે મુક્તિ છે! "अज्ञानसंज्ञौ भवबन्ध मोक्षौ ।"- બ્રહ્માજીએ કહેલું છે ને! જીવના બંધ અને મોક્ષ માયિક છે! યથાર્થ મોક્ષ તો ભગવાનની જ્ઞાનશક્તિથી મળે છે, - ભગવદિચ્છાથી જ! અહીં,

અહંતા-મમતાનાશ તો મુક્તિ-સાધન રૂપ બને છે, અહંતા-મમતાનાશ જ મુક્તિ છે! બ્રહ્મ તો અહંતા-મમતા બતાવી, તેના નાશનું નાટ્ય જ કરે છે! "કેશવ" છે ને! બ્રહ્માનંદ રૂપ ફલપ્રદ છે. અહીં, ઉપદેશરૂપ લીલા-સાધન; ભક્તિ વગેરે-કર્તવ્ય; અને અહંતા-મમતાનાશ - ફલ રૂપે જણાવ્યાં; તેથી મુક્તિ પ્રલય રૂપ; તેથી તે બ્રહ્મનું લક્ષણ છે! વિલક્ષણ છે ને ભગવાન્ કૃષ્ણ! સ્વશિક્ષણથી વિચક્ષણને રક્ષણ દે છે, કાલભક્ષણમાંથી બચાવે છે! મુક્ત કરી, સ્વરૂપસ્થિતિ દે છે! આ ગૂઢચરિત હૃદયારૂઢ થાય તો, દઢ કરે ભગવાનમાં! વંદન એ ભગવાન્ કૃષ્ણને!

卐

भगवान् वेदव्यास



"नमस्तस्मै भगवते वासुदेवाय वेधसे ।
पपुर्ज्ञानमयं सौम्या यन्मुखाम्बुरुहासवम् ।।"

॥ श्रीहरिः ॥
श्रीगोपीजनवल्लभाय नमः ॥
विजयते श्रीबालकृष्णः प्रभुः ॥

શ્રીમદ્ ભાગવત રસાસ્વાદ

દ્વાદશ-સ્કન્ધ

અધ્યાય : ૧

ભગવાને કહેલા કલ્યાણના ત્રણ ઉપાયો, - જ્ઞાન, કર્મ અને ભક્તિ-યોગના અનુકલ્પ રૂપ છે, - આશ્રય ! :

ભગવાન્ શ્રીકૃષ્ણ દશલીલા-સહિત સર્વત્ર સર્વદા વિરાજે છે ! ત્રીજાથી બારમા સ્કન્ધ સુધીમાં, સર્ગથી આશ્રય સુધી, આ લીલાઓ કહેલી છે. પ્રથમ-દ્વિતીય-સ્કન્ધની લીલા, અધિકાર અને સાધન, તેના અંગરૂપ છે. ભગવાને વિચારેલા અધિકારાનુસાર, દશલીલાયુક્ત ભગવાન્ શ્રીકૃષ્ણનાં નિરંતર શ્રવણ, કીર્તન અને સ્મરણ કર્યા કરવાથી, (૧) સાક્ષાત્ ભગવત્પ્રવેશ; (૨) સર્વસંદેહનાશ; (૩) ભગવત્કૃપા; (૪) સર્વત્ર અભય; (૫) પ્રભુમાં પરમપ્રેમ- આ પાંચ ફલ પ્રાપ્ત થાય ! શ્રીશુક - પરીક્ષિત - સત્સંગમાં આ સ્પષ્ટ છે. સદાનંદ-રૂપ છે,- ભગવાન્ કૃષ્ણ ! કૃષ્ણલીલા પણ સદાનન્દ-રૂપા જ છે !

દુનિયામાં દુઃખી દેખાય છે સૌ ! આનંદનો અનુભવ ન થાય તે જ દુઃખ છે ને ! આનન્દમય શ્રીકૃષ્ણ અને આનન્દપ્રચુર કૃષ્ણલીલા રૂપ શ્રીમદ્ભાગવતના સેવનથી, સુખ સૌને સરલતાથી સુલભ થાય છે. આ સરલ સાધન (ઉપાય) પોતે ફલ રૂપ પણ છે. અનાયાસે આ સુલભ હોવા છતાં લાભ સૌથી લેવાતો નથી ને ! રસાલ આ ફલ છે, છતાં રસાસ્વાદનો આહ્લાદ તો કૃષ્ણકૃપાથી જ મળે છે ! આ સરલ, સફલ, સુલભ લાભ છોડીને લોકો તો આથડે છે, - અનેક મનગમતા કે અણગમતા આયાસોમાં ! કલ્યાણની તો તેમાં કલ્પના પણ કરવી કઠિન છે ! કલ્યાણ માટે કૃષ્ણે ત્રણ ઉપાય બતાવ્યા.- (૧) કર્મયોગ, (૨) જ્ઞાનયોગ અને (૩) ભક્તિયોગ ! બીજા કોઈ કપોલકલ્પિત ઉપાયોથી કલ્યાણ ન થાય ! પાપ અને પાખંડપ્રચુર આ કરાલ કલિકાલમાં તો, પ્રાયઃ સૌ કપટ, ક્લેશ, કટુતા, કઠોરતા, કુભાવમાં ડૂબકાં ખાય છે ને ! કમાણી, કીર્તિ અને કામિનીની કામનાઓમાં કલ્યાણને કચડે છે ! દેશ, કાલ, દ્રવ્ય, મંત્ર, કર્મ અને કર્તા - શુદ્ધ નથી; તેથી કર્મમાર્ગ ક્યાંથી કૃતાર્થ કરે ? વૈરાગ્ય વિના જ્ઞાનમાર્ગમાં તો ગોથાં જ ખવાય ને ! તેમાં મળે શું ? વિકલતા કે વંચના વધે કદાચ ! ભક્તિમાર્ગમાં તો શાસ્ત્રીયસાધન અને કૃપાલભ્યભાવ વિના સુલભ શું ? **"कलौ भक्त्यादिमार्गा हि दुःसाध्या इति मे मतिः ।"**- કલિયુગમાં ભક્તિ વગેરે માર્ગો દુઃસાધ્ય છે. **"भक्तिः शुद्धा स्वतन्त्रा च दुर्लभेति न सोच्यते ।"**- સ્વતન્ત્ર શુદ્ધપુષ્ટિભક્તિ તો દુર્લભ ! પ્રદાન વિના પ્રાપ્ત જ ન થાય ને ! શ્રીવલ્લભાચાર્યજીએ વિલક્ષણરીતે પોતાનો વિચાર સ્પષ્ટ કહી દીધો છે. સમાજનાં સર્વજનનું સર્વ કલ્યાણ કરે તેવું સરલ અને સફલ સાધન સ્પષ્ટ બતાવ્યું, - **"एवमाश्रयणं प्रोक्तं सर्वेषां सर्वदा**

हितम् ।"- સર્વસાધનથી નિરપેક્ષ, અસહાયશૂર એક માત્ર ઉપાય છે, - "આશ્રય !" ભગવાને કહેલા ત્રણ ઉપાયોનો આ છે, - અનુકલ્પ !

શરણરૂપ છે,- ભગવાન્; તેવું અનુસંધાન છે,- આશ્રય !:

આશ્રય દ્વિવિધ - (૧) જીવ-પ્રયત્ન-સાધ્ય, (૨) સંતુષ્ટ-પ્રભુપ્રદત્ત. આ આશ્રય ભક્તિમાર્ગથી ભિન્ન નથી, - કૃપામિશ્ર છે. "ભગવાન્ જ મારા સર્વસમર્થ સ્વામી છે !" - આવું અનુસંધાન તેમાં સર્વદા રહે છે, તેથી તે પ્રવાહ અને મર્યાદા કરતાં તો તદ્દન પૃથક્ (જુદો) છે ! નારદજીએ નામરટણ કરતાં નિ:સંગ રહેવાનો કરેલો (અનુકલ્પ-રૂપ) ઉપાય તો વિરક્તોને સાનુકૂલ થાય. આ આશ્રય તો સૌને, સર્વ વર્ણ અને આશ્રમવાળાઓને, સાનુકૂલ થાય, સૌને સત્ફલ મળે તેવો છે ! ભગવાને ગીતાજીમાં પોતાના પ્રિય સખા ગૃહસ્થ અર્જુનને, "सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज ।"- થી, અને ભાગવતજીમાં પ્રિય સખા ગૃહસ્થ ઉદ્ધવજીને, - "तस्मात्त्वमुद्धवोत्सृज्य...मामेकं शरणं....याहि सर्वात्म-भावेन मया स्या ह्यकुतोभयः ।"- સ્પષ્ટ રીતે પોતાનો આશ્રય કરવા રૂપ શરણાગતિ જ કહી છે. આ શરણ-ગમનને પ્રપત્તિ પણ કહેવાય છે. (૧) "હરિએ સર્વ કાંઇ નિજેચ્છાથી કર્યું છે, કરે છે, અને કરશે !" - તેવો વિવેક; અને (૨) આ વિવેકથી સ્વત: આવતું ધૈર્ય,- "સર્વ તરફથી આવતાં ત્રિવિધ-કાલ, કર્મ, સ્વભાવથી થતાં- આધિદૈવિક, આધ્યાત્મિક, આધિભૌતિક; તન-ધન-મન-સંબંધી; ધર્મ, અર્થ, કામ - પુરુષાર્થના પ્રયત્નોની નિષ્ફલતા રૂપ,- દુ:ખો મરણ સુધી સદા સહન કરવાં"; - આ વિવેક-ધૈર્ય એવી રીતે સાચવવાં કે જેથી આશ્રય સિદ્ધ થાય ! "आसमन्तात् श्रयः सेवनमाश्रयः ।"- તન, ધન અને મનથી સર્વરીતે શ્રીહરિનું સેવન,-તે આશ્રય ! અપરાધ ન થાય માટે, મહિમા સમજીને પ્રભુને સેવવા; આ થયો યૌગિકરીતે અર્થ ! આશ્રય શબ્દનો યોગરૂઢ-અર્થ છે, - "આધાર" ! સર્વ બાબતોમાં ભગવાનનો જ આધાર રાખવો. આ લોક કે પરલોકનાં સર્વકાર્ય, દુ:ખનાશ, પાપ અને ભયનિવારણ, ઇચ્છાની અપૂર્તિ, ભક્તદ્રોહ-નિવારણ, ભક્તિ ન હોય તો, ભક્તો અવજ્ઞા કરે તો, અશક્ય કે સુશક્ય સર્વકાર્યમાં, સર્વદા સર્વત્ર સરલપણે સફલ થવાય, - સર્વથા શ્રીહરિની શરણાગતિથી ! "शरणं रक्षणे गेहे वधरक्षकयोरपि ।"- કોશમાં અર્થ છે. શરણ તો કહેલી સર્વ બાબતોમાં થતા પ્રમાદ વગેરેના સર્વપ્રસંગમાં રક્ષણ કરે; તે સર્વમાં આધાર આપે, તેમાં થતા બધા અવરોધોનો નાશ કરે, સર્વરીતે રક્ષા કરે ! આમ, શરણરૂપ છે, - ભગવાન્ ! તેવું અનુસંધાન છે, - આશ્રય ! ભગવાનનો આશ્રય કરનારનું ચિત્ત ભગવાન્ વિના બીજે ક્યાં રહે ? ચિત્ત પ્રભુમાં પરોવાય તે તો સેવારૂપ ગણાય ને ! ગીતાજી અને ભાગવતજીમાં તો ભગવાને, વેદાધિકારવાળા કે તે વગરના, સૌને માટે આશ્રય જ સ્વતંત્રરીતે કહ્યો છે ! "मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः । स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गतिम् ॥"- પાપીને પણ પીડ્યા વિના, દુષ્ટને દુભવ્યા વિના, નીચને નીચું જોવડાવ્યા વિના, ઉત્તમને અભિમાન આવવા દીધા વિના, ઉદારતાથી સૌનો ઉદ્ધાર કરે છે, - આશ્રય !

આશ્રયરૂપ શરણાગતિની વિવિધ સ્થિતિ !:

તે શરણાગતિ રૂપે પણ ઓળખાય છે. શરણાગતિને, શ્રીરામાનુજાચાર્યજી, પ્રભુને અનુકૂલ થવા રૂપ કહે છે, શ્રીશંકરાચાર્યજી - ભગવાન્ સિવાય અન્યના અનુસંધાનરહિતપણા રૂપે સ્વીકારે છે; શ્રીમધુસૂદનજી,- "હું પ્રભુનો જ છું!" - "આ પ્રભુ મારા છે !" - "તે હું જ છું!" - આમ, વિદ્યા-સાધનનો

અભ્યાસ પક્વ થતાં, ભક્તિપૂર્વક ભગવદનુસંધાનપણા રૂપે ઓળખાવે છે. શ્રીવલ્લભાચાર્યજીના પુષ્ટિમાર્ગમાં તો, બ્રહ્મવાદની સમજપૂર્વક, સ્વતંત્રભક્તિની અધિકતા તેમાં છે. આ ભાવ થાય તો ભગવાને આશ્રય આપ્યો છે, તેમ સમજાય. "ભગવાન્ જ મારા સર્વ-આધાર છે!" એવો આશ્રય કે શરણ રૂપે કહેલો ભાવ, ક્યારેક અંતરમાં આવે, તે આપણા માટે આશ્રયની આરંભદશા છે! ક્યારેક ક્યારેક વચમાં આ ભાવ તૂટે - છૂટે, જાળવવા મથવું પડે, તે આશ્રયની સાધનદશા છે! "ભગવાન્ મારા રક્ષક છે!" - તેવું માત્ર ભાન થાય, તે તો આશ્રયના આરંભની નિશાની રૂપ છે! આ આશ્રય, ભક્તોની ભક્તિને પોષે તે, - ઉત્તમ! ભક્તિ ઉત્પન્ન કરતો હોય તે, - ભક્તિમાર્ગીય! ભક્તિ ઉત્પન્ન કરે તેવો હોય તે, ભક્તિમાર્ગના અનુકલ્પરૂપ! જ્ઞાનમાર્ગમાં, જ્ઞાનપોષક આશ્રય, - ઉત્તમ! કર્મમાર્ગમાં, ફલમાં વૈરાગ્ય વધારતો, નિષ્કામ-કર્મ વધારતો આશ્રય, - ઉત્તમ! આમ, કક્ષાઓ વિચારી શકાય. સૌ સૌની રુચિ અને અધિકાર પ્રમાણે, માત્ર આશ્રયથી પણ સૌનું હિત જ થાય. પોતાને અભિમાન થતાં, પોષણ કરવા યોગ્ય લોકોના પોષણ-રક્ષણમાં, પોષેલાં પ્રતિકૂલ બને તેમાં, અંતેવાસી અતિક્રમ કરે તેમાં, કામ-સંકલ્પ-રહિત અલૌકિક મન થવામાં, સર્વપુરુષાર્થ- પ્રયોજનોમાં, શરણ છે, - શ્રીહરિ! ચિત્તમાં તેવી સદા ભાવના કરવી, વાણીથી વારંવાર વ્યક્ત કરવું. દીનતા અને દૃઢતા તેનાથી જ આવે ને! સતત આમ ભાવનાથી ભાવાત્મા ભગવાન્ આશ્રય આપે!

ભગવાનનો આશ્રય ભુલાય તો ભવમાં ભૂલા પડાય! તેના કીર્તનથી કૃતાર્થ થવાય, - સૌને તે સન્માર્ગ સમજાય! નિરપેક્ષ અને નિર્ભય રહેવાય, - અનન્ય અને દૃઢ આશ્રયથી! અપેક્ષા માત્ર પ્રભુ- પ્રસન્નતાની અને ભય માત્ર પ્રભુની અપ્રસન્નતાનો જોઈએ ને! સાધનદશામાં પ્રભુ પાસે પણ મગાય નહિ; તેવો વિચાર પણ થાય નહિ, પછી બીજાની તો વાત જ શી? ફલદશામાં તો કક્ષા જુદી જ છે, તેમાં તો પ્રાર્થના થાય પણ ખરી! ભગવાન્ વિના અન્યનો આશ્રય (આધાર) તો અલ્પ પણ ન થાય! "यावदन्याश्रयस्तावद् भगवानपि तं जनम् । विलोकयेन्न दयया ह्यनन्यजनवत्सलः ॥"- જ્યાં સુધી અન્યાશ્રય હોય ત્યાં સુધી ભગવાન્ પણ તે જનને દયાદૃષ્ટિથી જોતા નથી! ભગવાન્ અનન્ય-જનવત્સલ છે! નન્દજી કૌતુકથી અંબિકાલયમાં ગયા, તો સર્પની આપત્તિ આવી જ ને! શ્રી- આચાર્યજીમાં, ભગવાનમાં, ભક્તિમાર્ગમાં કે આશ્રયમાં, વિશ્વાસ વગર તો વિકલ થવાય, સકલ સાધન કરવા છતાં સફલ ન થવાય! વિશ્વાસથી તો અંતિમશ્વાસ સુધીમાં, નિશ્વાસ મૂકવાનો અવસર ન આવે! અલૌકિક-લૌકિક સર્વકાર્ય, વિભુમાં દૃઢ વિશ્વાસ રાખીને કરવાં! માત્ર આશ્રયથી પણ અધિકારાનુસાર ઉત્તમ ફલ મળે. "आश्रयेणैव सकलं सिद्धिमेति न संशयः ।"- માત્ર આશ્રયથી જ સકલસિદ્ધિ મળે, તેમાં સંદેહ નથી!

ભાગવતમાર્ગે ભગવદાશ્રય સુલભ બને છે!:

શ્રીમદ્ભાગવતના બારમા સ્કન્ધમાં તો છે, - ભગવાન્ કૃષ્ણની આશ્રયલીલા! શ્રીનાથજીના વામ-કરકમલનું તે સ્વરૂપ! કૃપાપાત્ર ભક્તોને અસદ્વાસના ન થાય માટે, આનંદમય ભગવાન્ પોતાના જમણા હસ્તની મુઠીમાં તેમનાં મન સમાવી દઈને, દુઃખમાંથી સુખ શોધવા દૂર આથડતા, નિઃસાધન ભક્તોને વામકરકમલ ઊંચો કરી, પોતાની પાસે બોલાવે છે! આશ્રય આપીને, સાધન વગર, કૃપામાત્રથી, કૃષ્ણ વિના કૃતાર્થ કોણ કરે? સુમન્દમતિવાળા, મોહમાં મગ્ન, અલ્પાયુષ્યવાળા,

કલિદોષોથી અનેક રીતે ઉદ્વિગ્ન લોકોને, જીવનપર્યંત અને અંતે પણ, સુખ-શાંતિ-મેળવવાનો એકમાત્ર ઉપાય છે, - આશ્રય ! દેશ-કાલ-આચાર-વર્ણાશ્રમધર્મ-કર્મ-જ્ઞાન-ભક્તિ વગેરે અસ્તવ્યસ્ત થઈ ગયાં છે, સાધન સર્વ ભસ્મસાત્ થઈ ગયાં છે ! ભાગવત-માહાત્મ્યમાં કલિયુગના અનર્થો ગણાવેલા છે ને ! બારમા સ્કન્ધમાં પણ ગણાવ્યા છે. તે આજે તો સ્પષ્ટ દેખાય છે. ભાગવત અને ભગવાન્ વિના કોઈ તેમાંથી બચાવી શકે તેમ નથી ! લોક તો શોકમય છે ! વેદ તો નિર્વેદ (વૈરાગ્ય) વગર કર્મ-જ્ઞાનનો લાભ ન દે ! લોભ-ભોગ અને ઉદ્વેગમાં ભક્તિ તો સુલભ નથી ! જીવ તો ભગવાનનો અંશ છે, છતાં કોઈના વંશમાં પોતાને માનીને ભૂલે છે, - ભગવાનના સંબંધને ! જીવ તે સંબંધ સમજીને-સ્વીકારીને સુખી થઈ શકે છે. (૧) શરણાગતિ, (૨) સમર્પણ; - તેના ઉપાય ! (૧) નામનિવેદન, (૨) આત્મનિવેદન - પણ તે કહેવાય છે. નામ અને સ્વરૂપસંબંધ તેનાથી સુલભ બને, સફલ જીવન બને ! "तवास्मीति.. अभयं सर्वभूतेभ्यो ददाम्येतद्व्रतं मम ॥"- સમર્થ શ્રીરામે શરણાગત - સ્વકીય થનારને અભયદાન તો પોતાનું વ્રત કહ્યું છે ! "तस्मान्मच्छरणं...गोपाये स्वात्मयोगेन सोऽयं मे व्रत आहितः ।"- શ્રીગિરિરાજધરણ ગોવિંદે શરણાગત, અનન્ય અંગીકૃતની, સ્વરૂપબલથી રક્ષાનું સ્વવ્રત પ્રકટ કહ્યું છે ! "सर्वधर्मान् परित्यज्य ।"- તથા "तस्मात्त्वमुद्धवोत्सृज्य...।"- ગીતા-ભાગવતમાં જ્ઞાનદાતા, ગુરુસ્વરૂપ કૃષ્ણે સર્વ છોડીને શરણાગતિ કરવાનું, પોતે પાપ-દોષ દૂર કરવાનું, અભયલાભ દેવાનું, સ્પષ્ટ કહ્યું છે ! સર્વત્યાગ વગર કેવલ શરણ સુલભ નથી ! શરણાગતિનાં છ અંગ (પ્રકાર), - "अनुकूलस्य संकल्पः प्रतिकूलविसर्जनम् । करिष्यतीति विश्वासो भर्तृत्वे वरणं यथा ॥ आत्मनैवेद्यकार्पण्ये षड्विधा शरणागतिः ॥"- (૧) ભગવન્માર્ગ- આશ્રય-ને અનુકૂલનો સંકલ્પ (મનોભાવ), (૨) ભગવન્માર્ગ - આશ્રય-થી પ્રતિકૂલનો ત્યાગ. (૩) ભગવાને સર્વહિત કર્યું છે,- કરે છે,- કરશે, - તેવો વિશ્વાસ. (૪) ભગવાનનું પોતાના ભર્તા (રક્ષક, પોષક, સ્વામી, આધાર) રૂપે વરણ (સ્વીકાર); - જેમ થાય તેમ બાકીનાં પાંચે કરવાં. (૫) ભગવાનને આત્મનિવેદન. (૬) ભગવત્સંબંધી તાપભાવે દીનતા. આમ, અત્યારે અનેક અનર્થોમાંથી ઉદ્ધાર આશ્રયથી જ સંભવે છે. ભાગવતમાર્ગે તે સુલભ બને છે !

ભગવાનની આશ્રયલીલા ! :

ભગવાનની આશ્રયલીલા આ બારમા સ્કન્ધમાં છે. "दशमस्य विशुद्ध्यर्थं नवानामिह लक्षणम् ।"- ત્રીજાથી નવમા સ્કન્ધની, સર્ગથી મુક્તિ સુધીની, લીલાઓનાં લક્ષણ તો આશ્રયલીલાની વિશુદ્ધિ (સ્પષ્ટતા) માટે કહ્યાં છે. અગિયારમા સ્કન્ધ સુધીની કથાના સેવનથી, અંતે કૃષ્ણાશ્રય દૃઢ થવો જોઈએ. આશ્રયના પાંચ પ્રકાર છે. - (૧) "दशमस्य विशुद्ध्यर्थम्....।"- નવ લીલાઓથી સ્પષ્ટ થતો આશ્રય, - શુદ્ધ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ! નવ લક્ષણથી તે સમજાય. (૨) "आभासश्च निरोधश्च यतश्चाध्यवसीयते । स आश्रयः परं ब्रह्म परमात्मेति शब्द्यते ॥"- જગતમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય જેમાંથી અને જેનાથી થાય છે અને પ્રકાશે છે, સ્વભાવ પણ સંપાદિત થાય છે. "अस्ति, भाति" અને "प्रियं"- ત્રણે કાર્યના કારણ રૂપે, તે સચ્ચિદાનંદ - પરબ્રહ્મ પરમાત્મા - આશ્રય ! સર્વકર્તા રૂપે, "आश्रीयते इत्याश्रयः ।"- આધાર લેવાય તે,- આશ્રય ! શાસ્ત્રમાં પ્રભુપ્રાપ્તિના માર્ગ બે, - ૧. ભક્તિ ૨. જ્ઞાન ! "यथा सर्वासामपां समुद्र एकायनम् ।"- શ્રુતિ છે. સર્વ જલનો સમાવેશ સમુદ્રમાં ને ! ભક્તિમાર્ગમાં ભગવાન્ શરણાગતિથી આશ્રય રૂપ બને; અને જ્ઞાનમાર્ગમાં સાયુજ્યથી ! આ પ્રકારભેદ

છે. અરે ! ભગવાનનો તો જડને પણ આધાર (આશ્રય) છે, - ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયથી ! શરણાગતિથી ભક્તિ દ્વારા, સાયુજ્યથી જ્ઞાન દ્વારા અને સર્જન વગેરેથી ક્રિયા દ્વારા પણ, આશ્રય છે,- ભગવાન્ ! ક્રિયાથી આશ્રય પાંચ પ્રકારે, જ્ઞાનથી આઠ પ્રકારે. દ્વિઃસ્વભાવત્વથી મનનો ઉભયમાં સંબંધ, પણ ક્રિયામાં તે મુખ્ય નહિ, જ્ઞાનમાં તે ગણાય; અહંકાર આશ્રયમાં હેતુ રૂપ નથી ! આમ, કુલ ૧૩ પ્રકાર, તેથી અહીં ૧૩ અધ્યાય. અહીં છે, - ક્રિયાશ્રય ! (૩) **"योऽध्यात्मिकोऽयं पुरुषः.... त्रितयं तत्र यो वेद स आत्मा स्वाश्रयाश्रयः ।"**- આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક, - તે ત્રણેને જે જાણે છે, તે આત્મા - આશ્રય ! સર્વની અંદર રહેલા, ઉત્તમ - આનંદમય ભગવાન્ - આશ્રય ! અહીં છે,- જ્ઞાનાશ્રય ! આમાંથી બીજાં બે લક્ષણ મળે, - **"स्वाश्रयाश्रयः ।"**માંથી, - ૧. **"स्वाश्रयः ।"**- જે પોતાને આશ્રયે જ રહે છે, જેને અન્યના આશ્રયની અપેક્ષા નથી, સ્વપ્રકાશ છે, તે સ્વાશ્રય, - ભગવાન્ - આશ્રયરૂપ ! ૨. **"स्वाश्रयाश्रयः ।"**- ભગવાનનો આશ્રય-વાસ - અક્ષરબ્રહ્મ; તેનો પણ આશ્રય (આધાર) પરબ્રહ્મ - પુરુષોત્તમ ! નવલક્ષણ-લક્ષિત-ધર્મ તો અક્ષરમાં પણ છે; પણ દશલીલાવિશિષ્ટ - ધર્મ તો પુરુષોત્તમમાં જ છે ! ભગવાનનું અક્ષરરૂપ થવું તે પણ લીલા છે ! અક્ષરને લીલા ગણી શકાય; નહિ તો,- **"स्वाश्रयः"**- કહી શકાય; પણ અહીં, તો, - **"स्वाश्रयाश्रयः"**- કહ્યું છે ને ! તેથી અક્ષર અને પુરુષોત્તમ બંને સમજી શકાય ! તેથી અક્ષર-પુરુષોત્તમનું અભિન્નત્વ પણ સમજાય ! પૂર્ણાનન્દ પરબ્રહ્મની બહુભવનેચ્છાથી થયેલું અક્ષરબ્રહ્મ-સ્વરૂપ ઈષત્તિરોહિતાનન્દ જેવું છે ને ! અક્ષરમાં વ્યાપકત્વ છે, ભગવાન્ નિત્ય તેમાં વિરાજે છે ! જ્ઞાનીઓને અક્ષરબ્રહ્મ અને ભક્તોને પરબ્રહ્મ પ્રાપ્ત પણ થાય છે ને ! આશ્રય નિત્યલીલાત્મક છે, રસાત્મક પુરુષોત્તમ રૂપ પણ છે !

શ્રીશુકદેવજીએ આશ્રયનાં આ ત્રણ લક્ષણ બીજા સ્કન્ધમાં રૂઢરીતે કહ્યાં છે. લોકપ્રસિદ્ધ-રીતે, સહાયક અને રક્ષક રૂપે, આશ્રય (આધાર) નાં બીજા બે લક્ષણ અહીં કહ્યાં છે. - (૧) શબ્દના રસનું સ્વરૂપ ધારણ કરનાર - વેદ, (૨) અર્થના રસનું રૂપ ધારણ કરનાર - ભગવાન્ ! આ બંને આશ્રયરૂપ છે. કેટલાક લોકો વેદનો આશ્રય કરે છે. કેટલાક વેદ સાથે વિભુનો આશ્રય કરે છે; કેટલાક માત્ર શ્રીહરિનો જ આશ્રય કરે છે ! શબ્દ અને અર્થના રસભેદથી આ આશ્રય બે પ્રકારનો થાય ને ! કુલ થયો,- પાંચ પ્રકારનો આશ્રય ! બાર અંગવાળા પુરુષ, તેથી અધિક પુરુષોત્તમ ! તે સર્વ પ્રાણીઓના (આશ્રય) આધારરૂપ ! નવલીલાઓ શુદ્ધ-પુરુષોત્તમની કહી છે. તે અંગી ! તેથી તેર અધ્યાયમાં તેમની કથા છે. બાર સ્કન્ધ - અંગવાળા, શબ્દ-રસાત્મક પુરાણથી અને અર્થરસાત્મક અક્ષરથી તે અધિક ! તે શુદ્ધ પુરુષોત્તમ - આશ્રય રૂપ ! તેમની આશ્રયલીલા આ સ્કન્ધમાં છે, (૧) ૧ થી ૩ અધ્યાયમાં - હરિ- આશ્રય, (શ્રીકૃષ્ણાશ્રય); (૨) ૪ થી ૫ાા અધ્યાયમાં - જગદાશ્રય; (૩) ૫ાા થી ૭ અધ્યાયમાં - વેદાશ્રય; (૪) ૮ થી ૧૦ અધ્યાયમાં - ભક્તિયોગાશ્રયઃ અને (૫) ૧૧ થી ૧૩ અધ્યાયમાં - શ્રીભાગવતાશ્રય.

"कथा इमास्ते...।"- શ્લોકોમાં, નવમ સ્કન્ધ વગેરેમાં કહેલી રાજાઓની કથાને વાણીની વિભૂતિ રૂપા કહીછે, પરમાર્થરૂપા કહી નથી ! લોકમાં પોતાનો યશોવિસ્તાર કરીને, જે રાજાઓ પ્રભુને પ્રાપ્ત થયા, તેમની (ભાગવતજીમાં કહેલી) આ કથાઓ તો ભગવાનના વિજ્ઞાન અને સંસારમય વૈરાગ્ય માટે કહેલી છે, વાણીની વિભૂતિરૂપા છે ! ભગવાનની વિભૂતિના સંબંધવાળી હોવાથી, ભગવાનના વર્ણનના અંગ રૂપે છે. તેમાં, રાજાઓની કથાઓ કહેવાનો આશય નથી ! તેમાં ભગવાનની

લીલા હોવાથી, ભગવાનની લીલા જ પરમાર્થ રૂપે કહેલી છે ! તેથી ભગવાન્ સિવાય અન્ય કોઈ આશ્રય છે જ નહિ ! ભગવાન્ જ નિરંકુશ રીતે - સ્વતંત્રપણે - સર્વના આધાર છે; તે જ સર્વના પોષક - રક્ષક- હિતકર્તા છે ! આ શ્લોક પછી તરત, "यस्तूत्तमश्लोकगुणानुवादः...।"- માં, "कृष्णेऽमलां भक्ति- मभीप्समानः ।"- "કૃષ્ણમાં નિર્મલ ભક્તિ ઈચ્છનારે," - કહીને, આ આશ્રયરૂપ ભગવાન્, પરબ્રહ્મ, રસાત્મક, પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ છે, તે પણ સ્પષ્ટ કરી દીધું છે ! ઉત્તમપુરુષો તેમના ગુણાનુવાદ કરે છે, તે શ્રીકૃષ્ણ સર્વધર્મયુક્ત છે. ગીતાજીમાં પુરુષોત્તમયોગમાં પણ આ જ નિર્ધાર છે ને ! સાધના-વસ્થામાં અન્યાશ્રય સંભવે છે, પણ પ્રભુકૃપા થતાં કૃષ્ણાશ્રય જ થાય છે ! સામાન્યલોકોને તો, બીજા લોકો જ પોતાના આધાર રૂપ લાગે છે. તેમાં, ઉત્તમ હોય તેવા કોઈકને, ધર્મ આધાર રૂપ લાગે છે ! સંસાર-પ્રવાહમાં પડેલા પ્રાકૃત-લોકોને અપ્રાકૃત-પરમેશ્વરનો પરિચય અને પ્રીતિ પ્રાપ્ત થાય ક્યાંથી ? બધા લૌકિક - આધારો તો ભગવાનની ચેષ્ટા રૂપ કાલથી નષ્ટ થઈ જાય છે, કાલક્રમે કોનો નાશ થતો નથી ? ! કલિકાલમાં લોકો પણ શૂદ્ર જેવા થઈ ગયા છે ! "शुचाद्रवतीति शूद्रः ।"- શોકથી દ્રવે તે,- શૂદ્ર ! લોકમાં શોક જ છે ને ! કલિયુગમાં પાખંડની પ્રબલતામાં ધર્મ તો સંભવે ક્યાંથી ? શ્રીવલ્લભાચાર્યજીએ પોતે ભૂતલ-પરિભ્રમણમાં લોક-ધર્મ વગેરેની દુર્દશા દેખી, "કૃષ્ણાશ્રય" જ સૌને માટે સરલ-સફલ લાગ્યો, તે સ્તોત્રમાં કહ્યો;- "सर्वमार्गेषु नष्टेषु कलौ च खलधर्मिणि । पाषण्डप्रचुरे लोके कृष्ण एव गतिर्मम ॥"- ખલધર્મ (અતિદુષ્ટ-ધર્મ)વાળા કલિયુગમાં સર્વમાર્ગો નષ્ટ થઈ ગયા છે; અને લોકો પાખંડપ્રચુર છે, ત્યારે કૃષ્ણ મારી ગતિ છે !

આ સ્કન્ધના પહેલા ત્રણ અધ્યાયમાં, કલિદોષમાંથી બચવા શ્રીશુકે પણ સ્પષ્ટ રીતે શ્રીકૃષ્ણાશ્રય જ કહ્યો છે ! કલિના દોષનો નાશ કૃષ્ણ કરે છે. (૧) પૂજા, (૨) નામશ્રવણ. (૩) કીર્તન- આ ત્રણ સાધનથી, કલિના પૂર્વાર્ધમાં દોષો દૂર થાય છે, ગુણ મળે છે ! કલિના ઉત્તરાર્ધમાં, આ સાધનોથી ભગવાન્ આધાર બને છે ! જો પ્રભુ કોઈ કારણે કાલ-પ્રતીક્ષા કરે, દયા ન કરે, તો કલ્કિ રૂપે તો કૃપા કરવા પ્રકટશે ! તે સામાન્ય-આશ્રય છે. આસુરલોકો લૌકિકરીતે આગ્રહી હોય, તેથી દયા પ્રભુની ન થાય ! દૈવીજીવો તો પ્રભુની દયા ઈચ્છતા હોય, તે ભગવાન્ માટે યત્ન કરે, તો સંપૂર્ણ આશ્રય મળે જ ! દયાળુ પ્રભુની દયા મેળવવામાં વિલંબ થાય છે, - આપણા અહંકારથી ! તેથી તો અહંતા-મમતા વગેરે દોષો બતાવ્યા છે ! તે પ્રભુપૂજન - શ્રવણ - કીર્તન વગેરેથી દૂર થતાં, કીર્તનના ગુણો અનુભવાય ! આમ, આ પ્રથમ ત્રણ અધ્યાયમાં, નવલીલાઓની શુદ્ધિરૂપ - સારમય કૃષ્ણાશ્રય જ કહ્યો છે. આ નવલીલા બરાબર સમજાય તો, માનવ સર્વ છોડીને, સર્વાત્મભાવે, ભગવાનનો દૃઢ અનન્યાશ્રય જ કરે ! આ લીલાઓ કરનાર ભગવાનનું સ્વરૂપ - આશ્રય રૂપ છે; બીજાનો કે બીજા પ્રકારનો આધાર તો નિરાધાર બનાવે છે ! મુક્તોના પણ આધાર છે, માત્ર - ભગવાન્ શ્રીકૃષ્ણ ! ભક્તોના તો હોય જ ને !

કલિયુગમાં રાજાઓની પરંપરા !: લોકોની હીન - વૃત્તિ - પ્રવૃત્તિ !:

શ્રીશુકે ભગવાનના સ્વધામ પધાર્યા પછીની વંશકથા કહી. જરાસંધના વંશનો છેલ્લો રાજા (રિપુઞ્જય) પુરઞ્જય. તેનો મંત્રી શુનક. તે રાજાને મારી પુત્ર પ્રદ્યોતને રાજ્ય દેશે. તેના વંશના પાંચ પ્રદ્યોતન રાજાઓ, ૧૩૮ વર્ષ રાજ્ય કરશે, પછી ક્રમશઃ શિશુનાગ-વંશના દશ રાજાઓ ૩૬૦ વર્ષ રાજ્ય કરશે, પછી શૂદ્રપ્રાય નવનંદ વગેરે ૧૦૦ વર્ષ રાજ્ય કરશે. તે વંશનો નાશ બ્રાહ્મણ કૌટિલ્ય

કરશે. ઈતિહાસ હવે તો પ્રસિદ્ધ છે ને ! તે પછી દશ મૌર્યરાજાઓ ૧૩૭ વર્ષ રાજ્ય કરશે, પછી દશ શુંગો ૧૧૨ વર્ષ રાજ્ય કરશે. પછી કણ્વાયનો ૩૪૫ વર્ષ રાજ્ય કરશે, પછી બલિથી સલોમધિ સુધીના ૩૦ રાજાઓ ૪૫૬ વર્ષ, પછી અતિલોલુપ - ૭ આભીર, ૧૯ ગર્દભિ, ૧૬ કંક, ૮ યવન, ૧૪ તુરુષ્ક (તુર્ક), ૧૦ ગુરુણ્ડ રાજાઓ - ૧૦૯૯ વર્ષ રાજ્ય કરશે, પછી ૧૧ મૌન (બૌદ્ધ) રાજાઓ ૩૦૦ વર્ષ, કિલકિલા- નગરના રાજાઓ ૧૦૬ વર્ષ, તેમના બાહ્લિકો, આન્ધ્ર-કોસલ-વૈદૂર-નિષધના રાજાઓ થશે. મગધવંશનો છેલ્લો વશ્વસ્ફુર્જિ (પુરઞ્જય), તે પ્રજાને વર્ણરહિત કરશે ! હરિદ્વારથી પ્રયાગ સુધી રાજ્ય કરશે, દ્વિજો વ્રાત્ય જેવા થશે ! રાજાઓ શૂદ્ર જેવા થશે ! "सिन्धोस्तटं चन्द्रभागां कौन्तीं काश्मिरमण्डलम् ।"- સિંધુના તટે, ચન્દ્રભાગા (ચીનાબ)ના તીરે, કૌન્તિના કિનારે, કાશ્મીરમાં - હીન, મ્લેચ્છ વગેરે લોકોનું વર્ચસ્વ થશે. સંસ્કાર-ધર્મ વગેરે લુપ્ત થશે, પ્રજા પીડાશે, પરસ્પર સૌ પીડશે, નષ્ટ થશે. અત્યારે અનુભવ તો દેખાય છે ને !

અધ્યાય : ૨

કલિયુગથી લોકોમાં દોષો, કલિયુગના સન્ધ્યાસમયે કલ્કિ - અવતાર ! : સત્યયુગનો આરંભ ! :

કલિયુગમાં - કપટ, ક્લેશ, કામ, ક્રોધ વગેરેમાં પરાયણ લોકો કલ્યાણ કોનું કરી શકે ? કલ્યાણ કરનારો ધર્મ પણ આવા લોકોમાં સંભવે ક્યાંથી ? કલિયુગમાં તો અધર્મ જ ફૂલે-ફાલે ને ! કલિકાલનો કરાલ પ્રભાવ છે, તેથી દિવસે દિવસે - ધર્મ, સત્ય, પવિત્રતા, દયા, ક્ષમા, આયુષ્ય, બલ અને સ્મૃતિ (કર્તવ્યભાન) ઘટતાં જશે ! દેખાય જ છે ને ! કમાણીમાં જ કલ્યાણ ગણાશે. પૈસાદાર જ કુલીન, સદાચારી-ગુણવાન્, ધાર્મિક ગણાશે ! ધર્મ અને ન્યાય પણ સંપત્તિ કે સત્તાની શેહમાં દબાઈ જશે ! સત્તા-સંપત્તિવાળા જ ધર્મનિષ્ઠ-ન્યાયી ગણાશે ! દામ્પત્યમાં રુચિ જ કારણ રૂપે રહેશે ! રુચિથી જ લગ્ન; અને અરુચિથી ભગ્ન ! વ્યવહારમાં કપટ, બ્રાહ્મણપણામાં માત્ર જનોઈ, સંન્યસ્ત વગેરે આશ્રમમાં બાહ્યચિહ્નો જ રહેશે ! પરસ્પર માન પણ તેટલા માત્રથી દેવાશે ! લાંચથી ન્યાય દબાઈ જશે ! "पाण्डित्ये चापलं वचः ॥"- વાણીની ચપલતા પાણ્ડિત્ય ગણાશે ! યથાર્થ-શાસ્ત્રજ્ઞ પંડિત નહિ ગણાય ! દેખાય છે ને સ્પષ્ટ ? ! નિર્ધન દુર્જન ગણાશે ! દંભ, દિવ્યતા (સજ્જનતા) ગણાશે ! વિવાહમાં રહેશે- સ્વીકાર ! કોર્ટ વગેરેમાં છે ને ! નાહીને રૂપાળા દેખાવામાં સ્નાન ગણાશે, મંત્ર-તીર્થાદિથી પણ નહિ ! વ્રત રૂપે નહિ પણ ફેશન રૂપે, સુંદરતા સમજીને, લોકો લાંબા વાળ રાખશે ! - "लावण्यं केशधारणम् ।"- પેટ ભરવામાં પુરુષાર્થ ગણાશે ! સત્યને બદલે ધૃષ્ટતા રહેશે ! કુટુંબપોષણ ચતુરતા ગણાશે ! "यशोऽर्थे धर्मसेवनम् ।"- ધર્મસેવન યશઃ માટે થશે ! સ્પષ્ટ દેખાય છે ને ! કલિયુગમાં, આવા અનેક અનર્થોમાં આથડતી પ્રજા પીડાશે ! ગમે તે રીતે પેટ ભરશે ! અનાવૃષ્ટિ, દુષ્કાલ, કરભાર, અતિવૃષ્ટિ, હિમ, ભૂખમરો, પરસ્પર કલહ, ચિંતા વગેરેથી લોકો દુઃખી થશે ! વીસ-ત્રીસ વર્ષનું લોકોનું આયુષ્ય થશે, દેહ ઘટશે ! પાખંડપ્રચુર લોકો થશે ! સત્ત્વહીન સૌ થશે ! "શ્રીકૃષ્ણાશ્રયસ્તોત્ર"માં શ્રીવલ્લભાચાર્યજીએ લગભગ ૫૦૦ વર્ષ પૂર્વે પણ આ દશા દેખાડી છે ! કલિના સન્ધ્યાસમયે શુદ્ધ-સત્ત્વમય ભગવાન્ કલ્કિ પ્રકટ થશે; શંભલ-ગામના વિષ્ણુયશા નામના બ્રાહ્મણને ત્યાં ! "कल्कते दभ्नोति शत्रून् इति कल्किः ।"- શત્રુને સંતાપ દે તે, - કલ્કિ ! દુષ્ટોને તે દંડ દેશે; સત્યયુગ ત્યારે આરંભાશે ! "कलिं कृन्ततीति कल्किः ।"- કલિને કાપે તે,- કલ્કિ !

અત્યારે તો કલિનું માત્ર પ્રથમ ચરણ ચાલે છે, ત્રણ (ભાગ) બાકી છે! ચંદ્ર, સૂર્ય, પુષ્ય (નક્ષત્ર) અને ગુરુ એક રાશિમાં એકસાથે પ્રવેશશે ત્યારે સત્યયુગ આરંભાશે! પરીક્ષિત-જન્મથી નંદાભિષેક સુધી ૧૫૧૦ વર્ષ થશે! કૃષ્ણ સ્વધામ પધાર્યા ત્યારથી, કલિનો પ્રભાવ પ્રકટ દેખાય છે! લોકો પ્રાયઃ પાપપરાયણ છે! સન્ધ્યાંશ વગર ૧000 દેવવર્ષનો કલિયુગ છે. તે પૂરાં થતાં સત્યયુગ આરંભાશે, ત્યારે લોકો પ્રભુ-પ્રાપ્તિ-પરાયણ થશે. ચંદ્રવંશી દેવાપિ અને ઈક્ષ્વાકુ-વંશજ સૂર્યવંશી મરુ, મહાયોગથી કલાપ-ગામમાં રહે છે; તે ભગવદાજ્ઞાનુસાર પૂર્વવત્ વર્ણાશ્રમધર્મ પ્રવર્તાવશે! સત્તા- સંપત્તિના શિખરે રહેલા રાજાઓ પણ રોળાઈ ગયા, માનવ તો કેટલુંક મેળવી શકવાનો? છતાં મથે છે, મૂંઝાય છે! મૂંઝવે છે અને અંતે મરે છે ને! કાયા, કમાણી, કીર્તિ કે કામના (પ્રેયઃ) માટે મથે-મૂંઝાય છે, તે પ્રવાહસૃષ્ટિ! (શ્રેયઃ) કલ્યાણ કે કૈવલ્ય માટે મથે-મૂંઝાય, તે મર્યાદાસૃષ્ટિ! કૃષ્ણ માટે મથે - મૂંઝાય, તે પુષ્ટિસૃષ્ટિ! તે તો સ્વતઃ કૃતાર્થ બને. સૌ સમજે, તો ભગવાનને ભજે ને!

અધ્યાય : ૩

ભાગવતમાં કહેલી રાજાઓની કથા ભગવાનની કથાના અંગરૂપે છે, સ્વતંત્ર રૂપે નથી, રાજાઓ દ્વારા લીલા તો ભગવાનની જ છે!:

અનુગ્રહથી ભાવાંકુર પ્રકટતાં રસાશ્રય થાય, અન્યાશ્રય ન રહે!:

કમાણી અને કીર્તિમાં કલ્યાણને કચડતા લોકોને કરાલ કાલ દેખાય છે તો ખરો; પણ સમજાય છે ક્યાં? આશામાં આંધળા બનીને આથડે છે ને સૌ! સંપત્તિ તથા સત્તા શોધવામાં અને ભોગવવામાં તો સ્વજનોને પણ સંઘર્ષ સદા સતાવે છે! સંતાપ તે સૌને કરાવે જ છે ને! ચક્રવર્તીઓ પણ ચાલ્યા ગયા, માનવ માત્ર મરવાનો, છતાં મોહ છૂટે છે ક્યાં?

कथा इमास्ते कथिता महीयसां विताय लोकेषु यशः परेयुषाम् ।
विज्ञानवैराग्यविवक्षया विभोर्वचोविभूतीर्न तु पारमार्थ्यम् ॥ (१४)

સર્વલોકોમાં યશોવિસ્તાર કરીને પ્રભુપ્રાપ્ત થયેલા, મહિમાવાળા રાજાઓની આ (નવમ-સ્કન્ધ વગેરેમાં કહેલી) કથાઓ તો, સર્વવ્યાપક સર્વસમર્થ ભગવાનનાં વિજ્ઞાન અને વૈરાગ્ય કહેવાની ઈચ્છાથી કહેલી છે. તે વાણીની વિભૂતિરૂપ છે, ભગવાનની કથાના અંગ રૂપે છે, પરમાર્થરૂપે-રાજાઓની સ્વતંત્ર વાતો રૂપે - નથી. તે રાજાઓ દ્વારા પણ લીલા તો ભગવાનની જ છે ને! ભગવાન્ જ આશ્રયરૂપ છે. આ ભગવાન્ તો "रसौ वै सः ।"- રસાત્મક, આનન્દમય, પરબ્રહ્મ, પુરુષોત્તમ શ્રીકૃષ્ણ છે. તે ભૂમા ભગવાન્ સુલભ બને,-સર્વાત્મભાવથી! સર્વાત્મભાવ મળે,- કેવલ પ્રભુના પ્રદાનથી- વરણ-કૃપાથી! રસાત્મક ભગવાનનો તેથી સ્વેચ્છાનુસાર સ્વાનુભવ મળે, આવા અનુભવી ભક્તો તો બ્રાહ્મ (સચ્ચિદાનન્દરૂપ-અક્ષરબ્રહ્માત્મક) - શરીરવાળા હોય! શ્રુતિ-સૂત્રોમાં આ સ્પષ્ટ છે. ગીતાજીમાં પ્રભુ પોતાને પુરુષોત્તમ રૂપે ઓળખાવે છે, અનન્યભક્તોને જ તે સુલભ છે! ભાગવતજીમાં પણ તે જ વાત સ્પષ્ટ છે. આ આશ્રયસ્કન્ધમાં પુરુષોત્તમ શ્રીકૃષ્ણને જ એકમાત્ર આશ્રયરૂપે કહ્યા છે! વેદ (શ્રુતિ), બ્રહ્મસૂત્ર, ગીતા અને ભાગવતની એકવાક્યતા છે ને! અહીં કહેલ કૃષ્ણથી જુદો કે જુદા પ્રકારનો આશ્રય કૃતાર્થ ન કરે! આશ્રય-લક્ષણ અને આશ્રય-પ્રકાર અહીં સ્પષ્ટ છે. "ज्ञानी चेद

भजते कृष्णं तस्मान्नास्त्यधिकः परः।", "ब्रह्मविद्....।", "दशमस्य विशुद्ध्यर्थं....।"- યથાર્થ સમજીને કૃષ્ણભજન સાધનદશા છે, તેમાં અન્યાશ્રય સંભવે છે! "आप्नोति परम्।"- એ ફલદશા! પૂર્ણ-અનુગ્રહ થતાં ભાવાંકુર પ્રકટતાં, રસાશ્રય થાય, અન્યાશ્રય ન રહે! અનુગ્રહ દ્વિવિધ, - (૧) લૌકિક, અલૌકિક, (૨) ભક્તિ. ભક્તિ તો પૂર્ણ-અનુગ્રહરૂપા! ભક્તિ પણ, (૧) શાસ્ત્રોક્ત (૨) સ્વાભાવિક, (સ્વતંત્ર). ભગવાને દેવકી-વસુદેવજીને, - "युवां मां पुत्रभावेन ब्रह्मभावेन।"- પુત્રભાવે અને બ્રહ્મભાવે ચિંતન-સ્નેહ કરતાં પરમગતિ મળવા કહ્યું છે ને! તેમાં સ્વતંત્રભક્તિ પૂર્ણ-અનુગ્રહથી જ મળે! પૂર્ણ-અનુગ્રહથી સ્વતંત્ર રસરૂપ ભાવાંકુર થતાં રસાશ્રય થાય!

વિવિધલીલા-રસભોગચતુર બ્રહ્મ, સર્ગાદિ-દશલીલાસહિત, રસરીતિએ પ્રકટ થાય તે,- અવતાર! લીલાવિહાર માટે, "असद्वा इदमग्र आसीत्...।" તથા "स वै नैव रेमे...।"- શ્રુતિ રીતે, પ્રભુ પોતાનો રસાત્મક - લીલાપરિકર, પણ પોતાનામાંથી જ પ્રકટ કરે છે! લીલાનિત્યત્વવાદનો આ અભિપ્રાય છે. આ આશ્રયરૂપા રસાત્મિકા-લીલા રસાશ્રયથી જ મળે! ભગવાને પોતાના પ્રિય ઉદ્ધવજીને સુગોપ્ય- મુખ્યભક્તિમાર્ગીય-આશ્રયનો જ ઉપદેશ કર્યો છે ને! આધુનિક-કાલમાં પણ આવો આશ્રય મળે, - શ્રીમદ્વલ્લભાચાર્યજીની કૃપામાત્રથી! ભાવ થાય તેવી ભાવના કરવી! "असद् वा....।"- શ્રુતિરીતે ભાવાત્મા ભગવાન્ કૃષ્ણ છે. તે જ આશ્રય રૂપ છે, ફલરૂપ છે! "भावो भावनया सिद्धः साधनं नान्यदिष्यते।"- ભાવ ભાવનાથી સિદ્ધ થાય; આ થયો કૃષ્ણાશ્રય! ભાવાંકુરથી થતી અવસ્થા નિરોધ કહેવાય! વેદસિદ્ધ છે આ વાત, તેથી શ્રીવલ્લભાચાર્યજી સ્વીકારે છે. વેદાશ્રય પણ છે ને! ભગવાન્ અને ભગવલ્લીલા-પરિકર જુદાં નથી! તે જેવાં રૂપ ધરે, તેવાં નામ પ્રકટ કરે છે. "वेदाहमेतं।"- માં, અક્ષરબ્રહ્મમાં વિરાજતા, માયાથી પર, લીલારત, આનન્દમય, મહાપુરુષનું નિર્દોષ ગૂઢ રૂપ છે. "स मानसीन आत्मा जनानां।"- થી તે રસાત્મા ભગવાન્ શ્રીગોપીજનવલ્લભ તો ગોપીજનના ભાવરૂપ છે! પ્રભુએ તેમને તેવું પ્રદાન કર્યું છે! લીલાભાવના તેમના સંબંધથી જ થાય, સ્વસંબંધથી નહિ! સ્વરૂપ-ભાવના તે સંબંધ વગર પણ થાય! અતિગૂઢ છે આ! "तमेव धीरो विज्ञाय प्रज्ञां कुर्वीत ब्राह्मणः। नानुध्यायन् बहुञ्शब्दान् वाचो विग्लापनं हि तत्॥"- આ જ રસાત્મક ભગવાનને જાણીને, ધીર- બ્રહ્મજ્ઞ તેની ભાવના કરે; બહુ શબ્દોનો વિચાર ન કરે, તે તો વાણીવિલાસ છે! ભાવનાથી જરૂર ફલ મળે. આ છે,- સાધન!

આવો સ્વરૂપાશ્રયનો અધિકાર ન હોય તો, નામાશ્રય કરવો. શ્રીભાગવત છે, - ભગવાનનું નામાત્મક-સ્વરૂપ! શ્રીભાગવતનો જ આશ્રય, શ્રવણ-કીર્તન-સ્મરણ વગેરેથી થતાં, તે પણ ત્રણ રીતે કૃતાર્થ કરે, - (૧) ગંગાજીની જેમ - શુદ્ધિસંપાદન કરીને જન્માતરમાં; (૨) હરિવત્-સાયુજ્ય દેવા માટે અગ્નિની જેમ પ્રકટ થઈને કે, હૃદયને આ જન્મે જ ગુણાતીત કરીને; (૩) શંભુવત્ - ઉપદેશ દ્વારા ભક્તિદાનથી, આ જન્મે જ યથાધિકાર ફલ દે! આ થયું - આધિભૌતિક, આધ્યાત્મિક, આધિદૈવિક-રૂપે નામાશ્રયથી ફલદાન! રૂપાશ્રયમાં, "य एनं वेद सत्येन भर्तुं....।"- શ્રુતિરીતે બ્રહ્મભાવે અક્ષરરૂપે-નિષ્કપટપણે-સાનુકૂલ થઈને, જ્ઞાન-અજ્ઞાન કે પ્રેમથી, પ્રભુને સેવે, તેનું યથાર્થરીતે રક્ષણ-પોષણ-ધારણ પ્રભુ પોતે કરે છે! અન્તર્ગૃહગતા ગોપીજને પ્રભુને હૃદયમાં પધરાવ્યા, પ્રભુએ તેમને સર્વાત્મ-ભાવે પોતાનામાં પધરાવ્યાં! ગુણાતીત (સચ્ચિદાનંદનરૂપ) બ્રહ્મદેહે, "सोऽश्नुते....।"- માં કહેલું, સ્વેચ્છાનુકૂલ ફલ મળ્યું! નવલક્ષણ- લક્ષ્ય રૂપે કે દશલીલાનિરૂપ્ય રૂપે આ ફલ ભગવાન્ આપે છે!

આવા ભાવ વિના મુખ્યફલ ન મળે ! અત્યારે આમાં પણ, સ્વરૂપાશ્રયની જેમ, આચાર્યકૃપા અને દુઃસંગત્યાગ આવશ્યક છે ! ભગવાન્ શ્રીકૃષ્ણમાં (ફલાત્મક) સર્વાત્મભાવ જ સાધન છે ! શ્લોકમાં - **''वचो विभूतीः''**- છે, તેથી વાક્પતિ કૃષ્ણવદનાનલ - વિરહાનલ - વૈશ્વાનરાવતાર - શ્રીવલ્લભાચાર્યજી તથા વિરહાગ્નિયુક્ત શ્રીગોપીજનનાં વચન - કૃપા સર્વત્ર કારણભૂત છે ! શ્રીગોપીજનવલ્લભ જ કૃષ્ણ છે ! તે જ શ્રીવલ્લભ રૂપ છે ! સ્વયશોગાનથી તે પ્રસન્ન થાય, કૃપા કરે, સ્વરૂપ-પ્રકાશ કરે ! નિરંતર ગુણગાન વગર તેનો પ્રકાશ ન થાય ! લોકવેદાતીત પુરુષોત્તમ, રસાત્મક કૃષ્ણ ભગવાનમાં વ્યૂહરૂપ પણ લીલાવિશિષ્ટ- ભાવરૂપ છે ! લોકવેદપ્રસિદ્ધ પુરુષોત્તમનાં વ્યૂહરૂપ લોકવેદ-પ્રસિદ્ધ છે. અંગીકૃત ભક્તનાં કાર્ય ભગવાન્ ભાવાત્મક-વ્યૂહથી કરે છે ! ૧. રસાત્મા ભગવાન્ ભાવનાથી આસુરભાવ નાશ કરે છે, તે - સંકર્ષણવ્યૂહ- રૂપ; ૨. ભાવનાથી વિશુદ્ધસત્ત્વરૂપ અંતઃકરણમાં સર્વદા વિરાજે તે-વાસુદેવવ્યૂહરૂપ, આ બંને આંતરરૂપ છે. ૩. આ ભાવનામાં ભાવના આધારરૂપ, સ્વરૂપાત્મિકા રાધસ્-સિદ્ધિરૂપા શક્તિ-શ્રીસ્વામિનીજી - સાથે, સૃષ્ટિની પૂર્વે અન્ય કાંઈ નહિ હોવાથી, સ્વમહિમામાં પ્રતિષ્ઠિત પ્રભુએ સ્વયં બે પ્રકારે, રસ રૂપે તેમાં પ્રવેશ કર્યો. આલંબન રૂપે બહાર પ્રકટ થયેલાં, "રાધાવલ્લભાત્મક" બે રૂપ, તે "સાક્ષાન્મન્થમમન્થ" પ્રદ્યુમ્ન ! - **''कामस्य तृप्तिमानन्दं तस्याग्ने भाजयेरूपं मा ।''**- શ્રુતિમાં, **''उत न : प्रिया प्रिया ।''**- થી, અતિપ્રિયાયુક્ત પ્રભુનું પ્રકરણ છે. ૪. જેનાથી ભગવદંગ-સંગાત્મક અનુગ્રહ (પુષ્ટિ) લોકમાં સ્પષ્ટ થાય, તે - અનિરુદ્ધ ! અક્ષરના સારરૂપ, **''यन्मर्त्यलीलौपयिकं''**- વગેરે ત્રણ શ્લોકોમાં કહેલ સ્વરૂપમાં રસાત્મક રૂપે વિધમાન્, રસરૂપતાને પ્રકટ કરે, તે ભગવાન્, રસાન્વયથી ઓળખાય, - અનિરુદ્ધ ! **''स-भगवान्''**- શ્રીશુક છે, તે "લીલાશુક" થયા છે,- અનિરુદ્ધ રૂપથી ! "નંદમહોત્સવ", "વેણુગીત" વગેરે તે રૂપે વર્ણવે છે ! ભાવબોધનથી પ્રવર્તન અને રક્ષણ તે કરે છે. વેણુગીતથી રસાસ્વાદ-મગ્ન મુનિયો પક્ષી રૂપે વેદવૃક્ષ- શાખા પર મૌન વિરાજે છે ને ! મધુર વેણુગીતથી તો શ્રીગોપીજન અને મુનિગણના સર્વાત્મભાવ- રક્ષક-અનિરુદ્ધ છે. તેમને જ **''बर्हापीडं ।''**- માં, પૂર્ણગુણવાળા ગણેલા છે.

ભગવાને સૌના અધિકારાનુસાર કલ્યાણ માટે જ્ઞાન, કર્મ અને ભક્તિયોગ કહ્યા છે; તેમ પ્રિય ઉદ્ધવજીને તેમના અધિકારાનુસાર, સર્વત્યાગ-પૂર્વક સર્વાત્મભાવ-સહિત શરણાગતિનો, પરમગુહ્ય સુગોપ્ય ઉપદેશ મુક્તિલીલા રૂપ છે. જીવના સત્તાવીશ તત્ત્વાત્મકપણાના ત્યાગપૂર્વક, અક્ષરાત્મક ચિદંશપણાથી સ્થિતિ, તે - મુક્તિ ! આ અવસ્થા પ્રભુ દે તો જ મળે ! આમાં સાધન છે, - સર્વાત્મભાવે - શરણગમન ! **''सर्वश्चासावात्मनो भावः ।''**- પોતાનો સર્વ આત્મભાવ ભગવાન્ કૃષ્ણમાં થાય ! **''स एवाधस्तात् स एवोपरिष्टात्....।''**- શ્રુતિમાં તેનું લક્ષણ છે. સર્વત્ર તો પ્રભુ જ અનુભવાય ! ભગવાન્ પૂર્ણનિરોધ દ્વારા તેનું દાન કરે ત્યારે, તે ભાવે શરણાગતિ કરતાં, આધિદૈવિક અક્ષરાત્મક અભયરૂપ ફલપ્રાપ્તિની પહેલાં, તેની પૂર્વાવસ્થા રૂપ (સચ્ચિદાનંદાત્મક) બ્રાહ્મદેહાદિની પ્રાપ્તિ બ્રહ્મવિદ્‌ને થાય છે ! ભગવાન્ મુક્તોપસૃપ્ય છે ને ! આ સ્વરૂપસ્થિતિ રૂપ મુક્તિ પણ ભગવાનની લીલા છે ! તેને જ અહીં સારરૂપે કહી છે. પૂર્વાવસ્થા રૂપ મુક્તિમાં, તત્ત્વરૂપત્યાગ મૂલ-સંકર્ષણનું કાર્ય છે; તેમાં શરણપણાથી ભાન કરાવવું તે વાસુદેવ-કાર્ય છે; તેમાં સર્વદેહિના આત્મા રૂપે, **''सत्यं ज्ञानमनन्तं ब्रह्म.... सोऽश्नुते।''** થી, તે તે લીલા-વિશિષ્ટતા (આવિર્ભાવ-તિરોભાવયુક્તલીલા) પ્રદ્યુમ્નકાર્ય છે,

ઉપદેશ અનિરુદ્ધકાર્ય છે. આ ભાવરૂપ ચતુર્વ્યૂહથી ભિન્ન, લોકવેદપ્રસિદ્ધ - ચતુર્વ્યૂહનાં કાર્ય તો અન્યાધિકારીઓ માટે છે ! આમ, મુક્તિસ્કન્ધમાં પણ રસાત્મક શ્રીકૃષ્ણની લીલા છે જ ! ભક્તને બ્રાહ્મદેહની સિદ્ધિમાં, લીલા-યોગ્યરૂપથી સર્વપ્રકારે સંબંધ થતાં, ભાવ(રસ)-પૂરિત-સ્વરૂપ થાય, સેવાથી હરિનો પણ હરિ (દુઃખહર્તા-સેવક) બને ! તે ભક્ત પણ આશ્રયરૂપ, રસાત્મક શ્રીકૃષ્ણની લીલાનો આશ્રય છે, આશ્રય લીલાત્મક છે !

આશ્રય પાંચ લક્ષણવાળો. - ૧. કૃષ્ણાશ્રય, ૨. જગદાશ્રય, ૩. વેદાશ્રય, ૪. ભક્તિમાર્ગાશ્રય ૫. ભાગવતાશ્રય. તેમાં, ૧. નવલક્ષણ-લક્ષિત, ૨. નિરંકુશપણે સર્વાધાર, ૩-૪ નિરંકુશરીતે સર્વોપજીવ્ય (કારણરૂપ, સ્વામી). આ ચાર પ્રકારનો આશ્રય ભગવાન્ જ છે. આધ્યાત્મિક - વગેરે ત્રણેથી ભિન્ન હોવા છતાં, ત્રણેને જાણનાર - આત્મા, જ્યારે પોતાના આધાર રૂપ હોય, ત્યારે તે અક્ષરાત્મક છે. તેમાં, પહેલાં કહેલી રીતે, બ્રાહ્મદેહમાં પ્રવિષ્ટ મુક્તજીવ ભૂમાના મહિમા રૂપ હોવાથી, - ભગવાનના આધાર રૂપ છે ! "अन्यो ह्यन्यस्मिन् प्रतिष्ठितः.....।" - શ્રુતિ છે. જે મહિમા સર્વાત્મભાવ-વિશિષ્ટ, ઉત્કૃષ્ટ ભક્તરૂપ છે, તેનું પણ લીલાત્વ છે. "आत्मन एव सर्वम् ।" - થી, તેની લીલોપયોગિ - સર્વપદાર્થ- સિદ્ધિ ભગવાનથી જ થાય છે ! આમ, આત્યન્તિકપ્રલય, સૃષ્ટિ-સ્થિતિ-પ્રલયથી વિલક્ષણ હોવા છતાં, અન્યરૂપ-સંપાદક હોવાથી, તેનાથી વિલક્ષણ ત્રણે ક્રિયા રૂપે જે લીલાત્વ છે, તે આશ્રયની લીલામાં જ પરિણામ પામે છે ! "कथा इमास्ते...।" - શ્લોકમાં, પૂર્વસ્કન્ધમાં કહેલા મહિમાવાળા રાજાઓની કથાઓ તો સર્વસમર્થ ભગવાનનાં વિજ્ઞાન અને વૈરાગ્યથી કહેવાની ઈચ્છાથી કહી છે ! કાર્ય તેના કારણમાં ઓતપ્રોત હોવાથી, કારણથી અભિન્ન અને ગૌણ રૂપે તેનું અનુસંધાન - તે, વિજ્ઞાન ! વિશેષજ્ઞાન ! સર્વના આદિ - અંત અને મધ્યમાં સદ્રૂપ ભગવાન્ જ છે ને ! રાજાઓની કથા દ્વારા ભગવાનને - લીલાને જાણવાં તે, વિજ્ઞાન ! કાર્ય ભગવાનની માયાશક્તિથી થયેલું હોવાથી, તેમાં ભગવાનની (આસક્તિ) - રાગનો અભાવ, તે, - વૈરાગ્ય ! રાજાઓ ભગવાનથી ભિન્ન નથી, છતાં ભગવાનને તેમાં વૈરાગ્ય છે ! આ બંને કહેવાની ઈચ્છાથી, શ્રીશુકદેવજીએ રાજાઓની કથા કહી છે, પરમાર્થ રૂપે નહિ ! શ્રીભાગવત સર્વવેદ અને ઈતિહાસના સારરૂપ છે, પરમ ભક્તિબોધક-સંહિતા છે. તેમાં આ કહેલા ગૂઢરૂપવાળો આશ્રય લીલાત્મક છે. તેનું નિરંતર ચિંતન કરવું, ભાવના કરવી. આશ્રયના અન્ય પ્રકાર તો ભાવનો ઉદય થતાં પહેલાં ચિંતન માટે છે ! "भगवान् ब्रह्म कार्त्स्न्येन...।" - થી સર્વવેદનું તાત્પર્ય તો ભગવાનમાં રતિ જ છે ! તેની પરાકાષ્ઠા રસરૂપ સર્વાત્મભાવ છે ! તેનો ઉપદેશ ભગવાને ઉદ્ધવજીને કર્યો છે. આ અતિગૂઢ રસવિચારમાં ભગવાન્ ભૂમાનો આશ્રય જ આશ્રય છે. તેના વિના બીજો આશ્રય નથી ! રસાત્મક શ્રીકૃષ્ણના લીલાત્મક આશ્રય નિરૂપણમાં, સ્કન્ધાર્થને કોઈ વિરોધ નથી !

રસાત્મક ભગવાનના ગુણાનુવાદ, ભક્તિની તીવ્રેચ્છાવાળાએ, શ્રવણ કરવા આવશ્યક છે :

यस्तूत्तमश्लोकगुणानुवादः संगीयतेऽभीक्ष्णममङ्गलघ्नः ।
तमेव नित्यं श्रृणुयादभीक्ष्णं कृष्णेऽमलां भक्तिमभीप्समानः ॥ (१५)

આ રસાત્મક ભગવાન્ કૃષ્ણમાં નિર્મલભક્તિની તીવ્રેચ્છાવાળાએ તો, સંસારમાં અમંગલનો નાશ કરનાર ઉત્તમશ્લોક ભગવાનનો જે ગુણાનુવાદ સારી રીતે ગવાય છે, તેનું જ નિત્ય શ્રવણ કરવું

આવશ્યક છે ! કૃષ્ણલીલા-કથામૃતરસનું સેવન જ ભક્તિપ્રદ છે, કૃષ્ણ-ભક્તિ પરમપુરુષાર્થ રૂપ છે !

કલિદોષમાંથી છૂટવા માટેનો ઉપાય,- કોઈ પણ રીતે કેવલ કૃષ્ણનો જ આશ્રય !:

રાજાએ કલિદોષ-નિવારણ, યુગધર્મ, યુગપરિમાણ, પ્રલય, ભગવદ્રૂપ-કાલની ગતિ પૂછ્યાં. ભગવાન્ શ્રીશુકે સમજ દીધી. સત્યયુગમાં ચાર ચરણ ધર્મનાં,- (૧) સત્ય-વાણી, વિચાર, સર્વ-વ્યવહારમાં; (૨) દયા-પ્રાણી માત્રના કલ્યાણની ભાવના; દુઃખ દૂર કરવાની ઇચ્છા; (૩) તપઃ-કલ્યાણ માટે કાયાને કસવી, ભગવચ્છાસ્ત્રનું આલોચન; (૪) દાન-કોઈનું કલ્યાણ થાય તેમ, પોતાની ઉત્તમવસ્તુ અન્યને આપવી. આના આચરણથી ધર્મ ગણાય. કલ્પભેદ આ ચરણ જુદાં જુદાં હોય છે ! સત્યયુગમાં સૌને સંતોષ-શાંતિ વગેરે હોય. ધર્માચરણ ઘટતાં ત્રેતામાં અસત્ય, હિંસા, અસંતોષ ક્લેશ, અશાંતિ સંભવે ! દ્વાપરમાં ધર્મ અર્ધો રહે ! અધર્મ સ્પષ્ટ થાય. હિંસા, અસંતોષ, અસત્ય, ઈર્ષ્યાથી અશાંતિ અનુભવાય ! કલિમાં, આરંભમાં ધર્મ અલ્પ રહે; અંતે તો માત્ર અધર્મ જ રહેવાનો ! લોભ, દુરાચાર, નિર્દયતા, વૃથાવૈર, વાસના, દુર્ભાગ્ય વધતાં જાય; તેથી અશાંતિ-અકળામણ મળે ! સમય ગમે તેવો હોવા છતાં, મન-બુદ્ધિ અને ઈન્દ્રિયો સત્ત્વગુણમાં રહે, જ્ઞાન-તપઃ વગેરેમાં રુચિ થાય, તો આપણે માટે તે સત્યયુગ સમજવો ! ધર્મ-અર્થ-કામમાં પ્રીતિ થાય, સકામકર્મ થાય, ત્યારે રજોગુણ-વૃત્તિવાળો ત્રેતાયુગ ! જ્યારે લોભ, અસંતોષ, માન, દંભ, મત્સર, કામ્યકર્મ રુચે, ત્યારે રજસ્તમોમિશ્ર દ્વાપરયુગ ! કપટ, અસત્ય, આળસ, નિદ્રા, હિંસા, વિષાદ(ક્લેશ) શોક, મોહ, ભય, દીનતા દેખાય,- ત્યારે તમોગુણની મુખ્યતાવાળો કલિયુગ !

કલિયુગમાં લોકો હીનદૃષ્ટિવાળા, વિષયલંપટ, દ્રવ્યહીન થશે. સ્ત્રીઓ ધર્મવિમુખ-સ્વચ્છન્દી થશે; સત્તાવાળાઓ પ્રજાને લૂંટનારા - પીડનારા થશે ! પાખંડ પ્રસરશે; સાચા શાસ્ત્રસિદ્ધાન્તો દુર્લભ થઈ જશે. ધર્મનો આભાસ જ વધશે; ધર્મ જેવી ક્રિયાઓ વધે, છતાં અધર્મ જ હોય ! વિલાસ-વિકાર વધશે; વર્ણાશ્રમધર્મો રહેશે નહિ; વિદ્યાર્થીઓ વ્રત-સંયમ વગરના થશે, ગૃહસ્થો માગતા થશે, વાનપ્રસ્થોને ઘર છોડવું ગમશે નહિ; ઘડપણમાં પણ વ્યવહાર - વ્યવસાય છૂટશે નહિ ! સંન્યાસીઓ અર્થલોલુપ થશે ! સ્ત્રીઓ કર્કશ બોલનારી, લજ્જારહિત, કપટરત થશે ! વ્યાપારમાં કપટ-સટ્ટો થશે ! હીનપ્રકારની આજીવિકાઓ વધશે; સંપત્તિ વગરના સુજન-સ્વામીનો પણ સેવકો ત્યાગ કરશે.; સ્વામી પણ અશક્ત, સન્નિષ્ઠ-સેવકને છોડશે. પુરુષો સ્ત્રી જેવા વેશ-રીતભાતવાળા, સ્ત્રીપરાયણ-સ્ત્રૈણ- થશે ! કુલપરંપરાના ઉત્તમધર્મો રહેશે નહિ ! લોકો સ્વાર્થપૂરતો સ્નેહ દેખાડશે ! હીનલોકો પણ તપસ્વી જેવા બાહ્યવેશ ધરીને આજીવિકા ચલાવશે ! ધર્મને ન જાણનારા લોકો પણ ઉત્તમ-આસને બેસીને ધર્મનો ઉપદેશ દેતા થશે ! ઉદ્વેગ વધશે; દુષ્કાળ-કર-કલહ વધશે ! પૈસા માટે પ્રાણ અને પ્રેમની પરવા નહિ રહે ! સંતાનો વૃદ્ધ મા-બાપનું રક્ષણ-પોષણ નહિ કરે, લોલુપ માબાપો સર્વાર્થ-કુશલ, સુયોગ્ય સંતાનનો પણ પક્ષ નહિ કરે, જુદાં જશે ! પાખંડમાં ફસાયેલા લોકો પ્રેમથી પ્રભુને પ્રાયઃ ભજશે નહિ ! ભજતા દેખાય તેમાંય પાખંડ હોય પછી શું ? કોઈ પણ સ્થિતિમાં લીધેલા જેના નામમાત્રથી અભય મળે, કૃતાર્થ થવાય, તે ભગવાન્ કૃષ્ણનું ભજન સંસારિજન કરશે નહિ! આવા બધા દોષોમાંથી છૂટવાના ઉપાય કહ્યા, -

पुंसां कलिकृतान् दोषान् द्रव्यदेशात्मसम्भवान् ।
सर्वान् हरति चित्तस्थो भगवान् पुरुषोत्तमः ॥ (४५)

માનવના દ્રવ્ય-દેશ કે દેહ-અંતઃકરણથી સંભવતા સઘળા દોષોને સંપૂર્ણપણે હરે છે, - ચિત્તમાં વિરાજતા ભગવાન્ પુરુષોત્તમ શ્રીકૃષ્ણ ! નિર્દોષ કૃષ્ણમાં ચિત્ત રહે, તો દોષ ક્યાં રહે ?! ચિત્તમાં કૃષ્ણ વસે, તો તો દોષનો સંભવ પણ ક્યાંથી રહે ?!

श्रुतः सङ्कीर्तितो ध्यातः पूजितश्चादृतोऽपि वा ।
नृणां धुनोति भगवान् हृत्स्थो जन्मायुताशुभम् ॥ (૪૬)

લીલા રૂપે ભગવાન્ કૃષ્ણનું શ્રવણ, સંકીર્તન, ધ્યાન, પ્રેમપૂર્વક -પૂજન અથવા આદર (સદ્ભાવ) પણ હૃદયમાં ભગવાનને વસાવે ! હૃદયમાં વિલસતા ભગવાન્ દશ હજાર (હજારો) વર્ષોનાં સર્વપ્રકારનાં અશુભને સંપૂર્ણપણે નષ્ટ કરી દે છે !

विद्यातपःप्राणनिरोधमैत्रीतीर्थाभिषेकव्रतदानजप्यैः ।
नात्यन्तशुद्धिं लभतेऽन्तरात्मा यथा हृदिस्थे भगवत्यनन्ते ॥ (૪૮)

ભગવાન્ કૃષ્ણ હૃદયમાં વિરાજતાં, અંતઃકરણની જેવી સંપૂર્ણ શુદ્ધિ થાય તેવી શુદ્ધિ,- વિદ્યા (શાસ્ત્રસેવન), તપઃ, સદાચાર કે સદ્‌વિચાર, દેવતાની ઉપાસના, પ્રાણાયામ, યોગ વગેરે, મૈત્રી - સર્વપ્રત્યે દયા, કે સર્વહિતકાર્ય, તીર્થસેવન - સ્નાન, યાત્રા કે વાસ; વ્રત, દાન કે જપથી પણ ન થાય ! અત્યારે તો બધાં ધર્મ - સાધન, ધાર્મિક - કાર્ય, ખૂબ ફૂલ્યાં ફાલ્યાં લાગે છે, છતાં અંતઃકરણની શુદ્ધિ ક્યાં વધી દેખાય છે ?! પોતે જ કપટથી ગૂંચવાડા ઊભા કરીને, ગૂંગળાવતું બનાવી દીધેલું જીવન સરલ ક્યાં થયું છે ? જીવનવ્યવહાર ધર્મમય ક્યાં બન્યો છે ? ભાવના ક્ષણિક ઊભરા છે, સ્થિરતા ક્યાં છે ?! "तस्मात् सर्वात्मना राजन् हृदिस्थं कुरु केशवम् ।"- અંતર્યામી રૂપે ભવમાં ભટકાવતા ઈશ્વર તો હૃદયમાં છે જ; પણ ભવમાંથી ભાવથી અટકાવતા ભગવાન્ કેશવને તો હૃદયમાં પધરાવવાના છે ! ઘરમાં, મંદિરમાં કે ભાગવત-કથા વગેરેમાં ભગવાન્ વિરાજે છે, પણ તેમને સેવનથી હૃદયમાં પધરાવવાના છે ! સેવા-કથાના પરિણામે હૃદયમાં નિર્દોષ આનંદપ્રદ પ્રભુનો સ્વાનુભવ થવો જોઈએ ! કેશવ તો રાજસ-બ્રહ્મા અને તામસ-શંકર-ને પણ સુખદ છે ને ! તે સર્વાત્મા, સર્વના આશ્રય રૂપ છે. સર્વાત્મભાવે, સંતપ્ત-શરણાગતિથી તે સુલભ બને ! મરતાં પરમ ગતિ તેમના ધ્યાનથી મળે. દોષનિધિ કલિનો એક મહાગુણ, - "कीर्तनादेव कृष्णस्य मुक्तसङ्गः परं व्रजेत् ।"- કૃષ્ણકીર્તનથી જ કલિમાં કૃતાર્થ થવાય ! કીર્તનથી સર્વસંગ છૂટે, પછી નિઃસંગ ભક્ત પ્રભુને પ્રાપ્ત થાય ! સ્વલ્પ સમયના, મનોરંજનના કીર્તન અને સતત સેવાતા દુઃસંગથી દુર્દશા દૂર ક્યાંથી થાય ? સત્યયુગમાં કૃષ્ણધ્યાન, ત્રેતામાં યજ્ઞ અને દ્વાપરમાં પરિચર્યા દ્વારા જે ફલ મળે, તે કલિમાં કૃષ્ણકીર્તનથી મળે ! આમ, કોઈ પણ રીતે, જીવને, કેવલ કૃષ્ણનો આશ્રય જ કૃતાર્થ કરે છે !

અધ્યાય : ૪

ચાર પ્રકારનો પ્રલય ! - પ્રભુની લીલા !:

પરમાણુથી દ્વિપરાર્ધ સુધીનાં કાલ-પરિમાણ તો કહ્યાં છે, - તૃતીયસ્કન્ધમાં ! (હજાર-ચતુર્યુગ)- ચાર હજાર યુગનો બ્રહ્માજીનો દિવસ-કલ્પ-કહેવાય. ચૌદ મનુ તેમાં થાય. તેટલી અંતે બ્રહ્માની રાત્રિ ! તેમાં થાય ત્રિલોકનો પ્રલય !

एष नैमित्तिकः प्रोक्तः प्रलयो यत्र विश्वसृक् ।
शेतेऽनन्तासनो विश्वमात्मसात्कृत्य चात्मभूः ॥ (४)

(૧) આ નૈમિત્તિક - પ્રલય - કહેવાય છે, જેમાં વિશ્વસર્જન કરનારા વિશ્વાત્મા, શેષશાયી ભગવાન્ નારાયણ વિશ્વને સ્વરૂપમાં સમાવીને પોઢે છે અને સ્વયંભૂ બ્રહ્માજી ભગવાનમાં સ્થિતિ કરે છે. બ્રહ્માની રાત્રિના નિદ્રા રૂપ નિમિત્તે થતો આ પ્રલય છે, તેથી નૈમિત્તિક!

एष प्राकृतिको राजन् प्रलयो यत्र लीयते ।
आण्डकोशस्तु सङ्घातो विघात उपसादिते ॥ (६)

(૨) આ પ્રાકૃતિક-પ્રલય છે. બ્રહ્માજીનું બે પરાર્ધકાલનું આયુષ્ય પૂરું થતાં, મહત્તત્ત્વ, અહંકાર અને પંચતન્માત્રાઓ રૂપ સાત પ્રકૃતિ, પોતાના કારણમાં લય પામે છે! આ પ્રાકૃતિક-લય છે! જેમાં વિનાશના કારણે સાત પ્રકૃતિ, તથા અંડકોશ (બ્રહ્માંડ) રૂપ કાર્યનો પણ પ્રલય થાય છે. કાર્યનો ક્રમશઃ પરંપરાગત- કારણમાં લય થતાં, અંતે સર્વના મૂલકારણરૂપ, અનાદિ, અનન્ત, અવ્યક્ત, નિત્ય, અવ્યય, ભગવાનમાં સર્વનો લય થાય છે. "न सन्निवेशः खलु लोककल्पः ।"- કર્માધીન હોય તેવો પ્રાકૃતદેહ-સંઘાત- તેમાં કલ્પી શકાતો નથી! "....शून्यवदप्रतर्क्यं...।"- બ્રહ્મ શૂન્ય નથી, પણ શૂન્ય જેવું, સૂક્ષ્મ, તર્ક ન કરી શકાય તેવું છે! અવ્યાકૃત-મૂલપ્રકૃતિ-પણ સૂક્ષ્મશક્તિ રૂપે ભગવાનમાં જ પ્રવેશ કરે છે! "तन्मूलभूतं पदमामनन्ति ।"- તેને મૂલભૂત-પદ કહે છે! "सर्वे वेदाः यत्पद-मामनन्ति ।"- સર્વે વેદ તે પદનું વર્ણન કરે છે! "वेदैश्च सर्वैरहमेव वेद्यः ।"- ગીતામાં, વેદવેદ્ય કૃષ્ણ જ છે! બધું અંતે પરબ્રહ્મ કૃષ્ણમાં જ સમાય છે! "महानव्यक्ते अव्यक्तमक्षरे अक्षरं तमसि तमः परे देवे अेकी भवति ।" "दिव्यो देव एको नारायणः ।"- શ્રુતિ પણ છે. પૃથ્વીથી આરંભીને સૌ પોતાના કારણમાં લય પામતાં, ભૂતાદિ (અહંકાર) નો લય મહત્તત્ત્વમાં, મહત્તત્ત્વનો અવ્યક્તમાં, અવ્યક્તનો અક્ષરમાં, અક્ષરનો તમઃમાં, તમઃનો એકીભાવ પરમદેવ-પરબ્રહ્મ પુરુષોત્તમમાં થાય છે. અવ્યક્ત, અક્ષર, તમસ્, - ત્રણે મૂલપ્રકૃતિની ત્રણ અવસ્થા છે. અવ્યક્તનો અક્ષરમાં લય થાય, અર્થાત્ પ્રકૃતિ કાર્યોન્મુખ - અવસ્થાનો ત્યાગ કરે, (કાર્યવિરોધિ - ગુણવૈષમ્ય થાય)! અક્ષરનો તમઃમાં લય થાય, અર્થાત્ પ્રકૃતિ ગુણવૈષમ્ય છોડીને ગુણ- સામ્યાવસ્થાને પ્રાપ્ત થાય! તમઃનો પરમદેવમાં એકીભાવ થાય, અર્થાત્ પ્રકૃતિ ગુણસામ્યાવસ્થાને છોડીને, ભગવાનમાં સૂક્ષ્મશક્તિ રૂપે સ્થિતિ કરે છે! પુરુષ પણ દેવાદિ નામ-રૂપ-વિભાગ-રહિત થઈને, સંકુચિત જ્ઞાનશક્તિયુક્ત થઈને, ભગવાનમાં સ્થિતિ કરે છે. સર્વના મૂલરૂપ છે, - પુરુષોત્તમ! તેમનો લય તો કોઈનામાં નથી! સર્વનો અંતે લય તેમનામાં છે! આ પ્રાકૃતિક-લયમાં, પુરુષ તથા પ્રકૃતિની શક્તિયો ભગવદિચ્છાથી વશ થઈને, કાલથી સ્વકાર્યમાંથી ચલિત થઈને, સર્વના મૂલભૂત ભગવાન્ કૃષ્ણમાં લય પામે છે.

(૩) આત્યન્તિક-પ્રલય - બુદ્ધિ, ઈન્દ્રિય વગેરે સર્વ પ્રાકૃતપદાર્થો, આશ્રયરૂપ સચ્ચિદાનંદ ભગવાન્ વિના, ભિન્ન રૂપે સ્વતઃ અસ્તિત્વ (સત્તા) ધરાવી શક્તા નથી, સ્વતંત્ર રૂપે અવસ્તુભૂત છે! ભિન્ન રૂપે જોતાં તે આદિ-અંતવાળા છે, છ ભાવવિકારોને પ્રાપ્ત થાય છે. દીપ, ચક્ષુ અને રૂપ - તેજઃથી ભિન્ન નથી. તેજઃ તેમાં ભિન્ન રૂપ - નામે કાર્ય કરે છે! "एवं धीः खानि मात्राश्च न

स्युरन्यतमाव्ययात् ।"- તેમ, - બુદ્ધિ, ઈન્દ્રિય, તેના વિષયો-તન્માત્રા-વગેરે, સર્વના કારણરૂપ ભગવાનથી ભિન્ન નથી, ભગવાન્ જ ભિન્ન રૂપ - નામે, તે રીતે કાર્યરૂપ બનીને, કાર્ય કરે છે! બુદ્ધિ સ્વયં જો ભગવાનથી ભિન્ન રૂપે સત્તા ધરાવતી નથી, તો તેની જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ-અવસ્થાઓ તો અધ્યાસકૃત-અસત્- છે! બુદ્ધિની જાગૃતિ-વગેરેથી, જીવ પોતાને જાગતો વગેરે માને છે. પ્રત્યગાત્મા (જીવ)માં તો અવસ્થાભેદનું ભાન, "હું જાગું છું", "હું સ્વપ્ન જોઉં છું," "હું ઊંઘું છું"! - તો માયામાત્ર છે, તે બુદ્ધિવૃત્તિમાં અધ્યાસથી થતી અભિમાન-રૂપતાથી થાય છે! - "मायामात्रमिदं राजन् नानात्वं प्रत्यगात्मनि ।"- આત્મા તો તેમાં સાક્ષિરૂપ છે! ભગવાન્ સ્વેચ્છાથી પોતાની લીલા માટે, પોતાની માયારૂપ શક્તિથી સર્વ કરે છે. આકાશમાં મેઘ થાય છે, વિલીન પણ થાય છે, તેથી આકાશમાં કોઈ વિકાર થતો નથી; "ब्रह्मणीदं तथा विश्वमवयत्युदयाप्ययात् ।"- તેમ, પ્રત્યક્ષ દેખાતું આ વિશ્વ, બ્રહ્મની ઈચ્છાથી બ્રહ્મમાં ઉદય પામવાથી, "છે" - તેમ કહેવાય; તેથી "છે" - તે તો, સત્ય જ છે! લય પામવાથી, "નથી" - તેમ કહેવાય! પરંતુ વિશ્વના હોવા કે ન હોવાથી બ્રહ્મસ્વરૂપમાં કાંઈ ફેર પડતો નથી! ભગવાન્ વિશ્વના અભિન્ન-નિમિત્તોપાદાન- કારણ છે! વિશ્વ તેનું અવિકૃત-પરિણામ છે! સ્વેચ્છાથી ભગવાન્ વિશ્વ રૂપે આવિર્ભાવ-તિરોભાવ-શક્તિથી લીલા કરે છે! આવિર્ભાવથી જગદ્રૂપે બને, તિરોભાવ થતાં અનુભવ ન દે! "पटवच्च ।"- સૂત્રમાં સ્પષ્ટ છે.

સામાન્ય - કાર્યમાત્રમાં ઓતપ્રોત (અનુગત) થયેલું કારણ! વિશેષ,- તે તે રૂપે ભિન્ન થયેલું કાર્ય! આ સામાન્ય-વિશેષનો ભેદ ભ્રાન્તિ છે! બન્ને જુદા જુદા ઉપલબ્ધ થતા નથી ને!- "येन सामान्य विशेषाभ्यामुपलभ्येत स भ्रमः ।" "सत्यं ह्यवयवः प्रोक्तः सर्वावयविनामिह ।"- પ્રપંચ (વિશ્વ)ના સર્વ- અવયવી(કાર્ય)નું અવયવ (કારણ) સત્ય - સદ્રૂપ (બ્રહ્મ) - જ છે; પ્રકૃતિ વગેરે કારણ નથી! પ્રકૃતિ વગેરે પણ સદ્રૂપ બ્રહ્મના અંશ છે. સર્વનું મૂલકારણ છે, - બ્રહ્મ! વિશ્વ, બ્રહ્મથી વિલક્ષણ છે, (વિભિન્ન) પૃથક્ નથી! વસ્ત્રમાં તાણા-વાણા રૂપે તંતુઓ સૌને દેખાય છે, તેમ દ્રષ્ટા - જ્ઞાનીઓને સચ્ચિદાનન્દ રૂપ બ્રહ્મ જ વિશ્વમાં કારણ રૂપે સમન્વિત થયેલું દેખાય છે, અનુભવાય છે! તંતુઓથી વસ્ત્રને જુદું કઈ રીતે પડાય! તંતુઓ અમુકરીતે ગોઠવાતાં વસ્ત્રરૂપ છે. જગતના બધા પદાર્થોમાં, તે તે પદાર્થો છે; એમ હોવાપણાની (અસ્તિત્વ - સત્તા ધરાવવાની) પ્રતીતિ - "સત્"ના અન્વય રૂપ છે. તે સદ્રૂપ બ્રહ્મનો સમન્વય છે, પ્રકૃતિનો નહિ! સત્યરૂપ પુરુષોત્તમ જ સર્વનું મૂલકારણ છે, તેથી તે જ આધારરૂપ છે, કારણરૂપ ભગવાન્ સત્ય છે, તો કાર્યરૂપ જગત્ પણ સત્ય જ છે, મિથ્યા નથી! "सदेव सौम्येदमग्र आसीत् ।"- શ્રુતિ તો સ્પષ્ટ છે. - "सन्मूलाः सौम्य इमा प्रजाः ।"

સાંખ્યમાં પ્રકૃતિનું કારણપણું અને સ્વરૂપ પ્રત્યક્ષ કે શબ્દપ્રમાણથી સિદ્ધ થતું નથી, કાર્યલિંગાનુમાનથી થાય છે! પ્રકૃતિના કાર્યરૂપ છે, - મહત્તત્ત્વ! તે અપ્રત્યક્ષ-અશબ્દ છે. આ કાર્યથી કારણતા છે,- પ્રકૃતિની! પ્રકૃતિ પણ અપ્રત્યક્ષ-અશબ્દ છે. કાર્યકારણ-ભાવનો આધાર અન્યોન્ય પર, તેથી તેમાં અન્યોન્યાશ્રય-દોષ છે! "अन्योन्यापाश्रयात् सर्वमाद्यन्तवदवस्तु यत् ।"- તેમાં કાલ, મહત્તત્ત્વ વગેરે કાર્ય પણ, આદિ-અંતવાળાં છે, અવસ્તુ છે, તેથી તે સાંખ્યસંમત પ્રકૃતિ વિશ્વનું કારણ છે, - તેવી પ્રતીતિ ભ્રમરૂપ છે! કારણ-માટી; અને કાર્ય - ઘડો; જુદાં દેખાય છે; પણ ઘડો માટીથી કોઈ જુદો પદાર્થ (દ્રવ્ય) નથી! જુદો માનવો તે તો અસત્કાર્યવાદની ભ્રાન્તિ છે! સામાન્ય (કારણ) - વિશેષ (કાર્ય)ના પરસ્પર

આધારાધેય-ભાવથી, વિશેષ કોઈ અન્યદ્રવ્ય રૂપ બનતું નથી ! "विकारः ख्यायमानोऽपि प्रत्यगात्मानमन्तरा । न निरूप्योऽस्त्यणुरपि स्याच्चेच्चित्सम आत्मवत् ॥"- મહત્તત્વની પ્રસિદ્ધિ થવા છતાં, પ્રત્યગાત્માના ઈક્ષણ સિવાય, તેનું નિરૂપણ થઈ શકતું નથી ! વિકાર તો આત્માથી ભિન્ન રૂપે અવસ્તુ છે. સ્વતઃ વસ્તુભૂત થાય તો, મૂલ-ચિદાત્મક થાય, જડ ન રહે ! સ્વભાવથી પરિણામ ગણતાં, સ્વભાવ નિત્ય હોવાથી, પરિણામ નિત્ય થયા કરે, તો મહત્તત્વ - પ્રકૃતિનો કાર્ય-કારણભાવ ન રહે, સર્વાંશે પરિણામથી પ્રકૃતિત્વ ન રહે ! આંશિક-અનિત્ય-પરિણામ સ્વભાવસાધ્ય રહે નહિ ! પોતાનાથી અતિરિક્ત પ્રધાનનું પ્રત્યગાત્મા ઈક્ષણ કરે, તેવું પ્રમાણ નથી ! પોતે જ પોતાનું ઈક્ષણ કરે, તો મહત્તત્વ સ્વરૂપથી અવસ્તુભૂત છે ! જન્માદિ-વિકારો દેહને છે, આત્માને નથી ! થાય તો તે આત્મારૂપ બને, જડ ન રહે ! એક જ સદ્રૂપ-બ્રહ્મ, સ્વેચ્છાથી લીલા માટે અનેક રૂપે વિલસે છે ! ભિન્નત્વ, - (૧) ચારણીમાંથી જુદા દેખાતા આકાશ જેવું, (૨) દીપક - મશાલમાં જુદા લાગતા, છતાં એક અગ્નિ જેવું, (૩) વેણુમાં વાતા એક જ વાયુથી થતા અવાજના જુદા જુદા ભેદ જેવું - સંભવે ! વાસ્તવમાં તો,-

यथा हिरण्यं बहुधा समीयते नृभिः क्रियाभिर्व्यहारवर्त्मसु ।
एवं वचोभिर्भगवानधोक्षजो व्याख्यायते लौकिकवैदिकैर्जनैः ॥ (३१)

શુદ્ધાદ્વૈત-બ્રહ્મવાદ-જ વ્યાસજીને અભિપ્રેત છે ! વિવિધ ઉપયોગ માટે વ્યવહારમાં, એક જ સુવર્ણ, વિવિધ આકાર - નામથી ઓળખાય છે. સુવર્ણ અનેક થતું નથી, તેમાં ભેદ થતો નથી ! તેમ લૌકિક-વૈદિકમાર્ગે, લીલા માટે સ્વેચ્છાથી જગદ્રૂપ થયેલા અધોક્ષજ ભગવાનને, અનેક રૂપ - નામથી લોકો - શાસ્ત્રો ઓળખેછે. બ્રહ્મ તો એક જ છે, અદ્વિતીય છે ! વિશ્વ, બ્રહ્મનું અવિકૃત-પરિણામ છે. ઘડા રૂપ બનેલા ભગવાનને લૌકિક-વ્યવહારમાં ઘડો ગણે છે ! અગ્નિ રૂપ બનેલા ભગવાનને વૈદિક-વ્યવહારમાં અગ્નિ ગણે છે ! તેથી લૌકિક કે વૈદિક - પદાર્થોની ભગવદ્રૂપતા જતી રહેતી નથી ! "तदेषां ब्रह्मैतद्धि सर्वाणि नामानि बिभर्ति ।"- શ્રુતિ છે. બ્રહ્મ જ તેમનાં સર્વ-નામ ધારણ કરે છે; તે તે વિવિધ આકારે-પ્રકારે-નામે-સર્વરીતે, અવિકૃત બ્રહ્મ જ છે ! ભગવાને ઉદ્ધવજીને પણ, "यथा सुवर्णं....।"- કહ્યું જ છે ને ! સુવર્ણ, કરોળીઓ, માટી - વગેરેનાં દૃષ્ટાન્ત શ્રુતિ કહે છે. છીપ-ચાંદીની અધ્યાસ-સૂચક વાત તેમાં દેખાતી નથી ! ભગવદ્રૂપ જગતમાં ભગવદિચ્છાથી, ભગવાનની માયાનિર્મિત ભગવદ્વશ અવિદ્યારૂપ શક્તિ, ભગવદંશરૂપ જીવને પાંચ પ્રકારના અધ્યાસ કરાવી, ભગવાનનું દર્શન થવા દેતી નથી ! "અહં" - રૂપે તે ઓળખાય છે ! અહંતા-મમતાને ઉત્પન્ન કરનારી અવિદ્યારૂપ ઉપાધિ, જ્યારે બ્રહ્મજિજ્ઞાસા (બ્રહ્મવિચાર)થી કૃપા થતાં નષ્ટ થાય, ત્યારે જીવ ભગવાનનું દર્શન કરે છે ! ભગવાનનાં દર્શન કરવાં હોય તો, શરણાગતિપૂર્વક ભગવાનનું હમેશાં અનુસ્મરણ કરવું ! "यदैवमेतेन विवेकहेतिना ।"- જ્યારે આ વિવેકશસ્ત્રથી સજ્જ થવાય, ત્યારે અહંતા-મમતા રૂપ આત્મબંધન છેદાય ! ભગવાનના થવાય, - સ્થિર થવાય ! આત્યંતિક-પ્રલય આને કહેવાય છે ! અહીં સાંખ્યનો નિત્યાનિત્ય-વિવેક નથી, પણ શુદ્ધાદ્વૈત - બ્રહ્મવાદની - સમજપૂર્વક ભગવાનની સર્વભાવે શરણાગતિ અને સર્વ-સમર્પણરૂપ ભક્તિમાર્ગીય-વિવેક દ્વારા બંધન છેદાય ! અહંતા-મમતારૂપ સંસારલય મોક્ષ છે, તેમાં વિશ્વવિલય નથી ! નૈમિત્તિક-પ્રાકૃતિક-પ્રલયમાં ભગવાનની પ્રતિસંક્રમરૂપા ક્રિયાશક્તિનું નિરૂપણ છે. આત્યંતિકલયમાં - (૧) નાનાત્વનિવારિકા, અને (૨) રૂપાન્તરપ્રાપિકા, - એ બે પ્રકારની

ક્રિયાશક્તિનું નિરૂપણ છે. સંસારલય અને ભગવદાશ્રય તેથી સિદ્ધ થાય ! નિત્યપ્રલયમાં ભગવાનની ચેષ્ટારૂપ કાલની ચૈષ્ટિકી-ક્રિયાશક્તિનું નિરૂપણ છે. ચારે પ્રલયથી, ચારે ક્રિયાશક્તિ-સહિત, મોચિકા-ક્રિયાશક્તિના આશ્રયરૂપ આનંદમય ભગવાન્ કૃષ્ણ જ આશ્રયરૂપ છે, - તેમ સૂચવે છે !

(૪) નિત્ય-પ્રલય- બ્રહ્માથી લઈને તૃણ સુધીના સર્વપદાર્થમાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય પ્રતિક્ષણ થયા કરે છે ! આગળની અવસ્થાની ઉત્પત્તિ, વર્તમાનની સ્થિતિ અને પાછળની સ્થિતિનો લય ! દેહ વગેરે - સૌમાં ફેરફારો તો પ્રતિક્ષણ કાલના વેગથી થાય છે ! સૌ તેને સમજી શકતા નથી ! પ્રતિક્ષણે થતા ફેરફારો, લાંબાગાળે બાલપણ-યૌવન-વૃદ્ધાવસ્થા રૂપે દેખાય છે ને ! આ અવસ્થાઓ એકદમ આવતી નથી, ક્રમશઃ ધીમા ફેરફારથી થાય છે. આ છે, - નિત્યપ્રલય ! આધુનિક - વિજ્ઞાનનજરે - **"Conservation of Mass,"** અને **"Conservation of Energy."** - નો સિદ્ધાન્ત અહીં સ્પષ્ટ છે. પદાર્થ (દ્રવ્ય) કે શક્તિ નાશ પામતાં નથી, તેના સ્વરૂપમાં પરિવર્તન થાય છે ! નિત્ય, સત્ય, બ્રહ્મ પોતાની ઈચ્છાનુસાર લીલા માટે જુદાં જુદાં સ્વરૂપે પરિણામ પામે, અનેક રૂપ બને, તેમાં અનેક પરિવર્તનો પ્રકટ કરે; અંતે બ્રહ્મ રૂપ જ રહે ! આ છે, - કાલગતિ ! વિકરાલ કાલ સૌનું ભક્ષણ કરે છે, ભય દે છે. તેમાંથી રક્ષણ કરી શકે,- માત્ર તે કાલશક્તિના નિયામક - ભગવાન્ કૃષ્ણ ! વિચક્ષણે તો તેમનો જ આશ્રય કરવો ! અભયપ્રદ ભગવાનની આ લીલાકથા છે. આ પ્રલયમાં પણ ભગવાનને કોઈ પ્રયત્ન કરવો પડતો નથી, શોક સંભવતો નથી ! તે પણ અનાયાસે હર્ષથી થતી ચેષ્ટા છે, - લીલા છે ! જગતનાં ઉત્પત્તિ, સ્થિતિ અને લય પ્રભુની લીલા જ છે. તે ટૂંકમાં જ કહીછે. વિસ્તારથી તો બ્રહ્માજી પણ કહી શકે તેમ નથી ! ભગવાન્ સર્વ જગતના આશ્રય છે. અહીં તે સ્પષ્ટ થાય છે. ઘડો (માટી રૂપ) પૃથ્વીમાંથી ઉત્પન્ન થાય, પૃથ્વીના આધારે રહે, પૃથ્વીમાં સમાય ! સઘળી સ્થિતિમાં તે પૃથ્વીથી જુદો નથી, અનન્ય છે ! પૃથ્વી તેનો આશ્રય છે ! તેમ જગત્ બ્રહ્મમાંથી થયું છે, બ્રહ્મમાં રહે છે, બ્રહ્મમાં સમાય (લય પામે) છે, જગત્ બ્રહ્મથી અનન્ય છે ! તે બ્રહ્મ જ જગતના એકમાત્ર આશ્રયરૂપ છે ! પ્રકૃતિ - કાલ વગેરેનું પણ મૂલરૂપ બ્રહ્મ જ છે ! આ સર્વાધાર ભગવાન્ જગતની અંદર કે બહાર સૌને જણાતા નથી ! તેમનું જ્ઞાન મેળવવું જોઈએ. તે જ્ઞાનથી સંસારમાં વૈરાગ્ય થતાં મોક્ષ મળે; તેથી આ પ્રલયવર્ણન થાય છે. તે ક્રિયાશક્તિ ભગવાનની છે, તેની લીલા છે !

સંસારસાગર-સંતાપમાંથી બચાવે, પુરુષોત્તમ-કથારસનું નિત્ય સેવન ! :

संसारसिन्धुमतिदुस्तरमुत्तितीर्षोर्नान्यः प्लवो भगवतः पुरुषोत्तमस्य ।
लीलाकथारसनिषेवणमन्तरेण पुंसो भवेद् विविधदुःखदवार्दितस्य ॥ (४०)

અનેક પ્રકારના દુઃખના દાવાગ્નિથી પીડાયેલા, અતિદુસ્તર સંસારસાગરને તરવા ઈચ્છતા, લોકો માટે પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણના લીલાકથારસના નિરંતર સેવનરૂપ નૌકા સિવાય બીજું કાંઈ તરવાનું, પાર ઊતરવાનું, સલામત સાધન નથી ! આ સરલ છે, સુલભ છે, છતાં ઘણા ઓછા લોકો તેનો લાભ લઈ શકે છે ! "प्लवः"- નાની હોડી, કહીને ને ! કથા તો અનેક લોકો કહે-સાંભળે સ્મરે; લીલાકથા તો કોઈક સેવે ! તેમાંય રસસેવન તો કોઈકને મળે ! તેમાંય નિરંતર સેવન તો કોઈકને જ મળે ને ! શ્રીશુકે દ્વિતીયસ્કન્ધમાં અભય ઈચ્છનાર માટે, દશલીલાવિશિષ્ટ ભગવાન્ શ્રીકૃષ્ણનાં

નિરંતર શ્રવણ-કીર્તન-સ્મરણ આવશ્યક બતાવેલાં. તે પ્રતિજ્ઞા પૂર્ણ કરી છે ને! તે લાભ કૃપાથી દીધો, પોતે પણ લીધો! "तदहं तेऽभिधास्यामि।"- કહેલું ને! આદર અને વિશ્વાસ માટે પરંપરા પણ કહી, - નારાયણ ઋષિ, નારદજી, કૃષ્ણદ્વૈપાયન-વ્યાસજી, શ્રીશુકદેવજી! આ શ્રીભાગવત- સંહિતા, અહીં સાંભળતા આ સૂત નૈમિષારણ્યમાં શૌનકાદિ ઋષિયોને કહેશે.

અધ્યાય : ૫

સર્વના આશ્રય રૂપ, સાકાર, સર્વસુંદર, સર્વસમર્થ, સર્વત્ર-સર્વદા-દશલીલા વિશિષ્ટ, ભગવાન્ શ્રીકૃષ્ણ જ શ્રીશુકે રાજા પરીક્ષિતને શ્રીભાગવત રૂપે સંભળાવ્યા છે!: - "કૃષ્ણોપદેશ!":

ભગવાન્ શ્રીશુકે રાજાને સ્નેહથી ભગવાન્ સંભળાવ્યા! સર્વના આત્મારૂપ, સર્વના સર્વરીતે આધારરૂપ, સર્વના સર્વદોષ હરનારા, સર્વને સર્વફલ દેનારા, ભગવાન્ કૃષ્ણ જ ભાગવતજીમાં વારંવાર વર્ણવવામાં આવે છે. તે ભગવાનની પ્રસાદશક્તિ (પ્રસન્નતા)થી બ્રહ્મા અને ક્રોધરૂપા સંહારશક્તિથી રુદ્ર ઉત્પન્ન થાય છે. બ્રહ્મા સર્જન કરે, રુદ્ર વિસર્જન કરે, બંનેનો આશ્રય છે, - ભગવાન્! જન્મ અને મરણ બંનેમાંથી બચાય માત્ર, - કૃષ્ણાશ્રયથી! "હું મરીશ", - એ ભય તો પશુબુદ્ધિ છે! દેહ અને આત્માને એક સમજવાની ભ્રાન્તિથી આવો ભય લાગે છે. દેહ ઉત્પન્ન થાય છે, અંતે મરે છે, આત્મા નહિ! બીજ અને અંકુરની જેમ પુત્રાદિ રૂપે દેહથી દેહ જન્મે, આત્મા નહિ! અગ્નિ લાકડામાં ગુપ્તરીતે રહે છે, ત્યારે જુદો જણાતો નથી; લાકડા રૂપે જ સમજાય છે, છતાં છે તો જુદો જ! તેમ, દેહસંબંધથી આત્મા દેહ રૂપે જ સમજાય છે, વાસ્તવમાં તો તે જુદો જ છે. ક્યારેક સ્વપ્નમાં પોતાનું મસ્તક કપાયેલું પોતાને લાગે પણ છે, તેમ દેહનો નાશ પણ આત્મા તો જુએ છે! આત્મા તો અજર છે, અમર છે, ભગવાનનો અંશ છે.

घटे भिन्ने यथाऽऽकाश आकाशः स्याद् यथा पुरा।
एवं देहे मृते जीवो ब्रह्मसम्पद्यते पुनः॥ (५)

ઘડો ભાંગતાં, તેની અંદરનું આકાશ (ખાલી જગા - પોલાણ), બહારની ખાલી જગા (આકાશ)માં પહેલાં હતું તેમ મળી જાય છે. તેમ, દેહ મરતાં જીવ પુનઃ બ્રહ્મને પ્રાપ્ત થાય છે!! - કેટલાક આવું સમજે છે. આ શ્લોકમાં જો મરવા માત્રથી બ્રહ્મપ્રાપ્તિ કહેલી હોય, તો તો મુક્તિ માટેનાં સાધન-શાસ્ત્ર વ્યર્થ થઈ જાય, મૃત્યુ જ મુક્તિ ગણાય, કલ્યાણ માટે કોઈને કાંઈ કરવાનું ન રહે! અહીં, માત્ર સ્થૂલ નહિ; લિંગદેહનો નાશ કહેલો છે. બ્રહ્મવાદની સમજથી, શરણાગતિ-પૂર્વક કૃપા થતાં, જીવ દેહના પ્રાકૃત-સંબંધમાંથી છૂટે, અવિદ્યાથી થયેલી અહંતા-મમતા સર્વથા ન રહે, સૂક્ષ્મ-લિંગદેહનો પણ નાશ થાય, ત્યારે તે શુદ્ધ - મુક્ત - જીવ પુનઃ બ્રહ્મસંપન્ન થાય! માયામોહિત મન જ જીવને ભટકાવે છે, જગદીશનો થતાં અટકાવે છે! માયા-મન-દેહ-કર્મથી, જીવનો "હું-મારું" - ભાનવાળો સંસાર સંભવે છે. આત્મા આનાથી જુદો છે, સ્વયં-પ્રકાશ છે, અવ્યય છે, વિકારરહિત છે.

પોતાના હૃદયમાં વિરાજતા ભગવાનનું ચિંતન પોતે એકાગ્ર મનથી કરવું. "**बुद्ध्यानुमान-गर्भिण्या वासुदेवानुचिन्तया।**"- કોઈ અહીં વેદાર્થભૂત ભગવાન્ ગણે છે! વેદસાર-ભાગવતમાં તો સંપૂર્ણ જ્ઞાન-ક્રિયા-શક્તિવાળા, પ્રકટ પરમાનંદ શ્રીકૃષ્ણ ભક્તાનુકૂલ થઈને પણ વિલસે છે ને!

"अनुमीयतेऽनुभवविषयीक्रियते भागवतार्थ-रूपो भगवान् येन तदनुमानं भागवतम् । तदर्थशीलिन्या बुद्ध्या दशलीला-विशिष्टभगवज्ज्ञानेन ।"- ભાગવતાર્થ રૂપ ભગવાન્ જેનાથી અનુભવાય, તે - અનુમાન! - ભાગવત ! ભાગવતજીમાં કહેલા દશલીલા વિશિષ્ટ-ભગવાન્ કૃષ્ણ, પ્રત્યેક પદાર્થમાં, વિશ્વમાં સર્વત્ર વિલસે છે; તે જ્ઞાનથી,- "वासुदेव सर्वमिति....।"- વાસુદેવ સર્વ છે. ગીતામાં ગાયું છે ને ! - તેને વિચારતાં, - તક્ષક તને બાળશે નહિ ! "न त्वां धक्ष्यति तक्षक:"- ભગવદ્રૂપ શ્રીશુકે કૃપા કરી દીધી ! આ માત્ર આશીર્વાદથી અભય આપતા નથી, નહિ તો આરંભમાં જ આટલું બોલત, તો પણ રાજાની રક્ષા તો થાત; પણ કૃતાર્થતા દેહરક્ષામાં નથી; જીવના પ્રભુપ્રવેશમાં છે ! તે મુખ્ય-અભય માટે તો, "तस्मात् भारत....।"- માં દશલીલાવિશિષ્ટ ભગવાનનાં નિરંતર શ્રવણ-કીર્તન-સ્મરણ શ્રીશુકે આવશ્યક કહ્યાં છે, તેથી પ્રીતિ, પ્રભુપ્રાકટ્ય અને પ્રવેશથી મુખ્ય-અભય મળે ને ! શ્રીશુકે રાજાને શ્રીભાગવતશ્રવણ કરાવીને સર્વત્ર દશલીલાવિશિષ્ટ ભગવાનનું ભાન કરાવી દીધું ! તેના ચિંતનથી તો,- રાજા પણ કૃષ્ણ ! તક્ષક પણ કૃષ્ણ ! મૃત્યુના મૃત્યુ, કાલના કાલ,- અંતે સૌને આશ્રયરૂપ છે, - કૃષ્ણ ! ! "હું પરીક્ષિત," "આ તક્ષક", - આવો ભેદભાવ શ્રીભાગવતજ્ઞાનથી દૂર થાય, કૃષ્ણ જ સર્વ રૂપે, સર્વનામે, સર્વલીલા કરે છે ! સર્વ ભગવદ્રૂપ છે, ભગવાનથી અનન્ય છે, તે યથાર્થ સમજાય; પછી રાજાને બળવાનું રહે ક્યાંથી ? ભય કયો ? શ્રુતિ છે, - "यस्य तु सर्वमात्मैवाभूत्तत्केन कं पश्येत् ।"- જે સર્વને ભગવદ્રૂપે - અનુભવે છે, તે કોનાથી કોને જુએ ?! અખંડાદ્વૈત - ભાનમાં ભેદબુદ્ધિ જ ન હોય ને! શ્રીભાગવતજ્ઞાન કૃપાથી મળે, તે અભય જ આપે ને ! "आनन्दं ब्रह्मणो विद्वान् न बिभेति कुतश्चन ।"- શ્રુતિ છે. આનંદમય પરબ્રહ્મને જાણે - માણે, તે ક્યારેય, ક્યાંય, કોઈનાથી પણ, ભય પામતો નથી. શ્રીભાગવતનો શાસ્ત્રાર્થ જ - "આનંદરૂપ હરિની લીલા" છે ને ! તે શ્રવણ દ્વારા પ્રાપ્ત થતાં હવે, રાજાને ભય કયો રહે ?!

શ્રીશુકે આ અધ્યાયમાં, ભગવાનની જ્ઞાનશક્તિનું વર્ણન કર્યું છે. શ્રીશુકે "અહીં હરિનું જ વારંવાર વર્ણન છે", - તે સ્પષ્ટ કહ્યું છે ને ! પછી આ બ્રહ્મોપદેશ રૂપ અભેદજ્ઞાન દીધું છે ! આ વૈદિક-આશ્રય છે. વેદ વદે છે, - "ब्रह्मविद् ब्रह्मैव भवति ।" - બ્રહ્મને જાણનાર બ્રહ્મ જ થાય છે ! તે ભગવજ્જ્ઞાનને ભગવાનની પ્રાપ્તિનું સાધન કહે છે. ભગવાન્ આપે, કૃપા કરે, ત્યારે તે જ્ઞાન મળે ! માત્ર જીવના કલ્પિતજ્ઞાનથી, "अहं ब्रह्मास्मि"- બોલવા કે વિચારવાથી, મોક્ષ મળે નહિ, માત્ર મનો-રાજ્યમાં મહાલવાનું મળે ! અહીં તો, શ્રીશુક રૂપે સ્વયં ભગવાને પરીક્ષિત પર કૃપા કરી છે ! તાંત્રિક-આશ્રય ગયા અધ્યાયમાં કહીને, આમાં વૈદિક-આશ્રય કહ્યો છે. વૈદિક-તાંત્રિક બંને રીતે, સેવાથી ભગવાને યથાધિકાર સ્વપ્રાપ્તિ કહી છે ને ! બહાર અને અંદર બંને રીતે, રાજા ભગવદાશ્રયમાં દૃઢ થયા, બંનેના આશ્રય રૂપે અહીં ભગવાનને વર્ણવ્યા છે. શ્રીશુકે સ્પષ્ટ કહ્યું.

अहं ब्रह्म परं धाम ब्रह्माहं परमं पदम् ।
एवं समीक्षन्नात्मानमात्मन्याधाय निष्कले ॥ (११)

"હું- (જીવ ભગવદંશ હોવાથી, ભગવાનથી અનન્ય છું) - ભગવદ્રૂપ છું. ભગવાન્ જ મારું પરમધામ (નિવાસ-આશ્રય) છે." (ભગવાન્ પોતે જ સ્વેચ્છાથી લીલા માટે, ઐચ્છિક-દ્વૈત પ્રકટ કરીને, અવિકૃત-પરિણામ રૂપે, રૂપ-નામ-વિભેદથી, વિહાર કરતા હોવાથી, ભગવાનના અનન્યપણાથી,

કૃપાપ્રાપ્ત અભેદદષ્ટિએ કે "રસાત્મક સર્વાત્મભાવે") - "બ્રહ્મ હું છું."! (ભગવાનની કૃપાથી, આનંદાંશના આવિર્ભાવથી, તે) "પરમપદ છું."! વરણથી હૃદયમાં પણ આનંદમય પ્રભુ પ્રકટ થાય ને! "वृणुते तनुं स्वां....।"- શ્રુતિ છે ને! "ધામ" - શબ્દથી, માત્ર તેજોમય, જ્યોતિરૂપ, જ્ઞાનીઓનું અક્ષરબ્રહ્મ ન સમજી લેવાય; તેથી પુનઃ, "पद"- શબ્દ છે! "પદ" - શબ્દ, ગતિ - જ્ઞાન - પ્રાપ્તિ - સ્થાન વાચક છે. ભગવાન્ જેને હૃદયમાં કે સર્વત્ર પ્રાપ્ત થાય, તે "પરમપદ" રૂપ જ ગણાય ને! પ્રભુમાં પ્રવેશથી પણ "પરમપદ" રૂપ થવાય ને! આમ, પોતે પ્રભુથી અનન્ય છે. તેવી હૃદયમાં ભાવના કરતાં જુદું શું જણાય? "હું ભગવાનનો છું,"! - તે હૃદયમાં રહે તો પણ શોક, મોહ કે ભય ન રહે ને! "કરડતો તક્ષક, શરીર, જગત્, જીવ - જગદીશથી જુદાં નહિ જણાય! આ તેં પૂછેલી, વિશ્વાત્મા હરિની લીલા! તને કહી!" "किं भूयः श्रोतुमिच्छसि।"- વત્સલ શ્રીશુક અધિક અથવા પુનઃ સંભળાવવા, પોતાના શ્રોતાની ઈચ્છાને અનુકૂલ થવા,તૈયાર છે! ઉદારતા છે ને,- આ વત્સલ ભગવાન્ શ્રીશુકની!

અધ્યાય : ૬

કરુણાસભર હૃદય શ્રીશુકદેવજી દ્વારા સાક્ષાદ્ હરિના શ્રવણથી પરીક્ષિતની ભાગવતી-ગતિ! : ગર્ભમાં ભગવાને રૂપથી રક્ષા કરી, ગંગાતટે નામથી રક્ષા કરી!

લોક-વેદ-સુખ-ત્યાગ પછી ભગવદાનન્દ-લાભ!:

શ્રીશુકે કથા કહી, - "व्यासात्मजेन निखिलात्मदृशा समेन।"- "દશમમાં શ્રીશુક, "स भगवान्"- છે ને! શ્રીશુક રૂપે સ્વયં ભગવાને જ કૃપા કરી છે, કથાથી કૃતાર્થતા દીધી છે! રાજાએ હાથ જોડ્યા. શ્રીશુકને ચરણે મસ્તક નમાવ્યું. કૃપાથી કૃતાર્થતા કહી,-

सिद्धोऽस्म्यनुगृहीतोऽस्मि भवता करुणात्मना।
श्रावितो यच्च मे साक्षादनादिनिधनो हरिः ॥ (२)

પોતે સિદ્ધ થયો, સાધનથી નહિ, સિદ્ધિથી નહિ, પણ શ્રીશુકના ઉદાર અનુગ્રહથી! અનુગ્રહ તો અધિકારથી કે ઉત્તમતાથી નથી મળતો; મળે છે,- કોમલહૃદયના ભગવાન્ કે ભગવદીયોની કરુણાથી! - આ કરુણા -કૃપા - પણ માત્ર આશીર્વાદ રૂપે નહિ, પણ આશાને પૂર્ણ કરતા અનાદિ - નિધન - હરિના શ્રવણ રૂપે ફલિત થઈ છે! શ્રીશુકે "भगवान्...श्रोतव्यः।"- કહ્યું હતું. રાજાએ - "કથા સંભળાવી."- નથી કહ્યું; "કૃષ્ણ સંભળાવ્યા"- કહ્યું! સ્વરૂપનું શ્રવણ તો ન સંભવે, શબ્દનું સંભવે! લીલાની કથા છે - શબ્દાત્મિકા! સ્વરૂપ અને લીલા બંને આનંદમય, સૂર્ય અને સૂર્યપ્રકાશ જેવાં! ભગવલ્લીલા-શ્રવણથી ભગવત્-સ્વરૂપ-શ્રવણ જ ગણાય! કથા કૃષ્ણ રૂપે મળે, - તે ફલ! સંસારના સંતાપમાં સંતપ્ત જીવો પર, કોમલ કૃષ્ણભક્તો તો સ્વાભાવિક રીતે જ કૃપા કરે ને! છતાં ઉપકાર ન ચઢાવે! આ સાંભળેલી પુરાણ-સંહિતામાં ભગવાન્ ઉત્તમશ્લોકનું અનુવર્ણન છે. દેખી લીલા ગાઈ છે ને! "ભગવન્! તક્ષકનો - મૃત્યુનો - મને ભય નથી!" "प्रविष्टो ब्रह्मनिर्वाणमभयं दर्शितं त्वया।"- "બ્રહ્મનિર્વાણ-પ્રવેશ થયો! આપે અભય દર્શાવ્યું! - બ્રહ્મભાવ - પ્રવેશ રૂપે દીધું! વાણી વિભુને દઉં છું! અંતઃકરણમાં અભિલાષ અધૂરો નથી! અધોક્ષજમાં ચિત્ત પરોવીને પ્રાણ છોડું છું! આપે જ્ઞાન-વિજ્ઞાન-નિષ્ઠાથી મારું અજ્ઞાન દૂર કર્યું. ક્ષેમધામ - ભગવત્પદ - પ્રદાન કર્યું આપે!" - કહેતાં

રાજાએ વંદન કર્યાં, વિદાય દીધી,- શ્રીશુકને ! ભગવાન્ બાદરાયણિ રાજાને અનુજ્ઞા દઈ, ભિક્ષુઓ સાથે પધાર્યા ! રાજર્ષિ હૃદયમાં ભગવાનની ભાવના કરતા જલાભિમુખ વિરાજ્યા. શાપપ્રેર્યો તક્ષક ગુપ્તવેષે આવ્યો ! માર્ગમાં વિષનિવારક કશ્યપ બ્રાહ્મણને દ્રવ્ય દઈને પાછો વાળ્યો ! તક્ષક રાજાના ચરણે નમ્યો, દંશ દીધો. ઝેર રાજાના શરીરમાં પ્રવેશ્યું. સૌનાં ઝેર પણ ભાગવતશ્રોતાના સંગથી દૂર થઈ જાય ને ! રાજાનો દેહ ભસ્મસાત્ થયો ! ગર્ભમાં પણ રક્ષક ભગવાને, તક્ષકદંશમાંથી અદ્ભુત રક્ષા કરી ! રાજા તો ભગવત્કૃપાથી અક્ષરરૂપ થઈને પુરુષોત્તમમાં પ્રવેશ પામ્યા, ભાગવતી-ગતિ મળી ! દેવ- અસુર - માનવ વિસ્મય પામ્યા. દેવદુન્દુભિ વાગ્યાં. પુષ્પવૃષ્ટિ થઈ. સાધુવાદ થયા. ઉત્સવ મનાવાયો. આરંભથી આવેલાઓને અંતે પ્રતીતિ થઈને ! માનવીના મરણમાં શોક હશે, ભગવદીયનો આ તો ભગવાનમાં પ્રવેશ છે ને ! રાજાએ વાણી રૂપે ક્રિયાશક્તિનો વિનિયોગ, કૃષ્ણ (ની ક્રિયાશક્તિ)માં કર્યો, નિરોધ-ફલ થાય ને ! - પુરુષોત્તમનો આનંદાનુભવ થાય ! શ્રવણ પછી કીર્તન કૃતાર્થ કરે ને ! સર્વત્ર ભગવદનુભવે જ્ઞાનશકિત ભગવાનમાં દીધી છે. જ્ઞાનશક્તિ, ક્રિયાશક્તિ એ બે સાધનરૂપ આશ્રય થયો ! પ્રવેશથી ફલરૂપ ભગવદાશ્રય પ્રાપ્ત થયો ! મુખ્ય-અભય સુલભ થયું ! સર્વત્ર અને હૃદયમાં ભગવાનને અનુભવે, ભગવાનને ગાય, તે ભગવાનનો થાય, ભગવાનને પ્રાપ્ત થાય ! સાક્ષાદ્ ભગવત્પ્રવેશ, સર્વસંદેહ-નિવારણ, ભગવત્કૃપા, સર્વત્ર નિર્ભયતા, અને પરમપ્રેમ, આ પાંચ ફલ શ્રીમદ્-ભાગવતનાં સ્પષ્ટ દેખાયાં ને ! રાજાએ રાજ્યત્યાગથી સર્વોત્તમ લોકસુખ છોડ્યું છે ! વેદરૂપ શિવાવતાર શ્રીશુકે સમાધિ વગેરેનું સર્વોત્તમ વેદસુખ છોડ્યું છે ! બંનેને લોક-વેદનાં સર્વ સુખત્યાગ પછી, કથા દ્વારા પરમાનંદ રૂપ ભગવત્સુખ મળ્યું છે ! શ્રીગોપીજનને પણ લોક-વેદ-સુખત્યાગ પછી રસલાભ થયો છે ! સૂચક છે ને સૌને માટે આ ! પરીક્ષિતમોક્ષ-કથા પછી પણ ભગવદ્ધર્મવર્ણન હોવાથી, તે પણ ભાગવત રૂપ જ છે. યજ્ઞના આરંભની અને સમાપ્તિની ક્રિયા, યજ્ઞરૂપ, ગણાય છે. નાટકમાં નાન્દી (આરંભ-પ્રસ્તાવના) અને ભરતવાક્ય (અંત-આશીર્વાદ) પણ નાટકરૂપ જ ગણાય છે. તેમ, શ્રીમદ્ ભાગવતજીના પ્રારંભિક અને અંતિમ ભાગમાં, શ્રીશુક-પરીક્ષિત સંબંધ ન દેખાવા છતાં, તે પણ શ્રીમદ્ ભાગવત જ છે !

પરીક્ષિતના પુત્ર જન્મેજયે વૈર વાળવા, તક્ષકને બાળવા, સર્પસત્ર કર્યો. બ્રાહ્મણો તક્ષકના રક્ષક ઈન્દ્રને પણ હોમવા તૈયાર થયા ! દેવો મંત્રાધીન છે ને ! ઈન્દ્ર પણ આકર્ષાઈ ગયો ! ત્યાં આવ્યા,- બૃહસ્પતિ ! મહાભારતમાં આસ્તિક કહ્યા છે, કલ્પભેદ પણ કથામાં હોય ! અમૃતપાન કરેલું તક્ષકે પણ ! "દેહ તો પ્રારબ્ધકર્મથી મળે - છૂટે, નિર્દોષને પીડા ન થાય !" - વિવેક દઈ વિદાય થયા દેવગુરુ ! સર્પસત્ર સમાપ્ત થઈ ગયો. "હું-મારું" - એ તો દુર્જનતા છે, તેનાથી દૂર રહે તે પ્રભુપદને પામે ! વિવાદ કે વૈર ન કરવું, ગુણાનુવાદ ભગવાનના ગાવા ! "વંદન કૃષ્ણને,- કૃષ્ણદ્વૈપાયનને ! જેનાં ચરણધ્યાને આ સંહિતા સમજાઈ !", - સૂતે વેદવિસ્તાર પણ કહ્યો.

વેદ-વિસ્તાર ! :

સમાધિરત બ્રહ્માજીના હૃદયાકાશમાં નાદાત્મક ઓંકાર પ્રકટ્યો ! આ સ્ફોટ,- "स्फुटत्यर्थो यस्मात् ।"- અર્થ જેનાથી સ્પષ્ટ થાય, તે ઓંકાર અવ્યક્ત રૂપે ! તેમાંથી સર્વ-વાક્પ્રસવ થયો. "स्वधाम्नो ब्रह्मणः साक्षाद् वाचकः परमात्मनः ।"- ભગવાનના સ્વધામનો તે વાચક, વેદના બીજ-રૂપ ! તેમાંથી અક્ષરસમામ્નાય, તેમાંથી વ્યાહૃતિ ! ઓંકાર-સહિત, ચાર-વદનથી બ્રહ્માએ પોતાના

બ્રહ્મર્ષિ - પુત્રોને યજ્ઞ(પ્રકાશ) માટે વેદ જણાવ્યા ! હૃદયસ્થ ભગવત્પ્રેરણાથી, ઋષિયોએ વેદના વિભાગ કર્યા. વ્યાસે દ્વાપરમાં તે વ્યવસ્થિત કર્યા. કલિમાં પણ કૃતાર્થતા દ્વિજોને દેવા માટે શાખા-વિભાગ કર્યો ! અનંત-યજ્ઞમૂર્તિમાંથી એકનું પ્રતિપાદન જેટલા વેદવિભાગમાં થાય તે, - શાખા ! બેઠેલા, સૂતેલા પુરુષવત્ શાખાભેદથી ભગવાનનું જ તેમાં પ્રતિપાદન છે ! વ્યાસે પોતાના શિષ્ય પૈલને ઋગ્વેદ, વૈશમ્પાયનને યર્જુવેદ, જૈમિનિને સામવેદ, સુમન્તુને અથર્વવેદ દીધો. "तेषाम् ऋग् यत्रार्थवशेन पादव्यवस्था ।"- જ્યાં અર્થવશ પાદવ્યવસ્થા હોય તે,- ઋક્ ! "शेषे यजुःशब्दः ।"- બાકીનો યજુર્વેદ ! તેમાં, "उच्चैर्ऋक् वा क्रियते उपांशु यजुर्वा ।"- મોટેથી ઋક્ બોલાય, ધીમેથી યજુર્વેદ ! "गीतिः सामाख्या ।"- ગવાય તે સામ ! અભિચાર રૂપ અથર્વ ! ભગવદિચ્છાથી તેના શિષ્યો-પ્રશિષ્યો દ્વારા અનેક વિભાગો થયા. આજે તો અગિયાર વેદ-શાખા મળતી સંભળાય છે ! (૧) શાઙ્ખાયની, (૨) આશ્વલાયની - આ બે શાખા ઋગ્વેદની ! (૧) તૈત્તિરીય, (૨) કાણ્વ, (૩) માધ્યન્દિની, (૪) મૈત્રાયણી, (૫) માનવી, "હિરણ્યકેશી" તો તૈત્તિરીય સમાન છે. આ દાક્ષિણાત્યમત છે. આ પાંચ શાખાઓ યજુર્વેદની !

વૈશમ્પાયનના શિષ્યોને પ્રસંગવશાત્ પ્રાયશ્ચિત્ત કરતા જોયા, - તેજસ્વી શિષ્ય યાજ્ઞવલ્ક્યે ! ઉત્તમતા બતાવી. ગુરુએ આજ્ઞા વગર બતાવેલી ઉત્તમતાને અવજ્ઞા ગણી, વિદ્યા પાછી માગી ! વિદ્યાર્થી વિશિષ્ટ બને તેવો તેમાં આશય ! વિદ્યાર્થીએ વમન કર્યું. તે વિદ્યા અન્યને આપી દીધી. તે ચણી ગયા- ચતુરો, તેતરરૂપ થઈને ! તેથી તે શાખા - "તૈત્તિરીય !" યાજ્ઞવલ્ક્યે ગુરુથી પણ અધિક, ઉત્તમ લાભ માટે સૂર્યની સ્તુતિ કરી. ગાયત્રી-અર્થ તેમાં કહ્યો ! સૂર્ય તો વેદત્રયી - સહિત નિત્ય વિરાજે છે. આદિત્યરૂપ ભગવાને વાજિ-અશ્વ-રૂપે, ભુલાય નહિ, તેમ, સારરૂપ યજુર્વેદ-જ્ઞાન દીધું. "વાજસન" - સૂર્ય, તેમની પાસેથી મળેલી વાજસનેયી-શાખા થઈ ! કાણ્વ, માધ્યંદિન વગેરેએ તે ગ્રહણ કરી. વિભાગો તેના પણ થયા. (૧) કૌથુમી, (૨) રાણાયની,- આ બે શાખા સામવેદની ! (૧) શૌનકી, (૨) પૈપ્પલાદી - બે શાખા અથર્વવેદની ! કુલ છે,- ૧૧ શાખાઓ !

અધ્યાય : ૭

પુરાણ-વિસ્તાર ! :

અથર્વવેદની શાખાઓ કહ્યા પછી, પૌરાણિકો ગણાવ્યા. પાંચમા વેદ રૂપ- પુરાણ ! વેદના અર્થ તેનાથી સ્પષ્ટ થાય. વ્યાસજીએ રોમહર્ષણ સૂતને છ સંહિતા ભણાવેલી ! સૂત પાસેથી છ શિષ્યો ભણેલા. તે છ પાસેથી ભણ્યા, - ઉગ્રશ્રવા સૂત ! ભાગવતના તે વક્તા ! બીજી ચાર મૂલસંહિતા પણ રોમહર્ષણ પાસેથી તે ભણેલા ! મહાપુરાણનાં હોય દશ લક્ષણ, -

सर्गोऽस्याथ विसर्गश्च वृत्ती रक्षान्तराणि च ।
वंशो वंशानुचरितं संस्था हेतुरपाश्रयः ॥ (९)

(૧) વિશ્વનો સર્ગ, (૨) વિસર્ગ, (૩) વૃત્તિ, (૪) રક્ષા, (૫) મન્વન્તર, (૬) વંશ, (૭) વંશાનુચરિત (૮) સંસ્થા, (૯) હેતુ, (૧૦) અપાશ્રય. શ્રીમદ્-ભાગવતની અલૌકિક દશ લીલાઓના ક્રમ અને નામ કરતાં અહીં ભિન્નતા દેખાય છે ! ઉપપુરાણમાં લક્ષણ પાંચ, બીજાં અંદર સમાયેલાં હોય, -

(૧) સર્ગ, (૨) વિસર્ગ, (૩) વંશ, (૪) વંશાનુચરિત, (૫) મન્વન્તર. ઉપપુરાણ ૧૮ ! મહાપુરાણ પણ ૧૮,- (૧) બ્રહ્મ, (૨) પદ્મ, (૩) વૈષ્ણવ, (૪) શિવ, (૫) લિંગ, (૬) ગરુડ, (૭) નારદ, (૮) ભાગવત, (૯) અગ્નિ, (૧૦) સ્કન્દ, (૧૧) ભવિષ્ય, (૧૨) બ્રહ્મવૈવર્ત, (૧૩) માર્કણ્ડેય, (૧૪) વામન, (૧૫) વરાહ, (૧૬) મત્સ્ય, (૧૭) કૂર્મ, (૧૮) બ્રહ્માણ્ડ. તેરમા અધ્યાયમાં તેમની શ્લોકસંખ્યા કહી છે. તે ક્રમશઃ, - ૧૦૦૦૦; ૫૫૦૦૦; ૨૩૦૦૦; ૨૪૦૦૦; ૧૧૦૦૦; ૧૯૦૦૦; ૨૫૦૦૦; ૧૮૦૦૦; ૧૫૪૦૦; ૮૧૧૦૦; ૧૪૫૦૦; ૧૮૦૦૦; ૯૦૦૦; ૧૦૦૦૦; ૨૪૦૦૦; ૧૪૦૦૦; ૧૭૦૦૦; ૧૨૦૦૦; કુલ ચાર લાખ શ્લોક છે !

અહીં, છેલ્લા દોઢ અધ્યાયમાં વેદાશ્રય કહ્યો છે. આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક પદાર્થનાં આ ત્રણ સ્વરૂપ ! તેને જાણનાર ભગવદાશ્રય માટે યત્ન કરે ! "વાક્યાન્વયાધિકરણ" - પ્રમાણે, ભગવદ્ધર્મરૂપ પ્રીતિ પ્રકટ થવાથી, શ્રવણ વગેરે ગુણાતીત-સાધન તે કરે, તેથી આ વિભૂતિરૂપ આશ્રય કહ્યો છે ! સૌને આ સ્થિતિ ન મળે, પ્રભુ જેનું વરણ કરે તેને મળે ! વેદાશ્રય - જ્ઞાન - પ્રાપ્ત કરનાર, ભક્તિ માટે ઉધમ કરે, માટે આ કથા કહી છે. વેદવિસ્તાર - શ્રવણથી પણ પાપમુક્ત થવાય, તો સેવનથી શું ન થાય ?

અધ્યાય : ૮

ભક્તિમાર્ગાશ્રય ! મુનિ માર્કણ્ડેય પર કૃપા ! :

પ્રસન્ન શૌનકે આશીર્વાદ દેતાં સ્વકુલમાં જન્મેલા, પ્રલયમાં પણ બાકી રહેલા, માર્કણ્ડેયની કથા પૂછી. સૂતે સંભળાવી તે કથા, - ૮-૯-૧૦ ત્રણ અધ્યાયમાં ! આધિદૈવિક, આધ્યાત્મિક અને આધિભૌતિક, - ત્રણ પ્રકાર છે, - ભક્તિમાર્ગના ! અહીં, તેમાં કહ્યો છે, - ભક્તિમાર્ગાશ્રય ! શ્રીમદ્ ભાગવતના પણ આવા ત્રણ પ્રકાર છે, તેથી શ્રીભાગવતાશ્રયની કથા - ૧૧-૧૨-૧૩ અધ્યાયમાં કહી છે. માર્કણ્ડેયમાં કર્મમાર્ગાનુકૂલ ભક્તિની ખૂબ સ્થિરતા, ૮ મા અધ્યાયમાં દેખાય છે. ભગવાનની આજ્ઞાનુસાર તેમણે તપઃ કર્યું, તેથી પ્રસન્ન પ્રભુએ તેમને દર્શન દીધાં ! માર્કણ્ડેયે પિતા પાસેથી સંસ્કાર પ્રાપ્ત કર્યા. નૈષ્ઠિક-બ્રહ્મચર્ય-વ્રતરત રહ્યા; સંયમશીલ, સ્વાધ્યાય-પરાયણ થયા. હૃષીકેશની આરાધનાથી મૃત્યુને જીત્યું ! કરોડો વર્ષ થયાં; તેથી બ્રહ્મા-શંકર, સૌ પણ વિસ્મય પામ્યા ! મહાયોગરત મુનિને છ મન્વન્તર વીત્યાં ! સાતમામાં ઈન્દ્રને, "તે ઈન્દ્રાસન લેશે" - તેવી શંકા થઈ ! પુઞ્જિકસ્થલી અપ્સરા, કામ, વસંત વગેરેને, તપોભંગ માટે પુષ્પભદ્રાના કિનારે ચિત્રશિલા પાસે ઋષિના આશ્રમમાં મોકલ્યાં. સર્વ પ્રલોભન છતાં, મુનિ ચલિત ન થયા; મોહ-ક્રોધ ન થયાં ! તપઃતેજઃથી પીડાતા સૌ પાછાં ગયાં, છતાં મુનિને મોટાઈ ન આવી; અહંકાર ન થયો ! કૃપા માટે ત્યાં ભગવાન્ નર-નારાયણ પ્રકટ થયા. દિવ્ય તપોમૂર્તિ, ગૌર-શ્યામ, ચતુર્ભુજ ભગવાનનાં દર્શન થયાં. ઋષિ નમ્યા, સ્તુતિ કરી. પ્રભુપ્રેરણાથી જ સૌની પ્રવૃત્તિ સંભવે, તેનું વર્ણન શું થાય ? વિભુને તો વંદન જ થાય ને !

तस्मै नमो भगवते पुरुषाय भूम्ने विश्वाय विश्वगुरवे परदेवतायै ।
नारायणाय ऋषये च नरोत्तमाय हंसाय संयतगिरे निगमेश्वराय ॥ (४७)
यद्दर्शनं निगम आत्मरहःप्रकाशं मुह्यन्ति यत्र कवयोऽजपरा यतन्तः ।
तं सर्ववादविषयप्रतिरूपशीलं वन्दे महापुरुषमात्मनिगूढबोधम् ॥ (४९)

પરમાત્મ-રહસ્યનો પ્રકાશ કરે છે,- વેદ ! જ્ઞાન છે તે આપનું ! જીવાત્માની કે બ્રહ્માદિની મુખ્યતાવાળા સૂરિયો જેમાં મથવા છતાં મોહ પામે છે ! વેદ-વાદ-વિરોધિ- સર્વવાદોને પ્રતિકૂલ સ્વભાવવાળા આપ છો, છતાં આપ સર્વ વાદોને અનુકૂલ બનો છો ! આપનું જ્ઞાન આપે આપનામાં અત્યંત-ગૂઢ રાખ્યું છે ! આપ મહાપુરુષને હું વંદું છું !

અધ્યાય : ૯

મુનિ માર્કણ્ડેયને વટપત્રશાયી બાલમુકુન્દ પ્રભુનાં દર્શન ! :

પ્રભુ પ્રસન્ન થયા, ઋષિને વરદાન માગવા કહ્યું. **"द्रक्ष्ये मायां यया लोकः सपालो वेद सद्भिदाम्"**- "સદ્રૂપ ભગવાનમાં જેનાથી લોકો, દેવ-દાનવ-માનવ વગેરે ભેદ સમજે છે, તે માયાવૈભવ જોઉં !" - મુનિએ માગ્યું. વરદાન દઈ ભગવાન્ બદરીકાશ્રમમાં પધાર્યા. ઋષિ પ્રેમથી પ્રભુની માનસપૂજા નિત્ય કરતા હતા, ભાવોદ્રકમાં ક્રમ ભૂલી પણ જતા ! એક દિવસ પુષ્પભદ્રાના તટે ઋષિ સન્ધ્યા કરે, ત્યાં તો પ્રચંડ મેઘવૃષ્ટિ થઈ, પવન ફૂંકાયો. સઘળું જલમગ્ન થયું ! માત્ર મુનિ જ બચ્યા ! પાણીમાંના પ્રાણીઓથી પીડાયા; અપાર પાણીમાં આથડતાં કરોડો વર્ષો વીત્યાં ! ક્યારેક પૃથ્વીનો ઉન્નત ભાગ જોયો. ત્યાં બાલવટવૃક્ષ ! તેની ઈશાનકોણની ડાળીએ દૃષ્ટિ પડી. કોમલ - પલ્લવમાં પોઢેલા પ્રસન્ન બાલમુકુન્દનાં દિવ્યદર્શન થયાં ! શ્યામ-સુંદર-સ્વરૂપ ! મનોહર હાસ્ય ! કોમલ કરકમલાંગુલિથી, ચરણકમલને મુખકમલમાં પધરાવેલો ! ચરણકમલ - રસપાનમગ્ન મુગ્ધ મુકુન્દ ! વિસ્મિત થયા - ઋષિ ! પીડા વિસર્યા, પ્રસન્ન થયા. પાસે સ્પર્શવા દોડ્યા ! ત્યાં તો, **"तावच्छिशोर्वै श्वसितेन भार्गवः सोऽन्तः शरीरं मशको यथाविशत् ।"**- બાલકના શ્વાસમાત્રે, અંદર પ્રવેશ્યા ! વિશ્વ તેમાં જોયું ! હિમાલય - પોતાનો આશ્રમ - પણ તેમાં ! ત્યાં તો ઉચ્છ્વાસમાં નીકળ્યા બહાર ! જોયા પ્રલયમાં વટવૃક્ષના પત્રમાં પોઢેલા, કૃપાકટાક્ષ કરતા પ્રસન્ન પ્રભુને ! મુનિ ભાવથી ભેટવા ગયા ! ત્યાં તો પ્રલય કે વટવૃક્ષ કાંઈ ન મળે ! ઝટ દેખાયો પોતાનો આશ્રમ ! પોતે સન્ધ્યા જ કરે છે ! અચિન્ત્ય-અનન્તશક્તિવાળા ભગવાનનો માયાવૈભવ મુનિએ માણ્યો ! ભક્તિથી ભગવાન્ મળ્યા ન હતા, ભેટવા તો કેમ દે ?! જ્ઞાનમાર્ગાનુકૂલ કઠિન (ઉપાસના) ભક્તિમાર્ગ અહીં બતાવ્યો છે.

અધ્યાય : ૧૦

માર્કણ્ડેયને શંકરનું ભક્તિ-વરદાન ! :

માયાવૈભવથી વિસ્મિત - વિકલ - વિપ્રર્ષિએ શરણાગતિ શ્રીહરિની કરી ! કેવલ કૃષ્ણની શરણાગતિથી દુસ્તરમાયા તરી શકાય !

प्रपन्नोऽस्म्यङ्घ्रिमूलं ते प्रपन्नाभयदं हरे ।
यन्माययापि विबुधा मुह्यन्ति ज्ञानकाशया ॥ (२)

"જ્ઞાન હોવા છતાં, જ્ઞાન જેવા પ્રકાશવાળી જેની માયાથી, દેવો પણ મોહ પામે છે ! તેવા, હે હરે ! શરણાગતને અભય દેનારાં આપનાં ચરણમૂલને હું શરણે છું !" ઋષિના આશ્રમમાં પાર્વતીજીની પ્રેરણાથી ભગવાન્ શંકર પધાર્યા; માત્ર દર્શન દેવા નહિ. સત્સંગલાભ લેવા-દેવા ! **"अयं हि परमो**

लाभो नृणां साधुसमागमः ।"- સાધુસમાગમ તો માનવનો પરમલાભ છે! સમાધિમાં દર્શનથી ઋષિ રાજી થયા, જાગ્યા, સ્નેહથી સ્વાગત કર્યું; સ્તુતિ કરી. ભગવાન્ શંકરે સાધુને અભિનંદન દીધાં! પ્રભુને તે તો પ્રિય! દર્શનમાત્રે ભક્તો પાવન કરે. તો સત્સંગથી શું ન સંભવે ? શંકરે વરદાન માગવા કહ્યું. ઋષિએ તો માયામોહ જોયેલો ને ? ભગવદ્‌ભક્ત ભગવાન્ ભવનાં દર્શન થયાં! વધારે વર શું સંભવે ? છતાં ભગવાન્ અને ભગવદીયોમાં - શંકરમાં, અચ્યુત-ભક્તિ માગી! ભક્ત ભગવાન્ શંકરે તો ભક્તિ, યશઃ, અજર-અમરપણું, ત્રિકાલજ્ઞાન, વૈરાગ્યપૂર્ણ-વિજ્ઞાન, બ્રહ્મતેજઃ, અને પુરાણાચાર્યતા દીધાં! સ્વસ્થાને પધાર્યા. ભક્તો તો અલ્પ ન આપે ને! ભગવાન્ તો ઉત્તમ-અધિકારી ભક્તો દ્વારા પણ ભક્તિનું દાન કરે છે! ભક્તો દ્વારા કૃપા થતાં સર્વજ્ઞ, ભગવદનુકૂલ થવાય. તેવો ભક્તિમાર્ગ છે! ભક્તને દુઃખ દેખાય તે તો માયાથી સંભવે! ભગવાનનો મહિમા જાણી, સ્નેહથી સર્વભાવે શરણે જવું! કામના કોઈ બીજી ન રાખવી! ભક્તોનો પણ મહિમા સમજી, તેમની પણ ભક્તિ કરવી! એકાંતમાં ભગવાનને દઢતાથી ભજવા. મર્યાદાનુકૂલ ભક્તિમાર્ગની ભક્તિ તેનાથી સ્થિર થાય. આશ્રયરૂપા ભક્તિ તો સ્વતંત્ર છે. આ છે,- ચોથો ભક્તિમાર્ગાશ્રય! ભક્તિમાર્ગે પણ આશ્રયરૂપ થાય છે, - ભગવાન્! તે સાનુકૂલ બને છે, - સાધનસિદ્ધિમાં! હજુ પણ વિચરતા માર્કણ્ડેય મુનિએ એકલાએ, અદ્‌ભુત માયાવૈભવ માણતાં પ્રલય અનુભવ્યો છે! બાલમુકુન્દના શ્વાસોચ્છ્‌વાસ-થી સાત વાર અંદર જતાં અને બહાર આવતાં, એક ક્ષણમાં તો સાત કલ્પનો અનુભવ કર્યો છે! ભગવાનની માયાના વિસ્તારથી થતું, આવર્તન પામતું, જીવોનું આ સંસરણ છે, ક્યારેક થાય છે, તેમ નથી! "न कर्मविभागादिति चेन्नानादित्वात् ।"- સૂત્રમાં, બીજાંકુરની જેમ પ્રવાહને અનાદિ કહ્યો છે! આત્મસૃષ્ટિ રૂપ છે ને! આ કથાના શ્રવણ-કીર્તને કર્મસંસરણ ન રહે!

અધ્યાય : ૧૧

તાંત્રિક-ઉપાસનામાં ઉપયોગી ભગવત્સ્વરૂપ-વગેરેની ભાવનાનું સ્વરૂપ!:

સૂર્યસંબંધથી, કાલાનુકૂલ-રીતે પુરુષસ્વરૂપનું આરાધન કરવામાં, શ્રીભાગવતકથાનો ઉપયોગ, એ પંચમ-આશ્રય! શ્રીભાગવતનું આધિદૈવિક સ્વરૂપ - (૧) પુરુષારાધન, (૨) સૂર્યસંબંધી-કાલ, આ આશ્રયનાં અંગરૂપ! "अथेममर्थं पृच्छामो..।"- માં, ઋષિયોએ આશ્રય-સંબંધી પ્રશ્ન કર્યો છે. શ્રવણનાં અંગ - તેનો અર્થ છે, પુરુષારાધન મુખ્ય હોય તો, આરંભમાં આ કહે, અહીં તો ભગવદ્‌ભજન મુખ્ય છે! ગુરુને વંદન કરીને શ્રીભાગવત-તત્ત્વજ્ઞ સૂતે, ઋષિયોને તાન્ત્રિક, - ઉપાસનામાં ઉપયોગી, ભગવાનનાં (હસ્તચરણ વગેરે) - અંગ; ગરુડ વગેરે-ઉપાંગ; સુદર્શનાદિ - આયુધઃ કૌસ્તુભાદિ-આભૂષણની ભાવનાનું સ્વરૂપ સમજાવ્યું. બ્રહ્માદિ આચાર્યોએ તે કહેલું છે. મર્યાદામાં પણ ભાવનાઓ છે! પુષ્ટિમાં તો રસાત્મક રૂપે પ્રસિદ્ધ જ છે ને! બ્રહ્માંડ (વિરાટ્)ના અધિષ્ઠાતા, સમષ્ટિ - જીવચૈતન્ય-સ્વરૂપ બ્રહ્મ છે. ચેતનસહિત બ્રહ્માંડમાં સર્વ-ત્રિલોક પણ સમાય છે! આ બ્રહ્માંડ પરમપુરુષ ભગવાનનું વૈરાજ- "પૌરુષ"-સ્વરૂપ! પૃથ્વી તેનાં ચરણ, શિર-ધુલોક, સર્વ કાંઈ દેખાય છે, તે આ ભગવાનના આ સ્વરૂપમાં સમાયેલું છે! પોતાના સાત વહેંત જેટલું પુરુષ (વ્યષ્ટિ) રૂપ! સમષ્ટિ રૂપ - મહાપુરુષ ભગવાન્! - ઉપાસકને અનુકૂલ હોય તેવું રૂપ પ્રકટ કરે છે! વસ્તુતઃ, પુરુષોત્તમ તો

અપરિચ્છિન્ન (સીમારહિત) છે !

અજન્મા ભગવાનનાં આભૂષણ પણ અલૌકિક છે. (૧) કૌસ્તુભમણિ - સ્વાત્મજ્યોતિ, પોતાના ભક્તરૂપ શુદ્ધજીવ-તત્ત્વરૂપ, મુક્તાત્માઓ (૨) શ્રીવત્સ - ચૈતન્યપ્રભાની અભિમાની - દેવતા. મુક્તજીવોના શુદ્ધચૈતન્યરૂપ જ્ઞાનધર્મ. (૩) વનમાલા - અનેક ગુણવાળી ભગવાનની માયાશક્તિ, કીર્તિરૂપા. (૪) પીતામ્બર-વેદમય. (૫) યજ્ઞોપવીત (બ્રહ્મસૂત્ર) - ઓંકાર. (૬) મકરકુંડલ-સાંખ્ય, યોગ. (૭) મુકુટ - (ઉપનિષદ્) અભયપ્રદ, સત્યલોક. (૮) અનન્ત (શેષ)-આસન-અવ્યાકૃત (વિકારરહિત) મૂલપ્રકૃતિ. (૯) પદ્મ-ધર્મ, જ્ઞાનાદિયુક્ત સત્ત્વ. (૧૦) ગદા - ઈન્દ્રિયશક્તિ (ઓજઃ), મનનું સામર્થ્ય (સહ) અને શરીરનું સામર્થ્ય (બલ), સાથે મુખ્યપ્રાણતત્ત્વ. (૧૧) શંખ - જલતત્ત્વ. (૧૨) સુદર્શન-તેજસ્તત્ત્વ. (૧૩) નંદક તલવાર - આકાશતત્ત્વ. (૧૪) ઢાલ-તમોમય. (૧૫) શાર્ઙ્ગધનુષ્ય-કાલતત્ત્વ. (૧૬) બાણો -કર્મમય. (૧૭) અશ્વ-ઈન્દ્રિયો. (૧૮). રથ-ક્રિયાશક્તિયુક્ત મન. (૧૯) (અભિવ્યક્તિ) રૂપ-તન્માત્રાઓ. (૨૦) વરદ-અભય વગેરે મુદ્રાઓ-પુરુષાર્થ-ક્રિયા. (૨૧) દેવપૂજનભૂમિ -સૂર્યમંડલ વગેરે. (૨૨) દીક્ષા - આત્મસંસ્કાર, સેવાયોગ્યતા. (૨૩) ભગવત્સેવા - સર્વપાપનાશિકા - દેવતારૂપા. (૨૪) લીલાકમલ - "ભગ" - ઐશ્વર્યાદિ ગુણો. (૨૫) ચામર -ધર્મ. (૨૬) વ્યજન - કીર્તિ. (૨૭) છત્ર-અભયપ્રદ વૈકુણ્ઠધામ. (૨૮) ગરુડ-વેદત્રયીરૂપ. (૨૯) ભગવાન્ - વેદાર્થ રૂપ, યજ્ઞાત્મા, બ્રહ્મસ્વરૂપ, આનંદમય. (૩૦) લક્ષ્મીજી-અવિભક્ત, સ્વરૂપભૂત, નિત્ય, જ્ઞાનાત્મિકા, ભગવતી-શક્તિ, બ્રહ્માનંદરૂપા. (૩૧) વિશ્વક્સેન (મુખ્યપાર્ષદ) - તંત્રરૂપ. (૩૨) નન્દાદિક આઠ દ્વારપાલ-અણિમા વગેરે રૂપ. (૩૩) ચતુર્વ્યૂહ-ભગવત્સ્વરૂપભૂત. (૧) અર્થ - જાગૃતાવસ્થા-તેનો અભિમાની "વિશ્વ", પ્રદ્યુમ્નની વિભૂતિરૂપ. (૨) ઈન્દ્રિય- સ્વપ્નાવસ્થા, "તૈજસ" - સંકર્ષણ. (૩) આશય (વાસનામય) સુષુપ્તાવસ્થા - "પ્રાજ્ઞ" - અનિરુદ્ધ. (૪) જ્ઞાન-પરિશુદ્ધ મુક્ત્યવસ્થા - "તુરીય" - વાસુદેવ. આ ચારેના નિયામક વૈરાજ્-ભગવાન્ ! પોતાની લીલા માટે સર્વસમર્થ ભગવાન્ જ સર્વ રૂપે, સર્વ કાંઈ કરે છે; તે ભાવનાસહિત સેવા કરવી જોઈએ. કેવલ કૃપારૂપ વરણથી, માયાનાં આવરણ દૂર થતાં, ભગવાન્ સાક્ષાત્ મળે ! જીવે શરણાગતિ સેવકભાવે કરવી જોઈએ.

श्रीकृष्ण कृष्णसख वृष्ण्यृषभावनिध्रुग्राजन्यवंशदहनानपवर्गवीर्य ।
गोविन्द गोपवनिताव्रजभृत्यगीत तीर्थश्रवः श्रवणमङ्गल पाहि भृत्यान् ॥ (२५)

"હે શ્રીકૃષ્ણ ! અર્જુનમિત્ર ! હે યાદવશ્રેષ્ઠ ! હે પૃથ્વીના ભારરૂપ રાજાઓના વંશદહન રૂપ ! હે અવિનાશી પરાક્રમવાળા ! હે ગોવિન્દ ! હે શ્રીગોપીજન, વ્રજભૃત્ય, નારદાદિથી ગવાયેલ તીર્થરૂપ કીર્તિવાળા ! હે શ્રવણમંગલ ! આપ ભૃત્યોની રક્ષા કરો !"

બાર સૂર્ય અને પરિકર :

પંચમ સ્કન્ધમાં શ્રીશુકે કહેલ, ભગવદ્રૂપ સૂર્યનાં પ્રતિમાસનાં, - ૧. ઋષિ, ૨. ગંધર્વ, ૩. અપ્સરા, ૪. નાગ, ૫. યક્ષ ૬. રાક્ષસ, ૭. દેવ; આ સાત પરિકર-સહિતનાં રૂપ શૌનકે પૂછ્યાં. સૂતે ગણાવ્યાં. બાર સૂર્ય, ચૈત્રથી આરંભીને - (૧) ધાતા, (૨) અર્યમા, (૩) મિત્ર, (૪) વરુણ, (૫) ઈન્દ્ર, (૬) વિવસ્વાન્, (૭) પૂષા, (૮) પર્જન્ય, (૯) અંશુ (૧૦) ભગ, (૧૧) ત્વષ્ટા, (૧૨) વિષ્ણુ, આ સર્વ

ભગવદ્-વિભૂતિ રૂપ છે. આ સૌ ઋષિયો વેદત્રયીથી સ્તુતિ કરે છે, - સૂર્યમંડલમાં વિરાજતા ભગવાન્ નારાયણની ! ગંધર્વો ગાન કરે છે, અપ્સરાઓ નૃત્ય કરે છે, નાગો રથને બાંધે છે, યક્ષો રથને સજ્જ રાખે છે. રાક્ષસો રથને પાછળથી ધકેલે છે, આગળ ૬૦,૦૦૦ વાલિખલ્ય-ઋષિયો સન્મુખ રહીને ચાલતાં સ્તવે છે ! લોકરક્ષા આમ કલ્પે કલ્પે ભગવાન્ કરે છે ! "आदित्ये हिरण्मयः पुरुषः ।"- શ્રુતિ છે. સૂર્યમાં શ્રીહરિ વિરાજે છે.- "ध्येयः सदा सवितृमण्डलमध्यवर्ती नारायणः...।"- છે ને !

અધ્યાય : ૧૨

સૂતજીએ કહેલો સર્વ-કથા-સાર ! :

સૂતે ભાગવતજીના આધ્યાત્મિક રૂપે, સર્વકથાસાર સંભળાવ્યો. સૌને શ્રવણ-કીર્તનમાં ઉપયોગી કથા દ્વારા, શ્રીભાગવતનું આધ્યાત્મિક રૂપ પ્રકટ થાય, શ્રીભાગવતાશ્રય સુલભ થાય ! સેવા પછીકથાનો સુયોગ છે ને ! મુખ્યકથાઓ ઉદ્દેશતઃ સંક્ષેપમાં કહી છે. શ્રીમદ્ ભાગવતમાં તો સૌંદર્ય-શોભા, શબ્દાર્થરસ, સર્વ રૂપે ભગવાન્ જ છે ! તેના સેવનથી ભગવાનમાં ભક્તિ થાય. ભગવાનની ભક્તિ માટે નિત્ય શ્રીમદ્-ભાગવતનું સેવન, પ્રવૃત્તિ હોવા છતાં, ત્રણ કલાક તો કરવું જોઇએ ! શ્રીમદ્ ભાગવત-સેવન દ્વારા આ જીવનમાં જ સેવાફલ - (૧) અલૌકિક-સામર્થ્ય, (૨) સેવોપયોગી દેહ, (૩) સાયુજ્ય- સુલભ થાય. શ્રીમદ્ ભાગવતમાં, સર્વસમર્થ, ભક્તાનુકૂલ, પરબ્રહ્મ, પુરુષોત્તમ, રસાત્મક શ્રીકૃષ્ણનું જ દશવિધમુખ્યલીલાઓ દ્વારા ગાન કરવામાં આવ્યું છે! "આનંદરૂપ હરિની લીલા," - આ શ્રીભાગવતનો સંપૂર્ણ શાસ્ત્રાર્થ છે ! અધિકાર, સાધન, સર્ગ, વિસર્ગ, સ્થાન, પોષણ, ઊતિ, મન્વન્તર, ઈશાનુકથા, નિરોધ, મુક્તિ અને આશ્રય - આ બાર સ્કન્ધની લીલાઓ છે. તેમને હૃદયમાં ધારણ કરવાથી, ભગવાન્ શ્રીગોવર્ધનનાથજી હૃદયમાં ધારણ થાય ! માનવ કોઈ પણ દશામાં મોટેથી, "हरये नमः"- બોલે તો પાપ-મુક્ત થાય ! આ લીલા-કીર્તનથી પરમફલ રૂપ કૃષ્ણ હૃદયમાં પધારે, પછી ફલ કયું બાકી રહે ? ભગવદ્ગુણોદય તો સત્ય, મંગલ, પુણ્ય રૂપ છે ! ભગવદ્ગુણગાન તો નિત્ય મનોમહોત્સવરૂપ, શોકસાગર-શોષક છે ! સત્પુરુષો સેવન તેનું કરે છે, લૌકિકનું નહિ ! ભગવદ્ભાવ વગરની નિષ્કામતા નકામી, જ્ઞાન પણ શોભારહિત છે ! કૃષ્ણ-સમર્પણ વગર તો સર્વસત્ક્રિયા પણ શા કામની ? કૃષ્ણચરણ-સ્મરણ પણ કૃતાર્થ સૌને કરે છે ! સામાન્ય-સંસારિજન માટે, ભાગવતસેવનનાં સત્ફલ પણ ગણાવ્યાં છે. મુખ્યફલ તો ભાગવત પોતે ! - ભગવાન્ કૃષ્ણ જ ! કૃષ્ણકીર્તનથી કલિદોષો ન રહે ! વંદન તે વિભુને ! શ્રીશુકને વિશેષ વંદન કર્યાં, -

स्वसुखनिभृतचेतास्तद्व्युदस्तान्यभावोऽप्यजितरुचिरलीलाकृष्टसारस्तदीयम् ।
व्यतनुत कृपया यस्तत्त्वदीपं पुराणं तमखिलवृजिनघ्नं व्याससूनुं नतोऽस्मि ॥ (६८)

શ્રીમદ્ ભાગવતગાનથી સ્વસુખપૂર્ણ ચિત્તવાળા શ્રીશુક છે. સમાધિથી અધિક સુખલાભ શ્રીશુકને ગોવિંદના ગુણગાનમાં છે ! આ સુખાનુભવે અન્ય-સર્વલાભ દૂર થઈ ગયા છે ! અજિત ભગવાનની રુચિરલીલાથી હૃદય તો આકર્ષાઈ ગયું છે, સન્નિષ્ઠ તેમાં થઈ ગયું છે ! કેવલકૃપાથી આ તત્ત્વદીપપુરાણ શ્રીશુકે પ્રસિદ્ધ-પ્રચારિત-કર્યું ! સૌના સર્વ દોષના નાશનો, સર્વોદ્ધારનો, આ સરલ ઉપાય છે. તે કૃપા કરનારા વ્યાસપુત્ર ભગવદ્રૂપ શ્રીશુકદેવજીને નમન !

અધ્યાય : ૧૩

કૃષ્ણથી જ કૃતાર્થતા ! :

સૂતજીએ ભગવાનનો મહિમા ગાયો,–

यं ब्रह्मावरुणेन्द्ररुद्रमरुतः स्तुन्वन्ति दिव्यैः स्तवै-
र्वेदैः साङ्ग पदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ।
ध्यानावस्थिततद्गतेन मनसा पश्यन्ति यं योगिनो
यस्यान्तं न विदुः सुरासुरगणाः देवाय तस्मै नमः ॥ (१)

બ્રહ્મા વગેરે દેવો જેનું દિવ્ય-સ્તવન કરે, સામગાન કરનારા ગાન કરે, યોગિજન તેમાં મન પરોવીને ધ્યાન કરે, જેની પાર કોઈ પહોંચી શકે નહિ, તે "देवाय"- દશલીલા વિશિષ્ટ-ભગવાન્ શ્રીકૃષ્ણને નમન ! જીવ ભગવાનને બીજું શું કરી શકે ? ! - ૧. શરણાગતિ; અને ૨. સ્નેહ; તેમાં તો પૂર્ણ- સમર્પણનો સુભગ સુમેળ છે ! આ બે જ ઉપાય સૌને કૃતાર્થ થવા માટે છે. સમુદ્રના તરંગો તો ભગવાન્ કૂર્મના શ્વાસોચ્છ્વાસનો આજે પણ પ્રકટ દેખાતો પ્રભાવ છે! ભક્ત માટે સર્વભાર વહન કરતા, કર્તવ્યરત ભગવાન્ કૂર્મ સૌને જીવનના અમૃતલાભ માટે ભૃત્યધર્મનો કર્તવ્યસંદેશ દઈ રહ્યા છે ! જીવનમાં સુખ-શાંતિ જોઈએ, સફલતા જોઈએ, અમૃત જેવા ઉત્તમ લાભ - મોક્ષ કે ભક્તિ જોઈએ, તો તેનો સરલ ઉપાય છે,- (૧) સર્વભાવે શરણાગતિ-શ્રીકૃષ્ણની; (૨) સર્વભાવે સર્વસ્વસમર્પણ - શ્રીકૃષ્ણને ! બંને ઉપાય એકરૂપ જેવા જ છે, અધિકારાનુસાર કૃતાર્થ કરે છે !

પુરાણના શ્લોક કુલ ૪ લાખ ! ભાગવતના દાનનો મહિમા પણ છે, તે તો સામાન્યલોકો માટે કહેલાં ફલ છે. તે આધિભૌતિક - ભાગવત રૂપે છે. ભગવાને કરુણાથી બ્રહ્માજીને ભાગવત કહેલું. "આનંદરૂપ હરિની લીલા" - કથા છે, - ભાગવત ! તે સર્વવેદ - સારરૂપ અદ્વિતીય, મોક્ષદ છે. શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદનું સેવન કરે તેને અન્યત્ર ક્યાંય આસક્તિ ન સંભવે, કૃતાર્થ કૃષ્ણકૃપાથી થાય ! શ્રીમદ્-ભાગવતનો આશ્રય ત્રિવિધ ફલ દે. (૧) ગંગાવત્ - શુદ્ધિપ્રદ બને, ભગવદીય બનાવે. (૨) અચ્યુતવત્ - ભગવન્માર્ગમાંથી ચ્યુત (ભ્રષ્ટ) ન થવા દે, સાયુજ્ય પ્રાપ્ત કરાવે. (૩) શંકરવત્ - કલ્યાણ કરે, ભક્તિ આપે, ગુણગાનથી આનંદમગ્ન રાખે. શ્રીભાગવત અને ભગવાન્ કૃષ્ણ, પોતે જ "ફલ" છે, - "રસ" પણ છે ! તે સુલભ બને, - શ્રીમદ્-ભાગવતથી ! શ્રીમદ્-ભાગવત તો નિર્મલ, પુરાણતિલક, વૈષ્ણવોનું પરમપ્રિય જીવનધન છે. ધન તો માત્ર વ્યવહારમાં ઉપયોગી; આ તો આ લોક, પરલોકમાં સર્વોપયોગી ! ધનમાં અનર્થ સંભવે, ધન્ય ન થવાય ! આ તો અનર્થ સર્વ દૂર કરે, ધન્ય બનાવે ! તે સકામને કઠિનતા વગર નિષ્કામ બનાવે ! નિષ્કામને કૃષ્ણ-કામના દઈ કૃતાર્થ કરે ! તેના શ્રવણ, પ્રેમપૂર્વક પઠન અને મનનથી ભક્તિ મળે, મુક્તિ શોધવી ન પડે ! સંસારબંધન, મરણભય, દુઃખદાવાગ્નિ દૂર થઈ જાય !

ભાગવત - પરંપરા ભગવાન્ દ્વારા જ છે !

कस्मै येन विभासितोऽयमतुलो ज्ञानप्रदीपः पुरा
तद्रूपेण च नारदाय मुनये कृष्णाय तद्रूपिणा ।
योगीन्द्राय तदात्मनाथभगवद्राताय कारुण्यत-
स्तच्छुद्धं विमलं विशोकममृतं सत्यं परं धीमहि ॥ (१९)

પરંપરા અખંડ કહી, - શ્રીભાગવતની ! ભગવાન્ પોતે જ તેના પ્રવર્તક છે ! મૂલરૂપ પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણે બ્રહ્માજીને મૂલરૂપે શ્રીમદ્ ભાગવત કહ્યું ! બ્રહ્મા રૂપે ભગવાને જ નારદજીને કહ્યું ! તે નારદ રૂપે ભગવાને જ કૃષ્ણદ્વૈપાયન-વ્યાસ-મહર્ષિજીને કહ્યું ! ભગવાને જ વ્યાસ રૂપે શ્રીશુકદેવજીને કહ્યું ! ભગવાને જ શ્રીશુક રૂપે કરુણા કરી, શરણાગત-ભગવદ્રાત-કૃષ્ણરક્ષિત - પરીક્ષિતને શ્રીમદ્-ભાગવત કહ્યું ! તે વિશુદ્ધ-વિમલ-વિશોક-અમૃત-સત્ય પરરૂપ- પુરુષોત્તમ ભગવાન્ શ્રીકૃષ્ણનું અમે ધ્યાન કરીએ છીએ ! - તેમાં પ્રીતિ કરીએ છીએ ! ઉપક્રમ રૂપે મંગલાચરણમાં, - "जन्माद्यस्य.... सत्यं परं धीमहि ।"- છે, મંગલોપસંહારમાં પણ, "....सत्यं परं धीमहि ।"- જ છે ને ! આદિ, અંતમાં આમ કહીને, મધ્યમાં પણ સર્વત્ર, તે - "सत्यं परं"- પુરુષોત્તમ શ્રીકૃષ્ણ જ ગાયા છે, - તે સ્પષ્ટ કરી દીધું ! સર્વત્ર સત્યસ્વરૂપ તો તે છે ! શ્રીમદ્ ભાગવત તો, "सत्यं पर धीमहि ।"- નો અલૌકિક-સંપુટ બની ગયું ને ! વંદન, "सत्यं परं"- ભગવાન્ પુરુષોત્તમ કૃષ્ણને ! ગીતાજીમાં સંજયે તેમને - "યોગેશ્વર" કહ્યા; ભાગવતજીમાં શ્રીશુકે, તે રાસવિહારીજીને - "યોગેશ્વરેશ્વર" કહ્યા છે ! વંદન ભગવદ્રૂપ શ્રીશુકને ! સંસારસર્પ-દંશમાંથી પરીક્ષિતનો ઉદ્ધાર થયો; તેમ સૌ સંસારી સંતપ્ત હોવા છતાં પણ કૃષ્ણચરણસેવનને જીવનનું મુખ્યધ્યેય બનાવીને, ભક્તની કૃપાપૂર્વક શ્રીમદ્-ભાગવતના સેવનથી કૃતાર્થ બને છે ! આદિમાં - જન્મ પહેલાં માના ઉદરમાં બળેલા, અને અંતે વિષાગ્નિમાં બળેલા રાજાને, આશ્રય આપીને રક્ષ્યા છે, - ભગવાન્ કૃષ્ણે ! આજે પણ, સંસારમાં વિવિધરીતે બળતા સૌને શ્રીમદ્ ભાગવત રૂપે રક્ષે છે, - ભગવાન્ શ્રીકૃષ્ણ ! ભવે ભવે ભક્તિ મળે - ભગવાનમાં, તેવી કૃપા કૃષ્ણ કરે ! સંસારી તો અનાથ ! આ શ્રીનાથ, તે તો સર્વનાથ ! સૌને સનાથ તે જ બનાવે ! પુષ્ટિભક્તિ તો સાધનથી ન મળે, કૃપાદાનથી સુલભ બને ! કૃષ્ણનાં નામસંકીર્તને પાપનો પ્રણાશ થાય; પ્રેમપૂર્વક પ્રણામે દુઃખ દૂર થાય ! તે દુઃખદોષને હરતા- હરિ; ભક્તોનાં મનને હરતા - હરિ; સુખ દેતા - પરમ, તેમને વંદન વિના સંભવે શું ? નમન તે ભગવાન્ રસાત્મક પુરુષોત્તમ શ્રીકૃષ્ણને !

વંદન,- વિવિધ-રૂપે અનુગ્રહ કરતા, કૃષ્ણને !:

તે રસાત્મક ભગવાન્, સૌના ઉદ્ધાર માટે રસપૂર્ણફલ-શ્રીભાગવત રૂપે પ્રકટ થયા; તે ફલમાંનો રસ લોકો માણી શકે, દૈવીજીવોનો ઉદ્ધાર થાય, - તે માટે પોતાના મુખારવિંદ રૂપ, વાક્પતિ શ્રીમદ્ વલ્લભાચાર્યજીને પ્રકટ કર્યા; - શ્રીભાગવતગૂઢાર્થ-રસ-પ્રકટ કરવાની કૃપા કરી; શ્રીતત્ત્વાર્થદીપનિબંધ, શ્રીસુબોધિનીજી વગેરે રૂપે કેવલ કૃપાથી, તે રસ સુલભ થયો ! સાદર - સદૈન્ય સાષ્ટાંગ દંડવત્ પ્રણામ- આ શ્રીમદ્ ભાગવતના તુરીય-રસાત્મક-રૂપના પ્રદાનદક્ષ, અનુગ્રહશીલ આચાર્યજી શ્રીમહાપ્રભુજીને ! રસ સુલભ છતાં વિકૃતિ વગર તેના સ્વાદની સાનુકૂલતા દેવા, શ્રીગુસાંઈજીએ, - "શ્રીટિપ્પણી" વગેરેનું કૃપાદાન કર્યું; શરણાગત-અનુસરનારને શ્રીનાથને સોંપ્યા ! સાદર દંડવત્ પ્રણામ, - આ પરમકૃપાલ શ્રીવલ્લભનંદનને ! રસઘનરૂપ ભગવાન્ શ્યામસુંદરની સુલભતા, રસદ્રવરૂપા શ્યામસુંદર- શ્રીયમુના-મહારાણીજીની કૃપાથી સંભવે; દુરિત દૂર થાય, મુકુન્દરતિ વધે, સકલસિદ્ધિ મળે, પ્રભુ પ્રસન્ન થાય, સ્વભાવવિજય થાય; તે રસાલ કથા-સેવાના મધુર, મંજુલ, અખંડ, લલિત, પ્રવાહ રૂપા, જલ, તીર્થ, દેવી રૂપા; કૃષ્ણતુર્યપ્રિયાજીને સદૈન્ય નમન ! બાલલીલારસાનુભવ દેતા, યશોદોત્સંગલાલિત રૂપે વિરાજતા; પરમતત્ત્વરૂપ શ્રીબાલકૃષ્ણજીને સપ્રેમ પ્રણામ !

લોહ-કાષ્ઠ-પાષાણના ક્ષેત્રમાં, ભાગ્યયોગે ચાલ્યો ગયો હતો, ત્યાંથી કેવલ કૃપાયોગે પાછો લાવી, સ્વપંથ અને ગ્રંથ દઈ, કંથ રૂપે વિરાજતા, ભાગવતરસાહ્લાદ દેતા, મારા શ્રીગોપીજનવલ્લભને ચરણે તો મસ્તક મૂકવા સિવાય શું કરી શકું હું ! ? નમું છું,- મારા તે શ્રીલક્ષ્મીનારાયણ-સ્વરૂપ શ્રીનાથને ! - પ્રેમપ્રણામ,- મારા પ્રેમાળ મુગ્ધ શ્રીલાલનજી - શ્રીનવનીતપ્રિયજીને !

વિકૃતિ વગરનો ભગવદ્રસ પણ. પ્રકૃતિને સાનુકૂલ રીતે, સૌ માણી શકે માટે, ગો. શ્રીપુરુષોત્તમજીએ - "પ્રકાશ," ગો. શ્રીવલ્લભજીએ - "લેખ"; શ્રીલાલુભટ્ટજીએ - "યોજના"; શ્રીનિર્ભયરામજીએ "કારિકાર્થ", અનેક સુજ્ઞોએ - "સ્વતંત્રલેખો", વગેરે રૂપે કૃપાલાભ દીધો છે. અનુગ્રહશીલ આચાર્યવંશને સાદર-સદૈન્ય વંદન ! પ્રાચીન-અર્વાચીન અનેક આદરણીયજનોએ સ્વસાહિત્યથી ઉપકાર કર્યો છે. આ સૌને પણ સાદર વંદન !

ભગવત્કૃપાએ જ ભગવદીયજન મળે, શ્રીભાગવત-ભક્તિ તેમની કૃપાથી મળે, ફળે; રસાસ્વાદ પથ્ય બને; સદૈન્ય વંદન - ભગવત્સ્મરણ - એ પરમવત્સલ ભગવદીયજનોને ! નિત્ય સત્સંગથી રસાસ્વાદ અભિવૃદ્ધ બને. ભગવાને શ્રીગોશાલા-ભગવન્-મંડલીનો સત્સંગ દીધો. સાદર, સસ્નેહ ભગવત્સ્મરણ એ સૌ વૈષ્ણવવૃન્દને ! ભગવાને દીધેલાં, રસાસ્વાદમાં સાનુકૂલ થતાં, ઉપકારક સૌ વૈષ્ણવજન અને સ્વજનને પણ, સાદર ભગવત્સ્મરણ ! વંદનીયોને વંદન ! આ ભગવદ્ગાન-મનોરથમાં વિવિધરીતે સહભાગી - સદ્ભાગી સૌ સેવાશીલ સુજનોને પણ સાદર ભગવત્સ્મરણ !

આ સર્વ ભગવત્કૃપાના સુમંગલ-સંચયનું સ્વરૂપ છે, આ - "શ્રીમદ્-ભાગવત-રસાસ્વાદ !" ભગવાનના નિર્મલગુણાનુવાદનો જ તે અલ્પમનોરથ છે; તેના વિનિયોગથી ભગવદીયો અને ભગવાન્ પ્રસન્ન થાય, તે વિના પ્રપન્નને બીજું અભિલષિત શું હોઈ શકે ? ! કોઈને સેવનશીલને આ રસલાભ લાધે, તે કૃપા-કૃપાળુ કૃષ્ણની ! વિચાર્યા કરતાં વિસ્તાર તો વિશેષ થયો ! - "कर्ता कारयिता हरिः ।"- અનુગ્રહ તે ભગવાનનો ! "विस्तारस्तु गुणाय कृष्णचरणे चित्तं भवेद् विस्तृतम् ।"- શ્રીમહાપ્રભુજીનો સુમંગલ આ આદેશ સ્મરું છું ! શ્રીકૃષ્ણની આ વિસ્તૃત વાતોથી, ચિત્ત કૃષ્ણચરણે વિસ્તૃત થાય, તે તો ગુણપ્રદ છે ! ચિત્ત કૃષ્ણચરણમાં રહે, પરોવાય, તે તો સેવા ગણાય ને ! આ કૃષ્ણગાનમાંની સર્વ ઉત્તમતા તો, શ્રીકૃષ્ણ - શ્રીકૃષ્ણાસ્યની જ છે ! દોષ તો સર્વ સ્વભાવદુષ્ટ જીવના - મારા છે ! ભગવદ્-ગુણગાનમાં મારાં પ્રમાદ, પ્રકૃતિ, અજ્ઞાન વગેરે અનેક દોષોથી, - થયેલા અપરાધોની ક્ષમા યાચતાં, મારા કમલકોમલ શ્રીગોવર્ધનનાથજીને થયેલા શ્રમનિવારણ માટે, વંદન વિના કયો વિકલ્પ સંભવે ? ! મારી પાસે તો નથી ! કૃપા યાચતાં, સદૈન્ય વંદન નિવેદન કરું છું ! સૂક્તિ સ્મરું છું,- સ્નેહસાન્દ્ર શ્રીગુસાંઈજીની ! -

न स्वाध्यायबलं न यागजबलं नो वा तपस्याबलं
नो वैराग्यबलं न योगजबलं नाप्युक्तभक्तेर्बलम् ।
नैव ज्ञानबलं न चान्यदपि यत्किञ्चिद्बलं मेऽस्ति किं
त्वद्य श्वोऽपि यदा तदा तव कृपाकूतेक्षणं मे बलम् ॥

વંદન - આ કૃપાકાતર, કલ્યાણકલ્પતરુ, કલાનિધિ કૃષ્ણને !

"॥ श्रीकृष्णः शरणं मम ॥"

卐

श्रीकृष्णं परमानन्दं दशलीलायुतं सदा ।
सर्वभक्तसमुद्धारे विस्फुरन्तं परं नुमः ॥